**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૫ જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૨૦૧૧ અંક : ૭-૮

## ઉમાશંકર જોશી : કાવ્યાસ્વાદ વિશેષાંક


**: પરામર્શનસમિતિ :**

**ભગવતીકુમાર શર્મા** – પ્રમુખ

**રતિલાલ બોરીસાગર** – મધ્યસ્થ સમિતિના વરિષ્ઠ સભ્ય

**પ્રફુલ્લ રાવલ** – પ્રકાશન મંત્રી

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

મોહન પરમાર



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોન : ૨૬૫૮૭૯૪૭


## પરબ

### ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા [illegible] સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯


[illegible] : [illegible] **ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭**

[illegible] : [illegible]

[illegible]

ISSNO250-9747 **પરબ** **છૂટક કિં. રૂ. ૧૦૦/-**

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **પ્રફુલ્લ રાવલ** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦૦૦૯ s તંત્રી : યોગેશ જોષી s મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ & ૨૬૫૬૪૨૭૯

# અનુક્રમ


S પરિષદ-પ્રમુખનો પત્ર • ભગવતીકુમાર શર્મા • 7

S કવિ ઉમાશંકર જોશી : આત્માની વાણી • યોગેશ જોષી • 9

1. સનાતન અને સાર્વત્રિક માંગલ્યનું ભાવનાગાન (મંગલ શબ્દ) • ધીરુ પરીખ • 23
2. 'વિશ્વશાંતિ' વિશે • ઉશનસ્ • 28
3. માનવસંવેદનાનો તીણો-વેધક સૂર... (ગુલામ) • હરીશ વટાવવાળા • 35
4. 'જઠરાગ્નિ' : એક સૌંદર્યવાદી કવિની ચરમ ચેતવણી • ડૉ. નીરવ પટેલ • 38
5. અંતરની આરતનું ગીત (ઝંખના) • હર્ષદ ત્રિવેદી • 41
6. વિશ્વ-ચેતના સાથે સાયુજ્ય સાધતી કાવ્ય-આકૃતિ (વિશ્વમાનવી) • રાધેશ્યામ શર્મા • 45
7. સમરકંદ-બુખારા : વિનોદ અને વેદનાનું સંતુલન • રાજેન્દ્રસિંહ જ. ગોહિલ • 49
8. પીડા વિના પ્રાપ્તિ નથી (ભોમિયા વિના) • મણિલાલ હ. પટેલ • 55
9. લોકસંસ્કારની સહજતાનું મેળવણ : 'દળણાના દાણા' • મનોહર ત્રિવેદી • 58
10. 'પીંછું' નામનું આ નમણું કાવ્ય • રમણીક અગ્રાવત • 62
11. આશાવાદની અભિનવ અભિવ્યક્તિ (બીડમાં સાંજવેળા) • નીતિન વડગામા • 65
12. સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી રચના (બળતાં પાણી) • ભાનુપ્રસાદ પંડ્યા • 68
13. ડૂમા અને ડૂસકાંભરી સ્થિતિની વચ્ચે વિસ્તરતી કવિતા (એક બાળકીને સ્મશાન લઈ જતાં) • પ્રબોધ ર. જોશી • 73
14. નિશીથનું પ્રબળગતિ લીલા-સ્તોત્ર (નિશીથ) • રમણ સોની • 76
15. ગુજરાત – ઉમાશંકરની (ગૂજરાત મોરી મોરી રે) • ભાગ્યેશ જહા • 85
16. સ્વીકારની ભવ્યતા (સખી મેં કલ્પી'તી –) • માધવ રામાનુજ • 88
17. ઝંખનાથી ઝાંખી ભણીની પ્રસન્નકર સૌંદર્યયાત્રા (મળી ન્હોતી જ્યારે –) • દર્શના ધોળકિયા • 90
18. હૈયાનો સ્વભાવ અને પ્રભાવ (માનવીનું હૈયું) • ભગીરથ બ્રહ્મભટ્ટ • 94
19. 'સદ્ગત મોટાભાઈ' વિશે • ચિનુ મોદી • 97
20. 'સાબરનો ગોઠિયો' : સાહેબની ગેરહાજરીમાં કાવ્યાસ્વાદ • મહેન્દ્રસિંહ પરમાર • 105
21. સ્વાન્તઃ સુખાય વાંસળી વેચનારો (વાંસળી વેચનારો) • પ્રવીણ ગઢવી • 114





22. પ્રકૃતિસૌંદર્યની દિવ્ય અનુભૂતિનું ગાન (નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા) • રમેશ એમ. ત્રિવેદી • 118
23. 'લોકલમાં' વિશે • નિરંજન ભગત • 121, પૃથક્કરણથી પર એવા સૌંદર્યની ગતિ... (લોકલમાં) • સુરેશ દલાલ • 127
24. પ્રશિષ્ટ સંસ્કાર (પોતાના લગ્ન માટે ઘર શણગારતી બાલા) • દક્ષા વ્યાસ • 129
25. બારેસોળે તો ખીલ્યાં આવડાં (મ્હોર્યા માંડવા) • હરિકૃષ્ણ પાઠક • 131
26. 'આત્માનાં ખંડેર' : ક્યાંક ક્યાંક રચાતા કવિતાના દ્વીપ (આત્માનાં ખંડેર : સૉનેટમાલા) • ચન્દ્રકાન્ત ટોપીવાળા • 135
27. પૂર્ણત્વ તરફની ગતિ (ગાણું અધૂરું) • અનિલ જોશી • 151
28. 'કર્ણ-કૃષ્ણ' સંવાદ (કર્ણ-કૃષ્ણ) • યજ્ઞેશ દવે • 154
29. દયારામનો તંબૂર જોઈને : એક પાઠ • ભોળાભાઈ પટેલ • 169
30. 'આવ્યો છું મંદિરો જોવા–' વિશે • પારુલ કંદર્પ દેસાઈ • 179
31. ગ્રીષ્મનો 'મધ્યાહ્ન' (મધ્યાહ્ન) • પ્રસાદ બ્રહ્મભટ્ટ • 187
32. કંચવાનો કાચો રંગ સાચવવાની મથામણ (શ્રાવણ હો!) • સંજુ વાળા • 192
33. ઉન્મત્ત પ્રેમ અને ઘેરા વિષાદની બેવડી ભાત (ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય....) • વિનોદ જોશી • 194
34. 'ગામને કૂવે' : લોકસાહિત્યના કુળની કવિતા • દલપત પઢિયાર • 197
35. અંતરપટ ખોલતી વસંત (પંચમી આવી વસંતની) • પ્રફુલ્લ રાવલ • 200
36. સુગંધથી રણકતી ને ચાંદનીથી છલકતી રાત્રિઓનો અ-પૂર્વ અનુભવ (ચૈત્રની રાત્રિઓમાં) • જયદેવ શુક્લ • 203
37. થોડો એક તડકો : ક્ષણના સાક્ષાત્કારનું કાવ્ય • કિશોર વ્યાસ • 208
38. પ્રકૃતિથી માનવ સુધીની યાત્રા... (દર્શન) • સિલાસ પટેલિયા • 211
39. બે અવતરણચિહ્નો વચ્ચેનું અનેરું કવિકર્મ (રડો ન મુજ મૃત્યુને !—) • રાજેન્દ્ર પટેલ • 220
40. ભાવનામુકુરિત – સૌંદર્યરસિત કવિબાની : 'ભલે શૃંગો ઊંચાં' • ઉષા ઉપાધ્યાય • 224
41. આયુર્માર્ગના દ્વિભેટે (ગયાં વર્ષો —, રહ્યાં વર્ષો તેમાં —) • ધીરેન્દ્ર મહેતા • 227
42. નાટ્યકવિતા : 'મંથરા' • પરેશ નાયક • 231
43. 'કચ' – એક વિશ્લેષણ • અનિલા દલાલ • 249
44. 'રાજસ્થાનમાં પસાર થતાં' વિશે • સતીશ વ્યાસ • 262
45. ત્રિવિધ અસ્મિતાઓનું સહઅસ્તિત્વ (હું ગુર્જર ભારતવાસી) • ભગવતીકુમાર શર્મા • 266
46. 'વૃષભાવતાર' વિશે • રતિલાલ બોરીસાગર • 269

47. Ex-eternityથી eternity (શું શું સાથે લઈ જઈશ હું ?) • પ્રવીણ દરજી • 281
48. અનેક સૌંદર્યોના સંયોગે વિકસિત કવિચેતના (ભાઈલોના માઈલો મારી અંદર—) • રઘુવીર ચૌધરી • 284
49. જીવનના આશ્લેષમાં ઊછરતું મૃત્યુફળ (એક ઝાડ...) • રમણીક સોમેશ્વર • 288
50. 'મૂળિયાં' – ઋજુ કાવ્યત્વની ટકાઉ શબ્દમૂર્તિ • સુમન શાહ • 291
51. 'એક પંખીને કંઈક' વિશે • રાજેશ પંડ્યા • 294
52. 'ગોકળગાય'નો રસાસ્વાદ • પ્રદીપ ખાંડવાળા • 299
53. ધારાવસ્ત્ર : વ્યક્ત દ્વારા અવ્યક્તના અણસાર • અજિત ઠાકોર • 302
54. સીમ, ઘર માતૃત્વ (સીમ અને ઘર) • રમેશ ર. દવે • 306
55. દિલ્હીને 'દિલી અલ્વિદા !' (અલ્વિદા દિલ્હી) • રવીન્દ્ર પારેખ • 309
56. વિશેષણોની પુષ્પવર્ષા (ચંદ્રવદન એક...) • પ્રવીણ પંડ્યા • 316
57. 'છિન્નભિન્ન છું' વિશે • લાભશંકર ઠાકર • 321
58. 'શોધ' – અંગે એક શોધસફર • સિતાંશુ યશશ્ચંદ્ર • 329
59. 'સ્વપ્નોને સળગવું હોય તો –' વિશે • ચંદ્રકાન્ત શેઠ • 344
60. 'પંખીલોક' : ગુજરાતી સમગ્ર કવિતાનું એક ચિરંજીવ શૃંગ • ચંદ્રકાન્ત શેઠ • 351
61. ઉમાશંકરભાઈનાં મુક્તકો-લઘુકાવ્યોનું ભાવવિશ્વ – એક આસ્વાદ (સંસ્કૃતિ, નાનાની મોટાઈ, ઝંખના, રીઝે બાળક જોઈ જેને—, ત્રણ વાનાં, વસંત છે, લઢ્યો ઘણું) • યૉસેફ મેકવાન • 366

S પરિષદવૃત્ત • સંકલન : રાજેન્દ્ર પટેલ 373
S આ અંકના લેખકો • 383




સીમ અને ઘર

હજુય ભલીભોળી સીમ બાઝી;
કેમે ન છૂટે, ભરપેટ આથી.
અલોપ થાશે રણમાં નિશામાં;
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.

બપોરવેળા વડલા તળે ત્યાં
વાગોળતાં, કોઈક ખાઈ લેતાં,
અસીમ કો શાંતિ હસી રહી હતી,
નસેનસે સીમ ધસી રહી હતી.

ઘરે ગમાણો બમણો બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખોમહીં મેશ ઘૂંટે.—
બંધાઈ, સૌને ઘડીમાંહી ખૂંટે.

જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,
સારીય તે સાંજનું હીર ત્યાં દડે.

નવી દિલ્હી
૧૯-૯-૧૯૫૯

ઉમાશંકર જોશી

# પરિષદ-પ્રમુખનો પત્ર

## કવિતામાં ગેયતા

**દિ**ગ્ગજ સૉનેટ કવિ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર કવિતામાં ગેયતાના અતિરેકના વિરોધી હતા તે વાત જાણીતી છે. તેમનો એ મત આત્મપ્રતીતિમાંથી બંધાયો હતો, તે વિશે પણ શંકા ન કરીએ. કવિતામાં ગેય તત્ત્વ જો લટુડાંપટુડાંની હદે વર્ચસ્વ ધરાવતું હોય તો તે કાવ્યતત્ત્વ માટે હાનિકારક જ નીવડે. એવાં લટુડાંપટુડાંયુક્ત ગીતો અને તેના રચનારા કવિઓથી આપણે અજાણ નથી. બ. ક. ઠા.એ પોતાના પ્રતીતિજન્ય મતના અનુસંધાનમાં મુખ્યત્વે પૃથ્વી છંદમાં સૉનેટો લખ્યાં. તેમાંનાં કેટલાંક સૉનેટ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ ચિરંજીવ સિદ્ધ થયાં છે. તે સાથે બ. ક. ઠા.ની કાવ્યબાનીની બરછટતા પણ પ્રસિદ્ધ છે. જોકે પૃથ્વી છંદ પૂરેપૂરો અગેય નથી. સુરતમાં ત્રણેક મહિના પૂર્વે યોજાયેલા સૉનેટવિષયક એક કાર્યક્રમમાં સ્થાનિક એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃતનાં અધ્યાપિકા નીના ભાવનગરીએ એક સૉનેટનું સફળ ગાન કર્યું હતું. અલબત્ત, એ વાત સ્વીકારી શકાય કે શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, મંદાક્રાન્તા, શિખરિણી ઇત્યાદિ સંસ્કૃત વૃત્તોની સુગેયતા સદીઓથી વિખ્યાત છે. તેટલી પૃથ્વીની ન જ હોય.

એક રીતે કહીએ તો બ.ક. ઠા.એ સામે પૂરે તરવાનો પ્રયત્ન કર્યો હતો, કારણ કે, લય એ આ બ્રહ્માંડની જીવાતુભૂત, અપરિહાર્ય, શાશ્વત તત્ત્વ છે. લય વિનાના બ્રહ્માંડની કલ્પના ન થઈ શકે. બ્રહ્માંડની લીલાને કોઈકે મહારાસ તરીકે વર્ણવી છે. રાસ કદી લય-સૂર-તાલ વિનાનો સંભવી શકે ? સાહિત્ય સંદર્ભે વાત કરીએ તો જગતભરનું લોકસાહિત્ય ગેયતા પર આધારિત છે. લોકસાહિત્યમાંથી લોકગીતોની બાદબાકી ન થઈ શકે. લોકવાર્તાઓ પણ ઘણે અંશે લયાન્વિત હોય છે. સૌરાષ્ટ્રના લોકગાયકો અને લોકવાર્તાકારોની પ્રસ્તુતિ આ સંદર્ભે ઘણી આસ્વાદ્ય હોય છે. સાવ અભણ આદિવાસીઓ પણ ગીત અને નર્તન વિનાના લગભગ જીવી જ ન શકે, તેટલી હદે તેઓમાં સૂર-તાલ-લયનું મહત્ત્વ હોય છે. કવિમનીષી ઉમાશંકર જોશીએ એક વાર ક્યાંક કહ્યું હતું કે આપણી પાસે પ્રત્યેક પ્રસંગને અનુરૂપ ગીતો હોવાં જ જોઈએ. આપણે સહુ જાણીએ છીએ કે આપણી પાસે અને બધી પ્રજાઓ પાસે એવાં કેટલાં ગીતો છે જ. આપણા બધા ઉત્સવો તેનો ખ્યાલ આપવા માટે પૂરતા છે. માત્ર લગ્નનો પ્રસંગ લઈએ તોપણ તેમાં હજી હમણાં સુધી આદિથી અંત પર્યંત પ્રસંગોચિત ગીતો જ ગીતો હતાં. હવે યંત્રો અને આધુનિક જીવનશૈલીએ આપણી ઘણી બહેનોના કંઠમાંથી ગીતો છીનવી લીધાં છે તે વાત જુદી છે, છતાં કૅસેટ અને સી.ડી. દ્વારા તો તે મળે જ છે. એ બધું પણ આપણું ગેયપ્રધાન લોકસાહિત્ય છે.



આપણા આદિ કવિ નરસિંહ મહેતાની કાવ્યસમૃદ્ધિને ગેય પદો વિનાની કલ્પી શકાય ખરી ? મહાકવિ પ્રેમાનંદ તો પોળના ચોકઠામાં ગેય સ્વરૂપે આખ્યાન કાવ્યો રજૂ કરીને તે સમયના લોકોને કવિતા, ગાન અને ધર્મવિષયક સંસ્કારોની ત્રિવિધ અનુભૂતિ કરાવતા. રસકવિ દયારામની ગરબીઓનું ગેયતાસભર લાલિત્ય ઘણું રમણીય છે. છેક નર્મદ-દલપત પહેલાના સમય સુધી ગુજરાતી ભાષામાં ગદ્ય વિકસ્યું નહોતું અને પદ્ય ગેયતાપ્રધાન હતું. ગાઈ ન નહોતું અને પદ્ય ગેયતાપ્રધાન હતું. ગાઈ ન શકાય કે ગવાતા ન હોય તેવા ગરબાઓ કોણ સાંભળે ? હવે તો વિપશ્ચિત વિદ્વાનોનો પણ એવો મત બંધાયો છે કે જેને આપણે અછાંદસ કે ગદ્ય કવિતા કહીએ છીએ તેમાં પણ અંતર્નિહિત કશોક લય રહેલો હોય છે અને એ લય ઉત્તમ ગદ્યકાવ્યનું પ્રાણતત્ત્વ નીવડે છે. આપણી કવિતાને લયતત્ત્વ સુધી લાંબા કાળપર્યંત ચાલ્યું હોય તેવું બન્યું નથી. સાંઠના દાયકામાં અને તે પછી ગુજરાતી કાવ્યક્ષેત્રે અછાંદસનું પ્રબળ મોજું આવ્યું તો તેની સમાંતરે રમેશ પારેખ જેવા પ્રખર ગીતકવિનો પ્રાદુર્ભાવ થયો જ અને તેનો પ્રભાવ અદ્યાપિપર્યંત અનુભવાય છે. અલબત્ત, ફૂટકળ ગીતોની કશી વિસાત ન જ હોય. તેવું જ ગઝલોનું. ગઝલ પણ મૂલતઃ અને સદા માટે ગેય કવિતાનો એક પ્રકાર રહી છે. ઊર્મિકવિતામાં બાહ્ય કે આંતર ગેયતા ન હોય એવું બની શકે ખરું ? ગઝલની ગાયકીની તો એક સમૃદ્ધ ગઝલગાયિકા બેગમ અખ્તરની ગાયેલી ઘણી ગઝલ એમાં કવિતા અને સંગીત ઉભયની રસાનુભૂતિની સહોપસ્થિતિ પમાય છે. કવિ ગુલઝારના એક ગદ્યકાવ્યનું પણ ફિલ્મ સંગીતકાર રાહુલદેવ બર્મને સફળ, ભાવપૂર્ણ સ્વરાંકન કર્યું છે અને પાર્શ્વગાયિકા આશા ભોંસલેએ તેનું હૃદયસ્પર્શી ગાન કર્યું છે. એ ચમત્કાર જેટલો કવિતાનો એટલો સ્વરનો. અલબત્ત, બિલાડીના ટોપ જેવાં ગઝલગાયક-ગાયિકાઓની વાત કરવાની ન જ હોય. આપણી કવિતા જ નહીં વેદ-ઉપનિષદનાં મંત્રો, શ્લોકો, મહાકાવ્યો અને પુરાણકાવ્યો બધું કંઠોપકંઠ સચવાઈને સમૃદ્ધ પરંપરા રૂપે આજેય ઉપલબ્ધ છે. તે ઉત્તમ કવિતા તો છે જ. ગેયતા વિના આ સંભવ હોત ખરું ?

તા. ૧૫-૧૨-૨૦૧૦

**– ભગવતીકુમાર શર્મા**

# કવિ ઉમાશંકર જોશી : આત્માની વાણી

**અ**નિરુદ્ધ બ્રહ્મભટ્ટના બેસણા વખતે હૈયું ભરાઈ આવેલું. બંને ઢીંચણ પર કપાળ ટેકવી ઝળઝળિયાં છુપાવી દીધાં. એ ક્ષણે પાછળથી કોઈ હાથ મારી પીઠ પસવારવા લાગ્યો. સ્વસ્થ થયા પછી મેં પાછળ નજર કરી તો ઉમાશંકર જોશી ! મારી પીઠ પસવારતો હતો કવિનો હાથ, 'વિશ્વમાનવી'નો હાથ ! વીસમી સદીના યુગદ્રષ્ટા સર્જકનો હાથ ! એ વખતે ઉમાશંકર મને ઓળખતા નહોતા. અજાણ્યા છોકરાની પીઠે ફરતો હતો કવિનો હાથ. ('શું શું સાથે લઈ જઈશ હું ?'ની પંક્તિ યાદ આવે છે : 'અજાણ્યા માનવબંધુ તણું કદી એકાદ લૂછેલું અશ્રુબિન્દુ',) પરિચય થયો એ પછી તેઓ જ્યારે મળતા ત્યારે ગાલથી ગાલ અડાડીને વહાલ કરતા ! એમના નર્યા, નીતર્યા વાત્સલ્યનો અનુભવ થયો છે હંમેશાં. હજીય જાણે આંખ સામે એમનો ચહેરો તરવરે છે –

લંબગોળ ચહેરો. વિશાળ કપાળ. આછા વાળ. અવાજોનું અજવાળું નીરખતા-સાંભળતા કાન. નીચે તરફ જરી ઝૂકતું નાક. જરા મોટા કાચવાળાં ચશ્માં, એક કાચ વધુ જાડો. દૂરથી આવતા મંગલ શબ્દને સાંભળતી ને વિશ્વકવિતાના તેજને પીતી આંખો. યુગોને નીરખતી-પરખતી દૃષ્ટિ. અંતર્દૃષ્ટિ શબ્દખોજ, લયખોજ, આત્મખોજમાં લીન. ક્યારેક વાત અધૂરી છોડી દઈ આંખો પટપટાવે – એ થકી નર્મ-મર્મ વહેતા મૂકે. માર્મિક સ્મિત વેરતા પાતળા હોઠ – જાણે મૌનને છેલ્લો શબ્દ કહેતા ! સૌંદર્યો પીતું, અવનિનું અમૃત એકઠું કરતું હૃદય. નાજુક-નમણો પાતળો દેહ. ગાંધીદીક્ષિત મન – મેરુ જેવું મક્કમ – આદર્શો, સિદ્ધાંતો, મૂલ્યો, માનવ-મૂલ્યોને વરેલું. સત્યં પરમ્ ધીમહિ । એ તેમનો તથા 'સંસ્કૃતિ'નો ધ્યાનમંત્ર. અમદાવાદના એમના ઘરનું નામ 'સેતુ' – જાણે વ્યક્તિથી 'વિશ્વમાનવી' સુધીનો સેતુ – વ્યષ્ટિથી સમષ્ટિ સુધીનો સેતુ, શબ્દથી મૌન સુધીનો સેતુ, કૃતિ-પ્રકૃતિથી સંસ્કૃતિ સુધીનો સેતુ, ઉપાધિયોગથી સમાધિયોગ સુધીનો સેતુ.

'નિષ્ઠાનું મોતી', 'સંવાદિતાના સાધક', 'સંસ્કૃતિસેતુ', 'સાક્ષરયુગનું ફરજંદ', 'તેજસ્વી, તપસ્વી શીલભદ્ર સારસ્વત', વિશ્વશાંતિ, વિશ્વપ્રેમ ઝંખનાર, પ્રજ્ઞાવાન કવિ, દ્રષ્ટા એવા ઉમાશંકરનો જન્મ ઉત્તર ગુજરાતમાં ઈડર પાસે આવેલા બામણા ગામમાં તા. ૨૧-૭-૧૯૧૧ના રોજ થયેલો. તેમનું મૂળ ગામ શામળાજી પાસેના ડુંગરોમાં આવેલું લુસડિયા. પણ છપ્પનિયા દુકાળમાં તેમનું કુટુંબ બામણા આવીને વસેલું. તેઓ ભરપૂર કુટુંબપ્રેમ પામેલા. ભોમિયા વિના ભમવાનું મન થાય તેવા એ પ્રદેશના ડુંગરા, કોતરો ને કંદરા, વહેતાં ઝરણાં, છલકાતાં તળાવ, વૃક્ષરાજિથી ભર્યાં ભર્યાં જંગલો, કવિના ઘર પાછળના જાજરમાન ડુંગર ખંભેરિયા ને એની ઝાંઝરી, ઈડરના જંબેલસાનાં ઝરણ, એ પ્રદેશનાં લોકગીતો, લોકવાર્તાઓ, લોકમેળાઓ, લોકભાષા — આ બધાંયના સૌંદર્યને તેમણે ગળથૂથીના મધની જેમ આકંઠ પીધું છે – જે તેમના હૈયામાં ને રુધિરમાં હંમેશાં ધબકતું-ઝબકતું રહ્યું છે.



એમનું પ્રાથમિક શિક્ષણ ધોરણ ત્રણ સુધી બામણાની શાળામાં, ચોથાથી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ ઈડરની શાળામાં. ત્યાં પન્નાલાલ પટેલ તેમના સહાધ્યાયી. તીવ્ર વાચનભૂખ, અદ્ભુત સ્મરણશક્તિ. તેજસ્વી વિદ્યાર્થી. શિક્ષકો સારા મળ્યા. ૧૯૨૮માં અમદાવાદની પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલમાંથી મૅટ્રિક. મૅટ્રિકની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ. ૧૯૨૮-૩૦ દરમિયાન ગુજરાત કૉલેજના વિદ્યાર્થી. ૧૯૨૮માં દિવાળીની રજાઓમાં તેમણે આબુનો પ્રવાસ કર્યો. નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમાના અનુભવમાંથી તેમણે સુંદર સૉનેટ રચ્યું. તેની છેલ્લી પંક્તિ :

**'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'**

આમ તેઓ આ સૉનેટથી સત્તર વર્ષની વયે કાવ્યદીક્ષા પામ્યા. આ સૉનેટ આબુથી ઊતરતાં અને ઈડર સુધી પગપાળા આવતાં મનમાં આકારિત થયેલું. ડુંગરોમાં તેઓ ખૂબ ભમ્યા છે ને તેમના મનની કોઢમાં કંઈ ને કંઈ સતત ચાલ્યા કર્યું છે.

તેઓ ઇન્ટર આર્ટ્સમાં હતા ત્યારે, ૧૯૩૦માં ૧૯ની વયે તેમણે સ્વાતંત્ર્યચળવળમાં ઝંપલાવ્યું. તેઓ વીરમગામ છાવણીમાં જોડાયા ત્યારે, 'તમે લડતમાં શા હેતુથી જોડાયા છો ?' – એવા પ્રશ્નનો તેમણે ઉત્તર આપેલો :

'જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહિ પણ પ્રેમ છે એમ આ ધર્મયુદ્ધ દ્વારા સાબિત કરી ભારતવર્ષ પોતાની સ્વતંત્રતાના પાયા ઉપર આંતરરાષ્ટ્રીય સ્નેહસંબંધોની ઇમારત રચે એ સૈનિકજીવનનો પરમ લહાવ છે એ સમજણથી.'

૧૯૩૦થી ૧૯૩૪ સુધી તેઓ સત્યાગ્રહની લડતમાં સક્રિય રહ્યા. આ દરમિયાન તેઓ સાબરમતી જેલમાં મરાઠી અને યરવડા જેલમાં બંગાળી શીખ્યા. જેલવાસ દરમિયાન તેઓ ઉર્દૂ પણ શીખ્યા.

૧૯૩૧માં તેમણે માત્ર વીસ વર્ષની વયે 'વિશ્વશાંતિ' સમું ખંડકાવ્ય રચ્યું. ગૂજરાત વિદ્યાપીઠની લાંબી અગાસીમાં આંટા મારતાં 'વિશ્વશાંતિ'ના ખંડકો તેમના મનમાં આકાર ધારણ કરતા હતા. દિવસભર છ કલાક ખાદીકામ કરતાં તેઓ મનમાં ઘાટ પામેલી સંખ્યાબંધ પંક્તિઓ ઉતારી લેતા. માત્ર વીસ વર્ષની વયે આવું ખંડકાવ્ય રચે તે વીસમી સદીનો 'સર્જક-મનીષી' બની રહે એમાં શી નવાઈ ? પુત્રનાં લક્ષણ પારણામાંથી. 'વિશ્વશાંતિ'માં નરસિંહરાવ દિવેટિયાને 'સાક્ષરયુગનું ભાવિદર્શન' થયેલું. દૂરથી આવતા મંગલ શબ્દને તેઓ નીરખી રહે છે. શતાબ્દીઓના ચિર શાંત ઘુમ્મટો ગજાવતો ચેતનમંત્ર તેઓ પામે છે. નિત્યપ્રવાસપંથે ધપતી ધરાએ જ નહિ, ઉમાશંકરેય પ્રકાશના ધોધ અમોઘ ઝીલ્યા છે ને એમની આત્મખોજની આંતરયાત્રા સતત વિકસતી રહી છે. તેમની ગાંધીદીક્ષા આ કાવ્ય થકી પમાય છે :

**'અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્યતેજથી !**
**શાંતિનો જગને માટે માર્ગ એકે બીજો નથી.'**

S

**'માનવી માનવી ઉરે એક માનવભાવ છે;**
**પેખીને પ્રેમની પીડા નકી એ પીગળી ઊઠે.'**

S

**'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !'**

('સમગ્ર કવિતા', પૃ. ૧૯, ૨૦)

આ કવિએ પત્રપુષ્પની પાંખડીએ પ્રભુનાં પ્રેમપરાગ પોઢણાં જોયાં છે ને કલ્લોલતાં પંખીની આંખડીએ પ્રભુનાં ગીતોને ચમકતાં નીરખ્યાં છે. આમ આ કાવ્યમાં તેમણે વિશ્વશાંતિની, વિશ્વપ્રેમની ને આત્મશાંતિની વાત સમજપૂર્વક, દૃષ્ટિપૂર્વક ઘૂંટી છે ને માનવપ્રેમનો મહામંત્ર ગજાવ્યો છે. એમની વાણી તથા એમનું જીવન અલગ નથી. આ Integrity વિરલ છે.

૧૯૩૪માં પિતાનું અવસાન થયું. એ જ સાલમાં 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ પ્રગટ થયો. ૧૯૩૬માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અર્થશાસ્ત્ર તથા ઇતિહાસના વિષયો સાથે બી.એ. તથા ૧૯૩૮માં ગુજરાતી તથા સંસ્કૃત વિષયો લઈ એમ.એ. થયા. સંસ્કૃત સાહિત્ય તેમજ પૂર્વ તથા પશ્ચિમના પ્રશિષ્ટ સાહિત્યના અભ્યાસથી તેઓ આત્મસમૃદ્ધ થતા રહ્યા. ૧૯૩૭માં એમની જ જ્ઞાતિનાં જ્યોત્સ્નાબહેન સાથે લગ્ન થયાં. આ લગ્નના કારણે તેમને નાતબહાર મુકાવાનું બનેલું. ૧૯૩૬માં 'સાપના ભારા' એકાંકીસંગ્રહ તથા ૧૯૩૭માં 'શ્રાવણીમેળો' વાર્તાસંગ્રહથી તેઓ એકાંકીકાર તથા વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠા પામ્યા. નાટ્યલેખન તથા વાર્તાલેખનનો અનુભવ એમને કાવ્યસર્જનમાંય ખપ લાગ્યો છે. મુંબઈમાં વિલેપાર્લેની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે, સિડનહામ કૉલેજમાં ગુજરાતી વ્યાખ્યાતા તરીકે તેમણે કામ કર્યું. ૧૯૩૯માં કાવ્યસંગ્રહ 'નિશીથ' પ્રગટ થયો. ૧૯૩૯માં તેઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સંશોધન વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયા ને સર્જન ઉપરાંત આ ગાળામાં વિવેચન-સંશોધન-સંપાદનના મહત્ત્વના ગ્રંથો આપ્યા. ૧૯૪૧માં પુત્રી નંદિની તથા ૧૯૪૮માં સ્વાતિનો જન્મ.

૧૯૪૬થી ૧૯૫૪ દરમિયાન તેમણે વ્યવસાયમુક્ત રહીને 'ગુજરાતના સ્વનિયુક્ત પ્રવાસી શિક્ષક' તરીકે ગુજરાતભરમાં અનૌપચારિક અધ્યાપનકાર્ય કર્યું આ દરમિયાન સર્જન-વિવેચન-અનુવાદ-સંપાદનનાં કાર્યો સાથે આત્મખોજની આંતરયાત્રાય ચાલતી રહી. ૧૯૪૭થી ૧૯૮૪ સુધી તેઓ 'સંસ્કૃતિ' માસિક (૧૯૮૦-૮૪ સુધી ત્રૈમાસિક) દ્વારા સાહિત્ય, કલા, ઇતિહાસ, ધર્મ આદિ અંગેની પ્રેરક સામગ્રી આપતા રહ્યા. ૧૯૫૪થી ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાભવનના અધ્યક્ષ, પ્રધાન અધ્યાપક તરીકે કામ શરૂ કર્યું અને ૩૦ નવેમ્બર, ૧૯૬૬ સુધી વેતન સાથે અને ૩૧ માર્ચ, ૧૯૭૦ સુધી વિના વેતને ફરજ બજાવી. ૧૯૬૪માં જ્યોત્સ્નાબહેનનું અવસાન થયું. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદે, રાજ્યસભાના સભ્યપદે, દિલ્હીની સાહિત્ય અકાદેમીના પ્રમુખપદે તથા



વિશ્વભારતી, શાંતિનિકેતનના કુલપતિપદે તેમણે કામ કર્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદમાં તેમણે સક્રિય રસ દાખવ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ૧૯૫૫માં નડિયાદમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે 'કવિની સાધના' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી; ૧૯૬૭માં દિલ્હી ખાતેના ૨૪મા અધિવેશનમાં તેમણે પ્રમુખપદેથી 'કવિની શ્રદ્ધા' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. ભારત ઉપરાંત તેમણે વિશ્વના મહત્ત્વના દેશોનો પ્રવાસ કરેલો ને જે તે દેશોના ઐતિહાસિક-સાંસ્કૃતિક ચહેરા ઉપરાંત 'વિશ્વમાનવી'ના સાંસ્કૃતિક ચહેરાનોય સાક્ષાત્કાર કરેલો. સાહિત્યના ગ્રંથો ઉપરાંત તેમણે અધ્યાત્મચિંતન, કેળવણીચિંતન તથા સાહિત્યિક પત્રકારત્વના ગ્રંથો પણ આપ્યા છે. રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક, દિલ્હી સાહિત્ય અકાદેમીનો પુરસ્કાર, ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર (કન્નડ કવિ પુટપ્પા સાથે), 'વિશ્વગુર્જરી પુરસ્કાર', મહાકવિ કુમારન્ આશાન પારિતોષિક, 'રવીન્દ્રતત્ત્વાચાર્ય'ની પદવી, કેન્દ્રીય સાહિત્ય અકાદેમીની ફૅલોશિપ આદિ સન્માન એમને પ્રાપ્ત થયેલાં.

બાળપણના પ્રથમ ભાષાસંસ્કારના જાદુ વિશે તેમણે 'સમગ્ર કવિતા'ના પ્રવેશ – 'આત્માની માતૃભાષા'માં નોંધ્યું છે :

'બાળાપણમાં એક એક શબ્દ, જીવવાનું શીખતાં શીખતાં, પહેલવહેલો ગ્રહણ થયો હશે – આકૃતિ સાથે સંબદ્ધ, કોઈ ગંધ કે અવાજ સાથે સંબદ્ધ, તે કશી ખબર આપ્યા વગર પચાસ-સાઠ વરસે પણ તેવા જ રૂપે ચેતનામાં પ્રતિબદ્ધ થઈ ઊઠે, કોશ કે શિષ્ટ સાહિત્યના અર્થ-સંદર્ભ કરતાં જુદા જ ઇન્દ્રિયગ્રાહ્યતાના સંદર્ભ સાથે, અને સર્જકનું આખું કલેવર ચમત્કારક આવેશથી સભર ભરાઈ જાય, – એ છે જાદુ બાળાપણના પ્રથમ ભાષાસંસ્કારનું.'

સાહિત્ય અંગેના વલણને પુષ્ટ કરનાર પરિબળોની વાત કરતાં ઉમાશંકરે લખ્યું છે :

'અરવલ્લી ગિરિમાળાની દક્ષિણ તળેટીએથી હું આવું છું – મારા ગામની આસપાસ વહેળાઓ, નદીઓ, જંગલો અને ડુંગરો ઓળંગીને લાંબા મારગ કાપવાનું વારંવાર બન્યું છે. જુદી જુદી ઋતુઓમાં એ લાંબા પંથ મને કુદરત સાથે વાતે વળવાની, મારી જાત સાથે વાતે વળવાની તક આપતા.'

શૈશવમાં લાંબા પંથ કાપવાના ને કુદરત તથા જાત સાથે વાતે વળવાના કારણેસ્તો માઈલોના માઈલો આ કવિની અંદરથી પસાર થયા હશે, લહેરાતાં ખેતરોનો કંપ અંગઅંગે ફરક્યો હશે; કોઈ ખરતો તારો કવિને અનંતની કરુણાનો અશ્રુકણ લાગ્યો હશે ને વિશ્વોનાં વિશ્વો કવિની આરપાર પસાર થયાં હશે.

ઉમાશંકરે પોતાની શબ્દયાત્રા વિશે વાત કરતાં 'સમગ્ર કવિતા'ના પ્રવેશક 'આત્માની માતૃભાષા'માં નોંધ્યું છે :

'ગામથી શબ્દ લઈને નીકળ્યો હતો. શબ્દ ક્યાં ક્યાં લઈ ગયો ? સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં, — એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં, તો ક્યારેક માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર પર, કોઈક પળે બે ડગલાં એ સંઘર્ષોના કેન્દ્ર તરફ પણ. એક બાજુ ઋણ વધતું જ જાય, બીજી બાજુ યત્કિંચિત્ ઋણ અદા કરવાની તક પણ ક્યારેક સાંપડે. શબ્દના ઋણનું શું ? શબ્દને વીસર્યો છું ? પ્રામાણિકપણે કહી શકું કે શબ્દનો વિસારો વેઠ્યો નથી. શબ્દનો સથવારો એ ખુશીનો સોદો છે, કહો કે સ્વયંભૂ છે. શબ્દને વીસરવો શક્ય નથી. વરસમાં એક જ કૃતિ (જેવી 'અમે ઇડરિયા પથ્થરો' છે) રચાઈ હશે ત્યારે પણ નહીં, બલકે ત્યારે તો નહીં જ.

કવિતા એ આત્માની માતૃભાષા છે. એ વ્યક્ત થાય છે એ ઇચ્છે ત્યારે, આપણે ઇચ્છીએ ત્યારે નહીં.'

આમ આ કવિએ શબ્દધર્મ તો નિભાવ્યો જ છે, સાથે માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોના કેન્દ્ર તરફ ડગ ભરીને માનવધર્મ પણ ઉજાળ્યો છે.

૧૯૩૧માં તેઓ કરાચી કૉંગ્રેસ અધિવેશનમાં બેડી બંદરથી શઢવાળા નાના જહાજમાં ગયેલા એટલે સમુદ્રનો નિકટથી પરિચય થયેલો. 'તે સમયની બુલંદ રાષ્ટ્રભાવના, શોષિતો પ્રત્યેની હમદર્દી અને એક પ્રકારની વૈશ્વિક ચેતના – તેનો પ્રગાઢ સંસ્પર્શ સહેજે અનુભવાતો. તેમાંથી 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી' ઉદ્‌ગાર નીકળ્યો.' –

**'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;**
**માથે ધરું ધૂળ વસુન્ધરાની.'**

(સ. ક., પૃ. ૫૮)

આ કવિના મુખેથી ૧૯૩૨માં, ખાસ્સો વહેલો, માર્ક્સવાદી ઉદ્‌ગાર પણ નીકળે છે –

**'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;**
**ખંડેરની ભસ્મકણી ન લાધશે !'**

(સ. ક., પૃ. ૪૫)

'ગંગોત્રી'નાં કેટલાંક કાવ્યોમાં વાસ્તવિકતાનો અભિગમ ઉત્કૃષ્ટ બનતો જણાય છે. બદલાયેલી ઇબારતવાળા શિખરિણીમાં 'બળતાં પાણી' અને 'એક બાળકીને સ્મશાને લઈ જતાં' જેવાં કાવ્યોમાં પીડા તીવ્રતર થઈને વ્યક્ત થઈ છે. 'બળતાં પાણી'નું શરૂઆતનું ગતિશીલ દૃશ્ય જુઓ :

**'નદી દોડે, સોડે ભડ ભડ બળે ડુંગરવનો;**
**પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી !'**

(સ. ક., પૃ. ૧૦૦)



'બળતાં પાણી' ઉપરાંત 'ગંગોત્રી'માં 'પીંછું', 'બીડમાં સાંજવેળા' અને 'વડ' જેવાં સુંદર સૉનેટ મળે છે. બાળપણ ડુંગરોમાં ભમીને પસાર કર્યું હોઈ ઉમાશંકરના કાવ્યોમાં ડુંગરા ન પ્રગટે તો જ નવાઈ. કવિને ભોમિયા વિના ડુંગરા ભમવા છે ને વહેતાં ઝરણાંની આંખ લ્હોવી છે. 'ઝંખના' જેવા ગીતમાં 'દર્શન' કાજે પ્રાણબપૈયાનો ઝુરાપો ભવ્ય-વિરાટ કલ્પનો દ્વારા રજૂ થયો છે. દીનદલિતના જીવનની વેદના રજૂ કરતાં ગીતો પણ આ સંગ્રહમાંથી મળે છે. 'દળણાના દાણા' જેવું કથા-દૃશ્યો રજૂ કરતું કાવ્ય – એનો લય, સાદગી અને ડોશીની વેદના-સંવેદના – બધું સહૃદય ભાવકના ચિત્તમાં વસી જાય છે. 'એક ચુસાયેલા ગોટલાને' તથા 'ઉકરડો' જેવા વિષયનાં કાવ્યો પણ અહીં મળે છે.

'નિશીથ'ના ઉદ્‌બોધનકાવ્ય (ઓડ)માં વૈદિક સૂર (ટોન)નો લાભ લઈને નર્તકના પદન્યાસ અને અંગહિલ્લોલનું પ્રત્યક્ષીકરણ કરાયું છે. નાદતત્ત્વ સાથે નટરાજનું ભવ્ય રૂપ કેવું ઊઘડે છે તેનું ઉદાહરણ જોઈએ :

**'નિશીથ હે ! નર્તક રુદ્રરમ્ય !**
**સ્વર્ગંગનો સોહત હાર કંઠે,**
**કરાલ ઝંઝા-ડમરું બજે કરે,**
**પીંછાં શીર્ષે ઘૂમતા ધૂમકેતુ,**
**તેજોમેઘોની ઊડે દૂર પામરી.**
**હે સૃષ્ટિપાટે નટરાજ ભવ્ય !'**

(સ. ક., પૃ. ૧૨૯)

'સખી મેં કલ્પી'તી –', 'મળી ન્હોતી જ્યારે –', 'બે પૂર્ણિમાઓ' જેવાં સૉનેટ 'નિશીથ' સંગ્રહમાં સાંપડે છે. ''સખી મેં કલ્પી'તી–''ની અંતિમ પંક્તિઓ જોઈએ :

**'મળી ત્યારે જાણ્યું : મનુજ મુજ શી, પૂર્ણ પણ ના.**
**છતાં કલ્પ્યાથીયે મધુરતર હૈયાંની રચના.'**

(સ. ક., પૃ. ૧૪૬)

આ સંગ્રહમાંની અનન્ય સૉનેટમાળા 'આત્માનાં ખંડેર'માં યથાર્થના સ્વીકાર દ્વારા, સમજણ દ્વારા જીવનની સાચી પકડ લાધી છે. થોડાં ઉદાહરણ જોઈએ :

**'હતું સૌ : એ સાચું ! હતી પણ ખરી હુંની જ મણા;**
**વિના હું બ્રહ્માંડે કવણ કરતે વિશ્વરમણા ?'**

(સ. ક., પૃ. ૨૪૧)

S

**'રે ! ખોલ, ખોલ, ઝટ છોડ વિકાસધારા,**
**ને ના પટાવ શિશુને, બીજું કૈં ન જો'યે**
**થાને લગાડી બસ દે પયઘૂંટ, મૈયા !'**

(સ. ક., પૃ. ૨૪૩)

**'મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે**
**મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.'**

(સ. ક., પૃ. ૨૪૩)

S

**'યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે.**
**અજાણ રમવું કશું ! સમજવું રિબાઈય તે.'**

(સ. ક., પૃ. ૨૪૯)

આ સંગ્રહમાં કરુણપ્રશસ્તિકાવ્ય 'સદ્‌ગત મોટાભાઈ'; 'અન્નબ્રહ્મ', 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા', 'લોકલમાં', 'પોતાના લગ્ન માટે ઘર શણગારતી બાલા' જેવાં વિશિષ્ટ છાંદસકાવ્યો તેમજ 'ગૂજરાત મોરી મોરી રે', 'દૂર શું ? નજીક શું ?', 'માનવીનું હૈયું', 'ગાણું અધૂરું' જેવાં ગીતો; લોકરાસની રીતિનું ગીત 'સાબરનો ગોઠિયો', – ઘરાકનું ભાન ભૂલી વાંસળી વગાડવામાં લીન થઈ જતો 'વાંસળી વેચનારો' આદિ મળે છે. શોષિત સમાજની વાત ઉમાશંકર અવારનવાર કરતા રહ્યા છે. સમકાલીન ઘટનાઓ, સંદર્ભો એમના કાવ્યસર્જનમાં વણાતા આવે છે. સૌંદર્યને પીનાર આ કવિ 'લોકલમાં' કાવ્યમાં પાછળ રહેલ કન્યાને ડોક ફેરવીને કે પૂંઠ ફેરવીને નીરખતા નથી પરંતુ એ કન્યાની છબીને સામે બેઠેલ એક વૃદ્ધનાં કાલજર્જરિત, તૃપ્તપ્રસન્ન નેત્રમાં જુએ છે.

'પ્રાચીના' તથા 'મહાપ્રસ્થાન'માં એમણે નાટ્યકાવ્યો આપ્યાં છે, જેમાં બોલચાલની છટાઓને ભાવમયતાની કક્ષાએ રજૂ કરાઈ છે. પ્રસંગકાવ્યો માટે એમણે બોલચાલની લઢણોવાળા મિશ્ર ઉપજાતિ પાસેથી કામ લીધું છે. 'મહાપ્રસ્થાન'માં એમણે પ્રવાહી કવિત (વનવેલી)નો મોટે ભાગે આધાર લીધો છે. 'કચ'માં એમણે એમના પ્રિય શિખરિણી પાસેથી કામ લીધું છે. આ સંગ્રહોમાંથી 'કર્ણ-કૃષ્ણ' તથા 'મંથરા' જેવાં નાટ્યકાવ્યો મળે છે. 'બાલ રાહુલ'માં બુદ્ધ એમના શિષ્ય આનંદને માર્મિક રીતે કહે છે :

**'તો સાંભળી લે થઈને સમાહિત**
**આયુષ્યયાત્રાનું રહસ્ય સંચિત :**
**જે જે થયો પ્રાપ્ત ઉપાધિયોગ,**
**બની રહ્યો તે જ સમાધિયોગ.'**

(સ. ક., પૃ. ૨૯૫)

નાટ્ય-કાવ્યની આ ક્ષણને ઉમાશંકરે વિશ્વવાત્સલ્ય-દીક્ષાની ઘડી તરીકે ઓળખાવી છે. 'મંથરા'ની સર્જન-પ્રક્રિયાની વાત કવિએ પ્રવેશક – 'નાટ્યકવિતાનું આહ્‌વાન'માં આમ કરી છે :

' 'મંથરા' કાંઈક એકાએક આવ્યું હતું. મારે સાત-આઠ કલાક ઊંઘવા જોઈએ. ઉજાગરો, લખવા માટે પણ, કરું નહીં. લીટીઓ ઉપર લીટીઓ આવે. પડખે બારીમાં એક ડાયરી પડી હતી તેમાં પડ્યો પડ્યો, અંધારામાં જ, પેન્સિલથી એ ઉતારી લઉં,



એક ઉપર બીજી લીટી ન આવે એ માટે પાનું બદલતો જાઉં. બંનેની જિદ્દ ચાલી. મેં ઊભા થઈ દીવો કરી પંક્તિઓ ન ઉતારી તે ન જ ઉતારી. પંક્તિઓ, સૂતા પછી લાંબી વાર સુધી, આવતી ન અટકી તે ન જ અટકી. પછીથી જોઉં છું તો 'મંથરા'નું મુખ્ય કામ તો આ જિદ્દ દરમિયાન જ થઈ ગયું હતું.'

પંક્તિઓની પંક્તિઓ આમ ઊતરી આવે એની પાછળ આ કવિની કેટલી સાધના રહી હશે ?!

'આતિથ્ય' સંગ્રહ અગાઉના સંગ્રહોથી કંઈક જુદો પડે છે. 'પ્રણય-સપ્તક', 'નારી : કેટલાંક સ્વરૂપો –' સૉનેટમાળામાં કવિએ પ્રણયજીવનની નાટ્યોર્મિઓને રજૂ કરી છે. આ સંગ્રહમાં 'દયારામનો તંબૂર જોઈને', 'આવ્યો છું મંદિરો જોવા –', 'મધ્યાહ્‌ન' જેવાં છંદોબદ્ધ કાવ્યો ઉપરાંત 'શ્રાવણ હો', 'ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય...' તથા 'ગામને કૂવે' જેવાં ગીતો સાંપડે છે. વ્યક્તિ-વિશેષ વિશેનાં કાવ્યો પણ આ સંગ્રહમાં મળે છે. તો, 'કવિજન' જેવાં આછા ઉપહાસની ફરફરવાળાં કાવ્યો પણ મળે છે.

'વસંતવર્ષા'માં 'પંચમી આવી વસંતની', 'થોડો એક તડકો' જેવાં ગીતો; 'ભલે શૃંગો ઊંચાં', 'ગયાં વર્ષો –', 'રહ્યાં વર્ષો તેમાં –' જેવી રચનાઓ, ઉમાશંકરે નોંધ્યું છે તેમ, અડધે રસ્તે કાઢેલા જીવનના સરવૈયારૂપ સૉનેટરચનાઓ છે. કવિ પ્રકૃતિ તથા પ્રણય જીવ્યા છે, પદપદે જગમધુરપો લીધી છે ને સૌહાર્દોનો મધુપુટ રચી અવિશ્રાંત વિલસ્યા છે. આ કવિએ જીવનભર સૌંદર્યો પીધાં છે. જીવનને અડધે રસ્તે રચાયેલ 'રહ્યાં વર્ષો તેમાં –' કવિ કહે છે :

**'રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું**
**ભલા પી લે; વીલે મુખ ફર રખે, સાત ડગનું**
**કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહીંયાં;'**

S

**'મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,**
**દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં;**
**નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવઝમે;**
**જનોત્કર્ષે-હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.**
**— બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :**
**મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'**

(સ. ક., પૃ. ૫૭૬)

સૌંદર્યો પીતાં 'કો અગમ લોકની' અજબ લ્હેરખી ફરકે છે ને કવિહૃદય ખૂલી જાય છે ને રોમ રોમ કવિતા પ્રવેશે છે ને ભીતર વસે છે.

ગાંધીજીના મૃત્યુ નિમિત્તે દર્શન રજૂ કરતી 'રડો ન મુજ મૃત્યુને –', 'દર્શન' 'ઘરે આવું છું હું' જેવી રચનાઓ ઉપરાંત આ સંગ્રહમાં કેટલાંક ચિરંજીવ મુક્તકો પણ મળે

છે; જેમ કે –

**'મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,**
**નાનાની મોટાઈ જોઈ જીવું છું'**

(સ. ક., પૃ. ૫૩૨)

S

**'મને મળી નિષ્ફળતા અનેક,**
**તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.'**

(સ. ક., પૃ. ૫૪૦)

સ્વતંત્રતાને અનુલક્ષતાં 'તેં શું કર્યું ?' તથા 'દે વરદાન એટલું' જેવાં કાવ્યો આ સંગ્રહમાં સાંપડે છે. પ્રવાસ નિમિત્તે સ્થળ-સંસ્કૃતિ વિષયકકાવ્યો, સમકાલીન ઘટના-પ્રસંગવિષયક કાવ્યો, લલિત કલાઓ અંગેનાં કાવ્યો, વ્યક્તિવિશેષ વિશેનાં કાવ્યો તેમની પાસેથી અવારનવાર મળતાં રહ્યાં છે, તો થોડાં શિશુકાવ્યો પણ તેમની પાસેથી મળ્યાં છે.

'નિશીથ'માં નાદતત્ત્વના પ્રયોગો હતા તો 'અભિજ્ઞા'થી મુક્તપદ્યના અને પદ્યમુક્તિના પ્રયોગો શરૂ થાય છે. વૈદિક છંદોઘોષસભર નાદતત્ત્વના સાક્ષાત્કાર પછી, ચારે પ્રકારના છંદો આત્મસાત્ કર્યા પછી, મુક્તપદ્ય ખેડવા અને છંદોમુક્તિ સુધી જવાની શરૂઆત 'અભિજ્ઞા' (૧૯૬૭)થી થઈ. ઉમાશંકરે નોંધ્યું છે : 'છંદમુક્તિનો અર્થ લયમુક્તિ હરગિજ નથી.' એમણે 'મુક્તલય' પાસેથી તેમજ બોલચાલના કાકુઓ તથા શબ્દના વજન પાસેથી કાવ્યખંડો-પંક્તિઓની આંતરજરૂરિયાત મુજબ સૂક્ષ્મ કામ લીધું છે. ૧૯૫૬માં રચાયેલી પ્રથમ – 'ભિન્નભિન્ન છું' – રચનાએ ગુજરાતી ભાષામાં છંદોમુક્તિના પ્રયોગોને મદદ કરી છે. આ કૃતિ માટે કવિએ નોંધ્યું છે :

'૧૯૫૬માં કશુંક નવતર વ્યક્ત થવા મથતું હતું તેણે ગુજરાતી છંદોરચનાના ચારે પ્રકારોનો અને સાથે સાથે ગદ્યનો લાભ લઈને પોતાનો માર્ગ કર્યો.'

'છિન્નભિન્ન છું' કહેતા કવિની ઝંખના તો છે Integrationની; આથી જ તો કવિ કહે છે :

**'છિન્નભિન્ન છું.**
**નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો.'**

(સ. ક., પૃ. ૭૯૯)

એક વ્યક્તિ તરીકે જ નહિ, કવિ તરીકે પણ છિન્નભિન્નતાનો ભાવ તેઓ અનુભવે છે ને 'એક-કેન્દ્ર' થવા મથી રહે છે. આ કાવ્યની અંતિમ પંક્તિઓ જોઈએ :

**'દિનરાત રાતદિન ખિન્ન છું.**
**એક-કેન્દ્ર થવા મથી રહેલ ક્લિન્ન છું.**
**ધબકધબકમાં ઊડી રહેલ છિન્નભિન્ન છું.'**

(સ. ક., પૃ. ૮૦૨)



'શોધ' કાવ્યના વિશિષ્ટ લયકર્મ વિશે કવિએ 'પ્રતિશબ્દ'માં સૂક્ષ્મ ચર્ચા કરી છે. આ કવિ નાદથી, લયથી ક્યારેય દૂર જતા નથી. 'શોધ'માંથી કેટલીક પંક્તિ જોઈએ :

**'ગર્ભમાં રહેલા બાળકની બીડેલી આંખો**
**માતાના ચહેરામાં ટમકે,**
**મારા અસ્તિત્વમાં એમ કાવ્ય ચમકતું તમે**
**જોયું છે ?**

**કવિતા, આત્માની માતૃભાષા;**
**મૌનનો દેહ મૂર્ત, આસવ અસ્તિત્વનો;**
**સ્વપ્નની ચિર છવિ. ક્યાં છે કવિતા ?**

(સ. ક., પૃ. ૮૦૨)

'છિન્નભિન્ન છું' તથા 'શોધ' બંને રચનાઓને 'સપ્તપદી'માં સમાવી હોઈ પછીથી 'અભિજ્ઞા'માંથી કાઢી લીધેલી.

'રાજસ્થાનમાંથી પસાર થતાં–'માં કાવ્યના લય સાથે ગાડીનો લય પણ કેવો ભળ્યો છે અને આ લય સંવેદનને ઉપસાવવામાં કેવી મદદ કરે છે ! આ કાવ્યની અંતિમ પંક્તિઓ જોઈએ –

**'સન્ધાયે શમી, અંધકાર-રણે**
**ચેતનના રેલા સમી રેલ લંબાયે આ જતી —**
**જાણે પળ પછી પળ**
**ઊંટ ખેંચે હળ :**
**ચાસે ચાસે ધરતી આ પડખું બદલી રહી.**
**આવી રાત, વેરતી મુઠ્ઠી ભરી તારા;**
**પ્રભુની ફસલ, હવે જોઈએ, કેવીક હશે**
**ગડડ ગડડ ! ગડડ ગડડ ! – ગડે ગાડી.**

(સ. ક., પૃ. ૬૬૫)

આ સંગ્રહમાં 'ગુજરાત-સ્તવનો', 'વૃષભાવતાર' જેવી હળવી રગની રચના, 'ઘટમાં ઘૂંટાય નામ–' તથા 'શું શું સાથે લઈ જઈશ હું ?' જેવી રચનાઓ મળે છે. 'શું શું સાથે લઈ જઈશ હું ?'માં કવિ બાળકનાં અનંત આશ-ચમકતાં નેનાં સાથે લઈ જવા ઇચ્છે છે. તો, 'શોધ'માં કવિ કહે છે :

**'શુશુઓનું હાસ્ય, મારી કવિતાનો શુભ છંદ.'**

S

**'કન્યાઓની આશા, મારી કવિતાની નસોનું રુધિર.'**

એક વાર કવિ મિત્ર યજ્ઞેશ દવે સાથે હું એમના ઘરે ગયેલો. વાતમાંથી વાત

નીકળતાં અમે કહ્યું : અમે વિજ્ઞાનના વિદ્યાર્થી હતા આથી તમારા જેવા કોઈ કવિ-અધ્યાપક પાસે અમને કવિતા ભણવાનો લ્હાવો નથી મળ્યો.'

'તો ચાલો, હું તમને એકાદ કાવ્ય ભણાવું.'

આમ કહી તેઓ અમને એમના અભ્યાસ-ખંડમાં લઈ ગયા ને એક કાવ્ય ભણાવવાનું શરૂ કર્યું. થોડી વારમાં ફોનની ઘંટડી રણકી. એમણે ફોન ઉપાડ્યો તો રોંગનંબર હતો. છતાં તેમના ચહેરા પર રસક્ષતિની કોઈ રેખા જણાતી નહોતી. સામે છેડેથી કોઈ અજાણ્યા બાળકનો અવાજ આવતો હતો. બાળ-ભાષાના કાકુઓ સાથે ઉમાશંકરે એ અજાણ્યા બાળક સાથે રસપૂર્વક, સ્નેહપૂર્વક નિરાંતે વાત કરી. (શિશુઓનું હાસ્ય, મારી કવિતાનો શુભ્ર છંદ.)

આ કવિની ભીતરનો સૂર સમષ્ટિના સૂર સાથે સતત મળતો આવે છે. તેમની વૈશ્વિક સંવેદના સતત ધબકતી રહી છે. આથી જ તો આ કવિમાં 'વિશ્વ', 'બ્રહ્માંડ'-વ્યાપી સંવેદનો તાનપુરાની જેમ સતત બજ્યા કરે છે. આ કવિ તેનાં ત્રણ વામન ડગલાંમાં સમગ્ર વિશ્વને, બ્રહ્માંડને બાથમાં લે છે. આથી જ તો 'માઈલોનાં માઈલો મારી અંદર' જેવાં કાવ્યો પ્રગટે છે. જેની અંતિમ પંક્તિ જોઈએ :

**'સ્મૃતિના સંપુટમાં આટલીક આશા સચવાઈ રહે.**
**વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થયાં કરે !**

(સ. ક., પૃ. ૭૨૯)

ભવ્ય-વિરાટ કલ્પનસભર 'ગોકળગાય'ની પંક્તિઓ જોઈએ :

**'એક ગોકળગાય ચાલે.**
**એની પીઠ પર નક્ષત્રોની પોઠ,**
**બ્રહ્માંડોની પોઠ;**
**એ ઝટ ઝટ કેમ કરી ચાલે ?'**

(સ. ક., પૃ. ૭૩૬)

નાનપણથી જ ઝાડ જાણે કવિની આંતરચેતનામાં કોતરાઈને અંગભૂત બનેલાં. આથી એમની પાસેથી વૃક્ષકાવ્યો ન મળે તો જ નવાઈ. 'એક ઝાડ'માં કવિએ 'મૃત્યુ' અને 'ફળ' બે શબ્દોને એક કરીને કમાલ કરી છે :

**'શાખાબાહુઓ વચ્ચે એણે છાતી સરસું ઝાલી રાખ્યું છે જાણે**
**મૃત્યુફળ.'**

(સ. ક., પૃ. ૭૩૧)

આ કાવ્યમાં કવિએ ચિત્રકાર ન હોવાનો અફસોસ કર્યો છે પણ પીંછીના બદલે શબ્દ તથા નાદના લસરકે લસરકે એમણે સુંદર ગતિશીલ ચિત્રો અનેક કાવ્યોમાં આપ્યાં છે. એક ઉદાહરણ જોઈએ તો 'માઈલોના માઈલો મારી અંદર'ની પંક્તિઓમાં સુંદર



લોંગ શોટ ઝડપી, પછી ધીરે ધીરે zoom કરીને પછી કન્યાના ઝભલા પરના પતંગિયાને કેવું બતાવ્યું છે ! —

**'લહેરાતાં**
**ખેતરોનો કંપ અંગઅંગે ફરકી રહે.**
**જાણે હથેલીમાં રમે પેલાં ઘરો,**
**ઝૂંપડીઓ, – આંગણાં ઑકળી-લીંપેલાં,**
**છાપરે ચઢતો વેલો... ત્યાં પાસે કન્યાના ઝભલા પર**
**વેલબુટ્ટો થઈ બેઠેલું પતંગિયું...**
**સ્મૃતિને તાંતણે એટલુંક ટીંગાઈ રહે.**
**માઈલોના માઈલો મારી આરપાર પસાર થયાં કરે.'**

(સ. ક., પૃ. ૭૨૯)

કવિએ પ્રાથમિક-માધ્યમિક શાળાનાં સાત વરસ ઈડરમાં ગાળેલાં. આથી ઈડરના પથ્થરે પથ્થર એમની સ્મૃતિમાં જડાયેલાં છે – 'અમે ઈડરિયા પથ્થરો'ની કેટલીક પંક્તિઓ જોઈએ :

**'ભેંકાર તોતિંગ નગ્નતા**
**બખોલ ભરેલું મૌન**
**ભેખડે ઝઝૂમતી એકલતા**
**પીઠ પર વાયુવરસાદના વાઘજરખ નખ-ઉઝરડા.'**

S

**'પથ્થરિયા છાતી પર રૂપકડાં મંદિર-છૂંદણાં...'**

(સ. ક., પૃ. ૭૩૩)

'ધારાવસ્ત્ર' કાવ્યમાં કવિએ ભવ્ય કલ્પન દ્વારા પકડી ન શકાય તેવા અધ્યાત્મ-રહસ્યને ઘૂંટ્યું છે. 'ધારાવસ્ત્ર' સંગ્રહમાં 'મૂળિયાં', 'એક પંખીને કંઈક –', 'ગોકળગાય', 'સીમ અને ઘર', 'અલ્વિદા દિલ્હી', 'ચંદ્રવદન એક...' જેવાં કાવ્યો મળે છે. અગિયાર બાળકાવ્યો પણ આ સંગ્રહમાંથી મળે છે. 'જઠરાગ્નિ'ના કૂળનું કાવ્ય 'સ્વપ્નોનું એક નગર' આ સંગ્રહમાં સાંપડે છે. તો, કટોકટીના સંદર્ભવાળું 'વસંત છે' પણ આ સંગ્રહમાં મળે છે :

**'તમે કહો છો વસંત છે**
**પણ પંખીને કહો છો : ચૂપ !**
**અમને સૌને દર્પણ સમજીને**
**જોયાં કરો છો પોતાનું રૂપ.**
**... ... '**

(સ. ક., પૃ. ૭૬૫)

ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે તેમ, 'સપ્તપદી' ઉમાશંકરની કાવ્યગિરિમાળાનું સર્વોત્તમ શિખર છે. 'સપ્તપદી' શીર્ષકમાં, સાત પદો-કાવ્યો-ની બનેલી 'સપ્તપદી' ઉપરાંત, અંતરતમ સ્વરૂપ, પ્રભુ સાથે સાત ડગલાં ચાલવાની અગત્ય અંગે પણ ઇશારો હોવાનું ઉમાશંકરે નોંધ્યું છે. 'છિન્નભિન્ન છું'નો વિષય છે એક-કેન્દ્ર વ્યક્તિત્વ, 'શોધ'નો વિષય છે સર્જન-અભિવ્યક્તિ અંગેની શોધ. 'નવપરિણીત પેલાં'માં પ્રણય, દામ્પત્યસ્નેહ એ integrityના ઘડતરમાં કેવું પ્રબળ તત્ત્વ છે તે દર્શાવાયું છે. 'સ્વપ્નોને સળગવું હોય તો–'માં સામાજિક-જાગતિક સંદર્ભ ગૂંથાય છે ને વ્યક્તિને સુગ્રથિત કરવામાં ઉપકારક તત્ત્વોમાંના એક તરીકે દુરિતનોય સ્વીકાર છે. 'પીંછો'માં પ્રભુની અનિવાર્યતા પ્રબળપણે સંવેદાય છે. 'મૃત્યુ-ક્ષણ'માં કવિ મૃત્યુ નિમિત્તે મૃત્યુ સાથે અને જીવન સાથેય જાણે હાથ મિલાવે છે.

તા. ૧૯-૧૨-૧૯૮૮ના રોજ ઉમાશંકરે મૃત્યુ સાથે હાથ મેળવ્યા ને જે પ્રકૃતિને તેમણે અપાર ચાહી તે પ્રકૃતિમાં તેઓ મળી-ભળી ગયા. 'મૃત્યુ-ક્ષણ' વિશે કવિએ નોંધ્યું છે :

'જીવન દરમિયાન જ ક્યારેક તો લાધતી અથવા જીવનને અંતે આવતી મૃત્યુ-ક્ષણ એ પ્રેમ અને મૃત્યુની અનુભૂતિની ક્ષણ છે અને એસ્તો એકત્વ અર્પનાર પરમ-એક-તત્ત્વના જીવંત સંસ્પર્શની ક્ષણ છે.'

'પંખીલોક' ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે તેમ, એમના કવિતામંદિરની સુવર્ણકળશરૂપ રચના છે. જેમાં, પૂર્ણાંક થવા તરફની ગતિ સંવેદાય છે; જેમાં 'અભિવ્યક્તિના અંતઃપ્રવાહના અંશો થોડે થોડે અંતરે ગૂંથાયે ગયા છે અને એ રીતે અંતરલોક સાથે એ વળોટ પામે છે' અને 'આનંદઘોષ નિપજાવનારું નીવડે છે.'

'પંખીલોક'ની અંતિમ પંક્તિઓ જોઈએ –

**'હતા પિતા મારે, હતી માતા.**
**હા, હતી માતાની ભાષા.**
**હતું વહાલપ-સ્ફુરેલું, પ્રાણપૂરેલું શરીર.**
**હતું હૃદય – હતો એને કાન, હતો અવાજ.**
**મારું કામ ? મારું નામ ?**
**સપ્રાણ ક્ષણ, આનંદ-સ્પંદ, – એ કામ મારું**
**માનવતાની સ્ફૂર્તિલી રફતારમાં મળી ગયું છે.**
**મારા શબ્દ-આકારો જે કંઈ રસવીચિઓ તે હવે અન્ય હૃદયમય.**
**નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.**

**વેઇટ-એ-બિટ્ !...**
**છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.'**

(સ. ક., પૃ. ૮૨૪)



જેમણે 'વિશ્વશાંતિ' ને 'વિશ્વપ્રેમ'નો મંત્ર જગાવ્યો, વિશ્વચેતનાના સંદર્ભમાં પૂર્ણતા તરફની જેમના જીવનની ગતિ રહી છે તેવા વિશ્વમાનવી, સર્જક-મનીષી ઉમાશંકરને શત શત વંદન.

S

ઉમાશંકર જોશીએ નોંધ્યું છે :

**'કાવ્ય જીવે છે આસ્વાદમાં'**

('પ્રતિશબ્દ', પૃ. ૨૫)

ઉમાશંકર જોશીનો અભિગમ આસ્વાદલક્ષી રહ્યો છે. 'નિશ્ચેના મહેલમાં'ના એમના આસ્વાદ તરત યાદ આવે છે. સાથે કાવ્ય-આસ્વાદનું એમનું સુંદર સંપાદન 'પ્રતિભા અને પ્રતિભાવ' પણ યાદ આવે છે. ઉમાશંકર જોશીની જન્મશતાબ્દી નિમિત્તે એમનાં કાવ્યોના આસ્વાદનો આ વિશેષાંક કરવાની તક મળી એ બદલ આનંદ અને આભારની લાગણી અનુભવું છું.

આ વિશેષાંક માટે મુ. ભગતસાહેબ, ઉશનસ્, ભોળાભાઈ પટેલથી માંડીને રાજેશ પંડ્યા, કિશોર વ્યાસ, મહેન્દ્રસિંહ પરમાર સુધીના કવિઓ, વિવેચકો, અભ્યાસીઓ પાસેથી આસ્વાદલેખો સમયસર મળ્યા એ બદલ સહુનો આભાર માનું છું.

સંજોગોવશાત્ ચિમનલાલ ત્રિવેદી, નલિન રાવળ, ગુલામમોહમ્મદ શેખ, શિરીષ પંચાલ, લાભશંકર પુરોહિત, જયંત પારેખ તથા રાજેશ પંડ્યા 'મિસ્કીન' પાસેથી આસ્વાદલેખો મળી ન શક્યા એનો રંજ છે. મુ. ભગતસાહેબને 'પંખીલોક' કાવ્યના આસ્વાદ માટે વિનંતી કરી હતી. પરંતુ એમને લાગ્યું કે અન્ય વિદ્વાને 'પંખીલોક' વિશે લખ્યું છે એમાં એમને વધારે કશું કહેવાનું નથી. આથી અન્ય કોઈ કાવ્યના આસ્વાદ માટે એમને વિનંતી કરી. 'લોકલમાં' કાવ્યનો આસ્વાદ એમની પાસેથી મળ્યો. આમ આ કાવ્યને બે કવિ-વિદ્વાનોના આસ્વાદનો લાભ મળ્યો. આ વિશેષાંકમાં 'પંખીલોક'નો આસ્વાદ ન હોય એ કેમ ચાલે ? આથી બીજે પ્રગટ થયેલો ચંદ્રકાન્ત શેઠનો 'પંખીલોક'નો આસ્વાદલેખ આ વિશેષાંકમાં સમાવ્યો છે. એ લેખ ફરી જોઈ જઈને એમણે જરૂરી સુધારા કરી આપ્યા તથા આ વિશેષાંકને એમના વિશેષ પરામર્શનનો લાભ મળ્યો છે એ બદલ એમનો આભાર માનું છું. સમયસર આ વિશેષાંક પ્રગટ કરવા બદલ રોહિત કોઠારી તથા 'શારદા મુદ્રણાલય' પરિવારનો આભારી છું. આનંદ તથા આભાર સાથે વિરમું છું.

૧૯-૧૨-૨૦૧૦

**– યોગેશ જોષી**

# સનાતન અને સાર્વત્રિક માંગલ્યનું ભાવનાગાન

**ધીરુ પરીખ**

## મંગલ શબ્દ

ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો
ગજાવતો ચેતનમંત્ર આવતો !

પ્રકાશના ધોધ અમોઘ ઝીલતી
ધપે ધરા નિત્યપ્રવાસપંથે;
ઝૂમી રહી પાછળ અંધકારની
તૂટી પડે ભેખડ અર્ધ અંગે.
વિરાટ ખોલી નિજ તેજઆંખ
કલ્યાણનો મંગલ પંથ દાખવે;
એ તેજ પીને નિજ સૃષ્ટિ ખીલતી
જોતી ઘડી, એ વધતી ઉમંગે.
અંગે લગાવ્યા હિમલેપ શીળા,
જ્વાલામુખી કિન્તુ ઉરે જ્વલંત !
 મૈયા તણે અંતર શું હશે પીડા ?
 કે સૃષ્ટિચિંતા ઉરમાં અનંત ?
વિશ્રામ કાજે વિરમે નહીં જરા
અકથ્ય દુઃખે અકળાય હૈડે !
ઉચ્છ્વાસથી વાદળગોટ ઊડે,
ને દૂર ફેલે જલનીલ અંચળા !
ભમે ભમે દુઃખતપી વસુંધરા !
ડગો ભરે તેજપથે અધીરાં !
એ તોય પૂરા ન થયા પ્રકાશ !
અંધારમાં આથડી ભૂતસૃષ્ટિ !
આ રક્તરંગી પશુપંખીપ્રાણી
પુકારતાં સૌ નખદંતનાશ.

ને લોહી પીને ઊછરેલ ઘેલી
આ લાડીલી માનવતા ધરાની



ઇતિહાસની ભુલભુલામણીઓ
રચે, અને કૈં જગવે લડાઈઓ.
ભોળી સ્વહસ્તે નિજ અંગ ચીરે
ને ભીંજતી આત્મ તણાં રુધિરે.

જળ્યાં કરે ચોદિશ કોટિ ક્લેશ !
શમે ન એ આગ અબૂઝ લેશ !
કો સિંચતા જીવનવારિ સંત,
તોયે રહે પાવક એ ધગંત !
પેગામ દૈવી પયગંબરો વદ્યા,
શમી ન એ ભીષણ વિશ્વવેદના !

ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !
યુગો તણી કૈંક પડી કતાર
આવે ધ્વનિ એહની આરપાર :
'તું પાપ સાથે નવ પાપી મારતો !'

એ મંત્ર ઝીલ્યો જગને કિનારે
ઊભેલ યોગીપુરુષે અનેકે,
આરણ્યકોએ, ઋષિમંડલોએ;
સુણેલ બુદ્ધે, ઈશુએ, મહાવીરે.
ન તોય નિદ્રાજડ લોક જાગ્યાં
ડૂબી ગયો મંત્ર અનંતતામાં !

એ આજ પાછો ધ્વનિ સ્પષ્ટ ગાજતો
આ યુદ્ધથાક્યા જગને કિનારે.
ગાંધી તણે કાન પડ્યો, ઉરે સર્યો,
ને ત્યાં થકી વિશ્વ વિશાળ વિસ્તર્યો.
યુગોયુગોની તપસાધના ફળી !
જરી મહા અંતરવેદના શમી ! !
માસે માસે, અભિનવ હાસે,
 ઊગે બીજકલા;
યુગે યુગે પયગંબર જાગે
 ભાંગે જગશૃંખલા.

૧૯૩૦ના ગાળામાં ઉમાશંકર વીરમગામ છાવણીમાં સત્યાગ્રહી સૈનિક તરીકે સક્રિય હતા. તેમનું વય ત્યારે ૧૯નું. મહાત્મા ગાંધીની અસહકારયુક્ત અહિંસક સ્વાતંત્ર્ય ચળવળ ત્યારે મધ્યાહ્ને હતી. ત્યારે ગાંધીસ્થાપી ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ છએક માસ રહ્યા હતા. ત્યારે ત્યાં તેઓ ખાદીકામની પ્રવૃત્તિમાં આનંદ લેતા. 'વિશ્વશાંતિ' જેવું એમનું પ્રથમ યશોદાયી કાવ્ય રચાયું આ ગાળામાં. ૧૯૩૦માં સત્યાગ્રહની લડત વખતે જે જેલવાસ ભોગવ્યો તે ગાળામાં આ ખંડકાવ્યનાં વિચારબીજ રોપાયાં હતાં. તેઓએ લખ્યું છે : ''જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહીં પણ પ્રેમ છે, અને તેનાથી જ વિશ્વમાં શાંતિ સ્થપાશે... જેલમાં એ શ્રદ્ધા ચિંતનના સિંચનથી ફાલી. ત્યાં સૂઝેલું વિશ્વશાંતિ પરનું એક નાટક બહાર આવીને અર્ધું લખ્યા પછી પૂરું કરવાના વિચારમાં હતો ત્યાં આ ('વિશ્વશાંતિ') કાવ્ય લખવાનું સૂઝ્યું... સવારે સૌ વહેલા ઊઠે. વિદ્યાપીઠની લાંબી અગાશીમાં આંટા મારતાં એનાં ખંડકો મનમાં ઘાટ લેતા. પછી આખો વખત એ જ મનમાં ઘોળાયા કરે. દિવસભર છ કલાક ખાદીકામ કરતાં સંખ્યાબંધ પંક્તિઓ હું ઉતારી લેતો. રોજની પચાસથી સો જેટલી. છઠ્ઠા ભાગની પંદર પંક્તિઓ થોડા દિવસ પછી લખાયેલી. તે સિવાયનું આખું 'વિશ્વશાંતિ' પાંચ દિવસની સરજત છે'' આ છે ઉમાશંકરની પોતાના ખંડકાવ્ય 'વિશ્વશાંતિ' વિશેની કેફિયત.

તો આટલી પ્રસ્તાવના આ ખંડકાવ્યના પહેલા ખંડ 'મંગલ શબ્દ'નું રસપાન કરવા માટે પર્યાપ્ત છે. કાવ્યનો ઉપાડ આ પ્રમાણે છે :

**'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !**
**શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો**
**ગજાવતો ચેતનમંત્ર આવતો !'**

આ માંગલ્યની ભાવના સનાતન અને સાર્વત્રિક છે તે અહીં આરંભે 'શતાબ્દીઓ' પદના નિર્દેશથી પામી શકાય છે. માનવ-માનવ વચ્ચે ચિરશાંતિનો માર્ગ તે માંગલ્યનો માર્ગ છે. આ માર્ગ પ્રકાશમય ગતિનો અથવા પ્રકાશ તરફની ગતિનો છે. સૂર્યોદય માટે કવિ એક પ્રભાવક અને ભવ્ય કલ્પનામય પંક્તિ રચે છે :

**'વિરાટ ખોલી નિજ તેજઆંખ'**

આ સૂર્યરૂપી વિરાટની તેજસ્વી આંખ શું દાખવે છે ? કવિ તરત જ બીજી પંક્તિમાં કહે છે : 'કલ્યાણનો મંગલ પંથ દાખવે.' આ વિરાટની પણ ઝંખના છે કે મનુષ્ય મંગલ પંથે આગળ વધે. અને તે પણ માત્ર આપણો તત્કાલનો ગાંધીકેન્દ્રી ભારતદેશ જ નહીં, બલકે સમસ્ત પૃથ્વી આ કલ્યાણ પંથે આગળ ધપે તેવી કવિચિત્તની ભાવના છે. પણ ઈશ્વરે સર્જેલી આ પૃથ્વી પર જ્વાળામુખીનું પણ અસ્તિત્વ છે. આથી કવિ પૃથ્વીમાતા વિશે ચિંતવે છે :



**'મૈયા તણે અંતર શું હશે પીડા ?**
**કે સૃષ્ટિચિંતા ઉરમાં અનંત ?**
**વિશ્રામ કાજે વિરમે નહીં જરા**
**અકથ્ય દુઃખે અકળાય હૈડે !'**

પૃથ્વીની પીડા એટલે જ પૃથ્વીવાસી જીવમાત્રની પીડા ! આથી જ કવિ આગળ જતાં કહે છે : 'ભમે ભમે દુઃખતપી વસુંધરા !' આગળ પીડિત પૃથ્વી માંગલ્યના, કલ્યાણના તેજમાર્ગે અધીરી બની પગલાં આગળ ધપાવે છે. આમ પૃથ્વીની સતત ભ્રમણપ્રક્રિયા છતાં પ્રકાશપથની પૂર્ણ પ્રાપ્તિ થઈ લાગતી નથી અને એથી જ 'અંધારમાં આથડી ભૂતસૃષ્ટિ !'

આનું પરિણામ શું આવ્યું ? કવિ માનવજાતની યુગો જૂની વાસ્તવિકતા પ્રત્યે ધ્યાન દોરતાં જણાવે છે :

**'ને લોહી પીને ઊછરેલ ઘેલી**
**આ લાડીલી માનવતા ધરાની**
**ઇતિહાસની ભુલભુલામણીઓ**
**રચે, અને કૈં જગવે લડાઈઓ.'**

યુગોથી માંગલ્યની ઝંખના કરતી માનવજાત લડાલડીના માર્ગેથી હજુ પરત ફરી નથી. (આ સાથે પ્રથમ વિશ્વયુદ્ધનાં વિનાશક પરિણામોની યાદ આબાદ રીતે ગૂંથાયેલી જણાશે.) હજુ પણ આટઆટલાં લોહી રેડાયાં છતાં કવિ કહે છે : 'શમે ન એ આગ અબૂઝ લેશ.'

આવી પરિસ્થિતિમાંથી માનવજાતને ઉગારવા યુગેયુગે સંતોનું આગમન થયું છે. અને એટલે જ કવિ કહે છે : 'કો સિંચતા જીવનવારિ સંત, / તોયે રહે પાવક એ ધગંત.' સંતોની અમૃતવાણીના સિંચન છતાં પણ જાણે પૃથ્વીપટેથી ક્લેશની ધગધગતી આગ બુઝાઈ નથી. બરાબર આટલે સુધી કાવ્યમાં આવ્યા પછી ઉમાશંકરની આત્મશ્રદ્ધા ડગી નથી; બલકે વધુ સુસ્થિર બની આશા જગવે છે — કવિહૃદયમાં અને જનહૃદયમાં :

**'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો.'**

વળી કવિ આ ખંડની પ્રથમ પંક્તિ દોહરાવે છે. આ પુનરુક્તિમાં માંગલ્યની પૂર્ણ શ્રદ્ધા પ્રકટી રહે છે. ઉમાશંકર પોતાની ભાવના 'તું પાપ સાથે નવ પાપી મારતો !' એ અવતરણચિહ્નમાં મૂકીને દૃઢાવે છે.

જગતમાં મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે. પણ એનો અર્થ એ નથી કે મનુષ્યમાત્ર ધિક્કારપાત્ર છે. મનુષ્યમાંથી અને મનુષ્યવિશ્વમાંથી પાપનો નાશ કરવાનો, દુરાચારનો નાશ કરવાનો છે, અમંગલનો નાશ કરવાનો છે. અને જો આમ થશે તો જ વિશ્વમાં સાચા અર્થમાં વિશ્વશાંતિ સ્થપાશે. આ મંગલમય શાંતિમંત્ર આપણા અનેક પૂર્વજ

યોગીઓ, આરણ્યકો, ઋષિઓએ ઝીલ્યો હતો અને પ્રસાર્યો હતો. પરંતુ 'નિદ્રાજડ' લોકોમાં હજુ જાગ્રતિ આવી નથી. પરંતુ એથી કંઈ કાળભગવાન થંભી ગયા નથી ! યુગે યુગે નવા યુગપુરુષો અવતાર લે છે અને આ વિશ્વશાંતિના મંગલ શબ્દને પ્રસારે-પ્રચારે છે.

આવો વિશ્વશાંતિનો મંગલમય શબ્દ જાણે કે મહાત્મા ગાંધીના આંતરકર્ણે પડ્યો છે અને તેઓ સમસ્ત વિશ્વમાં, મનુષ્યમાત્રના હૃદયમાં મંગલમય શાંતિની સ્થાપના કરવા ઝઝૂમી રહ્યા છે, ઘૂમી રહ્યા છે. અને જાણે કે આ યુગની માનવોની યુદ્ધેપ્સા ટળવા લાગી હોય તેમ જણાય છે. ગાંધીના આ પ્રયત્નોથી –

**'યુગોયુગોની તપસાધના ફળી !**
**જરી મહા અંતરવેદના શમી !!**

કવિ આમ કહી આ પહેલા ખંડ 'મંગલ શબ્દ'ને અંતે આશાવાદ વ્યક્ત કરે છે કે યુગે યુગે કોઈ ને કોઈ પયગંબર આવે છે અને કલાન્ત સૃષ્ટિને શાંત કરતો જાય છે.

આ પ્રથમ ખંડ ઉમાશંકરની આશા અને ભાવનાનું શબ્દાંતરણ છે. એમાંનાં પ્રાસાનુપ્રાસો, વર્ણસગાઈ, કલ્પન-કલ્પનાઓ અને ચિંતનાત્મક પંક્તિઓ કાવ્યને આસ્વાદ્ય બનાવે છે. અલબત્ત, ઉત્તમ કલાકસોટીએ ભલે કદાચ આ કૃતિ થોડી ઊણી ઊતરે; પરંતુ એમાંના ભાવનાવાદને કારણે તત્કાલીન સમયે તે ધ્યાનપાત્ર બની હતી.

r

### કવિની પ્રાર્થના

*ખેલાયું દિનરાત જે હૃદયની આ રંગભૂમિ પરે,*
*રેલાયું રુધિરે નસેનસ મહીં જે મત્ત ગીતસ્વરે,*
*નેત્રે જે ચમકી કદીક સ્ફુરતું કો દિવ્ય આનંદમાં,*
*તે સૌન્દર્ય-રહસ્ય જીવન તણું સાક્ષાત્કરું શબ્દમાં.*

અમદાવાદ, ૧૮-૧૦-૧૯૫૮



# 'વિશ્વશાંતિ' વિશે

ઉશનસ્

## વિશ્વશાંતિ

હજી તો કાલ જામી'તી યુરોપે યાદવાસ્થળી
વર્ષી'તી કારમા ધોધે લોહીની, આંસુની ઝડી !

સંગ્રામની ભીષણ કંદરામાં
કૂદી પડી માનવજાત ઘેલી !
ને આત્મહત્યા કરવા ચડેલી
ઘવાઈ પૂરી રણખેલનામાં !

તપે છે પૃથિવી ત્યારે વર્ષે છે વ્યોમ પાણીડાં;
યુદ્ધે જગ તપ્યું, કાં ના હજીયે વરસ્યા પ્રભુ ?

એ યુદ્ધની દારુણ કાળજ્વાળા
યુગો તણી સંપદને પ્રજાળે,
નિર્દોષનાંયે રુધિરો વહાવે,
દૂધે ભરી સંસ્કૃતિઓ સુકાવે !

સુધાનું — શાંતિવારિનું તમ હસ્તે કમંડલુ,
સ્નેહનાં સિંચને, સાધો ! રક્ષો પશ્ચિમ પાંગળું.

ત્યાં શાંતિના સૂર અનેક ઊઠતા,
પુષ્પો નીચે ખડ્ગધારા ઝબૂકે.
રેતી પરે વજ્જરકોટ જૂઠના
ઊડી જાશે સત્યની એક ફૂંકે !

લોહીલીંપેલે આંગણિયે ઊભીને
મંડાણ જોશો યુદ્ધનાં ત્યાં રચાતાં !
ને દેખશો કૈં દૂઝતા ઘા હયાના,
પ્રજાપ્રજાના શોણિતલેખ વાંચશો !

ધનિકો મૂડીને યંત્રે પીસે છે દીન માનવી,
સામ્રાજ્યોનાં મહા યંત્રો પીલે માનવતા અતિ !

આજે જગે એ કરપીણ યંત્રણા
કરો, કરો મંગલ પ્રેમઘોષણા !
ઉદ્ધાર કાજે ઉરની અનૂઠી
આપો, ગુરો, મંગલ પ્રેમબુટ્ટી !

વહાવો આત્મશુદ્ધિની ગંગધારા શુભંકરી,
જીવશે જે ટકી ર્‌હેશે પ્રેમને પાવકે જળી.

સંગ્રામની સૌ જડને ઉખેડી,
બતાવજો શાંતિની સ્નેહકેડી !
તપ્યાં ઉરે ચંદનલેપ દેજો,
દાઝ્યાં તણાં આશિષવેણ લેજો !

સંસારે, વનઅંધારે ભૂલ્યાંના ભોમિયા બની,
પ્રકાશે, તેજઅંબારે બતાવો પ્રેમવાટડી !

ખૂલે ન જ્યાં લોચનદ્વાર ઇંદુનાં,
ઊંચાં ઊડે ઉન્મુખ વારિ સિંધુનાં;
સંતો તણી ઊઘડતાં જ આંખડી
ભીંજાય ભાવે જગપ્રાણપાંખડી.

અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્યતેજથી !
શાંતિનો જગને માટે માર્ગ એકે બીજો નથી.
જુઓ છો ભાવને સામ્યે રાષ્ટ્રોનો માર્ગ ઐક્યનો,
ગજાવો એ મહા મંત્ર ઊંડો માનવપ્રેમનો.
માનવી માનવી ઉરે એક માનવભાવ છે;
પેખીને પ્રેમની પીડા નકી એ પીગળી ઊઠે.
એક મ્હેકે મઘમઘે બધાયે મનુમંડપો
સુવાસે સર્વ ડોલે છે, ભલે દુર્ગંધ ક્યાંક હો !
બસૂરા તાલ સૃષ્ટિના શમે સૌ પ્રેમગાનમાં,
દુર્ગંધો દમતી ડૂબે મોંઘા આત્મપરાગમાં.

કહે કવિ : માનવતા જીવંત
પ્રાણી, પ્રજાઓ સહુ એહ અંગ;
ને એક એને ધડકંત ઉર,
વહાવતું નિર્મળ પ્રેમપૂર,
સૌના હયાને ધબકાર-તાને



ગાજી રહંતું સુખશાંતિ ગાને.
છૂટાં નથી, એકશરીર આપણે,
ખેલંત ભોળાં શિશુ એક આંગણે.

તમે એવી મહામોંઘી ઉચ્ચારી પ્રેમની ઋચા,
પસારી સર્વને ઉરે મધુરી જગબંધુતા.
બાંધીને સ્નેહનો સેતુ ભેદસાયર ઉપરે
સાંધો, સાધો ! ઉરતંતુ વડે પશ્ચિમપૂર્વને !

તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય ના,
અહિંસા, સત્ય ને પ્રેમ થોડાં છે કોઈ એકનાં ?
સત્ય ને શાંતિ ને પ્રેમ લ્હેરે છે વિશ્વમાત્રમાં,
ને પૃથ્વીને પડે કો દી ઝમે છે યોગ્ય પાત્રમાં.

પૂંજી ન એ કેવલ વર્તમાનની !
ત્રિકાળની પાળ વિશાળ ભેદતી
એ તો અનંતે દિનરાત ઊભરે,
અખંડ વ્હેણે અવકાશને ભરે.
આજે ધરાનાં સુખસિંચનાર્થે
એ પ્રેમધારા તમ અંતરે ફૂટી,
જીવો તણા શાશ્વતમંગલાર્થે
વર્ષ્યાં કરો એ નિત શાંતિમૂર્તિ !

ભાવિએ મીટ માંડીને જોઈ'તી તમ વાટડી,
આજે એને મુખે કેવી રેખા આનંદની ઢળી ?

ને રક્તરંગ્યો અતિચંડકાય,
સૈકાં થકી માનવ ભક્ષતો જે,
ફળેલ દેખી નિજ કર્મને, તે
હસી રહ્યો હર્ષથી ભૂતકાળ.

હસાવ્યાં ભૂત ને ભાવિ, હસાવો વર્તમાનને !
પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને !

S

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !

વીંધાય છે પુષ્પ અનેક બાગનાં !
પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની !
જીવો તણી કાય મૂંગી કપાય છે !
કલેવરો કાનનનાં ઘવાય છે !

રડે છે પ્રકૃતિમાતા, દૂઝે છે દિલદુઃખડાં;
અમી પી ન ધરાતાં, ને કપૂતો રક્ત રેલતાં !

છે પત્ર ને પુષ્પની પાંખડીએ
પ્રભુ તણાં પ્રેમપરાગપોઢણાં.

કલ્લોલતાં પંખીની આંખડીએ
ગીતો અનેરાં ચમકે પ્રભુ તણાં !

પ્રકૃતિમાં રમંતા એ દુભાશે લેશ જો દિલે,
શાંતિની સ્વપ્નછાયાયે કદી માનવને મળે ?

સૌ જીવ આજે ઉરથી વહાવીએ
કારુણ્યની મંગલ પ્રેમધારા.
વસુંધરાનાં સહુ બાળકો મળી
બજાવીએ અંતરએકતારા.
હૈયેહૈયાં પ્રેમગાને જગાવી,
પ્રજાપ્રજા હાથમાં હાથ ગૂંથી,
ને સ્કંધે સ્કંધ સંપે મિલાવી,
ગજાવીએ સૌ જગઉંબરે ઊભી :
'માનવી પ્રકૃતિ, સૌને वसुधैव कुटुम्बकम् !'

ને એ જશે શબ્દ અનંત વીંધી
જ્યાં ઘૂમતી કોટિક સૂર્યમાલા,
જ્યાં શાંતિના રાસ ચગે રસાળા,
यत्र विश्वं भवत्येकनीडम् ।

**ઈ.** સ. ૧૯૧૧માં કવિશ્રી ઉમાશંકર જોશીનો સાબરકાંઠા જિલ્લામાં બામણા ગામે જન્મ થયો હતો; તે માત્ર ૨૦ વર્ષના હતા ત્યારે આ કાવ્યની રચના થઈ હતી. એની રચના વિશે કવિશ્રી કહે છે તે સાંભળીએ : તે કહે છે કે વીરમગામ છાવણીના સૈનિકોના માહિતીપત્રમાં એક પ્રશ્ન હતો : ''તમે આ લડતમાં શા હેતુથી જોડાયા છો ?'' કવિએ ત્યારે જવાબ આપ્યો હતો : ''જીવનનું નિયામકતત્ત્વ પશુબળ નહીં; પણ પ્રેમ છે, અને



ગાંધીજીની સ્વરાજ્ય માટેની લડતમાં પ્રેમનું બળ ને અહિંસાનું બળ અજમાવવામાં આવ્યું છે.'' એટલે કવિ આ ગાંધીજીના યુદ્ધમાં જોડાયા છે. 'વિશ્વશાંતિ' કાવ્યમાં મૂળિયાં જેલમાં નંખાયાં છે. પ્રથમ તો તે 'વિશ્વશાંતિ' ઉપર નાટક લખવાનો વિચાર રાખતા હતા, ત્યાં તો તે 'વિશ્વશાંતિ' નાટક થોડુંક લખી ને છોડી દે છે; ને 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય રચે છે : જેમાં એકાધિક ખંડક છે ને વૃત્તવૈવિધ્ય પણ છે; આ પૂર્વે કાન્તનાં ખંડકાવ્યોનું સ્વરૂપ હતું : તેમાં વૃત્તવૈવિધ્યનું લક્ષણ છે, ત્યાં તો પાત્રોની વૃત્તિ બદલાય છે તેમ વૃત્ત બદલાય છે. આપણે આ 'વિશ્વશાંતિ'ને ખંડકાવ્ય કહીશું; ને હવે તપાસીશું. અહીં કવિની વૃત્તિ બદલાય ત્યારે છંદ બદલાય છે; સંસ્કૃતમાં ખંડકાવ્ય છે. દા.ત. 'મેઘદૂતમ' એ કાલિદાસનું ખંડકાવ્ય કહેવાય છે. પણ મને લાગે છે કે 'ખંડકાવ્ય'નું સ્વરૂપ એકસરખું નથી; સંસ્કૃતના અભ્યાસી માત્ર ૨૦ વર્ષની ઉંમરે આ નવા જ પ્રકારનું ખંડકાવ્ય સર્જે છે; એ કાન્ત કે કાલિદાસને અનુસરતું નથી; પોતાનું નવું ને સ્વતંત્ર સ્વરૂપ શોધી લે છે. હજી ગુજરાતીમાં ખંડકાવ્યનું સ્વરૂપ ઠર્યું નથી; નવા નવા પ્રયોગોને હજી અવકાશ છે; 'વિશ્વશાંતિ'નું વસ્તુવિધાન કાન્તના જેવું નથી. તેમાં છ ખંડો છે; પણ ઉઘાડ એક વિચારનો, જોરદાર વિચારનો છે; તે પ્રભાવક નીવડે છે; ખંડ ૧માં તે આમ પ્રભાવક રૂપે ઊઘડે છે : 'મંગલ શબ્દ' નામના આ પ્રથમ ખંડમાં તે આમ ઊઘડે છે :

**''ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો !**
**શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો**
**ગજાવતો ચેતનમંત્ર આવતો !''**

૨૦ વર્ષના આ તરુણ કવિમાં આ મંગલ શબ્દના આગમન માટે ભારે કૌતુક છે. તે બહુ પ્રભાવકપણે પ્રભાવક શબ્દગુચ્છના પ્રભાવક છંદોલયમાં ઊપડે છે. જે મંગલ શબ્દ દૂરથી આવી રહ્યો છે એનું બયાન પણ એવું જ પ્રભાવક છે : ઉમાશંકરનો 'મિશ્રોપજાતિ' છંદ પ્રથમથી જ કેવાં ''પ્રસન્નગંભીરપદા સરસ્વતી''નું વરદાન પામેલો છે તે અનુભવી શકાય છે; જે શબ્દતત્ત્વ માટે કવિ આખી જિંદગી મથ્યા હતા તે તેના આરંભની પંક્તિમાં જ પમાય છે; ઉમાશંકરમાં થોડુંક નાનાલાલીય તત્ત્વ અનુસંધાન પામે છે; નાનાલાલના શબ્દનું પ્રૌઢ વિકસિત સ્વરૂપ ઉમાશંકરમાં અનુસંધાન પામી શક્યું છે; નાનાલાલમાં કાન્તના ''ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ'' જેવા તેજઘડ્યા શબ્દો ઠેરઠેર પમાય છે; એવું ઉમાશંકરની કવિતામાં પણ એ 'નાદતત્ત્વ'નો ટોનલ વેલ્યૂ (Tonal Value) મહિમા અનુભવાય છે.

આ દૂરથી આવતો મંગલ શબ્દ (કહો કે ચેતનતંત્ર) કંઈ શતાબ્દીઓ પછી સંભળાય છે પાસે આવતો એને સત્કારવા ઉમાશંકરનો શબ્દલયછંદ બરાબર સજ્જ છે.

આવા મંગલ શબ્દના કવિ રૂપે ઉમાશંકર પ્રગટ્યા છે એ કાવ્યયાત્રાના અંતે ''છેવટનો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.'' આવો પ્રારંભ અને આવો અંત એ બેની વચ્ચે ઉમાશંકરની ગુજરાતી ભાષા ઘડાતી આવી છે. વિદ્વાનોએ આ 'વિશ્વશાન્તિ' કાવ્યમાં

ઉમાશંકરને સાક્ષરયુગના વારસદાર કહ્યા છે તે આ કારણે; ગાંધીયુગની કવિતાનો આ પ્રારંભિક ઉદ્‌ગાર છે તથાપિ પ્રૌઢ પવિત્ર ને પ્રેરક નીવડે તેવો છે.

આપણે જોઈ શકીએ છીએ કે એક કવિ એના પ્રારંભમાં જ આવા પ્રૌઢ ઉદ્‌ગારો, આવો પ્રૌઢ છંદોલય પ્રયોજી શક્યો છે તે વિસ્મયકારક લાગે તેવું છે; ઉમાશંકર 'સંસ્કૃતિ' માસિકના તંત્રી જ ન હતા. એમનો આરંભનો શબ્દ પણ સંસ્કૃતિમૂલક છે પરિણામે તે આખા એક 'સંસ્કૃતિપુરુષ' સ્વરૂપે વિકસિત થયા છે જેનાં વાણી, મન અને કર્મ બધું જ સંસ્કૃતિમૂલક નીવડ્યું છે.

'વિશ્વશાન્તિ' ગાંધીયુગીન પ્રભાવ ઝીલતું કાવ્ય છે; પણ તેના નાયક ખુદ ગાંધીજી નથી; ગાંધીવિચાર જ નાયક છે; પેલો દૂરથી આવતો મંગલ શબ્દ ગાંધીજીના શબ્દમાં ઓગળી ગયો છે બાકી એ મંગલ શબ્દ હજારો વર્ષથી સુષુપ્ત હતો તે હવે ગાંધીવાણીમાં સક્રિય થઈને પ્રતિબિંબાયો છે.

ઉમાશંકર તો યુનિવર્સિટીનાં તેજવાળો વિદ્યાપુરુષ છે. આ ઉંમરે એમણે હજારો વર્ષથી ભારતે સેવેલો સંસ્કૃતિ ઉદ્‌ગાર શોધી કાઢ્યો છે "તું પાપ સાથે નવ પાપી મારતો !"; સુન્દરમે ગાંધીયુગની આ ખાસ વાત ગણીને કહ્યું છે "હણો ના પાપીને, દ્વિગુણ જગનાં પાપ વધશે." આજે પેલો મંગલ શબ્દ જ ગાંધીયુગની કવિતામાં બરાબર ઝિલાયો છે.

આ 'વિશ્વશાન્તિ' ખંડકાવ્યમાં છ ખંડકો છે. બહુશ્રુત એવા ઉમાશંકર મોટે ભાગે એમના અનુષ્ટુપાદિ પ્રશિષ્ટ છંદોમાં એક આદિ માનવથી માંડીને બે વિશ્વયુદ્ધો સુધીની વાત ઝડપ કરી આટોપી લે છે; કેટલાક ખંડકો આ વિચારભારથી લચી પડ્યા હોય તેમ લાગે છે; પણ સંકલિત કરવાની, સમેટી લેવાની શક્તિ પણ સુચવાય છે. આ ઠાંસીને કરેલી વાતથી એ અંશોમાં ભાષા કષ્ટાય છે; પણ ઉત્તમ તો એમના મિશ્રોપજાતિ છંદો જ છે; ગાંધીજી, ગુજરાતનાં ગાંધીયુદ્ધો, દાંડી, ધારાસણા, બારડોલી બધું જ તેનાં લક્ષણો સાથે ઉલ્લેખાયું છે; પણ ખંડક ૫ 'વિશ્વશાન્તિ'નું નામ પામેલ આ ખંડકમાં કવિ ગાંધીજીની મૂર્તિ કંડારે છે, જુઓ, પૂર્વ ને પશ્ચિમની એકતા કરવા ગાંધીજીને પ્રાર્થના કરે છે.

**"પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને"**

પછીના ઉપ-ખંડકનો આરંભ કવિના પ્રથમ અનુષ્ટુપમાં આમ એમની અતિપ્રસિદ્ધ ને સિદ્ધ વાણીમાં થાય છે; વીસ વર્ષના છોકરા – કવિ હવે વિકસિત દૃષ્ટિ પામે છે ને કહે છે :

**"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી :**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !"**

રવીન્દ્રનાથે જે કણ્વાશ્રમનું વર્ણન કર્યું છે તે જ ભારતીય આદર્શ છે; બધું જ ઉમાશંકરમાં એકઠું થઈ જાય છે. જુઓ :

**"માનવી પ્રકૃતિ, સૌને વસુધૈવકુટુમ્બકમ્ !"**



'કુટુમ્બકમ્' પ્રત્યય લાગતાં આખું વિશ્વ એક કુટુમ્બ થઈને રહેશે; તેય કવિને હજી થોડુંક દૂર લાગતું એટલે હવે તો આદર્શ છે.

'યત્ર વિશ્વ ભવત્યેકનીડમ્' વિશ્વ થઈને રહેશે. હવે કુટુમ્બથીય લઘુ એવો 'એકનીડ' થઈ રહેશે એવી ઝંખના છે.

કવિના આ ભરતવાક્યથી ખંડકાવ્ય અખંડ થઈ જાય છે.

**"ને શાંતિ ! શાંતિ ! વદતો સુવિરાટ આત્મા**
**વિશ્રાન્ત રે વિકિરશે ઉરસ્ને હલીલા !"**

અંતે જતાં લાગે છે કે કવિ ઉમાશંકર જોશી તે મંગલ શબ્દને પામવા ભરત-વાક્યમાં "શાન્તિ, શાન્તિ"ની ઝંખના કરતા પમાય છે કે ઉમાશંકર કેવળ ૨૦ વર્ષમાં જ આ ગાંધીની મહાન સંસ્કૃતિ પ્રાચીન અને અર્વાચીન' પૂર્વ અને પશ્ચિમના સમન્વયને તાકે છે; તો જ 'વિશ્વ'ની વાત કરી શકાય ને; ઉમાશંકર કવિતાનો 'ક' ઘૂંટે છે ત્યારે વીસ વર્ષની વયે આ બધું કેવી રીતે પામી શક્યા હશે ? 'વિશ્વ'થી નાનું એકમ એમને ખપતું નથી. શીર્ષકમાં પણ 'વિશ્વ' શબ્દ આવી મળ્યો છે, પછી તે બને છે 'વિશ્વશાંતિ'; ગાંધીજી પણ એક વિશ્વપુરુષ પ્રાપ્ત થાય છે, પ્રૌઢ શબ્દ, છંદોલય, નાદમૂલ્યવાળી ભાષા એ કેવી રીતે પામી શક્યા હશે; કે એ કોઈ ફિરસ્તા જેવું વ્યક્તિત્ત્વ પ્રાપ્ત કરે છે; પરિણામે એ પોતેય કો વિશ્વપુરુષ બનવા તાકતા હતા.

**"વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;**
**માથે ધરું ધૂળ વસુન્ધરાની."**

ઉમાશંકર એમના છેવટના દિવસોમાં ઉનાળામાં વલસાડ તીથલ રહેવા આવ્યા હતા; ત્યારે એમનું વ્યાખ્યાન યોજ્યું હતું. ત્યારે મેં એમને 'એક વિભૂતિ' કહીને ઓળખાવ્યા હતા. એ મારું પણ 'પરિણત' એવું એમનું મૂલ્યાંકન હતું. એ ખરે જ એક માનવવિભૂતિ હતા, એક વિશ્વસંસ્કૃતિપુરુષ હતા.

હવે એમની શતાબ્દી ઊજવાઈ રહી છે ત્યારે એ મહા કવિ થવા વિકસતા હતા, એવું એમનું વીસેક વર્ષે જ પાકટ જીવનદર્શન ને તેને પહોંચી વળતી ગુજરાતી ભાષાના છંદો, લયોનું સ્વરૂપ આપણી ભાષામાં ઉમેરતા ગયા છે. તેનું શ્રેષ્ઠ નિદર્શન ૧૯૩૧માં પ્રગટ થયેલા 'વિશ્વશાન્તિ' ખંડકાવ્યમાં આપતા ગયા છે, એ દર્શન અને એનું એ ગૌરવયુક્ત પ્રૌઢ આખ્યાન : આ બધાંથી અભિષિક્ત એ દર્શન-વર્ણનથી ઉમાશંકર ક્યારેય ચ્યુત થયા નથી; એ શબ્દની શોધમાં આખી જિંદગી જીવ્યા; દૂરથી આવતો મંગલ શબ્દ એમની આખી સાહિત્યસૃષ્ટિમાં એકાકાર છે; સાહિત્યને અંતે એ કહી શક્યા છે કે

**'નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.'**

હા, ઓગળી ગયા પછીય તેને ગુજરાતી ભાષાના પ્રૌઢ ઉપભોગ માટે "ના છે કસૂર કંઈ આવતી પેઢીઓની" કહેતા એ ભાવિ પેઢીઓ માટે મૂકતા પણ ગયા છે.

# માનવસંવેદનાનો તીણો-વેધક સૂર...

***હરીશ વટાવવાળા***

## ગુલામ

હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
સ્વ-છંદ પંખી ઊડતાં,
હલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઈ ના.

સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઈ દેતું ત્યાં.

સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.

સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ ?

દેત્રોજ પોલીસથાણું, નવેમ્બર ૧૯૩૦

**ક**વિકુલગુરુ ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮)નું આ વર્ષ જન્મશતાબ્દી વર્ષ છે. તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રમુખ કવિ છે. સાહિત્ય, શિક્ષણ અને પત્રકારત્વ તેમને પ્રિય હતાં. ગુજરાતી પદ્ય અને ગદ્યમાં તેમની આગવી મુદ્રા ઊપસે છે. શબ્દને પામવાની ને હૃદય અને મનમાં સારવી-તારવી લેવાની તેમની વૃત્તિ બળવત્તર હતી.

કવિ ઉમાશંકર જોશીએ આ કવિતા લખી ત્યારે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી અને ૧૯૩૦ના આરંભમાં જ લાહોર કૉંગ્રેસના ઠરાવ મુજબ દેશભરમાં આઝાદીનું આંદોલન પ્રસરી ગયું હતું. ૧૨મી માર્ચ ૧૯૩૦ના દિવસે ગાંધીજીએ 'દાંડીયાત્રા' શરૂ કરી. અને અંગ્રેજો સામે પડકાર કરી કહ્યું : ''કૂતરાંને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વગર આશ્રમમાં પગ નહીં મૂકું.''

ભારતનું વાતાવરણ જ તે સમયે એવું હતું કે, દરેક વ્યક્તિ અંગ્રેજ શાસનથી મુક્તિ મેળવવા ઇચ્છતી હતી. અંગ્રેજોની નીતિ-રીતિ સામે આક્રોશ હતો. તો બીજી તરફ



અંગ્રેજો પણ ભારતની દરેક વ્યક્તિ ગુલામ છે, એ દૃષ્ટિથી જ તેની સાથે વર્તતી હતી. આ ગુલામીની બેડીઓ તોડી સ્વરાજને પૂરબહારમાં ખીલવવા પ્રજા તલસી રહી હતી. પ્રજામાં જાગૃતિ અને આત્મબલિદાનનો મોટો જુવાળ આવ્યો હતો. કારાગૃહને 'સ્વતંત્રતાની દેવી'નું સુવર્ણમંદિર સમજી સેંકડોની સંખ્યામાં દેશભક્તોએ જેલવાસ કર્યો હતો. ઉમાશંકર જોશી તેમાંના એક હતા. તેમને પણ દેત્રોજ પોલીસ થાણાની જેલમાં કેદ કર્યા હતા. તેમણે તે સમયે આ 'ગુલામ' કવિતાની રચના કરી હતી. પછી તેમને 'સાબરમતી જેલ'માં લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને ચૌદ દિવસ સુધી જેલમાં રાખવામાં આવ્યા. અહીં તેમને 'વાંચનયોગ'ની ખરેખરી તક મળી. અહીં તેમણે મરાઠી, બંગાળી અને ઉર્દૂ શીખવાની શરૂઆત કરી. તે સમયે દરેક વ્યક્તિના કંઠમાં એક જ ઉદ્‌ઘોષ હતો :

**સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે,**
**યા હોમ કરીને પડો ફતેહ છે આગે.**
**– નર્મદ**

અંગ્રેજ શાસકોએ ભારતની ગુલામ પ્રજા ઉપર ગમે તેવા વેરાઓ નાખીને તેને પાંગળી બનાવી દીધી હતી. ઉમાશંકર જોશીનો આ આક્રોશ અંગ્રેજ શાસકો સામેનો હતો.

તેમની આ કવિતાની શરૂઆત જ 'હું ગુલામ ?'માં જ પ્રશ્નાર્થ છે. અહીં માનવસંવેદનાનો તીણો-વેધક સૂર સ્પષ્ટ સંભળાય છે. તાદૃશતા, કરુણચિત્રો અને નિરૂપણની આગવી શૈલી તેમની કવિતામાં વિશેષ નોંધપાત્ર છે. તો વિષયસંવેદનાની ચટકીલી રજૂઆત અને સાંપ્રતનો જીવંત સ્પર્શ એમનાં કાવ્યોનો વૈભવ છે. સમાજાભિમુખતા એમના સર્જનમાં બહુધા જોવા મળે છે. પ્રસંગોચિત્ત લખાયેલી એમની કેટલીક રચનાઓનું પણ ચિરંજીવ સ્થાન રહ્યું છે. તો હૃદય હૃદય વચ્ચે સંવાદ સાધવાની મનીષા પણ તીવ્ર રહી છે.

'ગુલામ' કવિતા એ કવિના હૃદયની વાણી છે. આ સર્જકે જ્યારે આ કવિતા લખી ત્યારે આપણે આગળ જોયું તેમ આઝાદીની ચળવળનો મધ્યાહ્ન તપતો હતો. 'દાંડીકૂચ'નો નશો ઊતર્યો નહોતો. લોકોમાં ઉત્સાહ અને આક્રોશ મિશ્રભાવે પ્રકટતા હતા. તો ઉમાશંકર જોશી એમાંથી બાકાત કેમ રહી શકે ? તેમને ગુલામીની દશા અનેક રીતે કઠવા લાગી. એમણે પણ ચળવળમાં સક્રિય ભાગ લીધો. પોલીસના હાથે પકડાઈ ગયા અને દેત્રોજ પોલીસ થાણામાં લઈ ગયા. પોલીસ થાણામાં રહ્યે રહ્યે પણ એમણે ગુલામી દશાની અનુભૂતિ કરી અને તેમણે 'ગુલબંકી છંદ'માં 'ગુલામ' કાવ્યની રચના કરી. આ કાવ્ય સંદર્ભે ચંદ્રકાન્ત શેઠ કહે છે : ''ઉમાશંકર જોશીએ કેવળ પ્રકૃતિનિર્ઝરનો જ નહિ, કવિતાનિર્ઝરનો સૌન્દર્યમંત્ર પણ અંતઃશ્રુતિપટ પર ઝીલ્યો હતો.''[1]

૧. 'ઉમાશંકર જોશી' : ચંદ્રકાન્ત શેઠ, ૨૦૧૦, આદર્શ પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃ. ૪૫.

કવિએ શરૂઆતમાં જ 'હું ગુલામ ?' એવો પ્રશ્ન કર્યો છે. તેમના મનમાં સતત એમ થયા કરે છે કે : 'હું જ શા માટે ગુલામ ?' આ 'હું'માંથી કવિ બહાર આવીને સમષ્ટિના દરેક માનવીને આવરી લે છે. અને તેઓ કહે છે : મનુષ્ય તો 'સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ છે.' એને ગુલામ કઈ રીતે બનાવી શકાય ?! તેઓ એના ખુલાસાઓ આપતાં જણાવે છે : 'અહીં પુષ્પોને ખીલવાની સ્વતંત્રતા છે, પક્ષીઓ મુક્ત રીતે ઉડ્ડયન કરી શકે છે, વૃક્ષો પણ પોતાની ડાળીઓને મુક્ત રીતે ડોલાવી શકે છે, પ્રકૃતિ, પશુ-પક્ષી માટે ક્યાંય ગુલામી નથી. ઝરા, ઝરણ, નદી નૃત્ય કરતાં, નર્તનતાં વહી રહ્યાં છે. મહાસાગર પણ સતત ઘૂઘવ્યા કરે છે. એમને તેમ કરતાં કોઈ રોકતું નથી. આખું પ્રકૃતિ જગત સ્વતંત્ર છે. ના તો તેમને કોઈ રોક છે ન ટોક છે. તેમ છતાં 'એક માનવી જ કાં ગુલામ ?' એમ પ્રશ્ન પણ કવિ કરે છે.

કવિનો આ પ્રશ્ન માત્ર એમનો જ નથી પણ સમગ્ર માનવસૃષ્ટિનો છે. નિયમો, બંધનો, મર્યાદાઓ અને ભેદભાવ વગેરે માત્ર મનુષ્યને જ લાગુ પડે છે. પરંતુ અહીં સ્થિતિ કંઈક અલગ છે. એમણે જે અનુભવ્યું તેનું અહીં આકલન કર્યું છે. આડકતરી રીતે અંગ્રેજોની નીતિ-રીતિને કવિએ ખુલ્લી પાડી છે. તો સાથે સાથે કવિનો આક્રોશ પ્રકટતો પણ જોઈ શકાય છે.

અહીં મને 'રેફ્યુજી' ફિલ્મનું એક ગીત યાદ આવે છે, જે કવિ શ્રી જાવેદ અખ્તરે લખ્યું છે :

**પંછી નદિયાં પવન કે ઝોંકે,**
**કોઈ સરહદ ના ઇન્હે રોકે;**

r

### નાગાસાકીમાં

*માનવ-આત્મા પર ફડફોલા :*
*નળિયાં પર ઊપસ્યા પરપોટા*
*નાગાસાકીમાં.*

જાપાન જતાં વિમાનમાં, ૧૨-૮-૧૯૫૭



# 'જઠરાગ્નિ' : એક સૌંદર્યવાદી કવિની ચરમ ચેતવણી

ડૉ. નીરવ પટેલ

## જઠરાગ્નિ

રચો, રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !

રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે !
અંતર-રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

વીસાપુર જેલ, એપ્રિલ ૧૯૩૨

**'જ**ઠરાગ્નિ' કવિતાનો જિકર થાય ત્યારે એક આખો કાળખંડ અને એક યુગપુરુષની પ્રેરણાથી દીન-દલિત પ્રત્યે પ્રતિબદ્ધ થયેલા ગુજરાતી લેખકો-કવિઓ જે ઉમાશંકરના સમકાલીન હતા તે સૌ સાંભરે. પણ મને સવિશેષ તો મેઘાણીની 'અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે' અને પછી આવતી ટેકપંક્તિઓ – 'ત્યારે હાય રે હાય, કવિ ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે ! તને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે ! તને કૃષ્ણ કનૈયાની બંસરી કેમ ગમે !' તથા આ અદ્ભુત કવિતાના ટોનથી જુદેરા ટોનમાં પણ એ જ નિસબત પ્રગટ કરતી કરસનદાસ માણેકની કવિતા ખાસ સાંભરે :

**'દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા,**
**દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટળવળતા,**
**તે દિન આંસુભીનાં રે, હરિનાં લોચનિયાં મેં દીઠાં !'**

આ ત્રણે કવિતાઓ ગાંધીયુગની ચેતનાની નિપજ છે એ નિઃશંકપણે કહી શકાય. ગુજરાતી સાહિત્યના એ સુવર્ણયુગનો સર્જકધર્મ શો હતો ? મેઘાણી લખે છે : '...પ્રત્યેક લેખક નવયુગની રચનામાં રોકાયેલો મજૂર છે. એ ખરા દિલની મજૂરી કરે : પછી ભલે એને કોતરકામ આવડતું હોય તો નકશી કરે, ને નહિ તો સાદા પથ્થરો ફોડે. ચાહે એ મહાકાવ્ય રચે, કે દૈનિક છાપાની અંદર રિપોર્ટ લખે; પણ એનું નિર્મિત કાર્ય તો એ કરે જ કરે. ન કરનારને નવરચનામાં સ્થાન નહિ.'

અને જાણે ઉમાશંકર 'નકશીકામ' આવડતું હોવા છતાં એને બાજુએ મૂકી 'જઠરાગ્નિ' કાવ્યની રચના થકી પથ્થરો ફોડવાનું કવિકર્મ પસંદ કરે છે. અને એટલે જ વિચાર, સંવેદન અને નિસબતના સંમિશ્રણ સમી આ કવિતા સીધી (direct), સાદી (simple) અને સચોટ (true) અભિવ્યક્તિ લઈને આવી છે. એ એટલી સુબોધ છે કે એને ભાગ્યે જ સમજાવવી પડે !

આજના અર્વાચીન કે અનુઆધુનિક યુગના ગુજરાતી કવિની નિસબત હજી ભક્તિગાન, પ્રકૃતિગાન કે હાઇકુ-તાન્કાની પ્રયોગખોરીથી આગળ વિસ્તરી નથી. અને એ જોઈને દલિતકવિ પ્રવીણ ગઢવી એના 'રોટી' કાવ્યમાં કહે છે : રોજ-બ-રોજની જરૂરિયાત જેવી રોટીની કવિતા કરતાં આધુનિક કવિઓ શરમાય છે ! પણ ઉમાશંકરના આ કાવ્યમાં જે અંતિમ અલ્ટિમેટમ, જે ચરમ ચેતવણી ઉચ્ચારાઈ છે એ કદાચ ગાંધીયુગી ચેતનાથી પણ એક ડગલું આગળ છે. (સ્વામી સચ્ચિદાનંદની આવી જ એક ચેતવણી સાંભરે છે – 'આ છેલ્લી ટ્રેઇન છે' ?)

A History of Indian Literatureમાં શિશિરકુમાર દાસ એનું પગેરું માર્ક્સવાદી અસરમાં ઇંગિત કરે છે. એ લખે છે કે ગાંધીએ છેડેલા સ્વાધીનતા આંદોલનમાં કેટલાક ગુજરાતી કવિઓ જોતરાયા હતા અને તેઓ ઘણા માર્કસવાદીઓના પરિચયમાં આવ્યા હતા. અને એની અસર તેમનાં કાવ્યોમાં આટલી મુખરતાથી વર્તાય છે.

ખરે જ, ઉમાશંકરે આ કાવ્ય મહારાષ્ટ્રના વીસાપુરની જેલમાં ૧૯૩૨માં લખેલું. અને આપણે ઇતિહાસને યાદ કરીએ તો આ એ ગાળો છે જેમાં ગોળમેજી પરિષદમાં દલિતોના પ્રશ્ને ગાંધી-આંબેડકરનો ઐતિહાસિક વૈચારિક ટકરાવ થાય છે. અને આપણને આશ્ચર્ય થાય તેવો એક કવિ અને એક લોકનાયકનો દીન-દલિતોના પ્રશ્ને વૈચારિક સામ્ય અને દૂરદર્શિતાનો યોગાનુયોગ : જેની ફલશ્રુતિ ઉમાશંકરની 'જઠરાગ્નિ' કવિતા અને ડૉ. આંબેડકરે ૧૯૪૯ની બંધારણસભામાં કરેલું સંભાષણ :

'૨૬ જાન્યુ. ૧૯૫૦ના રોજ આપણે વિરોધાભાસોથી ભરેલા જીવનમાં દાખલ થઈ રહ્યા છીએ : રાજકારણમાં સમાનતા અને સામાજિક તથા આર્થિક જીવનમાં અસમાનતા ! આપણે ક્યાં લગી આ અસમાનતાઓ ચાલુ રાખીશું ? આપણે આપણા ભોગે જ તેમ કરીશું. કારણ કે સમાનતાથી વંચિત લોકો એક દિવસ મહામહેનતે મળેલી



આ રાજકીય આઝાદીને ફૂંકી મારશે. ઉમાશંકર પણ બરાબર આ જ મતલબની વાત કરે છે 'જઠરાગ્નિ'માં. અલબત્ત કવિએ તો આ વાત ઘણી વહેલી, છેક ૧૯૩૨માં કરી દીધી છે : દરિદ્રની ઉપહાસલીલા જેવી અંબરચૂંબી ઇમારતો એમનાં અંતર-રૂંધતી શિલાઓ જેવી મુઠ્ઠીભર ધનિકોના ભોગવિલાસ માટે ભલે રચો. પણ 'એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?' અને આજે જાણે કવિની આ ભવિષ્યવાણી સાચી પડતી હોય તેમ નક્સલવાદી દાવાનળ રૂપે એ ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગ્યો છે ને દેશ સળગી રહ્યો છે ! કવિની ચરમ ચેતવણી ન ગણકારવાનાં કેવાં માઠાં પરિણામ દેશે ભોગવવાનાં આવ્યાં છે !

ગાંધીવાદ, માર્ક્સવાદ કે આંબેડકરવાદ જેવા કોઈ વાદમાં કવિ માને કે ન માને; એ સૌંદર્યવાદમાં તો જરૂર માને. હા, દલિત કવિ પણ એમાં અપવાદ ન હોઈ શકે. પૃથ્વી સમેતના પર્યાવરણમાં એ જન્મે છે, જીવે છે ને ન કેવળ એના સૌંદર્યને માણવા ને જાળવવા માટે, બલ્કે એમાં વધારો કરવાના પ્રયાસમાં પોતાને અને હરકોઈને જોતરાયેલાં જોવાં એને ગમે. પર્લ બર્ક જેવાં લેખિકા તો આ પૃથ્વી પરના અપ્રતિમ સૌંદર્યને માણવા માટે સ્વર્ગની કલ્પનાને પણ ઠુકરાવે છે. કદાચ એટલે જ ઉમાશંકર જોશી નામનો યુવાન કવિ મેઘધનુષના સૌંદર્યથી વંચિત રહી જતા ધોબી અને નરી વૈજ્ઞાનિક ઘટના રૂપે જોતા અને એ રીતે સૌંદર્યબોધ ચૂકી જતા વૈજ્ઞાનિકને પોતાની એક કવિતામાં પાત્રો બનાવે છે !

સૌંદર્યવાદની હિમાયત કરતા આ કવિને, બલ્કે હર કોઈ એવા કવિને સૌંદર્યનું સર્જન કરતા, સૌંદર્યનું સંવર્ધન કરતા, સૌંદર્યનું સંરક્ષણ કરતા હર પરિબળ – હર વ્યવસ્થા પ્રત્યે પ્રેમ હોય છે. અને એથી ઊલટું, પૃથ્વીના સૌંદર્યને કલુષિત કરતા, એનો નાશ કરતા હર કોઈ પરિબળ-વ્યવસ્થાને એ ધિક્કારે છે.

પણ શાને કારણે આ પૃથ્વી સુંદર છે ? જેમાં રહેવા અપ્સરાઓ પણ સ્વર્ગનાં સુખો છોડી દેવા લલચાય છે ! માનવીને વારસામાં મળેલું પ્રાકૃતિક જગત અને એણે પોતે પેદા કરેલું સામાજિક પર્યાવરણ આ પૃથ્વીને સુંદર બનાવે છે. ભૂખ, ગરીબી, શોષણ, દમન, ભેદભાવ આ પૃથ્વીને અસુંદર બનાવે છે અને ન્યાય, પ્રેમ, ભ્રાતૃભાવ, કરુણા આ પૃથ્વીને સુંદર બનાવે છે. વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વમાં માનતા આ સૌંદર્યપ્રેમી કવિએ એટલે જ તો આ ચરમ ચેતવણી ઉચ્ચારી છે : ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે તો સંસ્કૃતિ માત્રનો નાશ થઈ જશે.

કવિએ લખ્યું છે : 'તત્ત્વજ્ઞાન કરતાં વધુ સર્વસુગમ અને હૃદયંગમ રીતે મનુષ્યજીવનને અજવાળવાનું કવિતાને ફાવે છે. એટલે તો કવિના અર્પણ અંગે દુનિયા ઓશિંગણભાન દાખવે છે.' 'જઠરાગ્નિ'ના કવિ, અમે ખરે જ તારા ઓશિંગણ છીએ.

r

# અંતરની આરતનું ગીત

હર્ષદ ત્રિવેદી

## ઝંખના

સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી,
નવલખ તારાનાં ટોળાં ટળવળે રે જી.
પૃથ્વીપગથારે ઢૂંઢે ભમતા અવધૂત કોઈ
વિશ્વંભર ભરવા નયણે રે હો જી.
— સૂરજ...

મહેરામણ ભૈરવનાદે અલખ પુકારે,
મૂંગા ગિરિઓનાં મસ્તક ઊંચે ઝંખતાં રે જી.
તલખે પંખી ને પ્રાણી, સરવર નદીઓનાં પાણી,
રાતે ડુંગરિયા દવ નો જંપતા રે હો જી.
— સૂરજ....

તરણાની છાયા હેઠે કાયા ઢંકાય તારી,
આભનાં આભૂષણ તોયે ઓછાં પડે રે જી.

બ્રહ્માંડ ભરીને પોઢ્યા, કીકીમાં માશો શેણે ?
જોવા તોયે લોચનિયાં ઘેલાં રડે રે હો જી.
— સૂરજ...

ગગન ઘેરીને આજે દર્શન વરસો રે વ્હાલા !
ઉરે ઝૂરે રે મારો પ્રાણબપૈયો રે હો જી.
— સૂરજ...

વીસાપુર જેલ, મે ૧૯૩૨

**ક**વિના હૃદયમાં જાગેલી વિશ્વંભરના દર્શનની ઝંખનાનું આ કાવ્ય છે. જૂના ભજનના ઢાળમાં આપોઆપ ઢળી ગયું હોય એટલો સ્વાભાવિક એનો લય છે. શ્રી યશવંત શુક્લ સહેજ માથું ડોલાવતાં ડોલાવતાં કરકરા છતાં આર્દ્ર અવાજે ને ભાવે આ ગીત ગાતા. પરિષદના અધિવેશન કે જ્ઞાનસત્રમાં જવા માટેની બસમાં અનેક વાર હીરાબહેન પાઠકની સાક્ષીએ આ ગીત સાંભળ્યું છે. હજીયે એનો રણકો કાનમાં ગુંજે છે.



ભારતમાં જન્મેલો સંવેદનશીલ અને મનુષ્યજાતને ચાહનારો ભાગ્યે જ કોઈ એવો જીવ હશે જેને વિશ્વંભરની શોધ ન હોય. કવિ ઉમાશંકર જોશી પણ એમાંથી બાકાત નથી. કવિની આ આરત પ્રકૃતિનાં તત્ત્વોને મિષે પ્રગટ થાય છે. પ્રકૃતિનાં તત્ત્વોમાં માનવહૃદયના ભાવોનું આરોપણ કોઈને લાગે એ શક્ય છે. પરંતુ ઉમાશંકર સમષ્ટિ સાથે એકાત્મભાવ અનુભવે છે. એટલે જાણે કે આ કવિની સાથે સમગ્ર વિશ્વ પૃથ્વીના ફરવાના લય સાથે એમાં જોડાય છે. કવિ પોતાનું કેન્દ્ર છોડ્યા વિના બ્રહ્માંડમાં જાણે કે વ્યાપી વળે છે. પ્રભુપ્રાર્થના નિમિત્તે વિશ્વંભરને આંખોમાં સમાવી લે છે. ગીતનો આરંભ જ પૃથ્વી પર ઊભાં ઊભાં બ્રહ્માંડના અનુસંધાન સાથે થાય છે.

**સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી**
**નવલખ તારાનાં ટોળાં ટળવળે રે જી.**
**પૃથ્વી પગથારે ઢૂંઢે ભમતા અવધૂત કોઈ**
**વિશ્વંભર ભરવા નયણે રે હો જી !**

સૂરજ, ચાંદો અને નવલખ તારાનાં ટોળાં વિશ્વંભરને શોધવા વ્યાકુળ બન્યાં છે. ટોળાં પણ કેવાં ? ટળવળતા. દર્શનની ઇચ્છા જાગવી અને દર્શન માટે ટળવળવું એ બંને સ્થિતિ અલગ છે. આકાશમાં પરમ તત્ત્વોની આ સ્થિતિ છે તો પૃથ્વી ઉપર શું બને છે ? પૃથ્વીપગથારે ભમતા અવધૂતની આંખ પણ એ બ્રહ્માંડની ગોળાઈ જેવડી થઈને પરમ તત્ત્વને ઢૂંઢે છે. ઢૂંઢવામાં એક પ્રકારની વિકળતા છે. શોધ શાંતિથી પણ થઈ શકે. વ્યાકુળતાનો સંદર્ભ ગીતની અંતિમ પંક્તિમાં પ્રાણબપૈયોમાં આવે છે.

ઉપર નભના ચંદરવામાં પણ શોધ ચાલે છે એની વાત કર્યા પછી પૃથ્વી ઉપર આવતાં કવિ કહે છે :

**મહેરામણ ભૈરવ નાદે અલખ પુકારે**
**મૂંગા ગિરિઓનાં મસ્તક ઊંચે ઝંખતાં રે જી.**
**તલખે પંખી ને પ્રાણી, સરવર નદીઓનાં પાણી,**
**રાતે ડુંગરિયા દવ નો જંપતા રે હો જી.**

આ શોધ જાણે કે અહોરાત્ર ચાલી રહી છે. કોઈ એકાદ ક્ષણ કે પૂજા-પાઠના પ્રહરની વાત નથી. મહેરામણનો નાદ પણ ભૈરવ છે. 'તલખે' એ 'ટળવળે' પછીનું નવું ક્રિયાપદ છે. ટળવળાટ પછીની સ્થિતિ તલખવાની છે. આ તલસાટમાં પંખી ને પ્રાણીની સાથે નદીઓનાં પાણીનો લયવળોટ માણવા જેવો છે. આપોઆપ એમાં એકતારાનો લય, ગુંજારવ પ્રવેશી જાય છે. દિવસે તો સૂરજનાં તેજ છે, પણ રાત્રેય ડુંગરિયા દવ પ્રજળીને આ શોધ માટે પ્રકાશ પાથરી રહ્યા છે. એની સાથે અંદરનું પ્રજ્જ્વલન પણ સાક્ષાત્ થઈ આવે છે.

કુદરતના કણેકણ જેની શોધ માટે પ્રવૃત્ત થયા છે ને એ શોધમાં કવિનો માંહ્યલો

પણ જાણે કે ઓગળી ગયો છે. આખાયે બ્રહ્માંડમાં વ્યાપેલો, બ્રહ્માંડને ધારણ કરતો એ વિશ્વંભર ક્યાં છે ? ખૂણેખૂણામાં કવિની ચેતના ફરી વળે છે 'ખ' એટલે આકાશથી માંડીને હૃદયના ખૂણા સુધી. પરંતુ અહીં મામલો જરા નાજુક છે. સાવ એવું તો નથી કે એની ભાળ નથી. જાણ્યો છતાં અજાણ્યો. દેખાય છે ને નથી પણ દેખાતો. કવિ પાસે જાણે કે ઈશ્વરનાં પગલાંનો એક નકશો છે. એને થોડો અંદાજ પણ છે એટલે મહાન તત્ત્વોને પળ વાર બાજુએ મૂકીને તરણા ઉપર નજર કરે છે. પણ પરમ તત્ત્વ તો મૂળમાં છે. જે હોવા છતાં પ્રગટ રીતે પરખાતું નથી.

**તરણાની છાયા હેઠે કાયા ઢંકાય તારી,**
**આભના આભૂષણ તોયે ઓછાં પડે રે જી,**
**બ્રહ્માંડ ભરીને પોઢ્યા, કીકીમાં માશો શેણે ?**
**જોવા તોયે લોચનિયાં ઘેલાં રડે રે હો જી.**

જેને આભનાં આભૂષણેય ઓછાં પડે એને જોવા લોચનિયાં રડે છે. પણ એની આગળનું 'ઘેલાં' વિશેષણ નોંધવું જોઈએ. સાથોસાથ મોટોમસ એક પ્રશ્ન આવે છે. આપ તો બ્રહ્માંડ ભરીને પોઢ્યા છો. એકેય કણ એવો નથી જેમાં તમે નથી. તો કીકીમાં માશો શેણે ? જોવાની અદમ્ય ઝંખના તો છે પણ આ ચર્મચક્ષુની મર્યાદાય સ્વીકારવી રહી. પરંતુ આ સમસ્યા કવિની નથી. વિશ્વંભરની છે. એણે કીકીમાં સમાવાનું છે. 'મારા નેણમાં સમાવ્યા નંદલાલ' જેવી આ પરિસ્થિતિ છે. પાછાં રડતાં લોચનિયાં. પ્રભુ એમાં બિરાજે તોય વહી નહીં જાય એની ખાતરી શી ?

બહારનાં તત્ત્વો દ્વારા આરંભાયેલી આ શોધના મૂળમાં અવિરત વ્યાકુળતા છે. ઈશ્વર એટલે કે પ્રકૃતિના પરમ તત્ત્વને માટેની આરત ઉપર ઉપરની નથી. એટલે તો કવિ સમષ્ટિને પણ સાથે લે છે. પરંતુ છેલ્લે તો આત્મસ્થ જ થવાનું હોય. બીજાં તત્ત્વો મદદ કરે તોય કેટલી ? એ તત્ત્વો કદાચ આત્મતત્ત્વને બ્રહ્માંડના લયમાં સમાવી લે, ગતિ આપે, તો પણ ઠરવાનું તો જાતમાં જ જગતનિયંતાને જોવાનો. કવિ આ બધું જાણે છે ને સ્વીકાર પણ કરે છે કે આ બધો ક્ષણનો જ મામલો છે. આટઆટલે ઠેકાણે ઘૂમી વળ્યા પછી કવિમન જાતે જ સમાધાન શોધે છે. એ સમાધાનને જ વિશ્વંભરનું વિરાટદર્શન કહી શકાય. છેલ્લે ચાર પંક્તિને બદલે બે પંક્તિમાં જ આ દર્શન આટોપી લીધું છે.

**ગગન ઘેરીને આજે દર્શન વરસો રે વ્હાલા !**
**ઉરે ઝૂરે રે મારો પ્રાણબપૈયો રે હો જી.**

ગગન ઘેરીને માત્ર વરસો એમ નહીં, દર્શન વરસો એવું કવિએ કહ્યું છે. આમ તો ગીતના આરંભથી જ, કવિને પરમતત્ત્વની ઝાંખી હોવાની આપણને ખબર પડી ગઈ છે. અગાઉ કહ્યું તેમ કવિની પાસે આછોતરો પણ એક નકશો છે. એટલે એ પગલે પગલે જાણે કે ફરી વળે છે. પરંતુ કવિને એય ખબર છે કે આટલું મોટું વિરાટ તત્ત્વ



એમ કંઈ આંખોમાં સમાવાનું નથી. એટલે વહાવવું એમાં જ ઇષ્ટ. વહાવવામાં વહેવાનો ભાવ પણ છે. એક બાજુ દર્શન વરસે ને નીર વહે તો બીજી બાજુ આંખોમાંથી વહેતાં નીર ! એ સમે પ્રાણબપૈયો ફરી પાછો ઝૂરવા માંડે છે પી...પિયૂ....પી...પિયૂ !

ખરેખર તો કવિનું ગંતવ્ય પ્રભુપ્રાપ્તિનું છે જ નહીં. વિરાટ તત્ત્વોને નિમિત્તે અનુસંધાન રચીને એક ઝલક મેળવવાનો પ્રયત્ન માત્ર છે. અવિરત ઝૂરતું ઉર, અવિરત પીપાસા અને અવિરત શોધનું આ કાવ્ય છે. લયબંધ એકદમ ચુસ્ત છે. ભજનની તમામ વિશેષતાઓ એમાંની વ્યાકુળતાને કવિએ જાણે કે આત્મસાત્ કરી લીધી છે. આ કાવ્યનું પોતાનું એક સંગીત છે. એ સંગીતમાં ઘોંઘાટ નથી. એકતારાની ગુંજ છે. આછેરી ઢોલકી વાગે તો કદાચ ચાલી જાય પણ અન્ય સ્વરો કે સૂરોને અહીં અવકાશ રહેવા દીધો નથી. પોતાના હૃદયના ભાવોની સાથે સૂરજ, ચાંદો, નવલખ તારા, અવધૂત, મહેરામણ, ગિરિઓનાં મસ્તક, પંખી, પ્રાણી, સરવર-નદીઓનાં પાણી, ડુંગર અને એની ઉપરના દવ – આ બધાં પ્રકૃતિનાં અંગોને પોતાની આ શોધમાં કવિ સ્વાભાવિક રીતે સામેલ કરી દે છે. એ બધાં તત્ત્વો આપમાં છે એમ, આપ પણ એમાં સમાયેલો છે એની પ્રતીતિ કરાવી આપે છે. જાણે કશું પૃથક્ પૃથક્ રહેતું જ નથી. બ્રહ્માંડના લય સાથે શ્વાસ-ઉચ્છ્વાસનો લય તાલ મેળવે છે. એમાં એક ઝીણી ગૂંજ ભળે છે. એને જ પરમતત્ત્વ કહીશું ?

આરતમાં તીવ્રતા છે, પણ કવિનો સ્વર તીવ્ર નથી. એમાં એક પ્રકારનું આભિજાત્ય અને વિનમ્રતા પણ છે. સાથે સાથે એમ પણ જોઈ શકાય છે કે આટઆટલાં મહાન તત્ત્વો પણ જેની ઝંખના કરે છે એની સામે કવિનું નાનકડું મન કઈ રીતે અલગ રહી શકે ? એટલે વિરાટના દર્શનની અભીપ્સાની સાથે પ્રકૃતિનાં તત્ત્વો સાથે જે એકાત્મનો ભાવ અનુભવાય છે તે મુખ્ય છે. કવિ વિનિત રહીને પણ મહાનની સાથે ભળી જવા છતાં પ્રાણબપૈયાના ઝુરાપાને અખંડ રહેવા દે છે એ પણ મનની લીલા જ ને ?

# વિશ્વ-ચેતના સાથે સાયુજ્ય સાધતી કાવ્ય-આકૃતિ

***રાધેશ્યામ શર્મા***

## વિશ્વમાનવી

કીકી કરું બે નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
માયા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો;
સ્વર્ગંગમાં ઝૂકવું ચંદ્રહોડલી,
સંગી બનું વા ધૂમકેતુ-પંથનો.

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;
પાંખો પ્રકાશે–તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

વીસાપુર જેલ, ૩૦-૬-૧૯૩૨

**ક**વિશ્રી ઉમાશંકર જોશીએ વીસાપુર જેલમાં, તા. ૩૦-૬-૧૯૩૨ની સાલમાં પ્રસ્તુત 'વિશ્વમાનવી' કૃતિ રચી તે પૂર્વે અમદાવાદ ખાતે, ગૂજરાત વિદ્યાપીઠમાં, ડિસેમ્બર ૧૯૩૧માં 'વિશ્વતોમુખી' લખી હતી. (ઉમાશંકરની ચેતનામાં 'વિશ્વ'નો મહિમા વ્યક્તિથી કંઈક ચઢિયાતો રહ્યો છે. કાવ્યમથાળાં એનાં પ્રમાણ છે : 'વિશ્વશાંતિ', 'વિશ્વતોમુખી', 'વિશ્વમાનવી'...)

રચનાના ઐતિહાસિક અનુક્રમમાં, 'વિશ્વમાનવી' પહેલાં ૧૯૩૧ની 'વિશ્વતોમુખી'-ની આ કડીઓમાં વિશ્વ સાથે માનવીની, કવિના વ્યક્તિત્વ સાથે સર્જનની કડીઓનું અનુસંધાન પામી શકાશે :



**...લઘુ માનવી મટી,**
**બની રહું રાષ્ટ્ર-વિરાટ ચેતનાઃ**
**પ્રજા-પ્રજાના ઉર-સ્પંદ-તાને**
**ગૂંથી રહું ઊર્મિલ ઐક્યપ્રેરણા.**

અહીં 'ઊર્મિલ ઐક્યપ્રેરણા' ગૂંથવાની ભાવુક મનઃસ્થિતિ નોંધપાત્ર છે. સમગ્ર સંદર્ભમાં 'વિશ્વમાનવી'ની પ્રારંભિક બે પંક્તિઓ જોઈએ :

**કીકી કરું બે નભતારલીની**
**ને મીટમાં માપું દિગંતરાલને**

હવે 'વિશ્વતોમુખી' પૂર્વ-રચનામાંયે તારકનો ઉલ્લેખ માણીએ :

**ઉકેલતો તારક-શબ્દપોથી,**
**ને પ્રેમધારા વહું વિશ્વતોમુખી.**

'તારક', 'વિશ્વમાનવી'માં 'નભતારલી' રૂપે અવતરે છે. તારક-શબ્દપોથી કીકીથી ઉકેલે છે નાયક, ને પછીથી બે નભતારલીની કીકી કરે છે ! પ્રેમધારા વિશ્વતોમુખી વહે છે પહેલી રચનામાં, ને બીજીમાં દિગંતરાલને તે મીટમાં માપવા પ્રવર્તે છે.

'વિશ્વમાનવી'ની વિભાવના કૉઝ્મિક છે. વ્યક્તિત્વનું વિગલન, તિરોધાન મહદ્અંશે અપેક્ષિત. વિભાવનાને કાવ્યસર્જનમાં આકાર અર્પવા સર્જક-નાયકે કઈ રીતિનો વિનિયોગ કર્યો ? તે શું શું કરે તો 'વિશ્વમાનવી'ના આદર્શને પહોંચે ? નભતારલીની બે કીકી કરી, મીટમાં દિગંતરાલને માપવાની મહદ્આકાંક્ષા બાદ શું સિદ્ધ થાય છે ? 'માયા વીંધીને જળવાદળીની/અખંડ દેખું પળમાં ત્રિકાલને.'

જળવાદળીનું માયા સાથેનું સાયુજ્ય કલ્પનનું સુચારુ ઉદાહરણ છે, જ્યાં ચમત્કૃતિભર્યો ઇન્સ્ટન્ટ સ્ફોટ થતાં ત્રિકાલ-દર્શક પદ નાયકને સહજ પ્રાપ્ત થાય છે : 'અખંડ દેખું પળમાં ત્રિકાળને.' આવી પંક્તિ નજરઅંદાજ ના થાય, કેમ કે પલઝબકારમાં ભૂત-વર્તમાન-ભવિષ્ય એ ત્રિકાલને ફ્રૅગમેન્ટેશનમાં નહીં, ખંડદર્શનમાં નહીં, અખંડ રૂપે દેખવાની અ-લૌકિક અનુભૂતિ દશ્યાંકિત થઈ છે. 'અખંડ દેખું'માં નાયકની સકલ સાપેક્ષતા વિસર્જિત થઈ વ્યક્તિ-ત્વનો તત્કાલ વિલોપ વ્યક્ત કરે છે.

કાવ્યબાનીમાંની સમાસ-રચના, કર્તાનો શૈલીવિશેષ છતો કરે છે.

દા.ત. નભતારલી, જળવાદળી, સંધ્યા-ઉષા, પાંખજોડલી સાથે ચંદ્રહોડલીની પ્રાસયોજના, સ્વર્ગંગ, ધૂમકેતુ-પંથ, પ્રાણપરાગ, પ્રકાશે-તિમિરે વગેરે.

બીજા સ્તબકમાં રચના, પ્રથમ સ્તબકના નભપરિવેશને અગ્ર ગતિ અર્પી સંધ્યા-ઉષાનો ઉલ્લેખ તો કરે છે પણ 'પાંખજોડલી' કલ્પી એક ભવ્ય કલ્પનની ભેટ ધરે છે, પેલા 'અખંડ' દર્શનની સંગતિમાં 'અનંત'ને પ્રસ્તુત કરે છે : યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો. (અહીં 'ઊર્ધ્વમુખી' સાથે 'વિશ્વતોમુખી'નું સાહચર્ય સુજ્ઞોને સાંભરે તો

સાંભરે...) અનંતના યાત્રીની વિક્રમ ક્રીડા પણ આવી હોય ને :

**સ્વર્ગંગમાં ઝૂકવું ચંદ્રહોડલી**
**સંગી બનું વા ધૂમકેતુ-પંથનો**

ધૂમકેતુનો સંગાથી બનવા તાકતો નાયક ચંદ્રની નૌકા બનાવી સ્વર્ગ-ગંગામાં ઝુકાવે તો ભાવક પણ એવા અ-પાર્થિવ વિસ્મયમાં સમસંવેદક બનવાનું ગમાડે.

રચના-અંતર્ગત ક્રિયાપદો – જેવાં કે ‘કરું’, ‘માપું’, ‘દેખું’, ‘ઝૂકવું’, ‘બનું’, ‘પાથરું’, ‘છાવરું’, ફરી ‘બનું’ ને છેલ્લે ‘ધરું ધૂળ વસુંધરાની’ — નાયક-વ્યક્તિત્વના દૃઢમૂલ અંશો પ્રસ્થાપિત કરે છે. એટલે તો ત્રીજા સ્તબકમાં આંતરિક જરૂરિયાતના ઉપલક્ષ્યમાં કબૂલે છે : ‘વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું.’ એથી વધુ, ‘પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું’ – (‘છાવરું’ એટલે ઢાંકવું, પ્રશ્ન થાય કે વિશ્વમાનવીએ અંતરપ્રેમ છાવરવાની શી જરૂર પડી ? પ્રેમ પર ઢાંકપિછોડો શા કાજે ?) – એટલે શક્ય છે, ‘પાથરું’ સાથે પ્રાસ મેળવવાની પળોજણમાં, ‘છાવરું’ જેવો વિપરીત અર્થી પ્રયોગ ટપકી પડ્યો હોય !

આમ છતાં, ચૌદ પંક્તિ ધરાવતા સૉનેટનુમા ઊર્મિકાવ્યની અંત્ય પંક્તિઓ ગુજરાતી-ભાષાસાહિત્યની યશોલંકૃત નીવડી છે :

**વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;**
**માથે ધરું ધૂળ વસુન્ધરાની.**

વિશ્વમાનવી એટલે ‘ધ સિટિઝન ઑફ ધ વર્લ્ડ.’ ઑલિવર ગોલ્ડસ્મિથના ગ્રંથનો ઉલ્લેખ કરી કવિ-વિવેચક નિરંજન ભગતે એમના ‘પ્રિય (હવે અ-વિદ્યમાન પણ સર્જક રૂપે અમર) ગુજરાતી લેખક’ ઉમાશંકરની સં-સિદ્ધ પંક્તિ ‘વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી’ને ઉલટાવીને આમ મૂકી છે : ‘વ્યક્તિ થવાને બનું વિશ્વમાનવી.’ કારણ ? ભગતસાહેબે શોધી આપ્યું આ કથનમાં ‘ઉમાશંકરે તો ‘છિન્નભિન્ન છું’ લખીને જીવનભર વ્યક્તિ બનવાની જ ‘શોધ’ કરી હતી.’ (સ્વાધ્યાયલોક – ૭, પૃ. ૩૯૪-૩૯૫)

ભલે વ્યક્તિ બનવાની શોધ કવિએ કરી હોય, પરંતુ વસુંધરાની ધૂળ માથે ધરનાર વ્યક્તિએ જ્યારે જળવાદળીની માયા વીંધીને અ-પાર્થિવ પંક્તિ ‘અખંડ દેખું પળમાં ત્રિકાલને’ રચી ત્યારે તે ક્ષણે સર્જક, વિશ્વમાનવીના દર્શનમાં નહોતા એમ કહી શકાશે ? આ વિસ્ફોટ (inner explosion) વીજઝબકાર જેવો હોય તોય નિર્વૈયક્તિકતાના અનુભવનું અ-ક્ષર પ્રમાણ છે. એકદા એ વ્યક્તિપદને અંડોળી આવ્યા, પછી કાલાનુક્રમે પુનઃ વ્યક્તિ સ્વરૂપે વિશ્વમાનવ બનવાની અભિલાષા સેવવી એમાં નિખાલસ પ્રામાણિકતા છે. વ્યક્તિ થયા જ ન હોત તો ‘વિશ્વમાનવી’ પણ કેમ કરી બનત ? વ્યક્તિ હતા અને વ્યક્તિ છે, વચ્ચે અંતરાલમાં ‘વ્યક્તિ મટીને’ વિશ્વમાનવીનું દર્શન ઝબૂકી ગયું એનો રસ-સ્વાદ રહી ગયો એટલે એ બનવાની અભિલાષા સેવી પણ એક શરતે : ‘માથે ધરું



ધૂળ વસુંધરાની.’

રવીન્દ્રનાથ ટાગોરની પ્રભાવ-છાયા એમની કવિતા ‘મધુમય પૃથિવીર ધૂલિ’ સાથે, ઉમાશંકરના કાવ્ય સાથે જોવાઈ છે. (‘એકોત્તરશતી’માં ઉમાશંકર જોશીએ જ આ કવિતાનું ભાષાંતર કર્યું છે. પૃ. ૩૫૭ પર) વિશેષમાં, ટાગોરની કૃતિ ‘સ્વર્ગ – હઈતે વિદાય’ની આ પંક્તિઓ પણ રસપ્રદ છે :

**સ્વર્ગે તવ બહુક અમૃત,**
**મર્તે થાક્ સુખે-દુઃખે-અનન્ત-મિશ્રિત**
**પ્રેમધારા અશ્રુજલે ચિરશ્યામ કરિ**
**ભૂતલેર સ્વર્ગખણ્ડગુલિ.**

અનુવાદ : તમારા સ્વર્ગમાં ભલે અમૃત વહેતું
મર્ત્યલોકમાં અનંત સુખદુઃખથી મિશ્રિત
પ્રેમધારા અશ્રુજલથી
ભૂતલના સ્વર્ગખંડોને ચિરશ્યામ કરતી રહો

(‘એકોત્તરશતી’, અનુ. નગીનદાસ પારેખ, પૃ.૧૧૯)

ઉમાશંકરની ભાવના – ‘સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું’ – સાથે ભાવક માટે ટાગોરની અશ્રુજલસિક્ત ‘પ્રેમધારા’નો પણ મહિમા છે. સર્જક કવિ ઉમાશંકરને પ્રિય રૉબર્ટ ફ્રૉસ્ટે પણ વ્યક્તિત્વથી ઉપર ઊઠીને સંવર્તવાની વાત ક્યાં નથી કરી ?

I am against a homogenized society, because I want the cream to rise...

(આવી ભાવનાશીલતા ‘વસુધૈવ કુટુંબકમ્’ નિકટની ગણાય.)

## ફરફરાટ

*કાળપટ કોઈની આંગળીઓમાં આવ્યું છે ?*
*કાળપટનું પોત કોઈએ જોયું છે ?*
*સ્થળને ખભે લહેરાયાં કરે*
*નવું – નવતેરું અનેરું કાળ-ઉત્તરીય*
*એ ફરફરાટ કોઈના હૈયે સંઘરાયો છે ?*

અમદાવાદ, ૧૯૭૭

# સમરકંદ-બુખારા : વિનોદ અને વેદનાનું સંતુલન

***રાજેન્દ્રસિંહ જ. ગોહિલ***

## સમરકંદ-બુખારા

કેમે ના લોપાય સ્મરણથી સમરકંદ-બુખારા :
મધરાતે મધુ નીંદરમાંયે સમરકંદ-બુખારા !

મહેતાજી ભૂગોળ શીખવે, નકશો મોટો ખોલી,
અમે કરી ભૂંગળ કાગળની દેતા કંઈ કંઈ બોલી :
'શીખી રહ્યા ભૂગોળ હવે, કરની ભૂંગળ નકશાની !'
ચૂપ કરી દેતી પણ ભોગળશી સોટી શયતાની.
ભલે ભાઈ, ભૂગોળ ભણીશું, બે કર લમણે મેલી,
મહેતાજીએ નદી અને ડુંગરની વાત ઉકેલી.
મુસાફરીઓ કૈંક કરાવી, ધરતી પર, દરિયામાં :
પગે, ગાડીએ, વ્હાણે નહિ, પણ આંગળીએ નકશામાં.
– નકશામાં જોયું તે જાણે જોયું ક્યાં ? ન કશામાં ! –
શ્હેર હથેળી જગા ઉપર તો કંઈનાં કંઈ જ બતાવ્યાં;
ઊભો કરીને પૂછ્યું મને કે, 'કહે શ્હેર એ શાં શાં ?'
'નિશાળ નાની ! ટિચૂકડો આ નકશો ! એમાં શ્હેરાં ?' –
બોલું ત્યાં તો તરત હથેળીમાં દેખાડ્યા તારા !
રોતાં રોતાં ઝટપટ વાંચી, બોલી શ્હેર જવાયાં :
'કાબુલ, બલ્ખ, કંદહાર ને સમરકંદ-બુખારા !'
કદી ભુલાશે નહિ બાપલા ! સમરકંદ-બુખારા !
– સોય તણી ના ઠરે અણી પણ, ત્યાં એ શ્હેર વસેલાં ? !
સોયઅણીપુર કુમારિકા જગ્યા પર કર્ણ સૂતેલા ! –
હા, હા ! એવું હશે કૈંક આ ! ત્યાં સોટીચમકારા.
'સા'બ, બરાબર યાદ મને છે સમરકંદ-બુખારા.'

કૉલેજમાં પ્રોફેસર આવી કવિતા કૈંક શિખાવે,
નવી વાતથી રીઝવી સૌને, પોતાનેય રિઝાવે;
ચીપી ચીપી વાત કરે, – એ વાત બધીય ગુલાબી.
કહે : 'એક ઇશ્કી પૂર્વે ક્હેતો'તો શાહ શરાબી :



બદન પરે કાળા તલવાળી સનમ રીઝે, તો સારા
દઈ દઉં એ તલ પર વારી સમરકંદ-બુખારા.'
સમજાયું ના, તલની લતમાં આવા તે શું બખાળા ?

– પગ આગળ વૈકુંઠ હોય પણ વૃંદાવનને માટે
ગોપી એ છોડી દે, તલની વાત હશે એ ઘાટે ? –
પણ આલમમાં ગૌર ડિલે તલ હશે જેટલા કાળા,
હશે તેટલાં વારી દેવા સમરકંદ-બુખારા ?
થંભી મારી ત્યાં જ મૂંઝાઈ નવરી વિચારમાળા,
પણ સાંભરતાં ના થંભ્યાં રે સમરકંદ-બુખારા !
હથેળી બળવા લાગી ચમચમ, સુણ્યા જૂના હોંકારા, –
'મારો ના, સાહેબ ! યાદ છે સમરકંદ-બુખારા !'

આજે આંખ જરીક મીંચતાં સ્મરણ થાય કંઈ તાજાં,
નજર આગળે તરવરતા ખુલ્લા જંગી દરવાજા;
જોતાં સાથે લીધ પિછાણી સમરકંદ-બુખારા.
ઊંટપીઠે નોબત ગડગડતી, કંઈ પડછંદ નગારાં
શોર કરે, ને પડઘમ ગાજે, બાજે કંઈ રણશિંગાં;
એક પછી બીજાં સૌ નીકળી ચાલ્યાં લશ્કર ધિંગાં.
ધીમે ધીમે સરી જતી પળમાં એ જંગસવારી,
આંખ ઉઘાડું તો સામે દેખું અધખૂલી બારી.
જોયા ત્યાં ગગને તગતગતા ધોળે દિવસે તારા,
અરે ! પડ્યાં છે પાછળ મારી સમરકંદ-બુખારા !

પૂનમચાંદનીમાં સૂતો'તો અગાશીએ એકાકી,
સ્વપ્નામાં ઓચિંતો શાથી ઝબકી ઊઠ્યો જાગી !
પુરબહાર જ્યોત્સ્ના નીરખીને સહજ દિલડું મોહ્યું,
ને કલંક જાણે તલ જેવું ચંદરમા પર જોયું !
ક્યાંથી ત્યાં તો થઈ રહ્યા રે સ્મરણોના ઠમકારા,
શરાબ છલછલ પ્યાલીભર એ સમરકંદ-બુખારા !

એ શરાબની ભરભર પ્યાલી, કે એ જંગસવારી,
કે કાળા તલવાળી પેલી માશૂક તુર્ક-શિરાઝી,
પોતા પર આલમ આખી ચકચૂર હશે કરનારાં

ભલે ! પરંતુ મને સાંભરે સોટીના ચમકારા;
ને ચમકારે મહેતાજીએ નકશાનાં પરભારાં
ભેટ દીધેલાં શહેર એ બે સમરકંદ-બુખારા !

ભણ્યો હતો હું કંઈક 'ગામડાં', યાદ રહ્યાં આ બે કાં ?
સૂતાં, સ્વપ્ને કે જાગરણે, ઘડી ઘડી પજવે કાં ?
ઇસ્પહાન, તેહરાન હતાં શાં ખોટાં ? કેમ ભુલાયાં ?
કંચનજંઘા, ઉમાશિખર વા કેમ હશે વીસરાયાં ?
ને એથીયે સંગીતમય છે કેન્યા-કિલિમાન્જારો,
શે તોયે આ બે જ સાંભરે ? મૂકે ન કેડો મારો !
જરી ભૂલવા કરું તહીં તો વાગે છે ભણકારા,
મગજ-બારણે બજે ટકોરા સમરકંદ-બુખારા !

મધરાતે મધુ નીંદરમાંયે સમરકંદ-બુખારા !
નિશદિન મારે સ્મરણે રણકે સમરકંદ-બુખારા !

વીસાપુર જેલ, ૧-૭-૧૯૩૨

**સા**ચા કવિની પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક કાર્ય કાવ્યમય બની રહેતાં હોય છે. કવિના અંતરમનના અવકાશોમાં એ કાવ્યમય ક્ષણોનું સતત મનન, ચિંતન અને અનુરટણ થયા કરે છે. એમાં નવા નવા સર્જનાત્મક કાવ્યમય અમૂર્ત આકારો જન્મ લઈ કવિચિત્તને કૃતિ-રચના કરવા માટે સંપ્રેરણ કરતા હોય છે, અને એટલે પેલી અનુભૂત ક્ષણો આપોઆપ માર્ગ કરીને તીવ્રતાથી શબ્દરૂપ પામે છે. છાત્રજીવનમાં અનુભવેલી એક સામાન્ય ઘટના-ક્ષણ કાવ્યનાયકના ચિત્તને જીવનભર સતત તાવે-તપાવે છે. સ્મૃતિમાં રહી પડેલું ઘટના-બીજ આ કાવ્યનું કેન્દ્ર બને છે.

'સમરકંદ-બુખારા'ની કાવ્યગર્ભ-ક્ષણ તો છે છાત્રજીવનમાં થયેલો વેદનાસિક્ત અને કઠોર અનુભવ. શૈશવ અવસ્થામાં કાવ્યનાયકને મહેતાજી નકશો ખોલીને ભૂગોળ ભણાવે છે. ભણવામાં નિરુત્સાહી સહપાઠીઓ સહિત કાવ્યનાયક વયસહજ ટીખળ કરી નકશાની ભૂંગળ કરી દઈ છાના-છપના ભૂગોળ ન ભણવાની ઇચ્છા કહે છે. પણ 'ચૂપ કરી દેતી ભોગળશી સોટી શયતાની'માં સોટી શયતાની તો છે જ, સાથે 'ભોગળશી' પણ છે. બારણાને ચસોચસ બંધ કરી દેતી 'ભોગળ'ની જેમ સોટી બધાને ચૂપ કરી દે છે. લમણે બે હાથ રાખીને પણ ભૂગોળ ભણવી પડે છે. મહેતાજી વર્ગમાં બેઠાં બેઠાં આંગળીની દોરવણીએ નદી, ધરતી, ડુંગર, દરિયાની સફર નકશામાં કરાવે છે. કવિ કહે છે –

**પગે, ગાડીએ, વ્હાણે નહિ, પણ આંગળીએ નકશામાં**
**– નકશામાં જોયું તે જાણે જોયું ક્યાં ? ન કશામાં ! –**



નામરજીથી ભણતા કાવ્યનાયકને ભૂગોળનું ભણતર પલ્લે પડતું નથી. નકશામાં જોયેલું યાદ રહેતું નથી. 'નકશા'માં જોયેલું તે જાણે 'ન-કશા'માં !! કશામાં નહિ, ક્યાંય જોયું નથી !! કાવ્યનાયકને હથેળીમાં બતાવેલાં કેટલાંય શહેર 'હથેળીના ચાંદ'ની જેમ વિસરાઈ જાય છે. મહેતાજી કાવ્યનાયકને જ ઊભો કરી પ્રશ્ન પૂછે છે – 'કહે શ્હેર એ શાં શાં ?' કાવ્યનાયક સહજતાથી બોલી ઊઠે છે – 'નિશાળ નાની ! ટિચુકડો આ નકશો ! એમાં શ્હેરાં ?' ઉત્તર સાંભળી સમસમી ઊઠેલા મહેતાજી પેલી 'શયતાની સોટી'થી હથેળીમાં તારા બતાવી દે છે. સજાથી ગભરાયેલ કાવ્યનાયક ઝટપટ ભૂગોળમાં શીખવેલાં શહેરની યાદી વાંચી-બોલી જાય છે –

**'કાબુલ, બલ્ખ, કંદહાર ને સમરકંદ-બુખારા !**
**કદી ભુલાશે નહિ બાપલા ! સમરકંદ-બુખારા !'**

કાવ્યનાયકને શિશુસહજ પ્રશ્ન થાય છે – 'સોય તણી ના ઠરે અણી પણ, ત્યાં એ શ્હેર વસેલાં ?!' નકશામાં સોયની અણી પણ ન ઠરે, તેટલી જગ્યામાં શ્હેર કેવી રીતે વસી શકે ? આ બાળસહજ કુતૂહલની મદદે સ્તુતિ આવે છે. 'સોયઅણીપુર' એવી કુમારિકા જગ્યા ઉપર સૂતેલા કર્ણની જેમ અહીં પણ શ્હેર વસેલાં હશે તેમ કુતૂહલપોષક તર્ક કરે છે. ત્યાં જ સોટીના ચમકારાની વેદના યાદ આવતાં તરત જ 'એવું જ હશે !' એમ માની લેવા પ્રેરાય છે. સોટીના મારની સાથે કાવ્યનાયકના ચિત્તમાં જડાયેલાં બંને શહેર સમરકંદ અને બુખારા સ્મરણમાંથી કેમેય લોપાતાં નથી, બલ્કે તેનું વેદનાસિક્ત સ્મરણ કાવ્યનાયકના મનમાં ઘૂંટાયા કરે છે. અહીં સોટી કાવ્યનાયકના હાથમાં વાગે છે અને માર હૈયામાં લાગે છે. સોટીનો ઘા સમય જતાં રુઝાવાને બદલે ચમચમ્યા કરે છે. યુવાવસ્થામાં કૉલેજમાં ભણતા કાવ્યનાયકને ભણાવતા પ્રોફેસર નવી નવી વાતો કરી વર્ગમાં આનંદ કરાવતા. એક વખતે તેઓ કહે છે – પૂર્વેના સમયમાં અરબસ્તાન પ્રદેશમાં સુંદર બદન ધરાવતી સનમ-સુંદરીના શરીર પર એક કાળો તલ એવી જગ્યાએ હતો કે તે અત્યંત સુંદર લાગતી. ત્યાંનો રંગીલો-શરાબી બાદશાહ એના બદન પરના કાળા તલને કારણે એના ઇશ્કમાં ચકચૂર થઈને સમરકંદ-બુખારા વારી જવા તૈયાર હતો. કાવ્યનાયક કહે છે –

**બદન પરે કાળા તલવાળી સનમ રીઝે, તો સારા**
**દઈ દઉં એ તલ પર વારી સમરકંદ-બુખારા.**

આ સંદર્ભે બાળાશંકર કંથારિયાની ગઝલના એક શે'રનું સ્મરણ થાય છે.

**અગર તે યાર શિરાઝી મહારું મન મેળાવે !**
**સમર્પું હું બુખારા ને સમર તિલ શ્યામને ભાવે.**

(ગુજરાતની ગઝલો, પૃ. ૧૯)

કાળા તલ પર સમરકંદ-બુખારા શહેર વારી જવાની વાત કાવ્યનાયક સમજી

શકતો નથી – 'તલની વાતમાં આવા શું બખાળા ?' પણ અહીં તર્ક મદદે આવે છે. પ્રેમમાં – કૃષ્ણના પ્રેમમાં આસક્ત ગોપી વૃંદાવન માટે 'વૈકુંઠ નહિ આવું' એ પ્રેમન્યાયે તલની વાતે પણ એમ જ હશે ?! વળી માર્મિક પ્રશ્ન થાય છે કે આલમમાં ગોરા ડિલે જેટલા કાળા તલ હશે એ બધાં પર એટલાં સમરકંદ-બુખારા વારી જવાં ?! વિચારે ચડી ગયેલ કાવ્યનાયકના સ્મરણમાંથી 'સમરકંદ-બુખારા' ખસતાં નથી. છેવટે વિચાર થંભે છે પણ 'સમરકંદ-બુખારા' થંભતાં નથી. સોટીના ચમકારા સાથે બળતી હથેળી અને વેદનાજન્ય હોંકારા પણ સ્મરણપટ પર ઊભરી આવે છે. નર્મની સાથે વેદનાનો તંતુ ગૂંથાય છે. આંખ મીંચતાંની સાથે જ નજર આગળ તરવરતા જંગી દરવાજા જોઈને ઓળખી લે છે, આ તો – 'સમરકંદ-બુખારા' ! ઊંટપીઠે ગગડતી નોબત, શોર કરતાં પડછંદ નગારાં, ગાજતા પડઘમ, બાજતાં રણશિંગાંની સાથે એકની પાછળ એક ચાલતાં ધિંગાં લશ્કરની જંગી સવારી – આંખો સામે તરવરતાં 'સમરકંદ-બુખારા'નું સ્મરણ પહેલાં ધીમેથી પજવતું તે હવે પડઘમની જેમ ગાજતું-વાજતું ને કાવ્યનાયકને ચમચમાટનો એહસાસ કરાવતું રહે છે. કાગળની ભૂંગળની સામે 'સમરકંદ-બુખારાની નોબત ને રણશિંગાં કવિચિત્તમાં બજતાં રહે છે. જે પેલી સોટીના મારની વેદનાને વધુ બળવત્તર બનાવે છે. અગાશીએ સૂતા કાવ્યનાયક પૂનમના ચંદ્રમા પર કાળા તલ જેવું કલંક જુએ છે. સુંદરીના બદન પરનો કાળો તલ અને ચંદ્રમા પરનું કલંક સૌંદર્યના સંદર્ભ સાથે એકાકાર થવા મથે છે. શરાબની છલછલી ઊઠતી પ્યાલી, જંગસવારી, કાળા તલવાળી પેલી માશૂક તુર્ક-શિરાઝી – સર્વનું વિખ્યાત વિલાસ-વૈભવથી ચકચૂર એવાં શહેરો સમરકંદ-બુખારાનું જગત છે. પણ એ શહેરોએ તો કાવ્યનાયકને અનાયાસ સોટીના ચમકારાની વ્યથા અર્પી છે –

**ને ચમકારે મહેતાજીએ નકશાનાં પરભારાં**
**ભેટ દીધેલાં શહેર એ બે સમરકંદ-બુખારા !**

કાવ્યનાયકને કંદહાર, કાબુલ, બલ્ખ, ઇસ્પહાન, તહેરાન, કેન્યા, કિલિમાન્જારો જેવાં અનેક શહેરો વિશે જાણવા-જોવાનું બન્યું છે, પણ એ બધાનો સ્મૃતિલોપ થયો છે. સોટીના મારની ચમચમ સાથે જડાઈ ગયેલાં સમરકંદ બુખારા સૂતાં-જાગતાં-સ્વપ્ને-તંદ્રે-મધરાતે-નિશદિને સતત સ્મરણમાં રણક્યા કરે છે. ઘટનાબીજની સાથે અનાયાસ જોડાતી ચિત્રશ્રેણીઓ કાવ્યને મનભર બનાવવા સાથે સવૈયાની ચાલમાં ચાલતું કાવ્ય નર્મ-મર્મ બાનીને કારણે આસ્વાદ્ય બની રહે છે. જોકે અહીં નોંધવું જોઈએ કે ચંદ્રકાન્ત શેઠે આ કાવ્યમાં લાવણી છંદ પ્રયોજાયો છે એમ કહ્યું છે. (ઉમાશંકરનો વાગ્વૈભવ – ૧) આ કાવ્ય સંદર્ભે ભોળાભાઈ પટેલ નોંધે છે કે – ''પ્રાથમિક નિશાળોમાં શારીરિક શિક્ષા અંગેની આ કવિતા નથી જ, અનેક બાબતોનું સંયોજન કરતા જઈ એ શિક્ષાની સ્મૃતિને જ આલંબન બનાવી કવિતા કરવામાં કવિની રચનાશક્તિ એવી ખીલી છે કે કાવ્યને અંતે ભાવક પણ ગણગણવા લાગે 'સમરકંદ-બુખારા'. ભલે હૃદયને તળિયે તો



શિશુ અશ્રુ હોય, એટલે શાળાજીવનનાં સ્મરણોમાં કરુણ-ગર્ભ હાસ્ય વ્યુત્પન્ન થયા સિવાય રહેતું નથી. – દરેક કાવ્યખંડને અંતે 'સમરકંદ-બુખારા'ની ધ્રુવપંક્તિ આવે છે જે કાવ્યના પ્રભાવમાં ઉમેરો કરે છે.'' (પૃ.૧૨૭ ઉમાશંકરનાં શ્રેષ્ઠ કાવ્યો. સંપા. નિરંજન ભગત તથા અન્ય)

પરંપરાગત કથન કે પુરાકથાઓનું કથાબીજ લઈને રચાતી રચનાઓ કરતાં કંઈક અંશે અલગ, આછી-પાતળી ઘટના લઈને થયેલી આ રચના એની વિલક્ષણ અભિવ્યક્તિને કારણે ઉમાશંકરની કવિપ્રતિભાની દ્યોતક બની રહે છે. નર્મ-વિનોદ અને વેદનાની સંતુલિત ગૂંથણી કાવ્યને સામાન્ય બનવામાંથી ઉગારી લે છે.

## વિશ્વતોમુખી

*હિમાલયે મસ્તકનાં ઉશીકાં,*
*ને બાહુ ઝીલે જળ ગંગ-સિંધુનાં,*
*સહ્યાદ્રિશૃંગે પગ એક ટેકવી*
*ઝંખ્યાં કરું દર્શન ભાગ્ય-ઇન્દુનાં.*

*વંટોળ ઊઠે મરુભોમના ઉરે,*
*સ્મિતે શમાવું સ્વર-મંજુ-કંપને;*
*ને વિન્ધ્યના શૈલશૂલે વીંધાઉં,*
*તોયે હસું જાગ્રત સ્વપ્નસિંચને.*

*ને એ ક્ષણે તો લઘુ માનવી મટી,*
*બની રહું રાષ્ટ્ર-વિરાટ-ચેતના;*
*પ્રજા પ્રજાના ઉર-સ્પંદ-તાને*
*ગૂંથી રહું ઊર્મિલ ઐક્યપ્રેરણા.*

*ઉકેલતો તારક-શબ્દપોથી,*
*ને પ્રેમધારા વહું વિશ્વતોમુખી.*

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ડિસેમ્બર ૧૯૩૧

# પીડા વિના પ્રાપ્તિ નથી

**મણિલાલ હ. પટેલ**

## ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

ઑગસ્ટ ૧૯૩૨

**અ**રવલ્લી ગિરિમાળાની (છેલ્લી) દક્ષિણ ટૂકો વચાળેના જન-વનપ્રદેશમાં ઉમાશંકરનું શૈશવ વીત્યું; અને એ પહાડીઓ, વનરાજી, ઝરણાં-નદીઓ, ટેકરીઓ, ડુંગરોની કૂખે વસેલાં ગામડાં, એ જનપદ તથા વનપદની હેતાળ પ્રજાઓની વચ્ચે ઉમાશંકરનો કિશોરકાળ કેળવાયો હતો. એમની કવિતાનો પણ એ જ મલક. બામણા અને ઈડરમાં વિદ્યાભ્યાસ થયો ત્યાંય સંગત-સોબત તો ડુંગરો અને ઝરણાંની જ હતી ને ! એ વનરાજીઓમાં આવતી ઋતુઓ તથા કૃષિકારોના પ્રદેશમાં વિહાર કરવા નીકળી હોય એમ મહાલતી મોસમોનું ઉમાશંકરને કાયમનું આકર્ષણ રહેલું.

પ્રકૃતિ ઉમાશંકરની કવિતાનું પિયર છે પિયર !!



- **ઝરણું અલકમલકથી આવે / ઝરણું અલકમલકમાં જાય...**
- **અમે સૂતા ઝરણાને જગાડ્યું... ઊછીનું ગીત માગ્યું... કે –**
- **નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગર-વનો...**
- **એકાંતોમાં પ્રકૃતિ કવતી મંજુ શબ્દાવલિ કો –**

ઝરણાં-નદી-ડુંગરાઓની એમણે કલ્પના નથી કરવી પડી. જેઠાલાલ જોશી – 'ડુંગરાવાળા'ના આ કવિપુત્રે તો ડુંગરની કેડમાં, ઝરણાંના ખળખળતા નાદ અને હેલે ચઢતી નદીઓ જેવી વનશ્રી વચ્ચે જ જીવનના પ્રથમ શ્વાસ લીધા હતા. એટલે આ કવિ ભોમિયા વિના ડુંગરા ભમવાની વાત કરે તો એ સહજ છે... પણ એ ડુંગર-વનોના ભ્રમણ નિમિત્તે, 'રોતા ઝરણાની આંખ લ્હોવી હતી' – એમ કહે છે તે વિલક્ષણ છે ને તે સંકેત માનવતા અને માનવગૌરવને ચીંધતો હોવાથી યદ્યપિ આસ્વાદ્ય છે. 'ભોમિયા વિના' ગીત-કવિ ઉમાશંકરની મુખ્ય ઓળખનો પર્યાય બની રહ્યું છે. એમાં એમની એ પછીથી આવનારી કવિતાનો 'પદધ્વનિ' પણ સંભળાતો રહેલો.

ઉમાશંકર જોશીની પ્રકૃતિકવિતા ધ્યાનથી જોતાં જણાશે કે એ જુદાં જુદાં રૂપોમાં રચાતી આવતી કોઈ એક જ કવિતાના રમ્ય અંશો છે. એમની પ્રકૃતિપ્રીતિ તે માનવપ્રીતિને વળોટતી ચાલે છે... એમાં નિજત્વની મુદ્રા સાથે ચેતનાભર્યાં પશુપંખીજગત માટે પણ જગ્યા છે.

**'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી :**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !'**

શામળાજી-ભિલોડા-ઈડરના એ લોકમેળાઓમાં ગવાતાં લોકગીતો ઉમાશંકરને મન ગીતકવિતા જાણવા-માણવા-નાણવાની વિદ્યાપીઠ જેવાં હતાં. લોકહૃદયના ભાવો, લોકભાષા અને લોકલયની સંવાદિતાનું ઉત્તમ પરિણામ 'ગાણું અધૂરું મેલ્ય મા, લ્યા વ્હાલામા !' તથા 'ભોમિયા વિના'માં માણવા મળે છે. એ મોંઘી જણસ જેવાં ગીતો, લય-ભાવ-ભાષા સમેત, લોકમેળાઓ માણ્યાનું પ્રત્યક્ષ પરિણામ છે. સાંભળતાં જ વ્યંજિત થઈ ઊઠે એવાં આ ગીતો આસ્વાદકની મધ્યસ્થી વિના જ ભાવકને સભર સભર કરી દે છે. મુખડા-અંતરાની આટલી સહજ છતાં રસાળ રચનાભાત ત્રીશી (૧૯૩૦-૪૦)નાં વર્ષોમાં અતિ વિરલ ગણાય. કવિપ્રતિભા વિના આ શક્ય નથી.

અમારી પ્રાથમિક શાળાના માસ્તર ધૂળજી તલાર તો અમને એમ સમજાવતા હતા કે – ''વર્નાક્યુલર ફાઇનલ (V.F.)ની પરીક્ષારૂપી ડુંગરાઓ પાર કરવા માટે આ માણસ ભોમિયો (પ્રશ્નોના જવાબોની ગાઇડ) વિના ભમી વળવાની હામ ભીડે છે.'' અરેરે ! બિચ્ચારા ! ધૂળજીભાઈ સાહેબ !! જોકે કવિતા તો જાતે ઊગરી જાય છે ને ભાવકનેય તારે છે ને તારવીય લે છે; હાસ્તો ! એમાં જ એનો જાદુ છે. 'ભોમિયા વિના' ગીતકવિતામાં પણ નોખો જ જાદુ છે. કુતૂહલ અને ભય : બંનેનું શૈશવે ભારે આકર્ષણ હોય છે. ડુંગર-

કરાડ-કોતરો-કુંજો – જંગલો જોવાનું આકર્ષણ ! ‘સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે...’ સૌંદર્યનું રસપાન ! ને એ સાથે માનવજીવનની વિષમતાઓનું ભાન : બહુ મોટી વાત છે.

૨૧-૨૨ વર્ષની વયે ઉમાશંકરે ‘ભોમિયા વિના’ ગીત રચ્યું. સૌંદર્યપ્રીતિ તો બરાબર, પણ માનવજીવનને ઘેરી વળતી પીડાઓનું જ્ઞાન પણ કવિતામાં સહજ કવિત્વથી રસાઈને પ્રગટે એ વાત અચરજકર છે. એ પીડિતોનાં નિર્દોષ દુઃખડાં લેવાની વાત કવિ કરે છે. ‘રોતાં ઝરણાં’ તે આ દુઃખિયારાં લોકો ! કવિ એમની આંખ લ્હોવા ચાહે છે... ને વળી પોતાનાં ભોમ-ભીતરમાંય ‘ગાતાં ઝરણાં’ છે એમ ‘રોતાં ઝરણાં’ય છે...! રોતાંને ગાતાં કરવાની વાત ગમી જાય એવી છે. પીડાને કવિ કોયલના માળે ગૂંથીને રજૂ કરવા માગે છે. અંતરની વેદના જો કોયલના ટહુકા રૂપે ગુંજતી-ગાતી-વ્હેતી થાય તો એમાંથીય માધુર્ય જ પ્રગટવાનું છે. પીડાને ગીત દ્વારા મધુરતામાં પલટાવવાની વાત કહેવા કવિએ ‘કોયલના માળા’નો (કોયલ તો માળો બાંધતી નથી) પ્રતીકાત્મક ઉલ્લેખ કર્યો છે. ખરેખર તો વેદનાને કોયલના કંઠે પ્રગટતા ગાનની જેમ ગાઈને જમતને મધુરતર કરવાની આ વાત કાવ્યપૂર્ણ છે. લોકજીવનનાં તથ્યોને કાવ્યાર્થ દ્વારા ઓળંગી જતી કવિતા એટલેસ્તો લોકોત્તર સ્તરે પહોંચી જાય છે.

બાવીસ વર્ષના પ્રતિભાશીલ યુવા કવિહૃદયને ખ્યાલ છે – બલકે અનુભવ છે કે અહીં ‘ઉરબોલ’ – પ્રેમનો પ્રતિઉત્તર મળતો નથી... પડઘો મળે તોય રાજી ! પણ એય દુર્લભ છે. હૃદયભાવો વ્યક્ત કરતી વાણી વેરાઈ જાય છે ને આભમાં ફેલાઈ જાય છે – કવિ એકલોઅટૂલો પડી જાય છે ને જીવતર ઝાંખું દીસે છે ! ‘આપણા – પોતાના સિવાય આપણું કોઈ નથી – એ સત્ય જાણનારો – યુવાકવિ હવે, રોતાં ઝરણાંની આંખ લ્હોવા સાથે, પોતાના અંતરની આંખડી લ્હોવાનું – જાતે જ લ્હોવાનું – જાણી લે છે !! સૌંદર્યો તથા વેદનાઓ તો સાથે જ રહેવાનાં છે... એટલે સાબદાં થવાનું છે. પીડા વિના તો કશી પ્રાપ્તિ નથી એ આ ગીતનું સત્ય છે. કવિએ લોકલય, વર્ણસગાઈ, પ્રાસાનુપ્રાસ યોજીને ભાવાભિવ્યક્તિને વધારે રસાળ બનાવી છે. ભાવાર્દ્ર કરી દેતું આ કાવ્ય જીવનના દર્શનની મોઢામોઢ પણ કરી દે છે – આજે પણ !! એ જ તો કાવ્યસિદ્ધિ છે.

r



# લોકસંસ્કારની સહજતાનું મેળવણ : ‘દળણાના દાણા’

***મનોહર ત્રિવેદી***

## દળણાના દાણા

ખરા બપોર ચઢ્યે દાણા રે કાઢવા
ઊંડી કોઠીમાં ડોશી પેઠાં રે લોલ.
કોઠીમાં પેઠાં ને બૂંધે જઈ બેઠાં,
ભૂંસી-લૂછીને દાણા કાઢ્યા રે લોલ.
સાઠ સાઠ વર્ષ લગી કોઠી રે ઠાલવી
પેટની કોઠી ના ભરાણી રે લોલ.
સૂંડલી ભરીને ડોશી આવ્યાં આંગણિયે,
દળણાના દાણા સૂકવ્યા રે લોલ.
સૂકવીને ડોશી ચૂલામાં પેઠાં,
થપાશે માંડ એક ઢેબરું રે લોલ.

આંગણે ઊગેલો ગલકીનો વેલો,
મહીંથી ખલુડીબાઈ નીકળ્યાં રે લોલ.
કરાને ટોડલે રમતાં કબૂતરાં
ચણવા તે ચૂપચાપ આવિયાં રે લોલ.
ખાસી ખોબોક ચણ ખવાણી ત્યાં તો
મેંડી હરાઈ ગાય આવી રે લોલ.
ડોશીનો દીકરો પોઢ્યો પલેગમાં,
હરાઈ ગાય કોણ હાંકે રે લોલ ?
હાથમાંનો રોટલો કરતો ટપાકા
દાણા ખવાતા ન જાણ્યા રે લોલ.

રામા રાવળનો ટીપૂડો કૂતરો
ડોશીનો દેવ જાણે આવ્યો રે લોલ.
ઊભી પૂંછડીએ બાઉવાઉ બોલિયો
ડોશી ત્યાં દોડતી આવી રે લોલ.
આગળિયો લઈને હાંફળી ને ફાંફળી
મેંડીને મારવા લાગી રે લોલ.

ચૂલા કને તાકી રહી'તી મીનીબાઈ
રોટલો લઈને ચપ ચાલી રે લોલ,
નજરે પડી, ને ઝપ ટીપૂડો કૂદિયો,
ડોશીની નોકરી ફળી રે લોલ.

છેલ્લુંય ઢેબરું તાણી ગ્યો કૂતરો,
દયણું પાશેર માંડ બાકી રે લોલ.
'એ રે પાશેર કણ પંખીડાં કાજે
મારી પછાડે નખાવજો રે લોલ.
કોઠી ભાંગીને એના ચૂલા તે માંડજો.
કરજો વેચીને ઘર, કાયટું રે લોલ.'

બામણા, ૧૫-૧૨-૧૯૩૨

**પ્રિ**ય ઉમાશંકર જનપદના છોરું છે. ઇડરિયો ગઢ અને શામળાજીના મેળા, પન્નાલાલ પેઠે, એમની ચેતનામાંયે ધબકે છે. શિશુને પ્રથમ પોષણ માના ધાવણમાંથી મળે છે ને સાથોસાથ, માતાની વાણીના લયલહેકાના, હાલરડામાંથી નીતરતા નાદ અને તાલનાં ધાવણ પણ તેની સહજપ્રાપ્તિ બની રહેતી હોય છે.

સાબરકાંઠાનું અંતરિયાળ ગામ બામણા કવિની જન્મભૂમિ ઉપરાંત વિસ્મયભૂમિ પણ છે. પરિવાર તથા સમગ્ર જનપદ વચ્ચે એમનો ઉછેર થયો છે. ગ્રામીણોનાં રહનસહન, રીતરિવાજ, બોલીનું લોહીમાં રસાયેલું લાલિત્ય, એમના ગમા-અણગમા, સરળતા અને ખંધાઈ, રાગ સાથે જ દ્વેષ, એમાંથી જ પરિપ્લાવિત-સંમાર્જિત થયેલો પરિશુદ્ધ પ્રેમ – એ સહુને બાલચિત્તે બરાબર, પૂરી ઉત્કંઠાથી ઝીલ્યાં છે. આસપાસની વનશ્રીનું આકંઠ પાન કર્યું છે. 'સાપના ભારા' જેવાં એકાંકીઓ, 'શ્રાવણી મેળો' જેવી વારતાઓ વાંચનારને, પન્નાલાલના સહાધ્યાયી જ નહીં, સમોવડિયા ગદ્યસર્જકનોયે પરિચય મળી રહેવાનો. બોલીનો સમજભર્યો અનુભવ ઉમાશંકરની અનેકવિધ ગદ્યકૃતિઓમાંથી પણ મળી રહેવાનો.

આ બીજ તેમની આંતરભોંયમાં ઢબુરાયાં ન હોત તો લોકગીતની પરંપરાને અનુસરતી 'દળણાના દાણા' જેવી રચના કવિની કલમમાંથી શી રીતે ઊતરી હોત ?

ઉપરની રચના વાંચીને તરત જાગેલો આટલો પ્રતિભાવ.

કવિતાની પ્રથમ પંક્તિ આંખ-હોઠ-કાન-જીભને અડકે કે તત્ક્ષણ ભાવક લોકગીતના પ્રદેશમાં પ્રવેશી જાય છે. આ ડોસીમા ! અજાણેય બાળપણથી ઓળખીએ છીએ એને. થાય છે : આપણી જ પડોશમાં હતું દેશી ઘાટનું તેનું જાહલ ખોરડું ! ગીત સાથે ઉમાશંકરનું નામ ન હોત તો, સંશય નહીં, ખાતરી થઈ જાત કે તળના માનવીઓનું



આ એક સમૂહસર્જન છે, લોકગીત.

ગીત તરફ વળીએ :

ખરો બપોર છે. દાણા કાઢવા ડોસીમા ઊંડી કોઠીમાં પેસે છે. છેક બુંધે – તળિયે બેસીને 'ભૂંસી-લૂછીને દાણા' કાઢ્યા છે. કોઠીને તળિયાથી એકાદ હાથ ઊંચેના ભાગે સાણું-છિદ્ર હોય છે. એમાંથી દાણા નીકળી ન જાય એટલે લૂગડાનો દાટો રાખવામાં આવે છે. જરૂર પડ્યે દાટો કાઢી સુંડલી – બે સુંડલી અનાજ ભરી લેવાનું. ભાવક અહીં પોતાની રીતે સૂચન મેળવી લે છે : વરસ કાઠું છે. સાણાથીયે નીચે, છેક તળિયે અનાજ પહોંચી ગયું છે. ના-છૂટકે કોઠીમાં ઊતરવું પડ્યું છે. 'સાઠ-સાઠ વર્ષ લગી કોઠી... ઠાલવી' છતાં 'પેટની કોઠી' ભરાતી નથી. જીવનની આ વરવી વાસ્તવિકતા છે. લૂછીગાછીને દાણા કાઢવા પડ્યા છે તેથી તે રજોટાયેલા જ હોવાના. ઝાડકી-ઝૂટકીને એને તડકે સૂકવવા પડે તેમ છે. સૂકવ્યા, પણ આ એક જ કામ થોડું છે ? બીજાં પણ હોવાનાં. આગમણ પાસે બેસીને એણે ચૂલો સળગાવ્યો. માંડ એકાદ ઢેબરું થાય એટલો લોટ બચ્યો છે, જઠરાગ્નિને ઠારવાનું એ પણ એક ભ્રામક આશ્વાસન છે. ઢેબરું એક ને મા-દીકરો બે. ડોસી નિરુપાય છે.

કવિ બીજા પરિદૃશ્ય ભણી ભાવકને હવે વાળે છે : આંગણામાં ઊગેલી ગલકીના વેલામાંથી ચુપચાપ આવ્યાં ખલુડીબાઈ... ખિસકોલી, ને ખોરડાના કરામાં રમી રહેલાં કબૂતર. હજી અરધોક ખોબો ચણ ખાધી હશે એમણે, ત્યાં તો કોણ જાણે ક્યાંથી વણનોતર્યે પહોંચી ગઈ મીંઢી – હરાઈ ગાય ! ડોસી તો રોટલાના ટપાકા બોલાવવામાં પરોવાયેલાં, એને ફળિયામાં શું બની રહ્યું છે એની સરત જ નથી. રાંડી પુતર શાહજાદો – કહેવતની યાદ અપાવતો દીકરો તો ખાટલીમાં ઘોંટી રહ્યો છે. ગાયને હાંકલો કોણ કરે ? છે. છેને હાંકલો કરનાર ! હાજરાહજૂર, પડોશમાં રહેતા રામા રાવળનો ટીપુડો કૂતરો ! ડોસીને મન તો એ દેવ ! બાઉકારા સાંભળી ગયેલી ડોસીએ બહાર હડી કાઢી. આવીને સીધી જ 'મેંઢી ગાય'ને મારવા લાગી. દુઃખ એક જ દિશામાંથી, કહીને થોડાં આવે છે ? ક્યારની તાકી રહેલી મીનીબાઈએ ચપ દઈને રોટલો લઈ લીધો ને થઈ ચાલતી ! ડોસીમાના દેવતાથી મીનીબાઈનાં આ કારસ્તાન શેં જિરવાય ? અત્યાર લગી નિષ્ઠાથી કરેલી નોકરી એ આમ એળે ઓછી જવા દે ? આજે સાચ્ચે જ એની વફાદારી ફળી... છેલ્લું ઢેબરું કૂતરો તાણી ગયો તે શેષ રહ્યું પાશેર દરણું !

આ તાશીરા સામે એને કોઈ ફરિયાદ નથી. હા. ઘડીભર ગાય સામે ક્રોધ પ્રગટ્યો'તો ખરો, પણ તેય ઘડીભર. તે જાતને વારે છે : માંડ બચેલા પાશેર અનાજનોય મોહ શા માટે ? ભલે એ પણ પંખીડાં ચણી જાય, મારી પછવાડે નખાવજો ! કોઠી ભાંગી ચૂલા બનાવજો. આંધણ મુકાવજો. ઘર વેચીસાટીને નીપજેલાં નાણાંમાંથી મારી કારજક્રિયા ભલે આટોપાય.

પ્રાણીમાત્રમાં ભૂખ કેન્દ્રસ્થાને છે. ડોસીની પહેલી પ્રતિક્રિયા રોષની હોવા છતાં

શમન તો થાય છે કરુણામાં. ભૂખ કેવળ મારામાં નથી, સૌમાં છે. છેવટની ચિત્તગતિ ઉપનિષદના ઋષિની યાદ અપાવે તેવી છે. ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્, યત્કિંચિત્ જગત્યાંજગત; ત્યેન ત્યકતેન્ ભુંજીથાઃ મા ગૃધઃ કશ્યશ્વિધનમ્–નું અનુસંધાન આ ગ્રામનારીની ચેતનામાં શી રીતે પોષાયું હશે ? ભારતીય સંસ્કારના તંતુ સર્વવ્યાપક છે. વ્યક્તિગત અને સમૂહગત વારસો છે. જન્મજાત જ્ઞાનને ઉછીઉધારાની જરૂર નથી. શું સાક્ષર ? શું નિરક્ષર ? સંચિત કરવાની મનુષ્યની નિર્બળ વૃત્તિએ જ વળગણો ઊભાં કર્યાં. માણસે ગાયના દૂધનો સંચય નહોતો કર્યો ત્યારે ક્યાં બિલાડી દૂધ પી જતી ? યુગોથી આનાં પરિણામો અને પીડાઓ આપણે વેઠીએ છીએ.

વીસમી સદીના પૂર્વાર્ધે ગાંધીએ કેવળ ભૌતિક-ભૌગોલિક કે રાજકીય પ્રવેશ નહોતો કર્યો આ દેશમાં, ચિંતકો – સાહિત્યકારો – બૌદ્ધિકોનાં હૃદયમાં પણ સૂક્ષ્મ પ્રવેશ કર્યો હતો. ઉમાશંકર-સુન્દરમ્ જેવા તેમના સમકાલીનોનાં હૈયાંમાં ગાંધીનો પદસંચાર તેમની કવિતામાં ન ઝિલાય તે કેમ બને ? ગાંધીની સરળ વૈચારિકતામાં લોકસંસ્કારની સહજતાના મેળવણવાળું આ ગીત સૌને થોડા સંવેદનશીલ બનાવ્યા વગર નહીં છોડે.

r

## સમિધ

*હે આત્મ-ઉદ્ધારક દીપ્ત અગ્નિ !*
*શાં શાં ધરું હું સમિધો તમોમાં;*
*પ્રમાદ, માનીપણું, જાડ્ય, મૂઢતા,*
*ને રંગરંગી ઉરવાસનાઓ ?*

*હે વિશ્વના પોષક દિવ્ય અગ્નિ !*
*શાં શાં ધરું હું સમિધો તમોને ?*
*મારી કને આયુષ માત્ર, તે ગ્રહો,*
*જ્વાળા બનો ઉજ્જ્વળ એ તમારી.*

'લોકભારતી', સણોસરા : ડિસેમ્બર ૧૯૫૯



# 'પીંછું' નામનું આ નમણું કાવ્ય

**રમણીક અગ્રાવત**

## પીંછું

જેવો કો નભતારલો ગરી જતો અંધારમાં પાથરી
ઝીણી પાતળી તેજપિચ્છ-કલગી, દૃષ્ટિ પડે ના પડે,
ઓચિંતો તહીં જાય ડૂબી તિમિરે; જેવું લીલા વિસ્તરી
સોણું નીંદરમાં ઠરી ક્ષણ, સરે, જોવા પછી ના જડે;
ને જેવી કવિતા અખંડ ઉરની આરાધના તર્પવા
એકાએક છતી થઈ હૃદયમાં કો કલ્પના ખેરવી
ઊડી જાય, ન દે સમો શબદની શ્રદ્ધાંજલિ અર્પવા –
ક્યાંથી ક્યાં ગઈ ના લહે નજર એ, રૂહે માત્ર હૈયે છવી.

એવું એક મીઠા પ્રભાત સમયે કો પંખી આવ્યું ઊડી,
જોયું ને અણદીઠ એક પળમાં તો ક્યાંક ચાલ્યું ડૂબી;
એને તારકતેજરેખ સરખું, કે સ્વપ્નલીલા સમું,
કે મોંઘી કવિતાકુમાશ ઝરતું ના ગીત ગાવું ગમ્યું.

કૈં અસ્પર્શ્ય ન એવી પાછળ સ્મૃતિ રાખી જવાને રૂડી
પીંછું ખેરવીને ગયું, ઊડી ગયું.

ના ગીત મૂકી ગયું :
પોતે ના કંઈ ગાયું, કિંતુ મુજને ગાતો કરીને ગયું.

બામણા, ૪-૧-૧૯૩૩

**એ**ક ટહુકારથી આખું આકાશ ભરાઈ જાય. એક પીંછું ખરે ત્યાં આખું આકાશ ખાલી થઈ જાય. એક ઉડ્ડયનથી મેઘધનુષ રચાઈ જાય આકાશમાં. એક વિલયથી સન્નાટો ચિતરાઈ જાય આકાશમાં. ચૂપચાપ કેટકેટલું બને છે આકાશમાં ! આકાશમાંથી જ અવિરત પ્રકાશ આવે છે, આકાશમાંથી જ ઝરે છે અંધાર. આકાશમાંથી વરસે અમૃતવર્ષા. કેટકેટલી ઊર્જા સંઘરી બેઠેલું આકાશ પોતાનું હેત ઠાલવતું જ રહે છે. પંખીઓનાં રમ્ય ઉડ્ડયનોથી સમૃદ્ધ હોય છે આકાશ. વાદળોનાં નમણાં શિલ્પો વચ્ચે ખંખોળિયા ખાતો પવન આકાશની મોકળાશમાં જ મહાલે છે. ભલે સાવ સરળતાથી એમ કહીએ કે પવન આકાશની મોકળાશમાં મહાલે છે, પણ આકાશની મોકળાશમાં સાક્ષાત્ મહાલતાં દેખાય

છે તો પંખીઓ જ. પંખીઓ આકાશ અને ધરતીને જોડતી કડી છે. ધરતી પરથી ઉડાન ભરીને આકાશે જતાં પંખીઓ માણસની કદી ન થાકતી આશાના હરતાંફરતાં જીવંત પ્રતીકો છે. કવિ ઉમાશંકર જોશીએ શબ્દોને પંખીઓ જેવા ટપકતા પ્રકાશના ટુકડા કહ્યા છે. ભાવના આકાશમાં પંખીઓની જેમ ઊડાઊડ કરતા શબ્દોને આનાથી ચડિયાતી બીજી કઈ ઉપમા હોય ? આ કવિને હાથે જ ૧૯૮૧માં *પંખીલોક* રચાવાનો હતો. નિહાળો તેની એક ઉડાન :

**પ્રભાતના પર્ણેપર્ણ લચી રહે કલરવે, પૃથ્વીનાં મીચેલાં જડ પડળોનો**
**સંચિત સ્વરપુંજ જાણે પાંદડે પાંદડે નાચતો**
**આખા આકાશને ચોમેર ભરતો ફુવારા-શો ઊડી રહે.**
**પૃથ્વીના ભીતરી મૌનનો ભાસ્વત ઉત્સવ જાણે સ્તોત્રછોળે**
**પ્રત્યેક પરોઢે પંખીલોકમાં અંતરિક્ષે ઊજવાય.**

*પંખીલોક*ની નાંદી રૂપે છેક ૧૯૩૩માં *પીંછું* નામનું આ નમણું કાવ્ય જાણે રચાય છે. કવિએ સ્થળસંકેત (અને સમયસંકેત પણ) કર્યો છે. ભલે એ કોઈ પંખી બામણાની ભૂમિ પર ઊતર્યું હોય અને પોતાનું પીંછું ખેરવી કાળપ્રવાહમાં વહી ગયું હોય, ગુજરાતી કવિતાની ભાવભૂમિમાં એની છાપ અમીટપણે અંકિત થઈ ચૂકી છે એ નક્કી. કોઈ શુભ મુહૂર્તમાં આવી ચડ્યું છે આ પંખી. પંખીના આવવાની ક્રિયાને શાર્દુલવિક્રીડિતની પ્રલંભ પદાવલિમાં પહોળે પટે ઘૂંટી ઘૂંટીને ઉપસાવવામાં આવી છે. જેમ કોઈ તારક ઝીણી પાતળી તેજપિચ્છ કલગી પાથરી દૃષ્ટિ પડે ન પડે ત્યાં ઓચિંતો અંધારામાં ડૂબી જાય, જેમ ઘડીભર અવનવી લીલા વિસ્તારી કોઈ સ્વપ્ન ક્ષણેક ઠરી, સરી જાય ને પછી જોવા જ ન મળે, જેમ હૃદયની કોઈ રૂપ પામવા મથતી ઊર્મિને જરીક છતી કરી ઘાટ મળે ન મળે ત્યાં કવિતા ઊડી જાય, ભલે હૃદયમાં તેની સ્પષ્ટ છબી હોય પણ એક શબ્દ ન પાડી શકીએ, એવા કોઈ ભાવ જેવું – જાણે નર્યું ભાવરૂપ – પંખી એક મીઠા પ્રભાત સમયે આવ્યું.

લગ્નમંગલને વધાવતો છંદ અહીં એક પંખીના મંગલ આગમનની વધાઈ લઈ આવ્યો છે. કાવ્યની પ્રથમ આઠ પંક્તિઓ આ શુભ આગમનની વધામણી ગાઈ રહે ન રહે ત્યાં તો આ પંખી આવ્યું એવું ગયું. હજી એને જોઈએ ન જોઈએ ત્યાં એક પળમાં તો ક્યાંક ચાલ્યું ગયું. જાણે ડૂબી ગયું વિસ્મૃતિમાં ! પંખી તો ઊડી જાય, પણ અહીં એ ડૂબી ગયું છે ! સંવેદનોનાં અંતરિક્ષમાં ઊંચું કે નીચું કંઈ નથી. ત્યાં તો બધું સમધારણ છે. ત્યાં ઊડવું અને ડૂબવું એક ! પંખી સ્મૃતિજળમાં ક્યાંય અલોપ થયું ! એ પંખીને પોતાની દીપ્તિથી સ્મૃતિમાં ઝળહળતું કોઈ ગીત ગાવું ગમ્યું નથી, કે સ્વપ્નલીલામાં ગરકાવ કરતો કોઈ રણઝણતો લય એ મૂકી ગયું નથી, કે કશીક કવિતા-કુમાશથી ઝરતું કોઈ ગાન પાછળ છોડી ગયું નથી. પરંતુ જેને સ્પર્શી શકાય, હાથથી જેને અડકીને પામી શકાય એવું એક નર્યું પીંછું પાછળ મૂકી ગયું છે પંખી. પીંછું આમ



તો સાવ નગણ્ય, નાચીજ; છતાં એ એક હૃદયને અવશ્ય ગાતું કરી શકે. પંખીએ કંઈયે નહીં ગાઈને, એક અમસ્તો ટહુકાર પણ રમતો નહીં મૂકીને, સાવ અબોલ રહીને કશીક અનાયાસ પમરતી કોઈ સુગંધ જેવું તરલ ગાન વહેતું કરી દીધું છે !

આ કાવ્યમાં આટલે સુધી જો આવ્યા જ હો તો એને સસ્વર જરા મોટેથી ગાઈ જુઓ. કાવ્યની ૧૪મી પંક્તિએ આવતાં 'પીંછું ખેરવીને ગયું' પછી 'ઊડી ગયું' ગાશો ત્યાં ખરેખર ઊડી જતું પંખી સાક્ષાત્ થશે. પંખીને શબ્દોની હારમાળામાં પંક્તિબદ્ધ બેસાડીને વળી પાછું શબ્દ રૂપે કવિ જ ઉડાડી શકે ! 'કિંતુ મુજને ગાતો કરી ગયું' પછી કાવ્ય એક દીર્ઘ વિરામ લે છે, તે જાણે પછીથી મચી રહેતી ગાનપ્રચુરતાને તાદૃશ્ય કરે છે.

તમે કદી આકાશમાંથી પીંછું પડતાં જોયું છે ? કોઈક રસ્તે જતાં અચાનક પીંછું પડેલું દેખાય કે તેને ઝડપી લેવા તમારો હાથ સળવળીને ક્યારેક રહી ગયો છે ? એ પીંછાને સાફસૂથરું કરી ગમતા પુસ્તકમાં કે ટેબલ પર કે ક્યાંય ફરકાવવાનું મન થયું છે ? આવું થયું હોય કે થતાં થતાં રહી ગયું હોય તો તો આ *પીંછું* તમને અવશ્ય ગમશે. પીંછું કોને ન ગમે ? આ જ પીંછું કદીક મુકુટે પણ શોભ્યું છે ને ? કવિ પણ 'તેજપિચ્છકલગી'માં તેનો ઇશારો તો કર્યો જ છે. મન પંચમીને અવસરે ચન્દ્ર જ્યારે જ્યારે રમ્ય નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે ત્યારે કોઈ ને કોઈ પંખી પીંછું મૂકીને ઊડી જાય છે, કોઈક નજર એને ઝાલી પણ લે છે !

r

## આભને કાંગરે કાંગરે—

*આભને કાંગરે કાંગરે ઊડતું ગાતું,*
*કિરણોની ચણ ચણતું ગાતું,—*
*યુગ યુગની ધસે નસમાં ભરતી,*
*ભાવિપટે જુએ છાયા તરતી;*
*સ્થળ ને કાળની પાંખે લહેરાતું,*
*હૈયું મારું આ અસ્થિપિંજરમાં કેમે સમાતું.*
*ઊડતું ગાતું, ગાતું ઊડતું,*
*હૈયા હૈયાને દાવ દેતું જતું :*
*ગા તું, તું ગા, ગા તું, ગા તું......*

અમદાવાદ, ૫-૭-૧૯૬૭

# આશાવાદની અભિનવ અભિવ્યક્તિ

*નીતિન વડગામા*

## બીડમાં સાંજવેળા

વિશાળ સહરા સમું નભ પડ્યું વડું વિસ્તરી,
કહીંય રણદ્વીપશી નજર ના'વતી વાદળી.
ડૂબ્યો સૂરજ શાંત, ગોરજ શમી, અને રંગ સૌ
ઘડી અધઘડી સ્ફુરી અવનિ-ઓઢણે, આથમ્યા.
સર્યું ક્ષિતિજઘેન, લોચનની રક્તિમા નીતરી.
બીડેલ જડબાં ખૂલે જરી ન પૂર્વપશ્ચિમ તણાં.
જરી થથરી કંપતાં, પણ ન આંખકીકી હસે.

હવે નભનું શું થશે ? પ્રબળકંધ ડુંગર, ગિરિ,
વનસ્પતિ વિશાળ ગુંબજ ઉપાડનારાં અહીં
નથી ! રવિવિયોગમાં ત્રુટી જશે ? તૃણો માત્ર હ્યાં !
ડરું ગભરુ માનવી – અયુતવર્ષ કેડેય જે
ન આદિનરભિન્ન – વામન કરો કરું ના ઊંચા,
તહીં, થરથરી, ટટાર થઈ, ડોક ઊંચી કરી
તૃણો ટચલી આંગળી ઉપર તોળતાં આભને !

બામણા, ૩૦-૧-૧૯૩૩

**ઉ**માશંકર જોશી એમનાં અનેક કાવ્યોમાં કોઈ પદાર્થને અનુલક્ષીને કે પ્રકૃતિના કોઈ તત્ત્વને નિમિત્તે કશાક વિચારવિશેષને વ્યક્ત કરવાનું વલણ દાખવે છે. 'બીડમાં સાંજવેળા' સૉનેટમાં પણ એ કવિવલણ જોઈ શકાય છે. કવિની બાવીસેક વર્ષની યુવાવયે (ઈ. સ. ૧૯૩૩) રચાયેલું આ વિશિષ્ટ સૉનેટ પ્રકૃતિની પશ્ચાદ્ભૂમાં વિચારપ્રેરક ભાવને અભિવ્યક્ત કરે છે. એમ કહીએ કે, પ્રકૃતિને નિમિત્ત બનાવીને કવિ અહીં વિચારલક્ષી ભાવ-સંવેદનને આસ્વાદ્ય શબ્દરૂપ બક્ષે છે.

સાંજવેળાએ નોધારા બની જતા નભની કરુણગર્ભ કલ્પનાના પ્રવાહમાં આ સૉનેટ આગળ વધે છે અને અંતે એને સાંપડતા તૃણના ટેકામાંથી પ્રગટતા કવિના આશાવાદી અભિગમ સાથે, સૉનેટનું સમાપન થાય છે. મતબલ કે, વ્યોમની વ્યથા-કથાથી આરંભાતું સૉનેટ અંતે જતાં વ્યોમ જેવા જ વ્યાપક અને ગહન વિચારનો ઉપહાર આપી જાય છે.

સાંજના સમયે ઘાસના મેદાન પર તોળાતા નિરાધાર એવા નભના ચિત્રાત્મક



વર્ણનથી સૉનેટનો આમ, ઉઘાડ થાય છે –

**વિશાળ સહરા સમું નભ પડ્યું વડું વિસ્તરી,
કહીંય રણદ્વીપ-શી નજર ના'વતી વાદળી.
ડૂબ્યો સૂરજ શાંત, ગોરજ શમી, અને રંગ સૌ
ઘડી અધઘડી સ્ફુરી અવનિ-ઓઢણે, આથમ્યા.**

સાંધ્ય સમયે આભ કેવું દીસે છે ? વિશાળ સહરા સમા આભનો પહોળો પટ વિસ્તર્યો છે અને એમાં રણદ્વીપ-શી એકાદ વાદળી પણ નજરે ચડતી નથી ! વાદળીવિહોણું એ અફાટ આભ જાણે વધુ એકાકી ભાસે છે !

પશ્ચિમની ક્ષિતિજે સૂરજ ડૂબી ગયો છે અને ચંદ્ર કે તારકો હજુ ઊગ્યા નથી. આભના મનોહારી રંગો પણ ઊગીને આથમી ચૂક્યા છે. સમગ્ર પરિવેશમાં શાંતિ વ્યાપી વળી છે, બલ્કે શૂન્યતા ફેલાઈ ગઈ છે. સ્થગિત થઈ ગયેલી પૂર્વ અને પશ્ચિમની દિશાઓમાં કશો જ સંચાર અનુભવાતો નથી, એ વેળાની આભની દયનીય દશાને કવિ આ રીતે આલેખે છે –

**સર્યું ક્ષિતિજઘેન, લોચનની રક્તિમા નીતરી.
બીડેલ જડબાં ખૂલે જરી ન પૂર્વપશ્ચિમ તણાં.
જરી થથરી કંપતાં, પણ ન આંખકીકી હસે.**

આભનો આધાર કદાચ ઊંચા ડુંગર કે ગિરિશૃંગો બની શકે કે પછી વૃક્ષો અને વનસ્પતિ પણ કદાચ આભને ચપટીક અવલંબન પૂરું પાડી શકે. પરંતુ અહીં તો, ધીમેધીમે એ બધું પણ અંધકારમાં ઓગળતું જાય છે ત્યારે, આભને માટે હવે કશું જ આશ્વાસન રહ્યું નથી. આ સ્થિતિમાં, 'હવે નભનું શું થશે ?' અને 'રવિવિયોગમાં ત્રુટી જશે ?' જેવા કવિસહજ સવાલો ઊઠે છે –

**હવે નભનું શું થશે ? પ્રબળકંધ ડુંગર, ગિરિ,
વનસ્પતિ વિશાળ ગુંબજ ઉપાડનારાં અહીં
નથી ! રવિવિયોગમાં ત્રુટી જશે ? તૃણો માત્ર હ્યાં !**

નભને નસીબે એક બાજુ નથી વાદળીનું વહાલ, તો બીજી બાજુ રવિએ પણ વિદાય લઈ લીધી છે ! અને એટલે નિરાધાર થઈ ગયેલું નભ તૂટી તો નહિ પડે ને, એવો સવાલ થવો સ્વાભાવિક છે. અલબત્ત, ત્યાં માનવી છે પરંતુ નભની નિરાધારતા નિવારવા માટે માનવી પણ અસમર્થ છે ! વર્ષોથી, બલ્કે યુગોથી ભીરુતા ત્યજી નહિ શકેલો માનવી કશી જ સહાય નથી કરી શકતો એ કેવી કમનસીબી છે ! –

**ડરું ગભરુ માનવી – અયુતવર્ષ કેડેય જે
ન આદિનરભિન્ન – વામન કરો કરું ના ઊંચા,**

જીવંત વ્યક્તિ પણ આમ, એના વામન કર ઊંચા નથી કરી શકતી અને પોતાની પંગુતા સ્વીકારી લે છે ! પ્રકૃતિ માનવીને જીવનનું રસાયણ પૂરું પાડે છે પરંતુ એ જ માનવી પ્રકૃતિ પાસે કેવો પાંગળો પુરવાર થાય છે ? પંચતત્ત્વને ટેકે ઊભેલો માણસ એના જ પ્રાણપ્રદ તત્ત્વને ટેકો નથી આપી શકતો એ કેવી વિડંબના છે ?

સૉનેટને અંતે કવિ ઉમાશંકર જોશી તૃણને વિચારાભિવ્યક્તિનું માધ્યમ બનાવે છે અને કવિના ગહન દર્શનને પરિણામે આવી ઉદાત્ત પંક્તિ પ્રગટે છે –

**તહીં, થરથરી, ટટાર થઈ, ડોક ઊંચી કરી**
**તૃણો ટચલી આંગળી ઉપર તોળતાં આભને !**

આભને આશ્વસ્ત કરવા માટે માણસે જ્યારે હાથ હેઠા કરી નાખ્યા ત્યારે આભને કોણ અવલંબન પૂરું પાડે છે ? કવિ કહે છે તેમ, એવે વખતે આભને ઊગીને ઊભા થતાં તૃણનો ટેકો સાંપડે છે ! કવિની આવી ચમત્કૃતિજન્ય કલ્પના અને ચિંતનપ્રવણતા સૉનેટને આસ્વાદ્ય બનાવવા ઉપરાંત નિરાળી ઊંચાઈ પણ બક્ષે છે. ‘થરથરી’, ‘ટટાર થઈ’ અને ‘ડોક ઊંચી કરી’માંનાં ત્રણત્રણ ક્રિયાપદો પ્રયોજીને કવિ અહીં, તૃણની મક્કમતાની ધાર કાઢે છે, તો દેખીતી રીતે વિરાટ લાગતી વ્યક્તિની તુલનાએ ક્ષુદ્ર જણાતાં તૃણની શ્રેષ્ઠતા પણ સાબિત કરે છે. એ સાથે જ, ‘તૃણો ટચલી આંગળી ઉપર તોળતાં આભને !’ એ અંતિમ પંક્તિ, ટચલી આંગળીએ ગોવર્ધન પર્વતને તોળતા શ્રીકૃષ્ણનું સહજ સ્મરણ કરાવે છે. એ પુરાણકથાનો વિલક્ષણ સંદર્ભ કાવ્યને વિશેષ અર્થક્ષમ અને આસ્વાદક્ષમ બનાવે છે.

‘બીડમાં સાંજવેળા’ સૉનેટ આમ, એના વિચારોત્તેજક ભાવ-સંવેદનની કાવ્યાત્મક અભિવ્યક્તિને કારણે વિશેષ ધ્યાનાર્હ બને છે. કહીએ કે, પ્રસ્તુત સૉનેટમાં પ્રકૃતિ અને વિચારસંપત્તિની સામગ્રીનો સર્જનાત્મક આવિષ્કાર થયો છે અને એ કારણે આ રચના, કવિના કાવ્યરાશિમાં એનું આગવું સ્થાન અંકે કરે છે.

r

**પતંગ-ઋતુ**

*વૃક્ષો રંગાયેલાં*
*ફાટ્યા પતંગોથી.*
*પર્ણોની આરપાર*
*ભૂરું આકાશ...*
*ઉઝરડાયેલો પતંગ ?*

અમદાવાદ, ૧૬-૧-૧૯૭૮



# સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી રચના

**ભાનુપ્રસાદ પંડ્યા**

## બળતાં પાણી

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો;
પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી.
ઘણું દાઝે દેહે, તપી તપી ઊડે બિંદુ જળનાં.
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે.
જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.
અરે ! જે પ્હાડોએ નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે.

કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી
ઉથાપી-લોપીને સ્વજનદુખને શાંત કરવું ?
નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી
જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા !
પછી ત્યાંથી કો દી જળભર ભલે વાદળ બની,
વહી આવી આંહીં ગિરિદવ શમાવાનું થઈ રૂહે !
અરે ! એ તે ક્યારે ? ભસમ સહુ થૈ જાય પછીથી ?

સિંહગઢ, ૭-૫-૧૯૩૩

**આ**પણા ગાંધીયુગીન કવિઓએ યુગવર્તી જાગતિક પરિબળોને કવિતામાં ઝીલ્યાં છે એ ખરું, પણ તેના નિરૂપણમાં એમણે કાવ્યકલાનું સૌંદર્ય પણ ઉત્તમકક્ષાએ પ્રગટ કરી આપ્યું છે. છંદોબદ્ધ રચનાઓ, સૉનેટ, ગીત કે પરંપરિત અભિવ્યક્તિરૂપોમાં એમનું સર્જનાત્મક કૌશલ વિદગ્ધ-વિચક્ષણ સહૃદયને પ્રસન્ન કરે તેવું હોય છે. તેમાં કેવળ ગાંધીદર્શન કે સામાજિક પ્રતિબદ્ધતાનો ઉદ્‌ઘોષ નથી. યુગલક્ષી સંવેદના રજૂ થાય છે, ત્યાંય પોતાની વિવક્ષાને સાચવીને પણ સારું એવું કાવ્યત્વ તેઓએ સિદ્ધ કર્યું છે. કલાત્મક દૃષ્ટિએ નાણતા-માણતા આપણા શેષ, સ્નેહરશ્મિ, સુન્દરમ્ કે ઉમાશંકર જોશી ઊણા ઊતરતા નથી.

‘બળતાં પાણી’ ઉમાશંકર જોશીની સર્જકપ્રતિભાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર સાધતી

રચના બની રહે છે. એમની કેટલીક કાવ્યકૃતિઓ નિસર્ગદર્શનથી સ્પંદિત થતાં સ્ફુરી હોય છે, પછી એમાં અભિનવ વિચારસ્પંદને કાલવીને કાવ્યક્ષમ અનુભૂતિ બંધાતાં એ કાવ્યપુદ્ગલ ધારણ કરે છે. વિશ્વનિયંતાની રચનામાં પ્રતીત થતા કોઈ ઋતનું પ્રતીકાત્મક રીતે અથવા અન્યોક્તિ જેવી કોઈ પ્રયુક્તિનો આશ્રય લઈને તેઓ એને અનુરૂપ એવા અભિવ્યક્તિમાધ્યમમાં એનું નિર્માણ કરે છે. સંવેદન સ્વયં એને અનુરૂપ એવો લય પસંદ કરી લે છે, પરંતુ એમાંથી કોઈ વેધક જીવનરહસ્ય વીજઝબકારે ઝળહળતું દેખાય છે. ‘ઊકરડો’, ‘ભોમિયા વિના’, ‘ચુસાયેલા ગોટલાને’, ‘પીંછું’ – જેવી કાવ્યનિર્મિતિઓ એનાં ઉદાહરણો બને છે. ગાંધીયુગીન સરળ પદવિન્યાસથી એ સૌંદર્ય સિદ્ધ કરે છે.

‘બળતાં પાણી’ તા. ૭-૫-૧૯૩૩ના દિને રચાયેલું છે. કવિના ૧૯૩૪માં પ્રકાશિત થતા કાવ્યસંગ્રહ ‘ગંગોત્રી’ની પ્રથમ આવૃત્તિમાં એ પ્રસિદ્ધ થયું હતું. એ દિવસો આપણા રાષ્ટ્રીય મુક્તિસંગ્રામના અને સામાજિક ઉત્થાન-આંદોલનના હતા. આથી એનો સંદર્ભ પણ એમાં સૂચિત હોવાનું કલ્પી શકાય. જોકે કવિએ ‘ગંગોત્રી’નાં છેલ્લાં પૃષ્ઠોના ટિપ્પણમાં એનો કશો નિર્દેશ કર્યો નથી. એમણે તો માત્ર ત્યાં એક પંક્તિનો પ્રશ્ન કર્યો છે. કાવ્યસર્જન પાછળ એક વિચારસ્પંદ રૂપે એને જોઈ શકાય. ત્યાં તેઓ લખે છે : ‘અંધવિધાતાની અંધયોજનાને શી રીતે ઉથાપવી ?’ સમગ્ર રચનાના બીજ રૂપે (‘થીમ’ રૂપે) આ ઘૂંટાયેલા વિધાનને મૂકી શકાય. વિશ્વનિયંતાની સૃષ્ટિરચનામાંની આ એક પ્રાકૃતિક ઘટના છે. આ કાવ્યવસ્તુવિચારને એક નાનકડા કથાનક તરીકે આપણે સંક્ષેપમાં પ્રસ્તુત કરીએ. પછી એમાંથી વિસ્તરતા અર્થમર્મોનો આસ્વાદ કરીએ.

ડુંગરાળ વનોમાં એકાએક દાવાનળ પ્રજળી ઊઠ્યો છે. વનો ભડભડ સળગી રહ્યાં છે. એના પડછાયા પાસે વહેતી નદીના પાણીમાં પ્રતિબિંબિત થાય છે. આથી જાણે કે આખી નદી પણ સળગી રહી હોય એવું દશ્ય સર્જાય છે. આ તે કેવું ? પાસે જ આ ભડકે બળતાં ડુંગરવનો અને નદી પોતાના જળથી એને બુઝાવવા જઈ શકતી નથી ! ખરેખર તો ચોમાસામાં પોતાના ઉપરથી વહેતાં ઝરણાં વહાવીને ડુંગરાએ આ જળનો હિસ્સો નદીને આપ્યો છે, પણ અત્યારે એ એના ખપમાં નથી આવતાં ! એ પાણી તો બસ બે કિનારા વચ્ચે જ વધુ જાય છે. તો પછી આ જળ શું ડુંગરા અને વનોને ઉપયોગમાં નહિ જ આવે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે હવે તો ફરી એ જળનાં ઉનાળામાં વાદળાં બંધાય અને પછી ચોમાસે એ વરસે ત્યારે ડુંગરવનો પર એનું જળ ધોધમાર રેલાય ! પણ એ તો ક્યારે બને ? ત્યાં સુધીમાં તો એ બધું ભસ્મીભૂત થઈ ગયું હશે ! આ છે એક પ્રાકૃતિક દશ્યનિર્ભર કથાનક. કવિએ એના ‘થીમ’માં નિર્દેશ્યું છે, તેમ ‘અંધ વિધાતાની અંધ યોજનાને શી રીતે ઉથાપવી ?’–ને સમર્પિત કરે છે.

આ રોમાંચક સળગતા વનદાવાનળના દશ્યને આ કવિસર્જકે મનોહર કાવ્યમાં જે રીતે સર્જનલીલાના સ્પર્શથી પુનર્નિર્મિત કરી આપ્યું છે, તેમાં ચમત્કાર છે. કવિની મેધા એની કોરી શુષ્કતાને કેવી નવપલ્લવિત કરી દે છે, ત્યાં પ્રતિભાનો ‘ઇલમ’ પ્રગટી



રહે છે. એ ત્રીજા લોચનના પ્રસાદથી એમણે રૂપાંતર સાધીને માનવીય સંવેદના, કલ્પનાની રમ્યતા, પદમૈત્રી, પદલાલિત્ય – શ્રુતિઓના ભાવદશ્યાનુસારી સંયોજનો, છંદોલય, જીવનરહસ્ય અને યુગસંદર્ભનો સ્પર્શ – આદિનું જે સંઘટન સાધ્યું છે, તેમાંથી ઉદ્ભવે છે એક ચિરંજીવ રસમય કાવ્યરચના.

દ્રષ્ટા રૂપે તટસ્થભાવે જોઈએ તો આ એક કુદરતી બનાવ છે, પણ કવિએ ડુંગરા, વનો, પાસે જ વહેતી નદી, દૂરનો સમુદ્ર, કિનારાઓની મર્યાદા એ બધાં વચ્ચે માનવસહજ સંબંધો કલ્પીને જે તીવ્ર કર્તવ્યભાન, કૃતજ્ઞતાભાવ અને જટિલ પરિસ્થિતિને કારણે અનુભવાતી વિવશતાને લીધે ‘કહેવાય નહિ અને સહેવાય નહિ’ – એવો સંઘર્ષ ઊભો કર્યો છે, તેવી ભાવસંવેદનાનું પારસ્પરિક અનુસંધાન રચી આપ્યું છે, તેને કારણે એ કેવળ પ્રાકૃતિક દશ્ય નહિ રહેતાં આપણી માનવીય નિસબત બની જાય છે. આપણે રચનાની ભાવસૃષ્ટિમાં સહજ રીતે વિહરતાં થઈએ છીએ.

ડુંગરવનો ભડકે બળે છે અને પડછાયા નદીના જળમાં પડે છે, ત્યાં કવિ સદ્મ સંવેદનાત્મક પ્રતિભાવ આલેખે છે : નદી પોતે જાણે હૈયે સળગી રહી છે ! એનાં જળ ઊકળી ઊઠ્યાં છે, હૈયામાં વરાળ ઊછળે છે, પણ તે કશી મદદ કરી શકતી નથી. એ ધારે તો પોતાનાં જળ ઉછાળીને પાસેના દાવાનળને બુઝાવી ન શકે ? ના, તે માત્ર સળગતે હૈયે મૂક દ્રષ્ટા છે ! નિષ્ક્રિય છે. પહાડોને પાણી છાંટીને ઠારી શકતી નથી ! જે પહાડોનો એના ઉપર ઉપકાર છે, વર્ષામાં ઝરણાં વહાવીને નદીના પૂરમાં ઉમેરો કર્યો છે. આજે એ એક ટીપુંય તેમને આપી શકતી નથી ! આ પ્રકારના આલેખનમાં ‘સરિત હૈયે સળગતી’ ‘ઘણું દાઝો દેહે’ – ‘મદદ કૈં ના કરી શકે’, ‘શીતળ કરવાનું નવ બને’ – એવા પંક્તિખંડોમાં ભાવક ઉત્કટ સમવેદના અનુભવી રહે છે. કવિએ માનવઉરના ઇલાકામાં પ્રકૃતિતત્ત્વોને દાખલ કરીને કેવી વિહ્વળતાનો અનુભવ કરાવ્યો છે ! પ્રારંભની આઠ પંક્તિઓમાં માત્ર કુદરતનું તટસ્થ ચિત્રણ નથી, પણ એને માનવભાવથી સંસિકત કરી ભાવકચિત્તમાં અમળાટો સર્જ્યા છે.

પ્રારંભના આઠ પંક્તિના ખંડ પછી કવિ હવે ઊર્મિવળોટ લાવે છે. ત્યાં પણ પ્રકૃતિના નિયત જડ એવા ઋતમાં ભાવસ્પંદને વહેતો કર્યો છે : જુઓ તો ખરા આ તે કેવી મજબૂરી ? કિનારાની જડકઠિન દીવાલ એને રોકે છે. નદી કાંઠાઓને ઉથાપીને ડુંગરવનોને ઠારી શકતી નથી. ત્યાં પણ ‘સ્વજનદુઃખને શાંત’ કરી શકાતું નથી, પેલાં પાસે જ સળગી મરતાંની ઉપેક્ષા કરીને એને તો મૂંગે મુખે રૂંધાયલા હૈયે પેલા દૂરના અદીઠ એવા સમુદ્રની ભીતરમાં સદાય સળગતા એવા દાવાનળ(વડવાનલ)ને બુઝવવા જવું પડે છે ! જે અગ્નિની ચોમેર પાણી જ છે, તેની પાસે જવાનું છે ! અહીં પણ ‘સ્વપ્નદુઃખ’ શબ્દગુચ્છમાં હવે નદી કેવળ પ્રકૃતિનું અંગ નહિ રહેતાં ‘પડોશી’ કે ‘સહવાસી’ના પર્વતીય વનવિસ્તાર સાથે સંબંધાય છે ! આ તીવ્ર લાચારીનો ભાવ આપણને પણ ગમગીન બનાવી દે છે !

‘સરિત હૈયે સળગતી’, ‘વરાળો હૈયાની’, ‘પાસે સળગી મરતાંને અવગણી’,

'સ્વજનદુઃખને શાંત કરવું' – એ સર્વ શબ્દગુચ્છોમાં માનવીય-આત્મીય નૈકટ્યનો વ્યથાસભર મમત્વભાવ કવિએ અહીં આલેખ્યો છે. સહાય નહિ કરી શકવાની વિવશતા તારસ્વરે પ્રગટી રહે છે. સહૃદયભાવક એનાથી વિક્ષુબ્ધ થઈ આંદોલિત થઈ જાય છે. એક પારિવારિક પરિવેશ આપણને સહાનુકંપિત કરી રહે છે.

આ શિખરિણીના છંદોલયમાં સર્જકચિત્તનાં આંદોલનો પણ એની પદાવલિમાં, પદમૈત્રીમાં, શ્રુતિઓના સંયોજનમાં આપણે વારંવાર માણી લઈએ છીએ. ડુંગરામાં લાગેલા દાવાનળનું દૃશ્ય કવિએ કૌશલપૂર્વક ઇંદ્રિયગોચર નિર્મી આપ્યું છે.

'નદી દોડે, સોડે, ભડભડ બળે ડુંગરવનો' એ ઉપાડની પંક્તિમાં જ 'એમણે' 'ડ' શ્રુતિનો એવો પ્રયોગ કર્યો છે કે એનાં આવર્તનોમાં 'તડતડ' થતાં સળગતાં સૂકાભેળાં લીલાં ડાળીડાંખળાંનો અવાજ આપણે સાંભળીએ છીએ. 'દોડે', 'સોડે', 'બળે' – માં 'એ... એ... એ...'નું આવર્તન વનરાજીને સળગતી બતાવે છે, અને પંક્તિને અંતે આવતાં 'વનો'માંનો 'ઓ' – એક ચીસ નીકળતી હોય એવી ઝાંખી કરાવે છે. 'વરાળો હૈયાની, પણ મદદ કૈં ના કરી શકે' એ પંક્તિમાં 'મદદ' જેવો તદ્દન સાદોસીધો બોલચાલનો શબ્દ પણ સરસ પદમૈત્રી સાધે છે. સમગ્ર રચનામાં આ તત્ત્વ આસ્વાદ્ય છે.

કાવ્યરચનામાં શું પ્રકૃતિ કે શું મનુષ્ય પોતાના સહજ સ્વભાવથી વિરુદ્ધ જઈને એ કાંઈ કરી શકે નહિ ! એ પ્રકારની વિધાતાની – વિશ્વનિયંતાની ગતિવિધિથી પણ કેવી એને વ્યથા-વ્યાકુળતા અનુભવવી પડે છે ! નદીપક્ષે આ પરિસ્થિતિ દુઃખદ છે : 'જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે – પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.' – એ જ રીતે

**'કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી**
**ઉથાપી-લોપીને સ્વજનદુખને શાંત કરવું ?'**

-માં પણ નિયંતાના 'જડકઠણ' નિયમને અધીન રહેવું પડે છે ! આમ જે કાંઈ સ્વભાવગત કુદરતીપણે આપણી ઉપર લદાયું છે, તેને આપણે ઉથાપી શકતા નથી, તો જે કાંઈ હૃદયમનના પ્રેમ-મમત્વના આવિર્ભાવો છે, તેને પણ રોકી શકતા નથી ! આ કેવો નિર્દય મામલો છે ! પેલી અસ્તિત્વવાદી – એબ્સર્ડ વિચારણા પ્રમાણે – 'આપણને જાણે આ બેરહમ સૃષ્ટિમાં ધકેલી દેવામાં આવ્યા છે' – એ વિધાનનું સ્મરણ થઈ જાય છે. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો !' – એ કહેવત પ્રમાણે અહીં તો ડુંગરવનોને સળગતાં રાખીને દૂરના સમુદ્રના પેટાળની આગ ઠારવા જવાની છે ! 'બળતાં પાણી'માં પ્રકૃતિનિરૂપણ નિમિત્તે માનવનિયતિની વિષમતાનો સૂર પણ પદે પદે સ્ફુરી રહે છે. વનો ભસ્મીભૂત થઈ જાય પછી વાદળરૂપે ગોરંભાઈને વરસવાની વ્યર્થતા જેવા જિંદગી જીવવાના પ્રયાસો બની રહે, એમાં ભારેલી કરુણતા રહેલી છે. રચના આ રીતે તીવ્ર સંવેદનાત્મક નિરૂપણ સાથે ગહન જીવનરહસ્યોનો જે સંકેત આપ્યા કરે છે, તે પણ આ કાવ્યનો એક આસ્વાદ્ય અંશ છે.



આ કાવ્યરચનામાં કોઈ યુગવર્તી સંદર્ભ હોઈ શકે ? વિચારવા જેવું છે. ૧૯૩૩માં કવિ પૂનામાં દેવદાસ ગાંધી સાથે રાષ્ટ્રીય કામગીરીમાં પ્રવૃત્ત હતા. ત્યાંના ડુંગરાળ પ્રદેશમાં ભ્રમણ કરવાની પણ તક મળી હોય. કાવ્યની રચ્યાતારીખ ૭-૫-૧૯૩૩ છે, બાજુમાં 'સિંહગઢ'નો પણ ઉલ્લેખ છે. સંભવ છે કે પરિવારજનોથી વિખૂટા પડેલા આપણા યુવા સત્યાગ્રહી લડવૈયાઓ સામે સ્વાતંત્ર્યપ્રાપ્તિનું દૂરનું લક્ષ્ય હતું. તેમની દડમજલ એ 'અદીઠા' લક્ષ્ય પ્રતિ હતી. આથી ક્યારેક એમને પરિવારજનો યાદ આવી જતાં એમના પ્રત્યેનું કર્તવ્યભાન જાગી જતું હોય. એ ચિંતાથી વ્યથાતપ્ત સ્વજનો તરફનું પોતાનું ઉત્તરદાયિત્વ એમને ભીતરથી વિહ્વળ કરતું હોય. 'બળતાં પાણી' આમ તત્કાલીન યુગસંદર્ભે 'જલતાં જિગર'નો સંઘર્ષ પણ ન હોઈ શકે ? આ પ્રકારનો વ્યંગ્યાર્થ ન લઈએ તો પણ કવિના 'થીમ' પ્રમાણે 'અંધવિધાતાની અંધયોજનાને શી રીતે ઉથાપવી ?' – એ હાર્દરૂપ તથ્ય પણ એટલું જ હૃદયંગમ છે.

'બળતાં પાણી' પંદર પંક્તિની રચના હોવાથી રૂઢ તંત્ર પ્રમાણે એને સૉનેટમાં નથી ગણવામાં આવ્યું, પરંતુ એમાં વારંવાર આવતા ભાવવળાંકો (Voltas) તો સૉનેટનો વળોટ દાખવે છે ! પ્રથમ કાવ્યખંડમાં સળગતાં ડુંગરવનોને જોઈ વ્યથિત સળગતી નદી, પછીથી નદી કશી મદદ નથી કરી શકતી એ વિવશતાનો ભાવ, પહાડોએ એના ઉપર ઝરણાં અર્પીને કરેલો ઉપકાર આટલું આઠ પંક્તિ સુધીમાં સંવેદનનાં વમળો રચે છે. પછીથી આવતી છ પંક્તિમાં પલટો આવે છે અને નદીને કિનારાને મર્યાદામાં રહીને દૂરના વડવાનલ ઠારવા ધકેલાવું પડે છે, એવો અનીચ્છાભાવ, પછીથી પુનઃ વાદળ રૂપે વરસીને વનો ઠારવાનો વેળા વીત્યા પછીનો વૃથા પ્રયાસ – જેવા ક્રિયાલક્ષી ભાવવળાંક જેવી પંક્તિઓમાં સૉનેટના ષટ્કનો જ વળોટ છે. ખરેખર તો ચૌદમી પંક્તિએ જ સંવેદન સચોટ રીતે વિરમે છે. આથી પંદરમી પંક્તિ 'અરે, એ તે ક્યારે ભસ્મ બધું થઈ જાય પછીથી ?' એ પ્રશ્નમાં કવિનો છૂટો પડી જતો અવાજ સ્પષ્ટતા કરતો સંભળાય છે ? રચનાનાં ભાવવર્તુળોથી એ બહારનું નિવેદન લાગે ! આથી એને કૌંસમાં મૂકી દઈએ, એટલે ચૌદ પંક્તિના સૉનેટ રૂપે એ પ્રભાવક આસ્વાદ્યતા ધારણ કરે.

---

s 'નિરીક્ષા' પ્રથમ આવૃત્તિ પૃ. ૧૨૯-૧૩૦ ઉપર ઉમાશંકરભાઈએ 'બળતાં પાણી'ની સર્જન ક્ષણો અને યુગવેદના વિશે વિસ્તારથી લખેલું છે. વિસ્તારભયે અહીં તે બધું સામેલ કર્યું નથી.

r

# ડૂમા અને ડૂસકાંભરી સ્થિતિની વચ્ચે વિસ્તરતી કવિતા

***પ્રબોધ ર. જોશી***

## એક બાળકીને સ્મશાન લઈ જતાં

તને નાનીશીને કશું રડવું ને શું કકળવું ?
છતાં સૌયે રોયાં ! રડી જ વડમા લોકશરમે,
હસી જોકે હૈયે નિજ ઘર થકી કાશ ટળતાં.
બિચારી બાનાં બે ગુપત ચખબિંદુય વચમાં
ખર્યાં, સ્પર્શ્યાં તુંને નહિ. યમ સમા ડાઘુજન તે
નિચોવે શા કાજે નયન અમથાં અન્ય ઘર ? ને
વિચાર્યું હું જેવે, મરણ કૂણું તે શીદ રડવું ?
– છતાં સૌયે રોયાં રૂઢિસર, દઈ હાથ લમણે.

ખભે લૈને ચાલ્યા, જરી જઈ, વળાંકે વળી ગયા,
તહીં ઓટે તારી સરખી વયની ગોઠણ દીઠી.
રહી'તી તાકી એ, શિર પર ચઢીને અવરને
સૂઈ ર્હેવાની આ રમત તુજ દેખી અવનવી,
અને પોતે ઊંચા કર કરી મથી ક્યાંક ચઢવા;
– અમે આગે ચાલ્યા – રમત પરખી જૈ જ કપરી,
ગળા પૂંઠે નાખી કર, પગ પછાડી, સ્વર ઊંચે
ગઈ મંડી રોવા. તુજ મરણથી ખોટ વસમી
અકેલીએ આખા જગત મહીં એણે જ વરતી.
અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું !

બામણા, ડિસેમ્બર ૧૯૩૩

**એ**ક બાળકીનું કુમળી વયે અકાળ અવસાન થતાં એને સ્મશાને લઈ જવાઈ રહી છે. પ્રસંગ કરુણ-ગંભીર છે પણ વ્યવહારજગતનાં કાટલાં નોખાં છે. 'તને નાનીશીને કશું રડવું ને શું કકળવું ?' જેવું જેવું મનોમન કહી બધાં પ્રસંગને સગેવગે કરવાની વેતરણમાં છે. પરિસ્થિતિની વક્રતા તો જુઓ – છતાં, બધાં રડે છે. વડ-મા પણ લોકશરમે રડે છે. વડ-માના વિરોધાભાસી વર્તન વિશે કાનમાં કહેતા હોય એમ કવિ કહી દે છે : 'હસી જોકે હૈયે નિજ ઘર થકી કાશ ટળતાં.' દીકરીને દુઃખનો દરિયો સમજતી, જમાનાની ખાધેલ વડ-મા બહારથી લોકશરમે ભલે ગમે તે દેખાડો કરે પણ અંદરથી તો કાશ ટળતાં



હાશકારો અનુભવે છે.

પ્રથમની ત્રણ જ પંક્તિઓમાં પ્રસંગની ત્વરિત માંડણી કરી દીધા પછી કવિ થોડાક થંભે છે. 'બિચારી બા'નાં છાનાં બે અશ્રુબિંદુ જોવાની દરકાર પણ કોને છે ? સાક્ષાત્ 'યમ સમા ડાઘુજન' તો વડ-મા જેટલું ખોટું ખોટુંય શા માટે રડે ? આવા માહોલમાં કાવ્યની પ્રથમ પંક્તિ સાથે જાણે અનુસંધાન સાધતા હોય એમ કવિ કહે છે : 'વિચાર્યું હું જેવે, મરણ કૂણું તે શીદ રડવું ?' જોકે બીજા ચરણને અંતેય પરિસ્થિતિ અંતર્ગત વિરોધાભાસ કાયમ રહે છે. કહે કંઈ અને કરે કંઈ એવા ગામડાના રૂઢિચુસ્ત સમાજનું વરવું સમૂહચિત્ર આ પંક્તિમાં જુઓ : '– છતાં સૌયે રોયાં રૂઢિસર, દઈ હાથ લમણે.'

બાળકીને ખભે લઈને ડાઘુજન આગળ ચાલે છે. દૃશ્ય એમ એમ ગતિશીલ થતું જાય છે. જુઓ આ પંક્તિ પણ કેવી ગતિ પકડે છે : 'ખભે લૈને ચાલ્યા / જરી જઈ / વળાંકે વળી ગયા.' જોકે એ પછી વ્યવહારજગતના આ દૃશ્ય પર પડદો પડી જાય છે. અને એમ થાય છે ત્યાં જ કાવ્યમાંય જાણે એક અણધાર્યો વળાંક આવે છે. અત્યારસુધીના દૃશ્યનાં બધાં પાત્રો વ્યવહારજગતનાં પાત્રો હતાં. વડ-મા, ડાઘુજન અને 'બિચારી બા'ને તો એ બધાંથી દોરવાયા વગર ક્યાં છૂટકો જ હતો ! કવિ પોતે પણ એ દૃશ્યમાં એક નિરીક્ષક – ઑબ્ઝર્વર – તરીકે દોરવાતા હતા.

કવિ પોતાની એ ગત ચાલુ રાખે છે. ડાઘુજન મૃત બાળકીને લઈને રસ્તાના વળાંકે વળી ગયા ત્યારે કવિએ શું જોયું ? કવિએ જોયું કે એ બાળકીની એક ગોઠણ પણ આ દૃશ્ય જોઈ રહી હતી. એક નવા પાત્રનો પ્રવેશ થાય છે અને એ સાથે જ કાવ્યમાં એક જુદું પરિમાણ ઉમેરાય છે. કવિ એક નવું, નોખું ચિત્ર જુએ છે. એ બાળસખી કોઈના ખભા પર ચઢીને (કવિતામાં 'શિર પર ચઢીને' કહ્યું છે !) આ બધું જોઈ રહી છે. પહેલાં તો એને 'સૂઈ રહેવાની આ રમત' કંઈક 'અવનવી' લાગે છે. પણ પછી બધું સમજાતાં 'પગ પછાડી', ઊંચા સ્વરે એ રડવા મંડી પડે છે. બાળસહજ નિર્દોષતાનું આ ભારઝલ્લું છતાં સહજ ચિત્ર આપ્યા પછી કવિ કહે છે : 'તુજ મરણથી ખોટ વસમી / અકેલીએ આખા જગત મહીં એણે જ વરતી.' હા, અગાઉ બાનાં બે છાનાં અશ્રુબિંદુ સરી પડ્યાં હતાં. બા પર જોકે વ્યવહારજગતની જબરી આણ હતી પણ બાળસખીની 'ખોટ', 'વસમી' હતી. એને રડતી જોતાં, કાવ્યની પ્રથમ પંક્તિમાં 'તને નાનીશીને કશું રડવું ને શું કકળવું ?' એમ કહેનાર કવિ અંતિમ પંક્તિમાં કહી બેસે છે : '– અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું !'

કંઈક એવું લાગે છે કે આખીય કવિતામાં પ્રથમ પંક્તિથી જ ભરાવો શરૂ થયેલો ડૂમો આ અંતિમ પંક્તિએ પહોંચતાં કવિનાં ડૂસકાંની સાથોસાથ ઓગળે છે અને આપણને થોડીક હળવાશનો અનુભવ કરાવી રહે છે. એક રીતે જોતાં આ કવિતા એ ડૂમા અને ડૂસકાંભરી સ્થિતિનાં બે બિંદુઓમાં વિસ્તરતી કવિતા છે. એક બાજુ વડ-માનું વ્યવહારજગત છે અને બીજી બાજુ ગોઠણનું નિર્દોષ બાળજગત છે. એ બંનેને કવિએ

અહીં તારસ્વરે અભિવ્યક્ત થવા દીધાં છે. બંને વચ્ચે દેખાતો વિરોધાભાસ વાસ્તવિક – રીયલ – છે. આ દૃશ્યકવિતાનો દેહ ચૌદ પંક્તિનો નથી પણ પ્રાણ સૉનેટનો છે. બોલચાલના લયલહેકામાં શિખરિણી પ્રયોજાયો છે. કાવ્યનો ઉઘાડ જ કવિની સહજ સ્વગતોક્તિથી થાય છે. પછીની પ્રસંગાલેખનની પળોમાં કવિએ વસ્તુલક્ષી – ઑબ્જેક્ટિવ – રહેવાનું સ્વીકાર્યું છે અને સીધો હસ્તક્ષેપ કરવાનું છેક સુધી ટાળ્યું છે. એમાં કલાસંયમ છે. છેલ્લી પંક્તિમાં પણ બાળગોઠણના આકસ્મિક વિલાપના દૃશ્યથી પોતાને શું થાય છે એનું બયાન આપી કવિ અટકી ગયા છે. કાવ્યમાં અનુભૂતિ પરિસ્થિતિગત છે પણ પરિસ્થિતિના બયાનમાં કવિનો કોઈ હસ્તક્ષેપ નથી. કવિ તો જાણે પ્રસંગ, પરિસ્થિતિ અને પાત્રોથી દોરવાતા ચાલ્યા છે, કવિની આંખ જે જુએ છે એનું બયાન કરતાં કરતાં જ કવિતા નિપજાવે છે. કવિને આ પ્રસંગે રોવું નથી. એનાં હાથવગાં કારણો પણ કવિએ આપ્યાં છે. પણ ગોઠણનું રુદન, એમને વ્યવહારજગતની સમજણના બધા સીમાડાઓ તોડાવી, છોડાવી નિર્બંધ, નિર્દંભ સાહજિકતા તરફ લઈ જાય છે.

આવું ઘણી વખત બને છે. નિશ્ચયપૂર્વક નક્કી જ કર્યું હોય કે આમ જ કરવું છે અને આમ નથી જ કરવું પણ થાય એવું કે આપણે એ જ કરી બેસીએ જે પ્રાપ્ત પરિસ્થિતિમાં ઇષ્ટ અને યથાર્થ હોય. આ કાવ્ય ઉમાશંકરે એમના ગામ બામણામાં ડિસેમ્બર ૧૯૩૩માં લખ્યું હતું. એ પછી સાતેક વરસે, (તા. ૪-૧-૧૯૪૦ના રોજ) મનસુખલાલ ઝવેરીએ એક સૉનેટ લખેલું. શીર્ષક હતું : ‘અપાઈ મુજથી ગયું.’ એમાં, ભિખારીને કશું નહિ આપવાનો, એની આળસને નહિ પોષવાનો કવિનો નિર્ણય કાવ્યના અંતભાગમાં બદલાઈ જાય છે. કારણ ? ભિખારીની કેડે કવિ બાળકને જુએ છે. દૃષ્ટોદૃષ્ટ થતાં એ બાળક સહસા હસી પડે છે અને કવિને દૂર દૂર વસેલાં પોતાનાંનું સ્મિત સાંભરી આવે છે. છેલ્લી પંક્તિમાં કહે છે : ‘ને ન’તું આપવું તોયે અપાઈ મુજથી ગયું.’

ઉમાશંકર જોશી વિશેનો મૂલ્યાંકનગ્રંથ ‘કવિનો શબ્દ’ (સં. સુરેશ દલાલ, ૧૯૬૮) પ્રગટ થયો ત્યારે, એમની સર્જનપ્રક્રિયા સમજાવે એવા થોડાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એક પ્રશ્ન આમ હતો : ‘તમારી કોઈ અત્યંત મહત્ત્વની કૃતિ સહૃદયોની નજર બહાર રહી ગઈ હોય એવું બન્યું છે ? કઈ કૃતિ ?’ જવાબમાં ઉમાશંકરે, ‘લોકલમાં’ની સાથેસાથે આ કાવ્યનો પણ ઉલ્લેખ કરેલો અને કહેલું : ‘‘એક બાળકીને સ્મશાને લઈ જતાં – જુદા જ સંજોગોમાં સુન્દરમે તારવ્યું. હું ચીન હતો. ચીન અને અગ્નિ એશિયાના દેશો તરફ, અને અહીં એક અમેરિકન સંપાદક આવેલા. ગુજરાતીમાંથી કવિતાના અનુવાદો એમને જોઈતા હતા. સુન્દરમે આ કાવ્ય પસંદ કર્યું અને અંબુભાઈ (પુરાણી)એ કરેલો એનો અનુવાદ પેલા સંપાદક ભાઈને સોંપ્યો. પાછળથી સુન્દરમે મને લખ્યું હતું કે આપણી રચનાઓમાંથી અંગ્રેજી જેવી બીજી ભાષાના અનુવાદમાં શું ઊભું રહી શકે એ જોવું એ એક અનુભવ છે.’’



# નિશીથનું પ્રબળગતિ લીલા-સ્તોત્ર

રમણ સોની

## નિશીથ

૧

નિશીથ હે ! નર્તક રુદ્રરમ્ય !
સ્વર્ગંગનો સોહત હાર કંઠે,
કરાલ ઝંઝા-ડમરુ બજે કરે,
પીંછાં શીર્ષે ઘૂમતા ધૂમકેતુ,
તેજોમેઘોની ઊડે દૂર પામરી.
હે સૃષ્ટિપાટે નટરાજ ભવ્ય !

ભૂગોલાર્ધે પાયની ઠેક લેતો;
વિશ્વાન્તર્‌ના વ્યાપતો ગર્ત ઊંડા.
પ્રતિક્ષણે જે ચકરાતી પૃથ્વી,
પીઠે તેની પાય માંડી છટાથી
તાલી લેતો દૂરના તારકોથી.

ફેલાવી બે બાહુ, બ્રહ્માંડગોલે
વીંઝાઈ ર્‌હેતો, ઘૂમતી પૃથ્વી સાથે.
ઘૂમે, સુઘૂમે ચિરકાલ નર્તને,
પડે પરંતુ પદ તો લયોચિત
વસુંધરાની મૃદુ રંગભોમે;
બજંત જ્યાં મંદ્ર મૃદંગ સિંધુનાં.

૨

પાયે તારે પૃથ્વી ચંપાય મીઠું,
સ્પર્શે તારે તેજરોમાંચ ધ્રૌને.
પ્રીતિપ્રોયાં દંપતીઅંતરે કો
વિકારવંટોળ મચે તું-હૂંફે.

**૩**

નિહારિકાનાં સલિલે ખેલનારો,
લેનાર જે તાગ ઊંડા ખગોલના,
રંકાંગણે તું ઊતરે અમારે.
દીઠો તને સ્વૈર ઘૂમંત વ્યોમે;
અગસ્ત્યની ઝૂંપડીએ ઝૂકંતો,
કે મસ્ત પેલા મૃગલુબ્ધ શ્વાનને
પ્રેરંત વ્યોમાંત સુધી અકેલ.
સપ્તર્ષિનો વા કરીને પતંગ
ચગાવી ર્‌હેતા ધ્રુવશું રમંતો.
પુનર્વસુની લઈ હોડલી જરી
નૌકાવિહારે ઉરને રિઝાવતો.
કે દેવયાની મહીં જૈ ઝૂલંતો.

દીઠેલ હેમંત મહીં વળી, મઘા
તણું લઈ દાતરડું નિરંતર
શ્રમે નભક્ષેત્ર તણા સુપક્વ
તારાગણો – ધાન્યકણો – લણંતો.
ને વર્ષામાં લેટતો અભ્ર ઓઢી.
હે રૂપોમાં રાચતા નવ્ય યોગી !

**૪**

નિશીથ હે ! શાંતમના તપસ્વી !
તજી અવિશ્રાંત વિરાટ તાંડવો
કદીક તો આસન વાળી બેસતો
હિમાદ્રિ જેવી દૃઢ તું પલાંઠીએ.
ઉત્ક્રાંતિની ધૂણી ધખે ઝળાંઝળાં,
ઉડુસ્ફુલિંગો ઊડતા દિગંતમાં;
ત્યાં ચિંતવે સૃષ્ટિરહસ્ય ઊંડાં
અમાસઅંધારતલે નિગૂઢ તું.
અને અમે માનવ મંદ ચેતવી
દીવો તને જ્યાં કરીએ નિહાળવા,
જૃમ્ભાવિકાસ્યું મુખ જોઈ ચંડ
તારું, દગોથી રહીએ જ વીંટી





નાની અમારી ઘરદીવડીને.
ને ભૂલવાને મથીએ ખીલેલું
સ્વરૂપ તારું શિવરુદ્ર વ્યોમે.

**૫**

સંન્યાસી હે ઊર્ધ્વમૂર્ધા અઘોર !
અંધાર અર્ચેલ કપોલભાલે,
ડિલે ચોળી કૌમુદીશ્વેતભસ્મ.
કમંડલુ બંકિમ અષ્ટમીનું
કે પૂર્ણિમાના છલકંત ચંદ્રનું.
કરે રસપ્રોક્ષણ ચોદિશે, જે
સ્વયં ચરે નિઃસ્પૃહ આત્મલીન,
દ્વારે દ્વારે ઢૂકતો ભેખધારી.
પ્રસુપ્ત કોઈ પ્રણયી યુગોનાં
ઉન્નિદ્ર હૈયાકમલો વિશે મીઠો
ફોરાવતો ચેતનનો પરાગ.
સ્વયં સુનિશ્ચંચલ. અન્ય કેરાં
રાચે કરી અંતર મત્ત ચંચલ.
ખેલન્દા હે શાંત તાંડવોના !

**૬**

મારા દેશે શાશ્વતી શર્વરી કશી !
નિદ્રાઘેરાં લોચનો લોક કેરાં,
મૂર્છાછાયાં ભોળુડાં લોકહૈયાં,
તે સર્વ ત્વન્નીરવનૃત્યતાલે
ન જાગશે, દ્યૌનટ, હે વિરાટ ?

મારે ચિત્તે મૃત્યુઘેરી તમિસ્રા,
રક્તસ્રોતે દાસ્યદુર્ભેદ્ય તંદ્રા.
પદપ્રપાતે તવ, હે મહાનટ,
ન તૂટશે શું ઉરના વિષાદ એ ?
તાલે તાલે નૃત્યના રક્તવ્હેણે
સંગીત આંહીં શું નહીં સ્ફુરે નવાં ?

શ્રાન્તોને તું ચેતના દે, પ્રફુલ્લ
શોભાવતો તું પ્રકૃતિપ્રિયાને,
ને માનવોની મનોમૃત્તિકામાં
સ્વપ્નો કેરાં વાવતો બી અનેરાં.

તું સૃષ્ટિની નિત્યનવીન આશા.
ન આટલું તુંથી થશે ? કહે, કહે,
નિશીથ, વૈતાલિક હે ઉષાના !

મુંબઈ, સપ્ટેમ્બર ૧૯૩૮

**જો** દરેક વાર ન આકર્ષે, જો દરેક વાચને નવેસર ન મૂંઝવે, જો દરેક વખતે નવાં વિસ્મય-રોમાંચ ન પ્રેરે, જો જ્યારેજ્યારે વાંચીએ ત્યારેત્યારે ફરીફરીને આંખ સામે ને કાનમાં નવે રૂપે ન ઊઘડે, ને એમ જો હંમેશાં પ્રહર્ષક પીડા ન આપે – તો કિમ્ કવેઃ તસ્ય કાવ્યેન ?

S

'નિશીથ'. ઘણી વાર વાંચ્યું છે. કેટલીક વાર તો સડસડાટ વાંચ્યું છે – એવું એ દ્રુતલયગતિ છંદકાવ્ય છે. આજે વાંચું છું ત્યારે એ આમ ઊઘડે છે :

**નિશીથ હે !**
**નર્તક**
**રુદ્ર-**
**રમ્ય !**

ટૂંકોસરખો ઉપજાતિ, એ આમ ચાર યતિ ખમે ? પણ પ્રવેશક પંક્તિને હું જરા ઇરાદાપૂર્વક ધીમી ગતિની કરું છું – નિશીથ (મધ્યરાત્રિ)ને સાક્ષાત્ કરી લેવા માટે. નિશીથ નર્તકના 'રૂપમાં' સમક્ષ થાય છે, પછી રુદ્ર નર્તક રૂપે, પછી વળી રમ્ય નર્તક રૂપે. પછી વળી, કાન ચમકે છે : કવિ કેવળ રૂપ-વર્ણન કરતા નથી, 'તે'ને જ સંબોધે છે. એટલે ઘોષ સંભળાય છે – 'હે નર્તક, રુદ્ર-રમ્ય !'

બસ. પછી આ ઘોષ સતત, દ્રુત ગતિથી, આખા કાવ્યમાં પ્રસરતો-સંભળાતો રહે છે. જુદાંજુદાં રૂપ ઉપસાવતું આ હે – સંબોધન કાવ્યમાં નવ વાર આવે છે. અવાજ અને આકારનું યુગપત્ નૃત્ય પણ મારા ચિત્તમાં, સમાન્તરે, ભજવાય છે.

S

ખંડ : ૧ના પહેલા ખંડકમાં નર્તકનું રૂપ રચવામાં કવિએ વિરાટ તત્ત્વોને યોજ્યાં છે – સ્વર્ગંગા, 'ઘૂમતા ધૂમકેતુ' અને નિહારિકાઓ ('તેજોમેઘો'). પણ અલંકરણ-શણગાર એવો થયો છે કે નટરાજનું ભવ્ય રૂપ રમણીય પણ લાગે છે. જાણે પહેલી પંક્તિના



'રમ્ય' સાથે આ 'ભવ્ય'નો સુ-સંગત પ્રાસ રચાઈ રહે છે. કવિની ઉત્સવપ્રિયતા તો જુઓ : 'તેજોમેઘોની ઊડે દૂર પામરી.' અને પામરીને દૂર સુધી ફરફરતી દેખાડવા એમણે શાલિનીમાં એક શ્રુતિ ઉમેરી દીધી !

ને બીજા-ત્રીજા ખંડકમાં નટરાજનું વેગીલું નૃત્ય. ભવ્યને ગતિ મળે તો કેવું રોમહર્ષણ નૃત્ય-દર્શન પ્રાપ્ત થાય એનો આ ઉત્તમ, કદાચ વિરલ, નમૂનો છે. 'ભૂગોલાર્ધે પાયની ઠેક લેતો' નટરાજ 'તાલી લેતો દૂરના તારકોથી' – ત્યારે એના નૃત્યવેગની સાથે ઉન્નત-તાનો, ધ સબ્લાઇમનો, અનુભવ પણ કરાવે છે. 'પ્રતિક્ષણે' ચકરાતી-ઘૂમતી પૃથ્વી સાથે નિશીથનું આ 'ચિરકાલ' નર્તન એક પરિચિત ભૌગોલિક ઘટનાને સજીવ કરી મૂકે છે – એને કેવું અદ્‌ભુત સંચારી રૂપ આપે છે ! પ્રબળગતિ નૃત્યને લયોચિત રાખનાર પાર્શ્વસંગીત આ ખંડની છેલ્લી પંક્તિમાં કવિ સંભળાવે છે : 'બજંત જ્યાં મંદ્ર મૃદંગ સિંધુનાં.' મૃદંગોના મંદ્ર ઘોષને શ્રવણસુલભ કરતા એકધારા નાસિક્ય ધ્વનિઓ જાણે કે સાહજિક રીતે પ્રગટી આવ્યા છે.

આ બૃહન્નૃત્યના સાક્ષાત્કારમાં છંદનો ફાળો પણ મોટો છે. આ કાવ્ય પહેલી વાર વાંચેલું ત્યારથી ઉમાશંકરનો આ શાલિની છંદ મને બહુ જ ગમતો રહ્યો છે. નૃત્યદૃશ્ય અને છંદની જુગલબંદીએ હંમેશાં મારું માથું ડોલાવ્યું છે. ને ક્રમશઃ છંદની ઉપકારકતાને મારા મનમાં ઉતારી છે. નૃત્યનાં તાલઠેકા અને લયગતિ શાલિનીમાં બરાબર ઊતર્યાં છે – માત્ર શાલિનીમાં જ શા માટે; ઉમાશંકરે અહીં ઉપજાતિના ફલકને વિસ્તારીને જે વિવિધ છંદ-ભાતો, ને એમાં છંદ-પ્રયોગો, સરજ્યાં છે, એ બધાંમાં આ નિશીથ-ગતિ-લય બરાબર ઊતર્યો છે. છંદ-ભાતની બધી વાત કરવામાં તો 'ગ્રંથ[લખાણ] અતિ ઘણૂં થાય' એટલે માત્ર એક જ દૃષ્ટાંત : બીજા ખંડકની પાંચ પંક્તિઓમાં, શાલિનીની ચાર પંક્તિની વચ્ચે સહસા પ્રવેશી જતી ઉપેન્દ્રવજ્રાની પંક્તિ 'પ્રતિક્ષણે જે ચકરાતી પૃથ્વી', નટરાજ પરથી ક્ષણેક ધ્યાન ખસેડીને, એ જ ગતિલયમાં, 'ચકરાતી' પૃથ્વીને દૃશ્યમાન કરે છે એમાં છંદની વિશિષ્ટ ભૂમિકા જોઈ શકાય છે – હું તો જોઉં જ છું.

S

બીજો ખંડ. નૃત્યરત નિશીથનો પ્રભાવ. કવિએ ચાર જ પંક્તિઓ લીધી છે. વેગ, હવે આ-વેગ; પ્રીતિપૂર્ણ કામાવેગ. પહેલી બે પંક્તિઓમાં વ્યાપકનો, સૃષ્ટિનો કામ-રોમાંચ છે. કવિ કહે છે, હે નિશીથ ! તારા પાયથી/પાય નીચે પૃથ્વી 'મીઠું' ચંપાય છે; ને હે નિશીથ ! તારા સ્પર્શથી આકાશ(દ્યૌ)ને તારક-પલકારનો 'તેજરોમાંચ' થાય છે. વિરાટ પ્રકૃતિનું રતિ-ઉદ્દીપન. એ સાથે જ એ રતિ-ઉદ્દીપન માનવોમાં સંક્રાન્ત થાય છે. પ્રીતિમાં પરસ્પર 'પરોવાયેલાં' દંપતીના હૃદયમાં જાગતો ને મચી રહેતો વિકાર'વંટોળ'. કવિએ માર્મિક શબ્દપ્રયોગ, બલકે અર્થસંકેત, કર્યો છે – 'તું-હૂંફે.' નિશીથનો સ્પર્શ નથી – દંપતીના એકાંતમાં વિશ્વસ્ત બની રહેતી એની અદૃષ્ટ પ્રેરકતા છે. આકાશનો તેજરોમાંચ વ્યાપક છે, આ દંપતી-વિકારોદ્દીપન અંગત ને એમ સંગોપિત છે. છતાં વેગ અને ઉદ્રેકનો

તંતુ તો બરાબર જોડાયેલો રહે છે – ‘લયોચિત્અ.’ વેગ એ નૃત્યનું તેમજ રતિ-ઉદ્દીપનનો સમાન (કૉમન) ઘટક છે એટલે મને વળી, આ કાવ્યની રચનાસંદર્ભે, ફરી શાલિની યાદ આવ્યો : ગાગાગાગા ગાલગા ગાલગાગા. ૧૪ શ્રુતિઓમાંથી ૯ ગુરુશ્રુતિઓવાળો ને અવાન્તરે ૨ લઘુશ્રુતિઓને ગૂંથીને વિશિષ્ટ લય-આલેખ ઉપસાવતો આ છંદ ઉદ્રેકશીલ દ્રુત હૃદયધબકારના વેગને ઝીલવામાં પણ કાર્યસાધક (ફંક્શનલ) બનતો લાગે છે.

S

દૃષ્ટિફલક (આઈ-સ્પાન)ની કંઈક બહાર રહેતું નિશીથનું ભવ્ય-વિરાટ રૂપ હવે, ત્રીજા ખંડમાં, નયન-રમ્ય બને છે. દૂર નિહારિકાનાં સલિલે ખેલનારો નિશીથ હવે એની રમ્ય બલકે રમતિયાળ લીલાઓ સાથે નિકટ આવે છે (‘રંકાંગણે તું ઊતરે અમારે.’) આ ખંડનાં ક્રિયા-રૂપો જુઓ : ઝૂકંતો, રમંતો, ઝૂલંતો, લણંતો... આકાશનાં જ્યોતિરૂપો નિશીથની કંઈક મસ્તીખોર (બાળ)લીલા રૂપે સાક્ષાત્ થાય છે. (નક્ષત્રોને અલંકરણ-સજીવ કરનાર કાકાસાહેબ યાદ આવે જ – ઉમાશંકર પણ ‘નિશીથ’ સંગ્રહના ટિપ્પણમાં એમને યાદ કરે છે ને વળી આપણને સૂચવે છે : ‘જિજ્ઞાસુએ વરસભર, ને વિશેષતઃ નવેમ્બરમાં આકાશદર્શન કરવું.’)

પહેલા ખંડના વેગીલા રુદ્રનૃત્ય કરતાં અહીં ગતિ ઘટે છે – કંઈક લાસ્ય-નૃત્ય ભંગિમાઓ દેખાય છે. છેલ્લી પંક્તિને બાદ કરતાં, આ ખંડની પહેલી ૧૭ પંક્તિઓમાં ક્યાંય પણ કવિએ વેગભર્યો શાલિની યોજ્યો નથી. છંદની એક વધુ કાર્યસાધકતા. અગાઉના રમ્ય, ભવ્ય નિશીથની અહીં વળી એક જુદી ઓળખ ઊપસે છે : ‘હે રૂપોમાં રાચતા **નવ્ય યોગી** !’ અહીં ‘યોગીની’ લીલાઓ છે – ‘ધ્રુવશું રમંતો’ વગેરે વાંચતાં મનમાં સહસા ઝબકે છે : स रमते ।

S

કાવ્યની સ્થાપત્ય-રચના કવિ-કૌશલ-આયોજિત પણ છે. ત્રીજા ખંડનો યોગી હવે, ચોથામાં, ‘શાન્તમના તપસ્વી’ રૂપે સાક્ષાત્ થાય છે. પેલું મૃદુ રમતિયાળ વિસ્મય હવે સમગ્ર સૃષ્ટિની ઉત્-ક્રાન્તિની રહસ્ય-જિજ્ઞાસામાં પલટાય છે. નિશીથનું એ અપ્રતિરોધ્ય વિસ્મય ‘જાંૃભાવિકાસ્યું મુખ...’ એવી મુદ્રા ધારણ કરે છે ! મનુષ્ય દ્વારા થતા એના ‘દર્શન’નું ચિત્ર જોઈએ : અમાસનો નિગૂઢ અંધકાર. અમે માનવ(-મંદ-)દીવો ચેતવીને તને નિહાળવા જઈએ છીએ ત્યાં... એ જાંૃભાવિકાસ્યા ચંડ મુખનું દર્શન (એમાં બ્રહ્માંડદર્શન, એથી ?) અમારે માટે અ-સહ્ય થઈ પડે છે : ‘સ્વરૂપ તારું શિવરુદ્ર વ્યોમે.’

રુદ્ર-રમ્ય-રુદ્ર એવા ક્રમિક રૂપ-વિવર્તોનો એક સર્જનાત્મક આલેખ – જાણે ચિત્રવિથિ આ કૃતિમાં ઊપસી રહે છે.

S

ચોથાનું સાતત્ય, ને વળી એમાં બીજા ખંડનુંય અનુસંધાન, પાંચમા ખંડમાં જોઈ શકાય છે. અમાસ-અષ્ટમી-પૂર્ણિમા એવા રાત્રિવિવર્તોમાં વ્યાપતા નિશીથનાં જાણે કે સર્વ



રૂપો કવિને આલેખવાં છે. પેલો તપસ્વી, તે જ હવે (ફરી સક્રિયતા-પ્રેરક) સંન્યાસી – કપાળમાં અંધારની અર્ચના, શરીરે કૌમુદીશ્વેત-ભસ્મ, હાથમાં અષ્ટમીનું (ક્યારેક પૂર્ણિમાનું) કમંડલું. એના ‘રસપ્રોક્ષણ’થી હવે ફરી પ્રીતિ-ઉત્તેજનાનો સંચાર. સરખાવીએ બીજા ખંડના ‘વિકારવંટોળ મચે’ની સાથે આ ખંડના ‘હૈયાકમલો વિશે મીઠો... ચેતનનો પરાગ.’ અલબત્ત, એ પણ હૃદયને ‘મત્ત ચંચલ’ કરનાર તો છે જ. નિશીથ ખરા અર્થમાં ઉદ્દીપક જ છે – ‘સ્વયં સુનિશ્ચંચલ’. એથી આવાં (બીજા ખંડમાં છે તે અને અહીં પણ છે તે, એવાં) ‘શાંત તાંડવો’નો ખેલંદો છે નિશીથ. (બલવંતરાય જેવા કાવ્યમર્મજ્ઞે ‘તાંડવો શાંત કહેવાય ખરાં ?’ એવો પ્રશ્ન કેમ ઉઠાવ્યો હશે એ સમજી શકાતું નથી.)

S

છેલ્લા ખંડમાં, ઉમાશંકર જ કહે છે એમ[s], નટરાજ રૂપને આવાહન છે – સ્પષ્ટ પ્રાર્થના છે. સ્તોત્રકાવ્યનું કંઈક રૂઢ રૂપ એથી ઊપસે છે. ‘મહિમ્ન’ સ્તોત્ર નિશીથના આવા રૂપ-આલેખનથી પણ પર્યાપ્ત, પૂર્ણ ન થઈ શક્યું હોત ? થયું જ છે. વળી, પાંચમા ખંડના અંત પછી, કાવ્યની છેલ્લી પંક્તિ ‘નિશીથ, વૈતાલિક હે ઉષાના !’માં આખી રચના ફરીથી સમ પર આવે પણ છે. પરંતુ, એ વચ્ચેની, છઠ્ઠા ખંડની ૧૭ પંક્તિઓ ભરીને કવિએ કલ્યાણવાંછાની પ્રાર્થના કરી છે. ‘મારા દેશે’, ‘લોક કેરાં’, ‘ભોળુડાં લોકહૈયાં’, ‘ન જાગશે’ ? અને ‘રક્તસ્રોતે *દાસ્યદુર્ભેદ્ય* તંદ્રા’ ‘ન તૂટશે’ ? એવા શબ્દોમાં આલેખાતી આરત કાવ્યને કઈ દિશામાં લઈ જાય છે ? કવિ એ તો કંઈક બરાબર કહે છે કે, તું (નટરાજ) શ્રાન્તોને ચેતના દે છે, પ્રકૃતિપ્રિયાને શોભાવે છે, માનવોના મનમાં સ્વપ્નોનાં બી વાવે છે. આટલું તો એ કરે છે, એ પર્યાપ્ત નથી ? પછી પાછું ‘ન આટલું તુંથી થશે ? – નું ઉમેરણ ?! કંઈક આવી પ્રાર્થના મુખર બની રહે છે : ‘તું અમારી નિત્યનવીન આશા છે, હે દેવ ! તો તું અમારા પર આટલી કૃપા કર.’ છતાં ઉમાશંકર જોશી ટિપ્પણમાં લખે છે : ‘નિશીથને કાવ્યોચિત મૂર્તત્વ, વ્યક્તિત્વ (personification) પણ આપ્યું છે. પણ તે એને દેવ ગણવા કે ગણાવવાની આસ્થા વગર જ.’ (જુઓ, ‘નિશીથ’, ૧૯૩૯, પૃ. ૧૯૧). ટિપ્પણમાં ‘સ્વપ્નો-આદશો-નાં બી’ એમ સ્વપ્નને આદર્શમાં સીમિત કર્યું છે એ પણ... નથી ગમતું.

પણ આ બધો કવિના સમયનો ને એમણે કરેલી આવી ટિપ્પણનો ઇલાકો છે. એમાંથી બહાર નીકળીને, એવી થોડીક ખલેલને મનમાંથી ખંખેરી નાખું છું તો એક અદ્ભુત કાવ્ય ‘નિશીથ’માં અનુભવું છું – છંદલયનું, અલંકરણનું કવિકર્મ-નકશીકામ અને સર્જકની ઉત્તમ કલ્પનાશક્તિ સંતૃપ્ત કરે છે.

r

---

s ‘નિશીથ’ સંગ્રહને અંતે ટિપ્પણમાં ઉમાશંકર જોશી લખે છે : ‘નટરાજરૂપને ફરી ચિત્તમાં પ્રત્યક્ષ કર્યું છે. માનવોના મનની માટીમાં સ્વપ્નો-આદર્શો-નાં બી વેરવાની એ મહાનટની શક્તિનું, પોતાના મંદ-પ્રમાદી રક્તવહેણમાં પ્રતાપી મનભર સંગીત સ્ફુરાવવા માટે છેલ્લે આવાહન છે.’

## આસ્વાદોત્તર બીજી એકબે વાત

### ૧. છંદપ્રયોગ :

૬૮મી પંક્તિ 'ખેલંદા હે શાન્ત તાંડવોના'માં ૭મી ગુરુશ્રુતિનો લોપ કર્યો છે એમાં 'છંદનું માપ તૂટે છે' એવી ટીકા બલવંતરાયે કરેલી. ('આપણી કવિતાસમૃદ્ધિ' (૧૯૩૯), પૃ.૧૨૮-૧૩૧). ઉમાશંકર 'નિશીથ' સંગ્રહની નોંધમાં કહે છે, 'એમાં છંદોભંગ લેખવાની જેને ઇચ્છા હોય તે તેમ ગણે.' ને પછી શાસ્ત્રાધાર આપે છે કે 'રણપિંગળ'માં ૧૦ શ્રુતિનો 'પંક્તિ' નામનો છંદ છે – મતરગા. એ જુઓ તો આ છંદોભંગ કે શ્રુતિલોપ પણ નહીં લાગે. એમણે પોતે તો ઉપજાતિમાં વચ્ચે 'એકવિધતા તોડવા માટે' આવો પ્રયોગ કર્યો છે. 'નિહારિકાનાં સલિલે **ખે**લનારો'માં ઉપેન્દ્રવજ્રાની ૮મી શ્રુતિ પછી, ૯મી ગુરુશ્રુતિનું, ઉમેરણ છે એને માટે પણ ઉમાશંકર શાસ્ત્રાધાર આપે છે 'રણપિંગળ'માંના ૧૨ શ્રુતિના 'જગતી' છંદનો. એમને કહેવું તો એ હતું કે છંદોની લય-ભાતોને માટે, જોઈતો હોય તો, શાસ્ત્રાધાર તો મહદંશે મળી રહે પણ (એક બીજા કાવ્ય 'ગ્રીષ્મપૂર્ણિમા' અંગેની ટિપ્પણમાં તેઓ લખે છે કે) 'સર્જનવ્યાપારમાં એકવિધતા ટાળવાને કલાકારનો લયલુબ્ધ કાન ક્વચિત્ નવું જ લયરૂપ સર કરે છે ત્યારે શાસ્ત્રાજ્ઞા માટે ઓછો જ રાહ જુએ છે ?' પણ આ શાસ્ત્રાધાર-નોંધ તો, તેઓ જરીક તારસ્વરે કહે છે કે, ''ના, આ તો છંદોભંગ' એમ અબ્રહ્મણ્યમ્ પુકારનારાઓને [...] તુષ્યતુ દુર્જન : એ ન્યાયે' કરેલી છે ! ઉમાશંકરની આ રોષમુદ્રા આસ્વાદ્ય છે. પરંતુ – કદાચ એટલે જ – એક ગુસ્તાખી કરવાનું મન થાય. એમના જેવા છંદસમર્થમાં પણ ખાડાપૂરક વર્ણશ્રુતિઓ જડે, જેમકે, આ 'ગ્રીષ્મપૂર્ણિમા'માં જ 'કે જેવી દેવી ઉતરે **સુ**મુક્તિની'માં ખાડાપૂરક 'સુ –' નંખાયો છે. બલવંતરાયે 'નિશીથ'માં '**સુ**નિશ્ચંચલ' એ શબ્દપ્રયોગને, જરા જુદી રીતે, 'વર્જ્ય' ગણ્યો છે – 'અતિસંસ્કૃત પ્રયોગ' કરીને. અલમ્.

### ૨. ગાંધીયુગીન અભીપ્સા ?

યશવંત ત્રિવેદીએ, ઘણુંખરું 'ગ્રંથ'માંની મુલાકાતમાં ઉમાશંકર જોશીને પૂછેલું : 'આપે 'નિશીથ' જેવું વિરાટ ફલક પર બળવાન કાવ્ય લખ્યું છે. પરંતુ પાંચ ખંડ સુધી શુદ્ધ કવિતાનું રૂપ જાળવ્યા બાદ આપ છઠ્ઠા ભાગમાં રાત્રિના શુદ્ધ રૂપને કોરે મૂકીને ત્યાં ગાંધીયુગના એક reformist (સુધારક) તરીકે [...] દેશની મૂર્છના ટળે એવી અભીપ્સા પ્રગટ કરી બેઠા.' ઉમાશંકરનો ઉત્તર હતો : ''નિશીથ' કાવ્યના અંત અંગે, એ 'કુમાર'માં પ્રગટ થયું તે દિવસથી મારું ધ્યાન ખેંચનારા મિત્રો મળ્યા છે. હું હજી સમજી શક્યો નથી કે શા માટે માણસ કવિતામાં પોતાના જમાનાનો નિર્દેશ ન કરી શકે.' (યશવંત ત્રિવેદી, 'ઇન્ટરવ્યૂ', ૧૯૮૬). આ મુલાકાત ઉમાશંકર જોશીના મરણોત્તર પુસ્તક 'થોડુંક અંગત' (૧૯૯૯)માં પુનઃ પ્રકાશિત થયેલી છે. જુઓ એનાં પૃષ્ઠ ૧૦૨ અને ૧૦૩.)

ઉમાશંકરનો આ ઉત્તર, કંઈક અનિચ્છાએ અપાયો હોય એવો, અપર્યાપ્ત ને



અસ્પષ્ટ લાગે છે. 'નિશીથ' (૧૯૩૯)માંની પેલી વિગતવાર ટિપ્પણમાં પણ, ખંડ-૬ની, 'મારા દેશે...'થી શરૂ થતી પહેલી ૯ પંક્તિઓ વિશે એમણે કશું જ નોંધ્યું નથી ! બલવંતરાયે, આ ખંડ વિશે, 'ગાંધીયુગીન' કે 'પોતાનો જમાનો' – એ પ્રકારની કોઈ ટિપ્પણ કરી નથી. એમનો પ્રશ્ન તો બીજો જ છે : 'પ્રકૃતિના કોઈ તત્ત્વને દેવાધિદેવ કલ્પી તેને આવી કોઈ પ્રાર્થના આપણા અર્વાચીન માનસને હવે શક્ય ખરી ?' (એમને તો સ્તોત્રકાવ્યનો આ પ્રકાર જ 'કાલગ્રસ્ત (ઑબ્સોલીટ)' લાગ્યો છે. એ અજ્ઞેયવાદીને અહીં 'અદ્ભુતતા કરતાં કૃત્રિમતા' વધુ લાગે છે (!). તેઓ કહે છે : 'વેદનું નામ પડતાં ગાંડા બનતા પુરાભક્તોમાંનો હું નથી.') ઉમાશંકરે આ 'પ્રાર્થના'વાળી વાત અંગે જાણે ઉત્તર વાળ્યો છે એમની ટિપ્પણમાં – 'નિશીથને ચિરંતન પ્રેરણાના મૂળ એવા પ્રબળ તત્ત્વ તરીકે **જ** અહીં ઉદ્બોધન છે' [...] એને દેવ ગણવા કે ગણાવવાની ઇચ્છા કે આસ્થા વગર **જ**.'

ઉમાશંકરના આ 'જ'કારો પ્રબળ બચાવ (strong defence) જેવા લાગે છે, બાકી પ્રબળ તત્ત્વ તરીકે નિશીથના મૂર્ત આલેખનની વાત તો અસ્વીકાર્ય છે જ ક્યાં ? બલકે, નર્તકથી વૈતાલિક સુધીનાં રૂપપરિવર્તનો બતાવતા નિશીથની પ્રબળ તત્ત્વ તરીકેની **લીલાઓ** આ કાવ્યને હૃદ્ય અને પ્રભાવક બનાવે છે.

r

## વર્ડ્ઝવર્થનું ગ્રાસમિયર

તડકો અહીં વધુ તડકીલો,
વર્ષા વધુ વર્ષીલી;
તૃણ વધુ હરિત, વ્યોમ વધુ નીલું,
લહરી વધુ લહરીલી.
પતંગિયાં–ફૂલનું ન પૂછો,
હૃદય એય વધુ હૃદય;
કવિશબ્દ-ધબકથી અનુભવાય અહીં
ઈશ્વર અદકેરો ઈશ્વર.

ગ્રાસમિયર, ૨૯/૩૦-૭-૧૯૭૩

# ગુજરાત – ઉમાશંકરની

**ભાગ્યેશ જહા**

## ગૂજરાત મોરી મોરી રે

મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી
ગૂજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં.
ગૂજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે;
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે !
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે
ગૂજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂબ્યાં જોડલે
ગૂજરાત મોરી મોરી રે.

નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી,

એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
ગૂજરાત મોરી મોરી રે.



ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

મુંબઈ, ૨૮-૧૧-૧૯૩૪

**ઉ**માશંકર આપણી ભાષાના પ્રમુખ ઊર્મિકવિ છે. કવિ યુગચેતનાના ઉદ્‌ગાતા છે તેથી અનેક સ્તરે અને સ્થળે એમનો સમાજોન્મેષ પ્રગટ થયા કરે છે. 'ગુજરાત મોરી મોરી રે...' એ એમની ગુજરાત પ્રત્યેના પ્રેમ અને અપેક્ષાની હૃદયોર્મિનું ગીત છે. 'મારી મારી'ને બદલે 'મોરી મોરી' ગાઈને કવિ એમના વ્હાલને થોડી લોકબોલીનો સ્પર્શ આપે છે, સાથે સાથે [આ કવિતા ૧૯૩૪માં લખાઈ છે] જન્મ આપનાર મા સાથે થોડો કાલો-કાલો ભાષાવ્યવહારથી આવનાર ભાવજગતની પીઠિકા પણ બાંધે છે. શેલી એમના 'A defence of poetry'માં કવિના અધિકારપૂર્વકના 'મળતાં મળી ગઈ' કે 'ભારતની ભોમમાં ઝાઝેરી' જેવા કવિવિધાનોને આ રીતે મૂલવી શકાય, 'Poets are the unacknowledged legislators of the world.' કવિનો વતનપ્રેમ નદીઓમાં, પર્વતોમાં, વાડી અને વગડામાં અને નેહભર્યા માનવસમૂહમાં અભિવ્યક્તિ પામ્યો છે, જેમાં ગુજરાત અને ઉમાશંકર આકંઠ છલકાય છે.

દરેક કવિતા એના નાભિકેન્દ્રથી કવિતામાં પથરાયેલ ભાવસંચલન પર નજર રાખતી હોય છે. અહીં કવિતાનો નાભિશબ્દ કાવ્યને છેડેથી ઉચ્ચરે છે, 'નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી, ગાંધીની ગુજરાત કપરી જીરવવી.' કવિતા ઊર્મિનો પ્રદેશ છે, વતનવ્હાલમાં ઊભરાતી નદીઓ અને ગગનસ્પર્શી પહાડો હોય તે સ્વાભાવિક છે પણ કવિ બે ઇતિહાસપાત્રોને મૂકીને આખી કવિતાના ભાવજગતને એક વળાંક આપે છે. મહર્ષિ અરવિંદ એમના મહાન પુસ્તક 'ફ્યુચર પોએટ્રી'માં જે કવિતાના મંત્રની વાત કરે છે તેનો રણકાર અહીં સંભળાય છે. કવિ ગાંધીયુગના પ્રભાવક પ્રવક્તા તો છે જ, પણ નર્મદ અને ગાંધીને સાથે સ્મરીને ગુજરાતી જીવનના આગામી પડકારોનો એક ભાવિનકશો પણ દોરે છે. 'તારી હાંક સુણીને કોઈ ના આવે તો એકલો જાને રે' જેવી રવીન્દ્રવાણી અને કલમને ખોળે માથું મૂકવાની પ્રતિજ્ઞાની ભાષામાં છલકાતી ભાષા અને સંસ્કૃતિપ્રીતિ આવનારી ઝગમગાટવાળી સમૃદ્ધિમાં ન ભુલાય માટે 'જીવવી છે દોહ્યલી' એવું કવિવચન સ્રવે છે.

કવિનો ગાંધીપ્રેમ ખૂબ જ જાણીતો છે. એમનું ગ્લોબલાઇઝેશન વેદ અને ઉપનિષદ અને સંસ્કૃત સાહિત્યની ગૌરવભરી વિશ્વપ્રજ્ઞા થકી પોષાયેલું અને રસાયેલું હોવાથી ગાંધી સાથેનો એમનો વિચારમેળ સ્વાભાવિક છે. 'વિશ્વશાંતિ', 'અભિજ્ઞા', 'ગંગોત્રી'માં જ નહીં પણ કવિની સમગ્ર કાવ્યસૃષ્ટિમાં કવિની સમાજ માટેની, વંચિતો માટેની નિસબત પ્રગટ

થયા કરી છે. આ સત્યનિષ્ઠા, દેશપ્રેમ અને સ્નેહથી છલકાતા માનવસંબંધો કવિને ગાંધીવિચારમાં તરબોળ કરે તે સ્વાભાવિક છે.

'જન્મ ગાંધી બાપુનો, સત્યના અમોઘ જાદુનો.' [અભિજ્ઞા, ગાંધી જયંતીએ...] આ અને આવા ગાંધીવિચાર તથા નિષ્ઠાને લીધે આ ગુજરાતને આ ભાવથી જીરવવી હશે તો ભારે પુરુષાર્થ કરવો પડશે. અહીં કવિનું 'મળતાં મળી ગઈ' એવું કહેણ સમજવામાં પણ આ વિચારભાર અને અપેક્ષાને કારણે ભાવકને સહાય મળે છે.

કવિની અને કવિતાની મજા પણ આ છે. કાવ્યની શરૂઆતમાં ગૌરવવાણી, નદીઓની પ્રેમાળ છોળો અને પર્વતની વડીલ જેવી ઊંચી હાજરી ભાવકને ગુજરાતની ભૂગોળ અને ભાવ જગતને ખોલી આપે છે. ચરોતર અને ચોરવાડની લીલીછમ પાર્શ્વભૂમાં વિકસેલાં હૈયાં અને કોયલ-મોરના પંખીરવમાં ગુજરાતના સુખી સમાજજીવનની સોડમ વરતાય છે. પણ ત્યાર પછીના અંતરામાં કવિ નર્મદ અને ગાંધીને મૂકીને કાવ્યની 'ઇકૉલૉજી'ને સફળતાપૂર્વક ઝંઝોળે છે. કવિતાની ભાગોળે મળેલા બે પ્રેરણાપાત્રો ભાવકને પાછો વાળે છે. એણે હવે સાબરના સોણલામાં ગાંધી અને નર્મદને સાંભળવાની જવાબદારી કવિએ સોંપી છે. ભાવકે ગિરનારી ટૂંકો [ગુજરાતના સૌથી ઊંચા પર્વતના શિખરને ટૂંકો કહી કવિ એકસાથે. 'ઇતિહાસબોધ' અને ગુજરાત માટે સરળ બનનાર વિકાસ-પર્વતારોહણોનો અંગુલિનિર્દેશ કરે છે.] અને ઇડરિયા ગઢને ગાંધી-નર્મદની હાજરીમાં જુદી રીતે વાંચવા પડે છે. હૈયાના હીરમાં ચોરવાડની છાતીના ધબકારા સાંભળવાના છે તો 'નીરતીરે' સારસસહજ લીલયા વિહરવામાં ગાંધીની જાગૃતિ અને તાપીતીરેથી પ્રગટેલી સુધારક મુદ્રા સુખમાં ડૂબી જતાં ભુલાઈ ન જવાય તેવું લોકશિક્ષણ આપવાનું કવિ-શિક્ષક કાનમાં કહેતા હોય તેવું જણાયા કરે છે. આ બધો મહિમાગાન એક વાર ગાયો તે કોઈ રીતે ભુલાય નહીં તેવું લ્હેકાભર્યું ઉમાશંકરીય વચન આપણને ફરી પાછા પે'લા લયમય ગીતમાં જોડે છે.

ઉમાશંકરના પ્રબુદ્ધ અભ્યાસી ચંદ્રકાન્ત શેઠ સાચે જ ઠરાવે છે કે આ કવિ 'વિશ્વતોમુખી' કવિ છે. ન્હાનાલાલને જેમ 'બ્રહ્મ' શબ્દ પ્રિય છે તેમ ઉમાશંકર વિશ્વ શબ્દ એની અનેક અર્થમુદ્રાઓમાં પ્રયોજે છે. કવિના આ કાવ્યના પ્રથમ વાચને લાગતો ગુજરાતપ્રેમ છેક લગી ગુંજતો તો રહે જ છે પણ કવિની ૧૯૩૪માં ઉચ્ચારેલી વ્હાલવાણી આજે ૭૬ વર્ષ પછી પણ એક અલગ તાજપ છલકાવે છે. એમની નિસર્ગપ્રીતિની પાર્શ્વભૂમાં કવિતા આપણને ઇતિહાસ અને ભાવિના આંગણાની થોડી વાછટ તો થોડા તડકાનો સંસ્પર્શ કરાવે છે. કવિની અને કવિતાની આ જ સ્તો કાલજયી છબિ છે.

r



# સ્વીકારની ભવ્યતા

**માધવ રામાનુજ**

## સખી મેં કલ્પી'તી –

સખી મેં કલ્પી'તી પ્રથમ કવિતાના ઉદય શી,
અજાણી ક્યાંથીયે ઊતરી અણધારી રચી જતી
ઉરે ઊર્મિમાલા, લયમધુર ને મંજુલરવ,
જતી તોયે હૈયે ચિર મૂકી જતી મોદમદિરા.

સખી મેં ઝંખી'તી જલધરધનુષ્યેથી ઝૂલતી,
અદીઠી શી મીઠી અવનવલ રંગોની લટ શી.
પ્રતિબિંબે હૈયે અણુ અણુ મહીં અંકિત થતી,
સ્ફુરંતી આત્મામાં દિનભર શકે સ્વપ્નસુરભિ.

સખી મેં વાંછી'તી વિરલ રસલીલાની પ્રતિમા,
સ્વયંભૂ ભાવોના નિલય સરખી કોમલતમ,
અસેવ્યાં સ્વપ્નોના સુમદલ-રચ્યા સંપુટ સમી,
જગે મર્દાનીમાં બઢવતી જ ચિત્તે તડિત શી.

મળી ત્યારે જાણ્યું : મનુજ મુજ શી, પૂર્ણ પણ ના.
છતાં કલ્પ્યાથીયે મધુરતર હૈયાંની રચના.

૧-૧૨-૧૯૩૭

**ક**લ્પનાથી આરંભાઈને ઝંખના અને વાંછનાને સ્પર્શતી આ રચના અત્યંત લાગણીપૂર્વક આપણને વાસ્તવ સુધી લઈ જાય છે. જોકે ખરેખર તો એમ કહેવું જોઈએ કે વાસ્તવના માધુર્ય સુધી લઈ જાય છે. આમ જોઈએ તો વાંછના સુધીની યાત્રા તો સહુ કોઈના હૃદયમાં ક્યારેક ને ક્યારેક તો જન્મી જ હોય છે. પણ આ સૉનેટની છેલ્લી બે પંક્તિઓમાં પ્રગટ થયેલી લાગણી અનુભવવાનું, એને આ રીતે પ્રગટ કરવાનું અને આ રીતે સ્વીકાર કરવાનું સહુ કોઈને માટે શક્ય નથી બનતું.

સખી – જીવનસાથીની રમણીય કલ્પના... કેવી ? 'પ્રથમ કવિતાના ઉદય શી' આથી ઉત્તમ સરખામણી બીજી કઈ હોઈ શકે ! પ્રથમ કવિતાનો એ ઉદય કેવો ? જ્યાંથી એ આવે છે એ સ્થળ – એ પ્રદેશ અજાણ્યો છે. એટલું જ નહીં, એ સ્વયં પણ આવે છે ત્યારે આરંભે અપરિચિત હોય છે. અજાણી છે ને ક્યાંથી ઊતરી આવે છે ? ખબર

નથી પડતી. અણધારી આવે છે. આવે છે ને હૃદયમાં ઊર્મિમાલા રચી જાય છે. મધુર લય અને મંજુલ રવવાળી એ સરવાણી આવે છે ત્યારે તો પરિપ્લાવિત કરે જ છે – એ આવે છે ને સમગ્ર અસ્તિત્વને આરપાર ઝંકૃત કરી મૂકે છે... જાય છે ત્યારે પણ ચિરંતન પ્રસન્નતાની મત્ત મ્હેક મૂકતી જાય છે. હે સખી ! તું આવી હોઈશ એવું મેં કલ્પ્યું'તું.

હે સખી, મેં તને કેવી ઝંખી'તી !... જલધર ધનુષ્યેથી ઝૂલતી. સ્વયં સૌંદર્ય જ હોઈશ તું. દેખાય નહીં છતાં જેનો અણસાર આવે એવી મીઠી અવનવલ રંગોની લટ જેવી. હૃદયમાં પ્રતિબિંબિત થઈને મારા અણુએ અણુમાં આલેખાતી જતી. આત્મામાં – મારા અંતરમાં સ્ફુરતી કોઈ સ્વપ્નસુરભિ સમી.

– અને હે સખી ! તારે માટેની મારી વાંછના કેવી હતી ? તું જાણે વિરલ રસલીલાની સાક્ષાત પ્રતિમા હોય... હૃદયમાં જ પ્રગટતા રહેતા સ્વયંભૂ ભાવોનું જાણે નમણું નિવાસસ્થાન ! જે સ્વપ્ન હજુ અધૂરાં છે, એમ નહીં, હજુ જે સ્વપ્ન સેવવાનાં જ બાકી છે એવા સ્વપ્નોના સુમધુર સંપુટ જેવી તું હોય !

આવી આવી કલ્પના-ઝંખના-વાંછના જેને વિશે હતી એ માધુર્યની મૂર્તિના આગમનનો અવસર આવ્યો. એ ક્ષણ આવી. કલ્પનાને બદલે વાસ્તવિકતાનો સ્પર્શ થયો. ત્યારે... એ વાસ્તવિકતા કેવી હતી ? એની અનુભૂતિ –

'મળી ત્યારે જાણ્યું : મનુજ મુજ શી...'

ઓહ ! આ તો મારા જેવી જ – સામાન્ય મનુષ્યો હોય છે એવી જ છે. એટલું જ નહીં, —

**'...પૂર્ણ પણ ના.**
**છતાં કલ્પ્યાથીય મધુરતર હૈયાંની રચના.'**

મારી કલ્પનાથીય વિશેષ મધુરતર તારા હૈયાની રચના છે એમ કહેતાંની સાથે જ આ સ્વીકારને પણ કેવી ભવ્યતા આપી દીધી !

r



# ઝંખનાથી ઝાંખી ભણીની પ્રસન્નકર સૌંદર્યયાત્રા

**દર્શના ધોળકિયા**

## મળી ન્હોતી જ્યારે –

મળી ન્હોતી ત્યારે તુજ કરી હતી ખોજ કશી મેં ?
ભમ્યો'તો કાન્તારે, કલરવ કરંતાં ઝરણને
તટે ઘૂમ્યો, ખૂંદ્યો ગિરિવર તણો સ્કંધપટ, ને
દ્રુમે ડાળે ડાળે કીધ નજર માળે ખગ તણા.

મળી ન્હોતી જ્યારે દિવસભરની જાગૃતિ મહીં,
મળી'તી સ્વપ્નોમાં મદિલ મિલનોની સુરભિથી.

સુગંધે પ્રેરાયો દિનભર રહ્યો શોધ મહીં, ને
દિવાસ્વપ્ને ઝાંખી કદી કદી થતાં થાક ન લહ્યો.

મળી અંતે સ્વપ્નો સકલ થકીયે સ્વપ્નમય જે.
મળી આશાઓની ક્ષિતિજ થકીયે પારની સુધા.
સૂની આયુર્નૌકા મુજ ઝૂલતી'તી અસ્થિર જલે,
સુકાને જૈ જોતી મળી જગતઝંઝાનિલ મહીં.

મળી ન્હોતી ત્યારે, પ્રિય, જલથલે ખોજી તુજને
રહું શોધી આજે તુજ મહીં પદાર્થો સકલ એ.

૨૫-૧૧-૧૯૩૭

**વિ**શ્વશાંતિના પયગંબરી મંગલ શબ્દબ્રહ્મના મંત્રથી કાવ્યારંભે દીક્ષિત થયેલા કવિ ઉમાશંકર શ્રદ્ધાના ને એ અર્થમાં આસ્તિકતાના ઉપાસક છે. શ્રી સુમન શાહે ઉચિત રીતે તેમને મૂલવતાં નોંધ્યું છે તેમ, 'કલા-સ્વીકૃતિ તેમનામાં જીવન-સ્વીકૃતિના એક સંવિભાગ રૂપે મહોરે છે. જીવનના સરિયામ માર્ગમાં અહીં કવિતાને મળવાનું બને છે... માનવસંસ્કૃતિનું છેલ્લી ક્ષણ લગીનું સ્વારસ્ય એમની જીવનપ્રેરણાનો તેમજ કાવ્યપ્રેરણાનો એક એવો સતત આધાર છે જેને તમે એમની સાહિત્યસૃષ્ટિ અને સાહિત્યપ્રવૃત્તિમાત્રનું અકાટ્ય પરિણામ લેખી શકો.'

જીવનના સરિયામ માર્ગે શાંત સાધનાના એક ભાગ રૂપે સતત ચાલતા રહેલા ઉમાશંકરે આરંભે દૂરથી સંભળાયેલા મંગલ ધ્વનિને આત્મસાત્ કરવાની જાણે મહાયાત્રા

આરંભી છે. ત્યારથી માંડીને છેક સુધી ઉમાશંકર શોધના કવિ રહ્યા છે. આ શોધ તેમણે એકલપંડે કરી છે. ભોમિયા વિના જ જીવતરના ડુંગરા ચઢવા તેમણે કસવાના કોઈ ખ્યાલ વિના જ કમર પાસેથી કામ લીધું છે. જીવતરના ગીતની, સંવાદના 'સા'ની તેમ પ્રિયાની, કહો કે પ્રેમની તે એમાં જ રહેલી-ભળેલી કવિતાની શોધ સ્વધર્મ બનીને ઉમાશંકરમાં પાંગરતી, શ્વસતી રહી છે. પ્રસ્તુત સૉનેટ એનું જ્વલંત દૃષ્ટાન્ત છે.

'મળી નહોતી જ્યારે –' કહેતાં શીર્ષકમાં અધ્ધર મુકાયેલો ભાવસંદર્ભ કાવ્યની પહેલી પંક્તિમાં 'ત્યારે'થી સંધાય છે :

**'મળી નહોતી ત્યારે તુજ કરી હતી ખોજ કશી મેં ?'**

કહેતા કવિ હવે કદાચ જે મળી ગઈ છે એવી પ્રિયાની અડોઅડ બેસીને પ્રિયાએ પોતાની શોધ વિશે પ્રિયતમે કરેલા પ્રયત્નની પૃચ્છાના ઉત્તરમાં આખીય વાત જાણે માંડે છે, ઉઘાડે છે. આ અર્થમાં આ કાવ્ય એક રીતે પ્રિયા સાથેનો સંવાદ જણાય છે પણ કાવ્યમાં પછીથી ક્રમશઃ વણાતી જતી શોધના પ્રયત્નની ગતિના વમળમાં ડૂબતો ગયેલો પ્રિયતમ એવો નાયક એની ભાવદશાને લઈને સંવાદને સ્વગતોક્તિમાં રૂપાંતરિત કરતો જણાય છે.

આરંભે મળી નહોતી એવી પ્રિયા અત્યારે નાયક માટે હાથવગી, બલકે હૃદયવગી થઈ છે ત્યારે એની અનુપસ્થિતિની ક્ષણોમાં એના માટે પોતે કરેલી લાંબી યાત્રા નાયક માટે છે તો આકરી; પણ એમાં રહેલી પ્રિયદર્શનની તાલાવેલીને લઈને એ શુષ્ક, રુક્ષ યાત્રાને બદલે કેવી તો મનોરમ બની ઊઠી છે તે જોવા જેવું છે. પ્રિયદર્શન માટે ચાલતો રહેલો નાયક ક્યાં ક્યાં પહોંચ્યો છે તેનું વર્ણન કહો કે દર્શન શિખરિણીના ગત્યાત્મક લયમાં કરાવાયું છે :

**'ભમ્યો'તો કાન્તારે, કલરવ કરંતાં ઝરણને**
**તટે ઘૂમ્યો, ખૂંદ્યો ગિરિવર તણા સ્કંધપટ, ને**
**દ્રુમે ડાળે ડાળે કીધ નજર માળે ખગ તણા.**

જેવી નાયકની પ્રિયા સૌંદર્યમંડિત છે તેવાં જ એનાં રહેઠાણનાં શક્ય સ્થાનોય સૌંદર્યરસ્યાં છે. પ્રિયાની શોધમાં પોતાનાં ચંચળ નયનોને ઉતારતો-ચઢાવતો નાયક સતત ભમ્યો છે. ક્યાં ? 'કાન્તારે.' કવિની શબ્દપસંદગીનું ઔચિત્ય તો જુઓ ! અરણ્યમાં, જંગલમાં કે વનમાં નહીં, 'કાન્તારે.' સૌંદર્યશ્રીથી લચેલાં, વનશ્રીથી સોહતાં કાન્તારમાં જ પ્રિયા હોય તો હોય. પ્રિયાની ઉપસ્થિતિ અરણ્યની રુક્ષતાને, એકલતાને કાન્તારની શ્રીમાં રૂપાંતરિત કરી દે ! આવી વનશ્રીથી સુશોભિત સ્થળના એકેએક ખૂણે કવિ ફરી વળ્યા છે :

**કલરવ કરંતાં ઝરણને**
**તટે ઘૂમ્યો, ખૂંદ્યો ગિરિવર તણા સ્કંધપટ, ને**

કાન્તાર પછી ઝરણું પછી ગિરિવરનો ખભો ને એ પછી —



**'દ્રુમે ડાળે ડાળે કીધ નજર માળે ખગ તણા.'**

વૃક્ષની ડાળે ડાળે ફરતી કવિની ચંચલ નજરે એ ડાળ પર રહેલા પક્ષીના માળામાંય ડોકિયું કરી લીધું છે. ક્યાંક આવા નાજુક ખૂણે પ્રિયાની ઉપસ્થિતિની શક્યતાની આશંકાને લઈને. શિખરિણીના લયને આત્મસાત્ કરતાં કરતાં છંદની આકૃતિને અનુરૂપ લઘુ-ગુરુનાં શિખરો અહીં 'ભમ્યો', 'ઘૂમ્યો', 'ખૂંદ્યો' જેવાં ક્રિયાપદો દ્વારા નાયકનાં ચરણોની ગતિની તીવ્રતાને ઇંદ્રિયગ્રાહ્યતાથી સૂચવતાં સૂચવતાં તેની શોધયાત્રાને અનોખું ચિત્રાત્મક રૂપ અર્પે છે. પ્રિયાની શોધને અંગે અહીં થતો પ્રકૃતિતત્ત્વનો વિનિયોગ કવિની ઝંખનાને સુકુમાર રૂપાકૃતિમાં ઢાળે છે.

'માળે ખગ તણા.' પાસે પૂરી થતી સૉનેટની પ્રથમ ચાર પંક્તિ પાસે નાયક જાણે થાક ખાવા બેસે છે. થોડો શ્વાસ ભરી લઈને ખુલ્લી આંખે કરેલી શોધના શ્રમ તેને શ્રમિત કરવાને બદલે બંધ આંખે થતી તૃપ્તિની કંઈક ઝાંખી સંપડાવવામાં સરળ બનાવે છે તે 'ત્યારે'નું 'જ્યારે'માં, પરિણામનું પ્રયાસમાં રૂપાંતરણ કરતો નાયક પ્રિયાની શોધમાં આગળ ધપતાં અંદર પેસે છે તે પરિણામે જે બહાર ન વરતાયું તેની ઝાંખી સ્વપ્નમાં કરી બેસે છે :

**'મળી ન્હોતી જ્યારે દિવસભરની જાગૃતિ મહીં,**
**મળી'તી સ્વપ્નોમાં મદિલ મિલનોની સુરભિથી.'**

પ્રિયાનાં કલ્પેલાં રૂપની, સુવાસની કંઈક ઝાંખી કવિને સ્વપ્નાવસ્થામાં થાય છે તે એ સ્વપ્નિલ મિલનની માદક સુરભિથી કવિ સંતૃપ્ત, તરોતાજા બને છે. કવિ કાન્તના નિજ ગગનમાં પથરાયેલી કુસુમવનની વિમલ પરિમલે અહીં ઉમાશંકરના ચિત્ત-ચૈતન્યમાં પણ પ્રાણ પૂર્યા છે ને તેમને વિશ્રામ આપવામાં મદદ કરી છે. આ વિમલ સુગંધને સથવારે ફરીથી ચાલતા થયેલા કવિને હવે તો દિવસે પણ પ્રિયાનું સ્વપ્નદર્શન થતું રહ્યું છે. સૉનેટના પ્રથમ ચરણમાં શોધની ગતિ છે, બીજા ચરણમાં હવે પછી થનાર પ્રાપ્તિની કંઈક કંઈક ઝાંખી ને એ ઝાંખીએ સંપડાવેલું બળ છે જે ત્રીજા ખંડમાં પ્રાપ્તિમાં પરિણમીને વિરમે છે.

લાંબી યાત્રા પછી અચાનક પરમકૃપા રૂપે અવતરિત થયેલી અનામ આશા-શી પ્રિયા આવી ત્યારે કેવા રૂપમાં ?

**'મળી અંતે સ્વપ્નો સકલ થકીયે સ્વપ્નમય જે,**
**મળી આશાઓની ક્ષિતિજ થકીયે પારની સુધા.'**

પ્રિયા જ્યારે મળી નહોતી ત્યારેય સહૃદયના ચિત્તમાં એક અમૂર્ત ખ્યાલ રૂપે કવિએ તેનું સ્થાપન કરેલું ને મળી ત્યારેય એ જ ભાવરેખા રૂપે, કલ્પી હતી તેથીય વધારે સ્વપ્નથી, ધારી હતી તેના કરતાંય વિશેષ અમૃતમય. જ્યારે ને ત્યારે વચ્ચે પ્રિયાની આંતરશ્રીનાં જ દર્શનનું કવિને મન મૂલ્ય છે. કાન્તારનાં બાહ્ય સૌંદર્યની વચાળે કવિની શોધ આ

સૌંદર્યનું પ્રતિબિંબ પાડતી અમૂર્ત વ્યક્તિમત્તાનું છે. આથી જ સમગ્ર કાવ્યમાં પ્રિયાનો સીધો ઉલ્લેખ ક્ષણમાત્ર પણ કવિએ કર્યો નથી. રખેને એ ઉલ્લેખ માત્રથી પ્રિયાની આંતર્શ્રી નંદવાઈ ન જાય, એનું કોમળતમ સૌંદર્ય નજરાઈ ન જાય એવા ખ્યાલથી.

નિસર્ગશ્રીમાં પ્રિયાને શોધતા કવિને નિસર્ગશ્રીની વચ્ચેથી જ અચાનક પ્રગટેલી પ્રિયા જ્યારે મળી ત્યારે કવિનો અવતાર જ બદલાઈ ગયો; તેઓ દ્વિજ બન્યા : પ્રિયાનાં દર્શનથી સાંપડેલાં આ દ્વિજત્વથી ધન્યતા, કૃતજ્ઞતા અનુભવતા કવિની અંતિમ પંક્તિઓ આથી જ શ્લોકત્વ પામી :

**'સૂની આયુર્નૌકા મુજ ઝૂલતી'તી અસ્થિર જલે,**
**સુકાને જૈ જોતી મળી જગતઝંઝાનિલ મહીં.'**

પ્રિયાનાં દર્શનમાત્રથી મળ્યું આજીવન સ્થૈર્ય; જીવતરના અત્યાર સુધી અંધારા રહેલા ખોરડાને ભરી દેતો વિરલ આલોક. સૉનેટના ત્રીજા ખંડે પ્રિયામાં ખોડાયેલાં કવિનાં નયન ને પ્રિયા પાસે થંભેલાં ચરણ પાસે મુકાયેલું પૂર્ણવિરામ પ્રસન્નતાના પરિતોષનું દ્યોતક બન્યું છે.

પ્રિયની અડોઅડ બેસીને, પોતા માટે કરેલી તેની યાત્રાને એકમન બનીને સાંભળી રહેલી પ્રિયાનો હાથ હાથમાં લેતા કાવ્યનાયકની અંતિમ પ્રતીતિ કવિનાં તે શિખરિણીનાં ઊર્ધ્વારોહણનુંય આહ્લાદક શૃંગ બની રહે છે :

**'મળી ન્હોતી ત્યારે, પ્રિય, જલથલે ખોજી તુજને**
**રહું શોધી આજે તુજ મહીં પદાર્થો સકલ એ.'**

પ્રિયાએ ઉઘાડેલાં દ્વારમાં પેસતા કવિ પ્રહ્લાદે દુનિયાને બહાર રાખીને અંદરની દુનિયામાં હજારો દુનિયાનાં દર્શન કરેલાં એ જ આહ્લાદ અહીં પણ અનુભવાયો. કાન્તારની વનશ્રી પ્રિયામાં સમાઈ ગઈ ને પ્રિયાનું સૌંદર્ય દ્વિગુણિત થયું.

જીવનભર પ્રિયાની શોધ કરતા કાવ્યનાયકે પ્રિયા માટે ને છેવટે પ્રિયામાં કરેલું નિર્મળ સૌંદર્યદર્શન કાવ્યનાયકની ગરિમાને પ્રસ્થાપન કરવામાં પ્રચ્છન્ન રીતે ભાગ ભજવે છે તેનુંય મૂલ્ય ઓછું નથી. તેથી કાવ્યમાં બંનેની સહોપસ્થિતિનું વિરલ પુદ્ગલ રચાય છે.

વિશાળે જગવિસ્તારે સઘળાં કંઈને આલિંગતા કવિનો પ્રણયભાવ પ્રસ્તુત કાવ્યમાં જે સઘનતાને પામ્યો છે એ સઘનતા કવિની સ્વસ્થ જીવનદૃષ્ટિની નીપજ બનીને પ્રસ્તુત સૉનેટને સાચા અર્થમાં 'ચમત્કારિક' વળાંક આપવામાં કામિયાબ નીવડી છે. સૌને ચાહતા, આરાધતા આ કવિ પ્રેમને અહીં આરાધનામાં રૂપાંતરિત કરી શક્યા છે એમની આગવી આસ્તિક, નરવી, પ્રશાંત જીવનદૃષ્ટિના બળે. એ અર્થમાં આ પ્રણયકાવ્ય નોખી મુદ્રા ઉપસાવતું કાવ્ય બની શક્યું છે.



# હૈયાનો સ્વભાવ અને પ્રભાવ

*ભગીરથ બ્રહ્મભટ્ટ*

## માનવીનું હૈયું

માનવીના હૈયાને નંદવામાં વાર શી ?
અધબોલ્યા બોલડે,
થોડે અ બો લ ડે,
પોચાશા હૈયાને પીંજવામાં વાર શી ?

સ્મિતની જ્યાં વીજળી,
જરીશી ફરી વળી,
એના એ હૈયાને રંજવામાં વાર શી ?
એવા તે હૈયાને નંદવામાં વાર શી ?

માનવીના હૈયાને રંજવામાં વાર શી ?
એના એ હૈયાને નંદવામાં વાર શી ?

મુંબઈ, ૨૮-૧૦-૧૯૩૭

**ઉ**માશંકર જોશીએ 'વિશ્વશાંતિ'ની વાત માંડેલી પરંતુ 'આત્મશાંતિ'ની અનિવાર્યતા ઉપર પણ તેમનું ધ્યાન ગયું છે. ઉમાશંકરે મનુષ્યને સમજવા પર અને તેની સમજદારી ઉપર મોટો મદાર રાખ્યો છે. સાહિત્ય સમજદારી માટે સહાયક બને છે, અને સમજદારીનો એક છેડો હૃદયમાં પડેલો છે, એટલે માનવીના હૃદયનું મહત્ત્વ વિશ્વસંવાદમાં ઘણું મોટું છે.

'માનવીનું હૈયું' એ ઉમાશંકર જોશીકૃત સુભાષિત કોટિનું સરળ ઊર્મિગીત છે. લાઘવબળે હૃદયનો અને કાવ્યનો એમ ઉભય મહિમા કર્યો છે. હૃદયનો મૂળ ધર્મ કયો ? હૃદયનું સ્વરૂપ કેવું ? આ બે મૂળભૂત પ્રશ્નોના ચિંતનમાં કાવ્યનો પ્રાણ ધબકે છે. હૃદયની મૂળભૂત પ્રકૃતિમાં પ્રસન્નતા અને પ્રસન્નલયધબકાર છે. એ પ્રસન્નતા પ્રગટે ક્યારે ? અને એ પ્રસન્નતા મૂરઝાઈ જાય ક્યારે ? કેમ ? ટૂંકમાં પ્રસન્નતા બક્ષનારાં અને નારાજગી આણનારાં તત્ત્વો સામે કવિ નિર્દેશ કરી, કોઈ ફરિયાદ કર્યા સિવાય કેવળ હૃદયની પ્રકૃતિનો પરિચય કરાવે છે.

માનવીના હૈયાને અન્ય હૈયાં સાથે નાતો હોય છે, એ નાતો કોઈ ને કોઈ પ્રકારે અભિવ્યક્ત થયા વગર રહેતો નથી. ક્યારેક આંગિક સંકેત – અશાબ્દી ભાષાથી ક્યારેક

વાચિક સંકેત – શાબ્દી ભાષાથી હૈયાનો ભાવ માનવી અભિવ્યક્ત કરે છે. હૃદય એ માધ્યમથી બીજા હૃદયને પારખે છે. એ સંવાદમાં જ જીવન સમાવિષ્ટ થાય છે.

**'માનવીના હૈયાને નંદવામાં વાર શી ?'**

ઉપાડ પંક્તિમાં જ ષટ્કલ પકડાય છે. 'વાર શી ?' બોલચાલનો લ્હેકો છે – પ્રયોગ છે. ચપટીકમાં, ઘડીમાં એવો અર્થબોધ અહીં 'વાર શી ?'ના પ્રશ્નમાંથી સૂચવાય છે. પ્રથમ પંક્તિમાં કર્મના અર્થમાં વપરાતો 'ને' અનુગ હૈયાને લાગ્યો છે – અહીં આખા વાક્યમાં કર્તા અપ્રસ્તુત છે. હૃદય એની મેળે રાજી અને નારાજ થઈ જતું હોય છે... ત્યાર પછીની પંક્તિમાં – અધબોલ્યા બોલડે / થોડે અબોલડે જેવાં ક્રિયારૂપોમાં 'એ' પ્રત્યય તાદર્થ્યનો ભાવ સૂચવે છે, આમ અનુગ ને / એનો સ્થાનફેર કાવ્યત્વ સિદ્ધ કરે છે. પ્રથમ પંક્તિમાં હૃદયનો સ્વભાવ જ એવો છે કે સ્હેજમાં એ નંદવાઈ જાય. કેટલું બરડ ! કેટલું નાજુક ! અહીં કોણ નંદવે છે એની વાત જ નથી પણ કયા કારણે નંદવાય છે તેનાં કારણો કવિ જણાવે છે –

**અધ બોલ્યા બોલડે**
**થોડા અ બો લ ડે...**

અહીં 'બોલ' ક્રિયારૂપને 'ડે' પ્રત્યય લગાડી એમાં લાલિત્ય, અને 'એ' અનુગ મૂકી તાદર્થ્યનો ભાવ કવિ પ્રગટાવે છે. આવી સરળ વાત – શબ્દ – અર્ધશબ્દ અને મૌન થકી વ્હેતી તો થાય જ છે. કાવ્યમાં ત્રણ ક્રિયાપદો છે. (૧) નંદવામાં (૨) પીંજવામાં (૩) રંજવામાં – ત્રણેય ક્રિયાપદના અર્થના સરવાળામાંથી હૃદયની વિશેષતાનો પરિચય પમાય છે.

(૧) નંદવામાં : ક્રિયાપદ દ્વારા હૃદયની નાજુકાઈનો બોધ કવિ કરાવે છે, શું નંદવાય ? જે બરડ હોય તે...
હૃદય પણ એટલું નાજુક છતાં કાચ જેવું પારદર્શક.

(૨) પીંજવામાં : ક્રિયાપદ દ્વારા હૈયું રૂની જેમ પીંજી શકાય એટલે કે એનામાં સંવૃત્ત-વિવૃત્તનો ગુણ છે. હૃદયમાં વ્યાપ્તિનો – વિશાળતાનો ગુણ રહેલો છે.

(૩) રંજવામાં : ક્રિયાપદ દ્વારા હૃદય મૂળભૂત પ્રસન્નતાનો ગુણ ધરાવે છે. સાનુકૂળ પરિસ્થિતિ જોતાં એ પ્રસન્નતાની પ્રતીતિ કરે છે.

'સ્મિતની વીજળી' જેવો પ્રયોગ કૃતક ભલે લાગે પણ સ્મિતમાં જે ચમત્કાર છે, જે ચમત્કૃતિ ધરતી ઉપર વીજળી રૂપે આવીને ધરતીને ન્યાલ કરે એવો જ ભાવ ચહેરા ઉપર આવી હૃદયને ન્યાલ કરી દેવાનો છે...

જે હૈયું સામેની વ્યક્તિની ભાષાભંગિમા, એના કાકુ, એના સૂચિતાર્થો પામી જાય – થોડા શબ્દો અને અશબ્દો – એને દુઃખી કરી નાખે. કોકના બોલાયેલા શબ્દોની



ઉષ્મા ઓછી પડે અને ઉષ્માની સદંતર ગેરહાજરી હોય ત્યારે હૃદય એ વ્યક્તિને પામી જાય છે – અહીં 'અધબોલ્યા બોલડે' 'થોડે અબોલડે' જેવાં ક્રિયારૂપોથી બોલનાર વ્યક્તિની અને ઝીલનાર વ્યક્તિના હૃદયની કવિએ જે સૂક્ષ્મ નોંધ લીધી છે – તેનું મહિમાગાન થયું છે. આમ વાતવાતમાં નંદવાઈ જતું હૈયું કેવળ સ્મિતની આછી રેખાથી કેવી પ્રસન્નતા અનુભવે છે ! હૃદયમાં રહેલી આ વિશેષતાને, હૃદયમાં રહેલી આ ઉભય પ્રકારની ક્ષમતાને ઉમાશંકરે શબ્દસ્થ કરી છે.

માનવહૃદયની સામાન્ય વૃત્તિનું અને મિજાજનું એક – અસામાન્ય ઊર્મિગીત આપણને હૈયાની પ્રકૃતિનો પરિચય પૂરો પાડે છે. માનવે પોતાના નાનકડા અહમ્‌થી માંડી વિશ્વને વ્યાપતી અને વિશ્વથીયે પરાત્પર એવી વિશ્વાતીત પરમ દિવ્યતા સુધીની જે વિરાટ સૃષ્ટિ છે તેના પ્રતિ યાત્રા આ હૃદય મારફતે જ આદરવાની છે. અને પોતાના અંદરની યાત્રા પણ આ હૃદય થકી જ શક્ય બને છે – એવા ઘટક તરીકે હૈયાનો અ-પૂર્વ મહિમા ઓછા શબ્દોમાં તટસ્થભાવે કવિએ રજૂ કર્યો છે.

માનવી જેમ બીજાના શબ્દોથી દુઃખી થાય, અથવા અન્યના શબ્દો સ્વના હૃદયને નારાજ કરે એમ પોતાના શબ્દોની પણ અન્ય ઉપર એવી જ અસર થાય છે – એવો ધ્વનિ પણ કાવ્યની રજૂઆતમાં રહેલો છે.

## ચાંદનીને રોમ રોમ પમરે

*ચાંદનીને રોમ રોમ પમરે*
*સુગંધ પારિજાતની.*
*એવી એવી હૈયાને ગમ રે*
*પ્રીતમની વાતની.*

*રહી રહી રસલોભિયો ક્યાંક બપૈયો ગાય;*
*તું જાણે શું, શરદ, આ હૈયે શું શું થાય ?*
*નીતરે કાન્તિ નૌતમ રે*
*નેહ-ભીંજી રાતની.*

*ચાંદનીને રોમ રોમ પમરે*
*સુગંધ પારિજાતની.*

અમદાવાદ, ૧-૧૦-૧૯૬૦

## 'સદ્‌ગત મોટાભાઈ' વિશે

**ચિનુ મોદી**

### સદ્‌ગત મોટાભાઈ

૧

અરધીપરધી મ્હોરી હતી આયુષ્યવેલડી,
પડ્યું હિમ અચિંત્યું ને નિશ્ચેતન ઢળી પડી.
હજી તો જામતા'તા જ્યાં હૈયૈ કોડ જીવ્યા તણા,
ઢોળાયું જિંદગી કેરું પાત્ર ને કૈં ન ર્‌હૈ મણા.

વિતાવ્યું બાલ્ય લથડી, પડતાં ઊઠંતાં,
કોડે કિશોરવય સ્વપ્ન રૂડાં રચંતાં,
ને યૌવને કંઈ ભગીરથ કીધ યત્ન;
આશા થતી ફલવતી ક્ષણ તો જણાઈ.

આયુષ્યની હતી વસંતબહાર મીઠી,
ઉલ્લાસથી મઘમઘંત હતું જ હૈયું,
ને તોય રે સભર જીવનથાળ ઠેલી
કાં ક્રૂરતાથી મુખ ફેરવી લીધ આડું ?

આ સૃષ્ટિની અજબસુંદર લોકલીલા
આશા, હુલાસ, રસ, ઊર્મિ, ગિરા પ્રસન્ન, –
એ સર્વ એક ક્ષણમાં જ તજી સદાનાં
જાનારની મૂંઝવણો લહીશું અમે શે ?

૨

અમારે તો રહ્યાં રોણાં; રુદનોથીય ક્રૂર તે
રહ્યું મૃત્યુમીઢું મૌન તમારાં પગલાં જતે.
ના અહીંના પદાર્થોની તમે છો ગણના કરી,
અમારે તો તમારી ર્‌હૈ રટણા જ ફરી ફરી.





ન્હોતી જગન્નયન આંજતી રૂપશોભા,
ન્હોતી સભાજયિની વાક્પ્રતિભા યશસ્વી,
લોકોત્તર પ્રકૃતિદત્ત હતી ન શક્તિ,
સત્તાપ્રમત્ત વિભવો વળી પદ્મજાના.

એ સર્વ તો અહીં નિરર્ગળ છે ભરેલ,
ને તોય આ પ્રકૃતિનું – વસુધાનું – પાત્ર
જાતાં તમે બની ગયું રસશૂન્ય રંક,
નિઃસત્ત્વશાં થઈ ગયાં સહુ સૃષ્ટિતત્ત્વ !

શોભા ભલે જગની કૈં રચતા પદાર્થ,
શોભા ભલે જગની ના મુજ હો પદાર્થ.
એ મારું તો કિમપિ દ્રવ્ય, અકલ્પ્ય શોભા.
ક્યાં એ હવે અલભ દ્રવ્ય અધન્યનું રે !

૩

આષાઢી આભનો ભેદે વીજળી ઘનમંડપ,
બળતી જળતી તેવી ચિત્તમાં સ્મૃતિવિદ્યુત.
શ્વાસે શ્વાસે રહે જાગી ડંખ અંતરછેદના,
પલકે પલકે ઊંડી ટપકે ગૂઢ વેદના.

ક્યાં મૂર્તિ એ નીરખવી ફરી કાર્યશીલ
એકાગ્ર જે નિયતિદત્ત પ્રવાહધર્મે ?
સંતોષી એ મુખની આકૃતિ સુપ્રસન્ન,
ઘૂંટેલ અશ્રુકણશી વળી આંખ આર્દ્ર ?

વ્હેતા અબોલ મુખડે અપશબ્દ કોના.
વ્હેતા પ્રસન્નમન સર્વ કુટુમ્બભાર,
સ્હેતા અબોલ હૃદયે અપકાર્ય કોનાં.
વ્હેવું સહેવું બસ એક હતી જ ધૂન.

સંસારની વહી ધુરા પડી કાંધ, વેઠી.
હોમ્યાં સુખો નિજ કરી નિત અન્યચિંતા.
સ્વીકારી આતુર ઉરે વડીલે દીધેલ
સાધ્યો સુકોમલ વયે પટુ કર્મયોગ.

**૪**

કાળને તે કહીએ શું ? જરીકે નવ ચૂકિયો,
પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો.
પાંડુના પાંચ પુત્રોએ હેમાળે હાડ ગાળિયાં,
રહ્યા'તા ધર્મ છેવાડે, તમે આગળ શે થયા ?

છે મૃત્યુ તો પ્રકૃતિ જીવિતમાત્રની, એ
સત્યે ઠરે મન ઘણું; પણ જો વસંતે
પર્ણો ખરે શિશિરમાં ખરવાનું જેને,
તો સત્ય ક્યાં, ઋત કહીં, પ્રકૃતિક્રમો ક્યાં ?

ઉલ્લંઘિયા શું મનુજે પ્રકૃતિક્રમો એ ?
કે કોઈ દી પ્રકૃતિએય વિલોપી માઝા ?
ક્યાંથી અરે મનુજ પે ઊતરે અકસ્માત્ ?
શાને, કશી વરણી ત્યાં, વળી શા જ ન્યાય ?

કોડેથી જીવનલતા મૃદુ સીંચવી કાં,
આકસ્મિક પ્રલય જો નિરમેલ એનો ?
કે અંધ શું નિયતિને શિર નામી રૂહેવું,
જ્યાંથી સ્રવે અકલ શક્તિ ભર્યા અકસ્માત્ ?

**૫**

નિયતિ, નિયતિ, એક ઋત તું, વર સત્ય તું.
વિશ્વે જે છે નથી તે કૈં, હું ન, છે એકમાત્ર તું.
કાળમીંઢ અંધ ભિત્તિ, નિયતિ ઊભજે ભલે !
અફાળી શિર સિંચાવું રક્તથી મનુજે ભલે !

છે મૃત્યુ જો અફર સત્ય, વૃથાશ્રુ શાને ?
શાને વિલાપ, કકળાટ, અરણ્યરોણાં ?
જે કૈં પડે, નિયતિને શિર નામી સ્હેવું.
રે તોય ક્યાંયથી અનર્ગળ અશ્રુ વ્હેતાં.

ના અન્યથા હતું બની શકવાનું કાંઈ,
તો અન્યથા ચહી વૃથા વખ ઘોળવાં કાં ?
ને તોય તે અગનથી કકળી જ ઊઠી
આ આયખાભરની આંતરડી અમારે.



ભેટીશું અન્ય ભવમાં, વધુ રમ્ય લોકે –
એ ઇન્દ્રજાળ મહીં તત્ત્વની કૈં ન શ્રદ્ધા.
આયુષ્ય અલ્પ હતું, સ્નેહ ન અલ્પ ભાઈ !
આયુષ્ય અલ્પની ગયા મૂકી એ કમાઈ.

કમાઈ એ ગયા મૂકી : ઉરની મૂક ભાવના,
શતકંઠે બજી ઊઠી જે મૃત્યુ તણી મીંડમાં.

મુંબઈ, માર્ચ ૧૯૩૮

**૧**

કવિશ્રી ઉમાશંકરને નજીકથી ઓળખે એ જાણે જ કે આ વિચક્ષણ વ્યક્તિ ચાહે સૌને; પણ, એ 'ચાહું તને' એવું કોઈને કહે નહીં. એમનો પ્રેમ, એમનું વ્હાલ બધું જ બધું ગુપ્ત ગંગા જેવું; વહે; પણ કલકલ સુધ્ધાં ન સંભળાય.

પણ, મેં ઉમાશંકરભાઈને એક-બે વાર ભાવભીના થયેલા જોયા છે.

એક વાર હું વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદના 'બસ' સ્ટૉપ પર સાંજે એમ. જે. લાઇબ્રેરીથી પહોંચ્યો; તો જોયું લાકડાના ખોખા પર ઉમાશંકરભાઈ ટેસથી બેઠેલા છે અને પૉલિશ કરનારા ભાઈ સાથે વાતો કરે છે. બૂટને પૉલિશ કરતો કરતો મોચી એટલા જ ભાવથી ઉમાશંકરભાઈ સાથે વાત કરતો હતો. હજી એમનું મારા પર ધ્યાન નહોતું. એ પૉલિશવાળાને કહેતા હતા :

'પૉલિશ કરેલા બૂટ પર મારું મોં દેખાવું જોઈએ – એવા ચકચકિત કરજો –'

અને અચાનક મારા પર દૃષ્ટિ પડી એટલે ચહેરા પર આવેલા સૌ ભાવને વિદાય આપી, મેં 'નમસ્તે' કહ્યું – એટલે મને પૂછે : 'ક્યાં આટલામાં રહો છો ?'

મેં કહ્યું : 'વિશ્વકુંજ. એન.આઈ.ડી.ની બાજુમાં; શંકર આશ્રમ સામે –'

બસ એટલે એમણે એ પ્રદેશના બે મહાનુભાવો વિશે વાત કરી. સંસ્કૃતના વિદ્વાન ભગવતાચાર્ય અને શંકર મહારાજ ઉનાવાવાળા વિશે. પછી મને કહે –

'શંકર મહારાજના ભજનો વાંચજો – ક્યાંક ક્યાંક કાવ્યના ચમકારા હોય છે.'

અને મારી સાથેની વાત આટોપી, મોચીને બતાવી મને કહે : 'આ અમારી બાજુના છે. મને નાનપણથી ઓળખે – ખરું ને ?'

અને મોચીનું ગૌરવભર્યું હાસ્ય મારાં મનોજગતમાં હજી અંકિત છે.

**૨**

આ પ્રસંગ આલેખવાનું કારણ એક જ : ઉમાશંકર નાળિયેર જેવા, બહારનું કોચલું કઠોર; પણ, એ ભેદો તો અમૃત જેવા જળથી સંચિત કોપરું મળે. મારા બાપુજીના મૃત્યુ વખતે મારા ઘરે આવી મને કહે :

'હવે મારે ઘેર બપોરે બપોરે વાંચવા આવી જાવ – અહીં નહીં વંચાય –'

હું ૧૧ વર્ષનો અને પિતાનું છત્ર ખોતાં જે સંવેદના અનુભવતો હોઈશ – એની એમને જાણ હતી એની બાતમી 'સદ્‌ગત મોટાભાઈને' કવિતા વાંચતી વખતે સમજાયેલી. આજે એ ઢબૂરી રાખેલી વાતો ઉકેલવાનો અવસર મને મળ્યો છે; તો –

## ૩

મૃત્યુ એ કોઈ પણ સ્વમાની વ્યક્તિને કઠે. એ આપણી ચિંતા કર્યા વગર આવતો, જીવનમાં એક જ વાર આવતો અતિથિ છે. એનું આચરણ તર્કબદ્ધ નહીં – ટાઇમટેબલમાં મૃત્યુ માને જ નહીં. એ પોતાની ઇચ્છાનુસાર આવે અને સમગ્ર વિશ્વથી, અખિલ બ્રહ્માંડથી, આપણને અલગ કરી દે. પરિચિત આખેઆખો પરિવેશ એ ભૂંસી નાંખે. એના આગમન-ગમન પછી તમને કોઈ મળી ન શકે, જોઈ ન શકે. પંચેન્દ્રિયથી તમે પામ્યા ન પમાવ.

મારી ઇચ્છાથી જ ચાલેલો હું – માણસ – મૃત્યુની આવી દાદાગીરી ક્યાંથી સહન કરી શકું ? જો હું ન સહી શકું તો મારા કરતા બાર ખાંડી વધારે મિજાજ ધરાવતા ઉમાશંકરભાઈ આ મૃત્યુ નામક ઘટનાનો સ્વીકાર ક્યાંથી કરી શકે ?

જગતભરમાં સ્વજનના મૃત્યુ સંદર્ભે થયેલ રચનાઓનો પાર નથી. નાનાલાલ તો દલપતરામના મૃત્યુ પછી ખાસ્સા સમયે 'પિતૃતર્પણ' લખે છે. આપણા કવિ ઉશનસ્ તરત React થાય છે – પિતાના મૃત્યુ ટાણે. હું એક વર્ષ – પહેલી મૃત્યુતિથિએ પિતાને સ્મરું છું અને સમયે મને એમનાથી કેવો દૂર દૂર ધકેલ્યો એનું ભાવચિત્ર આપું છું. ઉમાશંકરભાઈ ઉશનસ્ જેમ મોટાભાઈના મૃત્યુ વિશે તરત કાવ્ય કરે છે. એમના મોટાભાઈ ટૂંકી માંદગીમાં માત્ર ૩૨ વર્ષની વયે જાન્યુઆરી ૧૯૩૮માં ગુજરી જાય છે અને કવિ માર્ચ માસમાં આ કાવ્ય લખીને પૂરું કરે છે. આવું દીર્ઘકાવ્ય એકબેઠકે કદાચ ન પણ લખાયું હોય. જોકે જે પ્રકારે અહીં ખંડ છે, એ બધા ખંડ ક્રમે પણ આંતરા દિવસોએ લખાયેલા હોય, એવું અચૂક લાગે છે.

આ હું કઈ રીતે સિદ્ધ કરીશ એની મને વિમાસણ નથી. આપણે સાથે જ એક પછી એક ખંડમાંથી પસાર થઈએ. આ રચનાને શ્રી યશવંત શુક્લ કરુણપ્રશસ્તિ નથી કહેતા, એ યોગ્ય છે. અહીં મોટાભાઈના અકાળ અવસાને કવિ ચિત્તને મૃત્યુ સંદર્ભે ચિંતવન કરતાં કરી મૂક્યા છે. હા, વિચ્છેદે સર્જેલી વેદનાનાં અનેક શીકરથી ભાવક ભીંજાય એવી પંક્તિઓ છે જ; પણ, અલ્પ પ્રમાણમાં છે. આ રુરુદશાનું કાવ્ય નથી, પણ, સ્વજનના અકાળ અવસાને કવિને જન્મેલા પ્રશ્નોની આ રચના છે.

પહેલો આખો ખંડ મોટાભાઈના અકાળ અવસાનને રૂપકથી આપણને પમાડે છે. એ કહે છે કે મોટાભાઈના આયુષ્યની વેલ હજી મ્હોરી ન મ્હોરી ત્યાં એના પર મૃત્યુનું હિમ પડ્યું અને વેલ નિશ્ચેતન થઈ ગઈ. સંસ્કૃતકાવ્યશાસ્ત્ર મુજબ આ સાંગરૂપક થયું લેખાય. આ વાત પહેલી બે પંક્તિ પછી બીજી બે પંક્તિઓમાં અલંકારની મદદથી પુનઃ વર્ણવી, અકાળ મૃત્યુની ઘટનાને ઘૂંટવામાં આવે છે. આ વાત વધુ પડતી ઘૂંટાવાને કારણે તીક્ષ્ણતા ખોઈ દેશે – એમ લાગે ત્યાં તો મોટાભાઈએ પોતે વસંતે જીવનથાળને ધક્કો



માર્યો અને ક્રૂરતાથી મુખ ફેરવી લીધું – એમ કહેવા કવિ પ્રેરાય છે.

પોતાની આ વાત તર્કબદ્ધ નહીં હોવાની પ્રતીતિ થતાં જ કવિ યોગ્ય રીતે પહેલા ખંડના સમાપનમાં કહે છે :

**આ સૃષ્ટિની અજબસુંદર લોકલીલા**
**આશા, હુલાસ, રસ, ઊર્મિ, ગિરા પ્રસન્ન –**
**એ સર્વ એક ક્ષણમાં જ તજી સદાનાં**
**જાનારની મૂંઝવણો લહીશું અમે શે ?**

મોટાભાઈ સર્વવૈભવ ત્યજી એક ક્ષણમાં કેમ ચાલ્યા ગયા ? સૃષ્ટિની એ તો અજબ સુંદર લોકલીલા છે. જનારાને શું મૂંઝવણો થઈ હશે – એની તો કોને જાણ થાય ?

પાન ખર્યાની નહીં, વૃક્ષ કડડભૂસ તૂટી પડ્યાની વાત 'વસંતતિલકા'માં ? એને તો કહે છે contrast matching.

બીજા ખંડનો પ્રારંભ 'પિતૃતર્પણ'ના અનુષ્ટુપની યાદ આપે એવો છે. મૃત્યુને 'મીઢું' કહી ઉમાશંકરભાઈ એમની વિલક્ષણતાની ઝાંખી કરાવે છે. નાનો ભાઈ મોટાભાઈએ કરેલા અન્યાયની જે રીતે લાડ સાથે ફરિયાદ કરે એવા સ્વરમાં કવિ મોટાભાઈને કહે છે :

**ના અહીંના પદાર્થોની તમે છો ગણના કરી,**
**અમારે તો તમારી રૂહે રટણા જ ફરી ફરી.**

જોકે આ પંક્તિઓથી ઉમાશંકરભાઈ જેને ઓળખતા હતા એવા મોટાભાઈને જ ફરિયાદ કરે છે – જે કોઈને નથી ઓળખાયું એ મૃત્યુને આડકતરી રીતે, પરોક્ષ રીતે, મોટાભાઈના માધ્યમથી ઠપકો આપે છે.

એ પછી ફરી વસંતતિલકા દ્વારા કવિ છટાથી મોટાભાઈને 'નેતિ' 'નેતિ'ની પદ્ધતિએ વર્ણવે છે. 'આ નહીં' 'આ નહીં' એમ કહી વેદોએ દિવ્યશક્તિને ઓળખવા મથી છે, એમ ઉમાશંકર મોટાભાઈમાં આંજી નાખે એવી પ્રતિભા નહોતી, સભાને મંત્રમુગ્ધ કરે એવી વાક્પ્રતિભા નહોતી; કોઈ લોકોત્તર શક્તિ નહોતી (આ બધું ઉમાશંકરભાઈમાં હતું જ, એ સૌ જાણે છે) કે નહોતી સત્તા અંગેની લાલસા. અને આમ છતાં મોટાભાઈના જતાં – વસુધાનું પાત્ર 'રસશૂન્ય' અર્થાત્ 'રંક' બની ગયું. ઉમાશંકરનું આગવું ચિંતન અને નોખા દૃષ્ટિકોણની ચાર પંક્તિઓ, ઉમાશંકરને 'મેજર પોએટ' બનાવે છે.

**શોભા ભલે જગની કૈં રચતા પદાર્થ,**
**શોભા ભલે જગની ના મુજ હો પદાર્થ.**
**એ મારું તો કિમપિ દ્રવ્ય, અકલ્પ્ય શોભા.**
**ક્યાં એ હવે અલભ દ્રવ્ય અધન્યનું રે !**

'કિમપિ દ્રવ્યં' જેવું સુપરિચિત સંસ્કૃત શબ્દયુગ્મ આ શ્લોકના શોકને ગૌરવની કક્ષાએ લઈ જાય છે. અ-લભ અને અ-ધન્ય જેવા નવા શબ્દ પણ ઉમાશંકર coin

કરે છે. આ ખંડ કવિની ઉત્તરોત્તર એક ઘટના પછીની પ્રક્રિયાને સુપેરે વર્ણવે છે.

**૬**

ત્રીજો ખંડ પણ પૂર્વેના બે ખંડના જ છંદ-આયોજનને સાચવે છે. પહેલી ચાર પંક્તિ અનુષ્ટુપ અને બાકીની ૧૨ પંક્તિ વસંતતિલકામાં; ખંડે ખંડે 'પૂંછડિયું સૉનેટ'.

ત્રીજો ખંડ અશ્રુનો પર્યાય છે. કવિએ પરિચિત અલંકાર આયોજનથી સૌને મૃત્યુથી પરિચિત સંવેદનાને વ્યક્ત કરી છે. જેમ ઘોર અંધારા આકાશમાં વીજળી ઝબકે એમ સૃતિ વીજ જેમ માત્ર ઝબૂકતી નથી, કડાકા સાથે પડે છે ને હૃદયને બાળીને ખાખ પણ કરે છે. મોટાભાઈના મૃત્યુ પછી લેવાતા પ્રત્યેક શ્વાસ કવિને ડંખીલા સાપ જેવા લાગે છે. છેક અંદર થયેલા છેદ – મૂળગામી છેદનાં આ સંવેદનો છે.

અને પછી કવિ મોટાભાઈના આંતરબાહ્ય વ્યક્તિત્વને શબ્દબદ્ધ કરતાં કરતાં, હવે એ નથી એનો અભાવો અનુભવે છે. મોટાભાઈના જીવનને બે શબ્દમાં જ એ સુપેરે આલેખે છે – એ બે શબ્દો છે :

'વ્હેવું'

'સહેવું.'

કલાપી કહે છે ને 'વ્હાલી બાળા, સહન કરવું એય છે એક લ્હાણું' ?

એમણે વેઠાય ત્યાં સુધી સંસારધુરા વેઠી – પોતાનાં અંગત સુખ કોળીને. હવે એ ધુરાનો ભાર કવિની કાંધે આવે છે અને એ કહે છે :

**સ્વીકારી આતુર ઉરે વડીલે દીધેલ**
**સાધ્યો સુકોમલ વયે પટુ કર્મયોગ.**

ચોથા ખંડમાં વારંવાર ટાંકવામાં આવતી પંક્તિઓ છે :

**કાળને તે કહીએ શું ? જરીકે નવ ચૂકિયો,**
**પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો.**

મૃત્યુની ક્રૂરતાને કવિએ અલંકારઆયોજનથી સાદૃશ કરી આપી છે. ચાર આંગળીઓ અંગૂઠા વગર કશું સાહી શકે નહીં, પકડી શકે નહીં અને અંગૂઠા વગરના બાકીના ભાઈઓ સાથે પોતે આ જગતને કઈ રીતે ગ્રહી શકશે ? એવો તીવ્ર પ્રશ્ન સાંગની જેમ ભાવકો પર પ્રહાર કરે છે. 'મહાપ્રસ્થાન'ના કવિ કહે છે :

**પાંડુના પાંચ પુત્રોએ હેમાળે હાડ ગાળિયાં**
**રહ્યા'તા ધર્મ છેવાડે, તમે આગળ શે થયા ?**

ધર્મરાજ દ્રૌપદી અને ચાર ભાઈઓના મૃત્યુ પછી પૃથ્વી પરથી વિદાય લે છે. પુરાણમાં તો આ ચાલ પ્રસિદ્ધ છે – તમે એ ચાલ કેમ તોડ્યો ? ભાવવિવશ ચિત્તનો આ તર્ક છે, એ તરત સમજાય.



માત્ર આ તર્ક પાસે કવિચિત્ત અટકતું નથી. એ કહે છે વસંતમાં શાનું ખરવાનું ? પ્રકૃતિમાં કોઈ ક્રમ ખરો કે નહીં ? માણસ પ્રકૃતિના ક્રમ ઉલ્લંગે; છોરું કછોરું થાય; પણ પ્રકૃતિએ આમ ક્રમને ઉલ્લંઘન કરવાનું ?

કાન્તની જેમ આ કવિ પણ આ સૃષ્ટિમાં ન્યાય નથી એમ તીવ્ર ચીસ સાથે કહે છે. સીંચી ચીંચીને વેલ ઉછેરી એનું આમ ઉચ્છેદન ? શું અંધ નિયતિને અમારે શિર ઝુકાવી સહી લેવાની ? ગ્રીક નાટકના નાયકને થાય એવો આ પ્રશ્ન છે. આવાં અકસ્માત અમારા જીવનમાં જ શું કામ ?

આખોય ખંડ આક્રોશયુક્ત છે અને એટલે કાવ્યમય છે.

**૭**

પાંચમા ખંડમાં પણ કવિ પ્રથમ ચાર પંક્તિમાં અનુષ્ટુપને ઉપયોગમાં લે છે. જે તત્ત્વને વર્ણવવું છે એ માટે અનુષ્ટુપ અ-નિવાર્ય બને છે.

**નિયતિ, નિયતિ, એક ઋત તું, વર સત્ય તું.**
**વિશ્વે જે છે નથી તે કૈં, હું ન, છે એકમાત્ર તું –**

વેદ જેવી વાણી માટે અનુષ્ટુપ જ ખપ લાગેને ! સરવા કાનના જ્ઞાની કવિની આ તો મઝા હોય છે. અને એ પછીની બે પંક્તિઓમાં 'ભિત્તિ' જેવો નવો શબ્દ કવિ Coin કરે છે. 'ભિતિ' નહીં 'ભિત્તિ' જ કવિના ઋતને યથાતથ પ્રગટ કરે એમ છે.

**કાળમીંઢ અંધ ભિત્તિ, નિયતિ ઊભજે ભલે !**
**અફાળી શિર સિંચાવું રક્તથી મનુજે ભલે.**

પ્રાસને 'તું' 'તે' 'ભલે' 'ભલે' એમ રિપીટ કરી, કવિએ જતો કરી, કેવળ જે કહેવું છે એને ભારપૂર્વક, અશેષ રીતે કહ્યું છે – એ મને વિશેષે ગમ્યું. આવે ટાણે પ્રાસમોહ જતો કરવો કેટલો અઘરો, ભગતસાહેબ ?

પછીની બાર પંક્તિઓમાં ૯થી ૧૨ પંક્તિઓ જ કાવ્યકારક છે. છેલ્લી બે પંક્તિઓ આયોજનને અતિક્રમીને આવે છે. ઉમાશંકરનાં ઘણાં કાવ્યોમાં પ્રમય જેમ ઇતિ સિદ્ધમ અંતે આવે જ.

મારામાંના અધ્યાપકને 'ચૂપ' હું કરું છું...

r

# 'સાબરનો ગોઠિયો' :
# સાહેબની ગેરહાજરીમાં કાવ્યાસ્વાદ

**મહેન્દ્રસિંહ પરમાર**

## સાબરનો ગોઠિયો

મારી સાબરને કાંઠડે રમતો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ઊંચેરી ભેખડનો મોરલો રાજ વનરા તે વનનો વણજારો
એને ડુંગરડે રમણે જાતો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ કાળી કુવેલડી પજવતો રાજ વનરા તે વનનો વણજારો
બબે પાવા બજાવતો ડોલે રાજ વનરા તે વનનો વણજારો
છોટી સાબરનો છોટેરો ગોઠિયો રાજ વનરા તે વનનો વણજારો

એક ઉનાળે મેવલિયો રૂઠ્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ સાબરનાં ધાવણ સૂક્યાં રાજ વનરા તે વનનો વણજારો
ઊંચા ડુંગરને કીધી સલામો રાજ વનરા તે વનનો વણજારો
એક ટહુકો લીધો ને દીધો રાજ વનરા તે વનનો વણજારો

કાંઈ નદીએ નદીએ ઊતર્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ગામડે ને કસબે રખડ્યો રાજ વનરા તે વનનો વણજારો
ક્યાંઈ સાબરનો પાલવ ન મેલ્યો રાજ વનરા તે વનનો વણજારો
ઠેઠ અમ્દા તે વાદ જઈ થંભ્યો રાજ વનરા તે વનનો વણજારો

આંહીં શહેરની તે લ્હેર્યો શી કહેવી રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ગલીએ ગલીએ ઘૂમ્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ શેરીએ શેરીએ રવડ્યો રાજ વનરા તે વનનો વણજારો
ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ વનરા તે વનનો વણજારો

ક્યાંક પ્હેર્યાની પાઘડી આલી રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ વીરા કલાલી ! એક પ્યાલી હો રાજ વનરા તે વનનો વણજારો
પૂર સાબરનાં બાવડે દોડ્યાં રાજ વનરા તે વનનો વણજારો
ક્યાંક જંતરમાં જીવ જોતરાણો રાજ વનરા તે વનનો વણજારો

એનાં ઓઢ્યાનાં હાડચામ દોહ્યાં રાજ વનરા તે વનનો વણજારો
એને ચીપિયે ચીપિયે ચૂંટ્યો રાજ વનરા તે વનનો વણજારો



એને નાનીશી પ્યાલીમાં ડૂબવ્યો રાજ વનરા તે વનનો વણજારો
એને નિચોવી બ્હારો ફગવિયો રાજ વનરા તે વનનો વણજારો

ફરી હાટડિયે વાટડિયે રઝળ્યો રાજ વનરા તે વનનો વણજારો
ફરી ગલીએ બંગલીએ ઘૂમ્યો રાજ વનરા તે વનનો વણજારો
બધી શેરીએ ને ડેલીએ રવડ્યો રાજ વનરા તે વનનો વણજારો
ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ વનરા તે વનનો વણજારો

કાંઈ કોટનું માદળિયું વેચ્યું રાજ વનરા તે વનનો વણજારો
એક છેવાડું પાવળું ઢીંચ્યું રાજ વનરા તે વનનો વણજારો
જઈ કીધું સાબરને વીનવી રાજ વનરા તે વનનો વણજારો
એક છોરુની આટલીક અરજી રાજ વનરા તે વનનો વણજારો
મારા ડુંગરને આટલું કહેજો રાજ વનરા તે વનનો વણજારો
મારા ડુંગરડા એવું તો દૂઝો રાજ વનરા તે વનનો વણજારો
મારી કુવેલડી એવું તો રોજો રાજ વનરા તે વનનો વણજારો
ભૂંડાં ભૂંગળાંની ડૂબે ટોચો રાજ વનરા તે વનનો વણજારો
– માડી સાબર, સદાય તારે ખોળે રાજ વનરા તે વનનો વણજારો
એમ ક્હેને ખંખોળિયું ખાધું રાજ વનરા તે વનનો વણજારો

જરી સાબર સવળીને વળી દોડી રાજ વનરા તે વનનો વણજારો
ભૂંડા ! નદીઓ વળતી તે હશે પાછી શે રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ છેટા છેટા રહ્યા ડુંગરા રાજ વનરા તે વનનો વણજારો
છેટી છેટી કુવેલડી રૂહે ગૈ રાજ વનરા તે વનનો વણજારો

મુંબઈ, ૧૮-૧૦-૧૯૩૫

વીરેન : આજે સાહેબ નથી આવ્યા. સાહેબ નથી તો કાંઈ નહીં, ભણવું તો છે જ. વર્ગમાં બેસવાને બદલે બહાર જઈએ. મજા આવશે. વરસાદી વાદળિયું ઘેરાઈ છે ને આપણાં કેમ્પસની ડુંગરમાળાના વચલા ડુંગરે જઈને બેસીએ. નવેક મિત્રો છીએ તો ચાલો ભેગાં મળી કવિતા વાંચીએ. કવિતા ઉકેલીએ.

જિજ્ઞા : વાહ ! આ ક્લાસરૂમ કેવો સારો ! આ ડુંગરા, આ ભેખડો, આ ઢાળ, આ પ્હાડ ! આ મોરલાના ટહુકા, આ તેતરના તાલ ! આંહી જ કાયમ ભણવાનું હોય તો જામે કે નહીં ! 'વર્ગમાં સ્વર્ગ' માનનારા ઉમાશંકરની કવિતા તો...

અંકિત : જિજ્ઞા, વર્ગમાં સ્વર્ગ માનનારા આપણા સાહેબ નથી આવ્યા. ને તું તો કવિતા જ રચી કાઢીશ એવું લાગે છે. તને ખબર છે, ભાયાણીસાહેબે

મજાક કરેલી, સાહેબ તો વર્ગમાં સ્વર્ગસ્થ થઈ જતા હોય છે.

સતીશ : આપણા સાહેબ કાંઈ વર્ગમાં સ્વર્ગસ્થ નથી હોતા ! અને સાહેબને 'સ્વર્ગસ્થ' કરવામાં આપણોય કાંઈ ફાળો તો ખરો ને ? સાહેબ વાચનશિબિરમાં ગયા છે તો આપણેય વાચનશિબિર કરીએ. 'સમગ્ર કવિતા' હું સાથે લાવ્યો જ છું.

વૃંદા : ઓહોહો ! આટલી મોટી ચોપડી ? આ કવિઓ આટલી બધી કવિતાઓ ક્યારે લખતા હશે ?

વીરેન : **''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,**
**જંગલની કુંજ કુંજ જોવી હતી;**
**જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,**
**રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.**

જિજ્ઞા : વાહ વીરેનકુમાર, તમે તો ગાવા જ માંડ્યું ! ઉમાશંકરની કવિતામાં આવી જ ભેખડો, ડુંગરા, નદી, ઝરણાંની રસળતી વાતો આવે છે. પણ કવિ ઝરણાને 'રોતું' શું કામ રાખતાં હશે ?

ઉમેશ : રોવા-કકળવાની વાત મૂકો. આ 'સાબરનો ગોઠિયો' કવિતા વાંચો મારા ગોઠિયાવ ! નહીંતર 'વિષયાંતર' થઈ જશે પાછું ! સાહેબના જેવું !

સતીશ : એવું ન હોય ઉમેશ, વિષયાંતરમાં પણ એક વિષય તો હોય જ. એક કામ કરીએ આખી કવિતા આપણે સાથે – 'મિલે સૂર' કરીને વાંચીએ.

બધાં : **''મારી સાબરને કાંઠડે રમતો રાજ વનરા તે વનનો વણજારો**
**કાંઈ ઊંચેરી ભેખડનો મોરલો રાજ વનરા તે વનનો વણજારો''**

મોનિકા : આ તો માળું લોકગીત જેવું છે. આપણે બધાંએ એક સૂરમાં વાંચ્યું. પણ એમાં તો ધડબડધડ થઈ ગયું. એલા હાલો જોઈ ગાઈએ ! બીજી કડી આપણે ગાઈએ. થોડું નવું થશે.

બધાં : હા, હા, ચાલો.

વૃંદા : પણ કયા ઢાળમાં ગાશું ? 'બાર બાર વરસે નવાણ ગળાવ્યા, નવાણે નીર તે દિ' નાવ્યાં રે લોલ'વાળો ઢાળ કે 'એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી'વાળો ઢાળ ?

જિજ્ઞા : એમાં જોખમ છે. એના કરતાં આપણા ગળામાં એની મેળે ગોઠવાઈ જાય એવા ઢાળમાં ગાઈએ. લાવો હું પ્રયત્ન કરું તમે એમાં ધીમે-ધીમે જોડાતાં જજો... કાં તો એક હું ને એક તમે એવું કરીએ... ''એક ઉનાળે મેવલિયો રૂઠ્યો રાજ વનરા તે વનનો વણજારો''

બધાં : ''કાંઈ સાબરનાં ધાવણ સૂક્યાં રાજ વનરા તે વનનો વણજારો''

જિજ્ઞા : ''ઊંચા ડુંગરને કીધી સલામો રાજ વનરા તે વનનો વણજારો''



બધાં : ''એક ટહુકો લીધો ને દીધો રાજ વનરા તે વનનો વણજારો''

સતીશ : ...એલાં આ તો જામી ! 'એક ટહુકો લીધો ને દીધો' જેવું થ્યું આ તો !

વૃંદા : પણ આમાં કવિ કહેવા શું માગે છે ઈ તો કોઈક ક્યો !

અંકિત : કવિ તો કાંઈક કહેવા માગતા હશે તો જ કવિતા લખતા હશે ને ! પણ આ 'વનરા તે વનનો વણજારો', 'વનરા તે વનનો વણજારો' એમ વારેઘડીએ બોલવાને બદલે બધી લીટીઓને કૌંસમાં 'વનરા' એટલું લખ્યું હોત તો ?

સતીશ : તો આ કવિતા પણ સ્વર્ગસ્થ થઈ જાય મારા ભૈલા ! લોકગીતની જેમ આમાંય કવિએ આવર્તન કર્યું છે.

જિજ્ઞા : એ આવર્તનની સાંકળીમાં આખું ગીત બાંધ્યું છે. એને લીધે શું થાય કવિતામાં ?

અંકિત : તું તો સાહેબની જેમ સવાલ પૂછવા માંડી ! એના કારણે એક તો એ થાય કે કવિતાનો પોતાનો લય રચાય !

વૃંદા : માત્ર લય જ ના રચાય. કવિતાની ભાવસૃષ્ટિ દૃઢ થાય.

ઉમેશ : ભાવનો વૈવિધ્ય માટે પણ તક રચાય...

સતીશ : આ ગીત તો આમેય કથાગીત જેવું છે. કથામાં જેમ તાન-પલટાઓ આવે એમ આમાંય આવશે એમ લાગે છે. એ તાન-પલટાની પાછળ 'રાજ વનરા તે વનનો વણજારો' મુકાતું આવે, ને એમ વક્રતા ને વ્યંજના – આપણાં સાહેબ કહે છે તેમ – રચાતાં-રસાતાં આવે. મનીષ, તું ક્યારનો મૂંગો મૂંગો સાંભળે છે તે કાંક તો બોલ !

મનીષ : સૉરી હોં ! મારું ધ્યાન આ મોરલો બોલતો'તો ને, એમાં હતું !

વૃંદા : મોરલો મરત લોકથી આવ્યો ને પાછો બોલ્યોય ખરો ! અલ્યા, આ કવિતામાં જ ઊંચેરી ભેખડનો મોરલો આવે છે. એનેય જરા સાંભળને !

મનીષ : હુંય એ જ વિચારતો'તો. માળો એ વનરા વનનો વણજારો છે, ને ઊંચેરી ભેખડનો મોરલોય છે, એ કાળી કુવેલડીને પજવે છે ને પાછો બબે પાવાય વગાડે છે. 'રમતો', 'રમણે જાતો', 'ડોલતો', 'છોટી સાબરનો છોટેરો ગોઠિયો' ને બબે પાવા વગાડવાની પ્રસન્નતા તો સમજાણી, પણ કાળી કુવેલડીને પજવવી એ તે વળી શું ? આમાં કુવેલડી આવી ને પાછી કાળી ! એ શું હશે ?

વૃંદા : કોઈ વનસ્પતિનું નામ લાગે છે ! એલોવેરા ! કુંવારપાઠું ? પણ એ તો લીલું હોય ! 'છોટેરો ગોઠિયો' એને પજવે શું કામ ? વિરલ, તને કાંઈ સૂઝે છે ?

વિરલ : કૌન બનેગા કાવ્યભાવક ! મને તો હેલ્પલાઇન સૂઝે છે. ફોન અ ફ્રેન્ડ ! ચાલો, સાહેબને જ ફોન કરી પૂછીએ !

બધાં : હા. એ બરાબર. એ બહાને સાહેબનો અવાજ પણ સંભળાશે ! વિરલ, તું જ ફોન લગાવ –

વિરલ : (ફોન લગાવીને) હલો સર ! ગુડ મૉર્નિંગ ! અમે ડુંગરે બેઠા ઉમાશંકરની કવિતા ‘સાબરનો ગોઠિયો’નો આસ્વાદ કરીએ છીએ !

સાહેબ : અરે વાહ ! એ કવિતા ખરી તમારા હાથમાં આવી ! તમે એની સાથે ‘સાબરદર્શન’ અને ‘સાબરની ગોઠણ’ કવિતા પણ વાંચજો. બોલો, મને એ માટે જ ફોન કર્યો હતો ?

વિરલ : સર, એમાં એક શબ્દનો અર્થ નથી સમજાતો.

સાહેબ : કયો શબ્દ છે ?

વિરલ : કુવેલડી. આખી પંક્તિ છે : ‘કાંઈ કાળી કુવેલડી પજવતો રાજ...

સાહેબ : વનરા તે વનનો વણજારો.’ હમ્, દોસ્તો એ ઉત્તર ગુજરાતનો શબ્દ છે. ‘કાળી’થી તમે પકડી ન શક્યા ? કુવેલડી એટલે કોયલ ! સરસ ચિત્ર છે. વનરા વનનો વણજારો વનમાં રમણે ચઢ્યો છે ને કાળી કોયલને પજવે છે. કોયલ કાગડાની વહુ... કૂરુ... એટલે કોયલ પણ સામે કરે કૂ...કૂ...!

બધાં : થેંક્યુ સર ! અરે આ તો કોયલની સાથે રમત કરવાની આપણી જ રીત !

જિજ્ઞા : જોયું, ઘરડાં ગાડાં વાળે ! આપણે સાહેબને વચ્ચે લાવવા જ નહોતા ને તોય કેવા આવી ગયા ! ઋષિતા, બીજા ખંડમાં તને શું લાગ્યું ?

ઋષિતા : ઉનાળો કારમો પડ્યો, મેહુલો રૂઠ્યો, સાબરનાં ધાવણ સુકાયાં એટલે ઊંચા ડુંગરને સલામો કરી વણજારો નીકળી ગયો. એને નીકળી જવું પડ્યું. ‘સલામો’ કરીને એ ગયો ક્યાં ?

જિજ્ઞા : એ તો હવે આગળના ત્રણ ખંડ ગાશું એટલે તરત ખબર પડશે. ચાલો સાથે જ ગાઈએ...

બધાં : **“કાંઈ નદીએ નદીએ ઊતર્યો રાજ વનરા તે વનનો વણજારો**
**કાંઈ ગામડે ને કસબે રખડ્યો રાજ વનરા તે વનનો વણજારો**
... ... ...
**એને નાનીશી પ્યાલીમાં ડૂબવ્યો રાજ વનરા તે વનનો વણજારો**
**એને નિચોવી બ્હારો ફગવિયો રાજ વનરા તે વનનો વણજારો”**

જાહ્નવી : વખાનો માર્યો વણજારો શહેરમાં આવ્યો. ગામડું છોડીને શહેરમાં આવતા ગામડિયાની દશા આમાં તો બરાબર દર્શાવી છે ને કાંઈ !

સરસ્વતી : નદીએ નદીએ ઊતરતો, ગામડે-કસબે રખડતો આવે છે, પણ સાબરનો પાલવ ક્યાંય છોડતો નથી વણજારો, ને ઠે...ઠ અમદાવાદ થંભે છે.

જાહ્નવી : અમદાવાદ નથી. કવિતામાં કવિએ ‘અમ્દા તે વાદ’ કર્યું છે. એ ખાલી લય માટે કર્યું હશે કે...



જિજ્ઞા : હા એવું ખરું પણ અમ્દાવાદ કરીને ગ્રામીણ છાપ પણ જળવાય છે. સાહેબે ‘સાબરદર્શન’ કવિતા યાદ કરાવેલી ને, એમાં વળી બીજો નાયક સાબરને સંગ નીકળી પડ્યો છે. એ કવિની જ આપવીતી છે. જુઓ સંભળાવું :
**“લાડકડી, ધપતી ડુંગરડા છોડી તું, ત્યમ હુંય;**
**પ્રવાસિની, મારેય કેડી-દર-કેડી ખેડવી ભૂંય,**
**મળીશું રાજનગરને તીર,**
**સંતની જ્યાં જગજ્યોત કુટીર.”**
– આપણો કવિ પણ ગામથી શબ્દ લઈને નીકળી ગયેલો. પણ ‘રાજનગરને તીર’ એને તો આશ્વાસન છે ‘સંત’ની જગારા મારતી કુટીરનું. આ સંત કોણ એ તમે કહી શકો ?

સતીશ : જેનો મંગલ શબ્દ કવિએ જગતને સંભળાવ્યો તે મહાત્મા. જિજ્ઞા, આપણા વણજારાની દશા તો કવિ કરતાં નોખી છે. કરુણ છે. ‘શહેરની લ્હેર્યો’નો કટાક્ષ ન સમજાય એટલા ‘સ્વર્ગસ્થ’ તો આપણે નથી હોં !

અંકિત : ‘શી કહેવી’ કરીને કહી દીધું કવિએ, ‘ગલીએ ગલીએ ઘૂમ્યો’, ‘શેરીએ શેરીએ રવડ્યો’,...

ઉમેશ : મને તો ‘ભૂંગળે ભૂંગળે ભટક્યો’માં રસ પડ્યો. સાબરનો ગોઠિયો ભૂંગળામાં ભેરવાયો. અમદાવાદની મિલોના ધુમાડાએ એના ફેફસામાં ભરાયેલી ઇડરિયા હવાની સાથે ધીંગાણું મચાવ્યું હશે બરોબર !

જિજ્ઞા : આ ખંડોમાં ‘રાજ વનરા તે વનનો વણજારો’ની ધ્રુવપંક્તિ કેવો વિરોધ રચે છે ! એ વિરોધ પછીના ત્રણે ખંડમાં અખંડ વહેતો રહ્યો છે. ચાલો, હવેના ખંડોની પૂર્વપંક્તિ હું બોલીશ. ઉત્તરપંક્તિ, ધ્રુવપંક્તિ તમે સૌ બોલજો.
– “ક્યાંક પ્હેર્યાની પાઘડી આલી રાજ...

બધાં : ...વનરા તે વનનો વણજારો

જિજ્ઞા : ...કાંઈ વીરા કલાલી ! એક પ્યાલી હો...રાજ,

બધાં : વનરા તે વનનો વણજારો
(આ પ્રમાણે જિજ્ઞા અને બધાં – ‘ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ...’ સુધીની પંક્તિઓનું પઠન કરે છે.)

જિજ્ઞા : ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ...

બધાં : ...વનરા તે વનનો વણજારો.”

સતીશ : વનરા તે વનનો વણજારો, વનરા તે વનનો વણજારો, વનરા તે વનનો...

અંકિત : ક્લાસમાં તો આપણો આ સતીશ વણજારો ઝોલે ચડ્યો હોય ને અત્યારે જુઓ ગાણે ચડ્યો છે. ભઈલા, હવે હાઉ !

સતીશ : માળું આમાં તો ઊંઘ ઊડી જાય એવું છે. ગોઠિયાની તો બરાબરની રેવડી દાણાદાર થઈ ! એની પાઘડી-એટલે ગૌરવ-એટલે એની ઓળખ ઠામૂકી ગઈ !

વૃંદા : કલાલી એટલે શું ? પાછો એ વીરો શેનો ? ફોન અ ફ્રેન્ડ કરવું પડશે ?

અંકિત : ના ના, કલાલી એટલે દારૂ વેચનારો. આપણો હીરો દારૂના રવાડે ચડ્યો. કેમ તો કે શેરીએ-શેરીએ, ગલીએ-ગલીએ, ભૂંગળે-ભૂંગળે ઘૂમ્યો, રવડ્યો, ભટક્યો ને જંતરમાં જીવ જોતરાણો પણ કાંઈ ઠર્યો નહીં. ક્યાં પેલું બબે પાવાનું જંતર વગાડતો 'જંતરવાળો જુવાન', ને ક્યાં જંતરમાં – એટલે યંત્ર-સંસ્કૃતિમાં જોતરાતો આ જુવાન ! યંત્રવિજ્ઞાન ખરું પણ મંત્રાકવિતા ? ગઈ !

જિજ્ઞા : આ ત્રણે ખંડોનાં ક્રિયાપદો જોરદાર છે. પહેરવા-ઓઢવાનું કાંઈ રહ્યું નહીં, ચીપિયે ચીપિયે ચૂંટાણો અને નાની એવી પ્યાલીમાં બિચારો ડૂબ્યો-રઝળ્યો, ઘૂમ્યો, રવડ્યો ને ફરી ભૂંગળે ભૂંગળે ભટક્યો !

વીરેન : ચાલો હવે બીજો પીરિયડ શરૂ થવાને દસ મિનિટ જ રહી છે.

જિજ્ઞા : આગળનું હું જ ગાઉં ! મારો અવાજ સારો છે ને મને મજાય આવે છે !

વીરેન : તને દિવાળીબેન થવાની હોંશ બહુ જિજ્ઞા ! રઘુવીરભાઈએ સર્ટિફિકેટ આપ્યું કે તારો અવાજ સારો છે એટલે માની લેવાનું ? કાળી કુવેલડી જેવો નહીં; તારો અવાજ તો કાબરની હરીફાઈ કરે એવો છે ! રાજુ, તારો લોકગીતની હલકનો અવાજ છે. તું જ ગા બાકીની કવિતા.

રાજુ : મારો વારો આવ્યો ખરો. આ વખતે 'વનરા તે વનનો...' તમે હારે જ બોલજો.

**''કાંઈ કોટનું માદળિયું વેચ્યું રાજ વનરા તે વનનો વણજારો**
**એક છેવાડું પાવળું ઢીંચ્યું રાજ વનરા તે વનનો વણજારો''**

**... ... ... ...**

**કાંઈ છેટા છેટા રહ્યા ડુંગરા રાજ વનરા તે વનનો વણજારો**
**છેટી છેટી કુવેલડી રૂહૈ ગૈ રાજ વનરા તે વનનો વણજારો.''**

જિજ્ઞા : રાજુ તેં તો ગીતનો ઢાળ બદલી નાખ્યો, પણ ઢાળની જેમ જ મિજાજ પણ હવે બદલાઈ ગયો. પહેલા ખંડની મધુરી ચિત્રમાળા હવે જાણે નવા રૂપ ધારણ કરીને આવી ગઈ ! છેલ્લું છેલ્લું માદળિયુંય વેચાયું, છેવટનું પાવળું ઢીંચાયું ને...

અંકિત : છેલ્લો આશરો મા સાબરનો. જેનો પાલવ પકડીને વણજારો આવેલો. લાચાર-પરવશ નાયક ખંખોળિયું ખાય છે સાબરમાં. પણ સાબરનો જવાબ તો જુદો છે.



વૃંદા : પેલી કુવેલડીને એવું રુદન કરવાનું કીધું કે ભૂંગળાની ટોચો ડૂબી જાય ! વાહ, 'ગુજરીની ગોદડી' વાર્તામાં ટાઢ ઊડાડવા બધીય ચોપડીઓનો ભડકો કરી દેનારા વાર્તાકાર, ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જગાડનાર કવિ અહીં આ રીતે વ્યક્ત થયો. કોયલના રુદનથી ભૂંગળાની ટોચો ડુબાવી દેવાની વાત કદાચ આખી કવિતામાં મને સૌથી વધુ ગમે છે.

અંકિત : એ કદાચ, સૌથી વધુ બોલકીય છે. આટલા બધા બોલકા થવાની શું જરૂર ?

જિજ્ઞા : ક્યારેક કલાકારે બોલકાય થવું પડે !

વીરેન : પણ નદી બોલી તો કેવું બોલી ! એ પાછી 'સવળીને વળી દોડી !' 'ળ'કારનું સંગીત મારા કાને પકડ્યું. નદી તે પાછી વળતી હશે ?

વિરલ : છેટા છેટા રહ્યા ડુંગરાની આગળ 'કાંઈ' આવ્યું ને મને તો ચચરાટી થઈ આવી. કોયલડીય છેટી રહી ને ડુંગરાય છેટા રહ્યા.

વીરેન : **''એકલા આકાશ તળે ઊભીને એકલો**
**પડઘા ઉર બોલના ઝીલવા ગયો;**
**વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,**
**એકલો અટૂલો ઝાંખો પડ્યો.''**

જિજ્ઞા : વીરેનને આ 'ભોમિયા વિના' ભારે હૈયે વસેલી છે. એણે કેવી જોડી દીધી ! પણ ભાઈ, આમ બીજી-ત્રીજી કવિતા ભેળી ગૂંથતા જાશું તો વેણીનો થશે મોટો હાર. બાકી તો હુંય 'એના એ ડુંગરા'વાળું ગીત પાછું સંભળાવું, સૂતાં ઝરણાંનું ગીત ફરી સંભળાવું, 'રોતાં ઝરણાંની આંખ લ્હોવી જરી'વાળુંય ભેગું સંભળાવું.

બધાં : એ ના હો. આટલું ઘણું. વાંધો એ કવિતાનો નથી. તારા 'કર્ણપ્રિય' અવાજનો છે.

જિજ્ઞા : ઠીક, કાંઈ વાંધો નહીં. પણ આ કથાગીત ૯ ખંડોમાં વહેંચાયું, એમાં ૭ ખંડ ૪ પંક્તિના, એક ખંડ ૬ પંક્તિનો અને એક ખંડ ૧૦ પંક્તિનો. કુલ ૪૪ પંક્તિ થઈ. શબ્દો ગણીએ તો ૩૫૦થી વધારે. આપણને પરીક્ષામાં કહેવામાં આવે કે ૬૦૦ શબ્દોમાં આસ્વાદ લખો ! કેમ થાય ?

અંકિત : બધું કાંઈ પરીક્ષાને ધ્યાનમાં રાખીને જ કરવાનું હોય ?

વીરેન : 'ગાણું અધૂરું મેલ્ય મા' જેવાં ગીતો ક્યારેક લોકગીત તરીકે ઓળખાય. ઉમાશંકરની એવી કવિતાઓ આપણે ભેગી કરવી, જેમાં લોકસંસ્કારો હોય. ચાલો, સાહેબ નહીં હોય, ત્યારે આના આ ડુંગરે આવી આપણે આવો જલસો કરીશું. સૂતા ઝરણાને જગાડી ઉછીનું ગીત માગીશું. ટેકરીના ઢાળે ઢાળે પાછા પહોંચી જઈએ વર્ગમાં. સ્વર્ગમાં.

વૃંદા : સ્વર્ગ, તો આ સ્વર્ગ નથી ?

સતીશ : આય સ્વર્ગ ને વર્ગ પણ સ્વર્ગ ! હવે હાલો. સાહેબ આવશે ત્યારે આ મારા મોબાઇલમાં આખું રેકોર્ડ કર્યું છે તે સંભળાવશું.

જિજ્ઞા : હા ! અને રેકોર્ડ કરેલું લખીને 'પરબ'માંય મોકલશું. હાલો હવે વરસાદ પડવા માંડ્યો છે ને બીજા વર્ગનો સમય પણ થઈ ગયો છે. હાલો હવે હાલો ઝટ્.

બધાં : (ટેકરી ઊતરતાં)

**''કાંઈ છેટા છેટા રહ્યાં ડુંગરા રાજ વનરા તે વનનો વણજારો**
**છેટી છેટી ફુલેવડી રૂહૈ ગૈ રાજ વનરા તે વનનો વણજારો''**
છેટા... છેટા...
છેટા... છેટા...
છેટા...
છેટી...

## પ્રણય, તું—

*પ્રણય, તું નટ ચંચલ એ જ ને*
*યુગલ આદિમ આંખથી પ્રજ્વળી,*
*નયનથી નયને નિત નાચતો,*
*અયુત પેઢી જ એમ વટાવતો*
*અવ પ્રિયા-નયને નરતંત જે?*

*પ્રણય, તું મધુ એ રસજ્યોત ને*
*અધરથી અધરે સ્ફુરતી વહી,*
*પ્રથમ ચુંબનથી લલચાવતી,*
*બની અલંકૃતિ કોટિક યુગ્મની*
*પ્રિય તણે અધરે ફરકંત જે?*

*પ્રણય, તું રસ-આસવ એ જ કે*
*રચી રચી નવલાં ઉર-જોડલાં,*
*યુગયુગાન્તરથી પ્રકૃતિ સદા*
*સતત ઘૂંટતી, જેહ છલાછલ*
*પ્રિય તણા ઉર-સંપુટમાં ભર્યો?*

અમદાવાદ, ૨૩-૫-૧૯૩૮



# સ્વાન્તઃ સુખાય વાંસળી વેચનારો

**પ્રવીણ ગઢવી**

## વાંસળી વેચનારો

– 'ચચ્ચાર આને !
હેલી અમીની વરસાવો કાને !
ચચ્ચાર આને !
હૈયાં રૂંધાયાં વહવો ન શાને ?'
– મીઠી જબાને લલચાવી હૈયાં
રસે પૂરા કિંતુ ખીસે અધૂરા
શ્રમીણ કોને અમથું રિબાવતો
બરાડતો જોસથી બંસીવાળો.

ઘરાક સાચા સુણવા ન પામે
વેગે જતી ગાડી મહીં લપાઈ જે
બંસી સુણંતા પ્રણયોર્મિગોષ્ઠિની.
'ચચ્ચાર આને !'
ના કોઈ માને
અને ખભે વાંસળી-જૂથ એનું
થયું ન સ્હેજે હળવું, ભમ્યો છતાં.

'ચચ્ચાર આને !
લો, ને રમો રાતદી સ્વર્ગ-તાને !'
– 'ચચ્ચાર આને ?'
– 'દે એક આને !'
'ના, ભાઈ, ના, ગામ જઈશ મારે,
છો ના ખપી ! ઇંધણથી જશે નહીં.
ચચ્ચાર આને ! બસ ચાર આને !!'

પાછાં વળંતાં, પછી જૂથમાંથી
ખેંચી મજાની બસ એક બંસી,
આષાઢની સાંજની ઝર્મરોમાં
સુરો તણાં રંગધનુ ઉડાવતી

એણેય છેડી ઉરમાંથી ઝર્મરો.

જીવંત આવી સુણી જાહિરાત, કો
બારી મહીંથી જરી બ્હાર ઝૂકતી,
બોલાવતી તાલીસ્વરેથી બાલા.

હવે પરંતુ લયલીન કાન,
ઘરાકનું લેશ રહ્યું ન ભાન.

મુંબઈ, ૨૨-૬-૧૯૩૫

**ઉ**માશંકર આપણા રવીન્દ્રનાથ છે. એમના વિશે એટલું બધું બોલાયું છે, લખાયું છે કે હવે વધુ શું બોલવું અને લખવું ? સૂઝતું નથી.

શ્રી ભોળાભાઈ પટેલે કવિને 'અખિલાઈ'ના કવિ ગણાવ્યા છે. તે સર્વાંશે સાચું છે. ઉમાશંકર કવિતાના વિષય અને સ્વરૂપમાં એકાંગી રહ્યા નથી. ગઝલ સિવાયનાં કાવ્યનાં બધાં રૂપોમાં કવિ વિહર્યા છે. છાંદસ, અછાંદસ, ગીત, સૉનેટ, લોકગીત, સંવાદકાવ્ય, પદ્યનાટ્ય એમ અનેકવિધ કાવ્યસ્વરૂપો, ઉપજાતિ, ઇન્દ્રવજ્રા, વનવેલી જેવા છંદો સાથે કવિએ કામ પાડ્યું છે. કવિને વિષયોની પણ કોઈ છોછ નથી. પ્રેમ, પ્રકૃતિ, પ્રભુ તો કવિતાના શાશ્વત વિષયો જ. એમાં કવિએ પ્રજાનો વિષય ઉમેર્યો છે. ગુલામ, જઠરાગ્નિ, એક ચૂસાયેલા ગોટલાને, બુલબુલ અને ભિખારણ, દળણાના દાણા, ઉકરડો, મોચી અને વાંસળીવાળો જેવા સામાજિક પ્રશ્નોને સ્પર્શતાં કાવ્યો કવિએ ભેટ આપ્યાં છે.

આજની આપણી અનુઆધુનિક કવિતા વિષયોમાં એકાંગી બની ગઈ છે, સંકીર્ણ બની ગઈ છે, ત્યારે કવિના શબ્દો સ્મરણે ચઢે છે. 'સ્વાતંત્ર્ય, સામાજિક, ન્યાય, માનવીય ગૌરવ જેવાં મૂલ્યોની સ્થાપનાના કંઈ ને કંઈ સંઘર્ષમાં ઓછેવત્તે અંશે ગૂંથાયેલા હોવું એ જાણે કે કાવ્યરચનાની પૂર્વશરત નહીં, તે પણ ભૂમિકા જેવું રહ્યું છે.' કવિ, કવિતા, રાજકારણ, ધર્મને જુદાં માનતા નથી. કવિએ જાણે દલિત કવિતાની નાન્દી ભાખી ન હોય એમ લાગે છે. ૧૯૩૩માં રચાયેલી કવિની 'મોચી' રચનામાં કૉલેજ જતાં કવિની સ્કૂલબૅગ માર્ક્સ અને કીટ્સની ચોપડીઓ સાથે મ્યાન થયેલી છે !

'વાંસળી વેચનારો' કવિના પ્રિય વિષય દલિત-પીડિતજનનું એક પાત્ર છે. 'હલકા વરણના પ્રેમની તે વાર્તા હોય ?' એવા ન્હાનાલાલીય યુગમાં કવિએ આવા વિષયો પર કાવ્યરચના કરવાનું સાહસ કર્યું છે તે ખરેખર આશ્ચર્યજનક છે !

**'ચચ્ચાર આને !**
**હેલી અમીની વરસાવો કાને'**

વાંસળીવાળો કહે છે, 'ફક્ત ચાર આનામાં તમારા કર્ણપટે અમૃતની હેલી



વરસાવો.' આ શબ્દો વાંસળીવાળાના નહીં, પણ કવિના છે. કવિ જાણે વાંસળીવાળો બની ગયા છે. પ્રથમ પંક્તિથી જ કવિનું પાત્ર સાથે અદ્વૈત રચાયું છે. હજી કવિ આગળ વધે છે. 'હૈયાં રૂંધાયાં વહવો ન શાને ?' ફક્ત ચાર આનાની વાંસળી લઈ તમારાં અવરોધાયેલાં હૈયાં વહેતાં કરો ! કેવી સરસ કાવ્યમય ઑફર ! પરંતુ લોકલ ટ્રેનમાં બેઠેલા ગ્રાહકોય અર્ધાપર્ધા વાંસળીવાળા જેવા જ છે દરિદ્ર ! 'રસે પૂરા' પરંતુ ખિસ્સાખાલી ! જોસથી બરાડતો વાંસળીવાળો બિચ્ચારા લોકોને અમથું-અમથું રિબાવે છે.

**'શ્રમીણ કોને અમથું રિબાવતો'**

અહીં પાઠમાં કંઈક ગરબડ જણાય છે. 'શ્રમિકોને અમથું રિબાવતો એમ બેસે છે પરંતુ શ્રમીણ કોને અમથું રિબાવતો' સંદિગ્ધ રહે છે. સંસ્કૃત કોશ પ્રમાણે 'શ્રમણ' એટલે પરિશ્રમી સ્ત્રીલિંગ શ્રમણા-શ્રમણી છે. પંરતુ 'શ્રમીણ' શબ્દ નથી.

વેગે ધસી જતી ટ્રેનમાં લોકની વચ્ચે સાચા ગ્રાહક બેઠા છે, પણ લપાઈને પ્રેમી-પ્રેમિકા. પરંતુ તેઓ તો પ્રણયઊર્મિ-ગોષ્ઠિની બંસી સાંભળી રહ્યાં છે. તેમનાં હૃદયોમાં જ વાંસળી વાગી રહે છે, ત્યાં આ પોલા વાંસની વાંસળી કોણ લે ?

કોઈ વાંસળી લેતું નથી. વાંસળીના ભારામાંથી ભાર ઓછો થતો નથી. વાંસળીવાળો કવિની જબાનમાં હજી લલચાવે છે.

**'ચચ્ચાર આને' !**
**લો, ને રમો રાત-દી સ્વર્ગ-તાને' !**

– કોઈ તો વાંસળી લો અને સ્વર્ગના રાગે રમો તો ખરા !

કોઈ લાભીનો જીવ જરા સળવળ્યો કહે, દે એક આને 'આ તો ભાઈ, અમદાવાદીથીય ગયો.' ચાર આનાના સીધા બે-ને બદલે ફક્ત એક આનો !

વાંસળીવાળાએ અર્થશાસ્ત્ર પચાવી જાણ્યું છે. એક આનો તો પડતરભાવ પણ નથી, કેવી રીતે વેચાય ? એના કરતાં તો ઘરે જઈ ચૂલામાં નાખું તોય પોષાય કંઈ નહીં તો ઈંધણનું ખર્ચ બચે અને દાલ-રોટી તો પાકે ! વાંસળીને બાળી મૂકવાની વાતથી એને કેટલું દુઃખ થયું હશે, તે તો કવિ જ જાણે, કેમકે કવિને કવિતા બાળવી પડે અને દલપતરાયને કંજૂસ શેઠ સમક્ષ સાંબેલું વગાડવું પડે ત્યારે જે દુઃખાનુભૂતિ થઈ હશે, તે જ વાંસળીવાળો અનુભવી રહ્યો છે. હારી-થાકીને ટ્રેનના છેડે જઈ પાછો વળ્યો, એક પણ વાંસળી વેચાઈ નહીં.

**'પાછાં વળતાં, પછી જૂથમાંથી**
**ખેંચી મજાની બસ એક બંસી'**

– એક વાંસળી ભારામાંથી ખેંચી આષાઢની સાંજની ઝરમર વરસી રહી છે ત્યારે 'સૂરો તણાં રંગધનુ ઉડાવતી, એણેય છેડી ઉરમાંથી ઝર્મરો.' વાંસળીવાળાએ પોતે જ વાંસળી વગાડવા માંડી અને વાંસળીના સાત સૂરોના ઇન્દ્રધનુમાં એવો તો તન્મય થઈ

ગયો કે :

**‘જીવંત આવી સુણી જાહિરાત, કો**
**બારી મહીંથી જરી બ્હાર ઝૂકતી,**
**બોલાવતી તાલીસ્વરેથી બાલા’**

– કોઈ બાળા બારી બહાર ઝૂકી તાલી પાડી એને બોલાવે છે કે, એક વાંસળી આપ, ભલે તારો ભાવ ચાર આના હોય. પરંતુ વાંસળીવાળાનો ‘ભાવ’ – Price ‘ભાવ’ – Emotionમાં પરિવર્તિત થઈ ગયો છે.

**‘હવે પરંતુ લયલીન કાન,**
**ઘરાકનું લેશ રહ્યું ન ભાન.’**

– હવે એ તો લીન થઈ ગયો છે વાંસળીના સૂરોમાં, એને હવે ગ્રાહકની તમા નથી. સ્વાન્તઃ સુખાય અવસ્થા તે ભોગવી રહ્યો છે. એ હવે વેપારી રહ્યો નથી. એ વેપારને પાર કરી આનંદલોકમાં વિહરી રહ્યો છે. મેઘાણીએ લખ્યું છે, ‘કર મન શબ્દનો વેપાર જી...’ આ શબ્દનો, સૂરનો વેપાર, સુરાનો વેપાર, અનાજ-કરિયાણાના વેપાર જેવો વેપાર નથી. કવિની કવિતા પ્રતિષ્ઠા પામે કે ન પામે, કવિને તો આનંદ આપે છે.

કવિનો વેપાર અનુભવાતીત (Transcendental) છે. સંગીતનો વેપાર પણ નફા-નુકસાનથી પર છે. સંગીત કોઈને નહીં, તો સ્વને તો આનંદ આપે જ છે. મયખાનામાં મય ના વેચાય તો પીને તો આનંદ માણી શકાય છે.

કવિએ ‘વાંસળીવાળો’ જેવા ક્ષુલ્લક વિષય લઈ કાવ્યનું વિરાટ દર્શન કરાવ્યું છે. સંકીર્ણતા છોડી અખિલાઈ પ્રાપ્ત કરવા કવિ ઉમાશંકર કવિઓને આહ્વાન કરે છે. અંતે એક ઉર્દૂ શેયરથી સમાપન કરીએ !

**‘ક્યા પૂછો કારોબારકા,**
**આયને બેચતા હૂં અંધો કે શહેર મેં !**

આમીન.

r



# પ્રકૃતિસૌંદર્યની દિવ્ય અનુભૂતિનું ગાન

***રમેશ એમ. ત્રિવેદી***

## નખી સરોવર ઉપર શરત્‌પૂર્ણિમા

પેલી આછા ધૂમસ મહીંથી શૃંગમાલા જણાય,
નામી નીચાં તટતરુ ચૂમે મંદ વારિતરંગ,
વ્યોમે ખીલ્યા જલઉર ઝીલે અભ્રના શુભ્ર રંગ;
સૂતું તોયે સરઉદરમાં ચિત્ર કાંઈ વણાય.
વીચીમાલા સુભગ હસતી જ્યાં લસે પૂર્ણ ચંદ;
શીળી મીઠી અનિલલહરી વૃક્ષની વલ્લરીમાં
સૂતી’તી તે ઢળતી જલસેજે મૂકે ગાત્ર ધીમાં,
સંકોરીને પરિમલ મૃદુ પલ્લવપ્રાન્ત મંદ.

ત્યાં તો જાણે જલવિધુ તણા ચારુ સંયોગમાંથી
હૃત્તંત્રીને કુસુમકુમળી સ્પર્શતી અંગુલિ કો.
અર્ધાં મીંચ્યાં નયન નમતાં ગાન આ આવ્યું ક્યાંથી ?
એકાન્તોમાં પ્રકૃતિ કવતી મંજુ શબ્દાવલિ કો.
એવે અંતઃશ્રુતિપટ પરે ધન્ય એ મંત્ર રેલે :
સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.

માઉન્ટ આબુ, ઑક્ટોબર ૧૯૨૮

‘**ન**ખી સરોવર ઉપર શરત્‌પૂર્ણિમા’ કિશોરવયના કવિ ઉમાશંકર જોશીની સર્વપ્રથમ કાવ્યરચના છે. ૧૯૨૮માં તેમણે સત્તર વર્ષની વયે એની રચના કરી છે. છ વર્ષ પછી તેમના પ્રગટ થયેલા ‘ગંગોત્રી’ કાવ્યસંગ્રહના આરંભે આ સૉનેટરચનાની અંતિમ પંક્તિ ‘સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે’, સૌ પ્રથમ વાર જોવા મળે છે. આ પંક્તિ સાથેનું સમગ્ર સૉનેટ પછીથી ૧૯૩૯માં ‘નિશીથ’ નામના કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલું આપણને પ્રાપ્ત થાય છે.

કૉલેજના પ્રથમ વર્ષમાં કવિ અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે કરેલો આબુનો પ્રવાસ, પ્રવાસ દરમિયાન મન ભરીને માણેલી પ્રકૃતિ અને તેના સૌંદર્યપાનથી ઉલ્લસિત કવિચિત્તના સહજ ઉદ્‌ગારો ભાવની પરાકાષ્ઠા રૂપે સૉનેટની અંતિમ પંક્તિમાં ઝિલાયા છે. પછીથી કવિની જીવનભર ચાલેલી કાવ્યસર્જનની પ્રવૃત્તિના ‘માણેકથંભ’ રૂપે જાણે એ સોહે છે. કવિને થયેલી સૌંદર્યની અનુભૂતિ એમની કવિતાનો ઉદ્‌ભવસ્રોત છે, એવી

આપણને પ્રતીતિ થાય છે. સાથેસાથે, એ પંક્તિમાં આવતો 'આપમેળે' શબ્દ કશીક ચોક્કસ પ્રકારની અભિવ્યક્તિને સંકેતે છે. પ્રકૃતિસત્ત્વનું ગાન અન્-આયાસ, તત્ક્ષણ નીકળી આવેલા ઉદ્‌ગાર રૂપે અને તેથી જ એ ધન્ય ક્ષણને, 'મંત્ર' રૂપે – કાવ્યદીક્ષા રૂપે મહિમા ધારણ કરે છે. સૌ પ્રથમ સૌંદર્યનું આકંઠ પાન અને 'પછી' સહજ પ્રસ્રવતી કવિતા. સૌંદર્યનું પાન કરતાં-કરતાં કાવ્યસર્જનની પ્રેરણા એ દીક્ષા-મંત્ર છે.

પૂરા છ દાયકા સુધી ચાલેલી, કવિની કાવ્યસર્જનની પ્રવૃત્તિનો પહેલો પડાવ આ કાવ્ય છે; તો 'સાસણ ગીરમાં સિંહમય રાત્રિ' એમની કાવ્યસર્જનની પ્રવૃત્તિનો અંતિમ પડાવ છે. અર્બુદગિરિ અને સાસણ ગીરના અરણ્યનાં બે વિરાટ પૃષ્ઠો વચ્ચે કવિનો શબ્દ યુગચેતનાને ઝીલતો ઝીલતો 'વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં' ઘૂમી વળ્યો છે. ગુર્જરી ગિરા એનાથી સમૃદ્ધ બની છે અને ગુજરાતી કવિતા ગૌરવાન્વિત થઈ છે. એ સાચું છે કે કવિમાં સૌંદર્યને નિહાળવાની અને પૂરેપૂરું પામવાની એટલે કે આત્મસાત્ કરવાની દૃષ્ટિ અને શક્તિ હોય તો જ કવિતામાં સૌંદર્ય સર્જી શકાય. કવિએ પોતે એક સ્થળે કહ્યું છે : 'દેનાર તો દે નયનો જ માત્ર, / શું દેખવું તે કથવા ન પાત્ર ?' કવિના ચિત્તપ્રદેશમાં આવો સંવાદ ચાલતો સહેજે કલ્પી શકાય છે. આ ભાષાકવિએ પોતાનાં સ્થૂળ ચક્ષુઓ વડે પ્રકૃતિ અને તેના સૌંદર્યને નિહાળ્યું છે, અખિલાઈમાં નિહાળ્યું છે. હૃદયના ભાવોથી અ-ક્ષત સૌંદર્યને પામ્યા છે અને પછીથી તેને વાણીનું સ્વરૂપ આપ્યું છે. આમ, તેમણે કવિધર્મ સુપેરે નિભાવ્યો છે.

પ્રકૃતિ પાસેથી સુંદરતાનું પાન કરવાની દીક્ષા મેળવીને કવિના ઉરઝરણને વ્યક્ત થવાની જીવનભર જે તક સાંપડી તે, આ કવિએ રચેલા આ સર્વપ્રથમ કાવ્યનો, સૉનેટકાવ્યનો આસ્વાદ હવે માણીએ. મંદાક્રાન્તા છંદમાં રચાયેલું આ પેટ્રાર્કન પદ્ધતિનું સૉનેટ છે. કાવ્યનો આરંભ પ્રથમ અષ્ટકમાં 'પેલી' એવી નાટ્યાત્મક ઉક્તિથી થાય છે; બીજા ષટ્કમાં પણ આરંભે 'ત્યાં તો' એવા દૃશ્યાત્મક શબ્દચિત્ર થકી કવિને જે કહેવું છે તેને પ્રત્યક્ષતામાં ઢાળી આપવામાં ઉપકારક બને છે, એમ સમજાય છે. અષ્ટકમાં આબુને માથે આવેલા નખી સરોવર પર ઊગતી શરદપૂર્ણિમા અને સાથે પ્રકૃતિનાં સઘળાં તત્ત્વો – ધુમ્મસ, ગિરિશિખરો, વૃક્ષો, ઝરણાં, પુષ્પો, વેલીઓ, જળભરેલા સરોવર ઉપરનું આકાશ, અનિલલહરી, ચંદ્રમા વગેરે તત્સમ પદાવલીમાં કૈંક ચિત્ર 'વણાય' છે, તે કવિના દૃષ્ટિફલકમાં સરસ રીતે ઝિલાઈ સજીવ શબ્દરૂપ પામ્યાં છે. પ્રકૃતિસુંદરીનું આ બાહ્ય-સ્થૂળ ચિત્ર પણ સુભગ બન્યું છે. એ સમગ્ર અનુભવ કૈંક અંશે ઊર્ધ્વતાનો અહેસાસ કરાવે છે. પ્રથમ અષ્ટક અહીં વિરામ પામે છે.

સૉનેટના બીજા વિભાગ ષટ્કમાં કવિચેતના પ્રકૃતિના આવા અનુપમ સૌંદર્યને નિહાળી ઝંકૃત થઈ ઊઠેલી નિરૂપાઈ છે. 'જલ' અને 'વિધુ'ના 'ચારુ સંયોગ'થી 'કો' પુષ્પસમ કોમળ અંગુલિનો સ્પર્શ થતાં જ કવિની હૃદયવીણાના તાર રણઝણી ઊઠે છે. આ રોમાંચનો ભાવ સૌંદર્યાવલોકનના અંતે જન્મેલો સહજ ભાવ છે. અહીં 'કો' શબ્દ



ભાવકને દિવ્ય રહસ્યમયતા તરફ અનુમાન કરવા તરફ દોરી જાય છે. પ્રકૃતિનાં સઘળાં તત્ત્વોએ કવિના ચિત્ત ઉપર ઊંડો પ્રભાવ દાખવ્યો છે. સૌંદર્યપાન વેળાની આવી મદીલી અવસ્થામાં સ્વાભાવિક રીતે જ નયન 'અધમીચ્યાં' – ઢળેલાં છે અને ત્યાર પછી 'દિવ્યસ્વરો' શ્રુતિગોચર થતા અનુભવાય છે. તેનું વિસ્મય 'ગાન આ આવ્યું ક્યાંથી ?' એની સમજ કવિને પ્રાપ્ત થાય છે : 'એકાન્તોમાં પ્રકૃતિ કવતી મંજુ શબ્દાવલિ કો.' આ અનુભવ વિસ્મયસભર આનંદનો, પ્રસન્નતાનો બની રહે છે. ગિરિકરાડોમાં ક્યાંક ક્યાંક દડી પડતાં ઝરણાંનો, આ શરદપૂનમની શાંત એકાંત અવસ્થામાં સંભળાતો ધ્વનિ કવિને કલ્પના કરવા પ્રેરે છે. જે મંજુલ ધ્વનિ સંભળાતો હતો તે હવે શબ્દાવલિમાં ફેરવાઈ જાય છે અને કવિના કાને – અંતઃશ્રુતિપટ પર (इन्वर्ड इयर !) રેલાય છે. અહીં સાંભળવાની ક્રિયા 'રેલે' શબ્દથી પ્રવહમાન તથા વ્યાપી વળવાની અવસ્થામાં અનુભવાય છે. એને – એ ધ્વનિને – એ શબ્દોને કવિ 'ધન્ય એ મંત્ર' એવા પદથી ઓળખાવે છે.

કવિચેતના પૂર્ણ જાગ્રત થઈ ઊઠેલી જોઈ શકાશે. કવિતાની આ સર્જનક્ષણ જાણે કૂંપળ ફૂટ્યાની વેળા છે, ગાન પ્રગટવાની આનંદક્ષણ છે. કવિ સમક્ષ મંત્રસ્વરૂપે એ ક્ષણ જન્મે છે. 'કોઈક' કહી રહ્યું ન હોય જાણે કે, સુંદરતાનું તું આકંઠ પાન કર, ગાન 'આપમેળે', પ્રગટશે; અ-રવમાંથી રવ તરફ, નિઃશબ્દતામાંથી શબ્દ તરફ, પ્રશાંતિમાંથી નાદ તરફ આપમેળે ગતિ થશે. પ્રકૃતિસુંદરી તરફથી કવિને સાંપડેલો આ દીક્ષામંત્ર, દિવ્યપ્રસાદ છે. કૃતકૃત્યતાની એ ક્ષણ છે. એ દીક્ષામંત્ર ઘૂંટાઈને આવ્યો છે એ વાત 'પછી' શબ્દથી સ્પષ્ટ થાય છે. એ મંત્રની શ્રદ્ધા ઉપર તો આખું કવિચૈતન્ય અસ્તિત્વ ધરાવે છે. તેથી જ કવિની આ પ્રથમ રચનાને તેમની જીવનભરની કાવ્યસર્જનની પ્રવૃત્તિનો 'માણેકથંભ' માનવા મન પ્રેરાય છે.

r

### ઝાડ પર કુહાડાના –

*ઝાડ પર કુહાડાના એક પછી એક ભેંકાર ટચકા,*
*ડુંગરની ખોમાં ઊંડે ઊંડે ઘા પડઘાતા.*
*કડડડ છેવટે થડથી એ ઢળ્યું,*
*ઝાડના ટેકા વગર ડુંગર જાણે ઓ ફસડાઈ પડ્યો !*

દિલ્હી, ૨૦-૧૧-૧૯૭૯

# 'લોકલમાં' વિશે

## *નિરંજન ભગત*

### લોકલમાં

એની દીઠી ન નજરે મુખમાધુરી મેં.
દેખાત તો ઘણીય ડોક ફિરાવતાંમાં;
જોયું ન કિંતુ ફરીને જરી, ના જ જોયું.
ને તોય તે ક્ષણક્ષણે મુજ અંતરે તો
એ સૌમ્યરેખ રસમૂર્તિ તરે અનસ્ત.

એનાં હશે પ્રણયકામણપૂર્ણ નેણ,
ધીરે ઢળી ઊછળતુંય હશે જ હૈયું.
દીઠેલ આ નયનથી ન સ્વયં અરે મેં,
તોયે કહું અમૃતકોશ હશે જ હૈયું
વેગીલી લોકલ તણા ધબકાર તાલે
ધીરે ધીરે ઊછળી મસ્ત ઢળી રહેતું.

હું તો શું જાણું પણ સામી જ બેઠકે કો
બેઠેલ વૃદ્ધ; જરી ફેરવી ક્ષીણ નેત્ર
જે આમતેમ, કદી ઝોકુંય ખાઈ લેતો.
એ ક્ષીણલોચન મહીં કહીંથીય ત્યાં તો
મેં જોઈ, જોઈ સહસા ભભૂકંતી આગ.
આંખો કરી જરઠ કોટિક રોમ કેરી
ટાળી મને મુજ પૂંઠે કંઈ તાકી જોતો,
ને કૈં ચિરંતૃષિત ચક્ષુથી પી રહેતો.

મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે.
કે કૈં હતી જરૂર ના. મુજ આંખ સામે
એ વૃદ્ધનાં પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રે
મેં એક જોઈ છબી ડોલતી લોલ મસ્ત.

લાવણ્યમૂર્તિ મુજ નેત્રથી જોઈ જાતે
મેં હોત, તેથી અદકા રસરૂપરંગે
એ કાલજર્જરિત નેત્ર મહીં નિહાળી.



ને એક વાર નીરખેલ તહીં હજીયે
જોયાં કરું ઉર ભરી ભરી નેણ એનાં,
વિશ્વો ઉછાળી ઢળતું વળી મત્ત હૈયું
ને બે વસંત-લચતી કરવેલ રમ્ય.

મુંબઈ, સપ્ટેમ્બર ૧૯૩૬

**૧૯૫૩**માં સૂરતમાં 'લેખકમિલન'ના ઉપક્રમે 'મારો પ્રિય વિદ્યમાન ગુજરાતી લેખક' શીર્ષકથી ઉમાશંકર વિશે પ્રથમ વાર જ વ્યાખ્યાન કરવાનો અવકાશ પ્રાપ્ત થયો હતો. વ્યાખ્યાનમાં કલાનો સંયમ, સહાનુભૂતિ, વાસ્તવિકતા, પરલક્ષિતા અને નાટ્યાત્મકતાના સંદર્ભમાં ઉમાશંકરની ૧૯૫૩ લગીનાં સૌ કાવ્યોમાંથી અત્યંત મહત્ત્વનાં કાવ્યો તરીકે ત્રણ કાવ્યોનો ઉલ્લેખ કર્યો હતો. એમાં એક કાવ્ય હતું 'લોકલમાં' (અન્ય બે કાવ્યો તે 'એક બાળકીને સ્મશાન લઈ જતાં' અને 'સદ્ગત મોટાભાઈ').

આમ, ગુજરાતી વિવેચનમાં ઉમાશંકરના એક મહત્ત્વના કાવ્ય તરીકે 'લોકલમાં' પ્રથમ વાર જ ધ્યાન પર આવ્યું હતું. એથી પછી ૧૯૬૯માં એક 'પ્રશ્નોત્તરી'માં 'તમારી કોઈ અત્યંત મહત્ત્વની કૃતિ સહૃદયોની નજર બહાર રહી ગઈ હોય એવું બન્યું છે ? તો કઈ કૃતિ ?' એવા પ્રશ્નના ઉત્તરમાં ઉમાશંકરે કહ્યું હતું, ' 'લોકલમાં'. પણ તે ભાઈ નિરંજન ભગતે પછીથી પકડી પાડ્યું છે.' આમ, ઉમાશંકરે 'લોકલમાં'ને એમનું એક અત્યંત મહત્ત્વનું કાવ્ય ગણ્યું છે. આરંભથી મને, હમણાં જ કહ્યું તેમ, એક અત્યંત મહત્ત્વનું કાવ્ય લાગ્યું હતું. 'લોકલમાં' એ મારું પ્રિય કાવ્ય છે. વળી એમાં, હમણાં જ જોઈશું તેમ, એમાં નગરકવિતા છે, નગરજીવનની કવિતા છે – એથી કંઈક વિશેષ પ્રિય એવું કાવ્ય છે.

જર્મન વિવેચક જ્યોર્જ સિમેલ (George Simmel)નું એક વિધાન, નગર અને નગરજીવન, નગરકવિતા અને આધુનિકતા વિશેનું એક અત્યંત મહત્ત્વનું વિધાન છે, 'The interpersonal relationships of people in big cities are characterized by a markedly greater emphasis on the use of the eyes than on that of the ears. This can be attributed chiefly to the institution of public conveyances. Before buses, railroads, and trams became fully established during the nineteenth century, people were never put in a position of having to stare at one another for minutes or even hours on end without exchanging a word.' આ વિધાનમાં 'લોકલમાં' કાવ્યની ભૂમિકા છે.

ઉમાશંકર પ્રવાસપ્રિય મનુષ્ય અને કવિ હતા. એ ચિરપ્રવાસી હતા, જગતપ્રવાસી હતા. કિશોર અવસ્થામાં એમણે એમની જન્મભૂમિ બામણાની આસપાસના ગ્રામપ્રદેશો

– સવિશેષ આબુ આદિ ડુંગરો – માં પગવારે અનેક પ્રવાસો કર્યા હતા. આયુષ્યના આરંભનો દોઢ દાયકો – ૧૯૧૧થી ૧૯૨૮ લગી – તેઓ બામણા અને ઈડરના ગ્રામપ્રદેશમાં વસ્યા હતા. ૧૯૨૮થી ૧૯૮૮ લગી, આયુષ્યના અંત લગી, ૬ દાયકા લગી તેઓ ઔદ્યોગિક ક્રાંતિની સરજત જેવા નગર અમદાવાદમાં વસ્યા હતા, વચમાં ૧૯૩૪થી ૧૯૩૯ લગી અરધો દાયકો તેઓ ઔદ્યોગિક સંસ્કૃતિના મહાનગર મુંબઈમાં વસ્યા હતા. આ ૬ દાયકા દરમિયાન એમણે દેશમાં અને વિદેશોમાં બસમાં, ટ્રામમાં, ટ્રેઇનમાં, સ્ટીમરમાં, એરોપ્લેઇનમાં એમ વિવિધ આધુનિક વાહનવ્યવહારનાં સાધનો દ્વારા અનેક પ્રવાસો કર્યા હતા. આ પ્રવાસો દરમિયાન જે અનુભવો થયા તે વિશે એમણે અનેક કાવ્યો રચ્યાં હતાં. એમાંનાં કેટલાંક કાવ્યો એમણે પ્રવાસ દરમિયાન જ રચ્યાં હતાં, તો કેટલાંક કાવ્યો પ્રવાસો પછીના સમયમાં પશ્ચાત્‌દર્શન રૂપે રચ્યાં હતાં. 'લોકલમાં' કાવ્ય એમણે ૧૯૩૬માં મુંબઈમાં રચ્યું હતું. આ કાવ્ય એમણે લોકલમાં પ્રવાસ પછી પશ્ચાત્‌દર્શન રૂપે રચ્યું હતું. જ્યૉર્જ સિમેલના પૂર્વોક્ત વિધાનમાં સૂચન છે તેમ 'લોકલમાં' કાવ્ય ૧૯મી સદી પછીના સમયમાં જ રચી શકાય અને ઔદ્યોગિક ક્રાંતિ અને સંસ્કૃતિના મહાનગર જેવા મુંબઈમાં જ રચી શકાય.

'લોકલમાં'માં સ્થળ છે મુંબઈની સબર્બન લોકલ ટ્રેઇન. સમય વહેલી સવારનો હોય. કાવ્યમાં જે ઘટના છે તે સાંજના સમયે શક્ય જ નથી, કારણ કે સાંજના સમયે ચર્ચગેટથી અંધેરી-વિહાર જતી ટ્રેઇનમાં ભારે ભીડ હોય, અને સૌ પ્રવાસીઓ દિવસભરના કામકાજને અંતે થાક્યાપાક્યા હોય; એથી વહેલી સવારના સમયે જ શક્ય હોય. વળી સન્નારીનું જે વર્ણન છે તેમાં એ તાજગી અને સ્ફૂર્તિભર્યાં હોય એવું સૂચન છે. એવું વહેલી સવારના સમયે જ શક્ય હોય. કાવ્યમાં ત્રણ પાત્રો છે : વૃદ્ધ, કાવ્યનાયક અને સન્નારી. વૃદ્ધ સૌંદર્યવંચિત ચિરંતૃષિત છે. મધ્યમવર્ગનો, મધ્યમવયનો કાવ્યનાયક હોય, એ અન્‌-રોમૅન્ટિક અને પ્રશિષ્ટ સંયમશીલ સજ્જન છે. મધ્યમવર્ગનાં મધ્યવયનાં સન્નારી હોય. એમનું સ્વચ્છ, સુઘડ, સાદું પરિધાન હોય અને આછું-અમથું પણ આકર્ષક, સુંદર પ્રસાધન હોય. આ ત્રણે પાત્રોનો વહેલી સવારે વિરાટ-અંધેરીથી ચર્ચગેટ જતી લોકલમાં કામકાજ અંગેનો આ પ્રવાસ હોય. વળી ટ્રેઇનમાં અન્ય પ્રવાસીઓ પણ હોય જ. કાવ્યમાં ઘટના (action) છે વૃદ્ધના ચિરંતૃષિત ક્ષીણ નેત્રોનું પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રોમાં ક્ષણિક પરિવર્તન. આ પરિવર્તનને કારણે, આ ઘટનાને કારણે 'લોકલમાં' એક અત્યંત કરુણ નાટ્યાત્મક કાવ્ય છે.

લોકલના ડબ્બામાં બે ખાનાં છે. પ્રત્યેક ખાનામાં બેઠકો માટે બે પાટિયાં છે. એક ખાનામાં વૃદ્ધના મોંની સામે એમનું મોં હોય એમ એક પાટિયા પર સન્નારી બેઠાં છે. જે દિશામાં સન્નારીનું મોં હોય એ જ દિશામાં મોં હોય એમ બીજા ખાનામાં એક પાટિયા પર કાવ્યનાયક બેઠા છે. અને એ જ ખાનામાં સામેના પાટિયા પર વૃદ્ધ બેઠા છે. આમ, સન્નારી વૃદ્ધની સામે અને કાવ્યનાયકની પૂંઠે બેઠાં છે. સૌ પ્રવાસીઓ એમની બેઠક



પર સ્થિત-સ્થિર છે. લોકલ વેગીલી છે, ગતિમાં છે. સર્વત્ર સંપૂર્ણ મૌન છે, શાંતિ છે. કંઈક જે અવાજ છે તે માત્ર લોકલના ધબકાર અને તાલનો અવાજ છે. આ પરિસ્થિતિમાં કાવ્યનાયકને એકસાથે સૌંદર્ય અને કરુણતાનું સહસા દર્શન થાય છે.

'લોકલમાં'માં ૩ ખંડ છે : ખંડ ૧ (પંક્તિ ૧-૧૧)માં કાવ્યનાયકને સૌંદર્યનું દર્શન થયું હતું એનો ઉલ્લેખ છે. ખંડ ૨ (પંક્તિ ૧૨-૨૩)માં કાવ્યનાયકને સૌંદર્યનું ક્ષણિક દર્શન થયું હતું એના કારણનો ઉલ્લેખ છે. ખંડ ૩ (પંક્તિ ૨૪-૩૦)માં કાવ્યનાયકને સૌંદર્યનું ક્ષણિક દર્શન થયું હતું તે ક્ષણિક નહિ પણ દીર્ઘકાલીન દર્શન હતું એનો ઉલ્લેખ છે.

**ખંડ ૧ (પંક્તિ ૧-૧૨)**

**એની દીઠી ન નજરે મુખમાધુરી મેં.**
**દેખાત તો ઘણીય ડોક ફિરાવતામાં;**
**જોયું ન કિંતુ ફરીને જરી, ના જ જોયું.**
**ને તોય તે ક્ષણક્ષણે મુજ અંતરે તો**
**એ સૌમ્યરેખ રસમૂર્તિ તરે અનસ્ત.**

**એનાં હશે પ્રણયકામણપૂર્ણ નેણ,**
**ધીરે ઢળી ઊછળતુંય હશે જ હૈયું**
**દીઠેલ આ નયનથી ન સ્વયં અરે મેં,**
**તોયે કહું અમૃતકોશ હશે જ હૈયું**
**વેગીલી લોકલ તણા ધબકાર તાલે**
**ધીરે ધીરે ઊછળી મસ્ત ઢળી રહેતું.**

ખંડ ૧માં કાવ્યનાયક વારંવાર કહે છે કે એમણે સન્નારીના સૌંદર્યનું સ્વાનુભવનું આત્મલક્ષી દર્શન કર્યું ન હતું. એમણે એમની આંખે સન્નારીને જોયાં ન હતાં, સન્નારીના સૌંદર્યને જોયું ન હતું. જોકે સન્નારી તો કાવ્યનાયકની પૂંઠે જ બેઠાં હતાં. છતાં 'દીઠી ન નજરે', 'દેખાત તો ઘણીય ડોક ફિરાવતામાં; / જોયું ન કિંતુ ફરીને જરી, ના જ જોયું.', 'દીઠેલ આ નયનથી ન સ્વયં અરે મેં' કાવ્યનાયકે પ્રવાસના આરંભથી અંત લગીમાં ક્યારેય એમની આંખે સન્નારીને જોયાં ન હતાં, એમના સૌંદર્યને જોયું ન હતું એમ વારંવાર કહે છે છતાં અથવા એથી જ તેઓ કહે છે, 'ને તોય તે ક્ષણક્ષણે મુજ અંતરે તો / એ સૌમ્યરેખ રસમૂર્તિ તરે અનસ્ત.' 'એનાં હશે પ્રણયકામણપૂર્ણ નેણ, ધીરે ઢળી ઉછળતું ય હશે જ હૈયું.', 'તોયે કહું અમૃતકોશ હશે જ હૈયું / વેગીલી લોકલ તણા ધબકાર તાલે / ધીરે ધીરે ઊછળી મસ્ત ઢળી રહેતું.' કારણ કે તેઓ સન્નારીના સૌંદર્યનું દર્શન કરી ચૂક્યા છે. આ સમગ્ર કાવ્ય એમને સન્નારીના સૌંદર્યનું દર્શન કર્યું તે પછીનો એમનો ઉદ્‌ગાર છે. આમ, આ સમગ્ર કાવ્ય એ કાવ્યનાયકનું પશ્ચાત્‌દર્શન છે. જો

કાવ્યનાયકે એમની આંખે સન્નારીને જોઈ ન હતી, સન્નારીના સૌંદર્યનું દર્શન કર્યું ન હતું તો એમણે એમ કેમ કર્યું હતું ? ખંડ ૨માં એનો ઉત્તર છે, એનું કારણ છે.

**ખંડ ૨ (પંક્તિ ૧૨-૨૩)**

**હું તો શું જાણું, પણ સામી જ બેઠકે કો**
**બેઠેલ વૃદ્ધ જરી ફેરવી ક્ષીણ નેત્ર**
**જે આમતેમ, કદી ઝોકું ય ખાઈ લેતો.**
**એ ક્ષીણલોચન મહીં કહીંથી ય ત્યાં તો**
**મેં જોઈ, જોઈ સહસા ભભૂકંતી આગ.**
**આંખો કરી જરઠ કોટિક રોમ કેરી**
**ટાળી મને મુજ પૂંઠે કંઈ તાકી જોતો,**
**ને કૈં ચિરંતૃષિત ચક્ષુથી પી રહંતો.**

**મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે.**
**કે કૈં હતી જરૂર ના. મુજ આંખ સામે**
**એ વૃદ્ધનાં પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રે**
**મેં એક જોઈ છબી ડોલતી લોલ મસ્ત.**

ખંડ ૨ના આરંભમાં જ કાવ્યનાયક કહે છે, 'હું તો શું જાણું...' સન્નારી કાવ્યનાયકની પૂંઠે જ બેઠાં છે છતાં એમણે એમની આંખે સન્નારીને જોયાં નથી. સન્નારીના સૌંદર્યને જોયું નથી. એથી એમને સન્નારીના સૌંદર્યની જાણ નથી, અરે, એમના અસ્તિત્વ સુધ્ધાંની જાણ નથી. 'પણ સામી જ બેઠકે કો/બેઠેલ વૃદ્ધ.' એ વૃદ્ધ શું કરી રહ્યા હતા ? 'જરી ફેરવી ક્ષીણ નેત્ર / જે આમતેમ, કદી ઝોકુંય ખાઈ લેતો. / એ ક્ષીણ લોચન મહીં કહીંથી ય ત્યાં તો / મેં જોઈ, જોઈ સહસા ભભૂકંતી આગ. / આંખો કરી જરઠ કોટિક રોમ કેરી / ...તાકી જોતો / ને કૈં ચિરંતૃષિત ચક્ષુથી પી રહંતો.' કાવ્યનાયકે વૃદ્ધ આમ કરી રહ્યા હતા એ જોયું પછી એમણે 'પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે / કે કૈં હતી જરૂર ના.' કારણ કે એમની 'આંખ સામે એમણે' એ વૃદ્ધનાં પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રે... / મેં એક જોઈ છબી ડોલતી લોલ મસ્ત.' એથી જ કાવ્યનાયકે એમની આંખે સન્નારીને જોયાં ન હતાં; એમના સૌંદર્યને જોયું ન હતું.

આમ, કાવ્યનાયકે સન્નારીના સૌંદર્યનું પરાનુભવનું પરલક્ષી દર્શન કર્યું હતું. માત્ર સન્નારીના સૌંદર્યનું જ નહિ, સાથે સાથે વૃદ્ધની કરુણતાનું પણ દર્શન કર્યું હતું. એમણે સન્નારીના સૌંદર્યના દર્શનથી વૃદ્ધના ક્ષીણ ચિરંતૃષિત ચક્ષુને ક્ષણેક માટે પરમ તૃપ્ત પ્રસન્ન નેત્ર થતાં પણ જોયાં હતા. આમ, ક્ષણેક માટે વૃદ્ધ જીવી ગયા હતા. આમ, એમણે એકસાથે વૃદ્ધની કરુણતા અને પ્રસન્નતાનું દર્શન કર્યું હતું. આ છે સૌંદર્યનો કીમિયો, સૌંદર્યની ભૂરકી, સૌંદર્યનો જાદુ ! આમ, કાવ્યનાયકને એકસાથે સૌંદર્ય, કરુણતા અને પ્રસન્નતાનું દર્શન થયું હતું, કરુણમધુર સૌંદર્યનું દર્શન થયું હતું. એથી માત્ર વૃદ્ધ જ





નહિ પણ કાવ્યનાયક પણ ધન્ય થયા હશે. એમણે એમની આંખે સન્નારીના સૌંદર્યનું દર્શન કર્યું હોત તો એમને આ ધન્યતાનો અનુભવ ન થયો હોત.

વળી વૃદ્ધની કરુણતા અને પ્રસન્નતા દ્વારા સન્નારીનું સૌંદર્ય પણ પ્રગટ થયું હતું. હોમરે 'ઇલિયડ'માં ક્યાંય હેલનના સૌંદર્યનું પ્રત્યક્ષ વર્ણન કર્યું નથી. અન્ય પાત્રોના નેત્ર પર, વર્તન પર, વ્યક્તિત્વ પર એના સૌંદર્યના પ્રભાવ પરથી, પાત્રોના પ્રત્યાઘાત પરથી હેલનના સૌંદર્યનું પરોક્ષ સૂચન કર્યું છે. Beauty is what beauty does. આ છે સૌંદર્યનું દર્શન. અહીં પણ ઉમાશંકરે કાવ્યનાયકને સન્નારીના સૌંદર્યનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું નથી, પણ વૃદ્ધના નેત્ર પર, વર્તન પર, વ્યક્તિત્વ પર એના સૌંદર્યના પ્રભાવ પરથી, પ્રત્યાઘાત પરથી એના સૌંદર્યનું પરોક્ષ દર્શન કરાવ્યું છે. ઉમાશંકર પ્રશિષ્ટ કલાકાર-કવિ છે !

**ખંડ ૩ (પંક્તિ ૨૪-૩૦)**

**લાવણ્યમૂર્તિ મુજ નેત્રથી જોઈ જાતે**
**મેં હોત, તેથી અદકા રસરૂપરંગે**
**એ કાલજર્જરિત નેત્ર મહીં નિહાળી.**
**ને એક વાર નીરખેલ તહીં હજીયે**
**જોયાં કરું ઉર ભરી ભરી નેણ એનાં,**
**વિશ્વો ઉછાળી ઢળતું વળી મત્ત હૈયું**
**ને બે વસંત-લચતી કરવેલ રમ્ય.**

અગાઉ પણ કાવ્યનાયકે કહ્યું હતું, 'મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે. / કે કૈં હતી જરૂર ના ! અહીં ખંડ ૩માં એના પુનરાવર્તન પછી કહે છે, 'લાવણ્યમૂર્તિ મુજ નેત્રથી જોઈ જાતે / મેં હોત, તેથી અદકા રસરૂપરંગે / એ કાલજર્જરિત નેત્ર મહીં નિહાળી.' કાવ્યનાયકે સન્નારીના સૌંદર્યનું સ્વાનુભવનું આત્મલક્ષી દર્શન કર્યું હોત તો એ સૌંદર્ય કરુણમધુર સૌંદર્ય ન હોત; તો એમને વૃદ્ધની કરુણતા અને પ્રસન્નતાનું દર્શન પણ થયું ન હોત. એથી જ એ કહે છે કે હવે જ એમણે એ વૃદ્ધના કાલજર્જરિત નેત્રમાં એ સન્નારી અને એમના સૌંદર્યનું કંઈક અનન્ય રસરૂપરંગે જોઈ હતી. અને એથી સ્તો હવે એક વાર જોયા પછી કાવ્યનાયક હજીયે હૃદય ભરી ભરીને વૃદ્ધના એ નેત્રને અને એમાં સન્નારીની લાવણ્યમૂર્તિ છે, એમાં જે 'વિશ્વો ઉછાળી ઢળતું વળી મત્ત હૈયું / ને બે વસંત-લચતી કરવેલ રમ્ય' છે એને જોયાં કરે છે.

અહીં કાવ્યની પરાકાષ્ઠા પ્રગટ થાય છે. વર્ડ્ઝવર્થે 'The Solitary Reaper'માં એક એકાકી ગ્રામકવિનું ગીત સાંભળ્યા પછી કાવ્યને અંતે કહ્યું છે, 'The music in my heart I bore / Song after it was heard no more.' તેમ ઉમાશંકરે પણ કાવ્યનાયકના મુખે જાણે કે એવો જ કંઈ ઉદ્‌ગાર ઉચ્ચારાવ્યો છે, ને એક વાર નીરખેલ તહીં હજી યે / જોયાં કરું ઉર ભરી ભરી નેણ એનાં.' 'The beauty in

my heart I bore / Song after it was seen no more.

'લોકલમાં' કાવ્યનો જ્યાંથી આરંભ થાય છે ત્યાં જ કાવ્યનો અંત થાય છે. આમ, કાવ્યની વર્તુળાકાર ગતિ છે. એથી એમાં સુશ્લિષ્ટ એકતા સિદ્ધ થાય છે. કાવ્યમાં કાવ્યનાયકની પ્રશિષ્ટ કલાકાર જેવી એકસાથે તાદાત્મ્ય અને તાટસ્થ્યની સંયમપૂર્ણ ભૂમિકા છે, સન્નારી અને એમનું સૌંદર્ય તો નિમિત્ત છે. કાવ્યના કેન્દ્રમાં તો વૃદ્ધ અને એમની કરુણતા અને પ્રસન્નતા છે. કાવ્યમાં કવિ એક આંખે હસે છે અને એક આંખે રડે છે. કાવ્યમાં જે પરલક્ષી દર્શન છે, પરલક્ષી કળા છે એમાં એનું રહસ્ય છે.

બોદલેરે કહ્યું છે કે આધુનિક મહાનગરમાં ડગલે ને પગલે રહસ્યોનું દર્શન થાય છે. પછી શું પૅરિસ હોય, શું મુંબઈ હોય, કે શું જગતનું કોઈ પણ મહાનગર હોય, પણ એ દર્શન માટે દૃષ્ટિ હોય તો. બોદલેરે એ પણ કહ્યું છે કે આધુનિક મહાનગરમાં મનુષ્યો ભલે 'ties and shoes'માં હોય પણ કોઈ પણ મહાકાવ્ય, મહાનાટક કે મહાનવલકથાના નાયક જેટલા જ ભવ્ય છે. 'લોકલમાં' વૃદ્ધ એક એવું ભવ્ય પાત્ર છે.

'લોકલમાં'માં ઉમાશંકરનું સૌંદર્યનું તથા વૃદ્ધાવસ્થાની કરુણતા અને પ્રસન્નતાનું જે દર્શન છે તે ગુજરાતી કવિતામાં વિરલ છે અને પરલક્ષી સાધર્મ્ય દ્વારા એની જે નાટ્યાત્મક અભિવ્યક્તિ છે એ એથી યે વધુ વિરલ છે.

## પૃથક્કરણથી પર એવા સૌંદર્યની ગતિ...

**સુરેશ દલાલ**

**ઉ**માશંકર જોશીને એક મુલાકાતમાં પુછાયું હતું : 'તમારી કોઈ અત્યંત મહત્ત્વની કૃતિ સહૃદયોની નજર બહાર રહી ગઈ હોય એવું બન્યું છે ? તો કઈ કૃતિ ?' ત્યારે એમણે જવાબ આપ્યો, 'લોકલ'માં. પણ તે ભાઈ નિરંજન ભગતે પછીથી પકડી પાડ્યું છે. એનો અર્થ એવો થયો કે ઉમાશંકરને જે કાવ્ય મહત્ત્વનું લાગ્યું હતું તે કાવ્ય નિરંજન ભગત સિવાય અન્ય કોઈ વિવેચકની નજરે એટલું ચડ્યું નહોતું.

'પરબ'ના તંત્રીએ મને આ કાવ્ય વિશે લખવાનું કહ્યું. તંત્રીને કદાચ એમ હશે કે કાવ્યનો અનુભવ જે હોય તે પણ સુ. દ. નગરમાં રહે છે એટલે લોકલનો અનુભવ તો હશે જ. આ કાવ્ય અનેક રીતે જોવા જેવું છે. કાવ્યનો નાયક લોકલમાં પ્રવાસ કરે છે પણ એનો પ્રવાસ એક સૌંદર્યયાત્રા બનીને રહે છે. લોકલમાં મુગ્ધાનો પ્રવેશ થાય છે. કાવ્યનાયક ધારત તો જરાક ડોક ફેરવીને એ મુગ્ધાના મુખમાધુર્યને જોઈ શક્યા હોત. પણ એમણે ડોક ફેરવી જ નહીં અને છતાંયે ક્ષણે ક્ષણે એ મુગ્ધાની રસમૂર્તિ અંતરમાં કોતરાઈ ગઈ. કેટલુંક સૌંદર્ય ક્યારેય અસ્ત ન થાય એવું હોય છે. કાવ્યનાયકની



કલ્પના ઉત્તરોત્તર ઉત્તેજિત થાય છે અને એ લાવણ્યમૂર્તિના નેણ કેવા હશે ? ઊછળતું હૃદય કેવું હશે ? એની સંવેદના અનુભવ્યા કરે છે. એક બાજુ વેગીલી લોકલ છે અને બીજી બાજુ કલ્પનાનો આવેગ લોહીના ધબકારે વહેતો હોય છે. પ્રણયપૂર્ણ કામાક્ષીને નજરે નથી જોઈ અને છતાં પણ અંતરમાં અંકાઈ ગઈ છે.

સામી બેઠક પર એક વૃદ્ધ છે. એ વૃદ્ધ જેવો વૃદ્ધ પણ એના ક્ષીણ નેત્રને આમતેમ ફેરવે છે એવું આ સૌંદર્ય છે. મોટે ભાગે લોકલમાં પ્રવાસ કરતી નારી પાસે ઠાઠ-ઠઠારો નથી હોતો. એમાં સાદગી હોય છે. અહીં સાદગી અને સૌંદર્યનો સુમેળ છે. મૂળ ટિપ્પણમાં લખ્યું છે એ કહેવાનું બધું જ કહી દે છે.

"એક નારીની મોહક મુખમાધુરીનું વર્ણન લોકલ ગાડીમાં યાત્રા કરતાં કવિએ અહીં પરોક્ષ રીતે કર્યું છે. એ નારી એટલી નજીકમાં છે કે પોતાની ડોક જરાક ફેરવતાં એનું સૌંદર્ય પોતાની આંખે જોઈ શકત, પરંતુ કવિ એ સૌંદર્યને સામી બેઠકે બેઠેલા એક વૃદ્ધની આંખોમાં ઝિલાતી ચમક જોઈને પામી લે છે. આંખોવાળો વૃદ્ધ, જે આમ તો વચ્ચે વચ્ચે ઝોકું ખાઈ લેતો, એ નારીને 'આંખો કરી જરઠ કોટિક રોમ કેરી' જુએ છે. કવિએ વૃદ્ધની ચિરતૃષિત આંખોથી એને જે રીતે પીવે છે, તેનાં 'તૃપ્ત પ્રસન્ન નેત્રે લોલ મસ્ત ડોલતી છબી' જોઈ લે છે. એથી પોતાની આંખોથી જોવા કરતાં વધારે અદકા રૂપે જોઈ."

સૌંદર્યના બાહ્યપ્રવેશથી આંતરપ્રવેશની અહીં વાત છે. સગી નજરે જોયું હોત એના કરતાં અન્યની નજરે જોઈને કવિએ જે જાણ્યું-માણ્યું અને મનોમન વખાણ્યું છે એનું આ અનુભવનિષ્ઠ કાવ્ય જરા જુદા સંદર્ભમાં રાજેન્દ્ર શાહના ગીત 'તને જોઈ જોઈ તોયે તું અજાણી'ની પણ યાદ આપે છે. કેટલાંક સૌંદર્ય એવાં હોય છે કે એ હૃદયમાં કાયમને માટે જડાઈ જાય છે. સૌંદર્યના અપ્રત્યક્ષ અનુભવનું આ એક જુદું પડી આવતું કાવ્ય છે. જોયું છે છતાં નથી જોયું, નથી જોયું છતાં યે કંઈક વિશેષ જોયું છે. એક બાજુ યૌવનની મુગ્ધતા છે, બીજી બાજુ વૃદ્ધ નજરની પરિપક્વતા છે. વૃદ્ધનાં નેત્ર કાલજર્જરિત છે પણ યુવકના અંતરમાં મઢાયેલું સૌંદર્ય તો મોનાલીસાના સ્મિત જેવું છે. આ સૌંદર્ય મનોમન માણવાનું હોય, એનું પૃથક્કરણ કરવાનું હોતું નથી.

## પ્રશિષ્ટ સંસ્કાર

**દક્ષા વ્યાસ**

# પોતાના લગ્ન માટે ઘર શણગારતી બાલા

ઊઠી વ્હેલા પ્રભાતે ઝટ ઘર-વખરી ગોઠવે વાળીઝાડી,
ખાટી છાશે ભીંજાવી ગગરી-કળશિયા માંજી સોને મઢી દે;
મેંડાં શીંગાળી ગૌઆ દુહી લઈ હળવે કોઢથી બ્હાર કાઢે,
ધાવેલા વાછડાને જરીક કૂદવી લે ઓસરી આંગણામાં.
ને ડાહી થૈ ઘડીમાં શિર પર મટુકી મૂકીને સ્હેજ બાંકી,
જાતી વાવે, ભરીને ચઢતી પગથિયાં શી પનિહારી, જાણે
આવે છલકાતી હેલે શિર રવિઘડૂલી લૈ ઉષા વ્યોમપુત્રી.

આજે અંગાંગ વ્યાપી હૃદય ભરી દઈ યૌવનાનંદ રેલ્યો.
ને આવી લગ્નવેળા, નવ ગૃહશણગારે સગાં કે સંબંધી,
ના પિત્રાઈ, ન ભાંડુ, ન કંઈ થઈ શકે પાંગળી દાદીથી તો.
બાપુ સ્વર્ગે બિરાજે, કઠિન હૃદયની માવડીયે વળી ત્યાં.
ને આ નિર્ભાગણીને નહિ મહિયરમાં માડીનો માડીજાયો.
મોંઘેરી ઊગરેલી દીકરી અટૂલી આ અશ્રુસીંચેલ વેલી.

વાળી કચ્છો ચઢીને ઊંચી નિસરણીએ, ગારથી ભીંત લીંપે,
લીંપે ને ગાય ગીતો મન ભરી ભરીને ગુપ્ત ઉલ્લાસપ્રેર્યાં.
ભીંતો રંગે ઉમંગે અબરખ-ખડીથી, સ્વસ્તિકોથી સુહાવે,
ચોંટાડે બારસાખે વરખ રજત કે સ્વર્ણના સુજ્વલંત.
ને આસોપાલવેથી સખીકરચૂંટિયાં કોમળાં પાંદડાંમાં,
ગૂંથંતી આમ્રપર્ણો, રુચિર હરિયાળાં રચ્યાં તોરણોયે.

હાવાં પ્રીતે પધારે વર લઈ અસવારી, ભલા, એ જ ખોટી.

મુંબઈ, જુલાઈ ૧૯૩૮

**‘પો**તાના લગ્ન માટે ઘર શણગારતી બાલા’ એવું પ્રલંબ શીર્ષક, સ્રગ્ધરા છંદ અને ગૃહજીવનની માધુરી સાથે જોડાયેલો વિષય બોટાદકરનું સદ્ય સ્મરણ કરાવે છે અને પ્રશિષ્ટ પરંપરા સાથે ભાવકને જોડે છે. વસંતતિલકા અને અનુષ્ટુપમાં અંકિત બોટાદકરનું ‘લગ્નોદ્યતા’ આ પ્રકારની કવિતામાં અનન્ય કહી શકાય તેવું કાવ્ય છે. એમાં છંદની



પ્રવાહિતા, પ્રાસાદિકતા તથા લગ્નતત્પર કુમારીના હૃદયભાવને મળતી રોચક વાચા દિલ જીતી લે છે.

કુતૂહલ જાગે કે ગાંધીયુગના અગ્રણી કવિ આવા ઠાવકા વિષય સાથે શી રીતે પાનું પાડે છે. કન્યા પોતાના લગ્ન માટે ઓશીકાનાં કવર, ચાદર, ચાકળા, રૂમાલ ભરત ભરીને તૈયાર કરતી હોય એવી પરંપરા છે. સામાન્ય રીતે કન્યાને પોતાના લગ્ન માટે પોતાનું ઘર પોતે જ તૈયાર કરવાની નોબત આવતી નથી. સૌ એને તો ફૂલની જેમ હાથમાં ને હાથમાં રાખતા હોય છે. અહીં વિષય પ્રત્યેનો અભિગમ નવીન છે. કાવ્યની નાયિકા એક અનાથ ગ્રામકન્યા છે. પાંગળી દાદી સિવાય તેનું કોઈ નથી. એથી લગ્નટાણે પોતાને માટે પોતે જ ઘર શણગારવું એનું ભાગ્ય છે. બીજા ખંડમાં એનું આ નોંધારાપણું સ્પર્શક્ષમ રીતે ઊઘડ્યું છે. ‘અશ્રુસીંચેલ વેલી’નું રૂપક કરુણની એક રેખા અંકિત કરી જાય છે.

પ્રથમ ખંડમાં લગ્નોત્સુક ગ્રામકન્યાનું નર્યું તાજગીભર્યું મુગ્ધ કલ્પનાચિત્ર ઊપસે છે. કવિ એને વ્યોમપુત્રી ઉષા રૂપે કલ્પે છે :

**આવે છલકાતી હેલે, શિર રવિઘડૂલી લૈ ઉષા વ્યોમપુત્રી.**

પ્રસ્તુત વર્ણન પર ઋગ્વેદના ઉષાસૂક્તનો પ્રભાવ જોવાયો છે. અલબત્ત એ દૂરાકૃષ્ટ લાગે છે. ખાટી છાશે ભીંજવેલા ગગરી-કળશિયાનો ચળકાટ, ‘મેંડાં શીંગાળી’ ગાય, ધાવેલા વાછડાને ઓસરી-આંગણામાં કૂદવી લેતી કન્યાનું અલ્લડપણું અને માથે મટુકી મૂકી વાવે પાણી ભરવા જતી પનિહારી... દ્વારા સર્જાતું ગતિચિત્ર જીવંત ગ્રામીણ પરિવેશ વચ્ચે ભાવકને મૂકી દે છે. એ એક રોમાંચક અનુભવ આપે છે. વિસ્મયનો ઉજાસ આ આખા ખંડ ઉપર પથરાયેલો છે.

બીજા ખંડના અભાવને ભરવા જ હોય તેમ ત્રીજા ખંડમાં ગારથી ભીંત લીંપતી, ગીતો ગાતી, ભીંતને અબરખ-ખડીથી રંગતી, વરખથી શણગારતી, તોરણોથી સજાવતી કન્યાનું ખચિત ચિત્ર રજૂ થાય છે. બસ. હવે તો અસવારી લઈ પ્રિયજન આવે એની જ ખોટ !

અહીં રુચિર, સુજ્વલંત, ગુપ્ત જેવા શબ્દો કંઈક અડવા લાગવાના. ‘માડીનો માડીજાયો’, ‘આસોપાલવમાં આમ્રવર્ણની ગૂંથણી’ જેવા પ્રયોગો પણ સહજ લાગતા નથી. સ્રગ્ધરાના સહજ વહેણમાં ‘ભીંજાવી’, ‘છલકાતી’ જેવી જગાઓ ખટકે છે. ‘મેંડા શિંગાળી ગૌઆ’, ‘ધાવેલા વાછડાને’, ‘આવે છલકાતી હેલે’, ‘ને આવી લગ્નવેળા’–માં ગાગાગાગા લગાગાનો સહજ સંધિસંવાદ સધાતો નથી. તથાપિ કૃતિનો પ્રથમ ખંડ કવિકલ્પનાની દીપ્તિથી અને જીવંત ગતિચિત્રથી આકર્ષી રહે છે. એક કોડવતી કન્યાના ઔત્સુક્યની, એના અંતરના ઉમળકાની સાક્ષાત્કૃતિ અહીં અનાયાસ થાય છે.

r

# બારેસોળે તો ખીલ્યાં આવડાં

***હરિકૃષ્ણ પાઠક***

## મ્હોર્યાં માંડવા

સખી, ગણ્યું ગણ્યું તે કઈ મંજરી,
ગણતાં કંઈ કંઈ રહી જાય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, બારેસોળે તે ખીલ્યાં આવડાં,
કાંઈ ખીલ્યાં ભૂમિનાં ભાગ્ય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, સેંથે ચડતાં આંખડી
અંજાતી ને અટવાય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, ઊતરે કેશલટે નજર
પાની લગ લપટી જાય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, નેહછલકતાં નેણને
ભમ્મરની આડી પાળ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, પાંપણ ઢોળે વીંજણા,
કીકીમાં પ્રજળે નેહ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, અણબોટ્યા બે હોઠની
એ જડે ન કહીં ગુલજોડ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, આંખે વણબોલ્યાં રહ્યાં
એ બોલે ગૌર કપોલ રે
સહિયરના મ્હોર્યા માંડવા.





સખી, ગાલે ખાડા શા પડે,
મહીં હૈયાં ઘૂમરી ખાય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, ઊંચેરી ડોલર-ડોકના
રત રત શા નિત્ય મરોડ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, ધરા ઘૂમે ઉર ઊંચેનીચે
ત્યમ હૈયાં ઊછળી જાય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, શિખરો વીંધે વ્યોમને,
છાતી વીંધે બ્રહ્માંડ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, પર્વતથી નદીએ ઢળ્યાં
કમ્મર લે નદીવળાંક રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, ગણ્યું ગણ્યું તે કઈ મંજરી
ગણતાં કંઈ ના'વે પાર રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, નમણાં ચાલો ત્યાં દીસો
રમતેરી મેઘકમાન રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, પગલાં પડતાં પોયણાં
પગલે ધરતી ધનભાગ્ય રે
સહિયરના મ્હોર્યા માંડવા.

સખી, બારેસોળે તે ખીલ્યાં આવડાં,
વળી ખીલશો અદકે રૂપ રે
સહિયરના મ્હોર્યા માંડવા.

મુંબઈ, ૧-૧૨-૧૯૩૪

**એ**ક સખીનો સખી પ્રત્યેના આનંદ-ઉમળકાના ઉદ્‌ગાર રૂપે પ્રગટેલું આ કાવ્ય છે, જે સમુચિત રીતે ગીતમાં ઢળ્યું છે. સખીની દેહલતા પર મ્હોરતી આવતી રૂપ-મંજરીઓનો ક્રમશઃ ઉલ્લેખ થતો આવે અને દ્વાદશ વયની કિશોરી સોળની-ષોડશી થવા તરફ વિકસી રહેલાં રૂપની છટાઓ પ્રગટાવતી જાય, અને એ રૂપ-મંજરીઓ ગણતાં કંઈનું કંઈ તો પાછું રહી જાય તેટલું કહેવા 'બારેસોળે તો ખીલ્યાં આવડાં'માં યોજાતો શબ્દ 'આવડાં' નોંધવા જેવો છે. 'આવડાં' એટલે 'એવડાં' કે જેનાથી ધરતીનાં – ભૂમિનાં ભાગ્ય ખીલી ઊઠે !

પછી તો સખીને સેંથે ચડતી આંખડી અંજાઈને અટવાતી રહે, તો વળી કેશલટે પડતી નજર તો કાંગસીની પેઠે પાની લગી લપટી જાય ! આપણે ત્યાં લોકવાઙ્‌મયમાં રૂપને વર્ણવતી ઉક્તિ છે : પદમણી નારીનો પાની લગ ચોટલો – એ યાદ આવી જાય. નેણમાં નેહ તો છલકે છે પણ તે છાકટો નથી, તેને ભમરની પાળ છે પાછી. સંસ્કારિતા પણ એક આભૂષણ ગણાયું છે ને !

પાંપણના પલકારાને વીંઝણા રૂપે જોતી નજર પ્રજળતો નેહ પણ જોઈ લે છે, પછી જે ઉલ્લેખ છે અણબોટ્યા બે હોઠનો તે અનાઘ્રાત પુષ્પ જેવી રૂપવતીના કુંવારાપણાનો સંકેત કરે છે, ને એ હોઠ પણ કેવા કે જેના જેવી બીજી કોઈ ગુલ-જોડ પણ ન જડે તેવા ! 'ગુલજોડ' જેવો શબ્દ અહીં ગીતના ભાષા-પોતમાં સલુકાઈથી ગોઠવાઈ ગયો છે.

વળી આંખ અબોલ થઈ જાય, કહો કે કશુંક ગોપવે તો ગૌર કપોલ તે કહી દે છે, તે સખીની નજરથી તો કેમ અછાનું રહે ?

ગાલના ખંજન એવા કે એને જોનારનું તો હૈયું એમાં ઘૂમરી ખાઈ જાય અને આ ઓછું હોય તેમ પાતળી ડાળી પર ઝૂલતા મોગરાના પુષ્પ સાથેની સરખામણી 'ઊંચેરી ડોલર-ડોકના' ઋતુ ઋતુના અવનવા મરોડ સાથે થઈ છે.

કવિશ્રી કાન્તની એક પંક્તિ અહીં સ્મરણે ચડે : નયન નમણાં, ગ્રીવા ધોળી, લલાટ સુહામણું... પછીના બે અંતરામાં ઊંચે-નીચે ઘૂમતી ધરા રૂપે ઊછળતાં હૈયાં અને સૌંદર્યનાં શિખર વ્યોમને વીંધે ને છાતીમાં – હૃદયમાં ભર્યો ભાવ બ્રહ્માંડને આવરી લે તેવો અર્થ વાંચી શકીએ. પર્વતની વહી આવતી નદી પતિરૂપ સાગરને મળવા પ્રયાણ કરતી હોય છે; પણ અહીં તો નદીનો ઉલ્લેખ તો સખીની કમ્મરના વળાંક ને નદીના વ્હેણ-વળાંક સાથેની સરખામણી માટે થયો લાગશે.

ફરીથી, 'ગણું ગણું તે કંઈ મંજરી'ની પુનરુક્તિ એવી રીતે થઈ છે કે આ રૂપ-મંજરીઓનો ગણતાં પાર આવે એવું નથી જ !

સખીની ચાલ તો એવી નમણી છે કે જાણે સપ્તરંગી મેઘકમાન એની ભવ્ય સુંદર રૂપછટાને પરહરીને જાણે કે 'રમતેરી' થઈ જાય છે, લહેરાતી ચૂંદડી જેમ ! અને વળી ચાલે ત્યાં પગલાં પડે ત્યાં પોયણાં ખીલી ઊઠે, ને વળી પાછી ધરતી 'ધનભાગ્ય' બની રહે.



આટઆટલું કહ્યા પછી ફરીથી 'બારે સોળેથી ખીલ્યાં આવડાં' કહીને હજી અદકા રૂપે ખીલશો એવી મંગલકામના કર્યા વિના આ સખીની સહિયર કેમ રહી શકે ? 'મ્હોર્યા માંડવા'નો પ્રયોગ કદાચ આવી રહેલા કોઈ મંગલ પ્રસંગનો સંકેત કરે છે. પૂરા સત્તર અંતરામાં વહેતું આ ગીત કવિએ ધરેલું એક મોંઘું નજરાણું છે.

r

## અમે મેળે ગ્યાં'તાં

*અલકમલક ભેળો થાય,*
*અમે મેળે ગ્યાં'તાં.*
*ગામ ગામ આવી ઠલવાય,*
*અમે મેળે ગ્યાં'તાં.*

*હૈયું ન હાથ રહ્યું ઊભી બજારમાં,*
*શોધું હવે ક્યાં હું માનવી હજારમાં ?*

*એ આગળ, હું પાછળ,*
*અમે મેળે ગ્યાં'તાં.*
*એ પાછળ, હું આગળ,*
*અમે મેળે ગ્યાં'તાં.*

*એ રહ્યો મૂંગો ને હું રહી માનમાં;*
*સમજ્યાં બંનેમાંથી એકે ના સાનમાં.*

*એ ગયો પૂરવ, હું પચ્છમ,*
*અમે મેળે ગ્યાં'તાં;*
*હું ગઈ ઉત્તર, એ દખ્ખણ,*
*અમે મેળે ગ્યાં'તાં.*

*સત્તરે ચૂક્યાં તે સિત્તેરે સોચતાં.*
*એની એ ભૂલ તોય હજારો કર્યે જતાં.*

*કરવાને છેલ્લા જુહાર,*
*અમે મેળે ગ્યાં'તાં.*
*ફરી હવે ક્યાંથી એ દીદાર ?*
*અમે મેળે ગ્યાં'તાં.*

અમદાવાદ, ૧-૧૨-૧૯૭૮

# 'આત્માનાં ખંડેર' : ક્યાંક ક્યાંક રચાતા કવિતાના દ્વીપ

**ચન્દ્રકાન્ત ટોપીવાળા**

## આત્માનાં ખંડેર : સૉનેટમાલા

### ૧. ઊગી ઉષા

આયુષ્યની અણપ્રીછી મધુપ્રેરણા-શી
ઊગી ઉષા સુરભિવેષ્ટિત પૂર્વ દેશે,
આગંતુકે પુરમહેલઅગાશીઓમાં
ઊંચે રહી નીરખી મ્હાલતી પદ્મવેશે.
ને ટેકરીશિખર રંગપરાગછાયું
પ્રેરી રહ્યું ઉર મહીં નવલા જ ભાવ.
નીચે, ઉછાળી જરી ફેનિલ કેશવાળી
ઘુર્રાટતો વિતરી જોમ પુરાણ સિંધુ.

આગંતુકે નીરખી ટેકરી વીંટી રૂહેતી
લીલા શહેર તણી વિસ્તરતી સુદૂર;
ઊંચે સર્યો ક્ષિતિજધુમ્મસ ભેદી સૂર્ય.
કોલાહલો પુર તણા ચગવા જતા, ત્યાં
ગર્જી રહ્યો અતિથિનો પુલકંત આત્મા :
'આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા.'

મુંબઈ, ૨-૯-૧૯૩૫

### ૨. અહમ્

ગુહા અંતર્ કેરી ભરી ભરી અહંઘોષ સ્ફુરતો,
જવા વિશ્વે વ્યાપી અદકી વધતી આત્મની વ્યથા;
થતું હૈયાને જે સ્થલ સ્થલ કહું મારી જ કથા,
પ્રયાણાર્થે ઘેલો કદમ ભરવા પ્રાણ ઝૂરતો.
ચહે અંગો મીઠા સુમસુરભિના પુંજ લચતા,
અને શીર્ષે વાંછે મુકુટ ધરવા શૃંગ ગિરિનાં;
ઊડી ઊંચે, મૂઠી ઉડુની ભરીને માલ્ય રચવા,
લઘુ ચિત્તે મોટા ઉરછલકતા કોડ મચતા.





મહા વિસ્તારો આ અમિત વિહરે કાલસ્થલના,
ખચેલા સૌન્દર્યે; પણ હું-વિણ સૌ શૂન્ય-સરખા.
અહીં ઊભીને મેં કરી જ રચના ભાવિ-ભૂતની,
અને મારે જોયે સ્થલ સકલને જીવની મળી.
હતું સૌ : એ સાચું ! હતી પણ ખરી હુંની જ મણા;
વિના હું બ્રહ્માંડે કવણ કરતે વિશ્વરમણા ?

મુંબઈ, ૬-૯-૧૯૩૫

### ૩. સત્ત્વ-પુંજ

મ્હેરામણો ગરજતા અહીં સામસામે :
આ એક ગેબી કંઈ તાલથી નર્તનારો,
હીંચોળતો હૃદયમાં અણમૂલ રત્ન,
ઉલ્લાસહાસભર મેઘપિતા સમુદ્ર;
ને આ વિરાટ વળી માનવસિંધુ નિત્યે
ગર્જંત, ઓટભરતી મહીં મસ્ત, લ્હેરે.
દે યંત્ર તાલ, અણથંભ પ્રવૃત્તિગર્ભે
છૂપાં કંઈ હૃદયરત્ન ઝુલાવી રૂહેતો.

ઝૂકી શશાંક નભમધ્ય છટાથી જેવો
આકર્ષતો સુભગ સાયરવારિ ઊંચે,
છીપો મહીં મૂકી જતો કદી મોતી શુભ્ર;
એવો મહા વિરલ પ્રેરક સત્ત્વ-પુંજ
સંક્ષુબ્ધ આ તરલ માનવરાશિ માગે,
કે કૈં કર્યે જીવન જાગી ચગે હુલાસે.

મુંબઈ, ૬-૯-૧૯૩૫

### ૪. અશક્યાકાંક્ષા ?

મહત્ત્વાકાંક્ષાનાં વિવિધવરણાં મેઘધનુની
છટા ફેલે ચક્ષુ રીઝવી, પજવી આત્મબળને.
તરે દૃષ્ટિ સામે કણ થકી થયા મેરુ દ્યુતિના,
પૂરે સાક્ષી કૂડી અફર ઇતિહાસે સ્મૃતિ ભરી.
વિશાળે નાનોશો જગફલક ઈસ્કંદર ઘૂમ્યો,
અને બાળે વેશે તખતતખતે બાબર રમ્યો;

ખરી વેળાની ગૈ ફરજ બજવી જોન કુમળી,
યુવાનીમાં શામ્યું પણ વિઘન ના કીટ્સ-ઉરને.

શ્વસે મારે હૈયે પણ તણખ તે ચેતન તણી,
સરી જે સૃષ્ટિની પ્રથમ પલકે, જે જળચરો
વનોની સૃષ્ટિ ને ગિરિ ગિરિ ભમંતાં પશુગણો
તણા પ્રાણે વ્હેતી, યુગ યુગ ક્રમે વેગથી ધપી,
પ્રકાશી અંતે જે મનુજ રૂપમાં ઉત્ક્રમવતી.
વિકાસીને આગે પ્રગટ બનું પ્રજ્ઞાપુરુષ હું.

મુંબઈ, ૨-૯-૧૯૩૫

## ૫. દે પયઘૂંટ, મૈયા !

રાતેદિને નિશિદિવાસ્વપને લુભાવી,
દેતી ચીજો વિવિધ ને લલચાવી ભોળો,
રાખે મને નિજથી નિત્ય તું દૂર બાળ.
તારા સમી જનનીયે કરશે ઉપેક્ષા ?
શાને વછોડતી, અરે ! નથી થાવું મોટા.
હું તો રહીશ શિશુ નિત્યની જેમ નાનો.
નાનો શિશુહકથી ધાવણસેર માગું,
એ દૂધથી છૂટી ભ્રમે જ થવાય મોટા.

રાતે શ્વસે ધડક થાનની તેજગૂંથ્યા
કમ્ખા પૂંઠે, વળી દિને રવિહીરલો તે
અંબારતેજ મહીં છાતી રહે છુપાવી.
રે ! ખોલ, ખોલ, ઝટ છોડ વિકાસધારા,
ને ના પટાવ શિશુને, બીજું કૈં ન જો'યે
થાને લગાડી બસ દે પયઘૂંટ, મૈયા !

મુંબઈ, ૨૬-૮-૧૯૩૪

## ૬. કુંજ ઉરની

શ્વસે શૃંગે શૃંગે યુગ યુગ તણા શ્રાન્ત પડઘા,
અને વ્હેતી તાજી ઝરણસલિલે આદિકવિતા,
તળાવોનાં ઊંડાં નયન ભરી દે કાલની દ્યુતિ,
રચે બીડે ઘાસે પવન ઘૂમરીઓ સ્મિત તણી;





દ્રુમે ડાળે માળે કિલકિલી ઊઠે ગીતઝૂલણાં,
લતા પુષ્પે પત્રે મુખચમક ચૈતન્યની મીઠી;
પરોઢે-સંધ્યાયે ક્ષિતિજઅધરે રંગરમણા,
– મને આમંત્રે સૌ પ્રણય ગ્રહવા વિશ્વકુલનો.

નહીં મારે રે એ પ્રકૃતિરમણીનાં નવનવાં
ફસાવું રૂપોમાં, પ્રણય જગને અર્પણ કર્યો.
મનુષ્યો ચાહે કે કદી અવગણે, કૈં ન ગણના;
રહું રાખી ભાવો હૃદય સરસા, સૌ મનુજના.
મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે
મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.

મુંબઈ, ૨-૯-૧૯૩૫

## ૭. અકિંચન

બેઠો બજાર જઈને નિજની સમૃદ્ધિ
ખોઈ અકિંચન થવા : અહીં ભાવનાનાં
સાચાંજૂઠાં ધવલ મોતીની લૂમ રમ્ય.
ને આ પરાગભર પુષ્પ ચૂંટેલ કૈં જે
આ લોકના અનુભવો તણી કાંટમાંથી.
દેજો ક્ષમા, નવ ગૂંથી જ શક્યો હું માલા !
શોચ્યું : થશે ટપકતી મુજ અંગુલિથી
એ પુષ્પ સૌ સુરભિહીણું વિવર્ણ મ્લાન.

'રે વાહ, તું અજબ દંભી લૂંટાવનારો !'
ટોળા મહીંથી વદ્યું કો મુખ રાખી નીચું.
'પેલું, કહે, છૂપવી રાખ્યું કશું કપાટે ?'
'હા. એય અર્પવું ખરે – અણબોટ ઉર.'

સૌયે ગયાં વીખરી, આખર ખોલી બોલ્યો :
પીજો, ભલાં પણ ન ચંચુપ્રહાર દેજો.

મુંબઈ, ૨-૯-૧૯૩૫

## ૮. સંતોષ

ટૂંકી નજર ના'પણી, ફલક દૃષ્ટિનો ના ટૂંકો;
ભલે ક્ષિતિજગોળ સંકુચિત લાગતો પૃથ્વીનો.
ધરે દગ સમક્ષ ફક્ત મર ડુંગરોથી વીંટી
જમીન અતિ થોડી ગાઉ દસબારના પંથમાં;
જમીન પણ એટલી ધરી રહંત શિશુબાથમાં
ખગોળ અરધો; છુપાવતી નિજાંગ જોકે ઘણું,
અને મનુજદષ્ટિ સામી ભ્રમણે ન ઊભતાં સ્વયં
બતાવતી નભે અનંત રમણે ચડ્યા તારલા.

ટૂંકું જગત ના, રચાઈ પથરાયું ચોમેર જે.
ભલે નર ન એકીસાથ નવખંડ ખેડી શકે;
જહીં સ્થિર ઊભો તહીં જનસ્વભાવના કીમતી
પ્રકાર બહુયે, કદાચ સહુયે વસ્યા, આંખ જો.

અને હૃદય, દેશકાલવિધિવક્રતા ભાંડવી
તજી, નજીક જે ખડું નીરખી એહ લેવું ઘટે.

ઑગસ્ટ ૧૯૩૨

## ૯. અનંત ક્ષણ

ગઈ ક્યમ ગણું ક્ષણો ? દિવસ, માસ, વર્ષો વહ્યાં
ગણું જ કઈ રીત ? સૌ ફરી ફરી પડે જીવવાં.
નવાં નયનને જૂના મહીંથી મૂલ્ય લાધે નવાં.

અનેકવિધ જે થયા અનુભવો બધા પૂર્વના
લહ્યા નવલદર્શને નવલરૂપમાં, ને વળી
હજીય નવતત્ત્વ કાંઈ મળતાં નવે રૂપ સૌ
ફરી અનુભવો ઉરે ઊતરશે, ન આરો કહીં.
અને ફરી ફરી રહી જીવવી એ પળો એમ સૌ.

પળો સકળ આજની ગત પળોથી પોષાય, ને
જિવાય ગત એ પળો સકળ આજનીમાં, અને
ભવિષ્ય તણી સૌ ક્ષણો ઊતરી આજ આશારૂપે
સમૃદ્ધ ક્ષણ વર્તમાન કરતી, થતી ને સ્વયં.



ક્ષણેક્ષણ અનંત છે. નવનવે રૂપે વિસ્તરી
પ્રતિક્ષણ વિશે સ્ફુરે અનુભવો ત્રિકાલે ભર્યા.

નવેમ્બર ૧૯૩૩

## ૧૦. સમય-તૃષા

વરસભરનાં વીત્યાં વ્હાણાં, શમ્યાં પલકારમાં,
નથી ખબર કે જાણ્યાં માણ્યાં પૂરાં ઉરબ્હારમાં.
વરસભરના મધ્યાહ્નો ને મીઠી મધરાત્રિઓ, –
શું કહું ? સહુયે આ હૈયે તો અજાણ જ યાત્રીઓ.
અધીરપભર્યા ભાવે વેણુ સુણી'તી વસંતની,
નીરખી'તી નભે વર્ષાનીયે મદે પદપંક્તિઓ.
શરદસરમાં દીઠી હોડી સરંતી મયંકની,
પણ કહીંય તે આ હૈયાને થયો નવ સ્પર્શ કો.
દિશ દિશ તણા આદર્શો, – ત્યાં સ્વમૂર્તિ તપાસું હું,
જગમગજના ઝંઝાવાતો, – વીંઝાઉં અશાંત ત્યાં;
દલિતઉરના લાવા, – ન્હાવા તહીં ઉર દોડિયું;
સમયની સુરા, ઢીંચ્યે રાખી અહર્નિશપ્યાલીમાં.
ફરી કહીંયથી ઊગી જો તો નવી નભ કો ઉષા,
ફરી સમયની હૈયે જાગે અદમ્ય ચિરંતૃષા.

૧૯૩૬

## ૧૧. આશા-કણી

નિરાશાનાં ક્ષેત્રે કરવી લણણી આશકણની,
અને ગોતી રહેવી જડ ઢગ મહીં ચેતનકણી,
છટા માયા કેરી મહીંથી સતની ઝાંખી ચહવી,
જનો વાંછે ઘેલા; જીવન તણી આ તે શી મદિરા !
કર્યું અન્યે તે કાં નવ કરી અરે હું પણ શકું ?
પતાકા કીર્તિની ક્યમ ન ફરકાવી હુંય શકું ?
પરંતુ ઘેરાયા સમય તણી એવી ભીંસ મહીં,
અનિચ્છાએ જાગે રુદન, મુખ જ્યાં જાય હસવા.

પ્રવાતો વૈરોના રુધિર ઉરનું ઝેર કરતા,
પ્રપાતો દોષોના જીવતર ભરી ઘોર દવતા.

અસિદ્ધિના ડંખો, પ્રણય અણમાણ્યા, દમી રહે.
મનુષ્યો તોયે રે શત વરસ શે જીવવું ચહે ?
અશક્તિ આત્મહત્યાની એને આશા કહે જનો;
મૃત્યુથી ત્રાસતાં તોયે જિંદગી અર્ક મૃત્યુનો.

મુંબઈ, ૨-૯-૧૯૩૫

## ૧૨. મૃત્યુ માંડે મીટ

મૃત્યુ માંડે મીટ સુખદ લેવા સંકેલી
વિશ્વકુંજ જગડાળ મચેલી જીવનકેલી.
પુનર્જન્મનું પુણ્ય પરોઢ હવે તો ફૂટશે,
દિવ્ય ઉષાની પુનિત પીરોજી પાંખ પસરશે.
રચતું એવા તર્ક કૈંક હૈયું ઉલ્લાસે.
હશે જવાનું અન્ય પંથ કો નવા પ્રવાસે.
ફરી સફરઆનંદ તણી ઊડશે વળી છોળો.
વિચારી એવું મૃત્યુદંશ કરું શે મોળો ?
શાને ભીષણ મૃત્યુમુખે અર્પવી કોમલતા ?
વિદ્યુદ્વલ્લી હોય કથવી શાને પુષ્પ-લતા ?
આવ, મોત, સંદેશ બોલ તવ ઘર્ઘરનાદે,
નહીં ન્યૂન, વધુ ભલે, રુદ્ર તવ રૂપ ધરીશ તું.
વક્રદંત અતિચંડ ઘમંડભરેલ વિષાદે
મુખ ઉઘાડ તુજ, શાંતચિત્ત તવ દંત ગણીશ હું.

વીરમગામ, ૩-૬-૧૯૩૦

## ૧૩. નિશાપંથ

થાક્યા કાને સ્વર મૃદુ પડ્યો : આવ રે આવ ચાલ્યો !
થાક્યા દેહે ફરી શરૂ કરી આખરી એક યાત્રા.
તારાતેજે ચમકી લલચાવી સ્ફુરે વીચિમાલા;
તેડાં મીઠાં ગણી જલનિધિનો નિશાપંથ ઝાલ્યો.
અશ્રુ ખારાં જીરવી જગને પાઠવે વારિ મીઠાં;
સિંધુ, તારાં જીવનવ્રત મેં અન્ય ક્યાંયે ન દીઠાં.
આંહીં લોકે લખ લખ જનોમાંય એકાકી રહેવું;
મૂગાં મૂગાં સહન કરવું, ના હયાનેય કહેવું.





મારે માટે અણખૂટ પડ્યાં વારિમેદાન મોટાં,
સિંધુ તારે જલતલ મૂકું કાયની નાવડી આ.
તારે ઊંડે જલતલ પૂરું છું, સહી રે તું લેજે,
ગાથા કૂડી જગની, અમૃતાવી ફરી પાછી દેજે.
ત્યાં તો કાયા ફગવી હડસેલી તરંગો પુકારે :
જા રે તારે જગ, ઉભયથી કૈં ન સંબંધ મારે.

મુંબઈ, ૯-૯-૧૯૩૫

## ૧૪. બિચારો મનુજ

કરી યત્નો કોટિ ગગન ચૂમતા મ્હેલ રચિયા;
પછી છો એ કાજે જીવતર બધું રોળ્યું ધૂળમાં.
નવા મ્હેલે જ્યારે અવસર મળ્યો વાસ વસવા,
તહીં તો પ્રાણોના જીરણ જ હતા મ્હેલ તૂટલા.

રગો ખેંચી ખેંચી નવલ કંઈ સૂરો જગવવા
મહા આયાસોથી અજબ સજ્યું વાજિંત્ર ઉરનું,
સુણ્યાની વેળાએ બધિર બનીને મૂર્છિત સમો
સદાનો આત્મા તો શત શત હતો જોજન પળ્યો.

મહાવજ્રાઘાતે હૃદયજડિમા તોડી, ઝરણું
વહાવ્યું તો હોંસે, પ્રબળ પુરુષાર્થે, પણ બધું
સુકાઈ એવું તો રણ સમ થયું જીવન હતું,
ફૂટ્યું એવું ક્યાંયે ઝરણ કુમળું લુપ્ત બનિયું.

બિચારો નિચોવે મનુજ વિધિની રેત અમથો;
વૃથા યત્ને ખુએ મૃગજળનીયે રમ્ય ભ્રમણા.

મુંબઈ, ૬-૯-૧૯૩૫

## ૧૫. દગજલ ભલાં

તમે ઉલ્લાસોની મીઠી મીઠી કરો પ્રેરક કથા,
યુવાનીલીલાનાં સતત બજવો શૌર્યબણગાં.
બુઢાપા પચ્ચીસે જગહૃદયના, તે ન નીરખો;
અને સદ્ભાગીનાં શિશુ રમકડે રાચી જ રહો.

પ્રતાપોની ગાથા રુધિરધબકે પૂરી, ઉરને
તમે આમંત્રો છો રજનિદિન આનંત્ય ઘૂમવા,

સુખે ભૂલો ભોળાં રગ રગ ભરીને ધગી રહ્યો
મહાગ્નિ મૃત્યુનો, જગ સકલ જેને કવલ-શું.

અહં કેરું માગો જડ થકી જ નિર્લોપન તમે,
શિખાવો ફિલ્સૂફી જીરવી ન સ્વયં, અન્ય ઉદરે
દવા તેજાબોની દરદ વણજોયે જ ઠલવો;
અહં ક્યાંનો ? શાને ? – પ્રથમ ઊચરો, લોપ પછીથી.

અસત્ આનંદોની પરબ રચી વ્હેંચો ન મદિરા,
ભલાં શોકપ્રેર્યાં દગજલ યથાર્થે વિહરતાં.

મુંબઈ, ૬-૯-૧૯૩૫

## ૧૬. અફર એક ઉષા

ઊગી ઊગી અફર એક ઉષા નમેરી.
છાતી હતી ટપકતી રુધિરે નિશા-ની
ને પાથર્યા કબર પે કદી હોય એવા
ફિક્કા હતા મરણમ્લાન ઉડુગણો સૌ.
વેરાયું ચિત્તક્ષિતિજે થકી ધુમ્મસે ને
રંગે ભરી જવનિકા સરી પાંપણેથી.
ત્યાં ટેકરી ફરતું દશ્ય શું ઠેર ઠેર ?
રે ક્યાં ગઈ પ્રથમની જનતા વિરાટ ?

આત્મા તણાં અરધભગ્ન ઊભેલ અર્ધાં
ખંડેરની જગપટે પથરાઈ લીલા.
ને છાંડીને જયમનોરથ, કો ઘવાયા
પંખી સમું ઉર લપાઈ કહીંક બેઠું
ખંડેરની કરુણભીષણ ગાતું ગાથા,
ને ગોતતું અફળ ગાન મહીં દિલાસા.

મુંબઈ, ૯-૯-૧૯૩૫

## ૧૭. યથાર્થ જ સુપથ્ય એક

ન રાવ, ફરિયાદ ના, ફિકર ના, અજંપાય ના,
ન કે પ્રબલ કોઈ સત્ત્વ થકી શક્તિની યાચના.
ન ઘેલી લગનીય વા ગગનચુંબી આદર્શની
ભમાવતી અસત્યચક્ર રચી રમ્ય ભ્રાન્તિ તણાં.



જગે દુરિતલોપની ઉર અશક્ય ના વાંછના,
ન વા ધગશ સૃષ્ટિના સકલ તત્ત્વસંમર્શની;
ડગેડગ વધારતી વજન શૃંખલા કાલની,
દમેદમ પધારતી નિકટ શાશ્વતી યામિની.

ન શાંતિ-ચિતસૌખ્ય-કાજ જગ ડ્હોળવાં મંથને,
ભરી યદિ અશાંતિ ચોગમ સમુલ્લસંતી જ તો.
મને અસુખ ના દમે વિતથ સૌખ્ય જેવાં કઠે;
સુખો ન રુચતાં, યથા સમજ માંહી ઊતર્યાં દુખો.
યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે.
અજાણ રમવું કશું ! સમજવું રિબાઈય તે.

મુંબઈ, ૯-૯-૧૯૩૫

ઉમાશંકર જોશીના 'વિશ્વશાંતિ'ના સ્વપ્નસેવી ભાવનાવ્યાપની પડછે 'આત્માનાં ખંડેર'ના યથાર્થસેવી નિર્ભ્રાન્ત સંકોચને મૂકી જોતાં સ્પષ્ટ જણાય છે કે કવિ પોતે કહે છે તેમ વ્યક્તિની અશાંતિ હવે કેન્દ્રમાં છે. ગાંધીયુગની ઉત્કટતા ૧૯૨૧થી ૧૯૩૧ સુધી રહી ને પછી ઓસરી અને સમાજવાદનું આક્રમણ થયું. એનાં એંધાણ એમાં મોજૂદ છે. દૂરનું જોતી દૃષ્ટિ હવે પોતાની સામેના પ્રત્યક્ષ પર અને એની કઠોર વાસ્તવિકતા પર મંડાયેલી છે. કવિસંવિદમાં આવેલા આ ફેરફારનો આલેખ 'આત્માનાં ખંડેર'માં પ્રગટ થાય છે. અને તેથી 'વિશ્વશાંતિ' પછીનો અને 'નિશીથ' પહેલાંનો કવિનો આ પડાવ મહત્ત્વનો બન્યો છે. આ જ કારણે 'આત્માનાં ખંડેર'ની સૉનેટમાલા પર અનેક અભિપ્રાયો રજૂ થયા છે. કોઈકે એમાં 'યથાર્થનો સેતુબંધ' જોયો છે, કોઈકે ભાવનાશીલતાથી નિર્ભ્રાન્ત થયાની યથાર્થ મનઃસ્થિતિ જોઈ છે, કોઈકે વિસ્મયથી સમજ સુધીનો માર્ગ જોયો છે, કોઈકે ચિંતનપ્રધાન ઊર્મિકવિતાની સિદ્ધિ જોઈ છે, કોઈકે ગોપસંસ્કૃતિના સંતાન એવા કાવ્યનાયકની નગરસંસ્કૃતિ સાથેની પ્રતિક્રિયા જોઈ છે, તો કોઈકે એમાં કલાસ્વીકૃતિ સાથેની જીવનસ્વીકૃતિ જોઈ છે. આ બધી મથામણ મોટેભાગે કાવ્ય વિશે થઈ છે, કાવ્ય સાથેની મથામણ હજી બાકી રહી છે. ઘણી વાર એના કેટલાક આસ્વાદ્ય અને મનનીય વાગંશોને કશાય વિશ્લેષણ વગર યાદી રૂપે રમતાં મૂકી દેવાયા છે.

ઉમાશંકર જોશીનો વારંવાર આગ્રહ રહ્યો છે કે કવિ માત્ર હકીકત-કથન કરતો હોતો નથી, સાક્ષાત્કારતો હોય છે. એની ભાષા પ્રત્યક્ષીકરણમાં રાચે છે. કાવ્યમાં વિચારોના સ્ફટિકો રહેવા ન દેતાં, એ સ્ફટિકોને કવિ ઊર્મિદ્રવ રૂપે પ્રસ્તુત કરે છે. ભટ્ટ તૌતના કવિપ્રતિભા અંગેના ખ્યાલને આગળ કરતાં ઉમાશંકર કહે છે કે વિકલ્પગોચર (તર્ક) અને પ્રત્યક્ષગોચર (particular) જે કાંઈ છે એને કવિની પ્રતિભા 'પ્રત્યક્ષકલ્પ' બનાવે છે. ઉમાશંકર જોશીને મન કવિતા એ જગત (બાહ્ય) અને કવિ, એમ બંનેના

પરસ્પર Interactionમાંથી નીપજેલું વિશેષ જગત છે.

ઉમાશંકર જોશીની બંધાવા પામેલી આ કાવ્યવિભાવના અને ૧૯થી ૨૫ વર્ષના એમના યુવાની કાળમાં માત્ર ત્રણ દિવસ (૨-૯-૧૯૩૫, ૬-૯-૧૯૩૫, ૯-૯-૧૯૩૫)માં રચાયેલાં ૧૩ સૉનેટો તેમજ આગળપાછળ રચાયેલાં બીજાં ચાર સૉનેટોને જોડીને બનાવેલી 'આત્માનાં ખંડેર'ની સૉનેટમાલા વચ્ચે કેટલો મેળ રચાય છે એ જોવું ચોક્કસ રસપ્રદ બને તેમ છે. અલબત્ત, મોટી કૃતિઓમાં આવી કૃતિની સ્થાપત્યરચનાથી માંડીને અંશોની યોજનામાં સંઘટન કેવી રીતે સધાયું એ જોવાનું કવિનું કુતૂહલ રહ્યું છે અને કાવ્યપ્રવૃત્તિના સાચા અનુભવ માટે સળંગ સ્થાપત્ય- સુંદર રચનાની હંમેશાં કવિને અપેક્ષા રહી છે; તેમ છતાં 'આત્માનાં ખંડેર' સૉનેટમાલા ન તો કવિને સૂઝેલી છે, ન તો એમને મળેલી છે પણ જુદાંજુદાં સંવેદનોનાં સૉનેટોને ચોક્કસ રીતે ગોઠવીને એક કૉલાજ (Collage) દ્વારા એને અર્થપૂર્ણ રીતે ઊભી કરવામાં આવી છે, એ નોંધવું જરૂરી બનશે. એટલે કે સૉનેટમાલા કોઈ એક કેન્દ્રમાંથી પ્રસરી નથી પણ જુદાંજુદાં સ્વતંત્રમિજાજી સૉનેટોને કોઈ એક-કેન્દ્રીપણા તરફની ગતિમાં પરોવવાનો પ્રયત્ન થયો છે. ટૂંકમાં, એમ કહી શકાય કે 'આત્માનાં ખંડેર'નાં સૉનેટો જૂથમાં નથી આવ્યાં, પણ જૂથમાં ગોઠવવામાં આવ્યાં છે.

'આત્માનાં ખંડેર'ના પાંચ વિભાગ કરી શકાય. પહેલા વિભાગમાં ૧૯૩૦, ૧૯૩૨, ૧૯૩૩, ૧૯૩૪ – એમ જુદાજુદા વર્ષમાં રચાયેલાં છૂટક સૉનેટો છે. બીજા વિભાગમાં ૨-૯-૧૯૩૫ના દિને રચાયેલાં પાંચ સૉનેટ છે. ત્રીજા વિભાગમાં ૬-૯-૧૯૩૫ના દિને રચાયેલાં ચાર સૉનેટ છે. ચોથા વિભાગમાં ૯-૯-૧૯૩૫ના દિને રચાયેલાં ત્રણ સૉનેટ છે. અને પાંચમા વિભાગમાં આવેલું સૉનેટ ૧૯૩૬નું છે. આ બધાં સૉનેટમાંથી વહેલામાં વહેલું સૉનેટ વીરમગામ જેલમાં રચાયું છે. અહીં ત્રણ સ્થલનિર્દેશ વગરનાં સૉનેટને બાદ કરતાં બાકીનાં તેર સૉનેટ મુંબઈમાં રચાયાં છે. એવું પણ જોઈ શકાશે કે ૨-૯-૧૯૩૫નાં સૉનેટ મુખ્યત્વે વિધાયક (positive) ભાવમુદ્રા લઈને આવે છે, પણ પછી ૬-૯-૧૯૩૫ અને ૯-૯-૧૯૩૫નાં સૉનેટ મુખ્યત્વે નકારાત્મક (Negatine) ભાવમુદ્રાને આગળ કરે છે. એટલે કવિનું સંવિદ ઝાઝે ભાગે વિધાયક ભાવમુદ્રાથી નકારાત્મક ભાવમુદ્રા તરફ આગળ વધ્યું છે; એવો સર્જનપ્રક્રિયાનો દબાવ સ્પષ્ટ જોઈ શકાય છે. બીજી રીતે કહીએ તો ઉત્સાહિત (elevated) સ્તરેથી ધીમે રહીને સૉનેટમાલા છેવટે અવસાદ (depressed) સ્તરે સ્થિર થાય છે. કવિએ વિવિધ સંવિદ ગતિનાં સ્વતંત્ર સૉનેટચોસલાંઓને સાંકળીને અને વચ્ચે – આગળ-પાછળ રચાયેલાં સૉનેટનું પૂરણ (padding) ભરીને કુનેહપૂર્વક એક સાભિપ્રેત આકાર ઊભો કર્યો છે. ભોમનો વિજેતા થવા નીકળેલો સ્વપ્નસેવી કાવ્યનાયક નિર્ભ્રાન્ત થઈને અંતે કઠોર હકીકતના સ્વીકાર સાથે કેવી રીતે વાસ્તવસેવી કાવ્યનાયકમાં પલટાયો એનો એક આભાસ આ રીતે ગોઠવીને રચેલા સ્થાપત્યમાંથી ઊભો થાય છે. અહીં કોઈ એક કેન્દ્રમાંથી પ્રગટેલાં



સૉનેટોની ગતિ, એમનું સાતત્ય કે એમની ઉત્કટતા તપાસવાનો ઉપક્રમ આથી જતો કરી, સૉનેટને કાવ્યકલગી ગણતા ઉમાશંકર જોશી જેવા કવિનું વ્યક્તિગત સૉનેટકર્મ, એનો વાચોવિન્યાસ, એની વર્ણસંઘટના – અર્થસંઘટના, નાદસંદર્ભ, ભાવસંદર્ભ, સમાજસંદર્ભ તપાસવાનો તેમજ એમાં રહેલો ફિલસૂફી-સંભાર કઈ રીતે 'કાવ્યાનુભૂતિ'માં ઢળ્યો છે તે તપાસવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

કુલ ૧૭ સૉનેટોમાંનું પહેલું સૉનેટ 'ઊગી ઉષા'માં 'સુરભિવેષ્ટિત' એવા 'ઉષા'ના વિશેષણ દ્વારા સવારનો ઘ્રાણેન્દ્રિયથી કરાવેલો પરિચય, એક બાજુ ઊંચે ટેકરીશિખર (કવિના મનમાં મુંબઈની મલબાર હિલ હોવાનો પૂરો સંભવ છે)થી જોવાની પદ્મવેશી ઉષા, બીજી બાજુ નીચે ફેનિલ કેશવાળી ઉછાળી, ઘુર્રાટતા સમુદ્રમાં આરોપાતું સિંહનું બિંબ – આ બધું ઊંચાઈનો અનુભવ કરાવે છે, તો સાથે પછીથી 'ગર્જી' રહેતા અતિથિના આત્મા માટે સિંહનું બિંબ ભૂમિકા તૈયાર કરે છે. અહીં અવકાશ (space) અને અંતર(distance)ની ઇન્દ્રિયસંવેદ્ય પ્રતીતિ ઊભી કરી છે. કોલાહલ ચગવા જતાં ગર્જી રહેલો પુલકંત આત્મા (અલબત્ત, ત્યારે ઉમાશંકર જોશીએ રિલ્કે વાંચ્યો નહીં જ હોય) રિલ્કેની પહેલી કરુણિકાના 'If I Cry'નો પ્રતિઘોષ મનમાં ઊભો કરી એક જુદા જ આનંદની પ્રતીતિ કરાવે છે. 'ઊંચે ઉછાળી જરી ફેનિલ કેશવાળી'માં 'ઉછાળી' તેમજ 'કેશવાળી' – મારફતે મોજાનાં આવર્તનોનો અર્થસંદર્ભ-નાદસંદર્ભ રચાય છે. વસંતતિલકાએ પુલકિત નાયકના ભાવઉછાળ માટે સફળ ભૂમિકા ભજવી છે. છેલ્લી પંક્તિ 'આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા'માં પદોના વ્યુત્ક્રમ દ્વારા પંક્તિને છેલ્લે મુકાયેલા 'વિજેતા' શબ્દ પર આવતો ભાર અર્થસંપન્ન છે.

પહેલા સૉનેટની છેલ્લી પંક્તિના 'અહંઘોષ'ને વિસ્તારતા બીજા સૉનેટ 'અહમ્'નો બીજો ચતુષ્ક શીર્ષ પર ગિરિનો મુકુટ ધરવાનો અને ઊંચે ઊડી તારાઓની મુઠ્ઠી ભરીને માળા રચવાનો સંદર્ભ મૂકી ઉચ્છલકને મૂર્તતા આપે છે. પણ શિખરિણીમાં 'લઘુચિત્તે'માં 'લઘુ'નું 'લઘૂ' કરવું પડે એ છંદશૈથિલ્યનું સ્થાન બન્યું છે. સૉનેટના બીજા ખંડમાં કવિએ સર્વનો આસ્વાદ લેતી અંદરની નિતાન્ત ચેતના સાથે અનુસંધાન કરી 'અહંઘોષ'ને ગાળી નાખ્યો છે. 'હુંની જ મણા'નો 'વિશ્વરમણા' સાથેનો પ્રાસ પણ વ્યાપક વર્તુળો દોરી આપે છે. ત્રીજું સૉનેટ 'સત્ત્વપુંજ' ઘણું નબળું છે. સમુદ્ર અને માનવસિંધુનાં અતિ મુખરિત દૃષ્ટાંતો વચ્ચે વ્યંજનાનો આછો તંતુ પણ એમાં બચવા પામ્યો નથી. તો ચોથું સૉનેટ 'અશક્યાકાંક્ષા ?' મેઘધનુ દ્વારા અને દ્યુતિના મેરુ રચતા કણ દ્વારા ચિંતનને અત્યંત સ્પર્શક્ષમ બનાવી શક્યું છે. 'વિશાળે નાનો શો જગફલક ઈસ્કંદર ઘૂમ્યો' જેવી પંક્તિમાં 'વિશાળ જગફલક'નો તૂટતો અન્વય કઠે તેવો છે. 'તખતતખતે બાબર રમ્યો'માં બાબરની રાજકારકિર્દીનો સઘન અનુભવ ઊભો થયો છે. આ સૉનેટનો બીજો ખંડ 'તણખ'થી 'પ્રજ્ઞાપુરુષ' સુધી પહોંચે છે, એવો ઉત્ક્રાંતિનો સમગ્ર ક્રમ અહીં પ્રવાહી છંદની ગતિથી પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે. એક શ્વાસે આગળ વધતી પ્રવાહી પંક્તિઓ છેવટે 'પ્રકાશી'

પછી 'વિકાસી' દ્વારા 'પ્રજ્ઞાપુરુષ'માં સ્થિર થાય છે એ આદ્યપ્રાસની પણ સાભિપ્રેતતા સૂચવે છે.

પાંચમું સૉનેટ 'હે પયઘૂંટ મૈયા' પ્રતિગમન (Regression)થી પાછળ હટી પોષણ મેળવવા તત્પર બન્યું છે. એક બાજુ મોટા થવાની મહત્ત્વાકાંક્ષા અને બીજી બાજુ નાના રહેવાની ને પોષણ મેળવવાની અનિવાર્યતા – આનો દ્વંદ્વ મૈયાને ઉદ્દેશીને થયેલી આ સૉનેટની એકોક્તિમાં ચાલક બન્યો છે. 'રાતેદિને નિશિદિવાસ્વપ્ને'નો સંસ્કૃતસંસ્કાર ઓચિંતો પછીની પંક્તિમાં બોલચાલની લહેક ઊતરી પડે છે. 'મોટા', 'નાનો', 'નાનો', 'મોટા'નાં આવર્તનો દ્વંદ્વને પ્રત્યક્ષ રૂપ આપી શક્યાં છે. પણ આ સૉનેટનો બીજો ખંડ, ઉમાશંકર જોશી જેને 'પ્રત્યક્ષકલ્પ' કહે છે એનો નમૂનો છે. પછીથી 'નિશીથ'માં પ્રગટ થનાર વિશાળ અવકાશનો વ્યાપ લેતી કવિની પ્રતિભાનો અહીં જ્વલંત ઉન્મેષ છે : 'રાતે શ્વસે ધડક થાનની તેજગૂંથ્યા / કમખા પૂંઠે, વળી દિને રવિ હીરલો તે / અંબારતેજ મહીં છાતી રહે છુપાવી. / '... બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાના 'કલાન્ત કવિ' પછી જગદંબાના કલ્પનસંવેદ્ય નિરૂપણનો આ ઉત્તમ નમૂનો છે. 'સ્તન'ને બદલે મુકાયેલો 'થાન' શબ્દ આદિવાત્સલ્યનો નરદમ અનુભવ આપે છે : તો 'રે ! ખોલ, ખોલ, ઝટ છોડ'નો પુનરુક્ત દ્રુત લય નાયકની અધીરતાના સાક્ષી બનાવે છે.

છઠ્ઠા સૉનેટ 'કુંજ ઉરની'માં પ્રકૃતિના મોહિનીસ્વરૂપ સામે, મનુષ્યે છાયેલી ઉરની કુંજને એટલે કે મનુષ્યપ્રીતિને કવિએ તોળવી છે. તેથી પહેલા ખંડમાં આકર્ષણ ઊભું કરવા પ્રકૃતિનાં રમણીય સંવેદનોને અભિવ્યક્તિ અપાયેલી છે. પહેલી બે પંક્તિ કુશળતાપૂર્વક પાછળ વહે છે : 'શ્વસે શૃંગે શૃંગે યુગ યુગ તણા શ્રાન્ત પડઘા, / અને વ્હેતી તાજી ઝરણસલિલે આદિકવિતા' – અહીં વર્તમાનથી આગળ વધતી પંક્તિઓ પ્રાચીન ભૂતકાળમાં પાછળ લઈ જાય છે. કાલની દ્યુતિ ચમકાવતાં તળાવનાં ઊંડાં નયન કે બીડના ઘાસમાં સ્મિતની ઘૂમરીઓ રચતો પવન તો અહીં સાક્ષાત્કરાયો છે પણ 'દ્રુમે ડાળે માળે કિલકિલી ઊઠે ગીતઝૂલણાં'માં તો વન અને પંખીનો આખો ને આખો સંસાર અને સંસ્કાર કવિએ ભરચક ઊભો કર્યો છે. પરંતુ, બીજો ખંડ લગભગ લીધેલી પ્રતિજ્ઞાની પ્રતિપાદનપૂર્તિમાં ખર્ચાયો છે. આ પછીનું સાતમું સૉનેટ 'અકિંચન', એમાં નાટ્યકર્મનો પ્રવેશ કરાવ્યો હોવા છતાં 'સત્ત્વપુંજ' સૉનેટ જેવું જ નબળું છે. 'આખર ખોલી બોલ્યો : જેવી પંક્તિ આગળ આવેલા 'કપાટ'થી બહુ દૂર હોવાથી માત્ર દુરાન્વય રચે છે. આઠમું સૉનેટ 'સંતોષ' ભૌતિક સ્થલકાલ એકીસાથે ખેડી ન શકે પણ જ્યાં હોય ત્યાં જનસ્વભાવના કીમતી પ્રકારને મનુષ્ય અંકે કરી શકે છે, એવા 'સંતોષ' અંગેનો નિબંધ રચ્યાથી વિશેષ કોઈ કામગીરી બજાવતું નથી. સૉનેટમાં 'ભલે'ને માટે આવેલો તળપદો 'ભર' શબ્દનો લહેકો જુદો તરી આવે છે.

નવમું સૉનેટ 'અનંત ક્ષણ' પ્રતિક્ષણે સ્ફુરતા ત્રિકાલે ભર્યા અનુભવનું વિસ્તરતું ભાષ્ય (Paraphrase) બની રહી ગયું છે. તત્ત્વવિચાર અહીં ભાગ્યે જ કાવ્યાનુભૂતિ



બની શક્યો છે. દશમું સૉનેટ 'સમયતૃષા' નવા વર્ષ નિમિત્તે રચાયું હોવાની દહેશત છે; જેનું અહીં પૂરણ (padding) કરવામાં આવ્યું છે. દલિતઉરના લાવા અને જગમગજના ઝંઝાવાતોનાં સપાટ બયાનો વચ્ચે 'નીરખી'તી નભે વર્ષાનીયે મદે પદપંક્તિઓ.' કે 'શરદસરમાં દીઠી હોડી સરંતી મયંકની' જેવી પંક્તિઓમાં ગતિનો અનુભવ અચ્છો ઝિલાયો છે. 'સરંતી મયંકની'ના અનુસ્વારો ગતિને વધુ લયપ્રત્યક્ષ કરે છે. તો અગિયારમું સૉનેટ 'આશાકણી'માં ક્ષેત્ર (ખેતર) સાથે મુકાયેલો 'આશાકણ' ને 'જડ ઢગ' સાથે મુકાયેલી 'ચેતનકણી' – એમ કણ અને કણીના સંદર્ભો ચિંતનભારને ખંખેરી નાખે છે. પણ પછી તરત જ 'છટા માયા કેરી મહીંથી સતની ઝાંખી ચહવી' જેવી પંક્તિ તત્ત્વભારે લચી પડી છે. એ પછીની પંક્તિમાં 'જીવન' જેવો શબ્દ શિખરિણીમાં 'જી'ને હ્રસ્વ કરીને કઢંગી રીતે ગોઠવાયેલો છે. પછીની પંક્તિઓના બે પ્રશ્નોની સમાન્તરતા અલબત્ત રોચક છે. અંતે બહુ જાણીતી વાતની અભિવ્યક્તિ થઈ છે : 'અનિચ્છાએ જાગે રુદન, મુખ જ્યાં જાય હસવા'. બીજા ખંડના પ્રારંભની ચિંતને લચી પડતી પંક્તિઓને એની અદ્‌ભુત નાદસંદર્ભિત સપ્રમાણ સમાન્તરતાએ બચાવી લીધી છે : 'પ્રવાતો વૈરોના રુધિર ઉરનું ઝેર કરતા, / પ્રપાતો દોષોના જીવતર ભરી ઘોર દવતા.' આ સૉનેટમાં અંતે વિરલ વપરાયેલા અનુષ્ટુપના પંક્તિયુગ્મમાં જિંદગી અને મૃત્યુને બાજુબાજુમાં મૂકી જિંદગી અને મૃત્યુ બંનેનો વિરોધાભાસ સારી રીતે ઉપસાવ્યો છે.

બારમું સૉનેટ 'મૃત્યુ માંડે મીટ' આ સૉનેટમાળાનું સૌથી પહેલું ૧૯૩૦માં રચાયેલું સૉનેટ છે. માત્રામેળમાં સૉનેટબંધ બરાબર નથી રહેતો એવી આ કવિને પ્રતીતિ હોવા છતાં માત્ર ૧૯ વર્ષની વયે, નર્મદની અસર હેઠળ રોળાવૃત્તમાં રચાયેલું આ સૉનેટ ઠીક ઠીક રીતે સફળ બન્યું છે. વર્ણાનુપ્રાસ, અનુપ્રાસ, સમાસોમાં આગળ વધતું આ સૉનેટ પ્રારંભકાલીન હોવા છતાં ઉત્તમ રુચિનો પરિચય આપે છે. 'મૃત્યુ માંડે મીટ'નો લયસંવાદ, 'વિશ્વકુંજ જગડાળ મચેલી જીવનકેલી'ના સમાસોથી ઊભો થતો સઘન અનુભવ, ઉષાની પીરોજી પાંખનો જાદુ નવો ચમકાર આપે છે, તો 'સફરઆનંદ' જેવો સંકટ સમાસ સહેજ ખચકાટ પણ પહોંચાડે છે. આ સૉનેટની સુશ્લિષ્ટ પંક્તિ 'વિદ્યુદ્વલ્લી હોય કથવી શાને પુષ્પ-લતા ?'નો ગર્ભિત રૂપકસંસ્કાર સઘન સૂત્રાત્મક છે. આ પછી સૉનેટમાં આવતું આહ્‌વાન, 'વક્રદંત અતિચંડ, ઘમંડ'નું પ્રભાવક કઠોર આવર્તન ને અંતે 'શાકુન્તલ'ના દૃશ્યની પ્રશિષ્ટ ઝાંય વેરતી પંક્તિ 'મુખ ઉઘાડ તુજ, શાંતચિત્ત તવ દંત ગણીશ હું.' – આ સર્વ વાનાં આ સૉનેટમાળાનું મહત્ત્વનું સૉનેટ સાબિત કરે છે. તેરમું સૉનેટ નરસિંહરાવ દિવેટિયાના 'બુદ્ધચરિત'ના 'મને પ્રેરતું તારકવૃંદ'ના પડઘા પાડતું પોતાની રીતે આગળ વધ્યું છે. અને 'આંહીં લોકે લખ લખ જનોમાંય એકાકી રહેવું' જેવી સૂક્તિને અંકે ધરી બેઠું છે. 'મૂંગા મૂંગા સહન કરવું'માં કલાપી ડોકાય ના ડોકાય પણ પછીનો ખંડ 'અણખૂટ પડ્યાં વારિમેદાન'ના નવા કલ્પનથી શરૂ થઈ 'કાચની નાવડી' જેવા

અતિસ્ફુટ રૂપક પર આવી પડ્યો છે. ચૌદમું સૉનેટ ‘બિચારો મનુજ’ વ્યર્થ પુરુષાર્થ પછીની કરુણાન્તિકા પર આવી ઠરે છે. ‘નવા મહેલ’ની સામેના ‘તૂટલા મહેલ’નો, સજ્યા વાર્જિંત્રની સામેના બધિર મૂર્છિતનો તેમજ ઝરણની સામેના રણનો વિરોધ ઉત્તરોત્તર કરુણિકાને દઢાવે છે. ઘેરી નિરાશા પર સૉનેટ પૂરું થાય છે. ચિંતનનું રૂ અહીં ઉદાહરણોથી પીંજાઈને અલબત્ત ફોરું જરૂર થયું છે.

પંદરમું સૉનેટ ‘દગજલભલા’માં ઉલ્લાસોની મીઠી મીઠી વાતો અને શૌર્યબણગાંની ભ્રાન્ત અવસ્થા સંમુખે જગસકલનો કોળિયો કરી જતો મૃત્યુનો મહાગ્નિ ધર્યો છે. પણ શિખરિણીના પ્રારંભમાં આવતા ‘મહાગ્નિ મૃત્યુનો’ ખંડને ‘અગ્ની’ અને ‘મૃત્યૂ’ એમ કઢંગી રીતે વાંચવા પડે છે. અસત આનંદો કરતાં શોકઘેર્યા કહો દગજલની યથાર્થતાને અહીં આગળ કરવામાં આવી છે. સોળમું સૉનેટ ‘અફર એક ઉષા’ પ્રારંભના સૉનેટ ‘ઊગી ઉષા’ના વિરોધમાં ઊભું છે. ‘સુરભિવેષ્ઠિત’ પ્રારંભની ઉષાની સામે અહીં સફર નમેરી (નિર્દય) ઉષાને ધરી છે. રાત્રિની રુધિર-ટપકતી છાતી અને કબર પર પથરાયેલા મરણમ્લાન તારાઓ – એલિયટે ઊભી કરેલી elherised સાંજની સ્મૃતિને જગાવે એટલી સબળ છે. કબરનું સ્થાન અને ઉપર પથરાયેલા તારાઓના ‘મરણમ્લાન’ વિશેષણથી તારાઓનું પ્રચ્છન્ન રૂપકબળ પણ વ્યંજિત છે. પછીની ચાર પંક્તિમાં ‘વેરાયું ક્ષિતિજ થકી ધુમ્મસે ને’ પંક્તિનો અન્વય સુખદ નથી. પછીની પંક્તિ ‘રંગો ભરી જવનિકા સરી પાંપણેથી’માં અર્થને લયનો અદ્‌ભુત આધાર સાંપડ્યો છે. સૉનેટનો બીજો ખંડ સૉનેટમાળાની અર્થવત્તાને જઈને સ્પર્શે છે. પહેલા સૉનેટનો ‘અહંઘોષ’ અને પુરના જીવંત કોલાહલની પડછે અહીં ઘવાયેલો ‘જયમનોરથ’ તેમજ અરધભગ્ન ઊભેલાં અડધાં ખંડેરો છે. પહેલા સૉનેટની સામે બરાબર વિરોધમાં તણાઈને આ સોળમું સૉનેટ ઊભું છે.

સમાપનમાં આવતું સત્તરમું સૉનેટ ‘યથાર્થ જ સુપથ્ય એક’ નકારથી સબળ કરેલી પ્રારંભની પદાવલિને ધારણ કરી ચિંતનને મૂર્ત વેગ આપે છે. તો ‘ડગેડગ વધારતી વજન શૃંખલા કાલની, / દમેદમ પધારતી નિકટ શાશ્વતી યામિની.’ જેવી પહેલા ખંડની બે પંક્તિઓ ઉત્તરોત્તર વધતા જતા ભારને તેમજ વધતા જતા અંધારના ગતિવેગને સમાન્તર આલેખથી પ્રબળ રીતે ઉપસાવે છે. ‘ડગેડગ’, ‘દમેદમ’થી બંધાતો પ્રારંભપ્રાસ અને કાલની / યામિનીથી બંધાતો અંતિમપ્રાસ અર્થને સીમામાં જકડી સીમા બહાર વહેવા માટે ઊર્જા પૂરી પાડે છે. સૉનેટ એના અંતિમ ચરણમાં સુબોધ સૂક્તિમાં સ્થિર થયું છે.

ઉમાશંકર જોશીએ એક જગ્યાએ ‘No poem is all poetry’નો ઉલ્લેખ કર્યો છે; એ યથાર્થ છે. દીર્ઘ રચનામાં કે દીર્ઘ કરાયેલી રચનામાં કવિતાને સતત ટકાવી રાખવી અત્યંત કપરી હકીકત છે. ‘આત્માનાં ખંડેર’ સૉનેટમાલા ઝાઝી જગ્યાએ વિચારભારથી દબાઈ ગઈ છે પણ જ્યાં કવિતાનાં દ્વીપ રચાયા છે ત્યાં ઉત્તમ કવિનો સંસ્પર્શ એને જરૂર મળ્યો છે. કોઈ પણ કાવ્યની જીવનદોરીનો આધાર એના અંતર્ગત આવા કાવ્યતત્ત્વ



પર જ ટકેલો હોય છે. કવિની ઉત્તરવયના હંસગીત (swan song) સમી ‘સપ્તપદી’ કરતાં સ્વાભાવિક છે કે યુવાવયની આ ‘આત્માનાં ખંડેર’ રચનામાં આનંદલોકથી નિર્ભ્રાન્ત અવસ્થા તરફ રચનાની ગતિ હોય. ઉમાશંકર જોશીની કાવ્યયાત્રાનો આ મહત્ત્વનો પડાવ વિશિષ્ટ વાક્‌સંદર્ભ દ્વારા કવિને અભિપ્રેત છે એવો જીભ પર શબ્દોનો સ્વાદ ક્યાંક ક્યાંક અવશ્ય આપે છે.

r

## વડ

*ઊંચી કો ટેકરીના શિખર પર શિખા-શા ઊગી સૃષ્ટિક્યારે*
*સૌથી ઊંચા ગણાવું ગમ્યું નહિ વડને, ગામને ગોંદરે કે*
*તીરે ઊગે તળાવે પસરી નિજ ઘટાઘેર ગંભીર નમ્ર.*
*રોપી વજ્રે ઘડેલું અડગ થડ ધરામાં, ખૂંતી મૂળ ઊંડાં,*
*વાધે ઊંચો જરી, કે અધિક થવું ઊંચા એ ન આદર્શ એને.*
*પોષ્યો જે ભૂમિમાતે નિજ હૃદય તણાં દૂધ મીઠાં પિવાડી*
*એને જૈ ભેટવાને ઢળી વડી વડવૈ; ફેલવાં, ને, ન ભૂલે*
*ડાળો, ટેટા, સુપર્ણો હસમુખ ગગને જે કૃપાવારિ વર્ષે.*

*પાયો ઊંડે જમાવી વધી વધી લળતા, ને વડેરા જણાવા*
*રાખે હૈયે સ્પૃહા ના, અમૃત-પુરુષ એવા અહીં કોક, જેનો*
*સૌજન્યે ધીર આત્મા ન લવ પણ કદી ઈશ-એહ્‌સાન ભૂલે,*
*તોયે અસ્તિત્વ આખું જહીં થકી ઊપન્યા, તે પ્રતિ જૈ ઝૂકી રૂહે.*
*છાંયો ઢાળી, નિહાળી અવરજવર સૌ જીવની રાચી રૂહેતા,*
*ઝંઝા ઝૂઝે, ન ધ્રૂજે, ખખડધજ વડો એ કદી પુણ્યપર્ણા.*

બામણા, ૧-૨-૧૯૩૩

# પૂર્ણત્વ તરફની ગતિ

**અનિલ જોશી**

## ગાણું અધૂરું

ગાણું અધૂરું મેલ્ય મા,
’લ્યા વાલમા,
ગાણું અધૂરું મેલ મા.

હૈયે આયેલું પાછું ઠેલ મા,
’લ્યા વાલમા,
હોઠે આયેલું પાછું ઠેલ મા. ગાણું અધૂરું૦

હૈયા સંગાથે ભૂંડા ખેલ મા,
’લ્યા વાલમા,
ભોળા સંગાથે ભૂંડું ખેલ મા. ગાણું અધૂરું૦

ઓરાં બોલાવી ધકેલ મા,
’લ્યા વાલમા,
છાતીથી છેટાં ધકેલ મા. ગાણું અધૂરું૦

છાતીથી છેટાં મેલ મા,
’લ્યા વાલમા,
હૈયા સંગાથે ભૂંડા ખેલ મા.

અરધે અધૂરું મેલ મા
’લ્યા વાલમા,
હોઠે આયેલું પાછું ઠેલ મા.
ગાણું અધૂરું મેલ મા.

મુંબઈ, સપ્ટેમ્બર ૧૯૩૬

**ઉ**માશંકરજીનાં કેટલાંક ગીતો અલકમલકથી આવે છે ને અલકમલકમાં જાય છે. બહુ મોટા ગજાના જાગ્રત કવિના વિદ્યાર્થી હોવું એ મારું પરમ સદ્‌ભાગ્ય હતું. કાવ્યાસ્વાદની વિવેચનલક્ષી ભાષા મને આવડતી નથી એટલે ‘ગાણું અધૂરું મેલ્ય મા.’ વાંચીને મને જે સંવેદનો જાગ્યાં એની નોંધ મોકલું છું. આ ગીત વાંચ્યા પછી મને



ઉમાશંકરજીની પ્રસિદ્ધ કાવ્યપંક્તિ યાદ આવી ગઈ. ‘વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી’. મને ફ્લિ થયું કે વ્યક્તિ એ ઉમાશંકરને મન અધૂરી છે. વ્યક્તિ જો વિશ્વમાનવી બને તો જ પૂર્ણત્વ પ્રાપ્ત થાય. ઉમાશંકરજીને અધૂરપ ખૂંચે છે. કવિની ગતિ પૂર્ણત્વ તરફ છે. એટલે તો વ્યક્તિની અધૂરપને અતિક્રમીને વિશ્વમાનવી થવાની કવિની ઝંખના છે. ઉમાશંકરજીની એક બીજી કવિતા આ ક્ષણે મારા ચિત્તમાં ઝબકી જાય છે. કાવ્યમાં વાત વાંસળી વેચનારાની છે. એક વાંસળીવાળો ‘ચચ્ચાર આને’ – જેવી બૂમો પાડીને વાંસળી વેચવા નીકળે છે. બૂમ સાંભળીને કોઈ ગ્રાહક ફરકતું નથી. પછી વાંસળીવાળો બૂમ પાડવાનું છોડીને વાંસળી વગાડવામાં લીન થઈ જાય છે. વાંસળી સાંભળીને અનેક ગ્રાહકો ભેગા થઈ જાય છે. પરંતુ કવિ બહુ જ માર્મિક રીતે (જાણે કે ભાવકને ધીમા સ્વરથી કાનમાં કહેતા હોય !) કહે છે : ‘ઘરાકનું લેશ રહ્યું ન ભાન.’ અહીં તમે જુઓ, પેલો વાંસળી વેચવાવાળો વાંસળી વગાડવામાં એટલો બધો તન્મય થઈ ગયો છે કે ખૂબ ગ્રાહકો દોડી આવ્યા છે એનું એને ભાન નથી રહ્યું. મુદ્દો એ છે કે ગ્રાહકોના પ્રલોભન છતાં એણે વાંસળીમાં વાગતું ગાણું અધૂરું છોડ્યું નથી. વેપારી મિજાજનો વાંસળીવાળો હોત તો એણે ગ્રાહકને જોઈને ‘ગાણું અધૂરું’ મેલીને વાંસળી વેચી હોત. વાંસળીવાળાને ગ્રાહકોનું ડિસ્ટર્બન્સ નડતું નથી એ સંવેદન જ જબરજસ્ત છે. કવિના ગીતની આ નમણી નાજુકાઈ અનન્ય છે. કવિને અધૂરપ ગમતી જ નથી.

‘હૈયે આયેલું પાછું ઠેલ મા’... ‘હોઠે આયેલું પાછું ઠેલ મા’ – જેવી પંક્તિઓ ઉપર કાન મૂકું છું ત્યારે મને એમાં અનેક અવાજો સંભળાય છે. કવિનો મિજાજ આ પંક્તિઓમાં નખશિખ પ્રગટ થાય છે. તમે યાદ કરો કટોકટીના સમયમાં કવિએ રાજસભામાં જે જબરદસ્ત વક્તવ્ય આપ્યું તે અદ્‌ભુત અનન્ય છે. રાજસત્તા સામે પડકાર ફેંકીને ‘હૈયે ઊગેલી વાતને હોઠ સુધી લાવવાની તાકાત’ ઉમાશંકરજીમાં હતી. કવિએ હૈયે આવેલું કદી પાછું ઠેલ્યું નથી. હોઠ અને હૈયા વચ્ચેની આ સંવાદિતા વંદનીય છે. જાગ્રત કવિ ક્યારેય હોઠ ઉપર જૂઠી ભાષાની લિપસ્ટિક લગાડતો નથી કારણ કે લોહીના લયની અદ્‌ભુત લિપસ્ટિક જન્મજાત મળેલી જ છે. ઉમાશંકર દેખાય શાંત પણ એમનો ગુસ્સો દુર્વાસા જેવો. વીંધી નાખે એવી વાણીમાં હૈયાની વાતને છુટ્ટી મેલી દે. કવિનો આ મિજાજ છે. મકરન્દ દવે એક ગીતમાં લખે છે : ‘હૈયે ઊગે એવી હૈયાની વાતને ફૂલ જેમ ફોરમથી ધરીએ.’ પણ ઉમાશંકર હૈયાની વાતને ફૂલ જેમ ફોરમથી ધરે જ નહીં. આ ગીતમાં એક બીજી પંક્તિ પાસે આવીને અટકું છું. ‘‘ઓરાં બોલાવી ધકેલ મા.’’ બહુ સૂચક પંક્તિ છે. આ પંક્તિ વાંચીને મારી આંખ સામે ‘અખો : એક અધ્યયન’ પુસ્તક યાદ આવી ગયું. ઉમાશંકરજીએ એ પુસ્તકના શરૂઆતના પાનાં ઉપર કવિ જ્હોન ડનનું એક ક્વોટેશન મૂક્યું છે : ‘આકર્ષક સંગીતથી લલચાવી, પાસે બોલાવી અને પછીથી નાશ કરતી દરિયાઈ પરીની જેમ હું ગાતો નથી.’ અદ્‌ભુત ક્વોટેશન છે. દરેક નવા ગીતકારોએ આ ક્વોટેશન સોનાના પતરે મઢાવી રાખવા જેવું છે. પહેલા ઓરાં બોલાવીને

ધક્કો મારવો એ કવિને મંજૂર નથી.

ઉમાશંકરજીનું એક બીજું ગીત યાદ આવે છે. 'ચાલને, ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ...' તમે જુઓ કે કવિ પૂર્ણિમા પસંદ કરે છે. અર્ધો ચંદ્ર કે બીજમાં એને રસ નથી. રાજેન્દ્ર શાહ બીજ જોઈને લખી નાખે કે 'બીજને ઝરુખડે ઝૂકીતી પૂર્ણિમા ઝાઝેરો ઘૂમટો તાણી.' કવિની નજર પૂર્ણતા તરફ ઉર્ફે પૂર્ણિમા તરફ છે. ઉમાશંકરે બીજ ઉપર કોઈ કાવ્ય કર્યું છે કે નહીં તે હું જાણતો નથી. પરંતુ કવિની ગતિ અધૂરપને અતિક્રમીને પૂર્ણત્વ તરફ છે. 'ગાણું અધૂરું મેલ્ય મા' ગીતની એક એક પંક્તિ પાસે ખાસ્સો સમય ઊભા રહેવા જેવું છે. કવિ હંમેશાં મને કહેતા કે 'કોઈ પણ કવિતાનો આસ્વાદ લેવો હોય તો સર્જકની ચાલે ચાલવું જોઈએ. પોતાની ચાલને સંતાડી દેવી જોઈએ.

કવિ ઉમાશંકરજીના આ ગીત પાસે પડાવ નાખીને બેઠો છું ત્યારે મને એવું ફિલ થાય છે કે પૂર્ણત્વ તરફ ઉમાશંકરજીની ગતિ છે, પરંતુ સ્થિતિ નથી. કવિવરની મથામણ આ જ છે. કવિની એક બીજી કવિતાને આધારે હું કહી શકું કે કવિને કદાચ કવિપદમાં પૂર્ણતાનો અહેસાસ થતો હોય એ શક્ય છે. પરંતુ જાગ્રત કવિ છે એટલે કવિને જ એવું ફિલ થતું હશે કે પૂર્ણ તો પ્રભુ છે. કવિ નથી. કવિ હોવામાં કદાચ એને અધૂરપ લાગી હોય. આ લોચન-મનનો ઝઘડો થયો. હવે શું કરવું ? આ માટે કવિ એક નવો શબ્દ નિપજાવે 'પ્રકભુવિ'. કવિ અને પ્રભુના સંયોજનમાંથી આ નવો શબ્દ બન્યો છે. અહીં પૂર્ણતા શક્ય નથી બની પણ સંકુલ બની ગઈ. પ્રભુ સરળ છે. કવિ સરળ છે. પણ 'પ્રકભુવિ' સરળ છે ?

હવે આની સામે નવી પેઢીના કવિ સિતાંશુને પણ આવી જ સમસ્યાનો સામનો કરવો પડે છે. તમને યાદ હોય તો 'સંસ્કૃતિ'માં સિતાંશુનું 'મનુ, યમ અને જળ' શીર્ષક હેઠળ એક લાંબું કાવ્ય છપાયું હતું. આ કાવ્યને અંતે સિતાંશુ પણ આવી જ મૂંઝવણ અનુભવે છે. કઈ તરફ ગતિ કરવી ? મનુ તરફ કે યમ તરફ ? અહીં સિતાંશુએ પણ મનુ અને યમ શબ્દને એકાકાર કરીને 'મુનમય મુનમય ચાલો.' લખી નાખ્યું. આધુનિક કવિ માટે 'ટુ બી ઑર નૉટ ટુ બી' જેવી સ્થિતિ છે. આમ 'પ્રકભુવિ' અને 'મનુમય' બે શબ્દો કવિએ જ નિપજાવેલા શબ્દો છે. બંને કવિઓની સંવેદના જુદી છે. એકને પ્રભુમાં પૂર્ણત્વ દેખાય છે અને બીજા કવિની ચેતના 'ટુ બી ઑર નૉટ ટુ બી'માં સ્થિતિ કરીને બેસી ગઈ છે. બે પેઢી વચ્ચેનો તફાવત અહીં જોવા જેવો છે.

આખી ગીતરચના ખૂબ સરળ છે. ભાષાનો કોઈ ઠઠારો નથી. ગીતમાં તમને ક્યાંય લિંગ્વિસ્ટિકના જિમ્નેશિયમની કસરત જોવા મળતી નથી. ઉમાશંકરજીના ગીતની આ જ વિશેષતા છે. ન્હાનાલાલે લખ્યું હતું કે નરી સરળતા કોણ પૂજશે ? ઉમાશંકર એક જ એવા કવિકુલગુરુ હતા જેણે સરળતાને પ્રતિષ્ઠા આપી.

r



# 'કર્ણ-કૃષ્ણ' સંવાદ

યજ્ઞેશ દવે

## કર્ણ-કૃષ્ણ

[**વિષય :** કૃષ્ણ વિષ્ટિમાં નિષ્ફળ નીવડ્યા પછી પાછા ફરે છે ત્યારે જતાં જતાં કર્ણને વાત કરવા માટે પોતાના રથમાં બેસાડે છે. પછી કર્ણને એ કુંતીનો પુત્ર છે એ રહસ્ય કહે છે અને એને પાંડવોના મોટાભાઈનું સ્થાન લેવા સમજાવે છે, પણ કર્ણ જવા સંમત થઈ શકતો નથી. માતાએ બાળપણમાં જ એનું ભારે અહિત કર્યું છે. જ્યારે દુર્યોધને એને જીવનભર સન્માનપૂર્વક રાખ્યો છે. વળી, પોતે કર્ણ મટી પાંડવ બને તેથી હવે સૌ પોતાનું બહુમાન કરે એમાં શું ? આ રીતે પોતે પોતાના વ્યક્તિત્વનો જ માત્ર વિચાર કરે છે એમ પણ નથી; સમષ્ટિનું હિત પણ પોતે વિચાર્યું છે. દ્રૌપદીના સ્વયંવરમાં પોતાનું થયું હતું તેવું અપમાન ભવિષ્યમાં જીવનસુંદરીના સ્વયંવરમાં કોઈનું થવા ન પામે, ત્યાં જન્મ નહિ પણ પૌરુષ જ જોવામાં આવે – એવી સ્થિતિ પ્રવર્તે એ માટે પોતાનો આગ્રહ છે એમ કર્ણનું કહેવું છે. ... કર્ણનું વીરત્વ એવું છે કે જો એ પાંડવોને જઈ મળે તો એક વાર તો કદાચ કૌરવો લડાઈ કરવાનો વિચાર પણ માંડી વાળે. પણ સામે વિનાશ ઊભો છે એવી પ્રતીતિ છતાં કર્ણ પાંડવો સાથે મળી, પાટવી બની, ભારતવર્ષના રાજા થવાની તકને ઠોકરે મારે છે અને કૌરવોને એમની કપરી વેળાએ વળગી રહે છે. આ એના જીવનની અનિવાર્ય કરુણતા છે.]

કર્ણ : જુઓ હસે છે નભગોખ સૂર્ય,
પાસે પાસે એક જલે ઝૂલંતાં
પ્રફુલ્લતાં કિંતુ ન જેહ સંગમાં
અધન્ય એવાં પદ્મ ને પોયણાશાં
જોઈ મુખો આપણ બે તણાં અહીં.
ઝાઝી વેળા વ્યોમ માંહે ન સોહે
સાથે સાથે સૂર્ય ને સોમ, કૃષ્ણ,
સોહે નહીં એક રથેય એવા
પ્રવીર બે કૌરવપાંડવોના.
અદૃશ્ય થાતા પુરકોટકાંગરા,
ધપ્યે જતા પંથપિપાસુ અશ્વ.
આજ્ઞા કરો, કૃષ્ણ, ઉતારવા મને
ક્ષણેક થંભે રથ. દો અનુજ્ઞા.

જાઉં. પ્રતીક્ષા કરતા હશે ત્યાં
કૈં વર્ષોથી શૌર્યઉન્માદવ્યાકુળા
સંગ્રામાર્થે જે ભુજા ખંજવાળતા,
આજે લાધ્યે યુદ્ધનું પર્વ ધન્ય,
પ્રસન્ન સૌ કૌરવ હસ્તિનાપુરે;
અને કુરુજાંગલ – રે સમગ્ર
આર્યાવર્તે આણ જેની યશસ્વી,
એવા મહારાજ–

કૃષ્ણ : –ની ધર્મરાજને
આજે ભલી રીતથી ભેટ છો થતી,
ધર્મધ્વજાળા શિબિરે પાંડવોના.
પાંડુપુત્રો આ દિશે ચક્ષુ માંડી
પીતા હશે પંથદિગંતરેખા :
ક્યારે આવે કૃષ્ણ વેગેથી, લાવે
કાં યુદ્ધ કાં બંધુજનોની પ્રીતિ.
પ્રીતિપ્રતીક્ષા પણ આજ એમની
ભલે ફળે બેવડી : યુદ્ધશ્રદ્ધા
સંતોષાશે વિષ્ટિ હું હારતાં; ને
બંધુપ્રીતિ પાંડુ પુનઃ જીવ્યા સમી
સૌ પામશે આજ પધારતાં ઘરે,
કારાગારે કૌરવોને પડેલ,
ધનુર્ધરોમાં સહજે શિરોમણિ,
શસ્ત્રે તેવો શાસ્ત્રમાંયે પ્રવીણ
કુન્તીજાયો પાટવીપુત્ર કર્ણ.

કર્ણ : કુન્તીજાયો ? તેર વર્ષોની વાત !
અજ્ઞાત અન્યોન્યથી હસ્તિનાપુરે
વસ્યાં અમે મા-શિશુ વર્ષ તેર !
વર્ષે વર્ષે માસ તો બાર બાર,
માસે માસે ને દિનો ત્રીસ ત્રીસ,
ને ત્રીસમાંથી દિન એક એક,
મૂકે ઘડી ગણિતી તેની સાઠ.
મળી ઘડી અધઘડી ન માતને



વાત્સલ્યથી વંચિત બાલ કારણે !
અપૂર્વ આશ્ચર્ય ન એ શું કૃષ્ણ ?
એ ભારતે અદ્‌ભુત માપ ધર્મનું !

કૃષ્ણ : બોલાવવી એ જનનીમુખે જો
લજ્જાભરી શોક-કથા વીતેલી,
કુંતી ક્હેશે, તાત, તો, એય ક્હેશે
સહોદરોના સુખ કાજ હોંસે.

કર્ણ : ના, કૃષ્ણ, મારે નથી ક્હેવરાવવી
કલંકગાથા જનનીમુખેથી,
કે શી રીતે ત્યાગ અબોલ બાલનો
કરી શિશુને વિધિઅંક સોંપ્યો.
એ જાણું છું કૈંક રહસ્ય, જ્યારથી
પામ્યો છું હું આશિષ કુંતીનેત્રની
મૂંગી મૂંગી તોય હેતે હૂંફાળી,
અનલ્પ રિદ્ધિ મુજ ક્ષુદ્ર આયુની.
જ્યારે કૃપે દીન મુખે સુણ્યું મહા
આહ્‌વાન મારું કપરું કિરીટીને
અને કહ્યું : ‘રાજવીપુત્ર સ્પર્ધા
કરે ન જાણ્યા વિણ ગોત્ર અન્યનાં;
આ કુંતી ને પાંડુ તણો સુપુત્ર
ઊભો અહીં અર્જુન, બોલ, તાત,
પિતા-જનેતા તવ કોણ કોણ ?’ –
રે ત્યાં જ મા’રાજ સુયોધને મને
તત્કાલ યોજી અભિષેક, દીધું
મહાર્ઘ એવું પદ અંગરાજનું.
ત્યાં સ્ત્રીવર્ગે એક સાધ્વી તણાં બે
નેત્રો દ્વારા ઊભરાતી અખંડ
ન્યાળી’તી મેં દિવ્ય વાત્સલ્યધારા,
માતી પરાણે મુજ સ્વલ્પ હૈયે,
દુઃખેસુખે જે સ્ફુરતી રહી કો
હૈયાખૂણેથી, મધુરું કરી જતી
બધુંય તે માન વિમાનના વા,

કે દંશ ભૂંડા વળી હીન જન્મના.
આજેય આલંબન દિવ્ય એ મમ.
વાંચી હતી એ દ્વયનેત્રવિસ્તરે
માતા તણી મંગલ આશિષો મેં.
મીઠી સ્મૃતિ જીવનની સુધન્ય એ,
આયુરણે વીરડી સ્નેહભીની એ.
પરંતુ, ધર્મજ્ઞ, પૃથામુખેથી
'છે કર્ણ કૌન્તેય', ન શબ્દ એવા
આચાર્યને એ સમયે મળ્યા; મળ્યા
હવે, હવે જ્યાં ડગલુંય પાછું
ક્યાં દેવું તે ના રહ્યું શોચવાનું.

કૃષ્ણ : સુણ્યું હશે, કર્ણ, કદી; ન જો સુણ્યું
તો હું કહું : ત્યાં નીરખી તને, પ્રિય,
શો કુંડળે ને કવચે સુહંત
આહ્વાન દેતો ભડ સવ્યસાચીને, –
એ દૃશ્ય જોઈ – સહુ વીરસંઘ
ઉલ્લાસઆશ્ચર્ય મહીં ડૂબેલ;
પરંતુ કુંતી હતી ના તટસ્થ
એક્કેય પક્ષે; ઉભયે સૂતેલા
નિજોદરે, તે નિજ નેત્રથી હવે
અન્યોન્યનો નાશ કરંત જોવા !
ને માતથી એ કદી જોયું જાય ?
સહ્યો ન જાતાં સ્નેહઓથાર, માતા
મૂર્છા પામી ને ઢળી પૃથ્વીખોળે.
સુભાગ્ય કે જીવી ગઈ નિહાળવા
અંગાધિરાજા તુજને થયેલો
અને થતો ભારતરાજ આજ.

કર્ણ : વાણી પ્રેરો, કૃષ્ણ, ના ભાવપૂર્ણ
સંસારની ઘોર કઠોર વાતે.
સહ્યાં જવું જે વિધિદત્ત કાંઈ,
કાં ઊર્મિની અંજલિ વ્યર્થ પથ્થરે ?



કૃષ્ણ : ના, ના, ન એવું વદ, ધર્મવત્સલ.
તું કુંતીનો અંકુર આદિ ઉજ્જ્વલ.
કૌમાર્ય અર્પી તુજને ખરીદ્યો,
ને લોકલજ્જા તજી પેટ સંઘર્યો.
રે યૌવનશ્રી તણું પામી જ્યાં ફલ,
શકી ન એ સાચવી ભાગ્યદુર્બલ.
કલંકમાંથી બચવા, બચાવવા
તનેય સાથે, જગહાથ સોંપ્યો
અબોલ મોંઘો શિશુ પેટનો જણ્યો,
જાણી : ભલે જીવી કહીંક ઊછરે
અજ્ઞાત ખૂણે જગને; પ્રતાપ તે
ઓછો જ ઢાંક્યો કદી ક્યાંય રહેશે ?
પૂછું, યશસ્વી, સ્મરતો તું ઘોર
અન્યાય જે કાંઈ તને થયેલ;
તો શી હશે કારમી આત્મવેદના
કુંતી તણી, છાતીથી બાળ ધાવતો
આડું કરી મોં હડસેલી દેતાં ?
કલ્પી દશા એ કદી માતૃઉરની ? –
જે માતને શોણિતપોષણે તું
જન્મ્યો, વહે જેહનું રક્ત તારી
નસે નસે આ ઘડીએય વેગથી;
જેની મૃદુમીઠી મુખાકૃતિની
તારે મુખે અંકનરેખ આછી;
ને જેહના કોમલ પાદયુગ્મની
શોભા વસી આ તવ પાયયુગ્મમાં;
– એ પાયયુગ્મ ! સ્મરું છું, યુધિષ્ઠિરે
કહેલું કો દી વનવાસગોષ્ઠિમાં
કે કેમ જોઈ ચરણો અરે તવ
કુંતી તણા બે ચરણો સમાન,

શમી જતી ચિત્ત વિશે સ્ફુરંતી
એ સૌમ્ય ને શાન્તમના મહાત્મની
પ્રકોપ-ઊર્મિ ઊઠતી જ એવી,
જ્યારે તપ્યા તેલ સમાં કુવાક્યો

સુણાવતો'તો તું ભરી સભા મહીં
એકાકિની તે દ્રુપદાત્મજાને.

કર્ણ : હા ! દ્રૌપદી ! પંચપતિ વરેલી
તથાપિ આયુષ્યની જે અનાથા !
ન વાત છેડો, કિરીટીસખા, તે.
સૌભાગ્ય એ પંચવિધ પ્રશસ્ય
છો ભોગવે તે અભિજાત કન્યા.
ઉખેળશો ના પડ ભૂતકાલનાં,
સંકોરશો અગ્નિ ન માનહાનિનો.
વેગે જઈ સમ્મુખ તેડી લાવો
એ દ્રૌપદીજિત્ અભિજાત અર્જુન.
યુદ્ધાંગણે કાલ જુએ ન કોણ
કુજાત કે કોણ વળી સુજાત.

કૃષ્ણ : એ ક્રોધ, એ ચિત્તનું કાલકૂટ,
સન્તોનું એ પેય પીયૂષ પુણ્ય,
પી જા, પી જા, કર્ણ, એ રોષ પી જા !
જણનારાંના, કર્ણ, બે દોષ પી જા !
ન કુંતીના દોષની હોય શિક્ષા
કો પુત્રને, પુત્રની વા વધૂને.
ને એ વધૂ, વત્સ, ચડાવી આજ્ઞા
કુંતી તણી મસ્તક, સેવતી સુખે
ક્રમે ક્રમે પંચ પ્રતાપી ભર્તા,
ક્રમે ક્રમે તેવી જ સેવશે સુખે
એ પંચના અગ્રજ જ્યેષ્ઠ કર્ણને.

કર્ણ : ના, કૃષ્ણ, ના, હોય ન એવી વાર્તા
આજે હવે જીવન અસ્ત વેળા.
આજે હવે પુત્રઘરેય પારણાં.

એ પુત્રપૌત્રે વળી પત્નીહૈયે
ગૂંથાઈ-ગૂંચાઈ ગયું જ એવું
આ હૈયું કે ઉતરડી તહીંથી
ન ખેંચવાનું રહ્યું શક્ય હાવાં.
ને શક્ય એ હોય તથાપિ શોભે



ધર્મિષ્ઠને આપણને શું એવું ? !
અને થશે હાનિ ન માતને તો.
કુંતી તણા પ્રૌઢ પ્રતાપી પુત્રો
તે પાંચના પાંચ રહો સુરક્ષિત,
મારે લીધે, અર્જુન મૃત્યુ પામતાં,
મારે મર્યે, અર્જુનને લીધે વા.
કદીય તે પાંડવબંધુ, કિંતુ,
એકીસાથે દ્રૌપદીને ન શોભે
ભર્તાસ્થાને કર્ણ ને – ને કિરીટી.
જાઓ. પ્રેરો, કૃષ્ણ, શ્વેતાશ્વશોભિતે
રથે વિરાજંત રણે ધનંજય.
હવે અમે જો ચડીએ ન યુદ્ધે,
વીરત્વ તે અર્જુનનુંય લાજે,
લાજે વળી પૌરુષ અંગરાજનું.
આજે હવે બે, વિધિના ધનુષ્યથી
છૂટી ચૂકેલાં, શર-શા અમે બે
યુદ્ધેપ્સુ કર્ણાર્જુન; કોણ બાણ
વીંધે બીજાને રહ્યું એ જ દેખવું.
છો વિશ્વ ન્યાળે રણ કર્ણપાર્થનું.

કૃષ્ણ : અહો ! જનોની ચિર યુદ્ધશ્રદ્ધા !

કર્ણ : ને હે મહાત્મન્ ! વિનતી....

કૃષ્ણ : તને છે
મારેય પૃચ્છા કરવાની, કર્ણ
કુરુપ્રવીરો સહ મેળવી ખભા,
શકીશ ને યુદ્ધ તું ખેલી મા'રથી ?

કર્ણ : મહારથી ! એ ઉપહાસશબ્દ
ઉચ્ચારિયો, કૃષ્ણ, તમે સુઝાડવા
ઊભી થઈ જાય શિખા પ્રરોષે
એવાં કર્યાં જે અપમાન દ્રૌણિએ
વિરાટઝાંપે, વળી ઘોષયાત્રા-
પ્રસંગઅંતે કુરુવૃદ્ધ ભીષ્મે
પૌરુષ્યથી, – ને હું મહારથી થઈ

સાંખી રહ્યો મૂઢ વિમાનના બધી ?

કૃષ્ણ : ને એ જ સેનાધિપતિ થશેને
ગાંગેય સૌ કૌરવોના રણાંગણે ?

કર્ણ : હા. એ જ સેનાધિપતિ થશે.

કૃષ્ણ : ને
નીચું કરીને મુખ આ મહારથી
ગાંગેય નીચે રહી યુદ્ધ માણશે !

કર્ણ : ઘટે નહીં, હે યદુવીર ખોલવા
વ્રણો રૂઝ્યા-અર્ધરૂઝ્યા બીજાના.
જાણો છતાં જીભ ઉઘાડવા કાં
મથો તમે કર્ણની જન્મમીંઢી ?
એ તુચ્છકારો અપમાન કારમાં,
કોઠે મને એ સહુ છે પડી ગયાં.
ગાંગેય ખીજે ક્યમ આમ આકળા
મારી પરે, કૃષ્ણથી છે અજાણ્યું તે ?
એ શૌર્યના ધોધ સમાન ભીષ્મને
વીરત્વ તો મારું ઘણું ગમે છે,
એ ક્ષાત્રના રક્ષકને પરંતુ
કુજન્મ મારો કપરો કઠે છે.
હું કૌરવોમાં રહી કૌરવોની
ગાંગેયથીયે કરું ઝાઝી રક્ષા,
છે એ જ પ્રત્યુત્તર ભીષ્મયોગ્ય,
અને ન કે આજ બનું હું પાંડવ.

તો તો અરે, કર્ણ મટે અને રહે
કો પ્રેત, જેને બહુમાનથી કહે
એ એ જ ગાંગેય ઉમંગભેર :
'તપ્યાં કરો પૌરુષ તારું, પાંડવ !'
એ પ્રીતિની અંજલિ પાંડુને જશે,
ન કર્ણને તો લવલેશ, કૃષ્ણ.
હું કર્ણ, હું કર્ણ, ન પાંડુપુત્ર,
સ્વીકારવું પ્હેલું ઘટે જ એહ.



સ્થાપીશ વ્યક્તિત્વની વીરતા હું
સુજન્મના પૈતૃક લાભ માથે.

કૃષ્ણ : નિઃશબ્દ છું, કર્ણ, હું જોઈ ભારતે
ગૂંથાયલી જાળ કરાળ કાળની,
ને મધ્યમાં દેખી તને ફસાયો;
પ્રયોજતો પૌરુષ મૃત્યુઘેરું
એકાકી શો તું અસહાય થૈને !
તને ન ચિંતા, બધી કાળજાળ
થશે ઘડીમાં ક્યમ છિન્નભિન્ન.
તું વ્યક્તિ આડે ન જુએ સમષ્ટિને.

કર્ણ : વર્ષો લગી એ કરી ધર્મચિંતા,
ને વેઠી કૈં વર્ષ સુધી અનિદ્રા.
હું પૂછું : સૌ પાંડવ યુદ્ધસજ્જ
ઊભા, કહો તે શીદ ? બોલશો તમે :
'જે ન્યાયનો તે અધિકાર પામવા.'
જે ન્યાયનો, કારણ ? – 'જન્મ-સિદ્ધ.'
તો, કૃષ્ણ, હુંયે મુજ જન્મસિદ્ધ
મથી રહ્યો છું અધિકાર પામવા :
કે હીન જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ.
લડી રહ્યો હુંય સમષ્ટિ કાજ.
સમષ્ટિમાં જે સહુ જન્મ-હીણાં
જીવે, વળી ભાવિ વિશેય જીવશે,
એ સર્વના જન્મકલંક કેરો
અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી.

મારેય હૈયે હિત છે સમષ્ટિનું.
સ્વયંવરે જીવનસુંદરીના
જોવાય ના જન્મ, પરંતુ પૌરુષ,
– એ સ્થાપવા જીવું છું ને મરીશ.
સમષ્ટિના સત્યનું હુંય રશ્મિ.
મનુષ્ય જે જન્મ થકી દુભાયાં
તેનું રચું ઉજ્જ્વલ ભાવિ આજ હું.

કૃષ્ણ : અંધારી આવે મુજ આંખ આડે
એ ભાવિ સામે દગ માંડતાંમાં.
ધર્મજ્ઞ, છો જે તુજને રુચ્યું !...

કર્ણ : જતાં,
કાને ધરો જે કહું આટલુંક :
ન લેશ આની કદી થાય જાણ
સ્વપ્નેય તે પાટવી ધર્મરાજને.
સ્વીકારશે એ, નહિ તો, ન ધર્મવિત્
ક્ષણાર્ધ માટે પણ રાજ્ય રાજા.
ને આપશે જો મુજને, ગણી વડો,
રાખીશ હું એક ઘડી ન રાજ્ય
સોંપ્યા વિના કૌરવરાજવીને,
મૈત્રીપ્રભાવે જીવું છું હું જેના.
થશે ન એ શોભતું, ધર્મબંધુ.
ભલે થતા રાજવી ધર્મરાજ,
છે કૃષ્ણ જેને સચિવ પ્રબુદ્ધ
ને સવ્યસાચી સમ યુદ્ધવીર.

કૃષ્ણ : તો ઠીક ત્યારે ફરી, યુદ્ધભોમે !

કર્ણ : હા. યુદ્ધભોમે ફરી, પાર્થબંધુ હે,
મળીશું પ્રેમે.

કૃષ્ણ : પ્રિય, ત્યાં રણાંગણે
ન ચાલશે દ્યૂતસભાનું કૂડ,

પાસાની આડાઅવળી ભૂંડી કળા,
પ્રત્યુત્તરો જ્યાં શરથી શરોના.

કર્ણ : એ ભીતિ ના દંડની હોય કર્ણને.
એ ભીતિ ? કે જીવનલ્હાણ ભવ્ય ?
જેમાં કલંકો અપજન્મનાં બધાં
ધોવાઈ સ્હોશે થઈ કીર્તિશુભ્ર;
ને જે લીધે આખર કોક દી તો
કુજન્મનો અંતર કોરનારો
કાંટો કઢાશે શુચિ મૃત્યુસોયથી.



કલંક વેઠ્યું અપજન્મનું ભલે,
કલંક ફ્હેશે અપમૃત્યુનું ન કો.

કૃષ્ણ : સુબાહુ, થંભ્યો રથ. ... હસ્તિનાપુરે
છે કુંતીને એક જ પુત્ર, જોજે
રહે ન એ વંચિત માતૃભક્તિથી.

કર્ણ : લો, ઊતરું. ... ચક્ષુથી ઊભરાતું
આ અશ્રુ તે અંજલિ માતૃભક્તિની.
હવે નહીં જન્મ, ન જોવું જીવન,
હવે રહ્યું જ્યાં ધ્રુવ મૃત્યુ એક. ...
જાઉં હવે. ... કૃષ્ણ, જુઓ જુઓ તો
ધરી થકી ચક્ર પડી જુદાં, સરે
જુદે જુદે માર્ગ અને વિભિન્ન
અપંગ ઊભે રથ થંભી જેમ,
એવો સર્યે આપણ ભિન્ન માર્ગે
થંભી ઊભો ભારતનો મહારથ
શો ખોટકાઈ અહીં કારમો ! ... અરે !
થયા અદૃશ્યે તહીં કૃષ્ણ ક્યારના
દ્રુમો પૂંઠે. ને જગ જોઈને આ
હસી રહ્યો અંબરગોખ સૂર્ય.

અમદાવાદ, ડિસે. ૧૯૩૯; ડિસે. ૧૯૪૦

**પુ**રાણકથા એ આપણે ત્યાં શું કે પશ્ચિમમાં જમાને જમાને દરેક પેઢીના લેખકોને આકર્ષી પડકાર ફેંકતી રહી છે તેનું કારણ લોકમાનસમાં રૂઢ હોવાને લીધે તેની સર્વવિદિતતા; માનવમન અને વર્તનની અનેક જટિલ સંકુલતા વ્યક્ત કરતાં પાત્રો-કથાઘટકોને કારણે તેની સર્વકાલીનતા, તથા આ કથાઓ ઇતિહાસના સીમાડા પારની હોવાના કારણે તેના પુનર્કથન, નૂતન અર્થઘટન માટે મળી રહેતો અવકાશ હોઈ શકે. ઉમાશંકરે તેમની ઉત્તરવયે કહેલું કે ‘વેદવ્યાસ અને ગાંધીજીનું મારા પર ઘણું ઋણ છે. શેષ જીવન તેમના ખોળે વિતાવવું છે.’ પણ આ ઇચ્છાનાં પગેરાં છેક તેમના યુવાવયથી – પ્રાચીનતાના રચનાકાળથી જોઈ શકાય. ‘કર્ણ-કૃષ્ણ’ સંવાદ એનું જ ઉદાહરણ.

મહાભારતના ઉદ્યોગપર્વનો આ પ્રસંગ ભાવિ યુદ્ધની નિર્ણાયકતા અને કર્ણચરિત્રની ઉદાત્તરેખાઓ આંકતો મહત્ત્વનો પ્રસંગ તે કર્ણ-કૃષ્ણ મિલન અને સંવાદ. ભાવિ યુદ્ધ રોકવા ભીષ્મની સમજાવટ અને કૃષ્ણની વિષ્ટિના પ્રયત્નો નિષ્ફળ ગયા પછી હસ્તિનાપુર

છોડી ઉપલવ્ય જતા પહેલાં કૃષ્ણ કર્ણને તેનું જન્મરહસ્ય ઉદ્‌ઘાટિત કરી, સત્તાની લાલચ આપી યુદ્ધ રોકવાના પ્રયાસ રૂપે છેલ્લો પાસો ફેંકી કર્ણને સમજાવવા પોતાના રથમાં બેસાડે છે. અહીં મૂળ મહાભારતની સામગ્રીને સૂઝપૂર્વક Edit કરી છે. કર્ણે યુદ્ધને યજ્ઞનું રૂપક આપીને તથા પોતાને આવેલા સ્વપ્નમાં ભાવિયુદ્ધનું જે કરાલ-કરુણ ભવિષ્ય ભાખ્યું છે તેને ખપમાં ન લેતા ઉમાશંકરે કર્ણ-કૃષ્ણ સંવાદને જ લઈ તેનું નવસર્જન કર્યું છે.

સંવાદકાવ્યનો સૂચક આરંભ થાય છે કર્ણપિતા સૂર્યના ઉલ્લેખથી.

**'જુઓ હસે છે નભગોખ સૂર્ય,**
**પાસે પાસે એક જલે ઝૂલંતાં**
**પ્રફુલ્લતાં કિંતુ ન જેહ સંગમાં**
**અધન્ય એવાં પદ્મ ને પોયણાશાં**
**જોઈ મુખો આપણ બે તણાં અહીં.'**

આ પ્રથમ વાક્યમાં જ પદ્મ અને પોયણું, સૂર્ય અને ચંદ્ર સાથે સંભવી ન શકે તેવું ઇંગિત આપી પોતાની સાથેની કૃષ્ણ-વિષ્ટિની નિષ્ફળતાનો સંકેત આરંભમાં જ આપી દે છે. કૃષ્ણ રહસ્યોદ્‌ઘાટન કરતાં જાણે એકસાથે ક્ષત્રિયકુળ અને હસ્તિનાપુરનું રાજ્ય કર્ણને ધરી દે છે.

**'શસ્ત્રે તેવો શાસ્ત્રમાંયે પ્રવીણ**
**કુંતીજાયો પાટવીપુત્ર કર્ણ.'**

તરત જ ઉપાલંભ આપતાં કર્ણ કહે છે પાંડવોના વનવાસકાળે તેરતેર વરસો અમે માતા-પુત્ર હસ્તિનાપુરમાં જ રહ્યાં ત્યારે —

**'મળી ઘડી અધઘડી ન માતને'**

અસ્ત્રવિદ્યા પ્રસંગે પોતાને થયેલા અન્યાય-અપમાનનો કડવો સ્વાદ તે ભૂલ્યો નથી.

**'આ કુંતી ને પાંડુ તણો સુપુત્ર**
**ઊભો અહીં અર્જુન, બોલ, તાત,**
**પિતા-જનેતા તવ કોણ કોણ ?'**

એ પ્રસંગ પણ તેના જન્મરહસ્યને ઉદ્‌ઘાટિત કરી તેને જીવનભરના અપમાનમાંથી મુક્ત કરી સાચું સ્થાન આપવાનો હતો – તે પણ કુંતી ચૂકી.

**'છે કર્ણ કૌંતેય,' ન શબ્દ એવા**
**આચાર્યને એ સમયે મળ્યા**

પોતે જ્યારે હવે સૂતકુળમાં પરણી સ્થિર થયો છે અને પોતાના પરાક્રમના પીઠબળે મિત્ર દુર્યોધને જ્યારે યુદ્ધનું બીડું ઝડપ્યું છે ત્યારે પારોઠનાં પગલાં ભરી કર્ણ કઈ રીતે મિત્રદ્રોહ કરી શકે ? પણ કૃષ્ણને હજી શ્રદ્ધા છે કે કુંતીની તે સમયની અસહાય પરિસ્થિતિ સમજી



કર્ણ કદાચ માફ કરશે.

**'કૌમાર્ય અર્પી તુજને ખરીદ્યો,**
**ને લોકલજ્જા તજી પેટ સંઘર્યો.'**

છતાં કર્ણ ન પીગળતાં એ જ અભાગી માતાનું લોહી તારી રગોમાં વહે છે તે યાદ કરાવી જાણે તેનું ઇમોશનલ બ્લૅકમેઇલિંગ કરવા પ્રયત્ન કરે છે.

**'જે માતને શોણિતપોષણે તું**
**જન્મ્યો, વહે જેહનું રક્ત તારી**
**નસે નસે આ ઘડીએય વેગથી;'**

લાગણીથી ન જિતાયેલા કર્ણને કદાચ સત્તા અને દ્રૌપદીની લાલચથી જીતી શકાશે તેમ માની પાંડવોને પૂછ્યા વગર જ કૃષ્ણ એ દાવ પણ અજમાવી જુએ છે.

**'ક્રમે ક્રમે પંચ પ્રતાપી ભર્તા,**
**ક્રમે ક્રમે તેવી જ સેવશે સુખે'**

સૂતપુત્ર હોવાને લીધે કામિનીને વરી ન શક્યાનું દુઃખ સાથળને કોરી ખાતા ભમરાના ડંખની જેમ હજી તેને કોરી ખાય છે. પણ હવે કોઈ કડવાશ નથી. છે જીવનમાંથી ઉદ્‌ભવેલી સમજણ.

**'આજે હવે જીવન અસ્ત વેળા**
**આજે હવે પુત્રઘરેય પારણાં'**

એમ કહી એ પ્રલોભનને પણ ખાળે છે. છતાં કૃષ્ણ વિષ્ટિને દાનવીર કર્ણ વિફળ નથી જવા દેતો. યુદ્ધના અંતે અર્જુન સહિત કે અર્જુન રહિત કુંતાના પાંચ પુત્રો જરૂર જીવિત રહેશે તે વરદાનમાં પોતાનું મરણ યુદ્ધમાં થશે અને અર્જુન જીવિત રહેશે તેવી વ્યંજના પણ જોઈ શકાય. કર્ણને મન તો હવે 'યુદ્ધ એ જ કલ્યાણ'.

**'હવે અમે જો ચડીયે ન યુદ્ધે,**
**વીરત્વ તે અર્જુનનુંય લાજે,**
**લાજે વળી પૌરુષ અંગરાજનું.'**

બધા પ્રયત્નો વિફળ ગયા પછી યુદ્ધ અવશ્યંભાવિ છે અને મનુષ્યના સ્વભાવગત છે તેવી કાળવાણી કૃષ્ણના મુખમાંથી સરી પડે છે – જાણે યુનાઇટેડ નેશન્સની દીવાલ પર કોતરાયેલું કોઈ વાક્ય —

**'અહો ! જનોની ચિર યુદ્ધશ્રદ્ધા !'**

યુદ્ધવીરોની ગણતરી પ્રસંગે ભીષ્મે કર્ણને અર્ધરથી કહી જે મહેણું મારેલું તેનો અપમાનબોધ પણ તીવ્રતર થયો છે. અને એ અપમાનનો બદલો પણ કર્ણ તેના પરાક્રમ

દ્વારા જ લેવા માગે છે અને તે પણ ભીષ્મનું પ્રચ્છન્ન અપમાન કરીને.

**'હું કૌરવોમાં રહી કૌરવોની**
**ગાંગેયથી કરું ઝાઝી રક્ષા,**
**છે એ જ પ્રત્યુત્તર ભીષ્મયોગ્ય**
**અને ન કે આજ બનું હું પાંડવ.'**

કર્ણ સ્પષ્ટ છે. આ યુદ્ધ દ્વારા તે જન્મની નહીં પણ કર્મની મહત્તા સ્થાપવા ઇચ્છે છે.

**'સ્થાપીશ વ્યક્તિત્વની વીરતા હું**
**સુજન્મના પૈતૃક લાભ માથે.'**

અને કુરુક્ષેત્રનું યુદ્ધ જો પાંડવોના જન્મસિદ્ધ અધિકાર માટે છે તો પોતાના પક્ષે પણ પોતાના જન્મસિદ્ધ અધિકારનો ન્યાય મેળવવા માટે છે. પણ ઉમાશંકરનો કર્ણ ત્યાં જ અટકતો નથી પણ આધુનિક સંવેદનના પ્રતિનિધિ તરીકે ભવિષ્યમાં વર્ણવિગ્રહ, વર્ગવિગ્રહ માટે લડતા ગાંધીજી, આંબેડકર કે માર્ટિન લ્યુથરનો જાણે પુરોધા હોય તેવો ભાસે છે.

**'કે હીન જન્મે નવ હીન માનવ,**
**કે હીન કર્મે કરી હીન માનવ.**
**લડી રહ્યો હુંય સમષ્ટિ કાજ.**
**સમષ્ટિમાં જે સહુ જન્મ-હીણાં**
**જીવે, વળી ભાવિ વિશેય જીવશે,**
**એ સર્વના જન્મકલંક કેરો**
**અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી.'**

જોકે દ્રૌપદીને ન પામ્યાની પીડા જે આજન્મ અસંપ્રજ્ઞાત મનમાં રહેલી તે આ રીતે બહાર આવી છે. કાવ્યનું આ પણ એક ફ્રોઇડિયન અર્થઘટન !

**'સ્વયંવરે જીવનસુંદરીના**
**જોવાય ના જન્મ, પરંતુ પૌરુષ.'**

આ સમગ્ર સંવાદ, વિષ્ટિના સાક્ષી એવા સૂર્યપુત્ર કર્ણના અભિગમથી ખુશ હોય તેમ કાવ્યની છેલ્લી પંક્તિમાં ફરી સૂર્યના ઉલ્લેખથી કાવ્ય પૂરું થાય છે.

**'હસી રહ્યો અંબરગોખ સૂર્ય.'**

સમગ્ર કાવ્યમાં ત્રણ વાર કૃષ્ણ કર્ણને અધવચ્ચે કાપી અટકાવી જાણે તેના પર હાવી થવા પ્રયત્ન જરૂર કરે છે પણ કર્ણ મોહ, ભય, લાલચનાં પ્રલોભનો વચ્ચેય અચલ રહે છે. ઉમાશંકરે એક વાર મહાભારત વિશેની વાતચીતમાં મને કહેલું, 'મહાભારત તેની સમગ્ર વિસ્તીર્ણતા ને સંકુલતાને લીધે જ મહાભારત છે. વાંચતી વખતે એકાદ વિશેષણ પણ ચૂકી જવાનું પાલવે નહીં. શક્ય છે કોઈ વ્યક્તિત્વને ઓળખવાની ચાવી



એ વિશેષણમાં પડી હોય.'' તેમની એ વાત વિચારતાં એવું લાગે છે કે આ કાવ્યમાં કૃષ્ણના અનેક પર્યાયવાચી સંબોધનોમાંથી કર્ણે માત્ર બે જ વાર બીજા પર્યાયો વાપર્યા છે – 'કિરિટિ સખા' અને 'પાર્થબંધુ'. એનું ઇંગિત એ પણ હોય કે 'વ્યક્તિ-સમષ્ટિ'ની દલીલ તો ઠીક પણ સમગ્ર વિષ્ટિ જ કર્ણને મન કૃષ્ણની મિત્રપ્રીતિ હોય.

સમગ્ર કાવ્યમાં શીશમાં કાંકરી જેમ ખૂંચ્યા કરતી વાત તે મહાભારતકાળની કથામાં આવતા 'ધર્મધ્વજાળા' જેવા સંકર શબ્દો અને 'તુંડા', 'વીરડી', 'ભડ', 'હાવાં', 'આકળા', 'વડો', 'માતી', 'કારમો' જેવા દેશ્ય શબ્દો. મિશ્રોપજાતિ જેવા લવચીક છંદમાં પણ છંદનું બંધન નિભાવવા આવા શબ્દો આવ્યા હશે ? અને આમેય આ કાવ્ય લખાયું છે ઉમાશંકરની યુવાવયે તેથી શક્ય છે તેમાં કાવ્યબાનીની પ્રૌઢિ પછીનાં કાવ્યો જેટલી ન હોય. પણ એટલું તો ચોક્કસ છે કે 'કર્ણ-કૃષ્ણ'ના કર્ણે મહાભારતના સીમાડા ઓળંગી વર્ગવિગ્રહ-વર્ણવિગ્રહના સંઘર્ષના વીરનર તરીકે પોતાની ઓળખ જરૂર સ્થાપી છે.

## શબરી

*પમ્પાને નીર,*
*આયુષ્યને તીર,*
*બેઠી જપું મારા રામને અધીર.*
*ઊઠે ક લ્લો લ,*
*ડોલે હિ લ્લો લ,*
*ઘેરા ગાજે મહીં રામજીના બોલ.*
*આયુ વહી જાય;*
*વાયુ લ હે રા ય,*
*રામ આવે — સમાચારે લચી લચી જાય,*
*જીવનવન ઘોર !*
*થાઓ ના કઠોર !*
*આવો ખાવા બે મારાં ચાખેલાં બોર.*
*રઘુકુલશિરમોર !*
*તમ વિણ કો આરોગે જૂઠાં મુજ બોર ?*

# દયારામનો તંબૂર જોઈને : એક પાઠ

ભોળાભાઈ પટેલ

## દયારામનો તંબૂર જોઈને

'છબી રતનને દેજો, તંબૂરો રણછોડને'–
બોલી, દેહ કવિ છોડે; ન તે છોડતી સોડને.
ગયો ડભોઈનો આત્મા, ગયો સદ્ભક્ત વૈષ્ણવી;
ગયો ગુર્જરીનો કંઠ, ઊર્મિમત્ત ગયો કવિ.
કિંતુ આ બેઠી છે તેનું શું શું રતનનું ગયું?
– 'છબી રતનને દેજો, તંબૂરો...'
જોઈ–સાંભર્યું.
હૃદયદ્રાવી એ દૃશ્ય ને શબ્દો અંતકાલના
કાને ગુંજી રહ્યા – જોઈ પ્રદર્શને કલા તણા
દયારામ કવિનો ત્યાં મૂકેલો ક્યાંક તંબૂર.
સૂતા શાંત સમાધિમાં કવિપ્રેરિત સૌ સૂર.

કોક ફાલ્ગુનીસન્ધ્યાએ વસંતાનિલસ્પર્શથી
કૂદી ઊઠી ગીતધૂને નાચેલો કવિ હર્ષથી.
તંબૂરો ર્હૈ ગયો હાથે, તારે નર્તતી અંગુલી,
કવિહૈયેથી ઊભરી હોઠે સરસ્વતી છલી.
હશે નાચી રહી ગીતોની અનાયાસલાસિકા,
ચમકાવી સ્મિતોત્ફુલ્લ ચારુ ચૈત્રની ચંદ્રિકા.
ને જ્યાં આષાઢી અંધારે વિરહે રજની સુહી,
આત્મા વલોવીને જાગ્યો હશે નાદ તુંહિ તુંહિ.
શરચ્ચંદ્રે લહે જ્યારે રસશ્રી ગગનાંગણ,
આ જ તંબૂરને તારે નાચ્યો રાસેશ્વરીગણ.

કદી શિશિરની લાંબી ઉષ્માહીન નિશા વિશે
બન્યા એ તાર સૌ મૂક, જેમ આજે અહીં દીસે.
કોઈ જોતું નથી ને – ત્યાં જોયું મેં આમતેમ ને
ચુકાવી આંખ ઊભેલા રક્ષકોની, સરી કને
કંપતી અંગુલીએ તે તાર છેડ્યા ધીરેકથી.



...જેમ કો સંગ્રહસ્થાને મૂર્તિઓ એકએકથી
ભવ્ય રૂપભરી સોહે ને વચ્ચે સ્વૈર સંચરે
યુવા રૂપરસે દંશ્યો, થંભી ત્યાં સહસા અરે
મૂર્તિ વીનસ્-દ-મેલોની સામે મુગ્ધ અવાક શો
ઊભે, પ્રસારી ગભરુ કર, ને કરી ના કશો
વિચાર, સ્તબ્ધ સૌ મૂર્ત વીરોનાં ભૂલી લોચન
અંગુલીટેરવે સ્પર્શે વિશ્વોન્માદી અહો સ્તન.
અને તે હાથમાં તેના અરેરે! રૂપ ના'વતું.
આ તો પ્રતિકૃતિ! કે ના અહીંથી ઊપડ્યું હતું
ટાંકણું તે મહાશિલ્પી તણું! તોયે કંઈ કળ્યો
રૂપમૂર્છિત તે શિલ્પીચિત્તમાં કોતરાયલો
સ્ત્રીના સૌન્દર્યરસનો સ્વચ્છ આરસઊભરો,
ટેરવે ટેરવે થૈ જે પ્રવેશી શોણિતે સર્યો. ...

સહસા ચોંકીને મારા સ્વરવિહ્વલ માનસે
કર્ણોને કહ્યું: વીણી લો, ઝણકાર શમી જશે.
ને ત્યાં તારની આછી તે ઝણણાટી ધીરે ધીરે
આછેરી થતી, ના થંભી તે પ્રદર્શનમંદિરે,
વટાવી ગુંબજો ઘેરા ગૂઢ પ્રાક્તનકાલના
શમી અંતે જતી ઉરગુંબજે કોઈ સ્ત્રી તણા.–

રેવાનાં શાંત ગંભીર નીરતીરે મળ્યો મહા
મેળો યાત્રાળુનો, સન્ધ્યાસ્નાને તે અર્ચતો અહા
સરિદ્વરા રુદ્રકન્યા નર્મદા નિત્યશર્મદા.
રેવાનાં તટતીર્થે તો કવિને જવું સર્વદા
આજ શિષ્યોથી વીંટાઈ જમાવી સાન્ધ્યકાલના
રમૂઝટો મંજીરાની ને નિનાદો કરતાલના.
એકતારા પરે ઝૂકી પોતે દિલ વલોવતાં
ગદ્ગદ્ કંઠે પદો ગાતાં અશ્રુઓ નીગળ્યાં હતાં.
ડોલી'તી મેદની સારી, મોડેથી વીખરી, અને
છેલ્લા પોતે રહ્યા, દીધું મોકલી શિષ્યવૃંદને.
કર્યું નમન રેવાને સ્મિતે ગલિત ચિત્તથી,
ડગો ઘર ભણી માંડ્યાં, ચાલ્યા સ્હેજ હશે મથી.
દયાર્દ્ર દગ થંભી ગૈ ને 'જો! જો! રણછોડ તો!

શું છે?' બોલ્યા. જુએ છે ને શિષ્ય જ્યાં માર્ગ મોડતો
તટના શાન્ત એકાન્તે વાળીને બેઠી સોડિયું
વિધવા, – સમાજના જીર્ણ વૃક્ષનું શુષ્ક છોડિયું.
નિરાધાર નિરાલંબ, – વર્તે બ્રહ્મદશા મહીં!
'ચાલો ઘેર!' કવિ બોલે. 'ઘેર!' ત્યાં ગજવી રહી
પડઘો પાડીને રેવાતટની દૂર ભેખડો.
'આજ્ઞા છે વત્સ! રેવાની, છો રાજી થતી!' ત્યાં પડ્યો
કાને શબ્દ, 'મને ક્હો છો? હું તો રતન!' સાંભળી
દૂબળો ઓશિયાળો એ સાદ હૈયું ગયું ગળી.
'સિંધુ તો દે, હવે રેવા માંડી રતન અર્પવા.
રેવાની બલિહારી છે! રણછોડ!' પછી જવા
ઊપડી મંડળી ઘેર, ચાલે છે કવિ મોખરે.
મોડી રાતેય પુરમાં થયો સંચાર તો ખરે.
રાજમાર્ગે હાટના સૌ થંભોને આંખ ઊઘડી,
માળિયાં જાળિયાં સૌ તે કરે જોવા પડાપડી.
કવિ દૃઢ પદે ચાલે આંખે ના ઓસર્યાં અમી,
વંટોળ લોકલૂલીના ઊઠ્યા એવા ગયા શમી.
થતાં જ પડખે આડે, સ્વપ્નમાં – અર્ધ સ્વપ્નમાં
તરંગો ઊઠવા લાગ્યા રેવાકલ્લોલની સમા : (૭૬)

– પ્રભાતે જિંદગી કેરા એ જ રેવા તણે તટ,
ફોડ્યા'તા કાંકરીચાળે પનિહારી તણા ઘટ.
અને નાનપણે એવાં કૈં અળવીતરાં કર્યાં,
ઝાલી પાલવને ઊભો રહ્યો નેત્રે રસે ભર્યાં.
લૈ હથોડી ધસી આવ્યો મુગ્ધાનો વર, ત્યાં છળી
એ જ રેવા તણાં નીરે ઝુકાવી કાયહોડલી.
તજ્યું ચાણોદ, કર્નાળીઘાટે રેવા-અમી જડ્યું,
લાવણી-લલકારે ત્યાં કાવ્યસૌભાગ્ય ઊઘડ્યું.
રેવાનાં પયપાને તે અનાથ શિશુ ઊછર્યો,
પછી ગુર્જરી-ગંગાએ ગંગાનો કોડીલો કર્યો.
દોડ્યો વત્સ, યથા મત્સ્ય જળ બ્હાર, જઈ પડ્યો
ગંગાનાં સલિલે, વિશ્વનાથને ચરણે ઢળ્યો.
પછી કૈં કૈં દીઠાં તીર્થો, 'પૃથ્વી પ્રદક્ષિણા' કરી,





દીઠો સિંધુ — દ્વારકા જ્યાં રામેશ્વર અને પુરી.
સર્વત્ર સિંધુકલ્લોલે રેવાની લ્હેરખી સ્ફુરી,
વ્યોમસાગરમાંયે તે રેવાલહરી અંકુરી.
તટના સૂત્રમાં ગૂંથી તીર્થરત્નોની માલિકા,
રમે ભારતના વક્ષે કોડીલી વિન્ધ્યબાલિકા.
તીર્થસારસની હારો ગૂંથાઈ ગીતવ્હેણથી,
પૃથ્વીહૈયે ઊડે એ તો રેવા સ્વપ્નશી સ્હેલતી.
જલે રેવા, સ્થલે રેવા, નભે રેવા વને જને,
માતા રેવા, પિતા રેવા, રેવા ભગિની બંધુ ને.
બપોરા જિન્દગી કેરા નમતાં, ચારુહાસિની
વત્સલા એ જ તે રેવા બની શું સહવાસિની! – (૧૦૦)
પછી ના કાંઈયે જોયું, સેવા રતનની ગ્રહી.
(આ તે છે જિન્દગી કેવી ઢાંક્યાં સૌ ધીકતાં અહીં!)
ના ખપે હાથનું એના કાંઈ, તોયે સુતર્પતી
સંભાળે સારવારે, ને કૈં કૈં સેવા સમર્પતી.
હતા વડ સમા પોતે, તે કાસાર સમી બની;
જિન્દગી એમ સામીપ્યે-દૂરત્વે સહ્ય શી બની!
પૂછો તો ભોળી એ ક્હેશેઃ લડ્યાં ઝૂંબ્યાં રિસામણે,
હું શું જાણું દીઠું શુંયે મારામાં એવું એમણે?
ન જાણે તોય તે એની સદા આંખ રહી હસી,
ન જાણે કાવ્યની ગૂંચો, કેવી તોય થતી ખુશી?
મૂંગી મૂંગી સુણી ગીતો કીર્તનો ભજનો પદો
કોની પ્રાણકળી ખીલી, વિસારી સહુ આપદો?
કવિના શબ્દથી નાચે સૌ રાસેશ્વરીમંડલ,
કવિને નચવે કોની ઉરશ્રી મત્તમંગલ?
દીપી ઊઠ્યો કવિકંઠ કોના હૃદયતંતુના
ગુંજનધ્વનિમાં, યાત્રી બન્યો માર્ગે અનંતના?

પડ્યો એ મૂકીને હૈયાસાજ, રે કોક દી ખરે
ઉપાડ્યા કવિએ ડેરા જવા વૈકુંઠમંદિરે.
'છબી રતનને દેજો!' – કહ્યું! એ ઉર તો છવિ
વજ્રથી કોતરાઈ છે યાવચ્ચંદ્રધરારવિ.
ભલે દીધો ભલા ભાવે તંબૂરો રણછોડને;
દીધી રતન કોને, જે છોડે ના હજી સોડને?

આજે એ વિધવા સાચી – જે પુનર્વિધવા – બની,
વ્યથામથિત ઊંડેથી ઉરતંતુ રહ્યા રણી.
તંતુઝંકાર એ વ્હેતા અનંતે અણઆથમ્યા. ...
– જોઉં છું તો પહોંચ્યો હું મુકામે! – સ્વર ના શમ્યા.
કાળને હાથ તંબૂરોઃ હૈયાતંતુથી ભૈરવી
ગુંજે ગુર્જરકુંજે, ત્યાં ડોલે શી કવિની છવિ! (૧૨૮)

અમદાવાદ, ૫-૫-૧૯૪૪

**ક**વિના જીવનવિષયક ઉમાશંકરની આવી બીજી દીર્ઘ કવિતા 'ભટ્ટ બાણ' છે, જેમાં કવિની રચનાપ્રક્રિયાને સમજવાનો ઉપક્રમ હોય. કવિતાને વિષય બનાવતી અનેક કવિતાઓ અન્ય ઘણા કવિઓની જેમ ઉમાશંકરે રચેલી છે. કવિને જેનો નિકટતમ પરિચય હોય એવો વિષય તે 'કવિતા.' ઉમાશંકર આ કવિતામાં ગુજરાતી સાહિત્યના મધ્યકાળના અંતિમ વૈષ્ણવ કવિની પ્રેમલક્ષણાભક્તિની રચનાઓના પ્રેરકબળ તરીકે એમની અનન્ય પ્રભુભક્તિ ઉપરાંત માનવીય પ્રીતિનું રસાયણ પણ ભળ્યું છે, એવી કવિના જીવનમાં પ્રવેશેલી એક ભક્તનારીનો અનુષંગ છે. માનવીય પ્રેમની અનુભૂતિ વિના દિવ્ય-ઈશ્વરીય પ્રેમની અભિવ્યક્તિ દુષ્કર છે, કેમકે એ અભિવ્યક્તિનાં કલ્પનો-પ્રતીકો લૌકિક પ્રેમનાં હોય છે. એ કલ્પનો-પ્રતીકો ઠાલાં બની રહે, જો કવિને માનવીય ધરાતલ પર એનો સઘન અનુભવ ન હોય – પછી ભલે કવિ એ ધરાતલને અતિક્રમી ગયા હોય. પ્રેમલક્ષણા-ભક્તિની કવિતાનો એટલે એક 'પ્રેમકવિતા' તરીકે પાઠ કરી શકાય, અને એ પાઠની ભૂમિકામાં વાચકને એ સ્પર્શે છે, એની રસાનુભૂતિનો વિષય બને છે.

દયારામનાં શૃંગારરસથી છલકાતાં મધુરા ભક્તિનાં ગીતો – પ્રાયઃ ગોપીની ઉક્તિ રૂપે હોય છે, ગોપી સાથે કવિહૃદયનું એવું અભિન્નત્વ છે કે દયારામને 'ગોપીનો અવતાર' કહેવામાં આવ્યા છે. પણ ગોપીની કૃષ્ણ પ્રત્યેની ઉક્તિઓમાં કોઈ મુગ્ધા નાયિકાને પોતાના પૂર્વરાગ અનુરાગની અભિવ્યક્તિ થતી ન લાગે ? કૃષ્ણ પ્રત્યેની ભક્તિ ઉપરાંત દયારામનાં પદોમાં કશીક માનવીય પ્રેમની ઐહિક સંવેદના ઓગળી ગઈ નથી શું ? એ માનવીય પ્રેમનો સ્રોત દયારામના જીવનમાં પ્રવેશેલી રતન ન હોઈ શકે ?

દયારામના જીવનચરિતકારોમાં એક હકીકત તો સર્વમાન્ય છે કે આ રસિક છેલછબીલા અને અપરિણીત કવિના જીવનમાં રતન આવી છે, અને એણે સર્વ રીતે એમની શુશ્રૂષા કરી છે. પણ એટલું જ ? એના પક્ષે રતનને માટે એના સેવ્ય એવા આ વૈષ્ણવ કવિ માત્ર 'સેવ્ય' છે ?

આ કાવ્ય રચાય છે, એક કલાપ્રદર્શનમાં દયારામનો તંબૂર જોઈને. (દર્શક એક કવિ છે, જે કવિચેતનાને પ્રમાણી શકે છે.) તંબૂર જોતાં કવિને દયારામના અંતકાલના શબ્દો યાદ આવે છે :



**'છબી રતનને દેજો, તંબૂરો રણછોડને' –**

અને એ શબ્દો સાથે અંતકાલનું એ 'હૃદયદ્રાવી દૃશ્ય' પણ યાદ કરે છે, જ્યારે દેહ છોડતાં દયારામ કવિએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા. એ વખતે રતન સ્હોડ વાળીને ઊભી છે, કવિએ દેહ છોડ્યો, પણ રતન 'સ્હોડ' છોડતી નથી, એ બેઠી છે સ્તબ્ધ બની. દયારામ જતાં 'ડભોઈનો આત્મા ગયો, ગુર્જરીનો કંઠ ગયો', 'ઊર્મિમત્ત કવિ ગયો' પણ આપણા કવિ પ્રશ્ન કરે છે – 'શું શું રતનનું ગયું ?' રતન નામની વ્યક્તિના જીવનમાંથી શું ગયું ? – એ પ્રશ્નથી જ કવિ દયારામ અને રતનના સંબંધભાવને સ્પર્શે છે.

કલાપ્રદર્શનમાં મૂકેલા તંબૂરના કવિપ્રેરિત સૂર અત્યારે તો શાંતસમાધિમાં સૂતા છે, પણ એક વેળા તંબૂરના તાર કેવા ગુંજતા હતા, ઋતુએ ઋતુમાં ? કાવ્યની ૧૧મી પંક્તિ પછીની ૧૦ પંક્તિમાં દર્શકકવિ એક ચિત્રાવલિ રચી દે છે, જેમાં ફાલ્ગુની સંધ્યાએ ગીતધૂને નાચતા ભક્તકવિના હાથમાં તંબૂરો રહી ગયો હશે અને તાર પર અંગુલી 'નર્તતી' હશે, પછી ચૈત્રમાં, અષાઢમાં, શરદમાં –

**શરચ્ચંદ્રે લહે જ્યારે રસશ્રી ગગનાંગણ,**
**આ જ તંબૂરને તારે નાચ્યો રાસેશ્વરીગણ.**

પણ આજે તો એ તાર મૂંગા છે. એકાએક આપણા કવિ એ મૂંગા તાર જોઈને કે કશાક કૌતૂહલે ચોકીદારની નજર ચૂકવીને એ તાર પોતાની કંપતી અંગુલીએ છેડી બેસે છે અને સ્વયં કવિ એનો ઝણકાર સાંભળી ચોંકી ઊઠે છે, એનું મન જાણે કાનને કહે છે કે – 'વીણી લો, ઝણકાર શમી જશે.' પણ દર્શક કવિ કહે છે કે ઝણઝણાટી ધીરે ધીરે આછેરી થતાં, પ્રદર્શનમંદિરમાં ન શમતાં પ્રાક્તનકાલના ગુંબજો વટાવી –

**'શમી અંતે જતી ઉરગુંબજે કોઈ સ્ત્રી તણા. –**

આ સ્ત્રી – તે રતન. કવિતાની પહેલી પંક્તિમાં રતન છે, કવિતાના કેન્દ્રમાં પણ રતન છે, અને કાવ્યની ૪૫મી પંક્તિથી દર્શકકવિના ચિત્તમાં કવિ દયારામના જીવનની એ ઘટનાનું સ્મરણ થાય છે, જ્યારે (ચાણોદના) રેવા ઘાટ પર પોતાના તંબૂર – એકતારા પર ઝૂકી શિષ્યવૃંદથી વીંટળાઈ કરતાલ-મંજીરાની રમઝટ વચ્ચે દિલવલવતાં ગીતો ભક્તકવિએ ગાયાં હતાં અને એ ગાન પછી શિષ્યવૃંદને મોકલી છેલ્લે પોતે એકલા રહ્યા, અને પછી રેવાને નમન કરી ચાલ્યા ત્યાં પોતાના શિષ્ય રણછોડને કહે છે – 'જો, જો', ત્યાં તટના શાન્ત એકાન્તમાં સોડિયું વાળી એક વિધવા (ગાન સાંભળી) બ્રહ્મદશામાં જાણે બેઠી હતી અને ભક્તકવિ એના પ્રત્યે બોલી ઊઠે છે – 'ચાલો ઘેર !' દયારામ પોતાના શિષ્યને કહે છે કે વત્સ – રેવાની આજ્ઞા છે. પણ ત્યાં બેઠેલી સ્ત્રી – (રતન) કહે છે કે 'મને કહો છો ? હું તો રતન !'

એ દૂબળો ઓશિયાળો નાદ સાંભળી ભક્તકવિનું હૃદય વિગલિત થઈ જાય છે. 'રતન' નામનો શ્લેષાર્થ લઈ કહે છે :

**‘સિંધુ તો દે, હવે રેવા માંડી રતન અર્પવા.**
**રેવાની બલિહારી છે ! રણછોડ !’**

પોતાની મંડળી સાથે એક વિધવા સ્ત્રી સહ કવિનો ગ્રામપ્રવેશ મોડી રાતેય લોકોમાં ચકચાર જગાવી દે છે :

**રાજમાર્ગે હાટના સૌ થંભોને આંખ ઊઘડી,**
**માળિયાં જાળિયાં સૌ તે કરે જોવા પડાપડી.**
**કવિ દઢ પદે ચાલે...**

એની આંખમાં અમી ઓછાં થતાં નથી. લોકલૂલીના વંટોળ તો ઊઠે છે અને શમી જાય છે પણ તરંગો ઊઠે છે, જેમાં દયારામના પૂર્વજીવનની ઘટનાઓનો સમાહાર છે. પૂર્વ-યુવા દયારામ વિશે અનેક કિંવદન્તીઓ પ્રચલિત છે. એ વરણાગી સ્વચ્છંદી (અંગ્રેજીમાં જેને dandy કહેવાય) હતા. રેવા ઘાટ પર પાણી ભરવા આવતી પનિહારીઓની છેડતી કરતા. (જાણે બાલ-નટખટ કૃષ્ણની જમુનાતટ પરની લીલાઓનું અનુવર્તન !) એક પનિહારીના તો –

**ઝાલી પાલવને ઊભો રહ્યો નેત્રે રસે ભર્યાં.**
**લૈ હથોડી ધસી આવ્યો મુગ્ધાનો વર, ત્યાં છળી**
**એ જ રેવા તણાં નીરે ઝુકાવી કાયહોડલી.**

કરનાળી ઘાટે દયારામને ‘રેવા-અમી’ જડે છે (કવિત્વ ફૂટે છે). દર્શકકવિ કહે છે : ‘કાવ્યસૌભાગ્ય ઊઘડ્યું.’ રેવા (ગુર્જરી-ગંગા) દયારામને ગંગાના કોડીલા કરે છે. દયારામ ભ્રમણે નીકળી પડે છે. રેવાના જળમાંથી નીકળી ગંગાના સલિલે જઈ પડે છે, વિશ્વનાથને ચરણે ઢળે છે. ‘પછી કૈં કૈં દીઠાં તીર્થો / ‘પૃથ્વીપ્રદક્ષિણા’ કરી, પણ સર્વત્ર ‘રેવાલહરી’ અંકુરિત થાય છે :

**જલે રેવા, સ્થલે રેવા, નભે રેવા વને જને,**
**માતા રેવા, પિતા રેવા, રેવા ભગિની બંધુ ને.**

જિંદગીના બપોરા રેવાતટે કાઢે છે અને આ વૈષ્ણવ કવિએ ‘મરજાદા’ સ્વીકારી છતાં રતનની સેવા ગ્રહે છે, અને રતન સર્વભાવે કવિની સેવા કરે છે – દયારામ અને રતન વચ્ચે એ માત્ર સેવ્ય-સેવક ભાવ હતો ? (દયારામના ઘણા ચરિતકારો એમ માને છે.)

**હતા વડ સમા પોતે, તે કાસાર સમી બની;**
**જિંદગી એમ સામીપ્યે – દૂરત્વે સહ્ય શી બની !**

આપણા કવિએ સામીપ્ય અને દૂરત્વ એવા બે શબ્દો દ્વારા દયારામ અને રતનના સંબંધોની (હ્રદયંત્વેવ જાનાતિ પ્રીતિયોગો પરસ્પરમ્ કહીએ એવી) જુદી વ્યાખ્યાનો સંકેત



કર્યો છે :

**પૂછો તો ભોળી એ ક્હેશે : લડ્યાં ઝૂંબ્યાં રિસામણે,**
**હું શું જાણું દીઠું શુંયે મારામાં એવું એમણે ?**

કવિ ઉમાશંકરે દયારામની ગોપીની કૃષ્ણપ્રીતિની ઉક્તિરૂપ ગરબી – ‘હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું ? / વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું.’ પ્રેમભાજન ગોપીની આ ગર્વોક્તિ અહીં રતનની ઉક્તિ રૂપે મૂકીને મૂળ ગરબીના શબ્દોનો સ્રોતભાવ દયારામ-રતનના પારસ્પરિક સ્નેહમાં રહેલો છે – એમ સૂચવવા માગતા નથી શું ? રતન દ્વારા દયારામ ગોપીના હ્રદય સુધી પહોંચે છે શું ?

રવીન્દ્રનાથની ‘વૈષ્ણવકવિતા’ શીર્ષક રચનામાં કવિએ બંગાળના વૈષ્ણવકવિઓની રાધાકૃષ્ણ (ગોપીકૃષ્ણ) પ્રેમની પદાવલિઓના પ્રેરકસ્રોત રૂપે માનુષી સંદર્ભ હોવાની સંભાવના વ્યક્ત કરી છે. વૈષ્ણવકવિને પૂછે છે :

**સાચે સાચું કહો મને હે વૈષ્ણવકવિ**
**ક્યાંથી તમે પામ્યા હતા આજ, જે પ્રેમ છબી**
**...જોઈ કોનાં નયન**
**રાધિકાની અશ્રુઆંખો મનમાં યાદ આવી હતી ?**

**...આ બધી પ્રેમકથા –**
**રાધિકાની ચિત્તવિદારી તીવ્ર વ્યાકુળતા**
**ચોરી લીધી છે કોના મુખથકી ? કોની આંખો થકી ?**

રવીન્દ્રનાથ કહે છે તેમ, અહીં પ્રિયજન દેવતા બની જાય છે અને દેવતા પ્રિયજન.

દયારામની વૈષ્ણવભાવની ગરબીઓમાં પ્રિયજન (રતન) ગોપી છે, ગોપી રૂપે પ્રિયજન છે – એવું ન કહી શકાય ?

રતન કાવ્યની ગૂંચો જાણતી નથી, તોયે પ્રસન્ન થાય છે :

**મૂંગી મૂંગી સુણી ગીતો કીર્તનો ભજનો પદો**
**કોની પ્રાણ કળી ખીલી, વિસારી સહુ આપદો ?**
**કવિના શબ્દથી નાચે સૌ રાસેશ્વરી મંડલ,**
**કવિને નચવે કોની ઉરશ્રી મત્તમંગલ ?**
**દીપી ઊઠ્યો કવિકંઠ કોના હ્રદયતંતુના**
**ગુંજન ધ્વનિમાં...**

આપણે દયારામનાં પ્રેમભક્તિનાં કેટલાંક પદોનો માત્ર આરંભ જોઈએ તો લાગશે કે અહીં ઐહિક અને પારલૌકિક ભૂમિનું મિલન છે, જેનો સ્રોત દુન્યવી હોઈ શકે.

**– કાળજું કોર્યું તે કોને કહીએ રે ઓધવ, છેલ છબીલડે !**

**– લોચનમનનો રે, ઝઘડો લોચનમનનો**

**– ઊભા રહો તો કહું વાતડી બિહારીલાલ,**
**તમ માટે ગાળી છે મેં જાતડી બિહારીલાલ**

**– વાંકું મા જોશો વરણાગિયા જોતાં કાળજડામાં કાંઈ કાંઈ થાય છે**
**અણિયારી આંખે વ્હાલપ પ્રાણ મારા પ્રોયા છે**

**– શ્યામ રંગ સમીપે ન જાવું**

**– મુજને અડશો મા આઘા રહો અલબેલા છેલા અડશો મા,**
**અંક ભર્યાના સમ ખાઓ તો અધર તણો રસ પાઉં...**

કાવ્યના અંતિમ ખંડમાં (૧૧૭મી પંક્તિથી) દયારામના રતન પ્રત્યેના અને વિશેષ તો રતનના દયારામ પ્રત્યેના પ્રેમની સ્પષ્ટ વાત છે. 'છબી રતનને દેજો' એ દયારામના અંતિમ શબ્દોનું કાવ્યાન્તે ફરી સ્મરણ કરાવી આપણા કવિ કહે છે કે એ ઉરે તો છબી – 'વજ્રથી કોતરાઈ છે યાવચ્ચંદ્રધરારવિ.' અને પછી કહે છે કે 'આજે હવે એ વિધવા સાચી – જે પુનર્વિધવા – બની...'માં તો વળી સ્પષ્ટતર કથન છે.

આ બધો મનોવ્યાપાર ખરેખર તો આપણા કવિના ચિત્તમાં ચાલી રહ્યો છે – જે તંબૂરના તંતુઝંકાર કરી પ્રદર્શનભવનથી પોતાના મુકામ ભણી ચાલી રહ્યા છે –

**– જોઉં છું તો પહોંચ્યો હું મુકામે ! – સ્વર ના શમ્યા.**

૧૨૮ પંક્તિના આ દીર્ઘ કાવ્યમાં પ્રસંગ તો એટલો જ છે દર્શકકવિ પ્રદર્શનસ્થિત દયારામના તંબૂરના તાર કંપતી અંગુલીથી છેડે છે, પછી આ કાવ્યગત જે કંઈ ઘટે છે તે જાણે આ ગુંજનનું જ વિસ્તરતું ગુંજરણ છે.

કવિ દયારામની પ્રેમભક્તિની ગરબીઓમાં રહેલા પ્રેમનું રહસ્યાનુસંધાન બીજા એક કવિ એક કવિની ભૂમિકાથી જાણે કરે છે. તંબૂરના તાર પોતાની અંગુલીએથી છેડતાં ઊઠેલા ગુંજનની વ્યાપ્તિ એક હોમરીય ઉપમાથી કવિ વ્યક્ત કરે છે. એ ઉપમા ઉમાશંકરમાંય વિરલ કહી શકાય એવી છે. આપણા આ કવિએ રક્ષકોની આંખ ચૂકવી કેવી રીતે તંબૂરના તાર છેડ્યા —?

**... જેમ કો સંગ્રહસ્થાને મૂર્તિઓ એકમેકથી**
**ભવ્ય રૂપભરી સોહે ને વચ્ચે સ્વૈર સંચરે**
**યુવા રૂપરસે દંશ્યો, થંભી ત્યાં સહસા અરે**
**મૂર્તિ વીનસ્-દ-મેલોની સામે મુગ્ધ અવાક્ શો**
**ઊભે, પ્રસારી ગભરુ કર, ને કરી ના કશો**
**વિચાર, સ્તબ્ધ સૌ મૂર્ત વીરોનાં ભૂલી લોચન**
**અંગુલીટેરવે સ્પર્શે વિશ્વોન્માદી અહો સ્તન.**



**અને તે હાથમાં તેના અરેરે ! રૂપ ના'વતું.**
**આ તો પ્રતિકૃતિ ! કે ના અહીંથી ઊપડ્યું હતું**
**ટાંકણું તે મહાશિલ્પી તણું ! તોયે કંઈ કળ્યો**
**રૂપમૂર્છિત તે શિલ્પીચિત્તમાં કોતરાયલો**
**સ્ત્રીના સૌંદર્યરસનો સ્વચ્છ આરસઊભરો,**
**ટેરવે ટેરવે થૈ જે પ્રવેશી શોણિતે સર્યો...**

કાવ્યમાં એક સમાન પરિવેશ છે. પ્રદર્શમાં મૂકેલો દયારામનો તંબૂર અને પ્રદર્શનમાં રહેલી વીનસ્-દ-મેલોની મૂર્તિ. પ્રદર્શનમાં મૂકેલા તંબૂરના તારને છેડાય નહિ – અરે તંબૂરને પણ અડકાય નહિ – તેમ છતાં દર્શકકવિ વિવશ બની ગયા – પોતાના પુરોગામી કવિના તંબૂરના તારને છેડવા. શું થાય છે ?

(પૅરિસના લુવ્ર) મ્યુઝિયમમાં વીનસ્-દ-મેલોની મૂર્તિ અનેક એવાં બધાં શિલ્પોની વચ્ચે ઊભી છે. ઘણાય દર્શકો એ શિલ્પને અડકાય નહિ તે જાણવા છતાં, વીનસના સૌંદર્યદર્શનથી વિવશ બની આરસની વીનસનાં સ્તન પર હાથ ફેરવી લે છે. એવો એક રૂપરસ દંશ્યો એક યુવક વીનસની મૂર્તિ સામે મુગ્ધ અવાક્ ઊભો રહી જાય છે અને પછી કશોય વિચાર કર્યા વિના પોતાનો ગભરુ કર પ્રસારી પોતાના અંગુલી ટેરવે વીનસનાં વિશ્વોન્માદી સ્તનને સ્પર્શી લે છે.

અલબત્ત એના હાથમાં રૂપ પકડાતું નથી, પણ જે શિલ્પીએ આ પ્રતિમા કંડારી હશે, અને જે પોતે એના રૂપથી મૂર્છિત થયેલો (એનું ટાંકણું પછી આગળ ઊપડ્યું નહિ હોય) તે શિલ્પીના ચિત્તમાં કોતરાયેલો 'સ્ત્રીના સૌંદર્યરસનો આરસ-ઊભરો' – પેલાં સ્તનને સ્પર્શી લેતા પ્રેક્ષકના ટેરવે ટેરવે થઈને એના શોણિતમાં સરે છે.

– એમ અહીં પ્રદર્શનમાં મૂકેલા તંબૂરના તાર પોતાની આંગળીએથી ઝંકૃત થતાં દર્શકકવિનું સ્વરવિહ્વળ માનસ એના કાનને કહે છે – 'આ ઝણકાર વીણી લે, નહીંતર શમી જશે.' દર્શકકવિ જાણે એ ઝણકાર ઝીલે છે, જે આછા થતા જતા કોઈ સ્ત્રીને ઉરગુંબજે શમે છે – અને એ સ્ત્રી છે રતન.

એક કવિ દ્વારા બીજા એક સમધર્મી કવિની રચનાપ્રક્રિયાને સમજવાનો ઉપક્રમ આ કાવ્યમાં મને વંચાયો છે. મધુરાભક્તિનાં – પ્રેમલક્ષણાભક્તિનાં – પદોની રચનાપ્રક્રિયાનો અહીં સંકેત નથી શું ?S

---

S (૧) પંક્તિસંખ્યાંક સુવિધા માટે આ લેખકે આપ્યા છે. મૂળમાં નથી.
(૨) આ કાવ્યસંદર્ભે ઉમાશંકરનું 'ધારાવસ્ત્ર'માંનું કાવ્ય 'રેવાને તટે જમનાની રાધા' જોઈ શકાય.

r

# 'આવ્યો છું મંદિરો જોવા–' વિશે

***પારુલ કંદર્પ દેસાઈ***

## આવ્યો છું મંદિરો જોવા –

આવ્યો છું મંદિરો જોવા, જોવા દક્ષિણ મંદિરો,
સેંકડો માઈલો કાપી, – ગિરિ ઓળંગી, કંદરો
વીંધતો રેલગાડીમાં વટાવી વન ને વડાં
મેદાનો માપતો વેગે ખેડેલાં ખેતરે મઢ્યાં.

ચોલ, ચૌલુક્ય ને પાંડ્ય, પલ્લવો, નાયકો અને
ધર્મી હોયશળે નિર્મ્યાં આ સુરમ્ય પ્રદેશને
ખૂણે ખૂણે, વળી કૈંક લક્ષ્મીવંતે રચાવિયાં
નગરે નગરે ગામોગામ, ભવ્ય સુહાવિયાં
તટે સમુદ્રને શાન્ત લાંબી શતાબ્દીઓ થકી,
મંદિરો; – કૈંક ખંડેરો, કૈંક તોયે રહ્યાં ટકી;
કૈં તો વિધર્મીઓ કેરા કરે લોપ્યાં અમર્ષમાં,
લીલીસૂકી અનુભવી કૈં કૈં સહસ્ર વર્ષમાં
ઊભાં છે. કાલ તો ફ્રેન્ચ અને અંગ્રેજનાં દળે
કોઠીકિલ્લા ગણી લીધાં ખપમાં વસમી પળે.
અને આજેય 'એ.આર્.પી.' પાટિયાં લટકેલ છે,
– પ્રજાને બસ દેવોને ભરોંસે શી મૂકેલ છે!
દેશની શેષ આશા શાં જોવા આવ્યો છું મંદિરો.

ડોકાતાં તાલઝુંડોની પૂંઠે તોતિંગ ગોપુરો.
ચાર દિઙ્નાગની સામે ઊભા ચાર દિશા મહીં
ટોપ પ્હેરેલ સંત્રી શાં. ક્યાંક તો લાગી છે રહી
લાંબી લંગાર કો ઊંચાં કો નીચાં ગોપુરો તણી,
વચ્ચે વિમાનની વીંટી આકૃતિ છેક વામણી.
ક્યાંક તો ઢગ શા આડાંઅવળાં ગોઠવી કીધા?
વિભુની વિભુતાના શું ગંજ છે ખડકી દીધા!
સ્વયં દિગ્ગજરાજો શું આવી ઝૂલંત બારણે!
શૈલકૂટ સમાં જાણે ચીંધી ર્‌હેતાં વિરાટને.



જગ ભંગુરની સામે ડોલતી ઉપહાસમાં
તાલનાં ઝુંડ માથેથી વાસુકિની ફણા સમાં.

અને અંદર ચોકે જે ઘાટીલા જળકુંડની
રમ્ય સોપાનમાલાને તટે ઊંચેરી માંડણી
પરે સભાગૃહ તણો સોહે સ્તંભસહસ્રથી,
એ તે મંડપ છે શું? – કે શિલાનું વન તો નથી?
ને આ પ્રદક્ષિણામાર્ગો શા પ્રલંબ રચેલ છે?
મોકળા, હાથીઅંબાડી સાથેયે સ્વારી સ્હેલ છે!
દીપમાળા રચી મોટા વર્તુલે, શેષનાગની
ફેણા સહસ્ર-શી; એની પ્રતિ ફેણે સુહે મણિ.

અને સામે જ નંદી જે બેઠો છે એય અલ્પ ના.
એની વપુસમૃદ્ધિની આવે શી રીત કલ્પના?
ઊભો એ થાય તો એની નીચે થઈ શકે જઈ
બળદો શીંગડે ઊંચે, ભીડ લેશ પડે નહીં.
લંબાતી ડોક, ને કર્ણો સરવા દીસતા અતિ,
નીકળી જીભ ફૂલેલાં નસ્કોરાં જઈ ચાટતી.
બેઠો છે પગ વાળીને જમણે પડખે નમી;
થતું કે કદી બેઠી જો બરડે માંખ, તો જમીં
પરે પગ પછાડીને જોરમાં પુચ્છ વીંઝતો
થૈ જશે હમણાં ઊભો, સારી પૃથ્વીથી ખીજતો!
અને ત્યાં કંઠની એના માલાઓ ઘંટડી તણી
સૌમ્ય સાન્ત્વન રેલંતી ર્‌હેશે મંજુ સ્વરે રણી!

મૂર્તિઓય મહાકાય: અનંતશાયી વિષ્ણુ આ,
ગોમટેશ્વર આ, ઉગ્ર નૃસિંહ વિશ્વજિષ્ણુ આ.
'રાઈ'-'ચણા'-સમાણા આ ગણેશો હાથીથી વડા,
હોત શ્રીફળ-શા ત્યારે ગણેશો અહીં કેવડા?
મંદિરદ્વાર પાસે ત્યાં ઊભા છે રોકીને પથ,
આકાશ ચુંબતા ઊંચા અહો વિરાટ એ રથ!
ક્ષુદ્ર નામે અહીં કૈં ના, અને ના કાંઈ સાંકડું;
સીમાને ભેદીને રાજ્ય ભૂમાનું વિસ્તર્યું વડું.

સ્થાપત્યે ઊભરી જેવી સોહે ઊર્જિત ભવ્યતા,
શિલા શિલા તણાં હૈયે ઊભરે એવી રમ્યતા.
હમણાં જ છરીથી શું કાપીને ગોઠવ્યા ન હો,
દીવાલે પથ્થરો એવા સોમનાથે સુહે અહો!
કંકણાકૃતિ સ્તંભો તે સંઘાડેથી શું ઊતર્યા?
સ્તંભે સ્તંભે ટાંકણાનાં જાદુ અજબ ઊભર્યાં.
અહીં આ હારની હારો હાથીની ચાલી જાય છે,
અહીં અશ્વો રથો દોડે, ત્યાં સૈન્યો અથડાય છે.
મત્સ્યવેધ અહીં, ને આ વાલીવધ, પણે વળી
શીંકે કનૈયો પ્હોંચ્યો છે ગોપબાલપીઠે ચડી.
હર-ગૌરી એકરૂપ અહીં, હરહરિ તહીં,
વેણુ વગાડતી મૂર્તિ ધ્યાનસ્થ કૃષ્ણની અહીં.
હંસપંખી તણી પીઠે અલવે દેહ ટેકવી
રતિ સ્વારી કરે. એને માથે કાક રહ્યો લવી.
શિવ ને પાર્વતી વચ્ચે નૃત્યની સરસાઈ આ;
નટરાજ તણી રમ્યરુદ્ર લીલા શી છાઈ આ!
‘આવશે? નહિ આવે શું?’ તર્જનીને ઊંચી કરી
વિસામે નર્તકી, એની અંગુલિ કંકુથી ભરી.
ડાબે કર અરીસો ને માથેથી જમણો ઢળ્યો,
આશાભરી કરે ભાલે અંગુલિ થકી ચાંદલો.
કરે ચાપ, અને શું ત્યાં શરસ્થાને શરીર છે!
મૃગયા ખેલતી શી આ રમણી રસવીર છે!
વિવસ્ત્રા યુવતી આ થૈ વીંછી ખંખેરવા જતાં;
– એ તો કામ! કહે સંત, પેખી નિર્દોષ નગ્નતા.
શિરે કર મૂકી લાસ્યે રેલાવે રસનિર્ઝરી,
દુષ્ટને કરવા ભસ્મ સ્વયં મોહિની થૈ હરિ.
નાના સ્વરૂપથી આવાં સુહતાં ભવ્યસુંદિર
દેશની દિવ્ય સિદ્ધિ-શાં જોવા આવ્યો છું મંદિર.

નથી અસુંદર કંઈ, નથી કૈં અહીં ક્ષુદ્ર કે?
દેવો અને ભૂદેવોને મન કો નથી શૂદ્ર કે?
ભૂમા ને ભવ્યતા વચ્ચે નથીને મન સાંકડાં?
પ્રજા ઝાઝેરીનાં શાને લાગે છે મુખ રાંકડાં?



માર્ગે રહી બ્હારથી જ દ્વારોની આરપારથી
દેવની કરતા ઝાંખી લોક આ કૈં મથી મથી.
અથવા ભીંતબારીથી સોનેરી શિખરે પડે
દૃષ્ટિ, એમ જઈ ઊભે, પ્રભુપ્રસાદ જો જડે.
અને જે ગર્ભદ્વારે જૈ ઊભે મૂર્તિ સમીપમાં,
એય ભોળાં અદવગાં, ઝાઝાં તો મૂર્છિતો સમાં.
પુરુષાર્થ તજી ભીરુ માગે કે કોક ક્યાંકથી
કરે સંધા સ્વાર્થ સિદ્ધ, આશરો અન્ય કો નથી.
દાસ્યદુર્બળ હૈયાંની પ્રભુશ્રદ્ધાય પાંગળી,
આવાંની પ્રભુયે તે હા! ઝાલે શી રીત આંગળી?
જુગની જડતાના આ કોટકિલ્લા સમાં અરે
મંદિરોમાં હશે ક્યાંયે ભરાયેલો પ્રભુ ખરે?

પ્રભુને ગર્ભગૃહથી કાઢી મૂકેલ હો ભલે,
ભૂમાભવ્ય શિલાવેશે રમે કિંતુ સ્થલે સ્થલે.
પ્રભુ પ્રત્યક્ષ સર્વત્ર શિલાનાં હૃદયે વસી,
સૌન્દર્યમૃગયા અર્થે આમંત્રે યાત્રીને હસી.
દેવ તો દેશનો ખૂણેખૂણો ભરી દીસે વસ્યા,
દેવનાં મંદિરોની – આ મનુષ્યોની જ શી દશા?
આજે વિદેશીને હાથે થયાં છેક જ જર્જર
દેશી મુજ, – દેવનાં એ જોવા આવ્યો છું મંદિર.

અમદાવાદ, ૧૧-૬-૧૯૪૫

**ઉ**માશંકર જોશીની કાવ્યયાત્રાનું સ્થિત્યંતર તેમના પાંચમા કાવ્યસંગ્રહ ‘આતિથ્ય’માં જોવા મળે છે. આમાંનું એક મુખ્ય ગુચ્છ વિવિધ લલિતકલાઓ અંગેનું છે. જેમાં ‘કવિ’, ‘નેપથ્યે નર્તિકાને’, ‘ચિત્રવિધાતાને’, ‘મુમતાઝ’, ‘શિલ્પલાલસા’, ‘આવ્યો છું મંદિરો જોવા–’ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંય દક્ષિણ ભારતનાં મંદિરોનાં શિલ્પ અને સ્થાપત્યને અવલંબતી ‘આવ્યો છું મંદિરો જોવા–’ રચના વિશિષ્ટ બની આવે છે.

‘સમગ્ર કવિતા’ની પ્રસ્તાવના ‘આત્માની માતૃભાષા’માં કવિ લખે છે : ‘‘સ્વાતંત્ર્ય, સામાજિક ન્યાય, માનવીય ગૌરવ જેવાં મૂલ્યોની સ્થાપનાના કંઈ ને કંઈ સંઘર્ષમાં ઓછેવત્તે અંશે ગૂંથાયેલા હોવું એ જાણે કે કાવ્યરચનાની પૂર્વશરત નહીં તો પણ ભૂમિકા જેવું રહ્યું છે. આ બંને વસ્તુઓ સર્જનકાર્યની વિરોધી જેવી લેખાતી હોય છે. મને એવી લાગી નથી. કહો કે મારે માટે એ બાબતમાં પસંદગીનો અવકાશ જ નથી.’’

'આવ્યો છું મંદિરો જોવા –' કવિતાના રસાસ્વાદ માટે કવિની આ ભૂમિકા ઉપકારક બની આવે છે. કવિતાના શીર્ષકમાં જ અંતે જે નાનકડી લીટી – ડેશ, છે એ સાંકેતિક છે. દક્ષિણ ભારતનાં મંદિરો જોતાં તેનાં શિલ્પ-સ્થાપત્યથી કવિ પ્રભાવિત થાય છે. ઉમળકાથી તેની વાત કરે છે, પણ આ મંદિરો જોતાં તેની ભવ્યતા અને રમ્યતાની સાથે કવિને એ સમાજ પણ યાદ આવે છે જે મંદિરની અંદર પ્રવેશી શકતો નથી અને બહારથી ભગવાનની ઝાંખી કરવા પ્રયત્નો કર્યા કરે છે.

**માર્ગે રહી બ્હારથી જ દ્વારોની આરપારથી**
**દેવની કરતા ઝાંખી લોક કૈં મથી મથી.**

એક બાજુ અનંત અને ભવ્યનું દર્શન અને વિપરીત દૈન્યનું દર્શન – આ રચનાનું એ ભરતવાક્ય છે. સૌંદર્યલોકમાંથી બહાર આવી કવિ વાસ્તવલોકમાં પ્રવેશે છે. કવિ મંદિરોને માત્ર પૂજાના સ્થળ તરીકે નથી જોતા, પણ એમાંથી પ્રજાકીય લાક્ષણિકતા શોધવાનો પ્રયત્ન કરે છે. ૧૯૪૫માં – એટલે કે ભારત આઝાદ થયું તે પહેલાં આ કાવ્ય રચાયું છે. કાવ્યની અંતિમ પંક્તિઓમાં આ પરાધીનપણાની વ્યથા, વેદના વ્યક્ત થયાં છે. આમ, શિલ્પ અને સ્થાપત્યને જોતાં જોતાં કવિનું આંતરસંવિદ આ કાવ્યમાં જે રીતે વ્યક્ત થયું છે તેને કારણે આ કાવ્ય રસપ્રદ બને છે.

'આવ્યો છું મંદિરો જોવા –' દીર્ઘ વર્ણનાત્મક કાવ્ય છે. તેમાં આઠ ખંડો છે. વિવિધ ખંડોની યોજના કરી એક મોટા ફલક પર કવિતાની માંડણી કરવાની સૂઝ ઉમાશંકરનાં અન્ય કાવ્યોની જેમ અહીં પણ જોઈ શકાય છે. અનુષ્ટુપનો ઉપયોગ એમની અભિવ્યક્તિને વધુ સંવાદી અને અનુકૂળ બનાવે છે. કાવ્યનો આરંભ એક ઉત્સાહ, ઉમળકો, ઉત્કંઠાથી થાય છે. પ્રવાસની તત્પરતા દેખાય છે. રેલગાડીમાં સેંકડો માઈલો કાપી, પર્વતો ઓળંગી, ખીણો-કોતરોને વીંધતાં-વીંધતાં, વન-વગડા વટાવતા, મેદાનો અને ખેડેલાં ખેતરો માપતા વેગે કવિ દક્ષિણનાં મંદિરો જોવા આવી પહોંચ્યા છે. કાવ્યની પહેલી પંક્તિ 'આવ્યો છું મંદિરો જોવા, જોવા દક્ષિણ મંદિરો' – આ પહેલી પંક્તિમાં જ જે પદક્રમ યોજાય છે તેમાં અનુષ્ટુપની લાક્ષણિક છટા દેખાય છે.

દક્ષિણ ભારતમાં પ્રવેશતાં જ કવિને એનો ઇતિહાસ તાજો થાય છે. બીજા ખંડમાં કવિ એ ઇતિહાસથી આપણને પરિચિત કરાવે છે. દક્ષિણ ભારત કળાની પ્રાચીન પરંપરાનું કેન્દ્ર હતું. ચૌલુક્ય, પાંડ્ય, પલ્લવ, નાયક અને હોયશળ જેવા રાજવંશના રાજાઓએ આ સુરમ્ય પ્રદેશનું નિર્માણ કર્યું. આ રાજકર્તાઓ કળાઓ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવામાં ગૌરવ અનુભવતા હતા. તેના ખૂણે ખૂણે, નગરે નગરે, ગામોગામ સમુદ્રના તટ પર ધનપતિઓએ ભવ્ય મંદિરો બંધાવ્યાં છે જેનાથી આ પ્રદેશ શોભાયમાન બન્યો છે. આ મંદિરોની દુર્દશાથી કવિહૃદય કંપી ઊઠે છે. કેટલાંક ખંડેર થયાં છે, કેટલાંક વિધર્મીઓની અદેખાઈ અને અસહિષ્ણુતાને કારણે નાશ પામ્યાં છે. સહસ્ર વર્ષોમાં કૈંક લીલીસૂકી અનુભવી જે મંદિરો ટકી રહ્યાં છે તેમાંથી કેટલાંક મંદિરોનો ઉપયોગ ફ્રેન્ચ



અને અંગ્રેજોના દળે કોઠીકિલ્લા તરીકે કર્યો છે એ જોઈને કવિને વ્યથા થાય છે, એ પીડા અનુભવે છે. કારણ કે ભારતીય પ્રજા માટે મંદિરોનું, ધર્મસ્થાનોનું મહત્ત્વ છે. એટલે જ કવિ મંદિરોને દેશની શેષ આશા જેવા કહે છે.

આવી એક ઐતિહાસિક ભૂમિકા બાંધ્યા પછી, ત્રણ દીર્ઘ ખંડોમાં મંદિરના મુખ્ય દ્વારથી આરંભ કરીને મંદિરના ગર્ભગૃહ સુધીનું વર્ણન કવિની સૌંદર્યનિષ્ઠ દૃષ્ટિનો પરિચય આપે છે. મંદિરોનાં શિલ્પ અને સ્થાપત્યને ચાક્ષુષ કરી આપતા આ ખંડોમાં ઉમાશંકરની સર્જકતા પૂરેપૂરી ખીલી ઊઠે છે. મંદિરોનો એક એક ભાગ ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, સજીવારોપણ, સ્વભાવોક્તિ વગેરે અલંકારોથી પ્રત્યક્ષ થતા જાય છે. કવિની સાથે આપણે પણ મંદિરમાં પ્રવેશતાં જઈએ છીએ. તાડનાં ઝુંડોની પાછળ ડોકાતાં તોતિંગ ગોપુરો, ટોપ પહેરેલ સંત્રી જેવા લાગતા ચારે દિશાએ ઊભેલા દિઙ્નાગો, વિરાટને ચીંધી રહેતા, બારણે ઝૂલતા દિગ્ગજરાજોને જોઈને કવિ અનુભવે છે :

**જગભંગુરની સામે ડોલતી ઉપહાસમાં**
**તાલના ઝુંડ માથેથી વાસુકિની ફણા સમાં.**

મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશતાં જ ચોકમાં ઘાટીલો જળકુંડ છે. એનાં પગથિયાં માટે કવિ શબ્દ પ્રયોજે છે 'રમ્ય સેતાનમાલા.' પગથિયાં પૂરાં થાય એટલે સહસ્ર સ્તંભથી શોભતા ઊંચી માંડણીવાળા સભાગૃહને જોઈને કવિ વિસ્મિત થાય છે કે આ મંડપ છે કે શિલાનું વન છે ! એના પ્રદક્ષિણામાર્ગો એટલા પ્રલંબ છે કે હાથી-અંબાડી સાથે પણ સવારી કરી શકાય. મોટા વર્તુળમાં રચેલી દીપમાળા એવી લાગે છે જાણે શેષનાગની સહસ્ર ફેણા છે અને એના પ્રતિફેણે મણિ શોભે છે. નંદીના વર્ણનમાં સજીવારોપણ અલંકારથી કવિ એક જીવંત ચિત્ર ઊભું કરી દે છે. આ નંદીનું શરીર કેવડું મોટું છે તો કવિ કહે છે :

**ઊભો થાય તો એની નીચે થઈ શકે જઈ**
**બળદો શીંગડે ઊંચે, ભીડ લેશે પડે નહીં**
**લંબાતી ડોક, ને કર્ણો સરવા દીસતા અતિ,**
**નીકળી જીભ ફૂલેલાં નસકોરાં જઈ ચાટતી.**

ત્યાર પછીનું અતીવ ગત્યાત્મક વર્ણન અનન્ય છે :

**બેઠો છે પગ વાળીને જમણે પડખે નમી;**
**થતું કે કદી બેઠી જો બરડે માંખ, તો જમીં**
**પરે પગ પછાડીને જોરમાં પુચ્છ વીંઝતો**
**થૈ જશે હમણાં ઊભો, સારી પૃથ્વીની ખીજતો !**

મંદિરના દ્વારા પાસે પથ રોકીને આકાશ ચુંબતા વિરાટ રથ, મહાકાય મૂર્તિઓ – જાણે અહીં કશું જ ક્ષુદ્ર નથી, તુચ્છ નથી, સાંકડું નથી. સીમાને ભેદીને અસીમનું, અનંતતાનું

રાજ્ય વિસ્તર્યું છે. મંદિરની શીલાએ શીલામાં જે સ્થાપત્ય છે એનું પણ કવિ ભાવવિભોર થઈને વર્ણન કરે છે. હમણાં જ છરીથી કાપીને ન ગોઠવ્યા હોય એવા દીવાલે પથ્થરો શોભે છે. જાણે સંઘાડેથી ઊતર્યા હોય એવા કંકણાકૃતિ સ્તંભો, અને સ્તંભે સ્તંભે જાણે ટાંકણાના જાદુ ઊભર્યા છે. કવિ એનું વર્ણન શબ્દના જાદુ વડે કરે છે. એક એક દશ્ય કવિના શબ્દે શબ્દે સજીવ થઈ જાય છે, જીવંત બની જાય છે. એક ગતિશીલ ચિત્રપણ જાણે ભાવકના કલ્પનાચક્ષુ સમક્ષ રજૂ થતું જાય છે :

**અહીં આ હારની હારો હાથીની ચાલી જાય છે,**
**અહીં અશ્વો રથો દોડે, ત્યાં સૈન્યો અથડાય છે.**
**મત્સ્યવેધ અહીં, ને આ વાલીવધ, પણે વળી**
**શીંકે કનૈયો પહોંચ્યો છે ગોપબાલ પીઠે ચડી.**

હરહરિ, હરગૌરીની એકરૂપતા, ધ્યાનસ્થ કૃષ્ણની વેણુ વગાડતી મૂર્તિ, હંસપંખીની પીઠે લહેરથી દેહ ટેકવી સવારી કરતી રતિ, શિવ અને પાર્વતી વચ્ચેના નૃત્યની સરસાઈ, નટરાજની રમ્યરુદ્ર લીલા, આંગળીઓમાં કંકુ ભરીને, પ્રિય આવશે કે નહીં એવું વિમાસતી નર્તકી, મૃગયા ખેલની રમણી, વીંછી ખંખેરતા વિપક્ષ થયેલી યુવતીની નિર્દોષ નગ્નતા પેખીને એ તો કામ એવું અર્થઘટન કરતી સંતવાણી, દુષ્ટને ભસ્મ કરવા સ્વયં મોહિની થયેલા હરિ. આવાં અનેક સ્વરૂપોની શોભતા ભવ્ય સુંદર મંદિરો કવિને દેશની દિવ્ય સિદ્ધિ જેવા લાગે છે.

માત્ર સૌંદર્યરાગી કવિ અહીં અટકી જાય. પણ આ કવિ મનુષ્યને ચાહે છે. કાવ્યના અંતિમ બે ખંડમાં ભાવપલટો છે. આ ભવ્યતા, સુંદરતા, વિશાળતા, સ્તંભે સ્તંભે ટાંકણાના જાદુ ઊભર્યા હોય એવાં શિલ્પ અને સ્થાપત્યને જોઈને કવિને પ્રશ્ન થાય છે અને એ તારસ્વરે પૂછી બેસે છે. આ સુંદરતા, આ ભવ્યતા આ રમ્યતાને અંતે શું ?

**નથી અસુંદર કંઈ, નથી કૈં અહીં ક્ષુદ્ર કે ?**
**દેવો અને ભૂદેવોને મન કો નથી શુદ્ર કે ?**
**ભૂમા ને ભવ્યતા વચ્ચે નથીને મન સાંકડાં ?**
**પ્રજા ઝાઝેરીનાં શાને લાગે છે મુખ રાંકડાં ?**

આ નકાર અને પ્રશ્નાર્થ દ્વારા જે સૂચવાય છે એ સ્પષ્ટ છે. આરંભની બે પંક્તિઓમાં આવતો અંત્યાનુપ્રાસ 'ક્ષુદ્ર કે – શૂદ્ર કે' કવિકટાક્ષને ધારદાર બનાવે છે. જો આ અનંતતા અને ભવ્યતાની વચ્ચે મનુષ્યનાં મન સાંકડાં ન હોય તો 'પ્રજા ઝાઝેરીના' મોટાભાગની પ્રજાનાં મુખ રાંકડાં કેમ લાગે છે. કવિને બે દશ્યો દેખાય છે. કેટલાય લોકો બહારથી જ, દરવાજાની આરપારથી દેવની ઝાંખી કરતા નજરે પડે છે. આ લોકો માટે કવિ અદ્દભુત ઉપમા પ્રયોજે છે. ભીંતબારીથી સોનેરી શિખરે દષ્ટિ પડે એમ પ્રભુપ્રસાદની અપેક્ષાએ આ લોકો ઊભા છે. તો મંદિરની અંદર ઊભેલા લોકો, મંદિરમાં પ્રવેશ મેળવવા પાત્ર



ઠરેલાં લોકો કેવા છે :

**એય ભોળાં અદવગાં, ઝાઝાં તો મૂર્છિતો સમાં.**

અહીં ભોળાં એટલે નિર્દોષ નહીં પણ ગતાગમ વગરનાં, 'અદવગા' જેવો શબ્દ ઉમાશંકર અહીં પ્રયોજે છે જેનો અર્થ થાય છે નજીવા, અતિસામાન્ય અને મૂર્છિતો જેવા આ લોકો અહીં માત્ર દર્શન કરવા આવ્યા છે ? ના, એ તો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા કશું ને કશું પ્રભુ પાસે માંગવા આવ્યા છે. એમની પ્રભુશ્રદ્ધાય પાંગળી છે. આવાં મનુષ્યોની પ્રભુ આંગળી કેવી રીતે ઝાલે ? દેશની શેષ આશા જેવા, દેશની દિવ્ય સિદ્ધિ જેવાં મંદિરો તરફ જોવાની કવિદૃષ્ટિ બદલાય છે. હવે તેમને આ મંદિરો જડતાના કોટકિલ્લા જેવા લાગે છે અને પ્રભુ આવાં મંદિરોમાં કેવી રીતે હોઈ શકે એવો પ્રશ્નાર્થ ઉદ્ભવે છે. અહીં માર્ક્સવાદી વિચારસરણીનો પ્રભાવ વરતાય અને કવિનું 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે' કાવ્ય પણ યાદ આવે. પ્રભુ માત્ર મંદિરમાં નથી પણ સર્વત્ર છે અંતિમ પંક્તિઓમાં કવિ કહે છે :

**દેવનાં મંદિરોની – આ મનુષ્યોની જ શી દશા ?**
**આજે વિદેશીને હાથે થયાં છેક જ જર્જર**
**દેશી મુજ, – દેવનાં એ જોવા આવ્યો છું મંદિર.**

અહીં મંદિરો એ મંદિરો નથી રહેતાં, પણ મંદિર – મનુષ્યો એકરૂપ થઈ ગયાં છે. મંદિરો જો વિદેશીઓને હાથે જર્જરિત થઈ ગયાં છે તો મનુષ્યોની પણ એ જ દશા છે. આમ, મંદિરોનાં શિલ્પ અને સ્થાપત્યની વાત કરતાં કરતાં કવિ વર્તમાન સમયની સામાજિક વિષમતા અને પરાધીન દેશની પ્રજાની કરુણા સુધી પહોંચે છે.

વર્ણાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસ અહીં ઉત્તમ રીતે પ્રયોજાયા છે. મંદિરો – કંદરો, મંદિરો – ગોપુરો, અને – પ્રદેશને, રચાવિયાં – સુહાવિયાં, થકી – ટકી, અમર્ષમાં – વર્ષમાં, હળે – પળે, લટકેલ છે – મૂકેલ છે, ઉપહાસમાં – ફણા સમા, નમી – જમીં, તણી – રણી, વડા – કેવડા, પથ – રથ, ભવ્યતા – રમ્યતા, નહો – અહો, અલ્પના – કલ્પના વગેરે અંત્યાનુપ્રાસો કે 'વીંધતો રેલગાડીમાં વટાવી વન ને વડાં', 'મેદાનો માપતો', 'ખેડેલા ખેતરે', 'તાલઝુંડોની પૂંઠે તોતિંગ', 'મંદિરો – કૈંક ખંડેરો', 'દેવો – ભૂદેવો' જેવા વર્ણાનુપ્રાસો કાવ્યના ભાવને પુષ્ટ કરવામાં મહત્ત્વનું કાર્ય કરે છે. એ જ રીતે કવિએ અહીં વિશાળતાસૂચક પર્યાયવાચી શબ્દો પણ અઢળક પ્રયોજ્યા છે. ત્રણ વાર 'ભૂમા' શબ્દ આવે છે. ત્રણેય વાર એ અલગ-અલગ સ્તરે પ્રયોજાય છે. ઉમાશંકરના આ કાવ્યની નોંધ બહુ લેવાઈ નથી પણ મંદિરોને નિમિત્તે કવિની જે આંતરયાત્રા ચાલે છે અને એમાંથી જે દર્શન પ્રગટે છે તેને કારણે આ કાવ્ય મહત્ત્વનું બને છે.

r

# ગ્રીષ્મનો 'મધ્યાહ્ન'

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

## મધ્યાહ્ન

હતી ક્ષિતિજ હાંફતી, પ્રખર ધોમ ધખતો હતો.
અઘોર અવધૂત-શી હતી છટા જ મધ્યાહ્નની.
વિલાઈ ભયદૂબળી નહિ-શી છાંયડી સૌ બની.
અને અખિલ રોમ રોમ અવકાશ બળતો હતો.
હતો પવન એહ? કે ભભૂકતો શું ભડકો હતો?
ઝળેળી ઊઠતાં અરણ્ય તરુઝુંડ ને ઝાંખરાં,
જરી છણછણી ઊઠ્યાં ઝરણનાં મૂંગાં ઝાંઝરાં,
નિરગ્નિ દવ સૃષ્ટિને પટ અફાટ ભમતો હતો.

હતું સકલ શાન્ત, છાતી મહીં મેંય નિઃશ્વાસ તો
હતો દીધ દબાવી, ત્યાં લઘુક એક વંટોળિયો
ઊઠ્યો કહીંથી ને પૂંઠે પકડવા જ જાણે જતો
ન હોય ત્યમ, વાડ પાછળથી કોઈ ખર ભોળિયો
પડ્યો સૂકલ ખેતરે ગજબ હોંચી હોંચી કરી.
સજીવ થઈ સૃષ્ટિ હાશ! અવનીની મૂર્છા સરી.

અમદાવાદ, ૪-૬-૧૯૪૫

**વિ**શ્વના પ્રત્યેક ભાષાસાહિત્યમાં પ્રકૃતિકવિતાની સમૃદ્ધ પરંપરા દૃષ્ટિગોચર થાય છે. કોઈ પણ દેશકાળની, કોઈ પણ ભાષાની કવિતાને આ સનાતન વિષય વિના ચાલ્યું નથી. અર્વાચીન ગુજરાતી સાહિત્યના એક અગ્રણી કવિ ઉમાશંકર જોશીએ સૌંદર્યધામ માઉન્ટ આબુમાં ઑક્ટોબર ૧૯૨૮માં રચેલી પોતાની પ્રથમ કવિતા 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા' નામક સૉનેટની અંતિમ પંક્તિમાં મંત્રદીક્ષા જેવી પંક્તિ મૂકી છે : 'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.' આ પંક્તિ એક દૃષ્ટિએ કવિતાની ગંગોત્રીનો નિર્દેશ કરે છે. વિશ્વભરમાં કાવ્યનિર્ઝર પ્રસ્ફુટિત થયું છે પ્રકૃતિસૌંદર્યના પાનથી. પ્રકૃતિસૌંદર્યપાન અને પ્રકૃતિસૌંદર્યગાન આદિકાળથી કવિઓની ઇષ્ટ પ્રવૃત્તિ રહી છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો દલપત-નર્મદથી માંડી આજ સુધીના બધા જ મહત્ત્વના કવિઓએ પ્રકૃતિકવિતા રચી છે. પ્રકૃતિકવિતામાં ઋતુઓ



અને દિવસના વિવિધ પ્રહરો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઉમાશંકરની આ રચના મધ્યાહ્ન, વિશે છે. કાવ્ય પર દૃષ્ટિપાત કરતાં ખ્યાલ આવે છે કે આ ઉનાળાનો બપોર છે, ગ્રીષ્મનો મધ્યાહ્ન છે. પોતાનું પ્રથમ કાવ્ય – પ્રકૃતિકાવ્ય સૉનેટમાં રચનાર ઉમાશંકરનું સૉનેટ પ્રિય સાહિત્યસ્વરૂપ છે. સાક્ષરયુગના સમર્થ સાક્ષર કવિ બ. ક. ઠાકોર દ્વારા પ્રસ્થાપિત થયેલ આ કાવ્યસ્વરૂપ ઉમાશંકરનું પણ લાડકું સ્વરૂપ છે. ઉમાશંકરે સંખ્યાબંધ નમૂનેદાર સૉનેટો લખી સૉનેટસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. 'મધ્યાહ્ન' ઉમાશંકરનું નોંધપાત્ર સૉનેટ છે.

સૉનેટના ત્રણ પ્રકારો પૈકી પેટ્રાર્કશાઈ સૉનેટ પ્રત્યે કવિને પક્ષપાત લાગે છે. તેમણે આ પ્રકારનાં સૉનેટો વધુ સંખ્યામાં લખ્યાં છે. આ પ્રકારના સૉનેટમાં અષ્ટક અને ષટ્ક એવું વિભાજન હોય છે. પેટ્રાર્કશાઈ સૉનેટનો સર્જક અષ્ટકમાં વિષયની માંડણી કરતો હોય છે. આ સૉનેટમાં કવિ અષ્ટકમાં ગ્રીષ્મના મધ્યાહ્નનું તાદૃશ ચિત્ર ખડું કરે છે. પ્રથમ પંક્તિમાં જ સજીવારોપણ અલંકાર દ્વારા કવિ પ્રકૃતિની જીવંતતા, સજીવતા નિર્દેશે છે. દ્વિતીય પંક્તિમાં સમુચિત ઉપમા દ્વારા મધ્યાહ્નની અઘોર અવધૂત સાથે સરખામણી સૂચવાય છે. ગ્રીષ્મના મધ્યાહ્ને સૂર્યનાં સીધાં કિરણો પૃથ્વી પર પડતાં હોઈ પડછાયો ટૂંકામાં ટૂંકો, નહિવત્ પડે એ પ્રાકૃતિક વિગતને કવિ કવિત્વમય રૂપે રજૂ કરતાં પડછાયાને 'છાંયડી' (અહીં કોઈને 'બાયડી' યાદ આવે !) કહી તે 'વિલાઈ', 'ભયદૂબડી' 'નહિ-શી' બની એમ કહે છે. સર્વ દેશકાળની સ્ત્રીઓમાં પાતળા (દૂબળા) થવાનો ક્રેઝ હોય છે એ આપણે જાણીએ  છીએ. 'છાંયો'ને સ્ત્રીલિંગનું રૂપ આપી કવિ સ્ત્રીઓની એ મનોવૃત્તિનો સંકેત કરતા હોય એવું કોઈને લાગી શકે.

પ્રથમ પંક્તિમાં 'પ્રખર ધોમ ધખતો હતો.' કહી કવિ ચતુર્થ પંક્તિમાં 'અને અખિલ રોમ રોમ અવકાશ બળતો હતો.' એમ કહે છે. આ રીતે પ્રથમ અને ચતુર્થ પંક્તિમાં સીધા વિધાન કરનાર કવિ દ્વિતીય અને તૃતીય પંક્તિમાં આલંકારિક રીતે મધ્યાહ્નની બે સ્થિતિઓને સહોપસ્થિત (juxtapose) કરે છે.

અષ્ટકના પ્રથમ ચતુષ્કમાં કવિએ ગ્રીષ્મના મધ્યાહ્નનું જે રૂપ દર્શાવ્યું તેને બીજા ઍંગલથી બીજા ચતુષ્કમાં આલેખે છે. ગ્રીષ્મના મધ્યાહ્નની ઓળખ લૂ વાતા વાયરા દ્વારા થાય છે. આ ચતુષ્કમાં એનું બલિષ્ઠ આલેખન થયું છે. 'હતો પવન એહ ?' એવો સાદો પ્રશ્ન પૂછી કવિ પ્રતિપ્રશ્નથી એનો ઉત્તર આપે છે. 'ભભૂકતો ભડકો' ગ્રીષ્મના વાયરાને ચાક્ષુષ કરી આપે છે. આવા ભભૂકતા ભડકા સમા વૈશાખી વાયરાની પ્રકૃતિનાં અન્ય તત્ત્વો પર શી અને કેવી અસર થાય છે એ કવિ પછીની બે પંક્તિઓમાં દર્શાવે છે. 'અરણ્ય તરુઝુંડ ને ઝાંખરાં' શબ્દો દ્વારા કવિ સમગ્ર વનસ્પતિસૃષ્ટિનો નિર્દેશ કરે છે. આ સૃષ્ટિ ગ્રીષ્મના દાહક વાયરાથી 'ઝળેળી ઊઠે' છે એમ કવિ કહે છે. ઝળેળવું એટલે બળવું. ઉપરની પંક્તિમાં ગ્રીષ્મના પવન માટે ભભૂકતા ભડકાની ઉત્પ્રેક્ષા કર્યા પછી કવિ તેને લીધે સમગ્ર વનસ્પતિ બળી રહી છે એમ કહે એ સ્વાભાવિક જ છે. ગ્રીષ્મની

ઉષ્ણતાથી વનસ્પતિસૃષ્ટિ સળગી રહી છે તો જળની શું સ્થિતિ છે ? ઉપર અરણ્યનો, વનનો ઉલ્લેખ આવ્યો. વનમાં ઝરણાં વહેતાં હોય. ડુંગરાની વચ્ચે ઘેરાયેલા ઈડરમાં માધ્યમિક શિક્ષણ લેનાર અને પોતાને ઇડરિયા પથ્થરો તરીકે ઓળખાવનાર તથા 'ભોમિયા વિના' ડુંગરા ભમવાની ઇચ્છા રાખી 'રોતાં ઝરણાંની આંખ લ્હોવા' માંગનાર ને સૂતાં ઝરણાંને જગાડનાર આ કવિ અહીં ગ્રીષ્મની આ મધ્યાહ્ને 'ઝરણનાં મૂંગાં ઝાંઝરાં', 'જરી છણછણી ઊઠ્યાં' એમ કહી એક આસ્વાદ્ય દશ્ય-કલ્પન સર્જે છે. 'ઝરણનાં મૂંગાં ઝાંઝરાં' કહી કવિ ઝરણને ઉશનસ્‌ની 'પ્રિયવચનમંદસ્મિતવતી' નવોઢા કલ્પતા ન હોય ? 'જરી છણછણી ઊઠ્યાં'માં શ્વસુરગૃહમાં અકળાઈ ઊઠેલી નવોઢાનો રોષ પ્રગટી ઊઠતો નથી અનુભવાતો ? 'છણછણી'માં 'છણકા'નો ધ્વનિ સંભળાય છે. આ પંક્તિનો સજીવારોપણ પણ પ્રકૃતિની જીવંતતાનો નિર્દેશ કરી રહે છે.

આ ચતુષ્કની ત્રણ પંક્તિઓમાં ગ્રીષ્મના મધ્યાહ્નની ઉષ્ણતાની જે કલ્પના કરી છે તેમાં થોડીક અતિશયોક્તિ જણાય તો ચતુર્થ પંક્તિમાં કવિ થોડી પાછી પાની કરી જાણે સ્પષ્ટતા ન કરતા હોય એમ કહે છે ગ્રીષ્મમાં સ્થૂળ રૂપમાં અગ્નિ નથી હોતો પણ એની અસર અગ્નિથી જરાય ઓછી નથી. 'નિરગ્નિ દવ'નો વિરોધાભાસ ગ્રીષ્મની ઉષ્ણતાને સુપેરે સૂચવી રહે છે. 'સૃષ્ટિને પટ અફાટ'ની સ્વરવ્યંજન સંકલના, આંતરપ્રાસ ગ્રીષ્મની ઉષ્ણતાની ઉગ્રતા ઉપસાવી આપે છે.

આ રીતે સૉનેટના અષ્ટકમાં ગ્રીષ્મના મધ્યાહ્નની ઉષ્ણતાની ઉગ્રતા પ્રખર રીતે, પ્રબળ રીતે ઉપસાવી આપી ષટ્‌કમાં જીવસૃષ્ટિ પર, ખાસ તો પ્રાણીસૃષ્ટિ પર તેનો પ્રભાવ કેવો પડે છે એ એક દૃષ્ટાંત દ્વારા કવિ સહેજ વળાંક સાથે વર્ણવે છે.

ઉનાળાના બળબળતા બપોરે આકાશમાંથી અગ્નિવર્ષા થતી હોય ત્યારે સૃષ્ટિમાં શી સ્થિતિ છે તે સ્પષ્ટ કરતાં ષટ્‌કના આરંભે જ કવિ કહી દે છે, 'હતું સકલ શાન્ત.' આપણે જાણીએ છીએ કે ગ્રીષ્મની ગરમી જ્યારે તીવ્રતમ સ્તરે પહોંચે છે ત્યારે પશુ-પક્ષી સહિત મનુષ્યો પણ શક્ય હોય ત્યાં સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળે છે. સાંજે માનવમેદનીથી છલકાતા રસ્તા ભર બપોરે તો જાણે કે સંચારબંધી ન હોય એમ સૂમસામ લાગે છે. કવિએ તો ત્રણ શબ્દોમાં જ આ આખી સ્થિતિ સૂચવી દીધી છે. આ પરિસ્થિતિનો પ્રભાવ માનવસમાજ પર શું પડે છે તે કવિ પોતાના સંદર્ભે જ દર્શાવે છે : 'છાતી મહીં મેંય નિઃશ્વાસ તો હતો દીધ દબાવી.' પરિસ્થિતિ એટલી બધી અકળામણી છે, અસહ્ય નહીં તો દુષ્કર તો છે જ તેથી મનુષ્ય નિઃશ્વાસ નાંખવા સિવાય બીજું કરી પણ શું શકે ? પરંતુ બધા મનુષ્યોની દશા એકસમાન હોય ત્યાં કોણ કોની સમક્ષ નિસાસો નાંખે ? એટલે તો કવિ કહે છે કે નિઃશ્વાસ પણ મનુષ્યો છાતીમાં દબાવી રાખે છે. કંઈક વિચારશીલ, સમજદાર મનુષ્ય તો અનિવાર્ય પરિસ્થિતિનો, મને-કમને સ્વીકાર કરે છે. પશુ-પક્ષીઓ પણ કંઈક આવી જ સમજદારી પ્રદર્શિત કરે છે. પરંતુ પ્રાણી-સૃષ્ટિમાં એક પ્રાણી તો એવું છે જેનામાં સમજદારીનો અભાવ છે. તેથી તો જે મનુષ્યમાં સમજદારીનો



અભાવ હોય એને આપણે 'ગધેડો' કહેતા હોઈએ છીએ. કવિને તો આ ઓછી અક્કલવાળા પશુ પ્રત્યે પણ સહાનુકંપા છે તેથી તેને માટે 'ખર ભોળિયો' એવા સમભાવયુક્ત શબ્દો પ્રયોજે છે. આ ભોળો કે મૂરખો ખર, ગર્દભ, વૈશાખનંદન ગ્રીષ્મના મધ્યાહ્ને કરે છે શું ? સમજદાર મનુષ્યોથી સાવ વિપરીત વર્તન તે કરે છે. સમજદાર મનુષ્ય નિઃશ્વાસ પણ દબાવી રાખે છે, આ ભોળિયો ખર હોંચી હોંચી કરી સૃષ્ટિને ગજવી મૂકે છે.

અલબત્ત ગર્દભ પણ સાવ મૂરખ તો નથી જ. ગ્રીષ્મની ગરમીમાં તે પણ ખેતરની વાડ પાછળ કદાચ કોઈ ઝાડ નીચે છાંયામાં આરામ કરતો હશે, પણ વૈશાખી વાયરા ક્યારેક વાવંટોળનું રૂપ પણ ધારણ કરતા હોય છે. એવો એક નાનો વંટોળિયો ક્યાંકથી ઊઠે છે ત્યારે બાળ હનુમાન જેમ સૂર્યના ગોળાને ઝાલવા ઊડ્યા હતા અને નાનાં બાળકો રાત્રે ચાંદો લેવા માટે મા આગળ જીદ કરતા હોય છે તેમ બાળકબુદ્ધિનો ભોળો ખર વંટોળિયાને પકડવા આમથી તેમ દોડાદોડ કરે છે અને અંતે થાકીને, હારીને ખેતરમાં હોંચી હોંચી કરી પોતાનો નિઃશ્વાસ પ્રગટ કરી પડે છે. સમજુ મનુષ્ય જે ઉકળાટ, અકળામણ, નિઃશ્વાસ દબાવી રાખે છે એ આ અણસમજુ કે અલ્પસમજું ભોળિયો ખર મુખરપણે વ્યક્ત કરી દે છે. 'પડ્યો સૂકલ ખેતરે'માં આવતું 'સૂકલ' વિશેષણ દહેલીદીપક ન્યાયે ખર અને ખેતર બંનેને લાગુ પડે એવું છે. વર્ષાવિહોણું, જળવિહોણું ખેતર સુકાયેલું હોય એ સ્વાભાવિક છે. પણ 'સૂકલ'ના અન્ય અર્થો 'કૃશ', 'દૂબળું' પણ થાય છે. તેથી તે ગર્દભ માટે પણ લાગુ પાડી શકાય.

આઘાત અને પ્રત્યાઘાત સૃષ્ટિનો નિયમ છે. ગ્રીષ્મની ગરમીના આઘાતે સૃષ્ટિ પર પ્રગટાવેલા પ્રત્યાઘાતને કવિ સૉનેટમાં વર્ણવે છે, ખાસ તો અષ્ટકમાં. ષટ્‌કમાં મુખ્યત્વે ખરનો પ્રત્યાઘાત વર્ણવાયો છે. પણ એ પ્રત્યાઘાતનો પણ પ્રત્યાઘાત (પડઘાનો પ્રતિધ્વનિ ?) પણ પડવાનો તો ખરો જ. સૉનેટની અંતિમ પંક્તિમાં કવિ એ પ્રગટ કરે છે : 'સજીવ થઈ સૃષ્ટિ હાશ !' આ સાંભળી આપણને પ્રશ્ન થાય કે શું સૃષ્ટિ નિર્જીવ હતી ? સૃષ્ટિ નિર્જીવ તો હોઈ જ ન શકે. અષ્ટકમાં તો કવિએ સજીવારોપણ દ્વારા સૃષ્ટિની સજીવતા વ્યંજિત કરી છે. તો 'સૃષ્ટિ સજીવ થઈ' એવું કવિને કેમ કહેવું પડ્યું ? આવો પ્રશ્ન પુછાશે જ એનું અનુમાન કરી કવિ સ્પષ્ટતા કરી દે છે : 'અવનીની મૂર્છા સરી.' અવની, પૃથ્વી, સૃષ્ટિ ગ્રીષ્મમાં નિર્જીવ નથી થતી. હેમંત, શિશિરમાં ઠંડીથી ઠૂંઠવાઈ ગયેલી, મૂરઝાઈ ગયેલી અવની, પૃથ્વી વસંત ઋતુમાં તો નવજીવનથી પલ્લવિત થાય છે, પુષ્પિત થાય છે, પ્રફુલ્લિત થાય છે. આ અવની વસંત પછી તરત આવતા ગ્રીષ્મમાં નિર્જીવ, નિષ્પ્રાણ તો નથી થતી પણ મૂર્છિત થાય છે. જે પૃથ્વીને બુદ્ધિશાળી મનુષ્ય કે પક્ષીઓ ચેતનવંતી કરી શકતા નથી તેને આ એક ભોળિયો ખર એની મૂર્ખતાપૂર્ણ ભાસતી હરકત દ્વારા સજીવ કરી રહે છે એમ કહી કવિ જગતમાં આવા અબુઝ, મૂર્ખ જણાતા પ્રાણીનો પણ મહત્ત્વનો રોલ છે એમ સમભાવપૂર્વક સૂચવે છે.

ઉમાશંકરનું આ સૉનેટ તેમના કાવ્યસંગ્રહ 'આતિથ્ય'માં સમાવિષ્ટ છે. કવિની કાવ્યયાત્રાના દ્વિતીય સ્તબકનો આ સંગ્રહ, સ્વયં કવિએ કહ્યું છે તેમ એમના અન્ય સંગ્રહોથી જુદો પડે છે. ૧૯૪૫ની ૪થી જૂને અમદાવાદમાં આ સૉનેટ સર્જાયું છે. મે-જૂનનો અમદાવાદનો ઉનાળો જેણે અનુભવ્યો છે એને આ રચનાની અનુભૂતિ પોતાની હોય એમ લાગશે. ત્રણેક અઠવાડિયાં પહેલાં ઉમાશંકરે 'ગ્રીષ્મગીતા' પણ લખ્યું છે જેમાં વૈરાગ્યના અનાહત નાદ સંભળાય છે. આ કાવ્યમાં કવિએ ઉનાળાના ગ્રામસમાજનું ચિત્ર ગૂંથી લીધું છે. 'આતિથ્ય' (૧૯૪૬) પછી કવિ 'વસંતવર્ષા' (૧૯૫૪) નામક સંગ્રહ આપે છે એ પરથી છ ઋતુઓ પૈકી વસંત અને વર્ષા (ઋતુઓનાં રાજા-રાણી) કવિની પ્રિય ઋતુઓ છે એ સમજાય છે. આમ હોવા છતાં ગ્રીષ્મની પણ કવિએ અવગણના નથી કરી એ આ કાવ્ય પરથી જોઈ શકાય છે. 'ગંગોત્રી'નું 'મારી ઋતુઓ' સૉનેટ પણ જોવા જેવું છે.

'નિશીથ' સંગ્રહ આપનાર કવિને દિવસના પ્રહરો પૈકી સવાર, સાંજ, રાત વધુ આકર્ષે છે એ સાચું પણ મધ્યાહ્નને પણ કવનવિષય બનાવી તેમણે યાદગાર બનાવ્યો છે. રાજેન્દ્ર શાહે જે રીતે 'શ્રાવણી મધ્યાહ્ને' દ્વારા મધ્યાહ્નનું ઋજુ-રમ્ય રૂપ અંકિત કર્યું છે તેમ ઉમાશંકરે અહીં ગ્રીષ્મના મધ્યાહ્નનું ઉગ્ર-ઉષ્ણ રૂપ સુપેરે કંડાર્યું છે. પ્રથિતયશ કવિએ આ સૉનેટમાં ભાવને અનુરૂપ છંદ (પૃથ્વી) યોજ્યો છે અને આવશ્યક અલંકારો, સમુચિત શબ્દો દ્વારા, પેટ્રાર્કશાઈ સૉનેટ માટે જરૂરી ભાવપલટા, ઊથલા દ્વારા નમૂનેદાર સૉનેટ સર્જ્યું છે. કવિનું આ બલિષ્ઠ કાવ્ય ગુજરાતી સાહિત્યનાં નોંધપાત્ર પ્રકૃતિકાવ્યોમાં સ્થાન પામે તેવું સમૃદ્ધ બની શક્યું છે.

r

### ડુંગરોના પડછાયા—

*ડુંગરોના પડછાયા તળાવમાં કોરાના કોરા;*
*ઊડતી ટિટોડીની ચીસથી ભીનો થતો ડુંગરોનો કંઠ.*
*ડુંગરોના ડાયરામાં હળવા વાયરાની અદીઠ દોટમદોટ*
*યુગોથી થાક્યાંપાક્યાં હાડમાં કળતર ઉપજાવી રહે.*
*પાનખરનાં ઝાંખરાં ડુંગરોનો બરડો ખંજવાળે છે.*

દિલ્હી, ૨૦-૧૧-૧૯૭૯



# કંચવાનો કાચો રંગ સાચવવાની મથામણ

**સંજુ વાળા**

## શ્રાવણ હો !

શ્રાવણ હો!
અરધી વાટે તું રેલીશ મા,
મારી ભરી ભરી હેલ, છેડીશ મા!
અરધી વાટે તું રેલીશ મા.
ઝોલાં લે ઘન ગગનમાં, સરવર ઊછળે છોળ.
છાલક જરી તુજ લાગતાં હૈયું લે હિલ્લોળ.
અરધી વાટે...

આછાં છાયલ અંગનાં જોજે ના ભીંજાય,
કાચા રંગનો કંચવો રખેને રેલ્યો જાય.
અરધી વાટે...

શ્રાવણ! તારાં સરવડાં, મોરી અખિયનધાર;
તું વરસીને રહી જશે, એના બારો માસ નિતાર.
અરધી વાટે તું રેલીશ મા,
શ્રાવણ હો!

અમદાવાદ, ૨૦-૭-૧૯૪૫

**કો**ઈ પણ સર્જનઉપક્રમથી એના સર્જકને અળગો ઓળખવો અથવા નિજસંવેદનની નિપજ લેતા દ્રષ્ટા તરીકે જ જાણવો-માણવો, એ બંને, કૃતિ સાથેના અવ્યવહાર જેવું લાગે. કૃતિ બોલે તેમ બોલવા દઈએ તો રસ અને સૌંદર્યના વધુ વળ ઊખળે. ઉમાશંકરની આ કાવ્યરચના 'શ્રાવણ હો' પાસે જતા ઘણા દિવસથી આવો ભાવ થાય છે.

શ્રાવણ હો... એક નાયિકાના અચાનક અને સહજ ઉદ્‌ગારથી કાવ્યની પ્રથમ પંક્તિ રચાઈ છે. આ ઉદ્‌ગાર અને પછીના પ્રાસાનુપ્રાસ એને ગીતનો મુખબંધ કહેવા પ્રેરે. પણ, પછીથી આવતા ત્રણ દોહરા અને છેલ્લે ફરી એક પંક્તિ અને આ ઉદ્‌ગાર, આ રચના નાયિકાની મનઃસ્થિતિ જેવી અરધા-અરધામાં વહેંચાયેલી જણાય છે. આમ તો, નાયિકાનું શ્રાવણને ઉદ્‌બોધન છે. આ ઉદ્‌ગારમાં 'હો' ભળતાં એની જુદી વાક્‌ભાત રચાય છે. અરધી વાટે આવી ચડીને બધું રેલમછેલ કરી મૂકે એવા સ્વભાવનો છે આ શ્રાવણ. પણ અરધી એટલે ? જતા કે આવતાની ? કવિ બીજી પંક્તિ રચીને ઉત્તર આપે

છે : 'મારી ભરી ભરી હેલ', – જળ તો ભરાઈ ચૂક્યું છે. અંદર-બહાર એકાકાર થાય તો ? જીવન તો ઝંખે. પણ નાયિકા અરધી વાટે છે. એ વયની હોય તો સંસ્કૃતિ ના પાડે અને સંબંધની હોય તો સર્વાર્પણભાવ. નિષ્ઠાનિધાન છે આ નાયિકા. એના સ્વરમાં વિનવણી પણ છે અને સ્થિતિ જોતાં સંદેહ પણ.

શ્રાવણનો હીંડોળો ઝાકમઝોળ છે એની છાલક લાગે તો હૈયું પણ ઝોલે ચડવાની ભીતિ છે. એટલે જ તો રેલવાની મનાઈ ફરમાવાઈ છે. બીજો દોહો નર્યા સૌંદર્યના નિખારરૂપ અવતર્યો છે. જુઓ... આ અનુભૂતિગમ્ય સંરચનને ભાષાના સ્તરે પણ જાણવા-માણવા.

**આછાં છાયલ અંગનાં જોજે ના ભીંજાય,**
**કાચા રંગનો કંચવો રખેને રેલ્યો જાય.**

નાયિકાનું મન તો આર્દ્ર છે જ. પણ ઓઢેલો સાલ્લો પણ એવો જ મલમલી છે. આ આછું છાયલ, કાચા રંગના કંચવાને આરક્ષિત રાખે છે. છતાંય એના ભીંજાવાની બીક નથી. પણ કાચા રંગના કંચવાનો રંગ રેલાઈ જાય તો ? માંડ, પકડીને રાખ્યા છે હૃદયભાવને. અંદરની વાતને બહાર આવતા પછી રોકી નહીં શકાય અને આવું બધું અરધી વાટે થાય એ કરતાં તું આવી છેડછાડ ના કરે એ જ બહેતર છે. હવે જુઓ શ્રાવણનું સ્વરૂપ. સાવ સામે, મોઢાંમોઢ આવીને ઊભો છે ને ? કાચા'ને કંચવો તથા રખે'ને રેલ્યોની આંતરિક સંયોજના આછાં છાયલથી જરાપણ જાડી નથી. એટલે જ તો ભરી હેલને વધારે છલકવા દેવાય તેમ નથી. અને આ શ્રાવણનું ભલું પૂછો. એ તો આખ્ખાયે ગગનને ઝોલે ચડાવી બેઠો છે. પ્લીઝ, જરાક નાયિકાના આંતરગગનનેય વિચારોને ! પછીથી નવા સંદર્ભો ખૂલવા પામે તો તે તમારી અંગત ભાવકક્ષમતા.

ત્રીજો દોહરો જરા વધુ ભાવપ્રવણ છે. આભના અને આંખના સરવડાંનું એકાકાર થવાની ઘડી સામે ઊભી છે. શા માટે શ્રાવણમાં આંખ વરસે ? શ્રાવણ વરસે તો તન-મન ભીંજાય અને આહ્લાદક અનુભવ થાય. પણ આપણી આ નાયિકા તો વરસીને ઘડી – બે ઘડીમાં રહી જાય. પણ અંદરનું જે માંડ પકડી રાખ્યું છે એને જાગ્રત કરી જાય. અને પછીથી તો તેના બારેમાસ નિતાર જ ખમવા રહે. નાયિકાની આ સ્થિતિ કાંઈ સાંપ્રતની નથી, આ તો ચિરવિરહિણી નારી છે. એ ના છંછેડાય, ના છેડાય એ જ ઉચિત. આમ, આ ભાવાત્મક ગાન પૂરું થાય છે. છેલ્લા દોહરામાં 'એના' જેવો શબ્દ મૂકીને સ્પષ્ટતા સાધવાની કાવ્યરીતિ જરાક લયનો હડદોલો ખમે છે. પણ દેશીઓમાં આવું થાય. અને રચના પણ ગાનપ્રકારની જ તો છે ને ? રચના ઋતુસંબોધનની છે, ઋતુવર્ણન કે ઋતુઅનુસંધાનની નથી.

ઉમાશંકર જોશી જેવા આપણી ભાષાના બહુશ્રુત અને મેધાવી, સાક્ષરકવિ આવા હળવાફૂલ કાવ્યપાસે થંભે ત્યારે ગુજરાતી કવિતાએ જરાક ઝીણવટથી પાછું વળીને જોવું જોઈએ અને એનાં લેખાંજોખાં પણ આવા પ્રકારની રચનાઓ લઈને વિગતે કરવા જોઈએ.



# ઉન્મત્ત પ્રેમ અને ઘેરા વિષાદની બેવડી ભાત

*વિનોદ જોશી*

## ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય....

ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય કે ચૈતર કોણે દીઠો રે હો
વ્હાલા મોરા જોબન ઝોલાં ખાય કે ઝૂલણો લાગે મીઠો રે હો
ગોરી મોરી હૈયાં ઢળી ઢળી જાય કે ઝૂલશો ક્યાં લગી રે હો
વ્હાલા મોરા ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિન્દગી રે હો
ગોરી મોરી ચૈતર ચાલ્યો જાય કે વૈશાખ વહી જશે રે હો
વ્હાલા મોરા આ શો અધીરો થાય કે આજ ઓછી કાલે હશે રે હો
ગોરી વ્હાલે મેલી આંબલિયાની ડાળ કે ચાલ્યા ચાકરી રે હો
લાગી ઊઠી વૈશાખ-જેઠની ઝાળ કે વેળા આકરી રે હો
આવી ત્યાં તો આષાઢી મેઘ સંભળાય, ગોરીનો ભીંજ્યો કંચવો રે હો
વ્હાલા મોરા ફાગણ પાછો લાવ કે ચૈતર ક્યાં મૂક્યો રે હો
આભમાં ફરકે શ્રાવણવીજ, ગોરીની રૂઠી આંખડી રે હો
વ્હાલા મોરા બીજની ન કરજે ત્રીજ, ભીંજાતી મેં અહીં ખડી રે હો

અમદાવાદ, ૧૯૩૮

**મિ**લન અને વિરહની સ્થિતિઓમાં ઘૂંટાતા પ્રેમનું સ્વાભાવિક અને નિરાળું નિરૂપણ અહીં થયું છે. લગભગ નાટ્યની કક્ષાએ પહોંચી જાય તે પ્રકારનો ક્રિયાવેગ અને ભાવભંગિમાઓનો અદ્‌ભુત સમન્વય અહીં મળે છે. નાયક, નાયિકા અને પ્રવક્તાની ત્રિપુટી આપણને ઉન્મત્ત પ્રેમ અને ઘેરા વિષાદની એમ બેવડી ભાતમાં એક પછી એક મૂકી આપી વિલક્ષણ ભાવશબલતાનો અનુભવ કરાવે છે.

વસંતઋતુની માદકતા અને તેના પ્રભાવમાં નાયક-નાયિકાના પ્રેમના ઉછાળાનું આલેખન કરતી અનેક રચનાઓ આપણા સાહિત્યમાં ઉપલબ્ધ છે. પણ અહીં તો એક સાથે ભાવ અને ભાષાની વૈવિધ્યપૂર્ણ તેમજ મોહક મુદ્રાઓથી કંઈક આગવો જ સૌંદર્યલોક અનુભવાય છે.

કાવ્યનો પ્રારંભ 'ગોરી મોરી' એવા સંબોધનથી થાય છે. કવિ વિશેષણને નામ બનાવી દે છે અને પછી તેના પર પોતાના અધિકારની મહોર મારે છે. પ્રિયતમા ગોરી છે અને પોતાની છે તેવું સાનંદ અનુભવતો કાવ્યનાયક ફાગણનો મતવાલો ખેલૈયો છે. વાસંતી પ્રભાવ એને એટલો તો ઉન્મત્ત બનાવી મૂકે છે કે ચૈતરના આગમનની એ

ઐતીતૈસી કરીને જ ચાલે છે. કાલની ચિંતામાં આજનો લ્હાવો જતો કરવાનું એને પરવડતું નથી. અને કાવ્યનાયિકા પણ એવી જ મદીલ છે. પ્રિયતમના પ્રેમના ઝૂલે એ જોબનને ઝુલાવતી ઝૂલી રહી છે. જોબન એને વશ નથી અને ઝૂલવું એને મીઠું લાગી રહ્યું છે. ઝૂલવાની ક્રિયા સાથે પ્રેમના સ્વાદને જોડી દઈ કવિ રમણીય ભાવપ્રદેશને ઉઘાડે છે.

'વ્હાલા મોરા' કહીને પોતાના ગળચટ્ટા અનુભવનો એકરાર કરી લેતી નાયિકા વસંતને વશ છે એટલી જ પ્રિયતમને પણ વશ છે. એને માટે તો પ્રિયતમ સ્વયં ઝીલનાર અને ઝુલાવનાર બંને છે. આ ઝૂલો વિશિષ્ટ તો છે જ પરંતુ મનભાવન પણ છે. તેથી તેનાથી છૂટવાનું તો મન થાય જ કેમ ? 'ઝૂલશો ક્યાં લગી રે' એવા પિયુના પ્રશ્નનો ઉત્તર એટલે તો એ યથાશીઘ્ર આપી દે છે : 'વ્હાલા મોરા ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિંદગી રે હો'. આખાયે આયખાનો હવાલો આપી દઈ નાયિકાએ પ્રેમના ઝૂલે સતત ઝૂલતા રહેવાનો મનસૂબો જાહેર કરી દીધો. ઉત્તરની ઘનતા અને તીવ્રતામાં પ્રેમના છાક અને છાલક બેઉનો પરિચય મળી જાય છે.

પણ 'ચૈતર કોણે દીઠો' જેવો નાયકનો બેફિકરાઈભર્યો અગાઉનો ઉદ્ગાર હવે 'ચૈતર ચાલ્યો જાય' અને વૈશાખ વહી જશે રે' એવી વાસ્તવિકતા અને આશંકામાં બદલાઈ ગયો. નાયિકા તો હજી ઉન્મત્ત છે. એ તો વાસંતી ઉન્માદમાં જાણે ભાન ભૂલી ગઈ છે. નાયક હાથથી છૂટી જતા ફાગણ-વૈશાખથી સભાન પરંતુ અધીર છે. આ લ્હાવો ચાલ્યો જવાનો એવી ભીતિમાં એને નાયિકા આશ્વસ્ત કરતાં કહે છે : 'વ્હાલા મોરા આ શો અધીરો થાય કે આજ ઓછી કાલે હશે રે હો.'

'આજનો લ્હાવો લીજીએ રે કાલે કોણે દીઠી'ની પુરસ્કર્તા હોય તેવી નાયિકા 'આજ'ને માણી લેવાની અસ્તિત્વપરક ફિલસૂફી વ્યક્ત કરતી અદા ધારણ કરી લે છે. બેઉનું સંવાદીઝુલણ એકમેકને પ્રેમનો અભિષેક કરે છે અને આવનારી 'કાલ'ને પડતી મૂકી બેઉને 'આજ'માં નિમજ્જન કરાવે છે. પણ તે વેળાએ જ અચાનક સંવાદ અટકી પડે છે. 'ગોરી મોરી' અને 'વ્હાલા મોરા'ના ભાવવાહી સંબોધનથી પ્રારંભાતો વિશ્રંભાલાપ સમેટાઈ જાય છે. કોઈ વચ્ચે આવી જઈને માહિતી આપે છે :

**'ગોરી વ્હાલે મેલી આંબલિયાની ડાળ કે ચાલ્યા ચાકરી રે હો.'**

આંબલિયાની ડાળ કે જેને પકડી અત્યાર સુધી ઝૂલતા રહેવાયું તેને 'મેલી' દેવાની ઘડી જાણે અણધારી આવી ગઈ. પ્રિયતમાનો સંગ છૂટી ગયો. કારણમાં તો એટલું કે ચાકરીએ ગયા વગર છૂટકો નહોતો. નાયિકાને તો જાણે એની સરત જ રહી નહોતી. એ તો કોઈ બીજું આવીને કહી ગયું ત્યારે સફાળી જાગી.

પછીનો વખત બહુ આકરો નીકળ્યો. વૈશાખ-જેઠની ઝાળમાં એ જાણે શેકાતી રહી. પિયુવિરહના ઉત્તાપને સહેતી એ વિયોગિની સ્મૃતિમંજૂષામાં સંગોપેલી ફાગણ-ચૈતરની રમ્ય પળોને સંભારતી એકાકી બેઠી હશે ત્યાં જ આષાઢી મેઘ ગોરંભાયાનો અણસાર મળ્યો. વસંતની રમણા વર્ષામાં તો વધુ બહેકી ઊઠી. ભીંજાતા કંચવે હ્દયના



ધબકાર વધારી દીધા અને જાણે ફરી ફાગણની સ્મૃતિમાં નાયિકા ધકેલાઈ ગઈ. કોણ કરે છે આ વાત ? નાયિકા નહીં. કવિએ ખુદ નાયિકાની આ વાત કરવા માટે પ્રવક્તા મોકલ્યો છે. એ આ વિયોગિનીનો વલોપાત આપણી સમક્ષ વર્ણવી રહ્યો છે.

નાયિકાને પોતાનો પિયુ જાણે ક્યાંક આસપાસમાં હોય તેવા ભણકારા વાગી રહ્યા છે. ગ્રીષ્મની દાહકતામાં બળીઝળીને એ એવી તો વિરહિણી થઈ ગઈ છે કે આ આષાઢી ઉદ્દીપનની મારી એ ફરી ઉચ્ચારી બેસે છે :

**'વ્હાલા મોરા ફાગણ પાછો લાવ કે ચૈતર ક્યાં મૂક્યો રે હો'**

એક તરફ ફાગણ-ચૈતરનો સ્મરણલોક ખૂલી ગયો છે અને બીજી તરફ શ્રાવણી વીજ જાણે ગોરીની એકલતાની મશ્કરી કરી રહી છે. પ્રવક્તા ફરી પાછો પ્રવેશે છે અને માહિતી આપી જાય છે.

**'આભમાં ફરકે શ્રાવણ વીજ ગોરીની રૂઠી આંખડી રે હો'**

રોષિત વિપ્રલંભાની પ્રેમોર્મિઓનો ઉછાળ અષાઢી મેઘની જાણે સ્પર્ધા કરે છે. એને આકંઠ ખાતરી છે કે પોતાની એકલતા દીર્ઘકાલીન નથી. પ્રિયતમ પણ પોતાને મળવા અધીરો હશે તેવી હૈયાધારણ હોવા છતાં એ પોતાની અધીરાઈ રોકી શકતી નથી અને જાણે કાકલૂદી કરતી કહી દે છે :

**'વ્હાલા મોરા બીજની ન કરજે ત્રીજ'**

ઊભી ઊભી ભીંજાતી રહેતી પ્રતીક્ષારત નાયિકા જાણે હવે પ્રિયતમના આગમન સુધી અહીંથી નહીં ખસી શકે તેવી મજબૂત ખાતરી આપણને પણ થઈ જાય છે.

આખુંયે ગીત લોકલય-લોકઢાળમાં છે. કવિએ પસંદ કરેલ વિશ્રંભાલાપની પ્રયુક્તિ સરસ સંવાદપરક ભાવોન્મેષ રચે છે. પ્રારંભે સંયોગની અવસ્થિતિ પછીથી વિપ્રલંભમાં પ્રવેશે તેની સાથે ઋતુઓના નિર્વહણને પણ કવિએ પ્રયોજી સપ્રમાણ અને સંતુલિત એવી આકૃતિ રચી છે. કવિ પ્રકૃતિ અને મનુષ્યના સાયુજ્યની તીવ્ર સહોપસ્થિતિ અહીં આલેખે છે અને તેમાંનાં નાયક-નાયિકા સહુ કોઈના પ્રતિનિધિ બની જાય છે. પ્રણયનું નિતાન્ત સૌકુમાર્ય આલેખવામાં કવિએ અપાર કાળજી લીધી છે. લયભાતમાં શબ્દો સમુચિત રીતે આવીને બેસી ગયા છે.

કોઈ કુશળ દિગ્દર્શકને પ્રસ્તુતિ માટે ઉત્તેજક નીવડે તેવી નાટ્યક્ષમતા આ ગીતમાં છે. તેમાંનું કથન પાતળું છે પણ ભાવનિક્ષેપની શક્યતાઓ ભરપૂર છે. તેમાંનો ક્રિયાવેગ અને કાવ્યાંતે સૂચવાતો સ્થિતિબોધ પ્રેક્ષણીય છે એટલો જ ભાવોદ્દીપક પણ છે.

મનુષ્યના હ્દયતલમાં અને તે જ રીતે તેના ભાવ-ભાષા ઇત્યાદિમાં પ્રેમના તીવ્ર અનુભવનો જે સચ્ચાઈભર્યો રણકો રહેલો હોય છે તે અહીં સંભળાય છે; દેખાય પણ છે.

r

# 'ગામને કૂવે' : લોકસાહિત્યના કુળની કવિતા

દલપત પઢિયાર

## ગામને કૂવે

ગામને કૂવે પાણીડાં નહિ ભરું,
 કૂવે કળાયલ મોર, મોરી સૈયરું,
 ગામને કૂવે પાણીડાં નહિ ભરું.

ગામને સરવરિયે ઝીલણ નહિ કરું,
 સરવરિયે ચિત્તડાનો ચોર, મોરી સૈયરું,
 ગામને...

ગામની વાડીમાં કદી નહિ ફરું.
 વાડીમાં પિયુનો કલશોર, મોરી સૈયરું,
 ગામને...

ગામને ચૌટે ઘડીભર નહિ ઠરું,
 ચૌટામાં ચમકે ચકોર, મોરી સૈયરું,
 ગામને...

ગામમાં રહીને જઈ ક્યાં ઠરું?
 ઠાલો એકે ન મૂકે ઠોર, મોરી સૈયરું,
 ગામને...

ગામમાં માતી હું ન'તી ઘૂમતાં,
 તોડ્યો એણે મનડાનો તોર, મોરી સૈયરું,
 ગામને કૂવે પાણીડાં નહિ ભરું.

અમદાવાદ, ૨૨-૫-૧૯૪૫

**ઉ**માશંકરભાઈએ આપેલી માતબર ગીતરચનાઓ પૈકીની આ પ્રતિનિધિ રચના છે. ગ્રામ-પરિવેશના મનોહર ચિત્રણ સાથે નાયિકાના મધુર મનોભાવોનું અને વ્યાકુળતાનું ભાવવાહી નિરૂપણ આ ઊર્મિરચનામાં થયું છે. કૃતિના સર્જક તરીકે, ઘડીભર, ઉમાશંકરભાઈનું નામ કાઢી નાખીએ તો સીધેસીધું આપણાં લોકગીતની શ્રેણીમાં ગોઠવાઈ જાય તેવું આ ગીત છે. એનું આખું વાતાવરણ અને સમગ્ર રૂપવિધાન જોતાં



આ લોકસાહિત્યના કુળની કવિતા છે.

ઉમાશંકરભાઈ પ્રકૃતિ, સંસ્કૃતિ અને લોકના મોટા ઉદ્‌ગાતા છે. પર્વતો જેમ મોઢું ખોલ્યા વગર વર્ષાજળને પીતા હોય છે અને એનો સંચય પછી પથ્થર ફોડીને વહેતો હોય છે તેમ ઉમાશંકરભાઈએ પ્રકૃતિને, લોકને, લોકસંસ્કૃતિને, લોકચેતનાને અવિરત ઝીલ્યાં છે અને ભરપૂર ગાયાં છે. આપણી સમૃદ્ધ લોકપરંપરા, તેના સંસ્કારો, આપણાં લોકગીતો, તેના લય-ઢાળ, તેનાં વહેણ-વલણ, તેનાં છાંટ-છટા તેમણે આત્મસાત્ કરેલાં છે. 'ગામને કૂવે' કૃતિ આ લોકપરંપરાની સમૃદ્ધિ, સંસ્કાર અને સૌંદર્યની ઝાંખી કરાવતી નોંધપાત્ર કૃતિ છે.

'ગામને કૂવે પાણીડાં નહીં ભરું' પંક્તિથી થતો રચનાનો ઉપાડ, તેનાં માંડણી-મરોડ, તેનાં લય-લઢણ, તેનો પટવિસ્તાર અને વિકાસ, તેનો વળાંક-વિરામ અને તેનું સમગ્ર વાતાવરણ પૂર્ણતઃ લોકગીતના પરંપરાગત રૂપબંધ અને ભાવસંસ્કારનો અનુભવ આપે છે. 'મોરી સૈયરું' ઉદ્‌બોધના પણ લોકપરંપરામાં પ્રચલિત સંવાદ કે ગોષ્ઠીના પ્રયોગનું સ્મરણ કરાવે છે. અહીં સહિયરોને સંબોધન છે પણ તેમની ઉપસ્થિતિ સૂચિત પ્રકારની છે. સરવાળે કૃતિનું સ્વરૂપ નાયિકાની સ્વગતોક્તિ પ્રકારનું છે. ઉપાડની પંક્તિ રચનાની ધ્રુવપંક્તિ છે. રૂઢ રીતે આવર્તન પામતી રહે છે પરંતુ અરૂઢ રીતે પડઘાતી રહે છે. વાંચતાંની સાથે જ એ ભાવકના ચિત્તમાં લોકગીતના નૈસર્ગિક લયહિલ્લોળને અને તાલને પણ રચી આપે છે.

રચનામાં ગામ અને ગામનાં કેટલાંક સ્થળોનો સ્થાનવિશેષ અને સ્થિતિવિશેષ તરીકે અનન્ય મહિમા થયો છે. નાયિકાના દિલનો કબજો લઈને બેઠેલું આખું ગામ અને તેનાં પ્રતિનિધિ સ્થાનો સાથેનું નાજુક જોડાણ તીવ્ર અને ઘેરી ઉત્કટતાથી નિરૂપાયું છે. ગામનો કૂવો, ગામનું સરોવર, ગામની વાડી, ગામનું ચૌટું એ નાયિકાના હૃદયમાં કાયમી રીતે વસી ગયેલાં, વસી રહેલાં મુગ્ધ, મનોહર મંગલ સ્થાનો છે. અહીંથી કેટલુંબધું છોડીને જવાનું થયું છે અથવા અહીંનું કેટલુંબધું એમનું એમ, અકબંધ છે જે છૂટ્યું નથી. આજે આ બધું ઊમટ્યું છે, ઊભરાયું છે અને ઘેરી વળ્યું છે. નાયિકાની વ્યાકુળ, મધુર મનઃસ્થિતિનું આસ્વાદ્ય કાવ્યરૂપ હવે અહીં પ્રગટ્યું છે.

રચનાના બધા પંક્તિ-એકમોમાં 'ગામ' આવર્તન પામ્યા કરે છે. આ આવર્તન લોકપરંપરાની શૈલીને તો સચિત કરે છે તે સાથે નાયિકાના ચિત્તમાં 'ગામ' અને ગામ સાથેનો અનુરાગ સ્થાયી ભાવે પડેલો છે તેને પણ ઘનીભૂત કરે છે. નાયિકાના મુખમાં મુકાયેલો 'પાણીડાં નહીં ભરું'માંનો 'નહીં'નો પ્રયોગ લાક્ષણિક છે. વસ્તુતઃ અહીં 'નહીં' એ નકારનો વાચક કે સૂચક નથી. 'ઝીલણ નહીં ઝીલું', 'વાડીમાં નહીં ફરું', 'ચૌટે નહીં ઠરું' એમ વિવિધ પંક્તિઓમાં તેની પ્રયોજના છે. આ પ્રયોજના નાયિકાના મનની ઇચ્છાને, માગણીને બીજે છેડેથી સમર્થન આપે છે. ગામનાં સંભારણાં જે અમીટ સ્મૃતિ રૂપે ચિત્તમાં સ્થપાઈને પડેલાં તે આજે તાજાં થયાં છે. આ સંભારણાંનું અને આ સમયનું સુખ કઈ

પેરે ગાવું, કઈ રીતે વ્યક્ત કરવું એની અહીં મથામણ છે. પોતાના જે ભાવમાં પડેલું છે તેને મહત્ત્વ આપવાની, મોટી બતાવવાની આ નિર્દોષ પ્રયુક્તિ છે.

કૂવે પાણી ભરવા જતાં આખો કૂવો ઊભરાઈ આવે એવું છે. 'કૂવે' તો 'કળાયેલ મોર'નો મુગ્ધ, મધુર મામલો છે. કૂવે પાણી ભર્યાં છે તેનું તો દખ છે ! ઘણી વાર સુખ પણ આમ જુદી રીતે દુખતું હોય છે. કૂવે 'કળાયેલ મોર'નું કામણ છે તો સરવરિએ 'ચિત્તડાના ચોર'નો પીછો છે. વાડીમાં 'પિયુનો કલશોર' ઘેરી લેનારો છે તો ચૌટે 'ચકોર' ટકવા દે તેમ નથી. આ બધે કાવ્યનાયક કેન્દ્રમાં છે અને કનડી રહ્યો છે. નાયિકાની ઉત્કટ, આતુર ભાવસ્થિતિનું નિરૂપણ ભાવકને પણ અંદરના તાણમાં લે છે.

દીકરીને માટે પિયરગામ ઉપરાંત સાસરિયું ગામ પણ ભાગ્યમાં લખાયેલું હોય છે. પહેલાને એ હૃદયમાં સાચવીને રાખતી હોય છે અને બીજાને એમાં સમાવતી હોય છે. પિયરગામની ભૂમિની એક પણ જગ્યા એવી નથી. જ્યાં કોઈ ને કોઈ સંભારણું પડેલું ન હોય. આ બધું કેડો મૂકતું નથી. અંદરથી નર્યો સુખનો અજંપો ઊઠ્યો છે. અહીં જે માયા બંધાયેલી છે તેનો જુદા પ્રકારનો તકાદો પ્રગટ્યો છે. કેમ કરીને સ્થિર થવું ? 'ઠાલો એકે ન મૂકે ઠોર' – ક્યાં જઈને ઠરાપો લેવો તેનો મૂંઝારો છે. એક સમય હતો જ્યારે અહીં જમીનને પગ છબતો નહોતો, ઊછળતી-કૂદતી આખા ગામમાં પોતે માતી નહોતી અને તોરમાં ફર્યા કરતી હતી. ત્યારે એમ હતું કે જાણે આ બધું છૂટવાનું નથી, આ સમય ક્યારેય બદલાવાનો નથી. આજે ગામ ત્યાંનું ત્યાં છે, સ્થળો ત્યાંનાં ત્યાં છે પણ સમય ત્યાંનો ત્યાં નથી, પોતે પણ ત્યાંની ત્યાં નથી. ગામની આ ભૂમિને તો ત્યારે પણ ખબર હશે કે આ આજે અહીં હરખની મારી માતી નથી પણ કાલે આના પગ બંધાઈ જવાના છે. 'તોડ્યો મારો મનડાનો તોર' પંક્તિમાં એ સૂચન બરાબર ઝિલાયું છે. ગામ સાથેનો અંદરનો દોર બંધાયેલો જરૂર રહ્યો છે પણ ગામ ખાતેનો, ત્યારનો તોર તૂટી ગયો છે. કવિએ બહુ વ્યંજનાથી આખી ભાવપરિસ્થિતિને અહીં બાંધી છે.

આ કૃતિ બહુ ઓછી ભાષાસામગ્રી સાથે અભિવ્યક્તિનું ઊંચું કામ પાર પાડે છે તે તેની સમગ્ર સંરચનાની અને નિરૂપણની ખૂબી છે. 'ગામ'નું આવર્તન ગણી જોવા જેવું છે. એ જ રીતે ક્રિયાપદો, સ્થળનામો, પ્રીતમનાં રૂપો, 'મોરી સૈયરું'નાં આવર્તનો, વગેરેની સામાન્ય ગણતરી ધ્યાનમાં લેતાં કેટલી ઓછી ભાષાસામગ્રી ખપે લેવાઈ છે તેનો ખ્યાલ આવશે. આમ છતાં આ બધાંમાંનું એકેય અંગ હેતુ વગરનું કે હેતુ બહારનું નથી. આવર્તનો ક્યાંય મંદ, વધારાનાં કે એકવિધ નથી. ક્રિયાપદો કેટલાં કારગત નીવડી આવ્યાં છે તે આમાં જોઈ શકાશે. 'કળાયેલ મોર'થી આરંભી 'તોડ્યો મારો મનડાનો તોર' સુધીની પંક્તિએ પંક્તિએ રચાયેલી પ્રાસયોજના કાવ્યની વ્યંજનાસભર રમણીય સૃષ્ટિ રચે છે. આખી રચના તેની સરલતા, પ્રવાહિતા, ભાવવાહિતા, સૌંદર્યલક્ષિતા અને લોકસાહિત્યના રૂપસંસ્કારની નૈસર્ગિક ફોરમને લઈને ભાવકના ચિત્તમાં કાયમ રમ્યા કરે એવી છે.

r



# અંતરપટ ખોલતી વસંત

**પ્રફુલ્લ રાવલ**

## પંચમી આવી વસંતની

કોકિલ, પંચમ બોલ બોલો
 કે પંચમી આવી વસંતની.
દખ્ખણના વાયરાનાં આ શાં અડપલાં !
ઊઘડ્યાં લતાઓનાં યૌવનનાં સપનાં,
 લાગ્યો જ્યાં એક વાયુઝોલો —
 કે પંચમી આવી વસંતની.

મંજરી, મત્ત થઈ ડોલો
 કે પંચમી આવી વસંતની.
આંબે આંબે હસે રસની કટોરીઓ,
ગાતા ભમતા ભૃંગ પ્રેમ તણી હોરીઓ.
 આછો મકરંદ મંદ ઢોળો
 કે પંચમી આવી વસંતની.

આતમ, અંતરપટ ખોલો
 કે પંચમી આવી વસંતની.
ચેતના આ આવી ખખડાવે છે બારણાં,
હેતે વધાવી એને લો રે ઓવારણાં.
 ઝૂલે શો સૃષ્ટિનો હિંડોળો !
 કે પંચમી આવી વસંતની.

અમદાવાદ, ૧૬-૧-૧૯૪૯

**પ્ર**કૃતિને રમણીયતર બનાવતી વસંતઋતુ મનુષ્યના – સર્જકના ચિત્તને સદૈવ આનંદિત કરવા સાથે ક્યારેક પ્રિયજનના વિયોગે-વિરહે વિક્ષુબ્ધ પણ કરતી હોય છે. આ આનંદ અને વિક્ષુવધી સર્જકને એના ભીતરીભાવને અભિવ્યક્ત કરવા પ્રેરે છે અને એના પરિણામે કૃતિ સર્જાય છે. આ સર્જનથી સર્જક જાણે વિમુક્ત થયાનો ભાવ અનુભવે છે. આમ તો આ વિમુક્તિ એ સર્જકનો આનંદ-અવસર છે. સ્મરણની ઉજાણી છે. ક્યારેક સર્જકનો આ અવસર નિજાનંદમાંથી સર્વાનંદ પરિવર્તિત થાય છે. અને પરિણામે એ કૃતિ

સર્જકના નિજભાવની રહેવા સાથે પ્રત્યેક ભાવની બની રહે છે. પ્રકૃતિ પ્રત્યે સર્જકને આકર્ષે છે અને સર્જક માટે એ ઉદ્દીપનવિભાવ બની રહે છે, તેથી સર્જક સર્જનમાં પ્રણયાનુભૂતિ ગૂંથે છે. એ અનુભૂતિ જેટલી સર્જકની હોય છે તેટલી ક્યારેક ભાવક પોતાની હોવાનું અનુભવે છે. એમાં સ્વનું આરોપણ કરે છે. પરિણામે ભાવક આહ્લાદિત થાય છે. આથી એને વારંવાર એ કૃતિ વાગોળવાનું મન થાય છે. ઉમાશંકર જોશીએ પ્રકૃતિને પડછે વિવિધ ભાવોનું ગાન કર્યું છે. એમની અનેક રચનાઓમાં પ્રણયભાવ હોય છે. એમની કાવ્યધારાનું એક વહેણ ગીતનું છે અને એમનાં ગીતો ગુજરાતી ગીતકવિતાની સંપદા છે. આ ગીતસંપદામાં 'પંચમી આવી વસંતની'નું સ્થાન વિશિષ્ટ છે, કારણ કે એ પારંપરિક વસંતવર્ણનના દાયરામાં રહીને પણ સાવ જુદી રીતે રચાયું છે. કોકિલ-લતા, ભૃંગ-મંજરી, આતમ-ચેતના જેવા ઉદ્દીપનવિભાવ દ્વારા કવિએ શૃંગારિક ભાવને કલાત્મક રીતે વણ્યો છે. એમાં પરોક્ષ દ્વારા પ્રત્યક્ષનો નાદ છે.

આજથી એકસઠ વર્ષ પૂર્વે રચાયેલ આ ગીતમાં દેખીતી રીતે કવિએ વસંતાગમને પ્રકૃતિમાં જે ઉલ્લાસ વર્તાય છે એનું દર્શન કરાવ્યું છે. અલબત્ત, છે તો એ ઉદ્દીપનવિભાવ જ. પ્રકૃતિનો આધાર લઈને પ્રણયાનુભૂતિને જ વ્યક્ત કરી છે. પરંતુ કવિની સંયતા કહો કે કળાચાતુરી એ છે કે કવિ જાણે સહેતુક બહાર ઊભા રહીને ઋતુપતિ-ઋતુરાજ વસંતને વધાવવાનું ઇજન આપે છે. વસંત-આગમનનો કવિહૈયે અપાર આનંદ છે અને કવિ કોકિલને 'પંચમ બોલ' બોલવા કહે છે. બન્યું છે એવું કે વસંતનો એક વાયુઝોલો લાગતાં લતાઓના 'યૌવનનાં સપનાં' ઊઘડ્યાં છે. વસંતસ્પર્શનો આ મહિમા છે. અહીં ભાવકર્તૃક ક્રિયાપદ 'લાગતાં' દ્વારા સ્પર્શનો નિર્દેશ છે તો સંબંધનો પણ નિર્દેશ છે. એમાં લાગણીનો ભાવ નિહિત છે. વળી 'યૌવનનાં સપનાં' એ બે પદો પ્રણયના જ દ્યોતક છે. યુવાની અને સ્વપ્ન એકબીજાનાં પૂરક છે. કવિ ભલે લતાઓના યૌવનનાં સપનાંની વાત કરે, પરંતુ એ તો પ્રતીકાત્મક છે. મૂળ તો કવિના પોતાના સપનાંની જિકર છે. યુવાનીનો સંદર્ભ છે. દખ્ખણના વાયરાનાં અડપલાંની એ અસર છે. 'શાં' જેવા અનિશ્ચિત વિશેષણથી કવિએ વસંતસ્પર્શે પ્રકૃતિમાં જે પરિવર્તન આવ્યું છે તેનું વિસ્મય વ્યક્ત કર્યું છે અને કવિહૃદયમાં જે ઉલ્લાસ વ્યાપી વળ્યો છે તે વ્યક્ત કરવા કવિ કોકિલને 'પંચમ બોલ' ઉદ્‌ગારવા સૂચવે છે. ના, ઉદ્‌ગારવા પ્રેરે છે. આમ તો પોતાના આનંદમાં સમભાગી કરવાનું આ ઇજન છે. એમાં વસંતના આગમનનો હર્ષોલ્લાસ છે. કવિને ખબર છે કે વસંતાગમનનું રમ્ય અભિવાદન તો કોકિલ જ કરી શકશે – એના મધુર ટહુકાર દ્વારા. અને એ અભિવાદનના ઉદ્‌ગારે વસંતના આગમનનો સંદેશ બધે પ્રસરશે. જે પ્રસરાવવાની કવિને અભીપ્સા છે. પછી વાતાવરણ વસંતમય બની રહેશે. 'વસંતવિલાસ'ના કવિએ તો ઉલ્લાસિત સ્વરમાં કહ્યું છે : त्रिभुवनि जयजयकार पिया इव करंइ अपार.' પણ અહીં ઉમાશંકર જોશી કોકિલને નિમંત્રે છે. જેને ટહુકવાનું છે તેને કવિ જાણે ટહુકવાનું સ્મરણ કરાવે છે !



કવિ ત્યાં અટક્યા નથી. કોકિલ પછી કવિ મંજરીને મત્ત થઈને ડોલવાનું કહે છે. ડોલનમાં આનંદની અભિવ્યક્તિ નિહિત છે. વસંત પ્રવેશતાં આંબે આંબે આમ્ર-કેરીઓ ઝૂલી રહી છે. કેરીને 'રસની કટોરીઓ' કહેવામાં કવિનો શૃંગાર છતો થાય છે. કવિએ રસની કટોરીઓને હસતી કલ્પી છે. સજીવારોપણ અલંકારના વિનિયોગે કવિ એના ઉલ્લાસને ચીંધે છે. એના આ ઉલ્લાસનું રહસ્ય છે વસંતનું આગમન – વસંતની ચોમેર ફેલાયેલી સુવાસ. આવી રમણીયતા વચ્ચે ભ્રમરની ઉપસ્થિતિ ન હોય એવું બને ખરું ! એ જ તો ઉદ્દીપક છે. એનો ગુંજારવ વાતાવરણમાં વ્યાપ્ત છે જે મનુષ્યના ચિત્તને પ્રફુલ્લિત કરીને પ્રિયજનની સ્મૃતિથી ભરી દે છે. ભ્રમરનો તો ધર્મ જ છે ભમવાનો ને ગુંજવાનો – अलि मकरंदिहि मुहरिया. આ 'ભમવા' ભૃંગ 'પ્રેમ તણી હોરીઓ' ગાય છે અને ત્યારે 'આછો મકરંદ મંદ ઢોળો' એવું કહેવા પાછળનો કવિનો આશય એ વાતાવરણની અસર વ્યાપક રહે અને માનવ માત્ર એનું પાન કરે તે છે. 'કટોરીઓ' અને 'હોરીઓ'નો પ્રાસ તો ગીતના લયને ઉપકારક નીવડ્યો છે. મનહર વસંતના પ્રસારનું આ ચિત્ર વળી 'વસંતવિલાસ'નું સ્મરણ કરાવે છે – महमत्था सवि सहकार अने बहकइ मलयसमीर.

બે કડીમાં વસંતના આગમનથી પક્ષી-પ્રકૃતિમાં જે પ્રસન્નતા વ્યાપી વળી છે તે નિરૂપ્યા પછી કવિ કહે છે – 'આતમ, અંતરપટ ખોલો.' ભીતર જે પટ છે તેનાથી જોવાનું જોવાતું નથી – દેખાતું નથી. એ અંતરપટ ખૂલે તો જ પામવાનું પામી શકાય. ચેતના તો બારણાં ખખડાવી રહી છે અને કવિ એને 'હેતે વધાવી' લઈને 'ઓવારણાં' લેવાનું સૂચવે છે. પરંતુ માનવજાત જાણે પ્રકૃતિથી વિમુખ થઈ ગઈ છે. અથવા અંતરપટ આડે એને કશું જ પરખાતું નથી. 'ઝૂલે શો સૃષ્ટિનો હિંડોળો' દ્વારા કવિ પ્રકૃતિની રમ્યલીલાનો નિર્દેશ કરે છે. પરંતુ મોટી વાત તો આત્મા જાગવાની છે. ખુદ મનુષ્યને જાગવાનું છે અને ત્યારે કવિનું કોકિલને 'પંચમ બોલ' ઉદ્‌ગારવાનું કહેણ સમજાય છે ! અપાર સાંસારિક ગતિ-વિધિ વચ્ચે ક્યાંક મધુર ટહુકો સંભળાય તો જ મનુષ્ય સળવળશે અને તો જ અંતરપટ ખૂલશે. બાકી તો ઋતુઓ આવશે ને જશે. માણસ તો ત્યાંનો ત્યાં જ રહેશે. માનવજાત માટેની કવિની આ નિસબત કોકિલને 'પંચમ બોલ' બોલવાના કહેણમાં જ વ્યક્ત થઈ છે. 'કોકિલ' જેવું પારંપરિક પ્રતીક લઈને પણ કવિતા દ્વારા જે સિદ્ધ કર્યું છે તે ઉમાશંકર જોશીની કવિપ્રતિભાની દ્યુતિ છે. પરંપરિત ભાવવિશ્વથી નૂતન અર્થદ્યુતિ એ કવિનું કર્મ છે. પ્રકૃતિના પડછે કવિએ શુષ્ક થતી જતી માનવજાતનું દર્શન કરાવ્યું છે. 'અંતરપટ' એ જ જાણે આજે માનવજાતનું વાસ્તવ છે. અલબત્ત, અંતરપટ પ્રણયભાવને પણ નિર્દેશે છે જ અને કોકિલનો ટહુકાર એ જાણે તમસ્‌માંથી અજવાસમાં આવવાની આલેબલ છે તો પ્રણયની પણ આલબેલ છે.

r

# સુગંધથી રણકતી ને ચાંદનીથી છલકતી રાત્રિઓનો અ-પૂર્વ અનુભવ

**જયદેવ શુક્લ**

## ચૈત્રની રાત્રિઓમાં

આવે ગ્રીષ્મ ત્વરિત ગતિ, નાસે મધુ ધૂર્ત, છાનો
વેરી ચારે દિશ વિભવ ઉદ્રેક-ઘેલી કલાનો :
ઝૂમી પુષ્પે સુરભિ, તરુની ઝૂકી ઘેઘૂર છાયા,
ને આસન્નપ્રસવ સુહતી શી વનશ્રીની કાયા !
સ્વપ્નૌત્સુક્યે વિકલ ઝબકી ઊઠતી કોકિલાનો
    કુંજે કુંજે સ્વર ભટકતો ચૈત્રની રાત્રિઓમાં.

વ્યોમે પૃથ્વી મૃદુ અભિસરે સૌરભોન્મત્ત મંદ,
દિક્પ્રાન્તોમાં અવિરત વહંતો મુખોચ્છ્વાસગંધ.
હૈયે એને યુગ યુગ તણી ઊછળે પ્રીતિ છાની,
લ્હેરે અંગે પરિમલભરી પામરી ચંદિરાની.
બ્રહ્માંડે એ ભ્રમણ કરતી, ગુંજતી નવ્ય છંદ,
    નક્ષત્રોથી પ્રણય રચતી ચૈત્રની રાત્રિઓમાં.

ચિત્તે આવી કુહુક સહસા ક્યાંકથી થાય સાદ.
જન્મોનો શું ક્ષણ મહીં સરે-ઓસરે સૌ વિષાદ !
વિશ્વાન્તર્‌ના નિભૃત સભરા મૌનનું હૈયું ખોલી,
કો સંચેલું સકલ મૃદુ સંગીત દેતું શું ઢોળી !
સૂરો વ્હેતો લહર લહરીએ લચે સંપ્રસાદ,
    રોમે રોમે રતિ વિરચતો ચૈત્રની રાત્રિઓમાં.

મારે હૈયે મધુર કહીંથી મોગરો મત્ત મ્હેક્યો;
મુદ્રા પામી શુચિ દલની કો શુભ્ર હૈયેથી લ્હેક્યો.
હો ધોવાતા અમૃતમય કાસારમાં કૌમુદીના
એવા સોહે ઉડુગણ નભે મોગરા મોદ-ભીના.
ને ખીલેલી તિમિર-લતિકાથીય ઉત્ફુલ્લ બ્હેક્યો
    તારે હૈયે સહજ રસ જે ચૈત્રની રાત્રિઓમાં.



મૂંગી-ઘેરી કટુક-મધુરી આંગણે લીમડાની
ફેલી છાયા ગુપત સુણતી ગોઠડી મલ્લિકાની.
શેરી ખૂણે અરણિ પમરે, ને ભરીને અરણ્ય
લ્હેરાતી સૌરભ કરમદી ને કડાની વરેણ્ય.
પૃથ્વી પારે રમી ઢળકતો માતરિશ્વા, મુદાની
    સંચારી રૂહે અઢળક સુધા ચૈત્રની રાત્રિઓમાં.

આ શાતામાં જગત-સરણીનાં રહસ્યો પ્રમાણું,
ધીરું ધીરું ખળળ વહતું વિશ્વનું વ્હેણ માણું;
ઉષ્માસ્પર્શે થતી ફલવતી સૃષ્ટિનું ઝીલું હાસ;
ચૈત્ર-શ્રીમાં સૃજનપ્રતિભાનો સમુલ્લાસ-રાસ.
પૃથ્વી-હૈયે થકી સરી જતું કોડીલું ગીત છાનું
    કાને મારે પડી જતું કશું ચૈત્રની રાત્રિઓમાં !

અમદાવાદ, ૧૭-૪-૧૯૫૨

**‘વા**ત તો માનવભાવની જ કરવાની હોય, પણ એ નિમિત્તે નિસર્ગરંગ ગાયા વગર કવિ રહી શકતો નથી.’ (સમગ્ર કવિતા, દ્વિ. આ., પૃ. ૪૬૫)

S

ઉમાશંકર જોશીના ‘ચૈત્રની રાત્રિઓમાં’ કાવ્યનું સ્મરણ કરીએ તેની સાથે જ ‘મનની મ્હેકી ઊઠી મંજરી’ (મનની મ્હેકી ઊઠી મંજરી), ‘ચાંદની પીધેલો પેલો મ્હેકે શો મોગરો’ (વૈશાખી પૂર્ણિમા), ‘કરમદીનું નદીતીર / ફરકે સુગંધચીર’ (ગ્રીષ્મની રાત્રિ), ‘પાંખો થંભાવી ઊભું સ્થિર આભપંખી’ (લૂ, જરી તું), ‘લહરી લચકાઈ જતી પરિમલના ભારથી’ (પરાગની વેણુ) જેવી ઘણી પંક્તિઓ ચિત્તમાં જાગે છે.

‘વસંતવર્ષા’ના આરંભે મુખ્યત્વે ગીતો મળે છે. આ ગીતોની વચ્ચે મંદાક્રાન્તામાં રચાયેલું છત્રીસ પંક્તિનું કાવ્ય ‘ચૈત્રની રાત્રિઓમાં’ નોખું પડે છે. નોખું પડવાનું એક કારણ એ છંદોબદ્ધ છે એટલું જ નથી; કવિએ એમાં ચાંદનીથી રણકતી ચૈત્રી ક્ષણોમાં પૃથ્વીને બ્રહ્માંડમાં અભિસરતી કલ્પી છે, તે ઉપરાંત પંચેન્દ્રિયથી પામી શકાય એવો પ્રકૃતિનો રાત્રિ-વૈભવ પ્રગટાવ્યો છે એ પણ છે.

સામાન્ય રીતે ગીત જેવો કાવ્યપ્રકાર વિચારનું વજન વેંઢારી ન શકે. પણ સૉનેટ કે છંદોબદ્ધ કૃતિમાં વિચાર અને ઊર્મિનું સાયુજ્ય શક્ય છે. અનેક ઉદાહરણો સહિત આ વાતને ચર્ચી શકાય, પણ અહીં આટલો નિર્દેશ કરી ‘ચૈત્રની રાત્રિઓમાં’ પ્રવેશીએ.

S

‘ચૈત્રની રાત્રિઓમાં’નું રચનાવિધાન પ્રથમ નજરે જ જરા જુદું પડે છે. જેમ ગીતના પ્રત્યેક અંતરાને અંતે ધ્રુવપંક્તિનું આવર્તન થાય છે તેમ અહીં દરેક ખણ્ડની છેલ્લી

પંક્તિને અંતે 'ચૈત્રની રાત્રિઓમાં' શબ્દો પુનરાવૃત્ત થતા રહે છે. અને એથી પણ ચૈત્રની ચાંદની-મઢી રાત્રિઓનો કેફ ઘૂંટાતો આવે છે.

કાવ્યનો આરંભ સરવા કાનના ભાવકોને તરત જ સ્પર્શી જાય છે :

**આવે ગ્રીષ્મ ત્વરિત ગતિ, નાસે મધુ ધૂર્ત, છાનો**
**ફરી ચારે દિશ વિભવ ઉદ્રેક-ઘેલી કલાનો :**

મંદાક્રાન્તામાં આરંભે ગાગાગાગા – ચાર ગુરુ વર્ણ હોય છે એ તો બધા જાણે છે. અહીં પહેલી નજરે તો ચોથો વર્ણ લઘુ છે. પણ 'આવે ગ્રીષ્મ' પછી આવતો 'ત્વરિત' શબ્દના 'ત્વ'નો થડકો 'ષ્મ'ને ગુરુ બનાવે છે. આ થડકાની સાથે જ ગ્રીષ્મની ત્વરિત ગતિના અનુભવમાં આપણે મુકાઈએ છીએ. પંક્તિનો ઉત્તરાર્ધ 'નાસે મધુ ધૂર્ત' વાંચતી વેળાએ મધુનો હ્રસ્વ 'ધુ' દીર્ઘ ઉચ્ચારવો પડે છે. એ દીર્ઘ ધૂ 'ધૂર્ત'ની સાથે ઉચ્ચારાતાં સહેજ ભરાયેલા શ્વાસે નાસતા વસંતનું રૂપ પણ પ્રગટે છે. આ પંક્તિના નવમા અને પંદરમા અક્ષરે આવતા અલ્પવિરામો તથા છેલ્લા શબ્દ સાથે જોડાતી બીજી પંક્તિની પ્રવાહી અભિવ્યક્તિથી કાવ્યોપકારક યતિભંગ થાય છે.

ગ્રીષ્મ આવતાં ચારે તરફ સૌંદર્ય પ્રસરાવીને વસંત જઈ રહ્યો છે એવું દર્શાવી કવિ ઉમાશંકર અટકી ગયા નથી. પુષ્પોની સુગંધ લચી પડી છે ને વસંતમાં નવ-પર્ણોથી સભર બનેલાં તરુઓની ઘેઘૂર છાયાઓના દ્વીપ રચાયા છે, વનશ્રી ફળ આપવા તત્પર – આસન્નપ્રસવા – છે ને વાતાવરણમાં કોકિલના ટહુકાઓ રેલાઈ રહ્યા છે. – ચૈત્રની રાત્રિઓનાં આ અને અન્ય ખણ્ડોમાં આવતાં ઘ્રાણ, શ્રવણ, દર્શન અને સ્પર્શનાં સ્પૃહણીય રૂપો આપણી ચેતનામાં ઊઘડતાં રહે છે.

દ્વિતીય ખણ્ડની લાલિત્યસભર ભવ્ય કલ્પના ગુજરાતી સાહિત્યમાં અ-પૂર્વ છે. પુષ્પોની સુવાસથી (એટલે કે પોતાની સુવાસથી) ઉન્મત્ત બનેલી પૃથ્વી પદ્મિની નાયિકા જેવી લાગે છે. પૃથ્વી પોતાના પ્રિયને મળવા ઠાઠથી આકાશમાં પ્ર-સરે છે, ફરે છે. દશે દિશામાં વહેતી પીમળ પૃથ્વીના મુખનો ઉચ્છ્‌વાસ છે. આ ઉત્સુકાના અંગ પર જે ઓઢણી લહેરાય છે તે કેવી છે ? કવિએ સુવાસિત ચાંદનીના ઉપરણાને પૃથ્વીના અંગ પર ફરફરતું દર્શાવીને સ્પર્શ, દૃશ્ય ને સુગંધ-સંવેદનોને યુગપત્ રીતે વ્યંજિત કર્યાં છે :

**વ્યોમે પૃથ્વી મૃદુ અભિસરે સૌરભોન્મત્ત મંદ,**
**દિક્‌પ્રાન્તોમાં અવિરત વહંતો મુખોચ્છ્‌વાસગંધ.**
**હૈયે એને યુગ યુગ તણી ઊછળે પ્રીત છાની,**
**લ્હેરે અંગે પરિમલભરી પામરી ચંદ્રિકાની.**

અહીં મને કવિ લાભશંકર ઠાકરના 'શ્રાવણી પૂર્ણિમા'ની પંક્તિઓ સ્મરણે આવે છે :

**ઘેરાયેલા સઘન નભમાં છિદ્ર થોડું પડ્યું ત્યાં**
**આકાશેથી રજતવરણું રેશમી વસ્ત્ર મોંઘું**



**આવ્યું નીચે ફરફર થતું...**
(વહી જતી પાછળ રમ્યઘોષા, પૃ.૪૨)

મહેકતી ચાંદનીની પામરી ઓઢી અભિસારે નીકળેલી પૃથ્વી નક્ષત્રો સાથે પ્રેમમાં તરબોળ બને ત્યારે અવનવા છંદો ન પ્રગટે કે તે કેફલ ન બને તો જ નવાઈ !

પૃથ્વીના અંતરમાં પ્રણયનું 'કુહુક' થતાં જ તેના અનેક જન્મોનો વિષાદ ક્ષણમાં 'સરે-ઓસરે' છે :

**જન્મોનો શું ક્ષણ મહીં સરે-ઓસરે સૌ વિષાદ !**

આ પંક્તિનું જરા મોટેથી પઠન કરીશું તો 'સરે-ઓસરે'નું દ્વિ-સ્તરીય સૌંદર્ય પામી શકાશે. અનેક વિશ્વોની ઉત્પત્તિ દરમિયાન પૃથ્વીના મૌનના હૈયામાં (હૈયાના મૌનમાં નહીં) સંભરેલું પ્રણયનું મૃદુ-મધુર સંગીત આ રાત્રિઓમાં રેલાય છે. હવા સુગંધને વહી લાવે તેમ સ્વરને પણ વહી લાવે છે. હવા છે તેથી જ આપણે સુગંધ અને સ્વરને માણી શકીએ છીએ. પ્રણયના આ સૂરો પૃથ્વીના રોમરોમ પર રતિ-હર્ષ પ્રગટાવે છે.

કાવ્યના ઉત્તરાર્ધ(ચોથા ખણ્ડ)માં કવિનો પ્રવેશ થાય છે. પૂર્વાર્ધ (પ્રથમ ત્રણ ખણ્ડ)માં કવિ વાસંતી-ગ્રીષ્મી ક્ષણોમાં ધરણીની અંદર-બહારની ગતિવિધિ નિરૂપે છે. હવે કવિના હૈયામાં આ ચૈત્રની રાત્રિઓનો પ્રભાવ ઝિલાય છે. તે પોતાની અંદર ક્યાંકથી મોગરાને મ્હેકતો અનુભવે છે :

**મારે હૈયે મધુર કહીંથી મોગરો મત્ત મ્હેક્યો;**

આ ખણ્ડનો 'મારે હૈયે'થી આરંભ ને એ જ ખણ્ડની અંતિમ પંક્તિની શરૂઆત 'તારે હૈયે'થી થાય છે. કવિ પૃથ્વીને નિર્દેશી કહે છે કે અંધકારની વેલ મ્હેકી રહી છે તેનાથી અનેક ગણો તારા હૈયાનો રસ આ વાતાવરણમાં બ્હેકે છે. વસુંધરાનાં સુગંધ, શ્રવણ, સ્પર્શ ને દૃશ્ય-પર્વમાં કવિ પણ એકાકાર થાય છે. તિમિર વેલના મઘમઘવાની સાથે સાથે દૂરથી 'આ અંધકાર શો મ્હેકે છે' (પ્રજારામ રાવળ), 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો' (પ્રહ્‌લાદ પારેખ) પંક્તિઓ આછી આછી સંભળાય છે. આ ખણ્ડની ત્રીજી અને ચોથી પંક્તિમાં કવિના હૈયાનો મોગરો, પૃથ્વી પરનો મોગરો ને આકાશના તારલા પરસ્પરમાં ભળી જતાં ભાવક વિલક્ષણ ભાવ-બોધમાં મુકાય છે :

**હો ધોવાતા અમૃતમય કાસારમાં કૌમુદીના**
**એવા સોહે ઉડુગણ નભે મોગરા મોદ-ભીના.**

અમૃતમય ચાંદનીના સરોવરમાં સતત ધોવાઈને તારાઓ સોહે છે; તો એ જ ચાંદનીમાં મોજથી સ્નાન કરતા મોગરા આનંદ-ભીના છે. બીજી રીતે કહીએ તો તારા એ જ મોગરા ને મોગરા એ જ તારા ! એમ પણ કહી શકાય કે ચાંદનીથી સભર સરોવરજળમાં સ્નાન કરી, ડૂબકી મારી તારાઓ વધુ ઊજળા થયા છે. તો, મોગરાના સ્પર્શે ચાંદની પણ ગંધવતી થઈ છે !

પાંચમા ખણ્ડમાં કવિ ગામડાના ઘર-આંગણાની, શેરી-ખૂણાની ને અરણ્યની પ્રમાણમાં ઓછી જાણીતી વનસ્પતિઓની વિવિધ સુગંધને માણવા ભાવકને લઈ જાય છે. સુગંધનાં વિવિધ પોત આપણી ચેતનાને સભર બનાવે છે. આંગણાનો લીમડો સહેજ કડવી('કટુક' શબ્દનો પ્રયોગ ઔચિત્યસભર)-મીઠી, પણ ગાઢી છાયા ફેલાવી છાની રીતે પુષ્પોની વિશ્રંભકથા સાંભળે છે. અથવા તો એમ પણ વાંચી શકાય કે લીમડાની મંજરીઓ ને અન્ય પુષ્પોની સુવાસથી આખું આંગણું રણઝણે છે ! અહીં સંદર્ભ થોડો જુદો હોવા છતાં 'વાતો' (પ્રહ્લાદ પારેખ) સૉનેટની કેટલીક પંક્તિઓનું સ્મરણ કરી શકાય. કવિ આંગણેથી હવે શેરી-ખૂણે લઈ જઈ અરણિના પમરાટ (સુગંધ શબ્દ જરા વજનદાર લાગે) અને અરણ્યમાં ખીલતી કરમદી ને કડાની વાચાળ સુવાસ વચ્ચે આપણને મૂકી દે છે. સુગંધથી રણકતી ને ચાંદનીથી છલકતી રાત્રિઓનો આવો કેફલ અનુભવ ઉમાશંકર જોશીની બહુ જ ઓછી કૃતિઓમાં મળે છે :

**મૂંગી-ઘેરી કટુક-મધુરી આંગણે લીમડાની**
**ફેલી છાયા ગુપત સુણતી ગોઠડી મલ્લિકાની.**
**શેરી ખૂણે અરણિ પમરે, ને ભરીને અરણ્ય**
**લ્હેરાતી સૌરભ કરમદી ને કડાની વરેણ્ય.**
**પૃથ્વી પારે રમી ઢળકતો માતરિશ્વા, મુદાની**
**સંચારી રૂહે અઢળક સુધા ચૈત્રની રાત્રિઓમાં.**

અહીં કવિએ ચૈત્રની સુગંધ-વહી લાવતા પવનને પૃથ્વી પારથી મોરની છટામાં ઢળકતો તાદશ કર્યો છે.

કાવ્યના અંતિમ-ખણ્ડમાં અચાનક ગાંધીયુગનો કવિ પ્રગટે છે. અદ્ભુત ચૈત્રી સૌંદર્ય પ્રગટાવનાર કવિ વાચાળ બની કહે છે :

આ શાતામાં જગત-સરણીનાં રહસ્યો પ્રમાણ્યું, વગેરે વગેરે...

પાંચ ખણ્ડોમાં ઇન્દ્રિયસન્તર્પક વિશ્વમાં વિહાર કરાવનાર કવિ સમાપનમાં સીધેસીધા વિધાન કરે છે એટલે અંશે કાવ્યને હાનિ પહોંચે છે. પ્રથમ ખણ્ડને અંતે સર્વત્ર રેલાતા ટહુકા માટે 'ભટકતો' શબ્દ પ્રયોજ્યો છે તે કઠે છે.

'ચૈત્રની રાત્રિઓમાં' કાવ્યમાં પ્રયોજાયેલા મંદાક્રાન્તાને કવિએ અન્યત્ર યોજેલા મંદાક્રાન્તા સાથે સરખાવવા જેવો છે. આ કાવ્યનો તત્સમ પદાવલિથી સભર મંદાક્રાન્તા જરા ગરવો લાગે છે. એમાં શબ્દોના નાદસૌંદર્યનું મહત્ત્વ પણ ખાસ્સું છે. કવિએ કાવ્યમાં કરેલા કેટલાક યતિ-ભંગ કાર્યસાધક બન્યા છે.

અંતે પુનઃ કહેવું ગમશે કે કાવ્યમાં સુગંધનો જેવો મહિમન્ રચાયો છે તેવો ઉમાશંકર જોશીનાં અન્ય કાવ્યોમાં મળતો નથી.

ઉમાશંકર જોશીના પ્રમાણમાં ઓછા ધ્યાનમાં લેવાયેલાં કાવ્યોમાંનું આ એક નોંધપાત્ર કાવ્ય છે. r



# થોડો એક તડકો : ક્ષણના સાક્ષાત્કારનું કાવ્ય

*કિશોર વ્યાસ*

## થોડો એક તડકો

થોડો એક તડકો ઢોળાઈ ગયો આભથી.
કાળાં ભમ્મર હતાં વાદળાં છવાયાં,
છૂપા હતા દૂર દૂર રવિરાયા,
સાંજની ઢળી હતી ઘનઘેરી છાયા.

ઓચિંતી આવી વાયુલહરી કહીંયથી,
થોડો એક તડકો ઢોળાઈ ગયો આભથી.

તરુઓની ડાળીઓએ પડતો એ ઝીલ્યો,
પાંદડાંની લીલી કટોરીઓમાં ખીલ્યો.
ઊડતાં પંખીની પાંખ કહે : કો ભરી લ્યો !
કૈંક મારે હૈયે ઝીલ્યો મેં મથી મથી.
થોડો એક તડકો ઢોળાઈ ગયો આભથી.

અમદાવાદ, ૩૧-૮-૧૯૪૭

**ક**વિના ભર્યાભર્યા વિસ્મયની રમણા આ ગીતમાં પ્રકટ થઈ છે. કવિ કંઈક નોખું જુએ, વિશિષ્ટનું દર્શન કરે એ તો બરાબર, પણ એ આગવા અનુભવને પ્રત્યક્ષ કરી દેતી ભાષાશક્તિથી કવિ સમયસંદર્ભમાં યાદગાર બની રહે. પ્રકૃતિનાં વિધવિધ રૂપોને પ્રકાશિત કરી આપતી પ્રત્યેક ભાષાની કવિતા જન્મતી-મરતી તો હોય છે પણ એ ટકી રહે છે કવિના વિસ્ફારિત થતાં ચક્ષુથી ! પ્રકૃતિના રૂપને ભવ્યાતિભવ્ય બનાવતી કવિવાણી સૌંદર્યના જેમ મરોડ રચે છે એમ કાવ્યરચનાનું સૌંદર્ય પણ અહો બત્ કીમ આશ્ચર્યમ્ના આયામ વડે આપણી સામે આવતું હોય છે. પ્રકૃતિના દર્શન-વર્ણનમાં પણ સમર્થ કવિનો હાથ ઓળખાયા વિના રહે નહીં. તડકાની નોખી નોખી છટાઓને પ્રકટાવતી એકથી વધુ રચનાઓ આપણને કવિ ઉમાશંકર જોશી પાસેથી સાંપડે છે. જેમ કે :

**'વાદળી તડકો ખમે ને છાંયો પાથરે'.** (આતિથ્ય)

**'મેં તો ડાળીભરેલો દીઠો શ્રાવણનો તડકો'** (વસંતવર્ષા)

**'હેમંતનો શેડકઢો તડકો સવારનો**
**પીતાં હતાં પુષ્પ.'** (અભિજ્ઞા)

તડકાનાં આવાં આગવાં દશ્યચિત્રોથી જણાય છે કે કવિએ તડકાને આકંઠ પીધો હશે. અહીં તો કાવ્યનું શીર્ષક જ ‘થોડો એક તડકો’ છે. ઝાઝો નહીં, એમ સાવ ઓછો પણ નહીં. ભાષાના કેટલાક પ્રયોગો – શબ્દો એવા રૂઢ થયેલા હોય કે એમનો અનુવાદ કરવા જઈએ તો એના સાચા રૂપને પ્રકટ કરી ન શકાય. ‘થોડો’એ આપણી ભાષાનો એવો જ એક શબ્દ. સળંગ પંક્તિને જોઈએ તો એમાં કવિના વિસ્મયની અવધિ પ્રકટ થઈ જાય છે. ‘થોડો એક તડકો ઢોળાઈ ગયો આભથી’ પંક્તિમાં ચપોચપ બેઠેલો ‘ઢોળાઈ ગયો’ શબ્દ જુઓ. ઢોળાયો નહીં પણ, ઢોળાઈ ગયોમાં અનાયાસ થઈ જતી ક્રિયાનું કેવું તો રમ્ય નિદર્શન છે ! રચનાની એ પછીની પંક્તિઓ આ વિસ્મય કેમ, ક્યારે ઝિલાયું એનું વર્ણન આપે છે. કાળાં ભમ્મર વાદળાં છવાયાં હોય, સાંજની ઘનઘેરી છાયા ઢળી ગઈ હોય ત્યારે સૂરજ તો ક્યાંય દૂરદૂર છુપાઈને બેસી ગયો હોય. એવા વખતે જરા જેટલા તડકાની પણ આશા કેવી ? પણ ત્યાં જ ઓચિંતી આવી ચઢેલી વાયુલહેરી વાદળાંઓમાં જાણે તડ પાડી દે છે ને એ ક્ષણે આભથી થોડો તડકો ઢોળાઈ જાય છે ! આ વર્ણનમાં તડકો જાણે દ્રવ્ય રૂપ ધરતો હોય, પ્રસરતો હોય અને આપણા સુધી પહોંચે, ન પહોંચે ત્યાં તો ફરી ઘનઘેરી છાયામાં આ સઘળી માયા અલોપ થઈ જતી હોય એનો અનુભવ બહુ ત્વરાથી આપણે પામીએ છીએ. એ થોડો એક તડકો છે. ઝાઝો બધો હોત તો એનું આ રમ્ય રૂપ નજરમાં ન આવત. રંગનાં છાંટણાં સમો આ તડકો ઓચિંતો, અચાનક જે રીતે ઢોળાયો એનું વિસ્મય કાવ્યનું કેન્દ્ર બની જાય છે.

આ રચનાની પહેલી ચાર પંક્તિઓમાં તડકાના ઢોળાવાનું સ્થિર વર્ણન છે જ્યારે એ પછીની પંક્તિઓમાં આભથી થોડો એક તડકો ઢોળાઈ ગયા પછીની ગતિ આલેખાઈ છે. તરુઓની ડાળીઓ પડતા તડકાને ઝીલી લે, પાંદડાંની લીલી કટોરીઓમાં એ તડકો ખીલી ઊઠે અને ઊડતા પંખી નહીં પણ એની પાંખો એ તડકાને ભરી લેવાનું ઇજન આપે એમાં પ્રકૃતિના આ વિસ્મયને ચોખૂણેથી પામવાની તત્પરતા ઝિલાયેલી છે. આટલે સુધી કવિ પ્રકૃતિના એક અચાનક જ બનતા ચમત્કારને પ્રકૃતિતત્ત્વો સાથે ગૂંથે છે પણ એ પછી કવિનો પોતાનો, સ્વયંનો પ્રવેશ થાય છે.

વૃક્ષો, પાંદડાં કે પંખીઓની પાંખ જે ઢોળાઈ ગયેલા તડકાને ભરી લેવા તત્પર છે ત્યારે કવિ શું કરે છે ? કવિ કહે છે :

**‘કૈંક મારે હૈયે ઝીલ્યો મેં મથી મથી’**

થોડા એક તડકામાંથી ‘કૈંક’ને ઝીલવામાં કવિએ તો શબ્દમાત્રનો જ ફેરફાર કર્યો પણ એ પરિવર્તનથી અનુપમ અર્થ મળ્યો. થોડામાંથી થોડું સારવી લેવાની કવિત્પરતા કવિના ભાષાસામર્થ્યથી આગળ ધસી આવે છે. આ કૃપાપ્રસાદ ભલે થોડો હશે, પણ મથી મથીને થયેલી એ પ્રાપ્તિ જ જિંદગીને સાર્થક્યનો અનુભવ આપે. કવિ આ તડકાને હૈયે ઝીલે છે. સ્વીકાર-અસ્વીકારની મથામણમાં થોડો એક તડકો જ ઝિલાયો. અચાનક સાક્ષાત થઈ ઊઠતી પ્રકૃતિની એક અલભ્ય ક્ષણને હજુ કવિ ઝીલે-સ્વીકારે ત્યાં તો એ



વિશ્વરૂપ ફરી વાદળાંઓમાં સંતાઈ ગયું. ઊડતાં પંખીની પાંખ તો ‘તડકો ભરી લ્યો’ એમ કહી દે છે પણ મથી મથીનેય પ્રકૃતિના આ રૂપને ‘કૈંક’ જ ઝીલી શકાય છે એમાં પ્રકૃતિતત્ત્વ સામે મનુષ્યજીવનની અપૂર્ણતા પ્રકટ થઈ છે.

કવિની આ રચના એક ક્ષણના ચમત્કારને, એ ક્ષણને અપૂર્વ રીતિએ વર્ણવે છે. ક્ષણના સાક્ષાત્કારને મૂકી આપતી આ રચના પ્રકૃતિની પ્રક્રિયા અને પરિણામને આગળ ધરે છે. કવિએ ‘સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે’ એમ કહ્યું છે એની પ્રતીતિ આ રચનામાંથી જડે છે.

r

## હેમન્તનો શેડકઢો —

*હેમન્તનો શેડકઢો તડકો સવારનો*
*પીતાં હતાં પુષ્પ.*
*પીતાં હતાં ઘાસતૃણો*
*હીરાકણી-શાં હિમચક્ષુએ મૃદુ;*
*ને ચક્ષુની*
*અબોલ હૈયાચમકે કહી રહ્યાં :*
*છે ક્યાંય ગ્લાનિ*
*કે લાગણીની અસંતોષ – અતિતોષ – મ્લાનિ ?*
*ડોકું હલાવી રહી સંમતિમાં*
*પુષ્પો ફોરે સૌરભપ્રશ્ન મૂક :*
*પૃથ્વી-જાયાં તોય પ્રસન્ન શાં અમે !*
*કેમ છો તમે ?*

*સરી ગયો બાગ થકી ત્વરા-ભર્યો,*
*પૂઠે રહ્યું અનુભવી, નવ હોય જાણે*
*ભોંકાતી શું સ્વર્ગજાસૂસ પુષ્પો*
*કેરી આંખો.*

અમદાવાદ,, ૧૯૫૫

# પ્રકૃતિથી માનવ સુધીની યાત્રા...

***સિલાસ પટેલિયા***

## દર્શન

[યુવક રવીન્દ્રનાથને કલકત્તામાં એક વાર સૂર્યોદય સમયે જીવનનો એક મહાન અનુભવ થયો. આંખ આગળથી જાણે કે પડદો સરી ગયો ને સમગ્ર વિશ્વ એકરૂપે દેખવા મળ્યું. એવામાં સામે રસ્તા પર બે મજૂરો હસતા હસતા ચાલ્યા જતા એમની નજરે પડ્યા; એમાં સચરાચર સૃષ્ટિમાં ઊભરાતા આનંદને એમણે ઓળખ્યો. કવિ પોતાની 'જીવનસ્મૃતિ'માં આ અનુભવ વર્ણવતાં કહે છે કે પછી પોતે હિમાલય ગયા, એવી આશાથી કે કલકત્તામાં જોયેલું ત્યાં હિમાલયમાં વધુ ગંભીરપણે અનુભવવા મળશે. પણ એવું કાંઈ બન્યું નહિ. અને એમાં જ કવિનું સૌભાગ્ય હતું. આ કૃતિમાં હિમાલય પાસે કવિ પોતાના દર્શનની માગણી કરે છે અને હિમાલય તેમને એ માટે જગતમાં પાછા જવા કહે છે એ રીતે આરંભ કરી, કલકત્તામાં થયેલા દર્શનને પાછળથી નિરૂપ્યું છે (લગભગ કવિના જ શબ્દોમાં); અને હિમાદ્રિ કવિને પાછા જગત તરફ મોકલે છે એ પ્રસંગે જ કવિનું મૂળ દર્શન સાર્થક બની રહે છે એમ સૂચવ્યું છે. હિમાદ્રિને શિખરે શિખરે પેલા બે શ્રમીણોના સખ્યઆનંદનો ઉત્સવ જોતા કવિ માનવતાના સૌભાગ્યને વધાવતા જગતમાં પાછા વળી કવિઋષિ બને છે એ રીતે કૃતિનો અંત કલ્પ્યો છે.]

'હિમાદ્રિ અચલાધિરાજ, કરુણાર્દ્ર ગૌરીગુરો,
જરી જવનિકા કઠોર તવ શૈલમાલા તણી
– જરીક ઊંચકી ન લે ? પ્રગટ થાય ના થાય ત્યાં
વિલીન થઈ જાય ક્યાંય, તુજ તુંગ શૃંગો પૂંઠે,
મળેલું શિશુનેત્રને સુભગ મોંઘું જે દર્શન.

ભમ્યો કુહર, શૃંગ શૃંગ ભટક્યો વનાની વિશે
અધીર રવડ્યો હું નિર્ઝરનદીતટે, ને જહીં
પ્રપાત જળના શિલાતટથી વ્યાઘ્રફાળે ધસે.
રમ્યો વિકલ દેવદારુ તણી રમ્ય છાયા મહીં,
અને અનિલ સાથ માંડી અણથંભ કૈં ગોઠડી.
નિરભ્ર નભની અતાગ શુચિ નીલિમા આંખમાં
ભરી ભરી ઉલેચી મેં દિન પછી દિનો, રાત્રિએ
દઈ ડૂબકી તાગ લીધ કંઈ લક્ષ નક્ષત્રના.





પરંતુ ગયું ક્યાં, મળે ન ક્યમ દેખવા તે અહો
નિહાળ્યું હતું જે મહાનગરની ભરી ભીડમાં ?
લહ્યું ન અહીં શાંતિમાં, લહ્યું'તું જેહ કોલાહલે !

તરે તુહિનના અફાટ પટ ઉપરે ડોલતાં
અનિદ્ર તવ નીલરક્તદલ શુભ્ર પદ્મો સમાં
ભરી ક્ષિતિજવ્યોમ શૃંગ પર શૃંગ, મલક્યાં કરે.
તરંગિત વિલોલ સ્વપ્નસુષમા ધરાહૃદયની
પડી જ પથરાઈ સ્થૈર્ય ધરી રૂપ લૈ શાશ્વત.
પરોઢ સમયે સ્ફુરે સ્મિતમુખી ઉષા અદ્રિએ
ક્ષણેક ક્ષણ અર્ધ વા પ્રથમ રશ્મિ પૂષન્ તણાં
ઝીલી, સુહતી ત્યાં ધરાઉરની નિત્યકૌમારના
રસે ગહનરમ્ય સ્વપ્નસુરખી; સ્ફુરે ત્યાં શમે.
ઝલાય ન ઝલાય એ ઝલક દિવ્ય ચૈતન્યની.
અરે મુજનું સ્વપ્ન તેય સરી એવું ચાલ્યું ક્યહીં.
થીજેલ પડઘા પુરાણ ઋષિમંડલે ઉચ્ચર્યાં
ઋચાધ્વનિ તણા જગાડી મુજ નવ્ય ગીતસ્વરે,

અહો કુહરકંઠ મંદ્ર તવ ભવ્ય પ્રાચીનથી
સુણીશ ફરી મંત્ર એ મુજ ઉરે હતી વાંછના.
ત્રિકાલ મહીં તે અબાધિત ઋતસ્વરે મત્ત હું
પછીથી વિચરીશ, એહ હૃદયે હતી ઝંખના.
પરંતુ રવમૂક નિર્ઘૃણ અકંપ તું તો ઊભો.
અહો હૃદય શારતું, અદય, મૌન મીઠું તવ !
નથી તું વસુધાઉરે અસહ ભાર, રે માહરે
ઉરે વજન કારમું થઈ પડ્યો તું આજે મહા.'

'કવિ ! પ્રથમ તું નથી અસહ ભાર વ્હેનાર તો !
અગણ્ય મનુબાલકો ગભરુ પાંખ વીંઝી, નવી
મળેલી કંઈ દૃષ્ટિની, અબલ ઊડતાં થાકીને
પડે અહીં પછાડ ખાઈ મુજ અંકમાં, દોષ દે
ન એ અમિત વ્યોમલક્ષી નિજ સાહસોત્સાહને
પરંતુ મુજને. સુણી અરવ હું રહું એ ઉરો
થકી સ્રવત શબ્દ ત્રસ્ત જગશોકદુઃશ્વાસના.
કદી સરવરે જળે નીરખી છે છવિ માહરી ?

અને નીરખી છે પ્રચંડ મુજ કાય કંપી જતી,
જરીક લઘુ કોઈ કંકર પડ્યે તહીં વારિમાં ?
જગજ્જન તણો નિસાસભર શબ્દ ખીણો મહીં
સ્ફુર્યે, મુજની કાય એવી થથરી ઊઠે કારમી.
હિમાદ્રિ નવ હું, જગજ્જન તણા નિસાસા થીજી
થયેલ નભચુંબી રાશિ, બસ એ જ હું ! ને કવિ,
અગાધ જગમાંથી જે યુવક વૃદ્ધ આવ્યાં અહીં
પુનઃ જગતમાં વિદાય કીધ સર્વ તે મેં સદા,
વહંત મુજ બ્રહ્મપુત્ર નદ સિંધુ, ગંગા સહ.
હિમાદ્રિ-સમ બોજ ઝીલી જગક્લેશનો અંતરે
રહ્યા વિચરી નિત્ય જે સ્મિતમુખે બધું આયુષ,
ખરું ફક્ત તેમને જગતમાં થયું દર્શન.
ખરા ઋષિવરોય તે જ. કવિ, તારુંયે સ્વપ્ન તે
ઘટે મનુજવૃંદમાં જ, અહીંયાં ન રે, શોધવું;
ઘટે ભીતરમાં, બહાર નહિ એ, ભલા, ખોજવું.
લહી, પ્રિય, થજે તુંયે પ્રથિત ક્રાન્તદર્શી કવિ.'

અવાક કવિ ત્યાં ઊભો ગહન મર્મ ઉકેલતો
હિમાદ્રિ તણી સૌમ્ય શૈલલિપિમાં સ્ફુરી જે રહ્યા.
અને તરવરી રહ્યું અતલ મૌનમાં દશ્ય તે,
સુધામય દીઠેલું જે નગરને ગૃહપ્રાંગણે :
– પ્રભાત હતું. બાલસૂર્ય તરુઅન્તરાલે રહી
વરેણ્ય નવ-ભર્ગ વિશ્વ પર વર્ષતો હર્ષતો.
દગેથી સહસા તહીં જવનિકા ખસી શું ગઈ !
ખસ્યું ઉરનું જેહ આવરણ તુચ્છતાનું હતું.
પડ્યો સરી અહં અજાણ, નિજને સ્વયં ઢાંકતો.
સમસ્ત જગ જોયું દર્શકની જેમ. લાધી નવી
અલૌકિક અભિજ્ઞતા. સકલ વિશ્વસંસાર આ
ઊઠ્યો જ અપરૂપ કોઈ મહિમાથી આચ્છન્ન થૈ.
સમષ્ટિહૃદયેથી ઊઠી સરતા તરંગો સમું
સમુલ્લસત સર્વ આ જગત દીઠું સૌન્દર્યની
સવારી પર નીકળેલું રસડોલતું લીલયા.
અનાવરણ દષ્ટિમાં રહી અસીમતા ઊભરી.



વિષાદપટને નિમેષ મહીં ભેદી વિશ્વપ્રભા
મહીં જઈ ભળ્યું જ ભીતર, અપૂર્વ રંગાઈને.
કંઈ રહ્યું ન અપ્રિય, પ્રિય બની રહ્યાં સર્વ કો.
સમસ્ત ભર્યું એક મીટ મહીં વિશ્વચૈતન્યને.
જતો યુવક એક ત્યાં અવરને ખભે હાથ દૈ,
જતો ભરઉમંગ મુક્ત હસતો, દીઠો ત્યાં પથે.
નિહાળી પથ હાસ્યથી ઊછળતો શ્રમીણો તણા,
દીઠો તહીં ગભીરતા અતલસ્પર્શ સૌ વિશ્વની
મહીંથી ઊડતો અગાધ રસનો ફુવારો મહા,
ચતુર્દિશ વહાવતો ઝરણ હાસ્યનું. જોઈ સૌ
સમષ્ટિ અવિરામ નૃત્ય સમ દિવ્ય સૌન્દર્યના.–

ઉઘાડી નયનો જુએ કવિઋષિ પ્રગલ્ભાત્મ એ
હિમાદ્રિશિખરો પરે સુભગ દશ્ય દીપી રહ્યું :
પરસ્પર તણે ખભે ઉભય ભેરવી હાથ ત્યાં
શ્રમીણ હસતા ઊભા; સુહતું મુક્ત ત્યાં હાસ તે,
હિમાદ્રિશિખરો તણે શિર સમીરથી જેવી કો
સફેદ કલગી ઝીણી ફરફરી રહે બર્ફની.
સમુત્સવ લસી રહ્યો સરલ સૃષ્ટિસૌહાર્દનો.
શ્રમે વિચરતા, પરસ્પર સુમેળમાં રાચતા
નૃલોક તણું ભાગ્યમંગલ દીઠું જ ત્યાં અંકિત
સમુન્નત ઉદાર ભારત લલાટ પર રાજતું.

સમાધિ થકી જાગી એ અપરિમેય આનંદની,
વળ્યો કવિ જગે, શુભંકર ભરી ઉરે દર્શન.

અમદાવાદ, નવેમ્બર ૧૯૪૮

**[૧]**

**'દર્શન'** ઉમાશંકર જોશીએ ૧૯૪૮માં રચેલી દીર્ઘ રચના છે. આ કાવ્યસર્જન પાછળ કવિના મનમાં મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરના અનુભવનું બળ પડેલું છે. એ બળમાં જ કાવ્યબીજ પણ છે. અનુભવ તો રવીન્દ્રનાથ ટાગોરનો છે પરંતુ એ અનુભવ જાણે ઉમાશંકર જોશીનો પણ બની રહે છે. એટલે એમ કહી શકીએ કે એક મહાકવિની મહાચેતના સાથે આ કવિની ચેતનાનું કેટલું બધું તાદાત્મ્ય છે ! વળી રવીન્દ્રનાથના દર્શન સાથે પણ કેટલો બધો મેળ છે !

યુવાન રવીન્દ્રનાથે કલકત્તામાં સૂર્યોદય વેળા એવો અનુભવ કર્યો કે જેમાં એમને ‘સમગ્ર વિશ્વ એકરૂપ’ લાગ્યું. બરાબર એ જ વેળા સામેથી બે મજૂરો હસતાં હસતાં ચાલ્યા જતા દેખાયા. આ દશ્યોમાં કવિને આ સૃષ્ટિમાં લય પામેલો આનંદ પ્રતીત થયો. આ અનુભવ પછી કવિ હિમાલય ગયા ત્યારે એવી આશા હતી કે પેલો અનુભવ વધારે સઘનપણે અનુભવવા મળશે પરંતુ એમ ના બન્યું. હિમાલયની અસીમ પ્રકૃતિની સુંદરતાએ એમને જગતના માનવ ભણી પાછા વાળ્યા. હિમાદ્રિના શિખરે શિખરે પેલા બે શ્રમીણોના સખ્ય આનંદનું ચિત્ર, અલબત્ત કવિએ જોયું પરંતુ એ ચિત્રમાંથી ફરી વિશાળતા અનુભવી કવિ જગતમાં પાછા વળે છે. હિમાલય જ માનવતાના મહિમાને ગાવા પરત મોકલે છે. એ જ ‘દર્શન’ હિમાલયનું ! એ જ દર્શન રવીન્દ્રનાથનું અને એ ‘દર્શન’ની રજૂઆત કરનાર કવિ ઉમાશંકરનું દર્શન પણ એ જ છે. ઉમાશંકરની રચનાઓમાં આ જોવા મળે છે. ‘વસંતવર્ષા’ સંગ્રહમાં ‘દર્શન’ કાવ્ય છે. એ જ સંચયમાં ૧૯૫૩માં રચાયેલી ‘ભલે શૃંગો ઊંચાં’ સૉનેટરચના છે. ‘દર્શન’ કાવ્યનું દર્શન આ રચનામાં ઘનીભૂત થયેલું છે. ત્યાં પણ પ્રકૃતિનું અદમ્ય આકર્ષણ છે છતાં માનવ ભણી જ કવિ પાછા વળે છે. ‘મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો’થી એ કાવ્ય ઊઘડે છે પરંતુ કાવ્યના અંતે કવિની ઝંખના તો ‘ભલે શૃંગો ઊંચા, અવનિતલ વાસો મુજ રહો !’માં લય પામે છે. ‘દર્શન’ કાવ્યની ચર્ચા કરતાં આ કાવ્ય એટલા માટે સ્મરણમાં ઊતર્યું કેમ કે એમાં રવીન્દ્રનાથનું જે દર્શન છે એ આપણા આ કવિમાં પણ કેવું એકાકાર થઈ ગયું છે એ જોવા પામીએ છીએ. ઉમાશંકરની સમગ્ર રચનાઓનું ઋત પણ આ જ છે ! પ્રકૃતિના કેન્દ્રમાં માનવ ! ભગવાને સૃષ્ટિ રચી પરંતુ માનવને સૃષ્ટિશિરોમણિ બનાવ્યો છે એ કેન્દ્રમાંથી ખસવો ના જોઈએ એવો સૂર આ બંને કાવ્યોમાં તો સીધી રીતે છે જ.

૧૦૦ પંક્તિઓનું આ દીર્ઘ કાવ્ય છે. કાવ્યનાયકની મનોયાત્રાનું આમાં આલેખન છે. મનોયાત્રાનું મૂળ હિમાલયવિહાર તો છે જ સાથે સાથે હિમાલય સુધી આવતાં પહેલાં કલકત્તામાં થયેલો અનુભવ પણ છે જ. કવિ ઉમાશંકર એ અનુભવ પરકીયાપ્રવેશ કરીને જાણે પુનઃ અનુભવે છે ને ‘દર્શન’ કાવ્યનું નિર્માણ થાય છે.

આરંભ નાટ્યાત્મક છે. કાવ્યનાયક હિમાલયને સંબોધીને કહે છે : ‘હિમાદ્રિ અચલાધિરાજ, કરુણાર્દ્ર ગૌરીગુરો, / જરી જવનિકા કઠોર તવ શૈલમાલા તણી / – જરીક ઊંચકી ન લે ?...’ આમાં વિનંતી પણ છે ને કલકત્તામાં જે દશ્ય જોવા મળેલું એ જોવાની તલખ પણ છે : ‘મળેલું શિશુનેત્રને સુભગ મોંઘું જે દર્શન.’ એ દર્શન અહીં એકદમ નથી મળતું એનો વલોપાત પણ છે. આરંભની પાંચ પંક્તિઓમાં કાવ્યનાયકની અભિલાષાનો અવાજ વલોપાત સાથે પ્રગટ થયો છે.

મહાનગરમાં જે દર્શન થયું હતું એ કવિ યા નાયક હિમાલયની ગિરિમાળાઓમાં, શૃંગે શૃંગે, ગુફાએ ગુફાએ, જળપ્રપાતોમાં, નિર્ઝરતટે, દેવદારુઓમાં, ( – ક્યાં ક્યાં નહીં ?)



શોધે છે પરંતુ નથી જડતું. હિમાલયમાં કરેલો વિહાર પણ ભવ્ય છે. એમાંથી એક ચલચિત્ર જેવી, તરલ, ચંચલ, સ્થિર, ગતિશીલ ચિત્રમાળા પ્રાપ્ત થાય છે, જે જીવંત બની રહી છે. સમાંતરે સૌંદર્યનો સાક્ષાત્કાર પણ એ કરે છે યા કવિ કરાવે છે એ પણ આ ભાગમાં મહત્ત્વની બાબત છે. સર્જનાત્મક ઉન્મેષોના સંદર્ભમાં આ અગત્યની પ્રક્રિયા છે. પહાડની એક એક ટૂક જેવા આ પડાવો છે – શૃંગ શૃંગ, એ પછી વનમાં વિહાર, ત્યાંથી નિર્ઝર નદીતટ, વળી, ‘પ્રપાત જળના શિલાતટથી વ્યાઘ્રફાળે ધસે.’ જેવું ભયાવહ ને ગતિશીલ ચિત્ર, દેવદારુની છાયા – આમ, એકએક પડાવ આંખ સામે ખડો થાય છે ને ભાવકલેખે હિમાલયના અસીમ સૌંદર્યનો અનુભવ મળે છે પરંતુ કાવ્યનાયકને જે અભિપ્રેત છે એ નથી મળતું એથી જ વળી પાછો અહીં આગળનો પેલો વલોપાત તીવ્ર બને છે :

**‘પરંતુ ગયું ક્યાં, મળે ન ક્યમ દેખવા તે અહો**
**નિહાળ્યું હતું જે મહાનગરની ભરી ભીડમાં ?**
**લહ્યું ન અહીં શાંતિમાં, લહ્યું’તું જેહ કોલાહલે !’**

અહીં અપાર શાંતિ છે. એ શાંતિમાં ગંભીરપણે પેલું દશ્ય અનુભવવું છે જે મહાનગરની ભરી ભીડમાંથી મળ્યું હતું. દશ્ય એ મળતું નથી પરંતુ હિમાલયનું અસીમ સૌંદર્ય માણવા મળે છે, એ સૌંદર્યમાંથી પેલું માનવસૌંદર્ય મળે એવી નાયકની ઝંખના ભલે તોષાતી નથી પણ જે જે સૌંદર્યમય દશ્યો એ જુએ છે એ એની ચેતનાને વિશેષ સ્પષ્ટ બનાવી દે છે. એ દશ્યો પણ કેવા મધુર છે ! ‘તરે તુહિનના અફાટ પટ ઉપરે ડોલતાં / અનિદ્ર તવ નીલરક્તદલ શુભ્ર પદ્મો સમાં/ભરી ક્ષિતિજવ્યોમ શૃંગ પર શૃંગ, મલક્યાં કરે.’ તરલ ચંચલ ને ગતિશીલ આ ભવ્યચિત્રો અદ્‌ભુત છે. એક દિવ્ય ચૈતન્યમાં નાયક લય પામે છે. એનું પેલું દશ્ય, અહીં, જોવાનું સ્વપ્ન પણ સરી ગયું. અહીં સુધી કાવ્યમાં હિમાલયના સૌંદર્યસન્મુખ નાયક સતત ઊભો રહે છે પરંતુ એનું મન તો પેલા મહાનગરના દશ્યને અહીં જોવા તત્પર છે.

કાવ્યના મધ્યભાગમાં હિમાલય સાથે નાયક ને નાયક સાથે હિમાલયનો સંવાદ છે. નાયકને હજુય ફરિયાદ છે કે અહીં આવીને હું એક એવો મંત્ર પામીશ જે પેલા મહાનગરના આનંદદશ્યને વધારે સઘન બનાવે પરંતુ આ તો ‘...રવમૂક નિર્ઘૃણ અકંપ તું તો ઊભો / અહો હૃદય શારતું, અદય, મૌન મીંઢું તવ !’નો અનુભવ કરાવે છે, તેથી વિષાદ વધારે તીવ્ર બની જાય છે. એ જ વેળા હિમાલય એની સાથે સંવાદ સાધે છે, એનામાં જે દ્વિધા છે, પીડા છે, સમસ્યા છે, એનો ઉકેલ આપે છે. એમાં હિમાલયની વેદના પણ છે : ‘કદી સરવરે જળે નીરખી છે છવિ માહરી ? / અને નીરખી છે પ્રચંડ મુજ કાય કંપી જતી / જરીક લઘુ કોઈ કંકર પડ્યે તહીં વારિમાં ? / જગજ્જન તણો નિસાસભર શબ્દખીણો મહીં / સ્ફુર્યે, મુજની કાય એવી થથરી ઊઠે કારમી. / હિમાદ્રિ નવ હું, જગજ્જન તણા નિસાસા થીજી / થયેલ નભચુંબી રાશિ, બસ એ જ હું !...’

આમ, હિમાલય કાવ્યનાયકને પોતાની ઓળખ આપે છે. પોતાની પ્રચંડતા પણ

કેવી છે એ સૂચવે છે. પોતે કેવી રહસ્યમયતા અંકે કરીને ઊભો છે એ પણ સમજાવે છે. જે જે અહીં આવ્યા છે એમને મેં પાછા જગતમાં વાળ્યા છે એમ પણ સમજાવે છે ને કહે છે :

**'રહ્યા વિચરી નિત્ય જે સ્મિતમુખે બધું આયુષ,**
**ખરું ફકત તેમને જગતમાં થયું દર્શન.**
**ખરા ઋષિવરોય તે જ. કવિ, તારુંયે સ્વપ્ન તે**
**ઘટે મનુજવૃંદમાં જ, અહીંયાં ન રે, શોધવું;**
**ઘટે ભીતરમાં, બહાર નહિ એ, ભલા, ખોજવું.**
**લહી, પ્રિય, થજે તુંયે પ્રથિત ક્રાન્તદર્શી કવિ.'**

હિમાલયની આવી વાણી સાંભળી કાવ્યનાયક અવાક થઈ જાય છે. બહાર નહીં પરંતુ ભીતરમાં શોધવાની વાત એને અડી જાય છે. મનુજવૃંદમાં જ જીવનું સારસર્વસ્વ છે એ નાયક સમજે છે અને એનું આખુંય વલણ બદલાઈ જાય છે. મન શાંત-પ્રગાઢ-શાંત વાતાવરણમાં મુકાય છે. જે મહાનગરમાં જોયું હતું એ એને અહીં એકદમ જુદી જ રીતે દેખાય છે. એને અપૂર્વ અનુભવ થાય છે. આંખ આગળથી પડદો ખસી જાય છે. તુચ્છતા ઓગળી જાય છે કેમકે સાચા અર્થમાં એ હિમાલયની પ્રકૃતિના સૌંદર્યને પામ્યો છે. સમસ્ત જગને એણે દર્શકની હેસિયતથી જોયું. અલૌકિક અભિજ્ઞતા લાધી ને આનંદથી એ ઝૂમી ઊઠ્યો. એની દૃષ્ટિ પણ બદલાઈ ગઈ છે. કાવ્યનાયકની આવી અલૌકિક મનઃસ્થિતિ કવિ આ રીતે ચિત્રિત કરે છે : 'સમષ્ટિહૃદયેથી ઊઠી સરતા તરંગો સમું / સમુલ્લસત સર્વ આ જગત દીઠું સૌંદર્યની / સવારી પર નીકળેલું રસડોલતું લીલયા.' આ 'લીલયા'નો અનુભવ એનામાં આનંદનો ઉછાળ લાવે છે. જગત નવા ચૈતન્યથી ભરેલું પ્રતીત થાય છે. અંદરથી એ અગાધ રસનો ફુવારો અનુભવે છે. ચારેબાજુ એને હાસ્યનું ઝરણું જોવા મળે છે. દિવ્ય સૌંદર્યમાં આ આખીય સૃષ્ટિ નર્તન કરતી એને દેખાય છે. કવિ યા કાવ્યનાયકમાં હવે ઋષિત્વ પ્રાપ્ત થયું છે. હિમાદ્રિશિખરો પર સુભગ દશ્ય દીપી રહ્યું છે એ કાવ્યનાયક જુએ છે :

**'પરસ્પર તણે ખભે ઉભય ભેરવી હાથ ત્યાં**
**શ્રમીણ હસતા ઊભા, સુહતું મુક્ત ત્યાં હાસ તે.'**

આ છે અંતિમ દશ્ય જે મહાનગરમાં જોયું હતું. એ અહીં કાવ્યના અંતે જોયું એક દર્શકની રીતે ! નવતર પ્રાણ સાથે !

કાવ્યના અંતની પંક્તિઓ છે :

**'સમાધિ થકી જાગી એ અપરિમેય આનંદની,**
**વળ્યો કવિ જગે, શુભંકર ભરી ઉરે દર્શન.'**

હિમાલયની આ વિહારયાત્રા જાણે કે સમાધિમય ભાવસ્થિતિ હતી. એ ભાવસ્થિતિ



કાવ્યનાયકના ભાવજગતને બદલી નાંખે છે ને એવો બદલાયેલો કાવ્યનાયક પ્રકૃતિના ખોળેથી માનવખોળે પાછો વળે છે. વળે છે પાછો મહાન દર્શન અને એ દર્શનમાંથી અપરિમેય આનંદની અનુભૂતિ લઈ !

**'સમુત્સવ લસી રહ્યો સરલ સૃષ્ટિસૌહાર્દનો.'**

કાવ્યના અંતભાગની આ પંક્તિ અત્યંત અગત્યની છે. કાવ્યજગત એના પર ઊભેલું છે. દર્શનનો આ પ્રાણ છે. સૃષ્ટિસૌહાર્દ પામતા પૂર્વે નાયક એક વિશાળ અને એટલી જ ઊંડી ભાવ, વિચાર અને સૌંદર્યના અનુભવની પ્રક્રિયામાંથી પસાર થયો છે. એ પછી જ 'સમુત્સવ' પામ્યો છે.

## [૨]

આ દીર્ઘકાવ્ય એની રચનારીતિના સંદર્ભમાં પણ સુંદરતમ છે. કાવ્યનાયકને જે અનુભૂતિમાંથી પસાર કરીને, જે દર્શન પામતો દર્શાવવો છે, એના માટે કવિ બે અંતિમો પસંદ કરે છે – એક, ભારતનું મહાનગર કલકત્તા અને બે, ભારતની સંસ્કૃતિ અને શાંતિધામ હિમાલય ! બે સંસ્કૃતિ પ્રતીકાત્મક પરિમાણ રચે છે. કોલાહલ અને શાંતિ ! નગરસંસ્કૃતિ ને વન્યપહાડ સંસ્કૃતિ ! પ્રકૃતિના પાઠો માનવજીવનના સંબંધોમાં ખૂબ જ અગત્યનાં છે ને એ હિમાલય આપે છે. એટલે આવી ધરાતલ કલાત્મકતાનો કીમિયો બની જાય છે. વળી, આરંભે નાટ્યાત્મકતા, એ પછી નાયકનો વિષાદ, વલોપાત, વેદના, એ પછી હિમાલય જોડે સંવાદ, હિમાલયનો નાયક સાથે સંવાદ અને અંતે દર્શનમાંથી લાધેલી આનંદાનુભૂતિ ! આવો ઉપક્રમ કોઈ નાટક યા મૂવી જોતા હોઈએ એવો અનુભવ આ કાવ્ય કરાવે છે જે પરમ આસ્વાદ્ય બની રહે છે. ઇન્દ્રિયગમ્ય સૃષ્ટિ રચીને કવિએ જીવંત વાતાવરણ બનાવી દીધું છે, તેથી હિમાલય અને નાયક બે જીવંતપાત્રો બની જાય છે એની અહીં મજા છે.

દર્શન થવું એ નાનીસૂની ઘટના નથી ! ભવ્યતા એમાં છે, માટે કાવ્યબાની પણ એવી જ પ્રશિષ્ટ છે. જે જે શબ્દાવલિ અહીં છે, એ જોતાં એ સ્પષ્ટ થાય છે. આખીય રચના એવી છે, એથી ઉદાહરણો પણ કેટલાં આપીએ ? છતાં 'હિમાદ્રિ' 'અચલાધિરાજ', 'શૈલમાલા', 'શિશુનેત્ર', 'વ્યાઘ્રફાળ', 'શૃંગ', 'નિર્ઝર', 'વિકલ', 'ઋચાધ્વનિ', 'નિત્ય-કૌમાર'... યાદી લાંબી જ થતી જાય છે. તાત્પર્ય એ કે જે જે સંદર્ભમાં આ કાવ્યબાની છે, એ સંદર્ભોને એ ગરિમા આપે છે, એ કવિપ્રતિભાની પરિચાયક ઘટના ગણી શકાય. માત્ર શોખ ખાતર આ નથી.

સજીવ ચિત્રાવલિ, આ કાવ્યમાં ઠેકઠેકાણે છે, એમાં કલ્પનશ્રેણી પણ છે. દશ્યશ્રાવ્યઘ્રાણ્યસ્પર્શ્ય કલ્પનોથી એ ખચિત છે. એનાય અઢળક ઉદાહરણો છે. થોડાંક જોયા વિના ચાલે જ નહીં. જોઈએ –

'પ્રપાત જળના શિલાતટથી વ્યાઘ્રફાળે ધસે.' જળપ્રપાત, શિલાતટ-દશ્યો રચે છે

ને એની સાથે વ્યાઘ્રફાળ વળી ભયાવહતા રચે છે. આવી સહોપસ્થિતિ કલાત્મક તો છે જ, એટલી જ સંવેદ્ય પણ છે.

S

'તરે તુહિનના અફાટ પટ ઉપરે ડોલતા' પંક્તિ વાંચતાં જ તુહિન તરવરે છે ને પછી તરત 'શુભ્ર પદ્મો' પણ જીવંત થઈ ઊઠે છે.

S

'પરોઢ સમયે સ્ફુરે સ્મિતમુખી ઉષા અદ્રિએ'... એક જ પંક્તિમાં કેટલાં ચિત્રો છે ! પરોઢનો સમય, ઉષા, અદ્રિ, ઉષા પણ કેવી – સ્મિતમુખી... ચારપાંચ ચિત્રો સામટાં રચાયાં છે ને એમાંથી એક વિશાળ દશ્યફલક બન્યું છે. પહાડમાંથી સ્મિતમુખી ઉષા ફૂટે છે ! આ કલ્પના જ ગજબની છે. મહાકવિની પ્રતિભા જ પહાડને આમ જોઈ શકે !

બીજાં અનેક ઉદાહરણો આગળ ટાંકેલી પંક્તિઓમાં આવી જાય છે. તેથી, પુનરાવર્તનદોષ નથી કરતો. પરંતુ એમાંય આ રીતે જ કવિએ નવું જ જગત રચ્યું છે, જે કાવ્યનાયકના મનને અને હિમાલયના અનિવર્ચનીય સૌંદર્યને પ્રગટ કરે છે. એ રીતે નાયકને હિમાલયની ગરિમા પણ દર્શાવવી છે ને પ્રકૃતિનું તાટસ્થ્ય પણ દર્શાવવું છે, એની ઉપર માનવ છે, એ પણ સમજાવવું છે જેમાં કવિને પૂર્ણ સફળતા સાંપડી છે.

આમ, પ્રકૃતિથી માનવ સુધીની એક યાત્રા આ કાવ્યમાં કાવ્યનાયક કરે છે અને અંતે માનવજીવનમાં પોતે લય પામે છે. હિમાલય પણ એક ઋષિની હેસિયતથી એને જીવનમંત્ર અર્પે છે : 'ઘટે મનુજવૃંદમાં જ, અહીંયાં ન રે, શોધવું.' આ છે દર્શન ! આ દર્શન સમગ્ર કાવ્યમાંથી સુંદર રીતે સ્ફુટ થાય છે.

r

## નિવેદન

*વર્ષા-નીતરેલા કોઈ બપોર પછીના ટાણે*
*લીલાં પર્ણોમાં ગળાતા મૃદુહાસ તડકાને*
*હૃદય ભરીને કદી ગાઈ જો શકું તો ધન્ય!*
*હૈયે હૈયે પૂરું એને, જીવ્યાલ્હાવો શો અનન્ય!*
*અણગાયું જે કૈં તેની આશાએ, હે કવિમન,*
*પૃથ્વીતીર્થે ચંચૂ ભરી, કરો ઊંચે ઉડ્ડયન.*

*અમદાવાદ, ૨-૧૦-૧૯૪૬*



# બે અવતરણચિહ્નો વચ્ચેનું અનેરું કવિકર્મ

રાજેન્દ્ર પટેલ

## રડો ન મુજ મૃત્યુને !—

**[ચ્હાવાનું ક્હેવું સહુને નથી સ્હેલું કાંઈ.**
**—જાન્યુ. ૩૦, ૧૯૪૮]**

'રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં
ન રે ! – ક્યમ તમેય તો હરખતાં ન હૈયા મહીં ?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,
અને નહિ શું પ્રેમધાર ઊછળી અરે કે રડો ?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે ?
અધૂરપ દીઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો ?

તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અવાક અસહાય હું હૃદયમાં રૂંધી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે ? મરણથી છૂટ્યો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો ! થયું
સુણો પ્રગટ સત્ય : વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ !
હસે ઈસુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.'

'અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.'

અમદાવાદ, ૧-૨-૧૯૪૮

**સૉ**નેટ ઉપર સૉનેટ રચતાં પ્રખ્યાત કવિ Dante Rossetti પ્રથમ પંક્તિમાં જ કહી દે છે :

**'A Sonnet is a monent's monument –'**

સૉનેટ ક્ષણોનું સ્થાપત્ય ! આ કાવ્યમાં સ્થાપત્ય કહેતાં ભાષાકર્મ અને ભાવગૂંથણી બંને સમાવિષ્ટ થાય છે. ઉપરથી સાવ સરળ અને વિધાનાત્મક લાગતી આ રચના વાસ્તવમાં વિશિષ્ટ કૃતિ બને છે.

આ સમગ્ર સૉનેટ માત્ર બે અવતરણચિહ્નોમાં મૂકવામાં આવ્યું છે ! પ્રથમ અવતરણચિહ્નમાં બાર પંક્તિઓ અને બીજા અવતરણમાં બે પંક્તિઓ છે. કવિના સજાગ

છતાં સહજ ભાષાકર્મ તરફ તેથી તરત ધ્યાન જાય છે. સાતમી સદીમાં જે કાવ્યસ્વરૂપનો આરંભ થયેલો એ 'ઇટાલિયન સૉનેટ'ની સંરચનાનો અહીં ઉપયોગ થયો છે. મૂળે મિત્ર કે સ્વજનને ઉદ્‌બોધન અર્થે રચાયેલું આ સ્વરૂપ સમય જતાં આંતરિક પરિવર્તનો આણે છે. પ્રસ્તુત કાવ્યમાં ભાવગૂંથણી વિશિષ્ટ છે. પ્રથમ બાર પંક્તિમાં કવિ ગાંધીચેતનામાં રહીને ગાંધી વતીથી અભિવ્યક્તિ કરે છે તો બીજી બે પંક્તિમાં 'કવિ' સમાજ વતીથી અભિવ્યક્તિ મૂકે છે. આમ સાતમી સદીમાં આરંભાયેલું આ સ્વરૂપ અહીં 'સ્વ'થી 'સમાજ' સુધી વિસ્તરેલું જોવા મળે છે. પ્રથમ બાર પંક્તિઓ છ-છના બે 'અંતરાથી' મઢેલી છે. જે એક પિતા વતીથી કવિ ઉદ્‌બોધન કરે છે, જ્યારે અંતિમ બે પંક્તિઓ કવિ એક પુત્ર વતીથી ઉદ્‌ગારે છે.

'અપંગ માનવતા'ને કાજ જેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે એ 'યુગવણકર' ગાંધીને કેન્દ્રમાં રાખી લખાયેલું આ કાવ્ય વાંચતાં જ કવિએ રેંટિયાબારસ પર રચેલા એક કાવ્યની પ્રથમ પંક્તિ યાદ આવી જાય છે :

**ક્યાંથી કો દિવસ ઊગવો તમારા વિના ?**

ગાંધી નથી છતાં છે, એ આપણા સમયના માનવીય સંવેદના અનુભવતા હરકોઈની અનુભૂતિ છે. ત્યારે ૧૯૪૮માં પૃથ્વી છંદમાં રચાયેલા આ સૉનેટની પ્રથમ પંક્તિ આપણને અત્યારે એટલી જ પ્રસ્તુત અને જીવંત લાગે છે. કદાચ, વિદાય લેતાં હરએક પ્રજ્ઞાવાન મનુષ્ય કહે એમ જ –

**રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં.**

આ પંક્તિ પછી તરત કવિ એનો જાણે જવાબ પણ સહજ આપી દે છે. જેમાં મૃત્યુમાં પણ જીવનનો અર્થ છે. મૃત્યુશરણ થયેલા આ મૂઠી ઊંચેરા માનવી વતીથી કવિદષ્ટિ અનેરું વિધાન કરે છે :

**વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,**
**અને નહિ શું પ્રેમધાર ઊછળી અરે કે રડો ?**

રક્તધારાની સામે પ્રેમધારા મૂકી કવિ, સ્થૂળ ઘટનાને અંકે નહીં કરતાં સૂક્ષ્મ અને સનાતન ભાવ તરફ વાચકને લઈ જાય છે. 'પ્રેમધારા' એ જ 'ગાંધીધારા' અહીં વ્યક્ત થાય છે. છતાં, કવિ જાણે છે ગાંધી પણ મનુષ્ય હતા અને એથી કવિ સજાગ બની એક પંક્તિ આપે છે :

**'અધૂરપ દીઠી શું કેં મુજ અક્ષમ્ય તેથી રડો ?**

આ રચનાની પરમ કાવ્ય ક્ષણ, સૉનેટ-સ્થાપત્યનું ચરમ શિખર હવે પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે, સૉનેટમાં આઠ પંક્તિ પછી એક વળાંક આવે છે. જે વળાંક નવીન અભિવ્યક્તિનો નમૂનો બની કાવ્યમાં એક વિસ્ફોટની ક્ષણ રચે છે. આ સૉનેટ ઇટાલિયન



સૉનેટ સ્વરૂપથી રચાયેલું છે. એટલે કે બાર વત્તા બે પંક્તિઓની રચના છે. પ્રથમ બાર પંક્તિમાંથી આઠમી પંક્તિમાં કવિ એક અદ્‌ભુત વળાંક મૂકી જાણે કે કવિદર્શનને વહેતું મૂકે છે.

**શ્વસ્યાં કરત ભૂતલે ? મરણથી છૂટ્યો સત્યને**
**ગળે વિષમ જે હતો કંઈક કાળડૂમો ! થયું...**

'સત્યને ગળે વિષમ કાળડૂમો' કાળડૂમો જે જે અનુભવતા હશે એ જ રચી શકતા હશે યુગકર્મ. ગાંધીવંદના કહો તો ગાંધીવંદના, કવિસંવેદના કહો તો કવિસંવેદના અથવા કાળચેતના કહો તો તે. પરંતુ, સમયે સમયે રચાતા આવા કાળડૂમા જ શું મનુષ્યજાતિને ઉત્ક્રાંત નથી કરતાં ? ગાંધીચેતનામાં રમમાણ સૌ કોઈને જાણે નીલકંઠ થયા વગર છૂટકો નથી શું ? એક પિતા તરીકે જીવનબોધ કે જીવનદર્શન કે શીખ આથી વિશેષ શું હોઈ શકે ? એટલે જ કવિ બીજી પંક્તિ આપે છે :

**સુણો પ્રગટ સત્ય : વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ !**

આ ચતુર કવિ 'પ્રગટ સત્ય' કહી મુખર થતી કાવ્યપંક્તિને પ્રમાણે છે અને પ્રેમ શબ્દને ત્રણ વાર મૂકી એની ચિરંજીવિતાને અંકે કરે છે. શ્રી અરવિંદના મહાકાવ્ય સાવિત્રીમાં પણ અંતે મૃત્યુ પર વિજય મેળવી સત્યવાન સાથે પાછી ફરતી સાવિત્રી એક પરમ સત્ય ઉચ્ચારે છે.

**That to feel love and oneness is to live**
**Is all the truth I know or seek.**

આમ ઉપરોક્ત કાવ્યનો 'કાળડૂમો' વ્યક્ત થાય ન થાય ને અંતિમ બે પંક્તિ જાણે ડૂસકાં રૂપે કવિ આપે છે. જાણે મનુષ્યજાતિના આરંભથી આજ સુધીના લગભગ તમામ દીકરાઓને મુખે શોભે એવા શબ્દો મૂકી, કવિ સ્વયં ઉચ્ચારે છે.

**અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,**
**કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.**

મરણની પાવનતાનો અનુભવ પ્રથમ અંતરો કરાવે છે, બીજો અંતરો યુગવેદના અને યુગદર્શન વ્યક્ત કરે છે તો ત્રીજા અંતરાની અંતિમ બે પંક્તિ પિતાના જીવનબોધને અંકે કરતા પુત્ર સૌ કોઈની સંવેદનાને અભિવ્યક્ત કરતાં કહે છે 'રડી રહ્યા જીવન.'

અંતિમ પંક્તિના અંતના શબ્દોમાંય કવિકર્મ જોવા જેવું છે. પિતા અને પુત્રના આ સપાટી પર દેખાતા બયાનને અંતે કવિ સ્વકેન્દ્રી નથી રહેતા, એ સર્વકેન્દ્રી બને છે કારણ કે એ 'રડી રહ્યું જીવન' એમ ન કહેતાં 'રડી રહ્યા જીવન' કહી બધાવતીથી એક વૈશ્વિક અનુકંપા વ્યક્ત કરે છે. કાવ્યઅંતે એક ઊંચા કવિના અક્ષરકર્મની અહીં છબી ઊભરી આવે છે. યુગકર્મ કરનાર ગાંધીની પછવાડે જાણે આ કવિની છબીય આપણે

અનુભવીએ છીએ.

મૃત્યુ કેન્દ્રમાં હોય એવી ઘણી રચનાઓ કવિએ આપી છે. એ કાવ્યો વ્યક્તિ વિશેષ પણ રહ્યાં છે. પાબ્લો નેરુડા હોય કે સદ્‌ગત મોટાભાઈ કે પછી 'મૃત્યુ-ક્ષણ' હોય એ સૌમાં આપણને એક રણકો સાંભળવા મળે છે, મૃત્યુ પાછળ પાંગરતી માનવતાની મ્હેક ! એટલે જ કવિ 'મૃત્યુ-ક્ષણ' નામના એક કાવ્યમાં સ્પષ્ટતા કરે છે.

**એક એક કરતાં આખી પૃથ્વી જાણે ખાલી ખાલી થતી જતી,**
**ઊઘડતી જતી કોઈ બ્રહ્માંડઝાઝેરી ભીતરી સૃષ્ટિ.**

આ બ્રહ્માંડઝાઝેરી ભીતરી સૃષ્ટિ દર્શાવતા કવિને સહજ સહજ વંદન. કવિ આપણી વચ્ચે નથી છતાં છે જાણે આ કવિ અને કાવ્ય માટે John Donneના સૉનેટની પંક્તિ ચરિતાર્થ થતી હોય એમ અનુભવીએ છીએ.

**One short sleep past, we wake eternally**
**And death shall be no more, Death thou shall die...**

r

## બારણે બારણે બુદ્ધ

*ધોમ ધખે, ને ધરણી હાંફે, માડીનાં સુકાય દૂધ,*
*અંતરના ઉકળાટ વધે, ને ગરજી ઊઠે જુદ્ધ,*
*ઓ રે ! ગરજે કાળાં જુદ્ધ,*
*અમીકૂપી લઈ ઘૂમી વળો ત્યારે હૃદયવીર ! પ્રબુદ્ધ.*

*અંધારઘેરી અરધી રાતે બુઝાય દીવા વીર !*
*દશ દિશાથી ફૂંકાય ઘેરા મોતના શીત સમીર,*
*ઓ રે ! કાળના શીત સમીર,*
*ઉરે ઉરે ત્યારે દીપ પેટાવો ચેતનાના સ્નેહવીર !*

*માનવતા ઉર ત્રાસી રહી રણ-આંગણ-શોણિત-ક્ષુબ્ધ,*
*વીર, ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ,*
*ઓ રે ! જુદ્ધની સામે જુદ્ધ.*
*ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ !*

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૩૨



# ભાવનામુકુરિત – સૌંદર્યરસિત કવિબાની : 'ભલે શૃંગો ઊંચાં'

ઉષા ઉપાધ્યાય

## ભલે શૃંગો ઊંચાં

મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌનશિખરો,
ધસે ધારો ઊંચી, તુહિન તહીં ટોચે તગતગે,
શુચિ પ્રજ્ઞાશીળું સ્મિત કુમુદપુંજો સમ ઝગે;
વહી ર્‌હેતો ત્યાંથી ખળળ ચિર શાતા જળ-ઝરો.
ઢળી પીતો શૃંગસ્તનથી તડકો શાન્તિ-અમૃત;
મુખે એને કેવું વિમલ શુભ એ દૂધ સુહતું !
હસે નીલું ઊંડું નભ, હૃદય આશિષ્ વરસતું.
રસી શીતસ્પર્શે દિશ દિશ, ભમે મત્ત મરુત.

ગમે શૃંગો, કિન્તુ જનરવભરી ખીણ મુજ હો !
તળેટીએ વીથી સહજ નિરમી શાલતરુની,
રમે ત્યાં છાયાઓ; ઉટજ ઉટજે સૌમ્ય ગૃહિણી
રચે સન્ધ્યાદીપ; સ્તિમિત-દગ ખેલે શિશુકુલો;
સ્ફુરે ખીલે વીલે હૃદય હૃદયે ભાવમુકુલો;–
ભલે શૃંગો ઊંચાં, અવનિતલ વાસો મુજ રહો !

અમદાવાદ, ૨૮-૧૦-૧૯૫૩

**ગાં**ધીયુગના અને ગુજરાતી કાવ્યવિશ્વના પણ પ્રથમ પંક્તિના કવિ ઉમાશંકર જોશીની કલમે ગદ્ય-પદ્યનાં અનેક સાહિત્યસ્વરૂપો-પ્રકારોમાં એમની અંતરચેતના એક નિતાંત કવિની છે. અર્થ અને ચિંતનનું ઊંડાણ તેમજ સ્વસ્થ, સંયત, પ્રશિષ્ટ અભિવ્યક્તિરીતિ 'કવિ-મનીષી' બિરુદને સાર્થક ઠેરવે છે. 'ભલે શૃંગો ઊંચાં' સૉનેટ કવિ ઉમાશંકર જોશીનું એક ઉત્તમ કાવ્ય છે. ''સૌંદર્યો પી, ઉરઝરણ પછી ગાશે આપમેળે.'' જેવો દીક્ષામંત્ર આપનાર આ કવિએ 'ભલે શૃંગો ઊંચાં' સૉનેટમાં ભાવનામુકુરિત-સૌંદર્યરસિત કવિબાનીનો પ્રસન્નકર પરિચય કરાવ્યો છે. આ કવિ ગાંધીયુગના છે. તેથી ભાવનાશીલતા અને જીવનલક્ષી અભિગમ એમનાં સર્જનમાં હોય એ સ્વાભાવિક છે, પરંતુ તેઓ યુગસ્પંદનોને ઝીલનારા સામાન્ય કવિ નથી, પ્રજ્ઞાશીલ કવિ છે. એટલે

સૌંદર્યાનુરાગ જે કળાકાર માત્રને મળેલું વરદાન છે, તેનાથી જરાયે વંચિત નથી. 'ભલે શૃંગો ઊંચાં' સૉનેટમાં આ બંનેનો સુભગ સમન્ય કેવી રીતે 'કાવ્ય'માં પરિણમે છે તે હવે ક્રમશઃ જોઈએ.

કાવ્યનો આરંભ ઉન્નત ગિરિશિખરો પર ઢોળાતા મૃદુ તડકાનાં રમણીય ચિત્રાંકનથી થાય છે. કાવ્યનાયકનાં ચિત્તને આકર્ષતાં, નિમંત્રણ આપતાં મૌન શિખરોને કવિ આ રીતે વર્ણવે છે – ''મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌનશિખરો...'' અહીં નજીકમાં હોવાનો બોધ કરાવતા ''આ''ને બદલે દૂરતાસૂચક ''ઓ''નો પ્રયોગ કરીને કવિએ કાવ્યભાવકની દૃષ્ટિને ઊંચાં ગિરિશિખરો તરફ પ્રત્યગ્ર કરી આપી છે. તો વળી, ''બોલાવે'' અને ''મૌનશિખરો'' શબ્દપ્રયોગ વડે જક્સ્ટાપોઝ રચીને, ચમત્કૃતિ સર્જીને કાવ્યનાયકના હૃદયમાં ગિરિશિખરો માટે જાગેલા પ્રબળ આકર્ષણને જીવંત અભિવ્યક્તિ આપી છે. આ કાવ્યની પ્રથમ બે પંક્તિમાં સર્જાતું ગતિશીલ ચિત્ર પણ કવિની ઉત્ફૂલ્લ સર્જકતાનું દ્યોતક બની રહે છે. પ્રથમ પંક્તિમાં 'ઓ'નો પ્રયોગ કાવ્યભાવકની દૃષ્ટિને દૂરનાં ઉન્નત ગિરિશિખરો તરફ પ્રત્યગ્ર કરે છે, એ પછી તરત 'ધસે ધારો ઊંચી', એ અર્ધપંક્તિમાં ''ધસે'' શબ્દપ્રયોગથી પ્રપાતની ગતિનો અને ચટ્ટાનોની તીક્ષ્ણ ધારોની વેધકતાનો કવિ અનુભવ કરાવે છે. 'ધ' વર્ણનું પુનરાવર્તન અને અર્ધપંક્તિની યોજના પણ પ્રપાતના વેગને પ્રત્યક્ષ કરી આપવામાં સહાયક બની રહે છે. એ પછીની અર્ધપંક્તિમાં શિખરદર્શન માટે ઉન્નતગામી બનેલી, ધસી આવતી ધારો સાથે અવનિગામી બનેલી કાવ્યભાવકની દૃષ્ટિને ''તુહિન તહીં ટોચે તગતગે'' વર્ણનથી ફરી ઊર્ધ્વરેખ બનાવીને ટોચ ઉપર પ્રભાતકિરણને ઝીલીને ઝળહળતા ઝાકળબિંદુ પર સ્થિર કરે છે. સ્થિતિ-ગતિની રમણીય લીલા રચતી આ પંક્તિઓ કવિ ઉમાશંકરની સર્ગશક્તિનું એક ઉત્તમ દૃષ્ટાંત બની રહે છે.

સૉનેટના બીજા ચતુષ્કમાં કવિ ''ઢળી પીતો શૃંગસ્તનથી તડકો શાન્તિ-અમૃત'' પંક્તિમાં ''શૃંગસ્તન'' જેવાં પરંપરિત અલંકરણમાં સરી પડે છે, પરંતુ સવારના સુકોમળ ''મુખે એને કેવું વિમલ શુભ એ દૂધ સુહતું !'' વર્ણન વડે કવિ સમગ્ર ચિત્રને એક નિર્મળ માંગલ્યસભર સંસ્પર્શ અર્પીને કાવ્યપ્રભાવને અખંડ રાખી શકે છે. ઊંડાણસભર નીલ આકાશ અને શીતસ્પર્શે દિશાઓને રસીને મત્ત ભમતા મરુતનો નિર્દેશ કરીને કવિ ગિરિશિખરો ઉપરની આહ્‌લાદક સવારની રમણીયતાનો તાજગીસભર, મધુર પરિવેશ રચી આપે છે.

સૌંદર્યાનુરાગી કવિએ પ્રથમ આઠ પંક્તિમાં રચેલી ગિરિશિખરોની રમણીય સૃષ્ટિનો અનુભવ ત્રીજા ચતુષ્કથી પલટાય છે, એમાં ગાંધીયુગીન જીવનલક્ષિતા અને ભાવનાશીલતા પ્રવેશે છે – ''ગમે શૃંગો, કિન્તુ જનરવભરી ખીણ મુજ હો !''ની ઘોષણા કવિની પ્રતિબદ્ધતાને પ્રગટ કરે છે. અલબત્ત કવિ-કળાકારની સૌંદર્યરસિત દૃષ્ટિ તો અકબંધ રહે જ છે. તેથી જ તળેટીમાં સહજપણે રચાયેલી શાલતરુની વીથી અને એમાં



રમતી છાયાલીલા, પર્ણકુટિઓમાં સૌમ્ય ગૃહિણીઓ વડે પ્રગટાવાતા સાંધ્યદીપકોનો ઉજાસ અને આંખોમાં છલકાતા હાસ્ય સાથે રમતાં બાળકોનું એક જીવનરસછલકતું કમનીય ચિત્ર કવિ આલેખે છે. ગૃહમાંગલ્યનું આ એવું ચિત્ર છે જે ''સ્ફુરે ખીલે વીલે હૃદય હૃદયે ભાવમુકુલો'' – હતાશ-નિરાશ હૃદયોમાં પણ નવાં સ્પંદનો જગાવી જાય છે, જીવનરસની નવકળીઓને ખીલવી જાય છે. એટલે જ અંતિમ પંક્તિમાં કવિ રમણીય ઉન્નત શૃંગોના આકર્ષણને પરહરીને 'અવનિતલ વાસો મુજ રહો !' એવો સંકલ્પ પ્રગટ કરે છે. ''વ્રજ વ્હાલું કે વૈકુંઠ નહીં આવું'' કરતાં ન્યારી રીતે ગાંધીયુગના આ કવિએ અવનિતલનો મહિમા કર્યો છે. સૌંદર્યરસિત અને ભાવનામુકુરિત આ કવિબાની કાવ્યત્વનાં ઊંચાં શિખરો સર કરે છે, એવું કહેવાની ભાગ્યે જ જરૂર હોય !

## પ્ર ક ભુ વિ

*તું રૂપ ઘડે,*
*તું પ્રભુ.*

*હું તેનાં નામ કંઈ કંઈ પાડું,*
*હું કવિ.*

*તું રૂપ ઘડે ઘડે ને ભાંગે,*
*મારાં નામ... રમે રમે ને શમે.*

*અંતે રહે એક નિરાકાર,*
*રહે એક અ-શબ્દ નામ :*

*તું...*
*હું...*

*પ્રભુ... કવિ...*
*પ્ર ક ભુ વિ...*

અમદાવાદ, ૨૮-૬-૧૯૭૬

# આયુર્માર્ગના દ્વિભેટે

## ધીરેન્દ્ર મહેતા

### ગયાં વર્ષો –

ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં !
ગયાં સ્વપ્નોલ્લાસે, મૃદુ કરુણહાસે વિરમિયાં !
ગ્રહ્યો આયુર્માર્ગ સ્મિતમય, કદી તો ભયભર્યો;
બધે જાણે નિદ્રા મહીં ડગ ભરું એમ જ સર્યો !
ઉરે ભારેલો જે પ્રણયભર, ના જંપ ક્ષણ દે,
સ્ફુર્યો કાર્યે કાવ્યે, જગમધુરપો પી પદપદે
રચી સૌહાર્દોનો મધુપુટ અવિશ્રાંત વિલસ્યો.
અહો હૈયું ! જેણે જીવતર તણો પંથ જ રસ્યો.

ન કે ના'વ્યાં માર્ગે વિષ, વિષમ ઑથાર, અદયા
અસત્ સંયોગોની; પણ સહુય સંજીવન થયાં.
બન્યા કો સંકેતે કુસુમ સમ તે કંટક ઘણા,
તિરસ્કારોમાંયે કહીંથી પ્રગટી ગૂઢ કરુણા.
પડે દષ્ટે, ડૂબે કદીક શિવનાં શૃંગ અરુણાં :
રહ્યો ઝંખી, ને ના ખબર વરસો કેમ જ ગયાં !

અમદાવાદ, ૨૧-૭-૧૯૫૨/૫૩

### રહ્યાં વર્ષો તેમાં –

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું
ભલા પી લે; વીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહીંયાં;
નથી તારે માટે થઈ જ નિરમી 'દુષ્ટ' દુનિયા.
– અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી;
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી !
વિસારી હુંને જો વરતું, વરતે તું મધુરવી.–



મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં;
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;
જનોત્કર્ષે-હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.
–બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

અમદાવાદ, ૨૧-૭-૧૯૫૨/૫૩

**'વ**સંતવર્ષા'માં સંગૃહીત આ સૉનેટરચનાઓ એક જ દિવસે રચાઈ છે અને સહૃદયો દ્વારા બે સ્વતંત્ર સૉનેટ તરીકે તેમજ સૉનેટયુગ્મ તરીકે, એમ બેય રીતે ઉલ્લેખાઈ છે. સંગ્રહમાં એ અલગ-અલગ છપાઈ છે, એમ અલગ-અલગ વાંચતાં બંને કૃતિઓ સ્વયંસંપૂર્ણ જણાય છે તેમ એકસાથે વાંચતાં તેમાં ભાવસાતત્ય પણ અનુભવાય છે. બંને કાવ્યોનાં શીર્ષકો પણ જાણે એ ભાવસાતત્યનાં દ્યોતક બની રહે છે. આ લક્ષણ પણ આ કૃતિઓની વિશિષ્ટતા ગણી શકાય.

જાણે કે કવિ કે કાવ્યનાયકની કેફિયત રૂપે રજૂ થતી આ રચનાઓ સ્વગતોક્તિ રૂપે આપણને સંભળાય છે. આયુષ્યમાર્ગના દ્વિભેટે કવિ ઊભા છે : એક માર્ગ વીતી ચૂકેલાં વર્ષોનો છે, બીજો હવે આવનારાં વર્ષોનો – 'ગયાં વર્ષો' – 'રહ્યાં વર્ષો'. ગયાં વર્ષોની તો શી વાત કરવી – 'ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં !' કલ્પના અને આનંદના રંગે રંગાયેલાં એ વર્ષો... કોમળ લાગણીઓ, હર્ષશોકના અનુભવોમાં જ એ સમય પૂરો થઈ ગયો. કેવા કેવા અનુભવ થયા – કોઈ સુખદ, કોઈ ભયપ્રદ. નિદ્રાલોકના પ્રવાસ જેવો નિરંકુશ એ પ્રવાસ અવશપણે થતો રહ્યો... આ સર્વ અનુભવમાં સર્વોત્કટ અને બેચેન કરી નાખનારો અનુભવ પ્રણયનો. જીવનયાત્રા દરમિયાન ડગલે ને પગલે સ્નેહપૂર્ણ મૈત્રીનો મધુર અનુભવ થતો રહ્યો. હૃદયના કોમળ ભાવોએ જ તો જીવનપંથને રસમય બનાવી દીધો. એ ભાવો જ પાછાં મારાં જીવનકાર્યો અને કવિતામાં પ્રગટ થતાં રહ્યાં.

અષ્ટક પછી અહીં કવિએ જેને 'કથયિતવ્યમાં પોતામાં જ વંકવોળામણું લાવણ્ય' કહ્યું છે તે તાદશ થાય છે : આ સ્નેહ અને સૌહાર્દના પ્રતાપે જ જીવનમાં સહજક્રમે આવેલા વિષમકટુદુરિત પ્રસંગો પણ સહ્ય બન્યા. એમાં રહેલું વિધાયક બળ કામ કરી ગયું અને દેખીતા વિપરીત અને વિષમ અનુભવોમાં નિહિત ગૂઢ કલ્યાણકારી તત્ત્વ આવિષ્કૃત થતું રહ્યું. એ તત્ત્વની ઝંખનામાં ને ઝંખનામાં ' –ના ખબર વરસો કેમ જ ગયાં !'

ઠીક, હવે ? 'રહ્યાં વર્ષો તેમાં ?' એવી જિજ્ઞાસા પછીના સૉનેટનું સંધાન કરી આપી શકે તેમ છે. અને ન કરવું હોય તો પ્રથમ પંક્તિના ભાવાનુવર્તન સાથે પૂરું થતું અને

ગયાં વર્ષો કેમ ગયાં તેની કથની સહજોદ્ગાર રૂપે કહેતું આ કાવ્ય સ્વતંત્ર સ્વાયત્ત સૉનેટ તરીકે પણ આસ્વાદી શકાય છે. પરંતુ કવિએ પોતે કહ્યું છે :

> 'ઘણુંખરું કોઈ વિચારઅણુ, ચિંતનકણ સૉનેટમાં મૂર્ત કરવાનો આશય હોય છે. અલબત્ત, એ ચિંતનકણ ઊર્મિપ્રણિત તો હોવો જ જોઈએ,'
>
> ('શૈલી અને સ્વરૂપ,' ૧૬૪)

આ સૉનેટમાં કંઈક પરિપક્વ થયેલી સ્વસ્થ દૃષ્ટિએ કરેલું વીતી ગયેલા મુગ્ધ વયના જીવનનું દર્શન છે. એ દૃષ્ટિ હવે પછીના જીવનને કઈ રીતે જીવવા ચાહે છે ? આયુર્માર્ગે જે 'વિષ, વિષમ ઓથાર, અદયા અસત્ સંયોગોની' મળ્યાં એથી રખેને પોતે વીલે મુખ ફરતો થઈ જાય. એથી એ જાતને એક સત્ય સમજાવે છે :

**''નથી તારે માટે થઈ જ નિરમી 'દુષ્ટ' દુનિયા.''**

એ સમજાયા પછી – 'હું'ને વિસારીને મધુર સખ્ય રચી લેવાથી જ જગતનું માધુર્ય અને સૌંદર્ય પામી શકાશે. દુનિયાને નહિ, જાતને પલટવાની જરૂર છે. જનસમૂહનાં ઉત્થાન-પતનને સૃષ્ટિનાં સંચલનો રૂપે, પરમઋતની લીલા રૂપે જોવાનાં છે.

પ્રથમ સૉનેટમાં હૃદયમાં ભારેલા, તેને વ્યાકુળ કરતા જે પ્રેમતત્ત્વનો નિર્દેશ થયો તેનું અહીં વ્યાપક સ્વરૂપ જોવા મળે છે. આ પ્રેમતત્ત્વ પૃથ્વીનું અમૃત છે, સૃષ્ટિનું સ્વારસ્ય છે. ત્રણે લોકને ધરવા લાયક પ્રસાદ છે. આથી જ કવિ કહે છે :

**'મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'**

ગયાં / રહ્યાં / મળ્યાં, આ ત્રણ ક્રિયાપદોથી કવિએ આ સૉનેટયુગ્મને સુબદ્ધ કરેલું છે. આ એમની ભાષાસૂઝનું પરિચાયક દૃષ્ટાન્ત છે. મનુષ્યજીવનના સારસર્વસ્વને સૂચિત કરતી આ અર્થગર્ભ પંક્તિ નર્યા ચિંતનકણને રજૂ કરતી નથી, એમાં ઊર્મિનો ધબકાર અનુભવાય છે. વસ્તુતઃ ચિંતન અને સંવેદનની સમરસતાયુક્ત પરિણતિની આ પરાકોટિ છે.

આ કાવ્યમાં શરૂઆતથી ઊર્મિપ્રવણ સમજણનો સ્વર સંભળાય છે. એમાં ષટ્કમાં ઊર્મિનો ઉછાળ આવે છે. બંને કાવ્યમાં પ્રયોજાયેલા શિખરિણીમાં અહીં છંદોલયના તરંગેતરંગે ઊર્મિ હિલ્લોલે છે.

સૉનેટની દૃષ્ટિએ જોઈએ તો આ બંને પેટ્રાર્કશાઈ રચનાઓમાં પ્રથમ સૉનેટમાં કખખક કખખક અને ગઘઙ કે ગઘઘગગઘ એવી રૂઢ પ્રાસરચનાને બદલે અષ્ટકમાં શેક્સપિયરશાઈ પ્રકારની કક ખખ ગગ ઘઘ અને ષટ્કમાં કક, ખખ એવી પ્રાસગૂંથણી કરી છે પરંતુ કવિએ કહ્યું છે તેમ 'પેટ્રાર્કશાઈ પ્રકારમાં સૉનેટની ૧૩ અને ૧૪મી લીટીના પ્રાસ એક જ હોઈ શકે નહિ' એ 'સૌથી મહત્ત્વની વાત' જાળવી છે. ૧૩મીનો પ્રાસ ૧૨મી લીટી સાથે મળે છે પરંતુ ૧૩મી અને ૧૪મી લીટીની વાત કરીએ તો ૧૪મીનો ૧૩મી સાથે સ્વરને લક્ષમાં લઈએ તો જ મળતો જણાશે.



બીજા સૉનેટની પ્રાસયોજનામાં થોડો ફેરફાર કરેલો છે : કક ખખ પછી ગઙ ઘઘ એવી પ્રાસસંકલના કરેલી છે અને ૧૩ અને ૧૪મી લીટીમાં એક જ પ્રાસની યોજના કરી નથી, છતાં સ્વર વર્ણના પ્રાસ તો જાળવ્યા છે. અહીં કવિનાં આ વચનો ધ્યાનમાં લેવાં જેવાં છે :

> 'પશ્ચિમની પ્રાસરચના, સૉનેટ માટે યોજાઈ છે તે, શ્રવણ કરતાં આંખનો વિષય વિશેષ તો લાગે છે... આપણી ભાષામાં પશ્ચિમના જેવા અટપટા પ્રાસ મેળવવા એ અનિવાર્ય નથી છતાં આ બાબતમાં પ્રયોગોને અવકાશ છે.'
>
> ('શૈલી અને સ્વરૂપ', ૧૪)

r

## બે પૂર્ણિમાઓ

*અગાધ હતી પૂર્ણિમા ગરક આત્મસૌંદર્યમાં,*
*હતું શરદનું પ્રસન્ન નભ શુભ્ર ને નિર્મલ.*
*સૂતાં સરલ નીંદરે સુભગ શૃંગ અરવલ્લીનાં.*
*કહીં કુહરઘોષ નિર્ઝરણનર્તનોના સ્ફુરે.*
*તહીં અજબ લ્હેરખી ફરકી કો અગમલોકની.*
*ખૂલ્યું હૃદય, રોમ રોમ કવિતા પ્રવેશી વસી.*

*હતી લળતી આમ્રકુંજ, રસમસ્ત ને કોકિલા;*
*તપ્યા દિન પૂઠે હતી રજની રમ્ય વૈશાખની.*
*ઘડેલ ઘનકૌમુદીરસથી મ્હેકતો મોગરો;*
*પુરે જરીક જંપિયા જટિલ લોકકોલાહલ.*
*સુગૌર અરપેલ ગોરજ-સમેની કરવલ્લીને*
*ભુલાવતી તહીં સ્ફુરી મુખમયંકની પૂર્ણિમા.*

*નિરંતર સ્મરી રહું ઉભય પૂર્ણિમા એ સખી :*
*નિહાળી કવિતા તુંમાં, વળી તનેય કવિતા મહીં.*

૨૬-૧૧-૧૯૩૭

# નાટ્યકવિતા : 'મંથરા'

**પરેશ નાયક**

## મંથરા

મંથરા : હસી લે ઘડીક, સૂર્ય, છેલ્લા સ્મિતરશ્મિ સુધી.
અયોધ્યાવાસીનાં રંગરાતાં મન સુપ્રસન્ન
જોઈ રાતોમાતો તુંયે, સૂર્યવંશીઓની રિદ્ધિ
તણા સૌ સુવર્ણરંગ ઉછાળતો કોટિ-કરે.
કાલે કાળોમેંશ જો તું ઊગે ના તો કહેજે મને. ....

ડૂબ્યો ! ગ્રસ્યો અંધકારે !... યૌવરાજ્ય-અભિષેક
પામનારનેય ગ્રસે સઘન દુર્ભાગ્યછાયા. ...
અરે મારી સરલ તે માનિની રાણી કૈકેયી
સૂતી છે પ્રદોષવેળાએયે જે સૌભાગ્યગર્વે
નૃપતિને પ્રતીક્ષતી, અજાણ કે શાઠ્ય કેવું
આચરી રહ્યો છે દુષ્ટ રાજા એની પૂંઠ પરે,
ભરતને માતુલને ઘરે જવા દઈ, અહીં
રામને યુવરાજપદે સ્થાપીને. ... એ નહીં બને.
નહીં બને, મંથરાના છતાં કૈકેયી તરુણી
ભાર્યા વૃદ્ધ રાજા તણી માનહીણી જરીય તે
નહીં બને. ... અયોધ્યા ! આ દીપભૂષણો સજીને
કૈકેયીની હાંસી આમ કરવી ન છાજે તને. ...

કોણ છે રે ? દીવો લઈ અંધકાર પ્રાસાદનો
શતખંડ કરતું એ કોણ ગયું ? ધાત્રી ?... આવ,
દીપ આ પેટાવ. રાણી રોષ કરશે કે હજી
રાજાના સ્વાગતે હૈયાપ્રકાશ-શી દીપદ્યુતિ
લીંપી કેમ રહી નથી વસ્તુમાત્રને. ... ઓ રહે
દૂર, દૂર રાખ તારું મુખ દ્વાર આડે છૂપું,
અયોધ્યાના આનંદની છાલકથી મલકાતું.
પેટ્યો દીવો. ... જા, નથી કૈં કામ તારું, ખસ દૂર.
... અરે કિંતુ, કોણ તું આ દીપશિખા સમું મુખ



ઝળાંઝળાં ધારનારી બાળકી ખેંચી રહી આ
અપંગને મને હર્મ્યવાતાયન પ્રતિ વેગે ?
ધાત્રી, જોને કોણ આ ક્યાંથી પ્રવેશી, સુગુપ્ત આ
અંતઃપુરે.

બાલિકા : ધાત્રીને તો ધુત્કારી તેં દૂર કરી.
તેજોદાત્રી તણી તને અસૂયા ના જેવીતેવી.

મંથરા : કોણ છે તું, અલ્પમતિ, અતિભાષિણી અબૂજ ?

બાલિકા : હું તો છું ઋજુલા, મને ઓળખી ના ?

મંથરા : ના ?

ઋજુલા : સુભગે !
માનીશ તું ? હું છું તું જ.

મંથરા : નાનકડી આવડી હું ?

ઋજુલા : હા. તેં મને વધવા જ દીધી છે ક્યાં ? આજે તો હું
માનવાની નથી તારું કંઈ જ. આ બારી પાસે
ચાલ. ચાલે છે કે નહિ ? ભલે જતી ગબડી, છો
પછડાતી, ભલે નવી ખૂંધ વળી બીજી તને
નીકળતી, અયોધ્યાના હૈયાના એ હાર દીપ
જ્વલંતના બતાવ તું બતાવ મને આ ક્ષણે.
ચાલ ! બતાવે છે કે નહીં ? – ચાલ, ભોંય પડી તું જો
જાય તો હું કૈં ન જાણું. ... જો, જો, કેવા થથરતા
મંદાકિની તણી મંદ લહરીએ વ્યોમદીપ
આવી પથરાયા અહીં છે બધાય સરયૂને
તીરે રમણીય આજ જાણે !

મંથરા : મને ખૂંચે છે તે
આંખમાં કણાની જેમ. ... કાળવાયુ, બ્રહ્માંડની
કઈ ગુફામાં સૂતો છે ? વા પ્રચંડ ઘોરરૂપે,
હોલાવી દે એક ફૂંકે સમગ્ર આ દીપરાશિ.

ઋજુલા : ન બોલીએ આવું.

મંથરા : બોલ ના તું વચ્ચે. આજ રાતે
આ ઉત્સવ-દીપમાંથી હોળી મહા પેટાવીશ
ત્યારે જ હું જંપવાની.

ઋજુલા : કારમી શી તાલાવેલી !

મંથરા : છું દુરિત હું અસીમ, અગાધ, અપરિમેય,
આખાય આ બ્રહ્માંડનો બૂકડો હું કરી દઉં. ...
હસ તું.

ઋજુલા : ના હસું તો શું કરું, કહે ? ખૂંધ તારી
આ, તેને તો સીધી કરી બતાવ, જો શક્તિમતી
છે તું મહા.

મંથરા : વિશ્વ આખું વક્ર ખૂંધું કરી દઉં.
ના મને વિડંબી શકે કોઈ જ તું-જેમ પછી.

ઋજુલા : શું તને વાંકું પડ્યું છે ? વાંક કંઈ અયોધ્યાનો ?

મંથરા : કૌસલ્યાનો.

ઋજુલા : દૂભવી શું કદી તેણે ?

મંથરા : ના, ન એણે,
એના પુત્રે.

ઋજુલા : રામે ? કદી કોઈનીય વિમાનના
કરે રામ ?

મંથરા : નામ એક બોલીશ ના એ તું મારી
સમક્ષ.

ઋજુલા : શે અકારું એ એક નામ, જનહૈયાં
તણા મહાપારાવારને હેલે ચડાવનારું
ચંદ્ર સમું નામ રામચંદ્ર...

મંથરા : એ જ તો પીડા છે.
રામ બસ રામ સારું ગામ રામ રટ્યાં કરે
એ જ મારે માટે મોટું કારણ છે અણગમા
તણું.

ઋજુલા : તુંયે કેવી રટી રહી નામ એ જ મીઠું !



ભલે હો આશય ભિન્ન. જાણુંને હું, રટ્યા વિના
ના તુંયે રૂહૈ શકે ઘડી.

મંથરા : ભચડી હું દઉં એહ
કરાલ દંષ્ટ્રા વચાળે...

ઋજુલા : અરે રામ, સ્હેવાતું ના.
રામ...રામ...

મંથરા : દીપક આ હોલવાતો રહી ગયો.
ક્યાં ગઈ ? થઈ અલોપ ?...
દીપકના કારમા આ
થથરાટમાંથી કોણ આકૃતિ આ કાળમીંઢ
ટપકી પડી અઘોર, પથ્થરની કંડારેલી ?
કોણ તું ?

આકૃતિ : હું કાલરાત્રિ.

મંથરા : કાલરાત્રિ ?

કાલરાત્રિ : મંથરા, હું
કાલરાત્રિ, જે થવાની મહાકાંક્ષા પ્રજ્વલતી
રૂંવે રૂંવે તારે; છું હું મંથરા તારું જ રૂપ.

મંથરા : મારું રૂપ ? કેટલાં ભર્યાં છો તમે મારા મહીં ?
પેલી તો હતી પરી વા દેવબાલિકા, અને આ
તુંયે ન દીસે માનવ.

કાલરાત્રિ : માનવ કો નથી એવું
જેમાં નવ વસી શકે દેવ વા દાનવ.

મંથરા : એ હો
જે કૈં ભલે. નરી મારો સ્વાર્થ છું જોનારી નારી.
રાણી મારીની જે અધોગતિ તે મારી જ, તેને
ખાળવા હું મથનારી સંસારી છું જીવ. આવ,
મંગલનો પ્રસવ ન થવા પામે પ્રાતઃકાલે
એ છે આપણે જોવાનું; આવ, ભાવિ-ઉદરમાં

ગર્ભ રહ્યો સળવળી, દૂષિત તે કરી દેવો
આપણું કર્તવ્ય એ જ. કૈકેયીને માનભંગ
બનીને આ અયોધ્યામાં જીવવાવારો ન આવે.
બસ એ જ લક્ષ્ય એક.

કાલરાત્રિ : કુમાર તે કૌસલ્યાનો
યૌવરાજ્ય પામે તેમાં...

મંથરા : પામે કેવો, મંથરા હું
બેઠી છું ત્યાં સુધી ? જશે, ભટકશે, અરણ્યોમાં
ભિક્ષુક કે જતિ સમો.

કાલરાત્રિ : કદાચને કો પ્રવીર
સમો. વિશ્વામિત્ર સાથે વનોમાં – તપોવનોમાં
ગયો, તાટકા ત્યાં હણી, રાક્ષસો માર્યા અનેક.
અરણ્યમાં જશે ફરી તો રાક્ષસકુલો કૈંક
સંહારશે. કીર્તિ એની ગાજશે દિગ્દિગંતમાં.

મંથરા : તેથી શું ન મોકલવો દેશવટે એને મારે ?
વિશ્વામિત્રે માગ્યો રામ, વૃદ્ધ રાજા બોલ્યો ત્યારે
રામ તે હું દેશ નહીં, બીજું માગો, માગો મને. —
ત્યારથી એ થઈ પડ્યો છે અકારો છેક મને.
જોઈએ મારે તો બસ પગ એનો ટળે એ જ.

કાલરાત્રિ : દુરિત આચરનારે શુભ તે દુરિતમાંથી
પ્રસવે તો નભાવી લેવું પડે જ. બોલ, હં, તું
દેશવટે મોકલીશ ?

મંથરા : હા.

કાલરાત્રિ : હા હા હા – હસવાનો
આવ્યો આજે હવે મારે સમય, ભૂતલ પરે
ઝંઝા સમી ઘૂમી હું વળીશ, લાખ લાખ મારા
ઉદરે ઓરાશે ચંડ રાક્ષસો. રુધિરઓઘ
કંઠે મારે ઠલવાશે. ડાકિની-શાકિની બની
નાચીશ બીભત્સ નૃત્ય, વરવી આકૃતિ મારી



તણો સુવિરૂપતર ભાગ બની સોહી રહેશે
વિશ્વ આખું ખૂંધ કો વિરાટ સમું ...

મંથરા : અપહાસ
રહેવા દે તારા. મારે, આજની જો રાત્રિ થાય
કાલરાત્રિ, આજ માટે પર્યાપ્ત છે એટલું જ.

કાલરાત્રિ : અગ્નિરસ ઊછળતો ધરિત્રીપેટાળમાંથી,
વિકટ કાટકા કરી ત્રુટંત કૈં અદ્રિશૃંગો
જ્વાલામાલામાં લીલાથી રમાડતો, લસી રહેશે
જગતને જાણે આખા ખાઉં ખાઉં કરતો ત્યાં. ...
જ્વાલામુખીનું ઢાંકણ ખોલવામાં મજા તને.

મંથરા : અત્યારે તો તે અબૂજ માનિની કૈકેયી તણા
રોષકોષ ઉપરનું ઢાંકણ ખસેડી દેવું
એ જ એક કર્તવ્ય, જે ઊભું સામે, તેમાં શી તું
દે છે, જોઉં છું, સહાય. ચીત્કારથી આભ ચીરી
ચમકાવ, જા, જગાડ ભરતની જનેતાને
ધસી ધૃષ્ટ અંતઃકક્ષે.

કાલરાત્રિ : ક–ક–ક–કૈકેયી–ઈ–ઈ...

કૈકેયી (પ્રવેશીને) : કોણ છે રે ? ... મંથરા તું ?
કારમી દૈ ચીસ કોણે
બોલાવી મને ?... નથી શે બોલતી કુબ્જા તું બની
બોબડીયે ?... શું જુએ છે, મંથરા, ગવાક્ષે ઊભી ?

મંથરા :કાલરાત્રિ...

કૈકેયી : શું બોલી તું ?

મંથરા : જોઉં છું હું કાલરાત્રિ...

કૈકેયી : કાલરાત્રિ કેવી ! શાની ? કોની ?

મંથરા : કહું ? ભરતની,
જો તું નહીં સમજે તો; અને કદી સમજે તો
રામની.

કૈકેયી : શું બોલી રહી, ભાન કૈં તને ?

મંથરા : ન ભાન
તને જ કંઈ, કૈકેયી ! ભરત છે ક્યાં ?

કૈકેયી : મોસાળે.

મંથરા : શા માટે ?

કૈકેયી : યુધાજિત્ બંધુ મારો તેડી ગયો એને
કેકયાધિપતિ અશ્વપતિ-સુત વાત્સલ્યથી.

મંથરા : અયોધ્યાની હૈયાલક્ષ્મી આનંદ આનંદ આજ
કેમ માની રહી, જો તો !

કૈકેયી : સમજ કૈં પડે એવું
બોલ સમસ્યાવચન છોડી. મંથરા, સદાની
વક્ર રહી એની એ જ.

મંથરા : રાણી, શીદ વાંકું પાડો,
વાંકું જ્યાં છે ભાગ્ય તમ ? ... અયોધ્યા ઓ પૂરે સાક્ષી.

કૈકેયી : વાંકું શું છે એમાં ? અરે ! અયોધ્યાની હૈયાલક્ષ્મી
સાથે હસે હૃદય આ મારું... હસ અયોધ્યા, તું.
છો રડે આ મંથરા, જો રડવું જ ઇષ્ટ એને.

મંથરા : હસે તું દુર્ભાગ્યથી જો તારા, એકલી રડીશ
હું. વિદાય ભરતને કરી રાજા દશરથે
નિરધાર્યો રામનો જે યૌવરાજ્ય-અભિષેક
તાત્કાલિક કાલ પ્રાતઃકાલે એથી અહીં એક
મંથરા વિના અયોધ્યા આખીયમાં રડશે કો ?

કૈકેયી : મૂર્ખી, શું તું અધમૂઈ, એ વાતે થઈ ? તો લે આ
ગળામાંનો નવસર હાર મારો વધાઈમાં
રામ-અભિષેક તણી, અને હવે હસી જા જો !
અરે રામ ! હું તો જોઈ આંખના અંગારા તારા
છળી ઊઠી... હાશ, મારો રામ યુવરાજ થશે.

મંથરા : હસીશ હું, કેમ નહીં હસું, કહે કૈકેયી, આ
ભોળપણ તારા પરે, જાણતી જે જગતને
સ્નેહ-રત પોતા સમું, આજે અવસર નથી



તારે, કિંતુ કૌસલ્યાને છે ભૂષણો સુવર્ણનાં
અર્પવાનો...

કૈકેયી : નથી કેમ મારે, અરે વક્રમતિ !
ધર્મજ્ઞ તે સત્યાચાર, વિનમ્ર, શુચિ, રુચિર
રામ કૌસલ્યા તણો જ નથી, છે એ મારોય તે
એટલો જ. ભરત ને રામમાં ન ભેદ કશો
મારે મન.

મંથરા : એ જ તો છે મારે મન મહાશૂળ.

કૈકેયી : કેમ રે ?

મંથરા : ન પૂરતું છે – તારે મન ભેદ નથી.
કૌસલ્યાને મન યદિ ભેદબુદ્ધિ.

કૈકેયી : હોય કદી,
તોય રામ મારો તે તો રામ સદા રહેવાનો.

મંથરા : રામ તેય શું કરે, જ્યાં રાજનીતિ નિજ ગતિ
અનુસરે ?... રામ હોય ગમે તે પરંતુ તેને
ભય સદા ભરતનો રહેવાનો ને ભયભીત
રાજ્યારૂઢ નૃપતિથી ચાલવું બચીને સદા
ભરતને લલાટે હા લખાયું જ.

કૈકેયી : રાજનીતિ
અયોધ્યાના રાજગૃહે દાસીઓએ ભાખવાની
આવી ગઈ વેળા ?

મંથરા : રાણી, રાજગૃહ છે ક્યાં, કહે ?
હું ન ક્યાંય જોતી. જોઉં છું હું આ આંખોની સામે
પ્રેષ્ય દાસી કૌસલ્યાની કિંકરી બનેલી તને,
અને રામનીય....

કૈકેયી : રામ રિપુનેયે વ્હાલ કરે
સર્વપ્રિય, સત્યકામ, તે તો મને કૌસલ્યાથી
અદકેરી અર્ચે સદા. છોડ ચિંતા, સ્વસ્થ બની
નૃપતિકુમાર જ્યેષ્ઠ યૌવરાજ્ય પામે તેને
વધાવતાં શીખ.

મંથરા :                    મારે શીખવાનું આવ્યું ખરે
તારી કનેથી ઘણુંક, રાણી, કહે અર્ચના તું
પામી પોતે એટલે શું પુત્રનેય મળી ? એની
દશા શી, – કશી જ તેની તને ના ચિંતા. એ જ્યેષ્ઠ
યૌવરાજ્યપદ પામે એ જ તો આપત્તિ. રાણી,
હુંય તે કૈં જાણું, રાજ્યે જ્યેષ્ઠ જ જે હોય તેને
યુવરાજ સ્થાપ્યો ઘટે. ભરતનું કિંતુ...

કૈકેયી :                                        તારું
કિંતુ ન ટળ્યું ! તું બસ કિંતુ કિંતુ રટ્યાં કર,
કિંતુડી !

મંથરા !       છું કિંકરી તો કહે તારે કહેવું હોય
તે, પરંતુ...

કૈકેયી :              પરંતુ ? !

મંથરા :                            તું હસ, હસી લે તું આજ
છેલવેલ્લું.

કૈકેયી :            છેલવેલ્લું ?

મંથરા :                        કાલે પ્રાતઃકાલે યુગ
નવો આરંભાશે તેમાં તું અને ભરત બેઉ
ખોવાઈ જશો કહીંય... તારું મને લાગતું ના,
લાગની છે તું ગમે તે થાય તારું તેની. મને
લાગે એક ભરતનું. શિશુપણે મોસાળે તે
રહ્યો, નહીં હળ્યો અહીં, નિષ્કંટક રાજ નિજ
કરવા કૌસલ્યાસુત – કિંચિત ના શંકા મને –
મોકલ્યા વિના રહેશે નહીં તારા ભરતને
દેશાન્તરે... અથવા તો લોકાન્તરે...

કૈકેયી :                              ભરતને ?

મંથરા :                                        ભરતને.
રામનો સહજ રિપુ ભરત...

કૈકેયી :                              ભરત ?



મંથરા :                                        ભલે
ભરતનું કરવું જે હોય રામને, તે કરે.
રાજગૃહમાંથી ભલે ફંગોળાઈ વનવને
ભટકે ભરત ભલે...

કૈકેયી :                    ભરત ?

મંથરા :                              ભરત.

કૈકેયી :                                    ...ના ના,
જીવતેજીવત મારા નહીં એ બને કદાપિ.
મંથરા, ન જાણીશ તું, મંદભાગણી બિચારી
અસહાય શક્તિહીન મને. રાખઢાંક્યો ફૂંકે
સ્ફુલિંગ જે તેની સામે વિશ્વગ્રાસિની જ્વાલા છું,
પદસ્પર્શે છંછેડે જે તેને કાજ વિષ-ઓઘ
ફુત્કારતી ફણા માંડી મરડાતી સર્પિણી છું.
સિંહણ શું સહી લે કે, મંથરા, શિશુનો થતો
અભિભવ ?... અરે, અરે, મંથરા, આ અયોધ્યા કે ?

મંથરા : અયોધ્યા શું કરે એમાં જે મળ્યો તે સ્થાપે રાજા.
આપણામાં જોઈએ કૈં હામ.

કૈકેયી :                              રામ વનવાસ
જશે, ભરત થશે યુવરાજ.

મંથરા :                        વાહ, મારી
રાણી, જાણતી હતી હું કે પાણીમાં બેસી જાય
એમાંની નથી તું. કહે શી રીતે પાડીશ પાર ?

કૈકેયી : શી રીતે પાડીશ પાર ? તું કહે જો.

મંથરા :                                  પૂછે છે તું
મને ? તું જાણે બધુંય છતાં ? જો મને પૂછે તો–
મારે મુખે સાંભળવું ગમે તો–હું કહું, મારી
લાડીલી રાણી, છે તારાં રાજા કને વરદાન

લેણાં બે. પુરા સંગ્રામે દશરથ શસ્ત્રાઘાતે
લોહીલથબથ થતાં કરી તેં શુશ્રૂષા, બની
દિવ્યાંગના સંજીવની સીંચી જાણે નૃપ પરે;

પ્રસન્ન થૈ નૃપતિએ અર્પ્યાં વરદાન જે બે
તત્કાલ તેં માગ્યાં નહીં, ખપ પડ્યે માગીશ હું–
કહી; આજ માગવાની આવી ઘડી, માગી લે તું
એક તો ભરત તણો અભિષેક, અને બીજો
માગ વનવાસ વર્ષ ચૌદનો તું રામ માટે.

કૈકેયી : માનશે તે રાજા ? જોતી ન્હોતી મન મારું જ આ
માનતું ન્હોતું ને...

મંથરા : મારી ભોળી રાણી, અજાણી-શી
પૂછે છે તું મને. તને સામર્થ્યનું ભાન તારા
નથી પૂરું. દયિતા તું સદાયે તે નૃપતિની.
રૂપગર્વિતા તું મત્તકાશિની ભ્રૂકુટિભંગે
માગે કૈં ને નૃપતિ તે ન આપે તે બને કદી ?
ત્વદર્થે રાજા પ્રવેશે હુતાશને હોંસે હોંસે.
પ્હોંચી જા તું ક્રોધાગારે ધૂલિધૂસરિત ગાત્ર
તારાં તે સહન નહીં કરી શકે વૃદ્ધ પતિ,
સૌભાગ્યના બળનું ન પૂરું તને માપ તારા.

કૈકેયી : જોઈએ...

મંથરા : હું તો આ મારી આંખોની સમક્ષ જોઉં
જય સુંદરીનો તારો. ઊઠ, નથી વેળ ઝાઝી
નૃપતિ આવવા આડે, જો એ તને ઝાઝાં માન-
મોંઘાઈ કરીને દેશે મણિ, મુક્તા, અલંકાર
સુવર્ણના, ઠેશથી તે ફગાવી દૈ અવિલંબે,
પુરા દેવાસુરયુદ્ધે વરદાન અર્પેલાં જે
સિદ્ધ આજ કરવાં તે તારે હાથ. તારે હાથ
ભરતને ભટકતો વન વન કરવો કે
અભિષિક્ત કરવો તે.

કૈકેયી : પણ...

મંથરા : 'પણ' આ ક્ષણેયે ?

કૈકેયી : ચૌદ વર્ષની તો ચિંતા ટળી, પરંતુ તે પછી
પદભ્રષ્ટ થવાવારો આવવાનો ભરતને.



જ્યેષ્ઠ તે થશે જ વનવાસ પૂરો કર્યા પછી
રાજ્યે પાછો પ્રતિષ્ઠિત.

મંથરા : ગભરુ હે રાજમાતા !
ચૌદ વર્ષ જોયાં કોણે ? આંખ સામેથી ટળ્યેથી
અયોધ્યાને – સારાય આ કોસલને હૈયે થકી
રામ ઊતરી જશે ને અ-રામ થૈ જશે સ્હેજે.
ચૌદ વર્ષમાં તો તારો મિત્રપરિવાર-વીંટ્યો
દૃઢમૂલ બની રહેશે ભરત સમગ્ર દેશે.

કૈકેયી : શું કહી બોલાવી મને હમણાં તેં, કુહે જો ફરી :
'રાજમાતા'. જાણે પ્હેલી વાર હું એ સાંભળતી
શબ્દ ના હોઉં એ રીતે હૈયું ચમકી આ ઊઠ્યું.
'રાજમાતા !'

મંથરા : રાજમાતા થવું એ ન જેવી તેવી
કસોટી. તને એ પદ શોભશે તો અદકેરું.

કૈકેયી : થાઉં તો ખરી.

મંથરા : થઈ જ જોઉં છું હું. આવ્યા દેખું
મહારાજ. માત્ર તારે ભરત-વત્સલ બની
દૃઢપણે માગવાનાં વરદાન : રામ અર્થે
સંચિત કરેલી અભિષેક-સામગ્રી સમગ્ર
ભરતના અભિષેક કાજે વપરાય અને
રામ વેઠે વનવાસ નવ-પંચ વર્ષ તણો.
નવ-પંચ વર્ષ પછી રાજમાતા-પદ તને
છોડી જાય એવી તું અભાગણી કૌસલ્યા નથી.

કૈકેયી : જીવ શત વર્ષ અને જો સૌભાગ્યનો ઉદય,
કુબ્જે, મુજ હિતૈષિણી સદાની, ન તારા વિના
નૃપતિના મનમાંની વાત હું શકત પામી.
કુબ્જાઓ આ અંતઃપુરે આવી ને ગઈ ઘણીય,

તારા જેવી જોઈ ન મેં એકે. છે જુદી જ વાત
તારી, કેવી રૂપાળી તું આજ મારી આંખ મહીં
વસી ગઈ છે ચતુરા, જગજળના તરંગો

પરે વાયુવીંઝી સોહે તું કો કમલિની સમી.
ખૂંધ તારી શોભે કેવી, બુદ્ધિ ભાર-લચી જાણે
નારી-લતા. આજ લગી રૂપ તારું કેમ હું ન
પામી શકી ? દેહ તારો મંથર ગતિએ ભલે
ચાલે, વેગ બુદ્ધિપ્રતિભાનો તો વિદ્યુત સમો.
લે આ રત્નથી જડિત કર્ણફૂલ મારાં, તારું
અમૃત પી પરિતૃપ્ત મુજ કર્ણોએ દીધેલ.
અને જ્યારે અભિષિક્ત થશે રાજ્યે ભરત, ને
જશે રામ વનવાસે, અર્થ સિદ્ધ થયે, તને
પ્રતીતા હું રાજમાતા શું શું નહીં વાનાં કરું ?
ખૂંધ તારી ચંદનના લેપ વડે લેપીશ હું
સ્વહસ્તે, તું સંચરીશ દેવતા-શી અંતઃપુરે.

મંથરા : ત્યારની વાતો સૌ ત્યારે, રાણી મારી, અત્યારે તો
વેદી તળે સુષુપ્ત-શી અગ્નિશિખામાંથી મહા
જ્વાલા સમી કૂદી વ્યોમચાટતી ભભૂકી ઊઠ.
પાણી વહી જશે પછી સેતુ બાંધી શું કરીશ ?
જા, આ ક્ષણે ક્રોધાગારે, હેમોપમ દેહ તારો
ધૂળમાં રગદોળ, રાજા વચન બંનેય પાળે
વરદાન સિદ્ધ કરી, અને સ્વહસ્તે ઉઠાડે
તને ત્યાં સુધી... ઘડીક ભરતને કાજે તારે
પડશે જ ઉઠાવવું કંઈક તો કષ્ટ.

કૈકેયી : કુબ્જે,
બોલ મા એવું, ન કષ્ટ, એ મારે આનંદપર્વ
મોટું, આપકમાણીથી રાજ્ય મેળવીશ મારા
ભરતને કાજે હું. આ ચાલી.

મંથરા : જે નિઃશંક છે જ
તારા અધિકારનું તે તને મળે તે અર્થે તું
વ્યાપૃત થા દઢમને અને હો તું વિજયિની.

કૈકેયી : જાઉં છું. ...
તું અહીં રહે, મંથરા, રાજાને ક્હેજે,
પૂછે એ ક્યાં છે કૈકેયી ત્યારે ક્રોધભવનની
દિશા ચીંધી ક્હેજે, કુબ્જે, કે કૈકેયી મૃત્યુ પામી.



આભરણો ફેંકું છું આ દાખવશે માર્ગ તેનો. ...
ક્હેજે કે કૈકેયી મૃત્યુ...

[જાય છે.]

મંથરા : પામી હું જે પામવાને
ઝંખી રહી. કૈકેયીના ક્રોધ-ઈર્ષ્યા-અનલની
જ્વાલાઓમાં દશરથ નૃપના સૌ શબ્દ બની
રહેશે જ કારમી કો ઘૃત-આહુતિ સમાન.
મંથરા, તું નિશ્ચિંત ર્‌હે, રૂપ તારું વખાણ્યું જે
એણે તે જ દાખવે છે પૂતળીઓ આંખ તણી
અવળી થઈ જ ચૂકી, વક્ર તે સુંદર એને
ભાસવા લાગ્યું છે. હવે, તું જ જઈ સમજાવે
કૈકેયીને કે આ સૌ તો હતો પરિહાસ માત્ર,
નૃપે નિરધાર્યું છે જે એ જ યોગ્ય ને સૌ કાજે
શિવંકર છે, ન કાંઈ અન્યથા વિચાર્યું ઘટે,
– તથાપિ કૈકેયી હવે પાછી વળવાની વાત
અસંભવ કાલાન્તેયે.

અવાજ (દૂરથી) : કૈકેયી ! ક્યાં છો કૈકેયી ?

મંથરા : મહારાજ, ક્ષમા કરો, નથી અહીં, ક્ષણ પૂર્વે
અપૂર્વ કો રોષાવેશે રાજમહિષી પ્રવેશી
ક્રોધાગારે કુ પિ તા.

અવાજ (દૂરથી) : શું ? કુ પિ તા કૈકેયી પ્રિયા !

મંથરા : કુપિતા રાજા કુ પિ તા. ...
જા, રાજા, જઈને ભેટ
મૃત્યુને. ... કાલે અયોધ્યા વિધવા-શી, કૈકેયી તે
પાછી પાની કરે હવે, તો તો આ નિશાગગને
અત્યારે પ્રકાશી ઊઠે સૂર્ય ઝળાંઝળાં; હવે

રામના દર્શનેયે જો પલળે – પલટે હૈયું
કૈકેયી તણું, તો આ હું મંથરા તે મંથરા ના.

અમદાવાદ,
૨૫-૮-૧૯૬૪; ૧૨-૯-૧૯૬૪

**રા**મલીલાના ખેલમાં રામાયણની મંથરા આધુનિક યુગની ફિલ્મોની વેમ્પની સમકક્ષ રહીને, પ્રેક્ષકોનું મનોરંજન કરતી હોય છે. કૌટુંબિક આંતરસંબંધો તથા રાજસત્તા વિશેની ખટપટો સાથે સંકળાયેલી હોઈને એ ખલનાયિકાની ભૂમિકા પણ અદા કરે છે. તો એનો ત્રિવક્ર દેહ પ્રેક્ષકો માટે સામાન્ય સ્તરનું કોમિક પણ પૂરું પાડી શકે છે.

ધર્મવીર ભારતીના 'અંધાયુગ'માં મહાભારતનો અશ્વત્થામા સદ્-અસદ્ અને ન્યાય-અન્યાયના આધુનિક માનવના બૌદ્ધિક દ્વંદ્વના પ્રતીકનો role ભજવતો હતો.

મંથરા કે અશ્વત્થામા, રાવણ કે રામ – મિથિકલ ચરિત્રોની નિયતિ અંતહીન હોય છે ને દિશાહીન પણ.

હાડમાંસ ને હૈયાની બનેલી વ્યક્તિ પહેલા ઇતિહાસમાં ને પછી ફિક્શનમાં પાત્ર રૂપે સમાવાય એ સાથે એની નિયતિનો આ અનંત ખેલ શરૂ થાય છે. અને, જ્યાં સુધી સ્મૃતિ છે ત્યાં સુધી એ ખેલ જારી રહે છે. અન્યથા – સદીઓ પૂર્વેના અયોધ્યાનાં રામ-સીતાને, ૨૦૧૦ના ઇન્ડિયાના કોઈ એક સ્થળની માલિકી અંગેના કોર્ટ-કેસ સાથે શું નિસ્બત હોય ?

અને માટે જ – fact is stranger than fiction.

s

આટલી ભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં ઉમાશંકરના નાટ્યકાવ્યની મંથરા એક મિથ છે. એ નથી કેવળ fact કે નથી માત્ર fiction.

'પ્રાચીના'ના સંવાદ-કાવ્ય 'કુબ્જા' વિશેના પ્રાસ્તાવિકમાં, મથુરામાં કૃષ્ણના સંપર્કમાં આવતી કંસની 'સુંદર મુખવાળી, ખૂંધી (કુબ્જા) દાસી' ત્રિવક્રાની મિથને ઉમાશંકર આ રીતે decode કરે છે :

*"અત્યારની પરિભાષા પ્રમાણે બોલીએ તો કુબ્જા એ જેનો વિકાસ રૂંધાયો છે એવો (infantile) કુંઠિતચિત્ત જીવ છે, 'શૃંખલિત આત્મા' છે. (કૃષ્ણનાં) શૌર્ય અને પ્રેમનો અનુભવ થતાં તેનું સ્વત્વ ખીલવા પામે છે."*

**'મંથરા : અભિનેય પદ્યનાટક'** એ શીર્ષક હેઠળના લેખમાં રઘુવીર ચૌધરી કવિની આ કેફિયતને અનુમોદન મળે એવું નિરીક્ષણ રજૂ કરે છે :

*'અહીં ઉમાશંકરની સર્ગશક્તિ મંથરાને રૂપક કે પ્રતીકની એકપાર્શ્વીપણા (ફ્લેટનેસ)ની મર્યાદામાંથી ઉગારી લે છે અને એને પાત્રત્વ બક્ષે છે.'*

મહાભારતના પાત્ર ઉપર આધારિત 'કુબ્જા' ૧૯૪૪માં લખાયું હતું. એ પછી વીસ વર્ષે (૧૯૬૪માં) ઉમાશંકર રામાયણની કુબ્જા, મંથરાની મિથ ઉપર કામ કરે છે.

**'ત્રીજા અવાજ તરફ'** – એ મથાળાવાળી 'પ્રાચીના'ની મુખ્ય પ્રસ્તાવના (૨૦-૦૯-૧૯૮૧, સમગ્ર કવિતા)માં, પોતાની કાવ્યસર્જનપ્રક્રિયાના સંદર્ભમાં એલિયટની કાવ્ય વિભાવનાની વાત સાંકળવા ઉપરાંત, 'નાટ્યાત્મક હેતુ માટે' અનુષ્ટુપને 'સંસ્કૃત કવિઓએ પણ ખેડ્યો નથી', એમ કહી, 'રતિમદન' અને 'કુબ્જા'માં એમણે અજમાવેલા અનુષ્ટુપની



વાચકને યાદ અપાવે છે.

'કુબ્જા'થી 'મંથરા' વચ્ચેનાં વીસ વર્ષો દરમિયાન **'ત્રીજા અવાજ તરફ'**ની કવિની ગતિ **'નાટ્યાત્મક કવિતાનું આહ્વાન'** ઝીલવા સુધી વિસ્તરી હોવાનું ગર્ભિત સૂચન 'મહાપ્રસ્થાન'ની મુખ્ય પ્રસ્તાવના (૧૫-૧૧-૧૯૮૧, સમગ્ર કવિતા)ના મથાળામાં જ આપણને મળે છે.

આ જ નોંધમાં 'પ્રાચીના'થી 'મહાપ્રસ્થાન' સુધીની પોતાની સર્જનપ્રક્રિયાના સંદર્ભમાં કવિ ઉમેરે છે :

*'સંસ્કૃત છંદોમાં બોલચાલની છટા વિકસાવવાના પ્રયાસ'માં 'સામાન્ય કે ગદ્યાળુ સંદર્ભ આવે તો તે (છંદો) ભાગ્યે જ સહી શકે.' પછી, કાન્તનો હવાલો આપી ઉમેરે છે. '...કાન્ત જેવા કાન્તનાં કથનમૂલક કાવ્યોમાં એવા અંશો આવે છે – ઘણુંખરું એવા ભાગો માટે તે અનુષ્ટુપ યોજે છે.'*

અને આમ, હવે 'મંથરા'માં, 'કુબ્જા'નો અનુષ્ટુપ છોડીને ઉમાશંકરે *'પ્રવાહી કવિત (વનવેલી)નો આધાર લીધો છે, જેમાં ગદ્યાળુ અંશો સહેજે નિર્વાહ્ય થઈ શકે.'*

સ્વયંસ્પષ્ટ છે કે આ આખી પ્રક્રિયા તે **નાટ્યકવિતાનું આહ્વાન** ઝીલવાના હેતુથી થઈ છે.

ઉમાશંકરનો વિનમ્ર દાવો તો એમ છે, કે. *'...'મંથરા' એકાંકી બનતું હોય એવું જણાયું છે.'*

કદાચ કવિના એ દાવાના સમર્થનમાં અને 'મંથરા'ની ભજવણીના અનુભવને આધારે, રઘુવીર ચૌધરી પણ એને **'અભિનેય પદ્યનાટક'** કહેવા પ્રેરાય છે.

મારા મતે 'મંથરા'ને **'અભિનેય નાટ્યકવિતા'** કહેવામાં એનું વધુ સચોટ મૂલ્યાંકન મળવાની સંભાવના છે. એકાંકી કે પદ્યનાટક તરીકે ઓળખાવવા માટે એને ઉમાશંકરનાં જ ઉત્તમ એકાંકીઓ સાથેની સ્વરૂપગત તુલનામાં ઉતારવાનું જોખમ લેવું પડે, જે અનાવશ્યક છે.

એ જોખમને અંતે તો કદાચ કવિના ગદ્ય એકાંકીઓની તુલનામાં એકાંકી તરીકે 'મંથરા'નો ક્રમ પાછળ રહે છે એમ કહેવાનું થાય, ને તો, નાટ્યકવિતા રૂપે 'મંથરા'ની સિદ્ધિને અવગણવા જેવું બને. જ્યારે, હકીકત એ છે કે 'મંથરા' એકાંકી નથી. એ નાટ્યકવિતા જ છે. રાધર – એ **નાટ્યકવિતા** છે.

s

'મંથરા કાંઈક એકાએક આવ્યું હતું... લીટીઓ ઉપર લીટીઓ આવે.' કવિએ આ લીટીઓ 'અંધારામાં જ.' 'પડખે બારીમાં એક ડાયરી પડી હતી તેમાં', પડ્યા પડ્યા, 'અંધારામાં જ' પેન્સિલથી ઉતારી લીધી હતી.

આ રીતે 'મંથરા'ની વાત માંડતા અગાઉ, મહાપ્રસ્થાનની પ્રસ્તાવનામાં, ઉમાશંકર નાટ્યકવિતાની પોતાની વિભાવના પણ સ્પષ્ટ કરે છે :

*'...કોઈ સંકુલ પણ એકાગ્ર સઘન અનુભૂતિને અનેક દશ્યોમાં, અનેક પરિસ્થિતિઓ દ્વારા, પાત્રના સંવેગોની પરસ્પરની અથડામણોમાંથી નીપજતા સંવાદી સમન્વય રૂપે – એક બૃહત્ કલાઆકાર રૂપે પ્રત્યક્ષ કરાવતા સુગ્રથિત પદ્યનાટક સુધી અનેક સ્વરૂપે નાટ્યકવિતા પ્રગટી શકે છે... નાટ્યકવિતા નાના કે મોટા પદ્યસંવાદકાવ્ય, પદ્યએકાંકી કે પૂર્ણ (ફૂલ-ફ્લેઝ્ડ) પદ્યનાટક રૂપે પ્રસ્તુત થઈ શકે... પ્રસંગકાવ્યો-ખંડકાવ્યો અને પદ્યસંવાદકાવ્યો-પદ્યએકાંકીઓ પોતાના અધિકારથી કલાઘટકો તરીકે ઊભાં રહી શકે છે. તેમને મહાકાવ્ય કે પદ્યનાટકની વિભાવનાના પ્રકાશમાં જ નહીં પણ કથનકવિતા કે નાટ્યકવિતાના તે તે આગવા રૂપ લેખે જોવાનાં રહે.'' (સમગ્ર કવિતા, પૃ. ૫૮૦)*

S

ઉમાશંકરના આ નાટ્યકાવ્ય **'મંથરા'**નો આરંભ ડૂબતા સૂરજની સાક્ષીએ થાય છે. ને અંત કાલરાત્રિના ગાઢ, અતલ, અંધકારમાં.

સૂર્યાસ્ત બાદ ચોમેર અંધકાર ફેલાવા લાગ્યો છે ત્યારે પ્રાસાદમાં ઉત્સવદીપ પ્રગટે છે. એ દીપમાંથી 'હોળી મહા પેટાવીશ ત્યારે જ હું જંપવાની' એવી પ્રતિજ્ઞા લેતી મંથરા ત્યારબાદ પોતાનાં જ બે પ્રતિરૂપોનો સામનો કરે છે. પહેલા ઋજુલાનો, ને પછી કાલરાત્રિનો.

કાવ્યના ઉત્તરાર્ધમાં કૈકેયી-મંથરાનો સંવાદ છે. ને અંતે, 'રાજાને કહેજે...કૂબ્જે, કે કૈકેયી મૃત્યુ પામી' એમ કહેતી, આભરણો ફેંકતી, કૈકેયી ક્રોધાગાર ભણી દોડી જાય છે.

રાણીના દિલમાં હોળી પેટાવીને સંતૃપ્ત થયેલી કુબ્જા, 'પામી હું જે પામવાને ઝંખી રહી' એમ કહી, કૈકેયીને શોધતા આવેલા રાજાને પણ ક્રોધભવનની દિશા ચીંધી અમંગળનો ઓડકાર આ રીતે ખાય છે :

*'જા, રાજા, જઈને ભેટ / મૃત્યુને. કાલે અયોધ્યા વિધવા-શી કૈકેયી તે / પાછી પાની કરે હવે, તો તો આ નિશાગગને / અત્યારે પ્રકાશી ઊઠે સૂર્ય ઝળાંહળાં...'*

S

આરંભમાં, પોતાનાં પ્રતિરૂપો જ્યારે મંથરાને અ-માનવીય ભાસે છે ત્યારે કાલરાત્રિ કહે છે : *'માનવ કો નથી એવું / જેમાં નવ વસી શકે દેવ વા દાનવ.'* કવિના આ નાટ્યાત્મક કીમિયામાં જ મંથરાને એમણે પાત્રત્વ બક્ષ્યું છે તેની ચાવી છે.

પદ્યનાટક સુધી પહોંચવાનો ઉમાશંકરનો એલિયેટિયન કાવ્યઆદર્શ સર કરવા એ અહીં કેવો સબળ પ્રયાસ કરી શક્યા છે તેના પુરાવા પણ આ ચાવીથી આ નાટ્યકવિતાને ઉઘાડતાં સાંપડે છે.

*'પાત્રના સંવેગોની પરસ્પરની અથડામણોમાંથી નીપજતા સંવાદી સમન્વય રૂપે'* કલાઆકારનું પ્રત્યક્ષીકરણ કરવાની જે વાત કવિએ કહી છે તેનું એક ઉદાહરણ, મંથરા જ્યારે પોતાને દુભવનાર તરીકે રામનું નામ આગળ ધરે છે ને તેથી ઋજુલા નવાઈ



પામે છે ત્યાર પછીની પંક્તિઓમાં મળે છે :

ઋજુલા : રામે ? કદી કોઈનીય વિમાનના / કરે રામ ?
મંથરા : નામ એક બોલીશ ના એ તું મારી / સમક્ષ.
ઋજુલા : શે અકારું એ નામ, જનહૈયાં / તણા મહાપારાવારને હેલે ચડાવનારું / ચંદ્ર સમું નામ રામચંદ્ર...
મંથરા : એ જ તો પીડા છે. / રામ બસ રામ સારું ગામ રામ રટ્યાં કરે / એ જ મારે માટે મોટું કારણ છે અણગમા / તણું.
ઋજુલા : તુંયે કેવી રટી રહી નામ એ જ મીઠું ! / ભલે હો આશય ભિન્ન. જાણું ને હું, રટ્યા વિના / ના તુંયે રૂહૈ શકે ઘડી.
મંથરા : ભચડી દઉં એહ / કરાલ દંષ્ટ્રા વચાળે...
ઋજુલા : અરે રામ, સ્હેવાતું ના. / રામ... રામ...
મંથરા : દીપક આ હોલવાતો રહી ગયો. / ક્યાં ગઈ ? થઈ અલોપ ?...

'પ્રાચીના'નાં સંવાદ-કાવ્યોનો અનુષ્ટુપ છોડીને વનવેલી પ્રયોજવાનું કારણ પણ અહીં આપોઆપ સ્પષ્ટ થાય છે.

'મંથરા'માં, આ ઉપરાંત પણ અનેક devicesની મદદથી કવિ નાટ્યાત્મકતા સાધી શક્યા છે. ઉત્સવદીપના પ્રગટવા – ફડફડવાથી સર્જાતા છાયા-પ્રકાશનાં પરિવર્તનો વડે પ્રત્યક્ષ થતાં પરિવેશ તેમજ પાત્રગત મનોવલયો નાટકને તીવ્ર, આવેગમય દશ્યાત્મકતા અર્પે છે.

'પ્રાચીના'ની કુબ્જાથી મહાપ્રસ્થાનની 'મંથરા' સુધીની કવિની વિકાસરેખાનો આલેખ સાચે જ રોમાંચક છે.

ત્યાં કૃષ્ણના પ્રેમના અનુભવે કુબ્જાનું 'સ્વત્વ' ખીલવવાનો કાવ્યેતર આદર્શ નિરૂપવાનો લોભ એ જતો નહોતા કરી શક્યા. અહીં મંથરાના પાત્રને એના પોતાના બળે સજીવન કરી કવિ જાણે મંથરાને જ કાવ્યનું સમાપન કરતી જોઈ રહે છે : *'રામના દર્શનેયે જો પલળે – પલટે હૈયું / કૈકેયી તણું, તો આ હું મંથરા તે મંથરા ના.'*

જેમ એકાંકીઓમાં, તેમ અહીં ને અન્ય નાટ્યકાવ્યોમાં – જેમ વાર્તાઓમાં પણ – ઉમાશંકર સ્ત્રીપાત્રો ચીતરવામાં 'પાત્રના સંવેગોની પરસ્પરની અથડામણ'નો પ્રભાવક નાટ્યાત્મક વિનિયોગ કરી શકે છે. તે એક વિરલ સિદ્ધિ છે.

મંથરા એ અર્થમાં પણ ઉમાશંકરની સિદ્ધ રચનાઓમાં પહેલી હરોળમાં સ્થાન પામે તેવી કૃતિ છે.

ઉમાશંકરની આ મંથરાનાં મૂળ જો રામાયણમાં છે તો એનું ફળ શેક્સપિયરની લેડી મેકબેથનું છે.

r

# 'કચ' – એક વિશ્લેષણ

**અનિલા દલાલ**

## કચ

[અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા મેળવવા ગયેલો દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ ગુરુકન્યા દેવયાનીના એની પ્રત્યેના અનર્ગળ પ્રેમને કારણે અંતે વિદ્યા પ્રાપ્ત કરવામાં સફળ થાય છે. વિદ્યા મળતાં જ પ્રભાતે એ સ્વર્ગ જવા ઊપડે છે. આખે રસ્તે એ પોતાની આ વિરલ સિદ્ધિમાં પરિણમનાર પ્રણયાનુભવ વાગોળે છે, – દેવયાની સાથે જાણે વાત કરી રહ્યો ન હોય એ રીતે. ત્યાં સ્વર્ગદ્વારે આવી પહોંચતાં દેવોને માટે પોતે સંજીવની વિદ્યા લઈ આવ્યો છે એનો એ ઉદ્‌ઘોષ કરે છે. પણ એને ચાલુ મનમાં થયાં કર્યું છે કે પોતે કઈ સંજીવની લાવી રહ્યો છે ? એક પ્રણયિનીની હૃદયસંજીવની સમી પ્રીતિ, જેના વિના આ વિદ્યા મળવી અસંભવ હતી – અરે પોતાનું જીવતા હોવું જ અસંભવ હતું, તેનો તો પોતે સ્વીકાર કર્યો નથી. કે પછી એવી પ્રીતિના પાત્ર સિવાય આવી ઉજ્જ્વલ વિદ્યા લાવવી જ મુશ્કેલ હતી ? વિદ્યા આવી મળી એનો આનંદ માણવા આડે દેવોને તો કચના મંથનની કશી પડી નથી. પણ ત્યાં અશરીરિણી વાણી એને ઉમળકાભેર વધાવે છે : વત્સ, તારું આવી રીતે આવવું એ જ મહાસંજીવની છે.]

કચ : મળી સંજીવની વિદ્યા, નિવેદિત કરું જઈ
દેવોને સદ્ય, રે કિંતુ સંજીવની કઈ ? – કઈ ?

વને હત્યા મારી કુટિલ અસુરોએ કરી, તહીં
વિદારી આક્રોશે પટલ નભનું રાત્રિની મહીં
રહી ઢૂંઢી, પામી શવ મુજનું સંજીવન તણી
સુધા સીંચાવીને જનક-કરથી, પ્રાણ-ઝરણી
વહાવેલી કોણે ફરીથી મુજ ? કો સાન્ધ્ય સમયે
ગયેલો લેવાને સમિધ, વન જોતો હું અભયે;
ધસી આવી ત્યાં તે અસુરગણ દુષ્ટે હણી મને,
ચિતાએ પોઢાડી, મુજ કરી હતી ભસ્મ વિપિને,
રહી શોધી ત્યારે, નીરખી અવશેષો વિષમ તે,
પિતાની વિદ્યાના ત્રિદિવ મહીં અપ્રાપ્ય અમૃતે

અપાવ્યું હા કોણે પુનરપિ મને આયુ ? દનુજે
પછી કાલે સાંજે ગુરુઉદરમાં રુદ્ધ તનુ જે



કર્યું મારું (તંદ્રાસભર મદિરાપાત્રની મહીં
પિવાડી દૈ ભસ્મ જ્વલિત મુજ), તે જીવિત તહીં
કર્યું કોણે, ચીંધી પ્રિય જનકને માર્ગ કપરો :
'પઢાવીને મંત્ર સ્વઉદર થકી મુક્ત જ કરો
તમારો તે શિષ્ય પ્રણત, પ્રતિપક્ષીસુત; પુનઃ
તમોનેયે વિદ્યાબળથી કરશે જીવિત, પિતઃ !'
પ્રયોગે સિદ્ધા આ અલભ મળી વિદ્યા, તહીં બની
ખરી આયુર્દાત્રી મુજની – વળી સંજીવની તણી –
અરે એ તો પ્રીતિ સરલ ઋષિકન્યાહૃદયની.

ન ક્યારે બંનેયે નિજ મુખથી ઝાઝું કહ્યું. – નથી
વૃથા ફેંક્યો શબ્દ પ્રથમથી જ જાણી ? – વિનયથી
શકે બોલીયે તે ક્યમ કદીય એકેની રસના ?
ન'તો આવ્યો સ્વર્ગે ઝપટ મહીં હું અપ્સરસના
સુગંધે બહેકેલા ફરફર થતા અંચલ તણી;
વયે નાનો, ને ના પ્રણયપથની મારી કથની.

અને એ દીએ તે અતિથિ ન હતો પ્રીતિપથનો.
ધર્યો વિદ્યાકાજે પગ ઉટજદ્વારે, તરસનો
ન રે ! ન્હોતા ઘેરે કુલપતિ. વૃથા આગમન શું
જશે મારું ? ફેરો સફળ બનશે ? – શોચ્યું મન-શું.
કહી 'બેસો !' નેત્રસ્મિતથી મલકી સ્વાગત મીઠું,
વળી તું વાતે; હા, વદન સહસા ત્યાં શું જ દીઠું ?
કહીંથી આછી શી નમણી લમણે લ્હેકી લહરી,
ઢળેલાં નેત્રેયે ઊતરી કહીંથી છાંય ગહરી,
વિષાદે જન્મોના વદન છવરાયું ક્ષણભર;
ઊડી એ આભા, ને વળી સહજ વાતે તું મુખર.
સ્વરૂપ પ્રીતિનું પ્રિય તવ કપોલે સ્ફુટ લહ્યું,
ન હોઉં જન્મોનો સહચર, – કહી એ સહુ રહ્યું.

પછી આવ્યા જ્યારે કુલપતિ, વિપક્ષીસુત લહી
મને ના સ્વીકારે, અનુનય ગિરા ત્યાં તુજ વહી.
અને સ્થાપ્યો વિદ્યારત કુલ મહીં; કિંતુ વસમી
કસોટી ત્યાં જાગી અસુર સહુ જ્યારે સમસમી

રહ્યા, આવ્યો જોઈ સુર-યુવક હું તસ્કર સમો
મહાવિદ્યા કેરો.

સ્મરણ તુજને છે ? સહુ અમે
ગયા શિષ્યો નાવા હ્રદ મહીં નદીના, જળ મહીં
જરી ડૂબું ઝીલું ચહુ દિશ ઉડાડું જળ તહીં
અચિંત્યો પાણીમાં પગ પકડી ખેંચે દનુજ કો,
અને તીરેથી ત્યાં ઊચરી રહતું નામ મુજ કો.
હતી તું : 'બોલાવે ગુરુ કચ, તને !' શું વરસતાં
નભેથી પીયૂષો અણઅનુભવ્યાં – નામ સુણતાં
મુખે તારા, મારા રુધિર મહીં રેલ્યું બળ અશું,
ધસ્યો તીરે, હસ્તી ગ્રસિતપદ કો ગ્રાહ સહ શું.
કદી શું ભૂંસાશે સ્મૃતિ થકી સ્મિતોત્ફુલ્લ અધર,
સ્ફુર્યો જે સોલ્લાસે તહીં તવ સુહાસે દ્યુતિભર ?

પછી શબ્દે દર્શે ચિત ટટળી રૂહેતું શું તરસે !
દગોનાં નૃત્યોથી ખબર નહિ શું શું બની જશે.
ઘણું વારું મારું મન, પણ તને એ ન તજતું,
સમાધિમાં જાણે ઊતરી તુજને માત્ર ભજતું.
તનેયે શું સૂઝ્યું નવનવલ વેશે વિલસતી,
શિરીષો કર્ણે, કે કુરબક ધરી કેશ હસતી.
અહો હૈયાં કેવાં સહજ સહચારે મળી ગયાં,
જરી નેત્રોષ્માએ કંઈ વિધિ વિનાયે હળી ગયાં.
હતાં રોકાયાં કે જગત ઉપચારેય દિલ ન.
હતું એ તો કેવું અકિતવ ઉરોનું સુમિલન !
– અરે શું આ મારા અનુભવ સમું તારુંય હશે ?
કહે પામી તેથી જીવતર બધું હૈયું નભશે ?

મળ્યાં ન્હોતે કેવું ? નવ મળી શકે કૈંક અહીંયાં.
મળ્યાં ન્હોતે તું-હું; જીવતર થતે ઝેર નહિ આ.

હતું એકાકી તે મધુસ્વપનમૂર્છામય અહો
સમુત્સાહે જીવ્યું ! ફરીથી મુજનો એ સમય હો ! –
પરીચિત્રો ચિત્તક્ષિતિજ પર ત્યારે તરી રહ્યાં,
અને કેવાં આશાસ્ફુરણ ઉરવ્હેણે સરી રહ્યાં !



કદી તન્દ્રાઘેને નયનરસમાં વિશ્વ વહતું,
તટસ્થાવસ્થામાં જગ પણ અકારું નહિ હતું.
હવે ના તેનું તે હૃદય, બદલાયું અનુભવે
કંઈ તો તારા ને કંઈક જગના; સંશય-દવે
સિઝાયું ભૂંજાયું : અમૃત નવ પી પાઈય શક્યું.
મર્યા વાંકે જીવે : નિરવધિ વિયોગે અવ ટક્યું.
રહેશે શે ? સુજ્ઞે, બહુ બહુ કહ્યું ઇંગિત થકી
'વળો પાછાં !' ના તે પણ સમજી ક્યારેય તું શકી.
'જરા ધીરે ધીરે !' – પણ સમજતું કોઈય હશે,
તણાવાનું આવ્યે પ્રબળ ઉર ઉન્માદક રસે ?
ન તેં હૈયે આવું કશુંય ગણકાર્યું; ગુરુ ગયા
પ્રવાસે એ રાતે હૃદયથી વિસારી સહુ દયા,
લઈ અંકે વીણા સ્વર કંઈ સજ્યા તેં, રહી રણી
અચિંતી તંત્રી ને વિધુવિધુર તે શાંત રજની
વલોવીને જાગ્યું તવ હૃદયસંગીત સભર.
સમાશે શે – ક્યાં ? – આ વિરહ જનમોનો રસભર ?
– રહ્યો છાત્રાવાસે અવશ હું વિમાસી જડ બની;
અને રોઈ રોઈ હતી બધી ગુજારી જ રજની.

પ્રભાતે ત્યાં વ્હેલા જળસરિતઘાટે મલપતા
મળી સદ્યઃસ્નાતા; અલક જલબિંદુ ટપકતાં;
રહી ઊભી રોપી નયન નયને : પ્રશ્ન કરતાં
ન શું જાણે તાજાં લઘુક ચખબિંદુ ઊપસતાં !
'સુખે સૂતા ?' બોલી, પગ જરી ઉપાડી તું સરલા
જતી; કંઠે તારે વિરલ હતી તે કોકિલકલા.
વદી થોડું, તોયે સ્મિતમુખર કેવું હતું મુખ,
કપોલશ્રીમાં શું તરી તરવરી રૂહે ઉરસુખ !
સ્મરું દિવ્યા મૂર્તિ તપ વળી રસે સ્પંદિત થતી,
અને ક્યારે ક્યારે ખટક ખટકી અંતર જતી.

પિછાણ્યો ના પૂર્ણ પ્રણયતણખો, જે પ્રગટવા
ક્ષણે કૈં ઉલ્લાસ-સ્મિતભર ઝગ્યો, પ્રોજ્જ્વલ થવા
મહત્ત્વાકાંક્ષીયે બહુ બહુ હતો જે, હૃદયની
ધ્રુવજ્યોતિ થૈને મુજ રસની ચર્યાની તરણી

ચહે પ્રેરી રૂહેવા તિમિરવમળે જીવન તણા.
કદી ક્યારે આડાં પડળ તણી ફેલાઈ ભ્રમણા,
કદી ક્યારે ચૂક્યાં નયન નયનો, ના સૂધ રહી,
અવાજે સખ્તાઈ પ્રગટી અણજાણ્યે કદી; તહીં
ગણ્યો'તો હોલાયો, પણ ન કજળ્યો છેક જ; તવ
ફરી દષ્ટિસ્પર્શે જરીક, ભભૂક્યો એ અભિનવ :
હવે વાવાઝોડાં ભુવનભરનાં છો સૂસવતાં,
અને ઘોડાપૂર પ્રલયજળનાં છો ઘૂઘવતાં,
ત્રુટે આખો પેલો જ્વલત ઉડુનો મંડપ ભલે,
ન આ પ્રીતિજ્યોતિ રજ કજળશે અંતરતલે; –
પ્રતીતિ એ જામી. તહીં કહીંથી આ આવી ક્ષણ શે ?
સ્ફુલિંગ પ્રીતિનો અરરર થપાટે સૂઈ જશે ?

પરીક્ષાવેળાએ યશ ગુરુપ્રસાદે કંઈ મને
મળ્યો, ખીજ્યા દૈત્યો, તવ ઉર હસ્યું, ખિન્ન વદને
વદી તોયે : 'વિદ્યા વળી હું, – પ્રિય કો બે મહીં વધુ ?'
'ન સોંપ્યો વિદ્યાએ તુજ કર મહીં હું ?' 'મુખ-મધુ
અહો તારું કર્ણે વિષ સમ...' કહી થંભી જતી તું.
ન'તું એ શું તારું હૃદયમધુ ? – સૌ છોડ, સ્મૃતિ, તું.

ગમ્યું લાગ્યું ના તે વચન જરીયે મારું તુજને,
વદી એથી ઝાઝું પણ શકુંય હું શું, સુવદને ?
સર્યું ધીરે ધીરે પછીથી ન શું હો અંતરપટ,
સર્યાં ધીરે ધીરે ઉભય જ્યમ બે ભિન્ન જ તટ !
ભલે માર્ગે ભેટે નયન, શકતું ના મુખ વદી.

પછી વર્ષાપૂરે હતી જ વીફરી એક દી નદી.

લઈને નૌકાઓ મદદ કરી સામે તટ, વળ્યાં
જહીં પાછાં, મૌન ત્યજ્યું જ લહી તેં ભાવિ અવળાં :
'મળે વિદ્યા તો તું તરત મુજને શું તજી જશે ?'
'જશે ક્યાં ?' 'હા, ક્યાં ?'
'ના ઉભય ઉર આ ભિન્ન જ થશે.
હશું ત્યારે જુદાં : હૃદયરસ જ્યારે ન હસશે,



દગો સ્પર્શે તોયે પ્રણયચિનગારી નવ લસે,
સરે ચિત્તે ક્યારે સ્મૃતિ, તદપિ ડોલે ન હૃદય,
વિયોગે ક્યારેયે અમૃત ન ઝમે આત્મ સદય.
હશું ત્યારે જુદાં : ઉભય ઉર જ્યારે બસ રહે
અજાણ્યાં શાં તાકી અવરનિજને, ના કંઈ કહે,
સમસ્યા ઉકેલી નવ શકતું એકેય વિકટ,
ભલેને બેઠેલાં અભિમુખ રહ્યાં છેક નિકટ.
યુગો વીતે છોને દગથી દગ આ પાવન થતાં,
હશું જુદાં બંને હૃદય થકી ના, ખંડિત છતાં.'

તટે આવ્યાં, ચાલ્યાં ઉટજ ભણી કેડી પર તહીં
– સ્મરે આછી પૂંઠે અસુર ગુજગોષ્ઠિ સ્ફુરી રહી ?
'ભલે લૈ જાયે એ ગુરુની દુહિતા, કિંતુ અહીંની
ન વિદ્યા કેમેયે...' 'ગુરુ ન દુહિતા દૂર નિજની
શકે વેઠી, સ્વર્ગે નહિ જ નહિ !' 'તો છો કચ રહે
અહીં ભૂલી સ્વર્ગ પ્રણયરસમાં...' ચિત્ત જ દહે
વિષે સીંચ્યા શબ્દો. પ્રિય, તું પરિપન્થી શું મુજની,
મને સોંપાયેલા કઠિન સુરકર્તવ્ય-પથની ?

પછી બોલ્યાં ક્યારે પણ ન, કરી રક્ષા મુજની તું
રહી; છોડી વિદ્યા-સ્થલ જઉં સદાનો જ, બની તું
નિમિત્તે ત્યાં જાતે ! ફરી ફરી મને જીવન દઈ,
વધારી કે છેદી તુજનું, પ્રિય, તું જીવન રહી ?

ઉશીકું કાંટાનું સ્મૃતિ તુજની મારે થઈ પડી;
નિશાના લંબાતા પ્રહર મહીં આંધી ઉર ચઢી.
થતાં પ્રાતર્વેળા, નિયત સુરકર્તવ્ય મુજને
ગયું મૂકી માર્ગે નિરવધિ મહા આ વિરહને.

સરી પાસે બંને નિશતિમિરમાં ભિન્ન જ વહ્યાં,
અજાણ્યાં શાં આજે ઉભય ઉર પાછાં થઈ ગયાં !
ન જાણે તેને કૈં કથવું, અવ શું ક્હેવું તુજને ?
મળી વિદ્યા તે તો પ્રણય તુજ પામ્યેથી મુજને;
તહીં આવ્યેથી તે પ્રણય, પણ, પામ્યો હું સરલે !
અને આવ્યો તે તો વિરલ ગુરુવિદ્યા ક્યમ મળે
મને, એ આશાએ. બહુ જ બહુ જાણું, સુનયને,

ન તે વિદ્યા મારે કંઈ જ ખપની, જો પ્રણયને
ન હું સ્વીકારું; ને પ્રણય ખપનો લેશ પણ ના,
વિસારું ત્યાં આવ્યા તણું જ યદિ કર્તવ્ય ક્ષણ હા !

ઘડ્યું હૈયું તેણે વળી મહીં મૂક્યો શીદ રસ તો ?
ખરે આ હૈયાની ઉપર અહ શો શાપ વસતો !
તિરસ્કારીને તે તવ હૃદયસંજીવનસુધા
સુરાર્થે વિદ્યા લૈ જવી જ મુજને !... દીર્ઘ વસુધા
તણે ખોળે ખોળી મનુજ, તુજ તું શ્રેય વરજે;
નહીં દેવો કાજે પ્રણય, વિચરે ધર્મવશ જે.

પ્રેમથી જિંદગી કેરું સાર્થક્ય; જિંદગી મહીં
પ્રેમસાર્થક્યની કિંતુ રહી નિશ્ચિતતા કહીં ?

લો આ સંજીવની, દેવો, તમો સૌને જિવાડતી,
મને જિવાડનારી ને મહાવિદ્યા અપાવતી
ખરી સંજીવની તો હું આવ્યો શું ખોઈ શાશ્વતી,
અથવા પ્રીતિના પાત્રે વિદ્યા લાવ્યો છું ભાસ્વતી ?

દેવો : મહાસંજીવની વિદ્યા અર્પી, દેવત્વ દે નવું
અમોને, તું કયા લાવ્યો પાત્રમાં તે ન જાણવું.

આકાશવાણી : મહાસંજીવની, વત્સ, તારું આ આવું આવવું.

અમદાવાદ, ૧૯૫૦

**'મ**હાપ્રસ્થાન'ની રચનાઓમાં કવિ ઉમાશંકરે 'પ્રાચીના'ની જેમ જ પ્રાચીન કથાઓમાંથી વિષય-વસ્તુ લીધી છે. તેમણે મહાભારતના આદિપર્વમાંથી 'કચ' (૧૯૫૦) રચના માટેનો વિષય લીધો છે. અહીં તેમનું પ્રેરણા-કેન્દ્ર કદાચ રવીન્દ્રનાથનું સંવાદ-કાવ્ય 'વિદાય-અભિશાપ' છે. 'વિદાય-અભિશાપ'માં રવીન્દ્રનાથે કચ અને દેવયાનીની વિદાયવેળાનો પ્રસંગ સંવાદ રૂપે નિરૂપ્યો છે. ઉમાશંકરના 'કચ' કાવ્યમાં સીધો એ બે પાત્રો વચ્ચેનો સંવાદ નથી, પણ ગુરુગૃહેથી સંજીવની વિદ્યા મળ્યા પછી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરતા કચના મનમાં ચાલતી વિચારધારાનું નિરૂપણ એવી રીતે થયું છે કે જાણે તે પોતાની વાત કોઈને કહી રહ્યો હોય એવું લાગે છે. આ કાવ્ય એ રીતે નાટ્યાત્મક એકોક્તિ (dramatic monologue)નું સ્વરૂપ લે છે. અંગ્રેજીમાં કવિ રૉબર્ટ બ્રાઉનિંગનાં dramatic monologues જાણીતાં છે. અંગ્રેજ કવિ ટી. એસ. એલિયટ તેમના નિબંધ 'Three Voices of Poetry'માં કવિતાના બીજા સૂરની જે વાત કરે છે તે પ્રકારનો



બીજો સૂર આ કાવ્યમાં છે. રવીન્દ્રનાથના 'વિદાય-અભિશાપ' અને ઉમાશંકરના 'કચ' – બંને કાવ્યમાં વિષય-વસ્તુની માવજતની રીતે પણ આપણને કેટલુંક સામ્ય જોવા મળે છે.

કાવ્યકૃતિ 'કચ'માં દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા મેળવવા આવ્યો છે. ત્યાં કચ ગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીના એને માટેના ઊંડા પ્રેમને કારણે વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. જેવી તેને વિદ્યા પ્રાપ્ત થઈ જાય છે કે કચ સ્વર્ગભૂમિ તરફ પ્રયાણ કરવા નીકળે છે. કાવ્યમાં કચ પોતાની આ સિદ્ધિમાં કારણભૂત દેવયાની સાથેના પ્રણયાનુભવનું સ્વર્ગે જતાંજતાં આખે રસ્તે મનોમન સ્મરણ કરે છે – દેવયાની સાથે જાણે વાત ન કરી રહ્યો હોય તેમ. સ્વર્ગમાં પહોંચીને પોતે દેવો માટે સંજીવની વિદ્યા લઈ આવ્યો છે તે જાહેર કરવાનું છે, પણ એના મનમાં સતત થયા કરે છે કે પોતે કઈ સંજીવની લાવ્યો છે ? કાવ્યના આરંભે જ તે કહે છે :

**મળી સંજીવની વિદ્યા, નિવેદિત કરું જઈ**
**દેવોને સદ્ય, રે કિંતુ સંજીવની કઈ ? – કઈ ?**

અને પછી પશ્ચાત્‌દર્શનથી ગુરુ શુક્રાચાર્યને ત્યાં પોતાના આશ્રમ-નિવાસ દરમિયાન દેવયાની સાથેના સંબંધની સ્મૃતિઓ ઊભરાય છે. પોતે વિદ્યા શીખવા આવ્યો હતો એટલે અસુરોએ એને ત્રાસ આપવા માંડ્યો, એની હત્યા કરી. ગાઢ વનમાંથી દેવયાની એનું શબ શોધી લાવી અને પિતા શુક્રાચાર્ય દ્વારા સંજીવની સિંચાવી એનામાં પ્રાણનો સંચાર કર્યો હતો. ખૂબ કષ્ટદાયક સ્થિતિ તો ત્યારે આવી જ્યારે સમિધ લેવા ગયેલા કચને અસુરોએ હણ્યો અને ભસ્મીભૂત કરી દીધો; એ ભસ્મ શુક્રાચાર્યને અજાણપણે પેયમાં પિવડાવી દીધી. કચ માટેના પ્રણયથી પ્રેરાઈ કચને જીવતો કરવા વહાલા પિતાને પુત્રીએ અતિ કઠોર માર્ગ દર્શાવ્યો હતો : "સંજીવની મંત્ર પઢી-પઢાવી તેને ઉદરમાં જીવતો કરી મુક્ત કરો, અને પછી, તે શત્રુનો પુત્ર છે છતાં વિનમ્રતાથી એ જ વિદ્યાબળે, પિતા, તે તમને જીવિત કરશે.' કચ આ બધી પરિસ્થિતિઓમાં ઋષિકન્યાના હૃદયની પ્રીતિ કેવી રીતે પોતાની આયુર્દાત્રી બની હતી તેનું વ્યથાભર્યા હૃદયે સ્મરણ કરે છે.

તે વિચારે છે કે પોતે તો તે વખતે પ્રેમના માર્ગનો અનુભવી નહોતો. પહેલવહેલો ગુરુના આશ્રમે આવ્યો ત્યારે કુલપતિ હાજર નહોતા. પોતાનાં 'નેત્રોનાં સ્મિત' સાથે 'બેસો' કહી દેવયાનીએ જ સ્વાગત કર્યું હતું, અને દેવયાનીના કપોલ પર પ્રીતિની ઝાંય ઝબકી હતી તે તેણે જોયું હતું :

**સ્વરૂપ પ્રીતિનું પ્રિય તવ કપોલે સ્ફુટ લહ્યું,**
**ન હોઉં જન્મોનો સહચર, – કદી એ સહુ રહ્યું.**

દેવયાનીએ જ અનુનયભરી વાણી દ્વારા પિતા પાસે શત્રુના પુત્રનો શિષ્ય તરીકે સ્વીકાર કરાવી પોતાને સ્થિર કર્યો હતો. એ પ્રથમ દિવસની યાદ હજીય કચના મનમાં

તાજી, જીવંત છે.

'સ્મરણ તુજને છે ?' – કાવ્યમાં આવતા આ શબ્દોથી કચ દેવયાનીની સામે જ હોય અને પોતે તેને બધું યાદ કરાવતો હોય એ દૃશ્ય વાચક સમક્ષ ઊપસે છે. નાટ્યાત્મક એકોક્તિની આ વિશેષતા છે. વ્યક્તિ હાજર ના હોય છતાં તે સમક્ષ હોય એવી સ્થિતિ તાદૃશ કરવામાં આવે છે. અહીં આ એવી એક ક્ષણ છે, પછી પણ બેત્રણ આવા સંદર્ભો મળે છે. અગાઉ નિર્દેશ કર્યો તેમ અંગ્રેજ કવિ બ્રાઉનિંગના 'Andrea del Sarto' કે 'Fra Lippo Lippi' જેવા dramatic monologuesમાં આપણને આવી ઘણી ક્ષણો મળે છે. નદીમાં નહાવા પડેલા શિષ્યોમાંથી એક અસુર કચનો પગ ખેંચે છે. નદીકાંઠે 'બોલાવે ગુરુ કચ, તને !' દેવયાનીના શબ્દોથી સંકેત થતાં કચ કાંઠે ધસી આવ્યો હતો. આ ઘટનાનું 'સ્મરણ તુજને છે ?' કચ દેવયાનીને મનોમન પૂછી લે છે. પોતાનું નામ સાંભળતાં જ કચના લોહીમાં બળનો સંચાર થયો હતો અને અજ્ઞાતપણે હૃદયના ભાવોમાં પરિવર્તન આવ્યું હતું. હૃદયના સૂક્ષ્મ ભાવોને – અહીં પ્રણયભાવને – સહજ રીતે વ્યક્ત કરતી પંક્તિઓ કાવ્યમાં મળે છે. કચનું ચિત્ત દેવયાનીના દર્શનને સતત ઝંખતું રહ્યું, કેમે કરી ત્યજી ન શક્યું, તેની ઉષ્માનો નવો જ અનુભવ કચને થાય છે. ભાવસંક્રમણની જીવનની મધુર રસિક ક્ષણોને કવિએ કેવી સુચારુતાથી આલેખી છે ! દેવયાની પણ નવનવા વેશે હસતી હસતી તેને મળતી – બંને હૈયાં સાહચર્યમાં સહજતાથી હળી ગયેલાં – મળી ગયેલાં :

**'હતું એ તો કેવું અકિતવ ઉરોનું સુમિલન !'**

કચ સ્મૃતિલોકમાં વિહરતાં પોતાનાં મનઃસંચલનોનું પણ વિશ્લેષણ કરી લે છે. 'મળ્યાં ન્હોતે કેવું ?' એવો વિચાર પણ પ્રેમને ઝંખતા કચને આવી જાય છે, પણ અહીંના એકાકીપણામાં મધુર સ્વપ્નો-આશાઓ તેનાં ઉરમાં ઊઠતાં રહ્યાં અને તે સાથે 'નિરવધિ વિયોગ'માં કેમ ટકાશે એવું પણ થતું હતું. પણ ઉન્માદના રસમાં તણાઈ રહેલાં હૃદયો પાછાં વળવાનું સમજી શક્યા નહીં. વહી ગયેલા દિવસોના અનુભવને, દ્વિધાને કચ સ્મરે છે અને ત્યાં પ્રેમબંધનને ગાઢ કરતી બીજી એક 'શાંત વિધુવિધુર રજની'ની ઘટના યાદ આવે છે.

ગુરુ શુક્રાચાર્ય એક વાર પ્રવાસે ગયા હતા, ત્યારે એક રાત્રે દેવયાનીએ વીણા પર 'હૃદયસંગીત સભર' સ્વરો છેડ્યા હતા અને 'વિરહ જનમોનો રસભર' વહી આવ્યો હતો. છાત્રવાસમાં રહ્યા રહ્યા કચની તે રાત અવશપણે ઊંડા દુઃખમાં વીતી હતી; અને સવારે સદ્યસ્નાતા દેવયાનીએ મર્મભર્યો કેવો પ્રશ્ન પૂછેલો : 'સુખે સૂતા ?' હૃદયમાં પ્રકટેલી પ્રણયજ્યોતિ પ્રજ્જ્વલિત થવાની કામના કચના મનમાં ઊભરે છે, છતાં કેટલીક ભ્રમણાઓ, કેટલાંક વમળો અવરોધ રચે, વાણીમાં ક્યારેક સખતાઈ પ્રકટે, અને જ્યોતિ હોલવાઈ જશે એવું પણ એને થયું હતું, ત્યાં દેવયાનીના – 'તવ ફરી દૃષ્ટિસ્પર્શે જરીક' એ જ્યોતિ અભિનવ રૂપે જલી ઊઠતી, અને દૃઢ પ્રતીતિ થઈ ગઈ કે આ જ્યોત પ્રબળ



અવરોધો વચ્ચેય મલિન થશે નહીં, બુઝાશે નહીં. પોતાનાં આંદોલિત થતાં સંવેદનોને પ્રામાણિકતાથી વિશ્લેષિત કરતાં કચના પાત્રને આલેખી ઉમાશંકર એ પાત્રને એક ઊંચાઈ બક્ષે છે. કચના આ નવા અવતારના નિરૂપણમાં કવિની સર્જકશક્તિનો ઉન્મેષ જોવા મળે છે.

પ્રેમની જ્યોતને સ્થિર થતી કચ નિહાળે છે ત્યાં જ એક થપાટે એ પ્રેમનાં સ્ફુલિંગને બુઝાવી દે એવી ક્ષણ આવી હોવાનો એને અંદેશો થાય છે. સામસામે આવો વિરોધલય સર્જતી ક્ષણો કાવ્યમાં કરુણને ઘેરો બનાવે છે – વિશેષે દેવયાનીના સંદર્ભે. પરીક્ષાના સમયે ગુરુએ કચને ખૂબ યશ આપ્યો અને આનંદ છતાં દેવયાનીને તેમાં કોઈ વિપરીત સ્થિતિનો ઓછાયો દેખાયો. ખિન્ન વદને કચને પૂછ્યું : 'વિદ્યા વળી હું – પ્રિય કો બે મહીં વધુ ?' કચે કહ્યું તો ખરું :

**'ન સોંપ્યો વિદ્યાએ તુજ કર મહીં હું ?'**

એથી વિશેષ તે કંઈ કહી શક્યો નહીં, પણ બે વચ્ચેના સંવાદથી – કચ દૂર સરી રહ્યો છે – તે પછી એક અલગતા, દૂરતા આવતી ગઈ. કચ માટે તીવ્ર મંથન અને દ્વંદ્વનો સમય આવી પહોંચ્યો છે. વર્ષામાં નદીના પૂરમાં નૌકાઓ દ્વારા મદદ કરવામાંથી પાછા ફરતાં દેવયાનીએ મૌન છોડી 'અવળા ભાવિ'ને સમજી પૂછી લીધું.

**'મળે વિદ્યા તો તું તરત મુજને શું તજી જશે ?'**

હૃદયથી તો એ જશે ક્યાં ? છતાં 'હશું ત્યારે જુદાં' કહેવું પડે છે. બંનેએ હવે અજાણ્યાં થઈને જ છૂટા પડવાનું છે તે સ્વીકારવા છતાં કચ અનુભવે છે :

**યુગો વીતે છોને દગથી દગ આ પાવન થતાં**
**હશું જુદાં બંને હૃદય થકી ના, ખંડિત છતાં.**

તટથી પાછા ફરતાં પૂંઠે અસુરોની ગોષ્ઠિ ચાલી તેમાં કચનું બે તરફનું ખેંચાણ – વિદ્યા લઈ સ્વર્ગે જવું કે આશ્રમમાં દેવયાની સાથે રહેવું – પ્રકટ થઈ જાય છે. પણ શું દેવયાની તેના 'સુરકર્તવ્ય-પથની પરિપંથી' બનશે ? દેવયાનીની સહાયથી જ દેવોએ સોંપેલા કઠિન કર્તવ્યને – સંજીવનીવિદ્યાની પ્રાપ્તિને – તે પૂરું કરી શક્યો છે. હવે વિદ્યા લઈ સદાને માટે વિદ્યા-સ્થળ છોડીને જવાનું છે અને તેમાં, પોતાનું ઘણું છોડીને દેવયાની જ કચને ફરી ફરી જીવન આપી, નિમિત્ત બની છે. કચ દેવયાનીની કરુણતાભરી મનઃસ્થિતિને બરાબર સમજ્યો છે, તે તેની સ્મૃતિમાં સંઘરાયેલું છે. જવાની આગલી રાત તેને કેટલી પીડા આપે છે :

**'ઉશીકું કાંટાનું સ્મૃતિ તુજની મારે થઈ પડી'**

પણ સવારે એનું કર્તવ્ય એને 'નિરવધિ વિરહને' માર્ગે મૂકી દે છે. કચના મનની દ્વિધા તીવ્રપણે પ્રકટ થાય છે. આવ્યો હતો વિદ્યાની આશાએ, વિદ્યા મળી છે દેવયાનીના

પ્રણયથી અને ત્યાં જતાં દેવયાનીનો પ્રણય મળ્યો છે. એ વિચારે છે :

**બહુ જ બહુ જાણું, સુનયને**
**ન તે વિદ્યા મારે કંઈ જ ખપની, જો પ્રણયને**
**ન હું સ્વીકારું; ને પ્રણય ખપનો લેશ પણ ના,**
**વિસારું ત્યાં આવ્યા તણું જ યદિ કર્તવ્ય ક્ષણ હા !**

એક રીતે સમગ્ર કાવ્યમાં કર્તવ્ય અને પ્રણયભાવના વચ્ચેનો કચનો સંઘર્ષ વ્યાપેલો છે. પણ આવી પંક્તિઓ વાચકને ઘડીભર અવાક્ કરી દે છે. પછી પણ કેવું કહે છે :

**ઘડ્યું હૈયું તેણે વળી મહીં મૂક્યો શીદ રસ તો ?**

કચને માટે આ અનુભૂતિ સ્વયં શાપરૂપ બને છે. (કાવ્યમાં ઉમાશંકર દેવયાનીના અભિશાપની વાત લાવ્યા નથી.)

છેવટે કચ 'હૃદયસંજીવની સુધા' ત્યજીને પોતાના કર્તવ્યને પૂરું કરતી સંજીવની-વિદ્યા લઈને નીકળ્યો છે. સ્વર્ગને દ્વારે પહોંચે છે અને સંજીવની દેવોને ચરણે ધરે છે. સ્મૃતિમાં સીધો જ દેવોને સંબોધતો હોય એમ જણાવે છે :

**'લો આ સંજીવની, દેવો, તમો સૌને જિવાડતી...**

શ્રોતાની-દેવોની-ઉપસ્થિતિ હોય એ રીતિએ – dramatic monologueની રીતિએ કચ આ પંક્તિ ઉચ્ચારે છે. પણ પછી પોતાની મનઃસ્થિતિ પ્રકટ કરે છે :

**મને જિવાડનારી ને મહાવિદ્યા અપાવતી**
**ખરી સંજીવની તો હું આવ્યો શું ખોઈ શાશ્વતી,**
**અથવા પ્રીતિના પાત્રે વિદ્યા લાવ્યો છું ભાસ્વતી ?**

કચના હૃદયમંથનની દેવોને કોઈ દરકાર નથી. તેમને તો મહાસંજીવની વિદ્યા મળે અને તેઓ નવું દેવત્વ પામે એટલો જ રસ છે. પોતાના સ્વાર્થની જ નિસબત ધરાવતા દેવોને કચ કયા પાત્રમાં આ તેજસ્વી વિદ્યા લાવ્યો છે તે જાણવાની કંઈ પડી નથી; તેમને પ્રણયરસની ક્યાં કશી સમજ છે ? કાવ્યની અંતિમ પંક્તિ ઉમાશંકરે આકાશવાણી રૂપે આલેખી છે. કચ મંથન અનુભવે છે અને દેવો ગમે તેમ વિદ્યા મળી ગઈ તેનાથી તુષ્ટ છે તેવે વખતે આ આકાશવાણી થાય છે :

**'મહાસંજીવની, વત્સ, તારું આ આવું આવવું.'**

કચના મનમાં પ્રશ્ન છે કે પોતે પ્રેમરૂપી સંજીવની શું ખોઈને આવ્યો છે ? પ્રણયરસને પોતે પામ્યો એ કચ માટે સંજીવની છે – એ પ્રેમાનુભવે એને નવજીવન બક્ષ્યું છે. આકાશવાણી કવિની વાણી છે જાણે. કચે કરેલું પ્રેમનું બલિદાન, દેવયાનીનો એક રીતે ત્યાગ, અને કર્તવ્યનું પાલન એ ઊંચાં મૂલ્યો છે; પ્રેમના બલિદાન પછી કચનું 'આ આવું આવવું' તે સંજીવની જ નહીં, પણ મહાસંજીવની છે. ઉમાશંકર આમ મૂલ્યનિષ્ઠાની સ્થાપના કરી રહ્યા છે.



મૂળ મહાભારતની કથાવસ્તુ અને ઘટનાઓમાં કવિ દ્વારા થયેલાં ઉમેરણો અને બાદબાકી, તેમજ ચરિત્રચિત્રણમાં નિરૂપિત થયેલાં નવાં પરિમાણો સમગ્ર કૃતિને નવો ઘાટ આપે છે. રવીન્દ્રનાથનું સંવાદ-કાવ્ય 'વિદાય-અભિશાપ' કવિ સમક્ષ હતું. તેનાથી કંઈ વિશિષ્ટતાવાળી રચના એ વિષય પર કરવી એમાં એક પડકાર હતો અને ઉમાશંકર એ પડકાર ઝીલવામાં સફળ થયા છે. કાવ્યમાં કચના પાત્રનું સાદ્યંત મૂલ્યનિષ્ઠ ઉદાત્ત ચરિત્ર પ્રસ્તુત થયું છે. પ્રણયનો ત્યાગ કરીને પોતાના કર્તવ્યને પૂર્ણ કરવામાં કચ જીવનની સાર્થકતા અનુભવે છે. ખરેખર તો હૃદયથી દેવયાની કચની સાથે જ છે એ અનુભૂતિ કચની એકોક્તિમાંથી ભાવક પામી શકે છે – 'હશું જુદાં બંને હૃદય થકી ના, ખંડિત છતાં.' ઉમાશંકર અભિશાપની વાત કાવ્યમાં લાવ્યા નથી, તેથી દેવયાનીનું પાત્ર પણ એક ઉજ્જ્વળતા પામે છે. અલબત્ત, દેવયાનીનો વિયોગ થવા છતાં કર્તવ્યપાલનથી કચ એક સાર્થકતાની લાગણી કાવ્યને અંતે પામી શકે છે, પણ અપ્રત્યક્ષ દેવયાની એક નિઃસંગ વેદનામૂર્તિ રૂપે સંવેદનશીલ વાચકના ચિત્તમાં પ્રત્યક્ષ થશે. (આપણને કવિ કાન્તની 'દેવયાની' પણ યાદ આવે, પરંતુ એ એક વળી દેવયાનીનું ભિન્ન રૂપ !)

રવીન્દ્રનાથના 'વિદાય-અભિશાપ'માં સ્વર્ગ તરફ પ્રયાણ કરતી વખતે કચ-દેવયાની વચ્ચે જે સંવાદ થાય છે તેમાં દેવયાનીની વાણીમાં વ્યંગ જોવા મળે છે. દેવયાની, કચની આ પ્રકારની વિદાયથી – આવી સુંદર અરણ્યભૂમિમાં મળેલી એક સહચરીને છોડી જાય છે તેથી – અત્યંત વ્યથિત છે. વાસ્તવમાં કચ માટે તો દેવયાની 'ચિર જીવનેર સને/તાર નામ ગાઁથા હયે ગેછે' (દેવયાનીનું નામ તો સમગ્ર જીવન સાથે ગૂંથાઈ ગયું છે), પણ બીજું વધારે કંઈ ન કહેતાં, પૂર્વની સ્મૃતિઓની યાદ પછી વર્તમાન ક્ષણે, વિદાય વખતે કચ દેવયાની પ્રત્યેના કૃતજ્ઞતાના ભાવને પ્રકટ કરે છે. 'કૃતજ્ઞતા' શબ્દથી આઘાત પામેલી દેવયાની કટાક્ષયુક્ત શબ્દ-બાણોથી તેને વીંધે છે : 'માત્ર કૃતજ્ઞતા ? સૌંદર્ય નહીં ? પ્રીતિ નહીં ?' આ દેવયાનીને ઠાલી કૃતજ્ઞતા ખપતી નથી. પણ રક્ત બનીને જે અંતરમાં વહી રહ્યું છે તેને કચ બહાર બતાવે કેવી રીતે ? (''સખી, બહે યાહા મર્મ-માઝે રક્તમય/ બાહિરે તા કેમને દેખાબ ?'') તેણે તો લાગણીઓને, પ્રેમને હૃદયમાં ધરબાવી દઈ, સંજીવની વિદ્યાની પ્રાપ્તિમાં પોતાના કર્તવ્યધર્મની કૃતાર્થતા અનુભવી છે; એણે કોઈ પ્રતારણા કરી નથી. દેવયાનીનો આક્રોશ પ્રકટે છે; પોતે કૃતકાર્ય થઈ, થોડી કૃતજ્ઞતા આપી કચ ચાલી જવા ઇચ્છે છે ? અને ક્ષમા માગે છે ? પોતાને નિઃસંગ છોડી, પોતાની પ્રાણવંતતાને નષ્ટ કરી જનારને દેવયાની ક્ષમા તો આપતી નથી, પણ અંતે અભિશાપ આપે છે – ''તેં પ્રાપ્ત કરેલી વિદ્યાનો તું ઉપયોગ કરી શકીશ નહીં !'' રવીન્દ્રનાથની દેવયાનીમાં આક્રમકતા તો છે, પણ એમાં પ્રણયભંગ નારીનો ખંડિત અહં ના જોઈ શકાય ? તેમનો કચ સૌમ્ય, ચૂપચાપ ત્યાગને વરતો, ક્ષમાશીલ ભાસે છે – એનાં માનસિક દ્વંદ્વનું – મંથનનું માર્મિક આલેખન નથી. ઉમાશંકરના કાવ્ય 'કચ'માં કચ અને દેવયાની બંને પાત્રો વધારે હૃદયસ્પર્શી બને છે. કચના મનોમંથનનું તલસ્પર્શી, માર્મિક આલેખન

ઉમાશંકરની કવિપ્રતિભાનો નિર્દેશ કરે છે.

'મહાપ્રસ્થાન' કાવ્યસંગ્રહની સાત રચનાઓમાંથી કવિ ઉમાશંકરે ચાર રચનાઓમાં વનવેલીનો પ્રયોગ કરી પદ્ય-નાટકનો ત્રીજો સૂર સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ અહીં 'કચ' કાવ્યમાં તેમણે પ્રવાહી શિખરિણીનો ઉપયોગ કર્યો છે, જોકે તેમણે પ્રાસ જાળવ્યા છે. તેમ છતાં બોલચાલની ભાષાનાં આરોહ-અવરોહ, અને કાકુ સુધ્ધાં છંદમાં અનુભવાય છે તે તેની વિશેષતા છે. ૧૮૬ પંક્તિઓની આ દીર્ઘ રચનામાં ૧૭૫ જેટલી પંક્તિઓ આમ શિખરિણીમાં વહે છે. કાવ્યના આરંભમાં વર્તમાનની ક્ષણે કચની ઉક્તિ અનુષ્ટુપની બે પંક્તિથી શરૂ થાય છે, પછી કચ સ્મૃતિલોકમાં સરે છે તેનું નિરૂપણ શિખરિણીમાં છે. આ આરંભના અનુષ્ટુપનું અનુસંધાન કવિતાના અંતભાગમાં વળાંક લાવતી અનુષ્ટુપની નવ પંક્તિઓ સાથે થાય છે. આ પંક્તિઓ પાછી આપણને સ્મૃતિલોકમાંથી વર્તમાનની ક્ષણે લઈ આવે છે. આ છંદ-યોજના કવિના છંદવિનિયોગના કૌશલની પરિચાયક છે. કાવ્યના આરંભમાં આવતો 'સંજીવની' શબ્દ છેલ્લા અનુષ્ટુપમાં જુદા અર્થભાર સાથે કવિએ પ્રયોજતાં કવિતાનું એક સંગઠન (structure) રચાય છે. શિખરિણીના પ્રલંબિત લયમાં સ્મૃતિલોકનું નિર્વહણ સુપેરે થયું છે.

r

## માધવને મુખડે મોરલી

*માધવને મુખડે મોરલી,*
*મહીં હૈયું રાધાનું રેલાય.*
*માધવની નાચે આંગળી,*
*વીંધ રાધાના હૈયાના ત્યાંય.*
*માધવની ફૂંક જરી ફરી વળી,*
*પ્રાણ રાધાનો ત્યાં ઊભરાય.*
*ઓચિંતી અટકી મોરલી*
*જીવ રાધાનો ત્યાં તો ટૂંપાય.*

અમદાવાદ, ફેબ્રુઆરી ૧૯૬૬



# 'રાજસ્થાનમાં પસાર થતાં – ' વિશે

**સતીશ વ્યાસ**

## રાજસ્થાનમાં પસાર થતાં –

બારી બહાર છૂટી ધસી દૃષ્ટિ.
અહો મોકળાશ !
...ભાઈ, બેસો જગા છે, ગાડી છે બધાની.
હાશ !
ગડડ ગડડ ! ગડડ ગડડ ! ગડે ગાડી.

દૃષ્ટિ મારી બારી બ્હાર નાસી છૂટી ધસી.
મનડું આ અખૂટ વેરાન બની જાય.
સંકલ્પવિકલ્પ બધા છૂટાં ઘેટાં સમા
હેઠા શ્વાસે ધરતીનાં હો-ન-હો તે તૃણ
ખેંચી કાઢે, ચર્યાં કરે.

ઓહો ! પેલો દૂર ડોકાયો ડુંગર.
ચિત્ત અઢેલીને એને થયું જીવ-ભર.
ધારે ધારે ચઢી જઈ ઊંચેરા શિખર પર
મંદિર-ધ્વજાએ થરકી રહ્યું ફરફર
ફરકી રહ્યું થરથર.

... પાણી ઢળ્યું ? લઈ લો સામાન ઊંચો.
ડળી ગયો કાચો કૂજો !
રણમાં પાણીનાં ભલા દર્શન કરાવી ગયો.
ગડડ ગડડ ! ગડડ ગડડ ! ગડે ગાડી.

પાણી ? પાણી તો અહીં પાતાળકૂવે, અથવા તો
ઓ પણે અંકાશે, જ્યાં
કાળમીંઢ ખડકોની ભીંતો
માથે ગઢ, જાણે
ઉગામેલી મુક્કી આ ભેંકાર ધરાએ.
પાણીની અચૂક દીપે એ એંધાણી.

જો જો પેલા બુરજે
સન્ધ્યાની રંગીન ચિતાએ
ઝળાંઝળાં ઊભી કો પદ્મિનીઓ
ઝાંકી રહી શાશ્વતીના હૈયાની સિંદૂર-જ્વાલા.

સન્ધ્યાયે શમી, અંધકાર-રણે
ચેતનના રેલા સમી રેલ લંબાયે આ જતી –
જાણે પળ પછી પળ
ઊંટ ખેંચે હળ :
ચાસે ચાસે ધરતી આ પડખું બદલી રહી.
આવી રાત, વેરતી મુઠ્ઠી ભરી તારા;
પ્રભુની ફસલ, હવે જોઈએ, કેવીક હશે
ગડડ ગડડ ! ગડડ ગડડ ! – ગડે ગાડી.

અમદાવાદ-દિલ્હી ગાડીમાં, ૨૪-૯-૧૯૬૩

**કા**વ્ય આખું વાંચતાં પહેલાં પકડી લેતા શબ્દો તો છે 'ગડડ ગડડ ! ગડડ ગડડ ! ગડે ગાડી.' ગરગડી ધીમે ધીમે ગરડતી હોય એવો કર્ણપટે નાદ ઊઠે છે. રાજસ્થાનની બરડ ભૂમિનો એવો જ બરડ કર્ણસ્પર્શ એ રવાનુકારી શબ્દોમાં છે. કાવ્યાન્તે આવર્તાતી એ પંક્તિ આપણા ચિત્તકોશમાં એનું ધ્વનિરણન અંકિત કરતી જતી હોવાનો અનુભવ થાય છે.

કાવ્યના પ્રથમ શબ્દો કયા છે ? હા, 'બારી બહાર છૂટી ધસી દૃષ્ટિ.' આ 'બારી' શબ્દ અને રાજસ્થાનનો એની સાથેનો સંયોગ રાજસ્થાનની કવયિત્રી મીરાંની એક પંક્તિ સાથે તરત જ જોડે : 'ઊંચા ઊંચા મહલ બનાઉં, બિચ બિચ રાખું બારી.' ના, એ પંક્તિના આસ્વાદ-અર્થઘટનમાં નહીં પડું. આ સાહચર્ય તો મારા મનની એકલમૂડી ! કવિની 'બારી' તો રાજસ્થાનની રેલગાડીની છે. ગાડીમાં પ્રથમ પ્રવેશે જગા નથી, એની પ્રતીતિ બારી બહાર રહેલી 'અહો ! મોકળાશ' ઉક્તિ કરાવે છે, પણ તરત જ 'ભાઈ, બેસો જગા છે, ગાડી છે બધાની'માં પણ બહાર જેવી જ મોકળાશનો અનુભવ થાય છે. પેલી બહારની દેખીતી મોકળાશ રાજસ્થાનના આ પ્રદેશની કરુણતાય પ્રગટ કરે. અહીં ઉજ્જડ વેરાન-તાનો જે અનુભવ નિષ્પન્ન થાય એ તો એટલો જ ભયાવહ હોય ! આથી જ કવિ 'મનડું આ અખૂટ વેરાન બની જાય' જેવી પંક્તિ રચે છે.

સહપ્રવાસીઓ જોડે સંવાદ શરૂ નથી થયો. સંવાદ પ્રારંભાઈ ચૂક્યો છે સ્વ સાથે, ચિત્તના સંકલ્પ અને વિકલ્પ વચ્ચે. આ સંકલ્પ-વિકલ્પ જેવી અમૂર્ત સ્થિતિઓ માટે હવે કવિ 'ઘેટાં'નું મૂર્ત કલ્પન પ્રયોજે છે. આ ઘેટાં ધરતી પર તો તૃણ 'હો કે ન હો' પણ



ચિત્તે રચેલાં રહ્યાંસહ્યાં તૃણનો ચારો ચરવા માંડ્યાં છે. રણ હોય અને ઘેટાં-ઊંટ સાહચર્યસંબંધે ન આવે તો જ નવાઈ ! હા, કવિ એને કઈ રીતે, બેવડાવીને, કઈ રીતે લાવે છે એ મહત્ત્વનું છે.

'તૃણ'ની સાથે આવે છે (આપણા ધીરાનો) ડુંગર ! 'જીવ-તર'નો પ્રાસ કેટલો સ-ભર બન્યો છે ! જાણે સમગ્ર ચિત્તે એની પીઠ ત્યાં અઢેલી દીધી ! વળી આ તો ચિત્ત ? એ તો એ ય ને ચઢ્યું ઊંચેરા શિખરે પટ પટ ! ચઢી ગયું ત્યાંના એક મંદિર પરે ને પછી તો એનીય ઉપર ફરફરતી ધજા પરે ને ફરફરવા માંડ્યું એની ઉપર, એની જેમ જ; પણ કવિ અહીં ખચકો પાડે છે. અપેક્ષાભંગ કરી રમણીયતા રચે છે. એ 'ફરફર'ની સાથે, પંક્તિ તોડીને 'થરથર'નો પ્રાસ રચી વેધક કરુણતાનો સંસ્પર્શ કરાવે છે. હજી આ કરુણતાનો અનુભવ કરે ન કરે ત્યાં તો નકરા વાસ્તવમાં એમના ચિત્તને સંડોવી દેતી સહપ્રવાસીની ઉક્તિ પ્રગટ થાય છે : 'પાણી ઢળ્યું ? લઈ લો સામાન ઊંચો' પછીની પંક્તિ અત્યંત સાંકેતિક છે : 'ડળી ગયો કાચો કૂજો !' ને એની સાથે જ રચાતી 'રણમાં પાણીનાં ભલા દર્શન કરાવી ગયો' પંક્તિ પુનઃ પેલી કરુણતા સાથે આપણને જોડી આપે છે. પછી ભળે છે કરુણતા સાથે ભયંકરતાનો ભાવ, જાણે કે ગ્રીક ટ્રેજડી ! 'પાણી' કહેતાંની સાથે 'પાતાળકૂવો' ને 'આકાશ'નાં બે અંતિમો જોડાય છે. આકાશમાં કાળમીંઢ ખડકોની ભીંતો ઉપરના ગઢ જાણે ભેંકાર ધરાએ ઉગામેલી મુક્કી હોય એવા દીસી રહ્યા છે. આખી ઉત્પ્રેક્ષા ભયપ્રેરક થઈ છે. આ 'પાણી' વીરત્વ સાથે સંકળાયેલું મુક્કીલું પાણી, ભીતરી પાણી આપણને પાણીના બીજા અર્થ પ્રતિ પણ તાણી જાય છે. 'પાણી'થી 'ઍંધાણી' સુધીના ખંડકમાં 'ણ' વર્ણની લીલા જોઈ ? છ વાર પ્રયોજાયો છે એ વર્ણ અહીં. રણની શુષ્કતા આલેખતો ન હોય જાણે !

સાંધ્ય ક્ષણોને એ પદ્મિનીઓની ચિતાની રક્તિમા સાથે સાંકળી એ જૌહરી ફનાગીરીના ઇતિહાસ સાથે આપણને જોડી આપે છે. આ શાશ્વતી આપણા ખમીરવંતા, ચારિત્ર્યવંતા ઇતિહાસની છે. 'સિંદૂર-જ્વાલા' સાથેનો સૌભાગ્યસંકેત પણ કેટલો સહજ બનીને ઊભર્યો છે !

હવે રાતના ઓળા ઊતરે છે. સંધ્યા શમી ચૂકી છે. અંધકાર-રણમાંય ચેતનના રેલા સમી ગાડી લંબાયે જાય છે. એક નાનકડી ઉપમા આસપાસના અગતિશીલ, જાડ્યપૂર્ણ વાતાવરણને આલેખવા પૂરતી કારગત નીવડે છે. હજી ઉત્પ્રેક્ષાનો દોર તો ચાલે જ છે : 'જાણે પળ પછી પળ / ઊંટ ખેંચે હળ' ગાડીની ગતિ ને કાળની ગતિનું આ સારૂપ્ય રૂઢ છે. 'પળ'-'હળ'ના પ્રાસાનુપ્રાસ પણ રૂઢ છે. કવિચિત્તમાં આશાવાદ છે. રાત્રિએ મુઠ્ઠી ભરીને તારા(નાં બીજ) વેર્યાં છે, મનુજબીજે તો અહીં કદાચ કશું ઉગાડ્યું નથી, પણ હવે 'પ્રભુની ફસલ' કેવી ઊગે છે એ જોવાનું કુતૂહલ છે. 'ભુ' તો તો અહીં જાણે કે બંજર છે પણ 'પ્ર-ભુ' કોઈક ચમત્કાર કરે પણ ખરા !

કવિએ અમદાવાદથી દિલ્હી જતાં તા. ૨૪-૯-૬૩ના રોજ આંખે દેખ્યા હેવાલની

જેમ આ કાવ્ય લખ્યું છે. એમણે 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા' પણ આ રીતે લખ્યું હોવાનું અભ્યાસીઓ જાણે છે. આપણાં આવાં આંખે દેખ્યો હેવાલ સમાં કાવ્યોનીય એક શ્રેણી થઈ શકે એવી છે. કાન્તનું 'સાગર અને શશી', ઠાકોરનું 'ભણકારા', ન્હાનાલાલનું 'સાગર સખે', રઘુવીર ચૌધરીનું 'રાજસ્થાન', ચન્દ્રકાન્ત ટોપીવાળાનું 'પક્ષીતીર્થ' આદિ રચનાઓ સ્મરણે ચઢે છે. આસ્વાદકર્મની આ પણ એક સહજોપલબ્ધિ છે.

રણના માહોલ સાથે વનવેલી સુસંગત થાય ? 'વનવેલી' શબ્દમાં રહેલો અર્થસંકેત જ હું તાકું છું. હા, કવિએ એના લવચીક લયનો સરસ વિનિયોગ કર્યો છે અને રાજસ્થાનની ગાડીની અનિયમિત ચાલને પણ એ દ્વારા વ્યંજિત કરી છે.

r

## ઘરે આવું છું હું —

*ઘરે આવું છું હું, નવ કદી રહ્યો દૂર ઘરથી.*
*ધસે હૈયું તે તો બળદ ઘરઢાળા જ્યમ ધસે.*
*ઘરે બેઠાં ચાહી નહિ જ જનનીભૂમિ ગરવી,*
*વસી દૂરે જેવી. કદીક નભવાણીથી ઘરનું*
*સ્રવ્યું જો સંગીત, શ્રવણ ચમક્યા, તૃપ્તિ હૃદયે*
*લહી ગાઢી; ઘેરી રજનિ મહીં ક્યારેક સપનાં*
*તણા તાણાવાણા મહીં જતી વણાઈ જ રટણા*
*વિલાતી માતાની ખટકભર...... ! રે દર્દ-કથની !*

*ઘરે લાવું છું શું ? હૃદય, નવ એ પ્રશ્ન કર તું.*
*ન ઉદ્યોગે બુદ્ધિ, વણજ સમજું ના જરીય તે.*
*નથી ખાલી હૈયે પણ હું ફરતો છેક જ, નવી*
*કંઈ આશાઓ ને સ્મિતરુદનના મર્મ નવલા*
*ઘરે લાવું છું હું. — ખરું જ કહું ? આવું કવિજન*
*હતો તેનો તે હા ! પણ કંઈક શાણો વિરહથી.*

એસ. એસ. ચુસાન
(પીનાંગથી કોલંબો આવતાં)
૧૩-૧૨-૧૯૫૨



# ત્રિવિધ અસ્મિતાઓનું સહઅસ્તિત્વ

***ભગવતીકુમાર શર્મા***

## હું ગુર્જર ભારતવાસી

હું ગુર્જર ભારતવાસી.
ઝંખો પલ પલ સહુ જન મંગલ મન મારું ઉલ્લાસી.
હું...

અર્બુદ-અરબસમુદ્ર વચાળે
ધરતીના આ આઉ દુધાળે,
આવી વળગી હર્ષ-ઉછાળે
ઉત્તર પશ્ચિમ દક્ષિણ પૂર્વથી વિધ વિધ પ્રજા સુહાસી.
હું...

ધન્ય ધરા આ, કૃષ્ણ વસ્યા જ્યાં,
વિપદ દીઠી ક્યહીં, ત્વરિત ધસ્યા ત્યાં;
ગીતામૃત પી ગાંધી હસ્યા હ્યાં.
ગાંધી-કૃષ્ણની કરુણાકરણી રહો જ ચિત્ત ઉપાસી.
હું...

અશોક-ધર્મલિપિ ઉર મુજ અંકિત
ઈસાઈ પારસિક મુસ્લિમ જિન-હિત
મંત્ર મધુર ગુંજે અવિશંકિત :
'સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ.'– ઉર એ રહો પ્રકાશી.
હું...

ગિરિચટ્ટાન સમાણી છાતી
જલધિતરંગ નાથે મદમાતી,
રમે વિદેશે સાહસ-રાતી.
સદાજાગરૂક જગતનાગરિક સાગરતીર્થનિવાસી
હું ગુર્જર ભારતવાસી.

અમદાવાદ, ૨૯-૪-૧૯૬૦

**'વ્ય**ક્તિ મટી હું બનું વિશ્વમાનવી', એવું કવનાર કવિશ્રી ઉમાશંકર જોશીનો ચેતોવિસ્તાર બામણા અને ઈડરથી હિરોશીમા-નાગાસાકી પર્યંત વિકસેલો પ્રતીત થાય છે. એ રીતે કવિ વિશ્વમાનવી સુધી વિસ્તરી શક્યા હતા. કવિની ગુર્જરભક્તિ સુવિખ્યાત છે અને તે તેમની એકાધિક કાવ્યરચનાઓમાં વ્યક્ત થયેલી છે, પણ 'વિશ્વમાનવી' બનવાની આકાંક્ષા સેવનાર કવિની ચેતના એમ ગુજરાતની માત્ર ભૌગોલિક તેમ ભાવાત્મક સરહદો પૂરતી મર્યાદિત શી રીતે હોય ? 'એ કેવો ગુજરાતી જે કેવળ હો ગુજરાતી ?' એ રચના તેના એક વધુ પ્રમાણરૂપ છે.

આસ્વાદ હેઠળની રચનામાં કવિની ચેતના ગુજરાત અને ભારતવર્ષ સાથે પૂર્ણ એકરૂપતા સાધે છે. 'સર્વજનના મંગલમાં ઉલ્લાસ' પામનાર કવિની વિશાળ માનવપ્રીતિ અપ્રગટ શી રીતે રહી શકે ?

કાવ્યની પ્રથમ કંડિકાથી કવિ ગુજરાતની ભૌગોલિક વિવિધતાને ભારત સાથે સાંકળે છે. 'અર્બુદ' અને 'અરબી સમુદ્ર'માં માત્ર વર્ણસગાઈથી કશુંક વિશેષ છે. પર્વતની ઊંચાઈ અને સમુદ્રની ગહરાઈ વચ્ચેનું વિરોધાભાસી સાયુજ્ય અહીં સાર્થક છે. 'ધરતીના આઉ'ની કવિકલ્પના નાવીન્યસભર અને રોમાંચક જ નહીં, અર્થવાહી પણ છે. ગુજરાતમાં આવી વસેલી વિવિધભાષી પ્રજાઓ વચ્ચેની સંવાદિતાને સૂચવવા માટે એ પ્રજાઓ સાથે કવિએ 'સુહાસી'નું જોડેલું વિશેષણ સૂચક અને યથાર્થ છે. ધરતીના સહિયારા થાનને વળગીને વસતી પ્રજાઓની વાત ઘણી માર્મિક છે.

બીજી કંડિકામાં ગાંધીયુગના અને ગાંધીપ્રભાવને ઊંડાણથી ઝીલનારા આ મૂર્ધન્ય કવિ ગુજરાત સંદર્ભે ગાંધી અને કૃષ્ણની સહોપસ્થિતિ સાધે તે સ્વાભાવિક તથા કાવ્યોત્કર્ષ સિદ્ધ કરનારું તત્ત્વ છે. ગાંધી સુદામાનગરી પોરબંદરમાં જન્મ્યા. કૃષ્ણ ઉત્તર ભારતથી ગુજરાતની દ્વારિકા આવી ત્યાંના અધીશ બન્યા. કૃષ્ણે અર્જુન-પ્રીત્યર્થે ગીતાનું ગાન કર્યું. તો એ ગીતાને ગાંધીએ હૃદયમાં સ્થાન આપ્યું. કૃષ્ણે આતતાયીઓને સંહારી વિષદગ્રસ્ત જનોને છત્ર ધર્યું, ગાંધીએ તેમના કરુણાપ્રેર્યા સ્મિતથી કૃષ્ણના જીવન-સંદેશને આચારસ્થ કર્યો.

યુદ્ધભૂમિ ત્યજી બુદ્ધિશરણે ગયેલા અશોકનો શિલાલેખ ગુજરાતમાં ગિરનાર પર જ નહીં, કવિના હૈયામાં પણ અંકિત છે. કવિ અહીં ગુજરાતમાં સહઅસ્તિત્વ ધરાવતી બધી કોમોનો, સર્વધર્માવલંબીઓનો સહેતુક ઉલ્લેખ કરે છે. પારસી અને જૈન જેવી સંખ્યાદષ્ટિએ નાની જાતિઓને પણ તેઓ વીસર્યા નથી. ગુજરાત પર આ સર્વનો અમીટ સાંસ્કૃતિક પ્રભાવ છે જ. આના અનુસંધાનમાં તેમની કવિચેતના સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ મમભાવના આદર્શ સુધી માત્ર વિસ્તરતી નથી, તેમાંથી ઉજાશ પણ પ્રાપ્ત કરે છે.

કવિને અહીં પુનઃ ગિરિની ઉત્તુંગતા, સમુદ્રનું ઊંડાણ અને સાગરખેડુઓની સાહસવૃત્તિ સાંભરે છે. પ્રાચીન કાળથી ગુજરાતીઓ તેઓની સમુદ્રસાહસવૃત્તિ માટે



સુખ્યાત છે. દેશમાં સૌથી લાંબો સમુદ્રતટ ધરાવનાર ગુજરાતની પ્રજામાં સાગરી સાહસિકતા ધરબીને પડેલી હોય તેમાં શું આશ્ચર્ય ? પણ, આ માત્ર દરિયાઈ વેપાર-વણજ માટેની ખેપ નથી; સાગરખેડુ ગુજરાતીઓએ તે દ્વારા સિદ્ધ કરેલી વૈશ્વિક વિશાળતા પણ છે. અહીં ગુર્જર, ભારતીય અને વૈશ્વિક અસ્મિતાનો અદ્‌ભુત, રમણીય તથા કાવ્યોપમ સમન્વય, કહો કે સહઅસ્તિત્વ સિદ્ધ થાય છે. તે દ્વારા જ 'વ્યક્તિ મટી હું બનું વિશ્વમાનવી'ની કવિ-મનીષી ઉમાશંકર જોશીની જીવન-ખેવના મૂર્તિમંત થયેલી અનુભવાય છે.

r

## ગુર્જરી ગિરા

*જે જન્મતાં આશિષ હેમચંદ્રની*
*પામી, વિરાગી જિનસાધુઓએ*
*જેનાં હીંચોળ્યાં મમતાથી પારણાં,*

*રસપ્રભા ભાલણથી લહી જે*
*નાચી અભંગે નરસિંહ-મીરાં-*
*અખા તણે નાદ ચડી ઉમંગે,*
*આયુષ્મતી લાડલી પ્રેમ ભટ્ટની,*
*દઢાયુ ગોવર્ધનથી બની જે,*
*અર્ચેલ કાન્તે દલપત્તપુત્રે*
*તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા*
*ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.*

૨૬-૨-૧૯૩૭,
૧૯૬૨, ૧૯૮૦

# ‘વૃષભાવતાર’ વિશે

**રતિલાલ બોરીસાગર**

## વૃષભાવતાર

પૃથ્વી આ જ્યારે વસવા માંડી,
– આદિ કાળની વાત, –
પ્હેલવ્હેલાં જે માનવી ભોળાં
ના જાણે રીત કે ભાત.

કેટલું ખાવું, ક્યારે ન્હાવું,
કોને એ બધું પૂછવા જાવું ?
એક શાણો કહે, ‘શીદ મૂંઝાવું ?
જાચીએ જગનો તાત.’

કૈલાસ પર્વતે શિવ ને ગૌરી
બેઠાં ગોઠડી કરે,
ગૌરવ નિજ વાગોળતો દ્વારે
નંદી પ્હેરો ભરે.

હાલકહૂલક માનવટોળું
આવી તહીં ઊભરાયું બ્હોળું.
‘જય ભોળા ! જય !’ – નાદથી ડ્હોળું
આભ જાણે થરથરે.

કંપાવી કાંધ ને પૂછ ઉછાળી
નંદી સૌને પૂછે :
‘આટલો શોર તે શાને મચાવો ?
એવું કારણ શું છે ?’

‘અમે ન જાણીએ ક્યારે ખાવું,

ક્યારે ને વળી ધોવું-ન્હાવું.
પ્રભુ વિના દુઃખ ક્યાં જઈ ગાવું ?
આંસુ બીજું કોણ લૂછે ?’



‘શિવજીનો તો ગૌરી સાથે
ચાલે છે સંલાપ;
કહો તો હું જઈ પૂછી આવું.’

‘પૂછી આવોને બાપ !’
ગૌરીની ચાલતી દલીલ : ‘હરજી !
વળી આ માનવસૃષ્ટિ ક્યાં સરજી ?’
વચ્ચે નંદીની સુણીને અરજી,
દેવે દીધ જબાપ :

‘ત્રણ વાર ન્હાય,
એક વાર ખાય.’
પૂછ ઝુલાવતો, માથું હલાવતો,
નંદી ગૌરવભાવે
સંદેશો દેવનો ગોખતો ગોખતો
ડોલતો ડોલતો આવે :
ત્રણ વાર ન્હાય,
એક વાર ખાય.

ત્રણ વાર ન્હાય,
એક વાર ખાય.

એક વાર ન્હાય,
ત્રણ વાર ખાય.

ઊલટાસૂલટી બોલ થઈ જાય,
બોલતો બોલતો આવે :

એક વાર ન્હાય,
ત્રણ વાર ખાય.

એક વાર ન્હાય,
ત્રણ વાર ખાય,
પૂછવા માનવટોળું સામે ધાય,

‘બોલો, શો સંદેશો ક્હાવે ?’
‘એક વાર ન્હાય,
ત્રણ વાર ખાય.’
– નંદી બોલ્યો વાણી;

સુણીને માનવી સંતોષ પામ્યાં
પ્રભુની આજ્ઞા જાણી.
સાંજ સમે થઈ ગોઠડી પૂરી,
શિવ ને ગૌરી બેય
બ્હાર આવ્યાં, સૌ સૂનું દીઠું,
નંદી બેઠો છેય.
શિવના મનમાં જરા અંદેશો.–
'નંદી તેં શો દીધ સંદેશો ?'
'દીધો બીજો હોય ઉત્તર મેં શો ?
પૂછવાનું શું એય ? —
એક વાર ન્હાય,
ત્રણ વાર ખાય.'
'માનવીની તેં જિન્દગી, નંદી,
કરી દીધી શી ઝેર ?
ખાઈ ખાઈ બધું ખુટાડશે ને
વસ્તીનો વધશે કેર.
અરે ભોળા, તેં આ શું કીધું ?
એક વેળાનું જ અન્ન મેં દીધું.
ત્રણ વેળા સુધી એટલું સીધું
પ્હોંચે તે કઈ પેર ?'
આંખો મીંચીને ડોલતો નંદી
થઈ ગયો ઊંચેકાન.
ખોંખારી શિવે ન્યાય સુણાવ્યો :
'ના તેં રાખ્યું કૈં ભાન.
તો, હવે જા, ધરતી પર અવતર,
ધૂંસરી કાંધે ઉપાડી, ખેતર
ખેડ, મનુજના કોઠારો ભર.
પોષજે એના પ્રાણ.'
તે દીથી નંદી ભૂતળ ઉપર
બળદ થઈને ફરે,
શિવદ્વારે મસ્ત ડોલવું છોડી,
ધૂંસરી ઊંચકી મરે.



ત્રણ ત્રણ વેળા ખાતાં માનવ
વધ્યાં, ધરામાં ન માતાં માનવ,
ખાઉં ખાઉં કરે ન ધરાતાં માનવ,
એને કંઈ દાણો પૂરે.

અમદાવાદ, ૧૨-૩-૧૯૫૯

**ગુ**જરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં એક સમયે હું મરાઠી ભાષાના પહેલા-બીજા ધોરણનાં પાઠ્યપુસ્તકોની હસ્તપ્રતોના નિર્માણ અંગે સંયોજકની કામગીરી સંભાળતો હતો ત્યારે બીજા ધોરણની હસ્તપ્રતમાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોમાં બને છે તેમ સંપાદકોએ લખેલા પાઠોને બદલે સિદ્ધ સર્જકોની કૃતિઓ જોઈ મને આશ્ચર્ય થયું હતું. એ વખતે એક મરાઠી પ્રાધ્યાપકે કહ્યું, 'અમારા બધા જ મોટા સર્જકોએ બાળકો માટે પર્યાપ્ત માત્રામાં રચનાઓ કરી છે.' આપણે ત્યાં આવું નથી. આપણા ઉત્તમ સર્જકોએ બાળકોને ધરવ થઈ જાય એટલા પ્રમાણમાં બાળસાહિત્યનું સર્જન કર્યું નથી; તેમ છતાં, ખાસ કરીને, ગાંધીયુગ અને તે પછી આજ સુધીના સમયના આપણા ઉત્તમ સર્જકોએ ભલે, એમના સર્જનરાશિના પ્રમાણ અલ્પ, પણ ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ બાળસાહિત્ય સર્જ્યું છે. ઉમાશંકર જોશી આમાંના એક છે. ઉમાશંકરની સમગ્ર કવિતાના પ્રમાણમાં બાળકો-કિશોરો માટેનાં કાવ્યો અત્યલ્પ ગણાય, છતાં આ અલ્પસંખ્ય કાવ્યો પણ ઉમાશંકરનાં – એક ઉત્તમ સર્જકનાં છે એટલે આપણા બાળ-કિશોરસાહિત્યની મોંઘી મૂડી છે. 'વૃષભાવતાર' એમાંનું એક છે. (સરળ છતાં રોચક ભાષામાં ગાંધીજીના જીવનના પ્રસંગો વર્ણવતું પુસ્તક 'ગાંધીકથા' ગુજરાતી બાળ-કિશોરસાહિત્યની અનન્ય ગદ્યરચના છે.)

સરળ બાની એ 'વૃષભાવતાર' કાવ્યનો મુખ્ય ગુણ છે. માત્રામેળનો ઢાળ-લય પણ સરળતા ઉપરાંત કાવ્યત્વ સિદ્ધ કરવામાં પણ ઉપકારક નીવડ્યો છે. આ કાવ્ય તરુણ-તરુણીઓ માટે છે એટલે સરળતા વગર ચાલી જ ન શકે. પણ આ સરળતા કવિતાને સાચવીને સિદ્ધ કરાઈ છે એ અગત્યની વાત છે. સરળતા અને કાવ્યત્વ બંને પલ્લાંની સમતુલા અહીં સુપેરે જળવાઈ છે. આ સાથે આ હાસ્યરસની કૃતિ છે એ પણ એની વિશેષતા છે. કાવ્યના શીર્ષક 'વૃષભાવતાર'થી જ હાસ્યની સરવાણી વહેવી શરૂ થાય છે. 'બળદ' માટે 'વૃષભ' શબ્દનો પ્રયોગ કરીને, તથા ઈશ્વરના વિવિધ અવતારો સાથે પ્રયોજાતા 'અવતાર' જેવા દિવ્યતાસૂચક શબ્દને એની સાથે જોડીને, વ્યાજસ્તુતિ દ્વારા કવિ હાસ્યનિષ્પત્તિ સાધે છે. આ કાવ્યમાં પૃથ્વીના આદિકાળની વાત છે એટલે સ્વાભાવિક રીતે જ અહીં બોલચાલની ભાષા પ્રયોજાઈ છે. સહૃદયો એનું ઔચિત્ય પ્રમાણી શકશે. સરળતા સિદ્ધ કરવામાં આ ભાષાનું મોટું યોગદાન છે.

કાવ્યના આરંભમાં જ કવિ પૃથ્વીના આદિકાળની વાત માંડે છે. પૃથ્વીપુત્રોની પ્રથમ

પેઢીનું ગુણલક્ષણ કવિ બે નાની-નાની પંક્તિઓમાં વર્ણવી દે છે :

**'પ્હેલવ્હેલાં જે માનવી ભોળાં**
**ના જાણે રીત કે ભાત.'**

આ પૃથ્વી પર પ્રથમ વાર મનુષ્ય રૂપે વિચરતાં થયેલાં લોકો માટે કવિ 'ભોળાં' શબ્દનો પ્રયોગ કરે છે. 'ભોળાં' એટલે સરળ-નિષ્પાપ-ચોખ્ખાં હૃદયવાળાં – કશાંય કૂડકપટ વગરનાં – ટૂંકમાં પરિશુદ્ધ ચેતનાવાળાં. માનવ-સભ્યતાનો પહેલો પાઠ પણ એમણે શીખવાનો બાકી હતો. 'ના જાણે રીત કે ભાત' પંક્તિનો લહેકો સહૃદયોના સરવા કાન જરૂર નોંધશે. માનવ-સભ્યતાનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ આ ભોળપણ – આ સરળતાનો હ્રાસ થતો ગયો એ કરુણતા પણ આ પંક્તિઓ વાંચતાં સહૃદયોનાં મનમાં પડઘાશે.

સભ્યતાનો પહેલો પાઠ શીખવા માટે આ 'ભોળાં' માનવી 'જગના તાત'ને જાચવાનો નિર્ણય કરે છે. ઈશ્વર માટે 'તાત' શબ્દનો પ્રયોગ કેટલો ઔચિત્યપૂર્ણ છે ! આ સૃષ્ટિનું પરિપાલન ઈશ્વર કરે છે એવી આસ્તિકોની ચિરંતન શ્રદ્ધાનો પડઘો તો અહીં સંભળાય છે, તદુપરાંત, સર્વ મનુષ્યોના 'તાત' એક જ છે, સર્વ મનુષ્યો એક માતાપિતાનાં સંતાન છે એવું દર્શન પણ એમાંથી સ્ફુટ થાય છે. 'જાચીએ જગનો તાત'નો વર્ણાનુપ્રાસ કેટલો સ્વાભાવિક લાગે છે !

મનુષ્યોની પ્રથમ પેઢીનું પ્રતિનિધિમંડળ જગતના તાતને જાચવા શિવ-પાર્વતી પાસે જાય છે. ભારતીય સંસ્કૃતિમાં શિવ-પાર્વતી સૃષ્ટિનાં આદ્ય માતાપિતા કહેવાયાં છે. 'શબ્દાર્થૌ ઇવ સંપૃક્તૌ' (શબ્દ અને અર્થના જેવી એકરૂપતાવાળાં)થી શરૂ થતા 'જગતસ્ય પિતરૌ વંદે' (જગતનાં માતાપિતા-શિવપાર્વતીને વંદન)વાળા કાલિદાસના શ્લોકનું સહૃદયોને અહીં સ્મરણ થશે. ભારતીય સંસ્કૃતિમાં આ માતાપિતાનું હૃદયૈક્ય દાંપત્યનો આદર્શ રહ્યો છે. લગ્ન સમયે નવવર-વધૂને જે આશીર્વાદ અપાય છે તેમાં 'શિવ-પાર્વતીનું સૌભાગ્ય તમને પ્રાપ્ત થાઓ' એવા આશીર્વાદ અપાય છે.

મનુષ્યો પ્રભુ પાસે પહોંચે છે ત્યારે શિવ-પાર્વતી વચ્ચે મધુર વાર્તાલાપ ચાલતો હોય છે :

**'કૈલાસ પર્વતે શિવ ને ગૌરી**
**બેઠાં ગોઠડી કરે...'**

આ પંક્તિઓમાં 'ગોઠડી' જેવો લોકબોલીનો શબ્દ અહીં કેવો મધુર લાગે છે ! 'ગોઠડી' શબ્દ ભલે સંસ્કૃત 'ગોષ્ઠિ' પરથી આવ્યો હોય, પરંતુ 'ગોષ્ઠિ'ના 'ગંભીર અને ઔપચારિક વાતચીત' એવા અર્થના સ્થાને 'ગોઠડી'માં નિર્ભાર અને મધુર પ્રેમાલાપ એવો અર્થ વ્યક્ત થતો અનુભવાય છે.

S One of the devine attendants of Shiva (Puranic Encyclopedia, Vattam Mani, P. ૫૨૪)



કૈલાસ પર્વત શિવપાર્વતીનું નિવાસસ્થાન. નંદી[S] શિવજીનો પાર્ષદ (સેવક) છે. શિવપાર્વતીના નિવાસસ્થાનના દ્વારપાલ તરીકેનું કર્તવ્ય એને સોંપાયું છે. નંદી દ્વારપાલ ખરો, પણ શિવજીનો – જગના તાતનો દ્વારપાલ ! એટલે એનું એને ગૌરવ હોય તે સ્વાભાવિક છે. પ્રભુના નિવાસસ્થાનના ચોકીદાર હોવાનું ગૌરવ અને ચોકીદારીનો મિજાજ 'કંપાવી કાંધ ને પૂછ ઉછાળી' પંક્તિમાં સરસ રીતે વ્યક્ત થાય છે.

પૃથ્વીપુત્રોની આ પહેલી પેઢીને સભ્યતાનું શિક્ષણ હજુ મળ્યું નથી. એટલે નાનકડું પ્રતિનિધિમંડળ મોકલવાનું એમને ન જ સૂઝે :

**'હાલકહૂલક માનવટોળું**
**આવી તહીં ઊભરાયું બ્હોળું...'**

પંક્તિઓમાં કૈલાસપર્વત પર પહોંચેલા માનવધાડાનું કેવું ચિત્રાત્મક વર્ણન મળે છે ! 'હાલકહૂલક' આમ તો સંજ્ઞાપદ છે – 'અવ્યવસ્થા' એવો અર્થ સૂચવે છે, પણ અહીં આ પદ વિશેષણની કામગીરી બજાવે છે. 'માનવટોળું'માં 'ટોળું' શબ્દ જ અવ્યવસ્થિતતાનો વ્યંજક છે. એમાં આ 'હાલકહૂલક' વિશેષણ રૂપે આવીને એ અસ્તવ્યસતતાનો રંગ વધુ ઘેરો બનાવે છે. આ 'હાલકહૂલક માનવટોળું' અસ્તવ્યસ્ત છે, પણ સરળ સ્વભાવવાળું નિષ્કપટ 'માનવટોળું' છે. પ્રભુમાં એમને અનન્ય શ્રદ્ધા છે.

**'જય ભોળા ! જય !' – નાદથી ડ્હોળું**
**આભ જાણે થરથરે.'**

– પંક્તિઓમાં આ શ્રદ્ધાનો પડઘો સંભળાય છે. લોકસમૂહનાં અંતરના અતલ ઊંડાણમાંથી નીકળતો પ્રભુના નામનો જયઘોષ જાણે આકાશને ધ્રુજાવે છે. 'ક્યારે ના'વું ને ક્યારે ખાવું'ની આ ભોળાં માનવીઓને ખબર નથી, પણ પ્રભુએ તો એમને માટે પ્રબંધ કરી જ રાખ્યો છે. માનવીઓ માટે ધાન્ય ઉગાડવા આભ જાણે હવે અનરાધાર વરસવા તત્પર થઈ રહ્યું છે એનું સૂચન 'ડ્હોળું' વિશેષણ દ્વારા જાણે મળે છે !

લોકસમૂહ પોતાની સમસ્યા નંદી સમક્ષ રજૂ કરે છે. આ રજૂઆતમાં સામાન્ય માનવીની પ્રભુ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા – સામાન્ય માનવીનો પ્રભુ પ્રત્યેનો અનન્ય શરણભાવ બહુ સ્વાભાવિકતાથી પ્રગટ થાય છે :

**'પ્રભુ વિના દુઃખ ક્યાં જઈ ગાવું ?**
**આંસુ બીજું કોણ લૂછે ?'**

મનુષ્યોની સમસ્યા જાણી નંદી કૂણો પડે છે. પાર્ષદનો મિજાજ છોડી મનુષ્યોની સમસ્યા પ્રભુ સમક્ષ રજૂ કરવા એ તૈયાર થાય છે. નંદી લોકોને કહે છે :

**'શિવજીનો તો ગૌરી સાથે**
**ચાલે છે સંલાપ**
**કહો તો હું જઈ પૂછી આવું.'**

નંદીની સહાનુભૂતિ સાંપડતાં લોકો તરત બોલી ઊઠે છે :

**'પૂછી આવોને, બાપ !'**

નંદી હજી પૂરી વાત કહી રહે તે પહેલાં કે તે સાથે જ લોકો 'પૂછી આવો ને, બાપ !' બોલી ઊઠે એમાં પ્રવેશતી નાટ્યાત્મકતા એકદમ પ્રસન્ન કરી દે એવી છે. કાવ્યાત્મક સંવાદ અથવા સંવાદાત્મક કાવ્ય ઉમાશંકરને સહજ છે.[S]

શિવ-પાર્વતી સંવાદ માટે અગાઉ 'ગોઠડી' શબ્દ પ્રયોજાયો તો અત્યારે 'સંલાપ' શબ્દનો પ્રયોગ થયો. એક બોલચાલનો–લોકભાષાનો શબ્દ તો એક સંસ્કૃત તત્સમ શબ્દ ! અગાઉ પ્રયોજાયેલા 'ગોઠડી' શબ્દનો અર્થ 'પ્રેમગોષ્ઠિ' – પતિ-પત્નીનો અંતરંગ વાર્તાલાપ – થાય તો 'સંલાપ'નો અર્થ પણ 'અંતરંગ વાર્તાલાપ' એવો થાય. આ બે શબ્દો દ્વારા શિવ-પાર્વતીના પ્રસન્ન મધુર દાંપત્યનું કેવું સુરેખ ચિત્ર આલેખાય છે !

'ગોઠડી'ના અર્થનો જ 'સંલાપ' શબ્દ પ્રયોજી કવિએ પુનરાવર્તન તો ટાળ્યું જ છે, પણ સાથે સાથે પ્રાસાનુપ્રાસ માટે પણ આ શબ્દ પાસેથી કવિએ સરસ કામ લીધું છે.

તત્સમ 'સંલાપ' સાથે લોકભાષાના 'બાપ' શબ્દનો પ્રાસ કેવો સરસ રીતે બંધબેસતો થઈ જાય છે ! અહીં તત્સમ ને તળપદા શબ્દની સહોપસ્થિતિ સહેજે ખટકતી નથી. ઊલટું, એક બાજુ જગતનાં માતાપિતા શિવ-પાર્વતીની સર્વાંગસુંદર સંપૂર્ણતા ને બીજી બાજુ સામાન્ય માણસની સીધી-સાદી સમજ-અણસમજનું સાયુજ્ય અત્યંત સ્વાભાવિકતાથી રચાઈ જાય છે !

નંદી પૃથ્વીવાસીઓની સમસ્યાની પ્રભુ સમક્ષ રજૂઆત કરે છે તે ભાગ અધ્યાહાર રાખવામાં કવિનો કલાસંયમ પ્રગટ થાય છે. નંદીની અરજી સાંભળી પ્રભુ કંઈ પ્રત્યુત્તર આપે તે પહેલાં પાર્વતીજી પ્રભુને મીઠો ઠપકો આપે છે. સહૃદયોને અહીં પાઠકસાહેબ (રા.વિ.પાઠક 'શેષ')નું 'ઉમા-મહેશ્વર' યાદ આવશે. 'ઉમા-મહેશ્વર'માં જેમ સમુદ્રમંથન વખતે અન્ય દેવો પોતાના 'ભોળા સ્વામી'ને છેતરી ગયા – એ બાબતે ઉમા મહેશ્વરને મીઠો ઠપકો આપે છે એ જ રીતે આ સૃષ્ટિ સર્જવા માટે પાર્વતીજી શિવને મીઠો ઠપકો આપે છે.

પાર્વતીજીને લાગે છે કે આ માનવસૃષ્ટિનું સર્જન કરીને પ્રભુએ ભૂલ કરી છે. લોકો હવે પ્રભુને નિરાંત નહિ લેવા દે ! 'વળી આ માનવસૃષ્ટિ ક્યાં સરજી ?' પ્રશ્નમાં રહેલા કાકુ દ્વારા પ્રભુની શાંતિ ઉપર તોળાઈ રહેલા ખતરાની વાત કેવી કલાત્મકતાથી સૂચવાય છે ! 'હરજી, સરજી, અરજી'ના સ્વાભાવિક પ્રાસાનુપ્રાસ સાથે 'સંલાપ'ને 'બાપ'નો પ્રાસાનુપ્રાસ છેક 'જબાપ' સુધી લંબાય છે. 'સંલાપ' સંસ્કૃત તત્સમ શબ્દ, 'બાપ' તદ્ભવ શબ્દ ને 'જબાપ' લોકબોલીનો શબ્દ – આ ત્રિવેણીસંગમ તદ્દન

S ચંદ્રકાન્ત શેઠ કહે છે : ઉમાશંકરનો શબ્દ પ્રકૃતિએ જ નાટ્યાત્મક કવિતા યા કાવ્યનાટક માટે વધુ અનુકૂળ હોવાનું લાગે. ('ઉમાશંકરનો વાગ્વૈભવ-૧' પૃ. ૨૭૬)





સ્વાભાવિકતાથી રચાય છે. કાવ્યની હળવાશ જાળવવામાં 'બાપ' ને 'જબાપ' શબ્દો ઉપકારક બન્યા છે.

મનુષ્યોની સમસ્યાનો ઉકેલ પ્રભુ સત્વરે આપી દે છે :

**'ત્રણ વાર ન્હાય,**
**એક વાર ખાય.'**

પ્રભુનો જવાબ મનુષ્યોને પહોંચાડવા નંદી પાછો વળે છે. અહીં પણ બહુ થોડા શબ્દોમાં નંદીની મસ્તી, એનો ગૌરવભાવ સૂચવાયો છે :

**પૂછ ઝુલાવતો, માથું હલાવતો**
**નંદી ગૌરવભાવે**

– આ શબ્દોમાં નંદીનું બાહ્યરૂપ જ નહિ, એનું આંતરરૂપ પણ ઝિલાયેલું છે. બિચારો નંદી પ્રભુનો જવાબ ગોખતો-ગોખતો માણસો પાસે પહોંચે છે. પણ માણસો સુધી પહોંચતાં સુધીમાં તો શબ્દો ઊલટસૂલટ થઈ જાય છે. 'ત્રણ વાર નાહવાનું ને એક વાર ખાવાનું'ને બદલે –

**'એક વાર ન્હાય,**
**ત્રણ વાર ખાય.'**

– એવો સંદેશો નંદી પહોંચાડે છે. માણસો તો બિચારા નંદીની વાત આંખો મીંચીને માની લે છે.

પોતાનો પ્રશ્ન ઊકલી ગયો એમ માની પૂર્ણ સંતોષ સાથે સૌ પાછાં વળે છે.

પ્રારંભમાં કહ્યું હતું એમ આ હાસ્યરસની કૃતિ છે. કાવ્યમાં સાદ્યંત હળવાશ છે, પણ નંદી પ્રભુનો સંદેશો જે રીતે ગોખતો-ગોખતો માણસો પાસે પહોંચે છે એ નિરૂપણ તો ભાવકોને ખડખડાટ હસાવે છે. તરુણ વાચકોને તો અહીં ભારે મજા પડી જવાની.

આ પછી સાંજ પડી. શિવ-પાર્વતીનો મધુર વાર્તાલાપ પૂરો થયો. પ્રભુ ને માતાજી બહાર આવ્યાં. બહાર બધું સૂમસામ હતું. લોકો તો પોતાના પ્રશ્નનો ઉત્તર મેળવીને જતાં રહેલાં. માત્ર નંદી પોતાની મસ્તીમાં બેઠો હતો. 'નંદી બેઠો છેય' પંક્તિમાં નંદીની મસ્તીની સાથે કર્તવ્ય બજાવ્યાનો સંતોષ પણ વ્યક્ત થાય છે.

હવે, પ્રભુ તો નંદીને બરાબર ઓળખે ને ! એટલે નંદીએ પોતાનો સંદેશો બરાબર પહોંચાડ્યો હશે કે નહિ એવા અંદેશા સાથે પ્રભુ નંદીને પૂછે છે :

**'નંદી તેં શો દીધ સંદેશો ?'**

– પ્રભુનો આ પ્રશ્ન નંદીને અપ્રસ્તુત લાગે છે. એને સહેજ માઠું પણ લાગે છે. નંદી કહે છે :

**'દીધો બીજો હોય ઉત્તર મેં શો ?**
**પૂછવાનું શું એય ?' —**

નંદીનું ભોળપણ, પોતાની જાત પરનો અતિવિશ્વાસ – નિર્દોષ અને નિર્મળ હાસ્યનો અનુભવ કરાવે છે.

પ્રભુનો સંદેશો પહોંચાડવામાં પોતે ભાંગરો વાટ્યો છે એ હકીકતથી અજાણ નંદી પ્રભુ સમક્ષ પોતાના ઉત્તરનો પોપટપાઠ કરે છે. આ સાંભળી પ્રભુ એકદમ ચિંતામાં પડી જાય છે. પ્રભુને થાય છે કે આ તો મહા-અનર્થ થયો ! માણસો 'એક વાર' ખાય એટલી મર્યાદામાં જ અનાજ ઉત્પન્ન કરવાનું પ્રભુનું આયોજન હતું. પ્રભુ નંદીને ઠપકો આપતાં કહે છે :

**'માનવીની તેં જિન્દગી, નંદી,**
**કરી દીધી શી ઝેર ?**
**ખાઈ ખાઈ બધું ખુટાડશે ને**
**વસ્તીનો વધશે કેર.**

**અરે ભોળા, તેં આ શું કીધું ?**
**એક વેળાનું જ અન્ન મેં દીધું.**
**ત્રણ વેળા સુધી એટલું સીધું**
**પ્હોંચે તે કઈ પેર ?'**

પ્રભુને ચિંતા છે કે લોકો ત્રણ-ત્રણ વાર ખાઈને અનાજ ખુટાડશે. અનાજનું પ્રમાણ તો માણસો એક વાર ખાય એટલું જ છે ! કેવી અનવસ્થા સર્જાશે ! માણસોની જિંદગી ઝેર જેવી થઈ જશે !

'ઝેર-કેર-પેર' અને 'કીધું-દીધું-સીધું'ના પ્રાસાનુપ્રાસ જુઓ. સમગ્ર કાવ્યમાં પ્રાસાનુપ્રાસની આવી તરેહ (pattern) એકદમ સહજતાથી સચવાઈ છે. કાવ્યના લયની સંતુલિત જાળવણીમાં આ પ્રાસયોજનાનો અમૂલ્ય ફાળો છે. 'સીધું' શબ્દના પ્રયોગમાં કેટલું બધું ઔચિત્ય રહેલું છે ! 'સીધું' એટલે 'રાંધી રાખવા જેટલું કાચું અનાજ વગેરે સામગ્રી.' પ્રભુએ અનાજ જરૂર પૂરતું ઉત્પન્ન કર્યું છે – તે પણ દરરોજ એક વાર ખાવા જેટલું ! અનાજનો સંઘરો એ પ્રભુના વિધાનની વિરુદ્ધની પ્રવૃત્તિ છે એ આ 'સીધું' શબ્દ દ્વારા કેટલું સ્વાભાવિક રીતે સૂચવાય છે !

નંદીએ પ્રભુનું આયોજન ઊંધું વાળી દીધું. માનવીની જિંદગી ઝેર બની જશે એ વિચારે પ્રભુ ચિંતાગ્રસ્ત બન્યા. માણસો વગરવાંકે ભૂખે મરે એવું કલ્યાણરૂપ એવા શિવજીને શે ગમે ? નંદીએ ભયંકર ભૂલ કરી હતી; અલબત્ત ઈરાદા વગર ભૂલ કરી હતી. 'અરે, ભોળા, તેં આ શું કીધું ?' એવી શિવજીની ઉક્તિમાં નંદીએ અજાણતાં, કેવળ ભોળપણમાં, આ ભૂલ કરી છે એવું તો પ્રભુ સ્વીકારે જ છે; તેમ છતાં, જાણતાં ભૂલ કરી હોય કે અજાણતાં – કર્મનું ફળ તો દરેકે ભોગવવું જ રહ્યું. પ્રભુએ નંદીને કર્મનું ફળ મળે ને માણસો ભૂખે ન મરે એટલું અનાજ તો એમને મળી રહે એવો રસ્તો કાઢ્યો. પ્રભુએ નંદીને સજા ફરમાવી : 'પૃથ્વી પર બળદનો અવતાર લે, કાંધે ધૂંસરી ઉપાડી



ખેતર ખેડ ને માણસોના કોઠારો અનાજથી ભરીને એમના પ્રાણનું પોષણ કર.'

બસ ! તે દિવસથી નંદી પૃથ્વી પર બળદનો અવતાર ધારણ કરીને ફરે છે. કાવ્યના પ્રારંભમાં 'કાંધ કંપાવતો ને પૂછ ઉછાળતો' ગર્વીલો દેખાતો નંદી કાવ્યના અંતે સાવ રાંક થઈ ગયેલો દેખાય છે.

કાવ્યના પ્રારંભે –

**કંપાવી કાંધ ને પૂછ ઉછાળી,**
**નંદી સૌને પૂછે –**

–માં કંઈક ગર્વીલો નંદી દેખાય છે.

કાવ્યના મધ્યે –

**'શિવજીનો તો ગૌરી સાથે**
**ચાલે છે સંલાપ;**
**કહો તો જઈ પૂછી આવું'**

–માં પોતાની સત્તાની રુએ પૃથ્વીવાસીઓ પર મહેરબાની દાખવતો નંદી દેખાય છે.

કાવ્યના અંતે –

**'આંખો મીંચીને ડોલતો નંદી**
**થઈ ગયો ઊંચેકાન.'**

–માં પ્રથમ પંક્તિમાં હજુ પોતાની મસ્તીમાં મહાલતો દેખાતો નંદી – પોતે કેવી ભયંકર ભૂલ કરી છે તેનો ખ્યાલ આવતાં સ્તબ્ધ થઈ જાય છે. 'ઊંચેકાન' એક જ શબ્દ દ્વારા સ્તબ્ધ થઈ ગયેલો ભોળો નંદી કેવો ઊપસી આવે છે ! નંદીએ ભયંકર છબરડો વાળ્યો હોવા છતાં ભોળપણને કારણે એના તરફ ભાવકનાં ચિત્તમાં અનુકંપા જાગે છે. આ દરેક ચિત્રમાં નંદીના મિજાજના જુદા જુદા રંગો કેવળ એનાં અંગોનાં વિવિધ સંચલનો દ્વારા સૂચવાયા છે એ સહૃદયો અવશ્ય નોંધશે.

માનવીના વિષમ જીવનના વર્ણન સાથે કાવ્ય પૂરું થાય છે :

**ત્રણ ત્રણ વેળા ખાતાં માનવ**
**વધ્યાં, ધરામાં ન માતાં માનવ,**
**ખાઉં ખાઉં કરે ન ધરાતાં માનવ**
**એને કંઈ દાણો પૂરે.**

પ્રભુએ તો માણસજાત નિરાંતે જીવે એનું આયોજન કર્યું હતું. પણ નંદીની સામાન્ય ભૂલે એ આયોજન વિફળ થયું !

S

'વૃષભાવતાર' કાવ્યનો આસ્વાદ અહીં અટકાવી દઈએ તોપણ પૂર્ણ તૃપ્તિનો અનુભવ થાય જ. પરંતુ ઉત્તમ કાવ્યોમાં નવા નવા અર્થો પ્રગટાવવાની ગુંજાશ રહેલી

હોય છે. કાવ્યમાંથી ભાવકને મળતા નવા નવા અર્થો જે-તે કાવ્યના સર્જન સમયે કવિના મનમાં સંપ્રજ્ઞાતપણે ન પણ હોય તે તદ્દન શક્ય છે. આ કાવ્યમાંથી પ્રગટતા કેટલાક નવા અર્થોના ઉપલક્ષ્યમાં પણ કાવ્યનો વિશેષ આસ્વાદ લઈએ ?

બ્રહ્માંડમાં વિલસી રહેલું ચૈતન્યતત્ત્વ આનંદરૂપ છે. આ જ ચૈતન્યતત્ત્વનો અંશ મનુષ્યમાં છે. એટલે મનુષ્યની ચેતના પરમ ચેતના સાથે એકરૂપ થાય તો એ પરમ આનંદની અનુભૂતિ કરી શકે. આ માટે મનુષ્યચેતનાનું શુદ્ધીકરણ આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. 'દેહભાવ' કે 'જીવભાવ'ને કારણે મનુષ્યની ચેતના સતત અશુદ્ધ થતી રહે છે – અને તેથી જ એના શુદ્ધીકરણની પ્રક્રિયા પણ સતત થતી રહેવી જોઈએ. મનુષ્યનું ધ્યાન સતત આ શુદ્ધીકરણ પરત્વે રહે એ માટે પ્રભુએ સર્વ મનુષ્યો માટે –

**'ત્રણ વાર ન્હાય,**
**એક વાર ખાય.'**

– એવું આયોજન કર્યું હતું. 'નાહવું' એટલે માત્ર શરીરશુદ્ધિ – બાહ્યશુદ્ધિ એટલો જ અર્થ નથી – 'નાહવું' એટલે 'આત્મશુદ્ધિ' પણ. જળ રૂપે પરમ તત્ત્વની કૃપાનો અભિષેક થઈ રહ્યો છે એવા ભાવથી જો સ્નાન થાય તો શરીરશુદ્ધિ સાથે આત્મશુદ્ધિ પણ થતી રહે. આવું 'આત્મસ્નાન' જો દિવસમાં ત્રણ વાર થાય – એટલે કે દિવસભર એનું સાતત્ય જળવાઈ રહે – તો મનુષ્યનું ધ્યાન 'આત્મશુદ્ધિ' પર સતત રહી શકે અને તો 'આનંદતત્ત્વ' સાથે એ એકરૂપ બની શકે. પરંતુ મનુષ્યમાત્રમાં રહેલો 'નંદી' – 'દેહભાવ' કે 'જીવભાવ' એને ભુલાવામાં નાખતો રહે છે. ત્રણ વાર નાહવાને બદલે – સતત આત્મશુદ્ધિને બદલે – મનુષ્યમાં રહેલા નંદીના પ્રભાવને કારણે એ 'ત્રણ વાર ખાવા' તરફ – ભોગવિલાસ તરફ ઘસડાઈ ગયો છે. ગંગાસતીના એક ભજનમાં આવે છે :

**'સૂક્ષ્મ સૂવું ને સૂક્ષ્મ ચાલવું ને**
**સૂક્ષ્મ કરવો આહાર રે.'**

– પરંતુ 'સૂક્ષ્મ' આહારને સ્થાને વધુ ને વધુ 'આહાર' તરફ – વધુ ને વધુ ભોગ તરફ માણસ ઘસડાતો રહ્યો છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે તે પ્રમાણે અગ્નિમાં ઘી નાખો તો અગ્નિ શમે નહિ, વધુ પ્રદીપ્ત થાય એ રીતે 'ભોગ' અભિમુખ મન વધુ ને વધુ 'ભોગ' તરફ ખેંચાતું રહે છે.[S] એટલે મનુષ્યમાં રહેલા 'નંદી'ને નાથીને – 'ભોગ'માંથી મન પાછું વાળીને 'યોગ' તરફ મન વાળવામાં આવે તો પરમ તત્ત્વ સાથે એકરૂપ થઈ શકાય. 'યોગ'ના અનેક અર્થોમાં એક અર્થ છે 'મિશ્રણ'. પરમ ચૈતન્ય સાથે મનુષ્યની ચેતનાનું 'મિશ્રણ' થઈ જાય તો ગંગાસતીએ મનુષ્યમાત્ર પાસે જે અપેક્ષા રાખી છે,

S न जातु कामः कामानाम्
 उपभोगेन शाम्यति ।
 हविषा कृष्णवर्त्मेव
 भूयः एवाभिवर्धते ॥



**'ભાઈ રે, આઠે પહોર રહેવું આનંદમાં ને**
**વધુ ને વધુ જાગે જેથી પ્રેમ રે...'**

– એવું થઈ શકે. પણ નિયતિતત્ત્વ ઘણું બળવાન છે. આ નિયતિતત્ત્વના પ્રભાવને કારણે પેલા

'નંદી'ને નાથવાનું સહેલાઈથી બની શકતું નથી. નિયતિના પ્રભાવ હેઠળ 'નંદી' મનુષ્યને સતત ભુલાવામાં નાખતો રહે છે – ભોગવાદ તરફ ખેંચતો રહે છે, પરિણામે મનુષ્ય પેલા અનિર્વચનીય 'આનંદ'થી વધુ ને વધુ દૂર જતો જાય છે.

ઉત્તમ કવિ ને ઉત્તમ કવિતા ભાવકને ક્યાંથી ક્યાં સુધી લઈ જવાનું સામર્થ્ય ધરાવે છે !

r

## કવિધર્મ

*કરી પ્રલય ભૂમિકંપ મયદાનવી ખેલતો*
*સ્થલે જલ જલે સ્થલી રચત જે પ્રદેશે ઘૂમ્યો,*
*નહીં શું સ્ફુરશે વસન્ત તહીં વેલીશું ગેલતો,*
*થયો સમય, દક્ષિણ પ્રમદ દિગ્વધૂથી ચૂમ્યો?*

*કુટુમ્બ અથવા વડું સભર ભાઈભાંડુ-ભર્યું*
*વીંખાય સહસા પડ્યે અશનિ, થાય ઉદ્ધ્વસ્ત-શું;*
*કુંવારી ફૂલવેલ, – યૌવન રગોરગે પાંગર્યું*
*ક્ષણાર્ધ પણ થંભશે? ઊછળશે ન એ મસ્ત શું?*

*કદીક જનલોક તેય કવિ! ખૂબ માઝા તજી*
*ચગે કલહતાંડવે, વિવશ આત્મઘાતે મચે;*
*દબાવ ઉરઊભરા જરીય તું ન, વીણા સજી*
*પદો મનુ-ઉરોર્મિનાં અમૃત-સારવ્યાં છો રચે.*

*વસંતરસ-યૌવનપ્રસર જેમ ર્‌હેશે બની*
*મહા જનવિમર્દમાંય કવિશબ્દ સંજીવની.*

અમદાવાદ, ૧૩-૧૦-૧૯૪૩

# Ex-eternityથી eternity

**પ્રવીણ દરજી**

## શું શું સાથે લઈ જઈશ હું ?

શું શું સાથે લઈ જઈશ હું ?
કહું ?
લઈ જઈશ હું સાથે
ખુલ્લા ખાલી હાથે
પૃથ્વી પરની રિદ્ધિ હૃદયભર —
વસન્તની મ્હેકી ઊઠેલી ઉજ્જ્વલ મુખશોભા જે નવતર,
મેઘલ સાંજે વૃક્ષડાળીઓ મહીં ઝિલાયો તડકો,
વિમળ ઊમટ્યો જીવનભર કો અઢળક હૃદય-ઉમળકો,
માનવજાતિ તણા પગમાં તરવરતી ક્રાન્તિ
અને મસ્તકે હિમાદ્રિશ્વેત ઝબકતી શાન્તિ,
પશુની ધીરજ, વિહંગનાં કલનૃત્ય, શિલાનું મૌન ચિરંતન,
વિરહ-ધડકતું મિલન, સદા-મિલને રત સંતન
તણી શાન્ત શીળી સ્મિતશોભા,
અંધકારના હૃદયનિચોડ સમી મૃદુ કંપિત સૌમ્ય તારકિત આભા,
પ્રિય હૃદયોનો ચાહ
અને પડઘો પડતો જે 'આહ !'
મિત્રગોઠડી મસ્ત, અજાણ્યા માનવબંધુ
તણું કદી એકાદ લૂછેલું અશ્રુબિન્દુ,
નિદ્રાની લ્હેરખડી નાની – કહો, એક નાનકડો

સ્વપ્ન-દાબડો,
(સ્વપ્ન થજો ના સફળ બધાં અહીંયાં જ)
– અહો એ વસુધાનો રસરિદ્ધિભર્યો બસ સ્વપ્ન-સાજ !–
વધુ લોભ મને ના,
બાળકનાં કંઈ અનંત આશ-ચમકતાં નેનાં
લઈ જઈશ હું સાથે
ખુલ્લા બે ખાલી હાથે.
ખુલ્લા બે 'ખાલી' હાથે ?

અમદાવાદ, ૨૩-૧૨-૧૯૫૪



**'શું** શું સાથે લઈ જઈશ હું ?' એવું શીર્ષક વાંચીને કાવ્યમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે એક શ્વાસે વાંચતાં વાંચતાં આપણે અંતિમ પંક્તિ ઉપર અટકીએ છીએ. આરંભની પંક્તિના પ્રશ્નાર્થથી કહો કે અંતિમ પંક્તિના પ્રશ્નાર્થ ઉપર ! આરંભનો પ્રશ્નાર્થ પ્રશ્નાર્થ છે, અંતનો પ્રશ્નાથ પ્રશ્ન રહીને પણ એક સભર ઉત્તર છે. આ બે વચ્ચે કવિની સૂક્ષ્મ આંતરકથા છે. આ કવિ જેટલો માનવકુળનો છે, 'યથાર્થ'નો છે, એટલો જ ઋષિકુળનો પણ છે. 'દેવોનું કાવ્ય' આ 'અમૃતપુત્રે' કવિની નજરથી નિહાળ્યું છે, તેના મર્મકોષો સુધી તે પહોંચ્યા છે, આગળ વધીને કહીએ તો તે એ સર્વમાં એકાકાર થઈ ચૂક્યા છે. 'યથાર્થ' ખરું પણ ભર્યું ભર્યું, કૃતાર્થ કરી મૂકે, પ્રસન્ન કરી મૂકે તેવું. કવિની એવી 'દૃષ્ટિ'એ જોતાં ભાવક માટે પણ જગતનો અર્થ બદલાઈ જતો હોય છે. કવિ અહીં કાવ્ય લઈને, એક રીતે તો આપણી સાથે ગોષ્ઠી જ માંડે છે. આરંભની પ્રથમ પંક્તિનો પ્રશ્નાર્થ ભાવકમાં કુતૂહલ જગવે, પાંખમાં લે અને તરત જ બીજી પંક્તિનો 'કહું ?' એવો પ્રશ્ન કરી તે આપણી સાથે સહજ રૂપે સંવાદ રચી રહે છે. અને પછી સળંગ કટાવને બદલે યથેચ્છ રૂપે અભ્યસ્ત કરી કટાવની જેમ જ સૃષ્ટિના અનેક પદાર્થો ઉપર તેમની નજર ઊડાઊડ થઈ રહે છે. હાથ ભલે લોકનજરે ખુલ્લા હોય, પણ ધરતીને અલવિદા કરતાં એ હાથમાં હશે ધરતીની હૃદયભર રિદ્ધિ, વસન્તની મહેક અને સુષમા, મેઘાચ્છાદિત સાંજે તરુશાખામાં ઝિલાયેલો તડકો, અઢળક હૃદયઉછાળ, માનવની ગતિ અને શાંતિ, પક્ષીઓનાં નૃત્ય, પશુઓની સહિષ્ણુતા, શિલાઓનું શાશ્વત મૌન, માનવીય વિરહ-મિલનની ક્ષણે, તેની શોભા, રાત્રિના તારકવૃંદની આભા, પ્રિયહૃદયોની ચાહના, અને સાથે જ્યાં 'આહ' છે ત્યાં પહોંચી જવાની વૃત્તિ, મિત્રો સાથેની મસ્ત ગોષ્ઠીઓ, અજાણ્યાઓનું લૂછેલું અશ્રુબિન્દુ, નિદ્રા, સ્વપ્નો, અસિદ્ધ રહે તો પણ એવા સ્વપ્નનો સાજ, બાળકનાં આશાભર્યાં નયન... અને એવું ઘણુંક...

પ્રશ્ન વાચને કોઈકને આ એક યાદી લાગે ! પણ કવિતાના આ અભિધાસ્તરે રાજી થયેલા ભાવક માટે બીજા-ત્રીજા વાચને એક બીજું, ઊંડું સ્તર પણ છે. પેલા શબ્દો 'યાદી' મટીને પછી કશાકના સંકેત બની રહે છે. વોલ્ટ વ્હિટમેનની જેમ આ કવિએ પણ પૃથ્વીને બેસુમાર પ્રેમ કર્યો છે. I have loved the earth, sun, animals. જે પૃથ્વી અને મનુષ્યને ચાહે છે, ચાહી શકે છે તે જ આવાં તત્ત્વોનો સાક્ષાત્કાર કરી શકે છે. પેલી 'યાદી' એમ અહીં સૃષ્ટિ સાથેના ભીતરના સંવાદની, તેની સાથેની તદ્રૂપતાની સંવેદ્ય દુનિયા બની જાય છે – સાવ પોતાની ! બોદલેરે એના એક કાવ્યમાં ઠોકપૂર્વક કહ્યું હતું કે I know the art of evoking happy moments. આ કવિએ એમ અહીં 'યાદી'ની નહિ પણ આનંદસભર ક્ષણોને માણી છે તેની પ્રસ્તુતિ કરી છે. કટાવનું રમળિયાતપણું આવા સંવેદનાજગતને સહજ રીતે ઉદ્ભાસિત કરી આપે છે. કાવ્ય એમ ખાલી હાથે આવેલા પણ ભર્યાભર્યા હાથે જનારા કવિના મિજાજનું તો દ્યોતક બને છે જ, પણ સાથે સાથે અંદરની સંતૃપ્તિની ફરફર પણ અનુભવાય છે –

No longing remains unfulfilled એવી !

જુઓ, કાવ્યને ફરી એક વાર વાંચો, મોટેથી અને અંદરથી પણ. આરંભના પ્રશ્ન ઉપરથી અંતિમ પ્રશ્ન ઉપર પાછો કવિ આવીને પૂછે છે ખુલ્લા બે ‘ખાલી’ હાથે ? ચતુર કવિએ પોતાને જે કહેવાનું હતું તે ‘કહું ?’ કહીને કહી દીધું. પછી પેલા ગમતાં તત્ત્વોના સંકેત પ્રસાર્યા, આપણી સન્મુખ એ જગત રચી આવ્યું હવે ઉત્તર ભાવક પાસે માગે છે ! કવિની ભીતર જે વાત પડી છે તે આપણા હોઠ ઉપર પણ છે જ. ના. એ હાથ ખુલ્લા જરૂર હશે પણ ‘ખાલી’ નહિ હોય. એમાં માનવીનું, જગતનું મધુ પડ્યું હશે. કવિના જ એક સૉનેટને યાદ કરીને કહીએ તો – ‘મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું !’ એ હાથ એમ અમૃતસભર હશે – ખુલ્લા છતાં ભરેલા ! આ હાથ વિશ્વવિજેતા સિકંદરના નહિ, કવિના છે, ખાલી છતાં ભરેલા !

કાવ્યમાંના સંવાદતત્ત્વને, વિશેષે તો પ્રશ્નાલંકારને વટીને આગળ વધો. ‘સાથે’, ‘હાથે’, ‘તડકો’, ‘ઉમળકો’, ‘ક્રાન્તિ’, ‘શાંતિ’, ‘ચિરંતન’, ‘સંતન’, ‘શોભા’, ‘આભા’, ‘ચાહ’, ‘આહ’, ‘બંધુ’, ‘અશ્રુ’ વગેરે પ્રાસનું કામણ જુઓ – કાવ્ય ઝગમગી ઊઠશે, કટાવનું અને કવિની અભીપ્સા – સ્વપ્નોનું નર્તન પ્રત્યક્ષ થશે. ગતિ અને દૃઢીભૂતતાનો પણ અનુભવ કરાવશે. ‘કહું ?’થી કવિએ આપણને એની પાંખમાં લઈ જે પૃથ્વી-મનુષ્યકથા વિસ્તારી છે તે અંત ઉપર આવતા સુધીમાં આપણે મૂંગામૂંગા એકલય થઈ સાંભળીએ છીએ, પણ છેલ્લી પંક્તિના પ્રશ્નમાં તે આપણું મૌન તોડે છે. આપણે તે સાથે તેમના સંવાદમાં સામેલ થઈ જઈએ છીએ. કાવ્ય પૂરું થવાની ક્ષણે આપણે આપણા ખુલ્લા હાથને ‘ખાલી’ તો નહીં રાખીએ ને ? – એવા પ્રશ્ન સાથે આપણું જ કાવ્ય રચવામાં પરોવાઈ જઈએ છીએ ! કવિ – નિર્ભાર કવિ, આપણી પાસેથી દૂર સરકી ગયો છે. પણ તે તેની સુગંધ આપણા હૃદયમાં ભરી ગયો હોય છે. Ex-eternityથી eternity સુધીનું વર્તુળ પૂરું થાય છે... આપણે કવિની જેમ પછી આપણી ‘યાદી’ની શોધ આદરીએ છીએ...

r



# અનેક સૌંદર્યોના સંયોગે વિકસિત કવિચેતના

**રઘુવીર ચૌધરી**

## માઈલોના માઈલો મારી અંદર—

માઈલોના માઈલો મારી અંદર પસાર થાય છે.
દોડતી ગાડીમાં હું સ્થિર, અચલ.
પેલા દૂર ડુંગર સરી જાય અંદર,–ડૂબી જાય
મજ્જારસમાં, સરિતાઓ નસોમાં શોણિતના
વહેણમાં વહેવા માંડે, સરોવરો
પહોળી આંખોની પાછળ આખાં ને આખાં
ડબક ડબક્યાં કરે. લહેરાતાં
ખેતરોનો કંપ અંગઅંગે ફરકી રહે.
જાણે હથેલીમાં રમે પેલાં ઘરો,
ઝૂંપડીઓ, – આંગણાં ઓકળી-લીંપેલાં,
છાપરે ચઢતો વેલો... ત્યાં પાસે કન્યાના ઝભલા પર
વેલબુટ્ટો થઈ બેઠેલું પતંગિયું...
સ્મૃતિને તાંતણે એટલુંક ટીંગાઈ રહે.
માઈલોના માઈલો મારી આરપાર પસાર થયાં કરે.

વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થાય છે.
ઘૂમતી પૃથ્વી ઉપર હું માટીની શૃંખલાથી બદ્ધ.
એકમેકની આસપાસ ચકરાતા ક્વાસાર, નિહારિકાઓ,
આકાશગંગાઓ, નક્ષત્રોનાં ધણ,–ચાલ્યાં આવે.
હરણ્ય મારી ભીતર કૂદી. પૂંઠે વ્યાધ, લાંબોક વીંછુડો...
અવકાશ બધો પીધાં કરું, તરસ્યો હું. ઝંઝાનાં તાંડવ,
ઘુર્રાતાં વાદળ, વીંઝાતી વિદ્યુત, ઉનાળુ લૂ,
વસંતલ પરિમલ – અંદર રહ્યું કોઈ એ બધુંય ગટગટાવે.
અનંતની કરુણાનો અશ્રુકણ ? – કોઈ ખરતો તારો;
ધરતીની દ્યુતિ-અભીપ્સા ? – કોઈક ઝબૂકતો આગિયો;–
સ્મૃતિના સંપુટમાં આટલીક આશા સચવાઈ રહે.
વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થયાં કરે.

દિલ્હી, ૧-૯-૧૯૭૯

**'રા**જસ્થાનમાં પસાર થતાં –' અને 'માઈલોના માઈલો મારી અંદર –' – આ બંને કાવ્યો ઘણી વાર એકસાથે યાદ આવ્યાં છે. પ્રથમ કાવ્ય અમદાવાદથી દિલ્હી જતી ગાડીમાં સને ૧૯૬૩માં રચાયું છે, જ્યારે બીજું કાવ્ય દિલ્હીમાં ૧૯૭૯માં રચાયું છે. એમાં પણ દોડતી ગાડીનો ઉલ્લેખ છે. સરોવરો, હરિયાળી વગેરેના સંદર્ભો રાજસ્થાનને બદલે બીજા કોઈ ફળદ્રુપ પ્રદેશમાં સવિશેષ જોવા મળે. છતાં કોણ જાણે કેમ આ બંને કાવ્યો મારી રાજસ્થાન સાથેની આત્મીયતાને સંકોરી અંદર-બહાર વિસ્તારે છે.

વળી, આ બંને કાવ્યોમાંથી કશું બાદ કરવા જેવું મને લાગ્યું નથી. ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાને 'માઈલોના માઈલો મારી અંદર –' ગમેલું. મેં એનો હિન્દી અનુવાદ કરેલો, કદાચ તેથી કે અકારણ પણ અમારી વચ્ચે વાત થયેલી. ડૉ. ટોપીવાળા રાજી હતા. તા. ૩-૧૨-૧૦ને દિવસે વડોદરામાં 'અક્ષરા'ના ઉપક્રમે બોલતાં એમણે કહ્યું કે પોતે અમુક પંક્તિઓ ઓછી કરવા ઉમાશંકરભાઈને સૂચવેલું. પ્રસન્નતા દાખવતો એમનો પત્ર કવિને યાદ હતો પણ પછી ગ્રંથસ્થ થયેલા કાવ્યમાંથી કશું બાદ થયેલું જોવા મળ્યું નહીં. આ ક્ષણે મને થાય છે કે ડૉ. ટોપીવાળાને પૂછું : કંઈ પંક્તિઓ વિના તમને ચાલે એમ છે ? પણ નથી પૂછતો. શક્ય છે પંક્તિઓ બદલાઈ જાય, શક્ય છે ડૉ. ટોપીવાળાનો અભિપ્રાય વધતોઓછો બદલાયો હોય. એ ખુલ્લા મનના તો છે જ. જાણે છે કે દરેક ભાવક નોખો હોઈ શકે, એક ભાવક પણ કાલક્રમે નોખો થઈ શકે.

મારે આ કાવ્યને છે એ રૂપે અક્ષરશઃ માણવું છે. જેટલી વાર વાંચ્યું-સાંભળ્યું એટલી વાર માણ્યું છે. હું ઉમાશંકરની કવિતાને એમાં રહેલાં વિધાનો – 'સ્ટેટમેન્ટ્સ' સાથે માણતો આવ્યો છું. મને કબીર-તુલસીના દોહા ગમતા હોય તો ઉમાશંકરની સૂત્રાત્મક પંક્તિઓ કેમ ન ગમે ?

'શુદ્ધ કવિતા'ના ધોરણે કે કલ્પન-પ્રતીકના મોહ સાથે કવિતા વિશે વાત કરવાનો ઉમળકો મેં પણ ઘણી વાર અનુભવ્યો છે, ખાસ કરીને સાતમા દાયકામાં. 'ચોખૂણિયું મારું ખેતર' આ કવિની સને ૧૯૬૫ની રચના છે. હું અને ભોળાભાઈ કવિને ઘેર બેઠા હતા. એમણે કેટલાંક નવાં કાવ્યો સંભળાવ્યાં. એમાં 'ચોખૂણિયું મારું ખેતર' પણ હતું. મેં પૂછ્યું : 'સંગ્રહમાં આ કાવ્ય લેવાના છો ?' પછી તો 'અભિજ્ઞા' (૧૯૬૭)માં આ રચના જોવા મળી. તાજેતરમાં કવિશ્રી લાભશંકર ઠાકરે એને વિશે લખેલો વિસ્તૃત લેખ જોવા મળ્યો – આ ક્ષણે રચનાને ફરી એક વાર વાંચી લીધી છે. રૂપક અલંકારના દૃષ્ટાંત તરીકે, સરવાળે સધાયેલા સાંગ રૂપક તરીકે એનું વિશ્લેષણ થઈ શકે. અહીં કશું ગોપિત કે વ્યંજિત નથી. 'વાવણી ક્ષણની, લણો અનંતતા' જેવી પંક્તિઓ મહાકવિઓની ઉત્તમ રચનાઓ વિશે પણ ઉચ્ચારી શકાય. અને આ ખેતર એકલા ઉમાશંકરનું નથી. કોઈ પણ સર્જકના કવિકર્મની કેફિયત બની શકે એમ છે. તેથી એની મુખરતા બાધક થવાને બદલે સાધક ગણાય. ભલે એ 'શુદ્ધ કવિતા'નું દૃષ્ટાંત બની ન શકે. 'પંખીલોક'નો વ્યાપક સ્વીકાર થયો છે. પણ એમાં કેટકેટલાં 'સ્ટેટમેન્ટ્સ' આવે છે ? મને બાધ નથી. હું



ઉમાશંકરને એ સાથે સ્વીકારતો – પામતો રહ્યો છું. હિન્દીમાં 'સપાટબયાની'નો મહિમાયુગ આવ્યો એનો ઉલ્લેખ અહીં અપ્રસ્તુત પણ લાગે. ઉમાશંકરનાં બધાં સૂત્રો સપાટ નથી, જગાડનારાં છે. 'વિશાળે જગવિસ્તારે' કે 'માથે ધરું ધૂળ વસુંધરાની' એ શરતે વિશ્વમાનવી થવા જેવાં સૂત્રો ગુજરાતની આજની નવી પેઢીને પણ યાદ રહી જાય એવાં છે.

'રાજસ્થાનમાં પસાર થતાં –' કાવ્યમાં દૃશ્ય અને ધ્વનિને સંયોજતો લય આસ્વાદ્ય છે તો 'માઈલોના માઈલો મારી અંદર–'માં બહારની સૃષ્ટિ આંતરવિશ્વને ઉઘાડે છે. આ બેઉ કાવ્યોનો સ્મૃતિમાં અન્વય સાધી આપનાર તત્ત્વ છે છંદ. મુક્ત છંદ લાગે એટલી સહજ સરળતા આ વનવેલીની ચાલ ધરાવતા લયમાં છે.

કાવ્યનાયક પ્રગટપણે ગાડીમાં 'સ્થિર અચલ' છે પણ એનું ચિત્ત અનન્ય અને અપૂર્વ ગતિ અનુભવે છે : જોજનલાંબી જીવંતતા જાણે કે ભીતર પસાર થઈ રહી છે. 'માઈલોના માઈલો' ગદ્યાળુ શબ્દપ્રયોગ છે, વિભાષી છે, એ બધું લયમાં ગતિમય બનીને ચમત્કાર સર્જે છે. પછી સ્મૃતિના એક જ તાંતણે બહારની વિશાળ જીવંત સૃષ્ટિનાં ઘટકો પરોવાય છે અને દશ્યાવલિ ભાવકના વિમલ ચિત્તમાં ઝિલાય છે. દૂરના ડુંગરોનું અંદર સરી જવું, મજ્જારસમાં ડૂબવું, નસોના શોણિતમાં સરિતાઓ સાથે સરોવરોનું વહેવું, સ્થળ અને જલના આ આંતરયોગ પછી ખેતરોનું લહેરાવું, પેલાં આંખો પાછળ ડબકતાં સરોવરો અને આ ખેતરોનો અંગેઅંગે ફરકતો કંપ બાહ્ય અને આંતર અસ્તિત્વને એકમેકના પર્યાય બનાવી રહે છે, બલ્કે પિંડ-બ્રહ્માંડના એકત્વનો અનુભવ પ્રેરે છે.

જે કવિએ દિશ દિશની બારી અને વિરાટની અટારીએ ગીત ગોત્યું હોય એ અવશ્ય કહી શકે : 'જાણે હથેલીમાં રમે પેલાં ઘરો.' હજી કવિ ઝીણી નજરે જુએ છે : ઝૂંપડીઓ અને ઓકળી-લીંપેલાં આંગણાં. ઝૂંપડી છે તો એના છાપરે ચઢેલો વેલો પણ દેખાય. વેલા પછી વેલબુટ્ટો. કવિતામાં શબ્દ શબ્દને કેવી રીતે જોડે છે એનું આ દૃષ્ટાંત છે : 'ત્યાં પાસે વેલબુટ્ટો થઈ બેઠેલું પતંગિયું...' કવિના સમાનધર્મા મિત્ર શ્રીધરાણીની પંક્તિનું સ્મરણ થાય : 'પતંગિયું ને ચંબેલી, એક થયાં ને બની પરી.'

ઉમાશંકરની કવિતામાં આવતી બાલિકાઓ, કન્યાઓના સંદર્ભો લઈને પણ એમની ભાવસૃષ્ટિના એક મહત્ત્વના ઘટક વિશે આસ્વાદલેખ થઈ શકે. વત્સલતાનો એ વિકાસ આદર જગવે છે.

૧૪ પંક્તિના પૂર્વાર્ધ પછી ૧૨ પંક્તિનો ઉત્તરાર્ધ આરંભાય છે. શબ્દ બદલાય છે. 'માઈલ'નું સ્થાન 'વિશ્વ' લઈ શકે એની ભૂમિકા પૂર્વાર્ધમાં આત્મસાત્ થયેલી સૃષ્ટિએ તૈયાર કરી આપી છે. હવે કવિએ કલ્પનો ઉપરાંત અર્થસમર્પક વિધાનોનો વિનિયોગ પણ કરવો છે : 'ઘૂમતી પૃથ્વી ઉપર હું માટીની શૃંખલાથી બદ્ધ' – આ સમ છે ઉમાશંકરની કવિતાનો. 'માથે ધરું ધૂળ વસુંધરાની' અને 'ઉટજ ઉટજે સૌમ્ય ગૃહિણી રચે સન્ધ્યાદીપ' – 'ભલે શૃંગો ઊંચાં અવનિતલ વાસો મુજ રહો !' જેવી પંક્તિઓ માટીની આ શૃંખલાની

અદૃશ્ય કડીઓ છે.

માટીનું આ આત્મીય બંધન પ્રમાણ્યા પછી કવિ ઊંચાં ઉડ્ડયન ભરે છે : નિહારિકાઓ અને આકાશગંગાઓ તો નિબંધમાં પણ પોતાનું તેજોદીપ્ત સ્થાન પામી શકે, પણ અહીં તો ચાલ્યાં આવે છે 'નક્ષત્રોનાં ધણ'. હવે 'ટેક-ઑફ'નો – ઉડાનનો આધાર પૃથ્વીને બદલે આકાશ બને છે. વિવિધ નક્ષત્રો પરિચિત પ્રાણીઓની જેમ આકાશનું મેદાન સર કરે છે. વ્યાધ પછી ઝંઝાના તાંડવ વિશે જાણવા ભાવકનું ચિત્ત સજ્જ બને છે. 'ઘુર્રાતાં વાદળો' – શબ્દપ્રયોગ ધ્યાન ખેંચે છે. તેજને ભય નથી. ઉનાળુ લૂ અને વસંતલ પરિમલ – અભય ચેતના માટે પેય બને છે.

ખરતો તારો કવિને અનંતની કરુણાનો અશ્રુકણ લાગે છે. જાણે કે દ્યુતિ પામવાની ધરતીની અભીપ્સા છે એની સમાંતર ઝબૂકતો આગિયો ! આગિયા દ્વારા ધરતી જે અભીપ્સા સૂચવે છે એ વાસ્તવમાં કવિની છે. હવે નામ પાડીને કવિ – માટીની શૃંખલાથી બદ્ધ કવિ માગે છે : 'વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થયાં કરે.' પદરચના વર્તમાન અને ભવિષ્ય બેઉ કાળને જોડે છે. વિશ્વમાનવી થવાની ભાવના ગળથૂથીમાં પામેલ કવિને આટલું તો જોઈએ જ ને ! હે બહિરંતર વિશ્વો, તમે મને તમારાથી સૂનો રહેવા ન દેતાં.

ધરાતલ અને બ્રહ્માંડ બેઉના ગૌરવની સહોપસ્થિતિનું ગાન છે આ કાવ્ય. અહીં અનેક સૌંદર્યો મળીને વિકસિત કવિચેતનાનું દૃષ્ટાંત પામે છે. કવિનું નિવેદન રૂબરૂ રજૂ થતું હોય એવી ભાષિક સંરચના સધાઈ છે. કવિએ જીવનભર કેળવેલી લયસૂઝનો અહીં સર્વાધિક હિસાબ મળી રહે છે.

તા. ૧૧-૧૨-૨૦૧૦

r

### સ્વપ્નોનું એક નગર—

*સ્વપ્નોનું એક નગર હતું*
*ઝૂંપડપટ્ટીમાં રહેનારાઓનું.*

*સડકથી ઉપાડેલ સળગતું સીગરેટ-ઠૂંઠું,*
*તેની બેએક ફૂંકે રૂપેરી એ દીપી ઊઠ્યું,*
*ચૂસીને પાછા ફેંકી દીધેલ ઠૂંઠાની સાથે એ સળગી રહ્યું...*
*મહેલવાસીઓ ત્યારથી વસે છે સ્વપ્નાંની ઝૂંપડપટ્ટીમાં.*

*સ્વપ્નોનું એક નગર નવેસર વસવાનું*
*ઝૂંપડપટ્ટીની ખાકમાંથી.*

દિલ્હી, ૧૨-૧૧-૧૯૭૯



# જીવનના આશ્લેષમાં ઊછરતું મૃત્યુફળ

**રમણીક સોમેશ્વર**

## એક ઝાડ...

મારા બારણા સામે એક ઝાડ સુકાઈ રહ્યું છે.
હું ચિત્રકાર નથી તેનો અફસોસ મને આટલો કદી ન હતો.
નર્યું રેખાઓનું માળખું છે એ.

એને ચરણે ઊભીને એને જોઉં છું.
પીધુંલીધુંદીધું એ ખંખેરીને ઊભું ન હો.

અટારીએથી રાત્રિઓના આછાઘેરા ઉજાસમાં ઝાંખી લઉં છું
વ્યક્તિત્વની ભિન્ન ભિન્ન અદાઓ એની :
મૌન ગૌરવ, બરછટ શુષ્કતા, મમતા આ ધરતીની......

શાખાબાહુઓ વચ્ચે એણે છાતી સરસું ઝાલી રાખ્યું છે જાણે
મૃત્યુફળ.

અમદાવાદ, ૯-૬-૧૯૭૧

**બા**રીમાંથી ઓરડામાં ઝરમરી જતા સવારના કૂણા તડકાને ઝીલતો બેઠો છું. બેઠો છું આંખો મીંચીને ચૂપચાપ. એક ઝાડ – એક સુકાઈ રહેલું ઝાડ તળે-ઉપર કરી રહ્યું છે મારી ચેતનાને આ ક્ષણે. શાખાબાહુઓ લંબાવી મને પાસે બોલાવતું, રેખાઓનું જાળું રચી મને એમાં ખેંચતું, પોતે ફંગોળાઈ મને ફંગોળતું આ અધઃમૂલ વૃક્ષ ઊર્ધ્વમૂલ બની નાટારંગ કરી રહ્યું છે મારી સામે.

હા, મારી સામે તો છે કવિ શ્રી ઉમાશંકર જોશીનું એક નાનકડું કાવ્ય. એ કાવ્ય સાથે તંતુ જોડતાં સ્મૃતિલોકમાં તરવરવા લાગે છે કવિનાં અને અન્ય કવિઓનાં કાવ્યો, કવિની સ્મૃતિઓ અને ઘણુંબધું. પરંતુ મારે તો અહીં એ બધાને વળોટીને કેન્દ્રિત થવાનું છે કેવળ આ કાવ્યમાં. કવિ ઉમાશંકર જોશીનાં કાવ્યોમાં પ્રકૃતિની રમણા સાથે એક દર્શન પણ જોવા મળતું હોય છે. કેવળ વર્ણન નહીં, વર્ણન અને દર્શન એકી સાથે.

કાવ્ય ફરી ફરી વાંચું છું અને પંક્તિએ પંક્તિએ કોઈ જુદો જ આલોક પામું છું. પછી ઝાડ કેવળ ઝાડ નથી રહેતું. પ્રકૃતિ અને પરિદેવનાની પાર કશુંક ઊઘડતું જણાય છે. પંક્તિઓ વચ્ચેના અવકાશમાં મહોરતી કવિતાને ઝીલતો રહું છું મારી સંવિત્તિમાં.

'એક ઝાડ...' એવા શીર્ષક સાથે કવિની વૃક્ષ-પ્રીતિ મનમાં ઝિલાય એટલામાં તો કવિતાનો આરંભ થાય છે એક સીધાસાદા વિધાન સાથે :

**'મારા બારણા સામે એક ઝાડ સુકાઈ રહ્યું છે.'**

જરા થોભીએ આ પંક્તિ પાસે તો દેખાય સામેના ઝાડ સાથે નજર મેળવી દૂર દૃષ્ટિ ફેલાવતા બારણે ઊભેલા કવિ. પછી બારણામાં દેખાય કોઈ ગોપિત ઝાડ. આમ જોતાં જોતાં એક મૃત ઝાડ સામે ઊભેલું એક મરણાસન્ન ઝાડ એવી આકૃતિ આપણા કલ્પનાલોકમાં રચાતી જાય. એટલામાં તો સંભળાય કવિના મુખેથી સહસા સરી પડેલા બોલ –

**'હું ચિત્રકાર નથી તેનો અફસોસ મને આટલો કદી ન હતો.'**

ચિત્રકાર તો એ કે જે રેખાઓ અને રંગોમાં પકડી રાખે સમયને. શુષ્ક રેખાઓમાં પ્રાણ પૂરી નર્તન્તી કરે એને. નિરાકારને સંકેતિત કરે આકારોમાં. સરકતી પળને મરકતી રાખે સદા આપણી સામે. તેથી તો કદાચ મરણ પછી સ્મરણ માટે છવિનો મહિમા છે. ચિત્રકાર બની કવિને ઝીલી લેવી હશે એ છવિ જે ચિરકાળ પર્યન્ત ધબકતી રહે આપણી સામે ! એક વિલાતી ક્ષણને અ-વિલય નહીં રાખી શકાયાનો અફસોસ હશે કવિના ચિત્તમાં !

જુઓ, ત્રીજી જ પંક્તિમાં ફરી કેવી છલાંગ ! કહે છે કવિ :

**'નર્યું રેખાઓનું માળખું છે એ.'**

કોઈ ચિત્રકારની અદાથી કવિ શબ્દાંકિત કરે છે આ – 'નર્યું રેખાઓનું માળખું.' હું આશ્ચર્યવત્ જોતો રહું છું અને એ રેખાઓ રૂપાંતરિત થતી રહે છે કોઈ જીર્ણ-જર્જર કાયમાં. નર્યું અસ્થિપિંજર જાણે ! (પિંજરુ છોડી ઊડવા કરતો હંસલો પણ કલ્પનાલોકમાં પ્રત્યક્ષ થાય.) બધાં જ પરિમાણો જાણે અચાનક બદલાવા લાગે છે.

પછી કવિ ઉંબરો ઓળંગી ઝાડને ચરણે જઈને ઊભો છે અને નિરખે છે એને. (મરણાસન્નના તો ચરણે જ ઉભાય ને !) અને જાણે ઉપનિષદ રચે છે એ ઝાડની સાથે. અને પછી જુએ છે તો :

**'પીધું લીધું દીધું એ ખંખેરીને ઊભું ન હો.'**

ત્રણ ત્રણ ક્રિયાપદો એકીસાથે – એકીશ્વાસે કવિ મૂકી દે છે. પણ એ ત્રિપદી એમ ક્ષણાર્ધમાં માપી કે પામી શકાય એવી નથી. પહેલા જ શબ્દે મારી સામે તો તાદૃશ થાય છે ધરતીને ચસચસ ધાવતું વૃક્ષ. આકાશને પીતું – વર્ષાની ધારા, સૂરજનાં કિરણો, ચાંદની કટોરીને હોઠે માંડતું વૃક્ષ. અને બીજા પગલે ભૂમિનો ભેજ, આસમાની તેજ અને સૃષ્ટિમાંનું સારું-નરસું જે કંઈ મળ્યું તે સહજભાવે ગ્રહણ કરતું વૃક્ષ. પરંતુ સંગ્રહ એ વૃક્ષનો સ્વ-ભાવ નહીં. એ તો પત્રમ્ પુષ્પમ્ ફલમ્ તોયમ્ રૂપે (હા, જલચક્રના એક ભાગ



રૂપે તોયમ્ – જલ પણ) બધું જ સૌને વહેંચતું રહે. પણ, કવિને જે વાત કરવી છે તે તો જુદી જ છે. એમની દૃષ્ટિમાં તો છે 'પીધું લીધું દીધું'ના – લેણ-દેણના તમામ ભાવોને ખંખેરીને ઊભેલું વિતરાગ વૃક્ષ. તટ-સ્થ, ઝાડને ચરણે ઊભીને કવિને લાધેલું આ છે જીવન-દર્શન.

બધું જ ખેરવીને નહીં પણ એક ઝાટકે ખંખેરીને ઊભેલું આ વૃક્ષ પછી રાત્રિઓની રાત્રિઓ કવિની ચેતનામાં લીલા કરતું રહે છે. પળ પળના પર્દા ઊંચકાય છે અને અટારીએ બેઠેલા કવિ રાતના આછાઘેરા ઉજાસમાં ઝાંખી કરે છે ઝાડનાં વિધવિધ રૂપોની – એના વ્યક્તિત્વની ભિન્ન ભિન્ન અદાઓની. કેવી છે એ અદાઓ ! –

**'મૌન ગૌરવ, બરછટ શુષ્કતા, મમતા આ ધરતીની...'**

મસ્તકથી મૂળ સુધી ત્રિવિધ રૂપમાં વિવિધ છટાઓ. પહેલી નજરે જ દેખાય ટટ્ટાર, અડોલ, અવિચળ ઊભેલું વૃક્ષ. કશું ન બોલે કેવળ ડોલે. ગૌરવભર્યું. મૌનમાં પ્રગટ થતી વ્યક્તિત્વની ગરવાઈ. પછી સહેજ નીચે નજર નાખતાં દેખાય 'બરછટ શુષ્કતા'. એ તો ઝાડનું વ્યક્તમધ્ય. એક નોખી અદા વ્યક્તિત્વની, અધો અને ઊર્ધ્વનાં પ્રસ્ફુટનોને સંગોપીને બેઠેલી બાહ્ય શુષ્કતા. મસૃણતાનું કવચ બની બેઠેલી બરછટતા. અને હા, 'ખરી મમતા તો આ ધરતીની...' ઝાડના વ્યક્તિત્વની એ ગંગોત્રી. (જુઓ, આખું જીવનચક્ર આ ત્રણ પગલાંમાં કેવું સમાઈ ગયું !) પાતાળ ભણી જતાં મૂળિયાં ને આકાશ ભણી જતી શાખાઓ. વિરાટદર્શન જાણે. અટારીએ બેઠા બેઠા કવિ આમ આમૂલ-મસ્તક ઝાંખતા રહે છે ઝાડને અને એ દ્વારા જીવનને.

વાંચતા જઈએ તેમ તેમ આપણી અંદર વિસ્તરતું જાય છે આ કાવ્ય, બારણા સામે સુકાઈ રહેલું આ ઝાડ કાવ્યાન્તે કેવું જુદા જ રૂપે પ્રત્યક્ષ થાય છે ! :

**'શાખા બાહુઓ વચ્ચે એણે છાતી સરસું ઝાલી રાખ્યું છે જાણે :**
**મૃત્યુફળ.'**

વહાલસોયા બાળકને છાતીએ વળગાડ્યું હોય તેમ છાતીસરસું ઝાલી રાખ્યું છે – મૃત્યુફળ. (ઝાડ સાથે ફળ અને ફળ સાથે પાછો નવજીવનનો સંકેત...!) નમણાં શાખાબાહુઓ વચ્ચે ક્રીડા કરતું મૃત્યુફળ. આમ કવિ-ચિત્રકાર શબ્દલસરકે કેવાં કેવાં ચિત્રો રચે છે આપણી સામે ! અધઃમૂલ અને ઊર્ધ્વમૂલ ઝાડ જાણે ઓગળી જાય છે એકબીજામાં. અને જીવનના આશ્લેષમાં ઊછરતું મૃત્યુફળ લીલયા વિસ્તરતું રહે છે આપણી ચેતનામાં.

આમ કવિતા સાથે ગોઠડી કરતાં મારા ભાવલોકમાં ઝિલાયું જે થોડું કંઈ તે મૂક્યું મેં અહીં મારા શબ્દોમાં. સંભવ છે તમે આંખ મીંચો અને કાનથી ઝીલવા લાગો આ કાવ્ય તો એમાંથી ફરી કોઈ જુદાં દૃશ્યો પણ ઊઘડે...

r

# 'મૂળિયાં' – ઋજુ કાવ્યત્વની ટકાઉ શબ્દમૂર્તિ

સુમન શાહ

## મૂળિયાં

લોકો કહેતા : ઝાડ છે.
એમને મન અમે ન હતાં.
લોકો કહે છે : ઝાડ નથી.
એમને મન અમેય નથી.
અમે હતાં, અમે છીએ.
અમે તો આ રહ્યાં.

રસ કો ધસી અમોમાં
ઊડ્યો આકાશે.
ધબકતો સ્થિરવત્ ફુવારો.

કિરણોનો કસ અમે ચૂસ્યો અંધકારમાં,
નસનસમાં ઘૂમી વળ્યો હવાનો મહાસમુદ્ર,
પાંદડાંનાં પોપચાં મિચકાવતાં હસી રહ્યાં
અમે, ક્યારેક આભ આગળ કૈં બબડી રહ્યાં
એકમેકનેય અહીં ખબરે ના પડે તેમ.

હવે આ ગાઢ ભીંસ સહી જશે કેમેય ના.
આધાર આપવાનું જતાં અમે નર્યાં નિરાધાર.
તેજોયાત્રા પૂર્ણ થઈ અમારી.

હવે ધૂળિયાં,
અમે મૂળિયાં.

સ્ટુટગાર્ટ, ૨૯-૧૦-૧૯૭૧

**ઝા**ડનાં મૂળિયાં આત્મકથા કહે છે. એટલે વાત વધારે શ્રદ્ધેય બની છે, રચના વધારે આસ્વાદ્ય બની છે.

પ્રારંભે જણાવે છે કે લોકો એમને કેવી રીતે ઘટાવે છે :

બે રીતે ઘટાવે છે :





બને કે લોકો ઝાડ છે એટલું જ કહે. ઝાડ મૂળિયાં સમેત છે કે મૂળિયાંને લીધે છે એમ ન જુએ. ત્યારે એવું જ બનેલું. મૂળિયાંને ખોટું લાગેલું, તે કહ્યું : 'એમને મન અમે ન હતાં.' : ઝાડ એકલાંનો સ્વીકાર, તો અધૂરો સ્વીકાર.

બીજા લોકો એમ કહે કે ઝાડ નથી. બીજી વાર એમ બન્યું. મૂળિયાં તરત બોલ્યાં, તો, 'એમને મન અમેય નથી.' ઝાડનો જ અસ્વીકાર, એટલે તો મૂળિયાંનો જ અસ્વીકાર.

લોકોને મન મૂળિયાંની વિસાત જે હોય એ, એમને પોતાને તો છે. ઝાડ હોય, ન હોય, મૂળિયાં તો હોય જ ! એટલે તો કહે છે : 'અમે હતાં, અમે છીએ. / અમે તો આ રહ્યાં.'

આ રહ્યાં કહીને પોતાને ચીંધતાં મૂળિયાંએ જ જાણે રચનાની બીજી કંડિકા પ્રગટાવી આપી. હવે મૂળિયાં પોતાના જીવનની ગતિવિધિને આકારતાં હોય એમ કહે છે, 'રસ કો ધસી અમોમાં / ઊડ્યો આકાશે. / ધબકતો સ્થિરવત્ ફુવારો.' 'રસ કો ધસી' કહેવાથી ધરાના અંતરાલમાં ચાલતી ગુપ્ત પ્રક્રિયાનો નિર્દેશ આપી શકાયો છે, પણ એ રસને 'કો' કહીને એનું નામ નથી પાડ્યું. કેમકે એ કયો કે કેવો તે ચોક્કસ ન હોય. પ્રકૃતિના રહસ્યને પામવાની એ તો રીત છે. નિર્દેશ અને અસમંજસતાનું એ સાયુજ્ય કાવ્યોપકારક ગણાય. ધરાનો રસ મૂળિયાંમાં ધસીને આકાશે ઊડ્યો છે. એ પણ એટલા જ અદૃશ્ય ઘટપટનો કાવ્યાકાર છે. રસ-મૂળનું આકાશે 'ઊડવું' તે શું ? ઝાડનું પ્રાગટ્ય ! ઝાડ પોતે ! મૂળિયાંનું સ્વરૂપાંતર ! ધરાથી આભ લગીનું પ્રતિફલન ! પણ આત્મકથાકાર મૂળિયાં ઝાડને ફુવારો પણ કહે છે, કેમકે એનો ચોપાસ પ્રસાર છે. જોકે ઝાડ ઝાડ છે તેથી એમને 'સ્થિરવત્' લાગ્યું છે, જોકે 'ધબકતું' પણ લાગ્યું છે. જાતનું એવું સર્વાર્થ ગૌરવ કરતાં એ સંકોચાયાં નથી, છતાં વાત એ રીતે કરે છે જાણે કોઈ બીજાંની કરતાં હોય. વાતમાં પોતે જાણે છે જ નહીં ! જાણે પોતે ધરાના રસને આકાશે પહોંચાડવાનું માત્ર સાધન કે ઉપકરણ હોય ! અગાઉની એમની અમે હતાં – અમે છીએ – અમે આ રહ્યાં પ્રકારની આપબડાઈ આ વિનમ્રતા પાસે ઓગળતી અનુભવાશે.

જાણીતું છે કે આપકથા ખાલી સુખકથા કરવાને નથી હોતી, કરનારે કશી ઊંડી વ્યથા પણ અનુભવી હોય છે. મૂળિયાંએ પણ અનુભવી હોય. તો એમણે એ કરવી જોઈએ : કહે છે, પોતે કસ ચૂસ્યો. પણ કોનો ? તો કે કિરણોનો. ક્યાં ? તો કે અંધકારમાં. કસ કિરણોનો, ઉત્તમોત્તમનો, પણ અંધકારમાં રહીને, એટલે કે, સંપ્રાપ્ત અવસ્થામાં રહીને. એને એમના જીવન-પુરુષાર્થની વિશેષતા કહેવાય. એ વિશેષતા અહીં આપોઆપ રેખાંકિત થઈ જાય છે. પોતે ધરામાં બંધ, કિરણોથી સુયુત, છતાં હવાથી વિમુખ નથી રહ્યાં. બલકે એમણે હવાના 'મહાસમુદ્ર'ને 'નસનસમાં' ઘૂમી વળતો અનુભવ્યો છે. આપણને ખબર છે કે મૂળિયાંના જાત-બંધારણમાં રસ અંધકાર પ્રકાશ અને વાયુ છે. એ બંધારણનું એ બે પંક્તિમાં કાવ્યસહજ રૂપાંતર છે અને દેખીતું છે કે તે ઘણું આસ્વાદ્ય છે. જાત-બંધારણે જેઓ આટલા નરવા, પ્ર-ફુલ્લ, હોય તે સદા હસતા રહે એમાં શી

નવાઈ ? મૂળિયાં કહે છે, અમે 'પાંદડાંનાં પોપચાં મિચકાવતાં હસી રહ્યાં.' પાંદડાં પલ પલ થતાં હોય છે, જેથી ઝાડ નિત્ય-પ્રસન્ન દીસતું હોય છે, પણ મૂળે એ મૂળિયાંનો પર-ઉપકારી પ્ર-તાપ છે. મૂળિયાં એવાં સ્વનામધન્ય, કહો કે જાતધન્ય હતાં. તોય, શી ખબર, 'ક્યારેક આભ આગળ કૈં બબડી રહ્યાં.' શું બબડ્યાં ? કેટલું ? નથી ખબર, અથવા, કહેવું નથી. પણ, બબડી રહ્યાં કહેવાથી જ ઘણું કહેવાઈ જાયને ! બબડ્યાં એટલે ફરિયાદ કરી, આભને કરી, પણ ફરિયાદ પોતા માટે કરી કે કેમ, તે ન કહ્યું. હોબાળો ના મચાવ્યો. એટલે લગી કે એની 'એકમેકનેય' ખબર પડી નહીં ! મતલબ, મૂળિયાંએ ઝંડાઝૂલણ ન કર્યું, સંયમી રહ્યાં. તેમ છતાં, પ્રજ્ઞાપરાધ ન કર્યો – બબડ્યાં તો ખરાં જ, વળી, આભ આગળ. એમની એ લાક્ષણિક સમ-પ્રજ્ઞતા પણ અહીં આપોઆપ રેખાંકિત થઈ જાય છે.

મૂળિયાં મૂળે તો રસ કસ ને હવાની ભીંસમાં હોય છે, પણ 'બબડ્યાં' એટલે ભીંસ વધી. 'કૈં' બબડ્યાં તે સંભવ છે કે સામાને આધાર આપવાને, એટલે પણ ભીંસ વધી. એમ કરવા જતાં, પોતે જ 'નિરાધાર' થઈ ગયાં, એટલે પણ ભીંસ વધી. કહે છે, 'આધાર આપવાનું જતાં અમે નર્યાં નિરાધાર.' ('આપવાનું જતાં'–માં મને છાપભૂલ લાગે છે. આપવા –'નું'–ન હોઈ શકે. ૧૯૮૧ પછીની અન્ય આવૃત્તિમાં જોઈ શકાય.) 'તેજોયાત્રા પૂર્ણ થઈ અમારી' ઉદ્ગાર સૂચક છે : એથી મૂળિયાંના જીવનની સાર્થકતા અને, હવે શું – પ્રકારની નિરાશા, બંને સૂચવાય છે. એવું સંમિશ્ર પર્યવસાન અનુભવતાં એ, પોતાને 'હવે ધૂળિયાં' સિવાયનું શું કહી શકે ? આત્મકથાની એ તો અવધિ છે ! કોઈ પણ આત્મકથાની !

ધરા-આભ ને મૂળ-ધૂળની વાત એટલી જ માણસની પણ છે. ઉમાશંકરનાં 'મૂળિયાં' સૂચવે છે કે અન્યને સમજપૂર્વકનો આધાર આપતાં ખપી જવું તે અને તેટલો જ જીવનધર્મ છે. કવિને પ્રકૃતિ સાથે પ્રશ્નરૂપ મનુષ્યકૃતિને મૂકવાની સહજ ટેવ હતી, તેનું આ રચના એક ઑર નિદર્શન છે. કવિ ઋજુ કાવ્યત્વની ટકાઉ શબ્દ-મૂર્તિ ઘડી જાણતા, તેનું આ રચના સુ-દૃષ્ટાન્ત છે. એની સાદી સરળ બાની છેતરામણી છે. ગેરલાભનો સંભવ એ છે કે ઉતાવળિયાઓ ઘણું ચૂકી જાય, આખેઆખું પણ ચૂકી જાય...

r



# 'એક પંખીને કંઈક' વિશે

**રાજેશ પંડ્યા**

## એક પંખીને કંઈક –

એક પંખીને કંઈક કહેવું હતું,
માનવીની પાસે આવતાં ખમચાતું હતું;
ઊડી ગયું દૂર, ટેકરી પર, ઊંચા વૃક્ષની ટગડાળે,
આગળપાછળ જોયા વિના, ભૂખ-થાક-વિરહ-ઑથાર નીચે
કંઈક બબડી નાખ્યું એણે. સરતી સરિતાએ
સાંભળી લીધું, 'હું એને પહોંચાડી દઈશ, રસ્તે
મળી જશે કદાચને !' ગબડતી, મેદાનોમાં રસળતી,
લોથપોથ સમંદરમાં ઢબૂરાઈ ગઈ બુદ્બુદરવે કંઈક
કહેવા કરતી. 'કાંઈ નહિ, દુનિયાના ચોગમ કિનારાઓ પર
પહોંચાડીશ' કહેતોક સમુદ્ર ઊપડ્યો,
દિનરાત અનવરત ખડકો પર મસ્તક અફાળતાં
સંદેશાના મૂળાક્ષર પણ ભૂલી બેઠો.
એક પંખીને કંઈક કહેવું હતું...

નવી દિલ્હી
૨૭-૮-૧૯૭૯

૧. **ઉ**માશંકર જોશી વિશે એક વાત વારંવાર કહેવાઈ છે કે, ઉમાશંકર જોશીની કાવ્યયાત્રા 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો'થી શરૂ થઈ 'છિન્નભિન્ન છું'ના મુકામે પહોંચે છે. એના અનુસંધાનમાં એમ પણ કહેવામાં આવે છે કે તેમની કવિતા બદલાતા સમય સાથે બદલાતી, પરિવર્તન પામતી રહી છે. આ બંને કાવ્યોની આરંભપંક્તિઓ સાથલગી વાંચીએ તો એમાંનો વિરોધાભાસ તરત દેખાય. આ દેખીતા વિરોધાભાસ અને પરિવર્તનની વચ્ચે પણ તેમની કવિતામાં એક સૂક્ષ્મ સાતત્ય, પહેલેથી તે છેક સુધી, જળવાઈ રહ્યું છે. એ સાતત્ય કયું અને તે કઈ રીતે 'એક પંખીને કંઈક –' કાવ્યમાં વિસ્તરે છે અને વિકસે છે તે પહેલા જોઈએ.

૨. 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો' સાંભળીને જ કવિ કાવ્યલેખનની શરૂઆતમાં જ વિશ્વશાંતિનો અનુભવ શબ્દબદ્ધ કરે છે તે શાંતિમય 'મંગલ શબ્દ'ના ઘડતરમાં બીજા ઘણા શબ્દો (words નહીં, sounds) પણ ભળ્યા છે. આ શબ્દબહુલતાથી કોઈ 'દેકારો'

કે 'ગોકીરો' જેવો વિસંવાદ ઊભો થતો નથી. બલકે, એ શબ્દસમૂહના વિવિધસ્વરો વચ્ચેનો સુમેળભર્યો સં-વાદ જ એકવચન 'શબ્દ'ની આગળ 'મંગલ' વિશેષણને લઈ આવે છે. પછી તો એ બંને જોડાજોડ રહી એકબીજાને અજવાળે છે. આ અર્થપ્રકાશ જે શબ્દપ્રકાર પર નિર્ભર છે તે પંક્તિઓ કઈ ? એમ કોઈ પૂછે તો તરત વિશ્વશાંતિમાં પોતાના વિવિધ સ્વર ઓગાળી દેતી આ પંક્તિઓ ચીંધી શકાય :

**વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :**
**પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !**

૩. કવિના બાળગોઠિયા કથાલેખક પન્નાલાલ પટેલની કથાકૃતિ 'માનવીની ભવાઈ'માં છેલ્લે જતાં એક સંવાદ આવે છે : '...ભલી છે પરથમી કે સરવને હેંડવા દે છે !' માત્ર માનવી નહીં, માનવીની સાથોસાથ પશુ, પંખી અને વનસ્પતિ સુધ્ધાં ભળે તો 'સરવ' બને. એ બધાં વિના માનવી તો એકલો. અને એનું જગત પણ એકલવાયું. સાંકડું. આ 'સર્વ'થી જગ વિશાળ છે. આ બધાંના વિસ્તાર (ને વસ્તાર)થી જે જગ જીવંત બને છે, તે પૃથ્વી કાંઈ એકલા માનવીની બાપીકી જાગીર નથી. બીજાં પ્રજીવો-સજીવોનો પણ પૃથ્વી પર માનવી જેટલો જ હક્ક છે. કદાચ માનવીથી પણ અદકો અધિકાર છે કેમકે એ બધાં પૃથ્વી પર મનુષ્ય કરતાં પણ પહેલાં ને વહેલાં આવ્યાં છે. આ બધાંના સુમેળને લીધે જ પૃથ્વી એની ધરી પર સમતોલ રહી ગતિ કરી શકે છે. આ બધ્ધાંનાં સહઅસ્તિત્વથી જૈવિક સમતુલા જળવાય છે. એ સમતુલા જો જોખમાય તો તુલાની દાંડી સમ પર ન રહે. એ સમભંગ તાલભંગ અને લયભંગમાં પરિણમે. પરિણામે પૃથ્વીની ધરી આ કે તે બાજુ નમી જાય. અસમતુલા ઊભી થાય. આવી અ-સમતુલાથી કોઈ પણ સંવેદનશીલ મનુષ્ય જેમ કવિ પણ ચિંતિત થઈ જાય. એવું ચિંતાશીલ, નહીં કે ચિંતનશીલ, કવિહૃદય જે સમસંવેદન અનુભવે છે તેનું કાવ્ય છે : 'એક પંખીને કંઈક –'

૪. 'એક પંખીને કંઈક કહેવું હતું' એ પહેલી પંક્તિના 'કંઈક' શબ્દ દ્વારા પંખીને શું કહેવું હતું ? અને કોને કહેવું હતું ? એવા પ્રશ્ન થાય. પછીની બીજી પંક્તિ 'માનવીની પાસે આવતાં ખમચાતું હતું' દ્વારા એના ઉત્તર મળે. કવિ, પંખીનો ઉલ્લેખ કોઈ વિશેષનામે નહીં પણ જાતિવાચક સામાન્યનામે કરે છે. એ રીતે કાવ્યગત માનવી પણ સમગ્ર મનુષ્યજાતિનું પ્રતિનિધિત્વ કરે છે. આમ, આરંભની આ બે પંક્તિઓ વડે કવિને પંખી અને મનુષ્ય વચ્ચેનો સંવાદ અભિપ્રેત છે તેનું સૂચન થાય છે. આ સંવાદ શક્ય બને તેટલી નિકટતા હોવી જોઈએ. માનવજાતે પંખીઓમાં હજી સુધી એવો ભરોસો ઊભો કર્યો નથી કે પંખીઓ નિર્ભયતાથી માનવીની સંનિકટ આવે. માનવીથી ભરોસાને બદલે ભય અનુભવતું પંખી 'માનવીની પાસે આવતાં ખમચાતું હતું' એટલે 'ઊડી ગયું દૂર.'

૫. 'મને (એટલે કે એક માનવીને) જોઈને ઊડી જતાં પક્ષીઓને' લીધે કવિ કલાપીએ વિહ્વળહૃદયે એક પંક્તિ લખી : 'પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું.' આ માત્ર સાદી ઉપમા નથી. તેમાં તો જે રાજવી છે તેવા મનુષ્યના અહંનું વિગલન



પણ સૂચવાય છે. અને એટલે જ ગાયનો ઉલ્લેખ પહેલા આવે છે અને હું-નો પછી. પંક્તિમાં છેક છેલ્લે. મનુષ્યના અહંનું આટલું સ્વરૂપાંતર થયું તેમ છતાંય પંખીઓનો વિશ્વાસ જીતી શકાયો નહીં. પશુ-પંખીઓ અને અન્ય જીવસૃષ્ટિ જેટલી સહજતાથી એકબીજા પર વિશ્વાસ મૂકે છે તેટલો માનવી પર મૂકતા નથી. ભેંસની પીઠ પર કૂદાકૂદ કરતા દેડકાને કવિ રાજેન્દ્ર શાહે જોયા અને ક્યારેય ભૂલી ન શકાય એમ કાવ્યમાં અમર કર્યા. [ : 'ત્યાં પંક માંહી મહિષીધણ સુસ્ત બેઠું/દાદૂર જેની પીઠપે રમતાં નિરાંતે] આવી નિકટતા મનુષ્ય અને પંખી વચ્ચે નથી તેથી કવિ કલાપી અને કવિ ઉમાશંકર બંને ગ્લાનિ અનુભવે છે. ઓગણીસમી સદીના અંતમાં, કલાપીના કાવ્યમાં, મનુષ્યને જોઈ દૂર ઊડી જતાં પક્ષીઓ, વીસમી સદીને અંતે ફરી મનુષ્ય પાસે આવે છે ઉમાશંકરના આ કાવ્યમાં. કંઈક કહેવા. સંવાદ સાધવા. આખી સદી વીતી ગઈ. છતાં એ બંને વચ્ચેનું અંતર ઘટ્યું નથી. 'કહેવું હતું' અને 'ખમચાતું હતું' દ્વારા કવિએ પંખી અને મનુષ્ય વચ્ચેનું અંતર હજીય એવું ને એવું જ છે તે સૂચવી દીધું છે. આ અંતર પછીની પંક્તિએ પંક્તિએ વધુ ને વધુ વધતું જાય છે.

૬. ત્રીજી પંક્તિ : 'ઊડી ગયું દૂર, ટેકરી પર, ઊંચા વૃક્ષની ટગડાળે'માં એ અંતર કેટલું બધું વધી ગયું છે તે દર્શાવવા કવિએ અંતરમાપનનાં બંને પરિમાણ- (લંબાઈ અને ઊંચાઈ)ને પ્રયોજ્યાં છે. માત્ર 'ઊડી ગયું' એમ નહીં. પરંતુ 'ઊડી ગયું દૂર' – દૂર એટલે આઘે અને ઊંચે એ બંને અર્થમાં. આઘેનું અંતર સૂચવવા કવિએ 'દૂર' શબ્દનો જ લંબાતો જતો ધ્વનિ ખપમાં લીધો. જ્યારે ઊંચાઈસૂચક વિશેષણ ટેકરી આગળ મૂકવાને બદલે વૃક્ષ આગળ મૂકીને તેમજ સૌથી ઊંચી ડાળ માટે 'ટગડાળ' શબ્દ યોજીને ક્રમશઃ વધતી જતી ઊંચાઈનો કવિએ નિર્દેશ કર્યો છે. હવે માનવીથી પંખી ક્યાંય દૂર. સલામત અંતરે. જોકે આ સલામત સ્થાને પહોંચવા માટે પંખીએ ભૂખથાક ગણકાર્યા વિના સતત ઊડ્યા કરવું પડ્યું છે. છતાં ભયનો ઓથાર સાવ દૂર થયો નથી. એ ઓથાર નીચે જ જે 'કંઈક કહેવું હતું' તેને બદલે (ભળતું જ) 'કંઈક બબડી નાંખ્યું એણે.' આમ પંખીને જે કહેવું હતું તે બહાર તો માત્ર બબડાટ રૂપે જ પ્રગટ થયું. પંખીનો મધુર કલરવ ભયના ઓથારને લીધે બબડાટમાં રૂપાંતરિત થયો. પંખીના મૂળ સંદેશનું આ પહેલું પાઠાંતર.

૭. પંખીનો આ બબડાટ નદીએ સાંભળી લીધો. એમાંનો સંદેશો ગ્રહણ કરવામાં એને મુશ્કેલી ન નડી. એટલું જ નહીં. એ સંદેશ માનવી સુધી પહોંચાડવામાં હવે નદી માધ્યમ બની. બીજી રીતે કહીએ તો, પંખીનો સંદેશો નદીના સંદેશામાં બદલાઈ ગયો. પંખીનો બબડાટ નદીના ખળભળાટમાં પરિવર્તિત થઈ અને પ્રતિધ્વનિત થઈ આગળ વધ્યો. અટક્યો નહીં. છેવટ નદી પણ 'ગબડતી, મેદાનોમાં રસળતી, લોથપોથ સમુંદરમાં ઢબૂરાઈ ગઈ બુદ્‌બુદરવે કંઈક કહેવા કરતી.' જેમ પંખીનું 'કંઈક કહેવું' બબડાટમાં બદલાઈ ગયું'તું તેમ નદીનો ખળખળ જળરવ આખરે બુદ્‌બુદરવમાં પલટાઈ જાય છે. પંખીના મૂળ સંદેશનું આ બીજું પાઠાંતર.

૮. હવે સંદેશ પહોંચાડવાની જવાબદારી સમુદ્રને માથે આવી. નદીનો સંદેશો હવે સમુદ્રનો સંદેશો બની ગયો. પંખીનું ‘કંઈક કહેવું’ પહેલા બબડાટમાં ફેરવાયું. એ બબડાટ પછી ખળખળાટમાં ફેરવાયો ને ખળખળાટ હવે ઘુઘવાટમાં. પંખીના મૂળ સંદેશનું આમ ત્રીજું પાઠાંતર થયું. પહેલા પંખી, પછી નદી, પછી સમુદ્ર આ બધાં પ્રાકૃતિક તત્ત્વો કાવ્યમાં એક પછી એક સહજ રીતે પ્રવેશે છે. પ્રકૃતિનાં આ તત્ત્વો વચ્ચે સંદેશાની આપલે માટે કોઈ અવરોધ નથી. એ તો સરળતાથી સંદેશો ગ્રહણ કરી લે છે. (માત્ર માનવી જ એ ગ્રહણ કરી શકતો નથી.) એ સંદેશો માનવી સુધી પહોંચાડવા સંદેશવાહકો બદલાતા રહે છે પણ સંદેશો બદલાતો નથી, પાઠાંતરો પામીને પણ મનુષ્ય ભણી ગતિ કરતો રહે છે. જોકે પાઠાંતરોને લીધે એ સંદેશ કંઈક ઝાંખો ને ઝાંખો થતો છેવટ એના મૂળાક્ષર પણ ગુમાવી દે છે. પંખીને (જે) ‘કંઈક કહેવું હતું’ તેનો ધ્વનિ, તેનો મર્મ, તેનો અર્થ એ જ તેનો મૂળ અક્ષર. મૂળાક્ષર. રાતદિવસ અનવરત ઊછળતા સમુદ્રના મોજાંથી માત્ર કાંઠાના કાળમીંઢ ખડકોનું જ કાળક્રમે ધોવાણ થાય છે એવું નહીં, સંદેશાના મૂળાક્ષરો પણ ધોવાતા, ભૂંસાતા, ભુલાઈ જાય છે. કવિએ ખડકોના ધોવાણનું આરોપણ સંદેશાના મૂળાક્ષર પર કરીને સમયના વહેણની તીવ્રતા દર્શાવી છે. આમ ‘એક પંખીને કંઈક કહેવું હતું’ એવા આરંભમાં, પ્રકૃતિ અને માનવી વચ્ચે, સંવાદની એક શક્યતા હતી. એ શક્યતાનો ‘સંદેશાના મૂળાક્ષર પણ ભૂલી બેઠો’ એ પંક્તિ સાથે અંત આવે છે.

૯. હવે મનુષ્ય અને કુદરતના સંબંધો પરસ્પર વધુ સંવેદનશીલ બને એ માટેની ભાષા અને ભૂમિકા નવેસરથી શોધવી રહી. કેમકે, ‘એક પંખીને કંઈક કહેવું હતું...’ એ તો હજી માનવીએ કાન દઈ સાંભળ્યું નથી. અને ‘પંખીલોક’ના કવિ કહે છે તેમ ‘કાન જો આંખ હોય તો શબ્દ એને પ્રકાશ લાગે.’

૧૦. થોડી વાત રચનાકળાની : આ કાવ્ય પંખી, નદી અને સમુદ્ર એ ત્રણ વિશેનાં ત્રણ વાક્યમાં વિસ્તરે છે. એ સૂચવતાં માત્ર ત્રણ જ પૂર્ણવિરામો કવિએ કાવ્યમાં મૂક્યાં છે. જેમાં બે તો પંક્તિ અધવચ છે, ત્રીજું જ પંક્તિને અંતે છે. બાકીની પંક્તિઓ એકબીજાના સાતત્યમાં સંકળાતી ચાલે છે. આ સાતત્યથી સંદેશાનું સાતત્ય પણ સૂચવાયું છે. અછાંદસમાં પણ આવી પ્રવાહી પંક્તિયોજનાનો વિચાર, સફળ છાંદસકાવ્યોના કવિને સૉનેટની પ્રવાહી પંક્તિ-રચના પરથી સૂઝ્યો હશે, કદાચ. r પંખીની વાણી જે સંવાદની અપેક્ષા રાખે છે તે સ્વાભાવિક રીતે લયવાહી સંવાદ જ હોય. [પ્રથમ પંક્તિમાં એનો કૈંક સંકેત પણ છે. ચંદ્રકાન્ત ટોપીવાળાએ આ સંકેત સરસ રીતે સ્પષ્ટ કર્યો છે : ‘એક પંખીને કંઈક કહેવું હતું’ (ગાલગાગા ગાલગાગા ગાલગા)] પરંતુ એ માટે કવિએ છાંદસ લય-અભિવ્યક્તિને બદલે અછાંદસનો સ્વીકાર કર્યો છે. તેમાં આ પરંપરાગત લયસંવાદ તૂટ્યાનું અને પુનઃ નવો લયસંવાદ રચવાનું ઇંગિત જોઈ શકાય. r આ કાવ્યની કાળયોજના પણ રસપ્રદ છે. એક પંખીને કંઈક કહેવું ‘છે’ એમ હોવું જોઈએ તેને બદલે કહેવું ‘હતું’ એવા નિરૂપણને લીધે રચના આરંભની પંક્તિથી જ ભૂતકાળમાં સરે છે.



આવા કાળપરિવર્તન દ્વારા કથનાત્મકતાને અવકાશ મળ્યો છે. એથી આખી ઘટના જાણે હમણાં, નજીકના સમયમાં જ બની ગઈ હોય અને તેની રજૂઆત થતી હોય તેવી કથનશૈલી શક્ય બની છે. એવી કથનશૈલીના અનુસંધાને જ બાળવાર્તા અને પ્રાણીકથામાં હોય તેવાં પ્રાકૃતિક તત્ત્વો પાત્ર તરીકે આવ્યાં અને તેમની ઉક્તિલઢણો પણ શક્ય બની. r પંખી, નદી અને સમુદ્ર એ ત્રણેના સંદેશપાઠ શ્રાવ્ય છે. પરંતુ એ દરેકના શ્રાવ્યગુણ જુદાજુદા છે. એટલું જ નહીં, શ્રાવ્યતાનો અનુભવ પણ જુદો છે. કવિએ કાવ્યની પદાવલિ-યોજનામાં એનો સર્જનાત્મક લાભ લીધો છે. r કાવ્યમાં ક્યાંય, પંખીનો મૂળસંદેશ શું છે તે કવિએ સ્પષ્ટ કર્યું નથી. ‘કંઈક’ શબ્દથી એ સંગોપિત રાખ્યું છે. પંખી કહે અને માનવી સાંભળે તો જ કંઈક એટલે શું ? તે સ્પષ્ટ થાય. કાવ્યમાં તો એ બંને વચ્ચે કહેવા-સાંભળવાની ઘટના ઘટતી નથી. પ્રત્યાયન થતું નથી. કાવ્યાન્તે તો સંદેશાના મૂળાક્ષર પણ ભુલાઈ, ભૂંસાઈ જાય છે. છતાં, એ ‘કંઈક’ સંદેશ શું હોઈ શકે તેનું સહૃદય ભાવક સુધી પ્રત્યાયન જરૂર થાય છે. ત્યારે ‘કાવ્ય’ એ જ ‘સંદેશો’ બની રહે છે. આ જેટલો કાવ્યવ્યાપારનો ચમત્કાર છે તેટલો ભાવનવ્યાપારનો ચમત્કાર પણ છે.

r

## શબ્દ

*શબ્દને ખોલીને જોયું,*
*મળ્યું મૌન.*

*શબ્દ થઈ બેઠો દુર્ભેદ્ય.*
*અર્થનો પ્રકાશ*
*અર્ધઝાઝેરો*
*ખૂંતી ન શકે આરપાર.*
*નવલ એ આભા-વલય*
*બન્યું રસનું આધાન.*

*શબ્દ, ગર્ભદશા મહીં કર્મ.*
*ક્યારેક તો સ્વયં કૃતિ,*
*આત્માની અમરાકૃતિ.*

*શબ્દ, ચિરંતન જ્યોતિસ્તંભ.*

અમદાવાદ, ૧૧-૭-૧૯૬૭

# 'ગોકળગાય'નો રસાસ્વાદ

**પ્રદીપ ખાંડવાળા**

## ગોકળગાય

એક ગોકળગાય ચાલે.
એની પીઠ પર નક્ષત્રોની પોઠ,
બ્રહ્માંડોની પોઠ;
એ ઝટ ઝટ કેમ કરી ચાલે ?

મને ગોકળગાય મારા આંગણામાં મળી ગઈ.
'કેમ, કંઈ નથી બોજ, તોય કેમ આમ ચાલે
ધી રી ધી રી ?'
'મને પડી જે ટેવ, છૂટે કેમ કરી ?

ને તોય તારા ઘડિયાળથી તો વધુ
ઝડપભેર હું ચાલું.'

ઘડિયાળ...... ગોકળગાય......
કાળ ટગુમગુ ચાલે;
એની પીઠે
વિશ્વ(કહે છે જે ફૂલ્યે જતું)નો બોજ,
પેલા તારાનું તેજ મળવા નીકળ્યું મને
ન મારા – પૃથ્વીના પણ – જન્મ થયા પહેલાંથી.
કાળની પીઠે સ્થળની પોઠ,
કાળની ગોકળગાય
ઝટ ઝટ કેમ કરી ચાલે ?

નવી દિલ્હી
૧/૨-૯-૧૯૭૫

**ઉ**માશંકર જોશી ખગોળના શોખીન અને બ્રહ્માંડના ભોમિયા : 'ફેલાવી બે બાહુ, બ્રહ્માંડગોલે/વીંઝાઈ રહેતો, ઘૂમતી પૃથ્વી સાથે/ઘૂમે, સુઘૂમે ચિરકાલ નર્તન'; 'નિહારિકાનાં સલિલે ખેલનારો,/લેનાર જે તાગ ઊંડા ખગોલના... સપ્તર્ષિનો વા કરીને પતંગ/ચગાવી રહેતા ધ્રુવશું રમંતો/પુનર્વસુની લઈ હોડલી જરી/નૌકાવિહારે ઉરને રિઝાવતો' (નિશીથ).



'ગોકળગાય'માં પણ ઉમાશંકરનો આ શોખ વરતાય છે : 'એક ગોકળગાય ચાલે. / એની પીઠ પર નક્ષત્રોની પોઠ,/બ્રહ્માંડોની પોઠ'. કાવ્ય અછાંદસ છે અને એનું કવન સાહિત્યિકને બદલે સંવાદી છે – 'નિશીથ'થી સાવ જુદું. ૧૯૭૫માં લખાયેલું આ કાવ્ય કવિની 'સમગ્ર કવિતા'ના 'ધારાવસ્ત્ર' સંગ્રહમાં મુકાયું છે. 'ગોકળગાય' અને થોડાંક અન્ય કાવ્યો વિશે કવિની નોંધ છે : 'એ સંસ્કૃત રંગમંચ ઉપર અપટીક્ષેપથી પાત્રો આવે છે તેમ આવતાંક રજૂ થયાં છે.'

કવિએ 'ગોકળગાય'માં કાળનાં કેટલાંક રૂપ આલેખ્યાં છે. ગુજરાતીમાં 'કાળ'ના ઘડિયાળના સમય ઉપરાંત વિશેષ સંદર્ભો છે : યમ-કાર્ય; મહાકાળેશ્વર; જીવન-મૃત્યુની ઘટમાળ; ઇતિહાસનો તબક્કો; દૈવ; બ્રહ્માંડની ઉત્પત્તિ, વિકાસ, અને વિનાશનો કારક હોવો; બદલાવના સમયની પરિપક્વતા વગેરે. કાળને આલેખવા કવિએ ગોકળગાયને કાળનું પ્રતીક બનાવ્યું છે : 'કાળની ગોકળગાય/ઝટ ઝટ કરી કેમ ચાલે ?' વૈશ્વિક સ્તરે મહા-કાળની ગતિ આપણને બહુ ધીમી લાગે – ખગોળવેત્તાઓ પ્રમાણે આજે છે એ બ્રહ્માંડનો વિકાસ ૧૩૦૦ કરોડ વર્ષના ગાળામાં થયો છે; પૃથ્વી ૪૦૦ કરોડ વર્ષની થઈ પછી માનવીની ઉત્પત્તિ થઈ. ગોકળગાય આપણે માટે મંથર ગતિનું પ્રતીક છે એટલે કાળની ધીમી ગતિને દર્શાવવાં કવિને ગોકળગાયનું પ્રતીક ઉચિત લાગ્યું હશે.

કાવ્યની ત્રણે પંક્તિઓમાં ગોકળગાય ધીમી ગતિએ તો ચાલે છે, પણ જુદી જુદી રીતે. પ્રથમ પંક્તિમાં ગોકળગાય બ્રહ્માંડોનો બોજ લઈને ચાલે છે. બીજી પંક્તિમાં કોઈ પણ બોજ વગર ચાલે છે : 'કેમ, કંઈ નથી બોજ, તોય કેમ આમ ચાલો/ધીરી ધીરી ?' ત્રીજી પંક્તિમાં કાળરૂપ ગોકળગાય નાના બાળક કે અસ્થિર વૃદ્ધ જેમ 'ટગુમગુ' ચાલે છે. પહેલી અને બીજી પંક્તિમાં એની ગતિ પણ જુદી લાગે. પહેલી પંક્તિમાં મનુષ્યના માપદંડે તો અતિ ક્ષીણ ગતિ જ્યારે બીજી પંક્તિમાં ઘડિયાળની થોડી વિશેષ ગતિઃ '...તારા ઘડિયાળથી તો વધુ / ઝડપભેર હું ચાલું' – જાણે કે માણસના સમયની ગતિ સાથે ગોકળગાય સમયની ગતિ સ્પર્ધા કરી રહી છે !

પહેલી બે પંક્તિઓમાં અસંગતિ છે તો ત્રીજી પંક્તિમાં કવિ કંઈક નવા વિચાર લઈને આવે છે : 'પેલા તારાનું તેજ મળવા નીકળ્યું મને'. અને તે પણ પૃથ્વીના જન્મ પહેલાં ! જાણે કે તારાના તેજને લાખો-કરોડો વર્ષથી ખબર હતી કે કાવ્યનો નાયક પૃથ્વી પર જન્મવાનો છે અને આ તેજે કોઈ કારણસર મનુષ્ય-ચૈતન્યને સ્પર્શવાનું છે. ચૈતન્ય તરફના જડતાના આકર્ષણનો, કે જડતામાંથી પ્રેરણા મેળવવાની ચૈતન્યની આસક્તિનો કવિ નિર્દેશ કરતા લાગે છે.

ત્રીજી પંક્તિમાં એક બીજો વિચાર પણ નોંધપાત્ર છે અને એ છે 'કાળની પીઠે સ્થળની પોઠ.' વિશ્વ સ્થગિત નથી, બદલાવ-પૂર્ણ છે, જોકે આ બદલાવની ગતિ અત્યંત ધીમી હોઈ શકે. ખગોળવેત્તાઓ પ્રમાણે આદિ સ્ફોટ (Big Bang) પછી આપણું બ્રહ્માંડ જન્મ્યું અને એનો વિસ્તાર વધતો રહ્યો છે અને ખૂબ દૂરની નિહારિકાના તેજને પૃથ્વી

સુધી પહોંચતાં કરોડો વર્ષ લાગે છે. ત્રીજી પંક્તિમાં કવિએ આ વિસ્તરતા વિશ્વનો ઉલ્લેખ કર્યો છે : 'વિશ્વ (કહે છે જે ફૂલ્યે જતું)નો બોજ'. વિકસતું વિશ્વ એટલે સ્થળાંતર કરતું સ્થળ !

કવિ કદાચ આપણને સાવચેત કરવા માંગતા હોય કે ભલે ને બ્રહ્માંડની ગતિ અતિ ધીમી હોય પણ બ્રહ્માંડને માપે આપણી ઘડિયાળ-કેન્દ્રિત ધમાલની કોઈ વિસાત નથી. આ વૈશ્વિક ગોકળગાયને સન્માનીશું તો આપણા જીવનને ધીરે ધીરે ઘડતી સ્થાનિક ગોકળગાયને વધુ ઉચિત રીતે સમજી શકીશું. માનવજાતિનો વિનાશ તો નક્કી છે પણ આ સમજથી એના જીવનકાળ દરમિયાન માનવ જીવી શકે ખરો. પહેલી પંક્તિની બ્રહ્માંડની ભારથી લદાયેલી ગોકળગાય અને બીજી પંક્તિની ભાર-રહિત આંગણાની ગોકળગાય – આ અસંગતિનું કવિએ નિવારણ નથી કર્યું, વાચક પર છોડી દીધું છે. કદાચ વાત 'બ્રહ્માંડે સો પિંડે' જેવી હોઈ શકે – ભૂતકાળનું વહેણ વર્તમાનકાળમાં મોજૂદ છે અને જે વિશ્વમાં વ્યાપેલો કાળ છે તેને આપણે આપણા આંગણામાં પણ અનુભવી શકીએ છીએ ('મને ગોકળગાય મારા આંગણામાં મળી ગઈ'). ઘડિયાળ અને ગોકળગાયનો સંબંધ પણ આપણે અટકળે સાધવાનો રહે છે. કદાચ ઘડિયાળથી બદ્ધ ચીલાઓમાં આપણા સ્થગિત થયેલા જીવન-માર્ગ પર કવિનો કટાક્ષ હશે.

મને કાવ્યમાં શેની મજા પડી એની વાત કરું. કાવ્યમાં કવિનો જાદુઈ વાસ્તવિકતા (magic realism)નો ઉપયોગ રસ ઉપજાવે છે : બ્રહ્માંડની પોઠ લઈને ચાલતી ગોકળગાય, આંગણામાં મળી આવતી માણસ સાથે વાત કરતી ગોકળગાય, બાળકની જેમ ટગુમગુ ચાલતી ગોકળગાય, કાવ્યના નાયકને મળવા નીકળેલું તારાનું તેજ. બ્રહ્માંડની અને મનુષ્ય-વિશ્વની વિસ્મયતાના અને પરિવર્તનશીલતાના પરિઘમાં આ જાદુઈ વાસ્તવ સરળ ભાષામાં આલેખાયું છે એની પણ ઑર મજા છે.

r



# ધારાવસ્ત્ર : વ્યક્ત દ્વારા અવ્યક્તના અણસાર

**અજિત ઠાકોર**

## ધારાવસ્ત્ર

કોઈ ઝપાટાભેર ચાલ્યું જાય,
ક્યાંથી, અચાનક...
સૂર્ય પણ જાણે
ક્ષણ હડસેલાઈ જાય.
ધડાક બારણાં ભિડાય.

આકાશમાં ફરફરતું ધારાવસ્ત્ર
સૃષ્ટિને લેતું ઝપટમાં
ઓ...પણે લહેરાય.
પૃથ્વી-રોપ્યાં વૃક્ષ એને ઝાલવા
મથ્યાં કરે – વ્યર્થ હાથ વીંઝ્યાં કરે.

દિલ્હી, ૧૯-૮-૧૯૭૫

**ઉ**માશંકર, થોડીક રણકતી કવિતાના કવિ. વર્ષાકાળ એમને ગમતો કાળ. કવિને રણઝણાતો, અમથું અમથું અજ્ઞાતની ઝંખાએ વ્યાકુળ કરી દેતો કાળ. કવિનેય એની પતીજ પડી ગઈ છે : મારી ઋતુ વર્ષા છે એમ અગાઉ મેં કહેલું છે. 'ધારાવસ્ત્ર' કૃતિ ખ્યાલ આપશે કે એના રહસ્યને પકડવું એ કેટલું વસમું છે.' : વાતે ય સાચી છે. જે આપણી મુઠ્ઠીમાં પકડાતું નથી, એને પામવા આપણી ચેતના વિહ્વળ થઈ જાય છે. તેથી સ્તો 'ધારાવસ્ત્ર' વ્યક્ત દ્વારા અવ્યક્તના અણસારા આપતી રચના છે. જેમાં કવિચેતના અસ્તિત્વના બૃહદ્ મુદ્રામય પ્રસારબિંદુએથી ઝરી હોય એવી કવિતાઓમાં આ કાવ્ય મુખડાની જેમ શોભે છે. કવિનેય એની જાણ છે. એટલે જ તો એમણે એ ગાળાની કવિચેતનાને વ્યક્ત કરતા આખાય કાવ્યસંગ્રહનું 'ધારાવસ્ત્ર' એવું નામકરણ કરી આ કાવ્યની અગ્રપ્રસ્તુતિ કરી છે.

રિલ્કેએ વરસાદની અવિરત ધારાને કારાગારના સળિયા જેવી અનુભવી હતી. તો ઉમાશંકર ચાલી જતા વિરાટ પર્જન્યપુરુષના ધારાવસ્ત્ર રૂપે અનુભવે છે. એકમાં છે રૂંધી નાંખતી, ખિન્ન કરી મૂકતી એકતાનતા તો બીજામાં છે શિશુસહજ ઉચ્છલ વિસ્મય.

ધારાને વસ્ત્ર રૂપે નિહાળતો કવિ ધારામાં નિબીડતા, ચંચલતાને આવરિત કરી દેવાના ગુણોને પ્રત્યક્ષ કરે છે. આ ધારાવસ્ત્ર કંઈ કબાટમાં ગડી કરી મૂકેલું કે વળગણીએ સૂકવવા નાંખેલું કે પછી કોઈકે પહેરી ઉતારી ખીંટીએ લટકાવેલ વસ્ત્ર નથી. આ વસ્ત્ર તો ફરફરતું લહેરાતું કોઈક ઓજસ્વી પુરુષે ધારણ કરેલું વસ્ત્ર છે. અહીં તો વસ્ત્રને મિષે વસ્ત્રધારીનું વ્યક્તિત્વ, અવસ્થા ને ગતિવિધિ ઓળખાવે છે. કહો કે નિરાકાર આકારિત થયો છે.

કાવ્યનો ઉપાડ થાય છે દ્રુત ઉધ્ધત ગતિવંતા પુરુષના અપટીક્ષેપેણ પ્રવેશ અને નિર્ગમનથી. એમાં આરભટી વૃત્તિનો લય ઝિલાયો છે :

**કોઈ ઝપાટાભેર ચાલ્યું જાય,**
**ક્યાંથી, અચાનક...**

પ્રથમ પંક્તિમાં અપરિચિતના ઝપાટાભેર ચાલ્યા જવાની અસાહજિક અનપેક્ષિત ઘટના એકીશ્વાસે કહેવાઈ છે. કોણ આવ્યું, ક્યાંથી આવ્યું, અચાનક આ રીતે કેમ આવ્યું – એવા વિસ્ફારિત વિસ્મયનું તર્કભાષામાં અંકન થયું છે. અહીં વાક્યને અડધું છોડી દઈને કવિએ વૈખરીની મૌનમાં સરી પડવાની ક્ષણને પ્રત્યક્ષ કરી દીધી છે.

કવિ પર્જન્યપુરુષની, ધરતીના ધણી મેહુલાની ઝપાટાભેર ચાલ્યા જવાની ઘટનાને એક આનુષંગિક ઘટના વડે પુષ્ટ કરે છે :

**સૂર્ય પણ જાણે**
**ક્ષણ હડસેલાઈ જાય.**
**ધડાક બારણાં ભિડાય.**

સૂર્ય આમ તો પૃથ્વીલોકનું સંચાલનકેન્દ્ર. એની ગતિવિધિ સર્વપ્રભાવી. એનું વ્યક્તિત્વ અદમ્ય જ નહીં બલ્કે સર્વદમન વ્યક્તિત્વ. આવો સૂર્ય પણ પર્જન્યપુરુષની અડફેટે ચડતાં ક્ષણભર તો બાજુએ હડસેલાઈ જાય છે. અહીં 'સૂર્ય પણ જાણે'માં સંભાવનાની ભાવમુદ્રામાં સૂર્યના હડસેલાવાની મહદ્ ઘટના ઉત્પ્રેક્ષાની વાક્ભંગિમાએ કરી પ્રકટી છે. સર્વસંચાલક, સર્વપ્રભાવક અને સર્વદમન સૂર્યની હડસેલાવાની આ ઘટનાને 'પણ' – પદ યોજી અતિશયતાનો પ્રાસ અપાયો છે. જો સૂર્ય જેવા સૂર્યની આ દશા હોય તો બીજા પદાર્થો તો આ વિરાટ પર્જન્યપુરુષની અબાધિત દ્રુત ગતિ આગળ કશી જ વિસાતમાં નથી, એવો ધ્વનિ પણ અહીં પ્રકટ્યો છે. અને એમ પર્જન્યપુરુષની દુર્ઘર્ષ પ્રભાવકતા સૂચવાઈ છે.

'ધડાક બારણા ભિડાય'-માં વીજળી સાથે મેઘકડાકો થવાની ઘટનાને 'ધડાક બારણા ભિડાય.' – એમ ઉપમેયને ઉપમાન પાછળ તિરોહિત કરી દઈ અતિશયોક્તિ અલંકાર થકી અદ્ભુત અભિવ્યક્તિ આપી છે. અહીં કવિવાણી ઉપમેયમાં ઉપમાનની સંભાવના રૂપે રચાતી સાધ્યાધ્યવસાયની ચેતોવસ્થાએથી ઉપર ઊઠી ઉપમેયના



ઉપમાનમાં થતા નિગરણરૂપ સિદ્ધાધ્યવસાનમાં પરિણતિ પામે છે. નાદ અને અર્થ – એમ બંનેથી સંવલિત 'ધડાક' – જેવા પદની યોજનાથી બારણાં ભિડાવાની ક્રિયા શ્રવ્ય-દૃશ્ય અસર જન્માવે છે.

કાવ્યોનો બીજો ખંડ પ્રસન્નરમણીય ભાવમુદ્રાથી ભાવપલટો સાધે છે :

**આકાશમાં ફરફરતું ધારાવસ્ત્ર**
**સૃષ્ટિને લેતું ઝપટમાં**
**ઓ...પણે લહેરાય.**

આકાશે પર્જન્યપુરુષનું, મેહુલાનું ધારાવસ્ત્ર-ઉત્તરીય દુકૂલ ફરફરી રહ્યું છે. 'ફરફરતું' જેવું રવાનુકારી ક્રિયાપદ ધારાવસ્ત્રની ચંચલ ગતિને પ્રત્યક્ષ કરે છે. 'આકાશમાં' પદ પર્જન્યપુરુષના દુકૂલના મહદ્ પરિમાણનો સંકેત કરે છે. આવા ગગનવિહારી પર્જન્યપુરુષના આકાશેથી છેક ભોંયે અડતાં ધારાવસ્ત્રની ઝપટે આખીય સૃષ્ટિ ચડી જાય છે. અહીં સહસા ધારાવસ્ત્રની ઝપટે ચડતી સકળ સૃષ્ટિની સંભ્રમિત મનોદશાય સૂચવાઈ ગઈ છે. 'ઓ...પણે લહેરાય.'-માં ગતિમાન પર્જન્યપુરુષની દ્રુતગતિ સ્થળગત દૂરતાના અણસારે પ્રકટે છે. 'ઓ...પણે'-માં રહેલી કવિચેતનાની તત્ક્ષણતા પણ હૃદ્ય છે. 'ઝપટમાં' પદમાં પ્રકટતો સંભ્રમ 'લહેરાય'-પદમાં ઓગળી રમતિયાળ પ્રસન્નતામાં પલટાઈ જાય છે. પ્રથમ ખંડની રૌદ્ર ઉર્જસ્વી ભાવમુદ્રા બીજા ખંડમાં પ્રસન્નમધુર ભાવમુદ્રામાં સંક્રમિત થઈ ગઈ છે. ને એમ પર્જન્યપુરુષ રૌદ્રરમ્ય ઉભયવિધ છબિ ઊપસી છે.

કાવ્યના ત્રીજા ખંડમાં પર્જન્યપુરુષની ગતિ સામે પૃથ્વીરોપ્યાં વૃક્ષોની સ્થાવર સ્થિતિને, નિયતિને મૂકીને અતૃપ્ત રહેવા સર્જાયેલી મિલનઝંખનાનો વ્યગ્ર સૂર પ્રકટ્યો છે :

**પૃથ્વી-રોપ્યાં વૃક્ષ એને ઝાલવા**
**મથ્યાં કરે – વ્યર્થ હાથ વીંઝ્યા કરે...**

ધારાવસ્ત્ર લહેરાઈ રહ્યું છે, એવા કથનમાં ધારાવસ્ત્રનું રમતિયાળ ચંચલ છટકિયાળ રૂપ સૂચવાયું છે. એ જ વસ્તુ ત્રીજા ખંડમાં થતી ઘટનાને પ્રતીતિકર બનાવે છે. ધરતીને અડું અડું થતું ધારાવસ્ત્ર ફરફરતું ને એથીય વધુ તો લહેરાતુ હોઈ 'પૃથ્વીરોપ્યાં' વૃક્ષથી ઝલાતું નથી. એક તરફ ધારાવસ્ત્ર લહેરાઈ રહ્યું છે, એની ચલચંચલ દ્રુતગતિ છે તો બીજી તરફ ધરતીરોપ્યાં, સ્થાવર-ખોડાયેલાં વૃક્ષ છે. વૃક્ષ એમનાં ડાળ-પાંદડાંથી ગમે તેટલાં મથે તોય ચલચંચલ, છટકિયાળ, પ્રવાહિત ધારાએ કરી વણેલું ધારાવસ્ત્ર એમની પકડમાં આવતું નથી. એ તો માયાવી વસ્ત્ર છે. એટલે ભગ્નાશ વૃક્ષો વ્યર્થ હાથ વીંઝ્યાં કરે છે. વૃક્ષ આમ તો ધરતીની ઊર્ધ્વારોહણ કરવાની, આકાશને મળવાની ઝંખાનું જ બીજું નામ છે. વૃક્ષ એટલે ધરતીએ આકાશ તરફ લંબાવેલો હાથ.

તોય ધરતીના ધણી મેહુલાને ધરતી પર લઈ આવવાની ઇચ્છા પૂરી થતી નથી. અંતિમ પંક્તિમાં રાહ જોતી ધરણી અને એના ભરથાર મેહુલાનો મેળાપ ન થયાનો નૈરાશ્યભર્યો વ્યગ્ર સૂર પ્રકટ્યો છે.

આમ 'ધારાવસ્ત્ર' કોઈ યોગીસદૃશ ગૃહસ્થ આંગણે આવે ન આવે ને સ્વકર્તવ્યની દિશામાં ગમન કરી જાય – એવી સાંસારિક ઘટનાનો અધ્યાસ રચતું, સજીવારોપણે કરી પ્રાકૃતિક ઘટનામાં સાંસારિક ઘટનાના ઇંગિત પ્રકટાવતું કદમાં લઘુ પણ ધ્વનિપરિમાણે ભૂમાસદૃશ કાવ્ય છે, તોષબુંદમાં આકાશને આળખી લેતી રચના છે.

r

## સુધા અને વારુણી

*કદીક સ્ફુરતી શકે વિધુની બીજરેખા હસી?*
*બની ઘડીકમાં પ્રપૂર્ણરસ પૂર્ણિમાનો ઘટ.*
*પીધી સુભગ એ સુધાઘટની ઘૂંટ જ્યાં ચશ્ચશી,*
*ઢળ્યો સભર આત્મ મૂર્છિત અનંતતાને તટ.*
*ભીંજાવી ઉર રોમ રોમ સખી વિસ્તરે તારુણી*
*સુહાગભર સૌમ્ય જીવન તણો રસશ્રી-પટ.*

*કદી ઝલક-શી ઝગી ક્ષિતિજ ચિત્તને ચંચલ.*
*ચૂમી-ટપકતો મદે અધર દૂર ઝૂમી રહ્યો;*
*કપોલ છલકે, રસોર્મિ ઢળકે, સુદૃગ્-અંચલ*
*સ્ફુરી મધુરવું રહે પૂછી જ કે ચહો? – ના ચહો?*
*પ્રભા ઊઘડી અંગ અંગ અણતૃપ્તિની આરુણી.*
*અહો મદીલતા, અહો પ્રણયછાક, લાલી અહો!*

*મળી કદીય કોઈને ફકત તે સુધા કારુણી?*
*પીઓ હૃદયવંત હે! કદી સુધા, કદી વારુણી.*

અમદાવાદ, ૧૪-૧૦-૧૯૪૩



# સીમ, ઘર માતૃત્વ

**રમેશ ર. દવે**

## સીમ અને ઘર

હજીય લીલીછમ સીમ બાકી,
કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.
અલોપ થાશે હમણાં નિશામાં,
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.

બપોરવેળા વડલા તળે ત્યાં
વાગોળતાં, ઝોકું ય ખાઈ લેતાં,
અસીમ શી શાંતિ હસી રહી હતી,
નસે નસે સીમ ધસી રહી હતી.

ઘરે ગમાણે બમણે બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખો મહીં મેંશ ઘૂંટે.–
બંધાઈ, જૈને ઘડી માંહીં ખૂંટે.

જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,
સારી ય તે સીમનું હીર ત્યાં દડે.

દિલ્હી, ૧૯૭૯

**રૂ**પમેળ કુળ અને ઉપજાતિ ગોત્રના ઇન્દ્રવજા, ઉપેન્દ્રવજા, ઇન્દ્રવંશા અને વંશસ્થ – આ ચાર છંદોની, સૉનેટબદ્ધ ચૌદ પંક્તિના અતિલઘુ ચિત્રફલકમાં કવિ ઉમાશંકરે, કાવ્યશીર્ષકમાં ટાંકેલાં સીમ અને ઘર વિશેનાં ચાર દૃશ્યો અહીં રચ્યાં છે. એમાંનાં પ્રથમ બે દૃશ્યો છે – પંચમહાભૂત તત્ત્વોનાં નર્તનનાં સાર-સરવૈયારૂપ 'સીમ' વિશે તો ત્રીજું દૃશ્ય છે, પ્રકૃતિથી સંસ્કૃતિ પરત્વેના માનવસભ્યતાના વિકાસના એક મહત્ત્વના પડાવ એવા 'ઘર' વિશે. ત્રણ ચતુષ્કરૂપ રચાયેલાં આ ત્રણેય દૃશ્યો વિશે જરા મોકળા મને વાત કરું ? આરંભનું આ પ્રથમ દૃશ્ય જુઓ :

**હજી ય લીલીછમ સીમ બાકી,**
**કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.**

**અલોપ થાશે હમણાં નિશામાં,**
**ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.**

અહીં વૈપુલ્યનું, અસીમતાનું નમણું નિરૂપણ છે. એકાદા ગોધણે નહીં, ઘણાંબધાં ગોધણોએ ભરપેટ ખાધા પછી ય કેમે ય કરી ખૂટે નહીં એવી અપાર સીમ કદી નિઃશેષ થતી નથી – એ વાત અત્યંત સાદગી અને સહજતાથી કહ્યા પછી આવી સીમ ઢળતી સાંજ અને ઘેરાતી રાતમાં, આવા વિપુલ વૈભવ સમેત અલોપ થશે – એ ખ્યાલથી પેલાં, સીમથી ભરપેટ ધરાયેલાં ગોધણ ઘરની દિશાએ વળે છે.

કવિ વાત કરવા તો બેઠા છે પણ જાણે એમને કશીય અધીરાઈ-ઉતાવળ નથી. સીમ, નિશામાં અરુંપરું થઈ અલોપ થાય એ પૂર્વે ચાલી નીકળેલાં ગોધણ વિશે એમણે સૉનેટનું બીજું ચતુષ્ક આમ ફાળવ્યું છે :

**બપોરવેળા વડલા તળે ત્યાં**
**વાગોળતાં, ઝોકું ય ખાઈ લેતાં,**
**અસીમ શી શાંતિ હસી રહી હતી,**
**નસે નસે સીમ ધસી રહી હતી.**

કેવાં છે આ ગોધણ ? બપોર થતાં થતાંમાં, કેમે ય ન ખૂટતી આ સીમને ભરપેટ ચરીને, વડલા તળે એને વાગોળતાં અને વાગોળતાં-વાગોળતાં જરાક ઝોકે ચડી જતાં આ ગોધણોની મઝા તો જુઓ પાછી, એમની આસપાસ અને ઉપર છવાયેલી અસીમ શાંતિ હસી રહી છે – પૂછો કેમ ? તો કહે : આ ગોધણની નસેનસે પેલી સીમ સંચરે છે !

અત્યંત મનોરમ આ બે દૃશ્યો પછી, એમાં નિરૂપિત પેલી સીમ સામે વિરોધાય છે – આપણે સૌ સંસ્કૃત લોકો જેને ધરતીનો છેડો માની બેઠા છીએ તે આપણું રઢિયાળું ઘર !

**ઘરે ગમાણે બમણે બગાઈઓ,**
**ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,**
**અંધારું આંખો મહીં મેંશ ઘૂંટે.**
**બંધાઈ, જૈને ઘડી માંહી ખૂંટે.**

ઘર વિશે કશી ઇતરાજી નથી, વહાલું છે એ મને ય. પણ ક્યાં પેલી લીલીછમ, ખાધી ન ખૂટતી ને ગોધણની નસેનસે વહેતી સીમ ને ઉપરિયામણમાં વડલાનો છાંયો ને અસીમ મરકતી પેલી શાંત વેળા ને ક્યાં આ, ગમાણે બણબણતી બગાઈઓ, ભૂખની ઊઘડતી ખાઈઓ અને અંધારે આંખો મહીં કાળી મેંશ ઘૂંટતું ઘર ! પણ આ એ જ ઘર છે જ્યાં આપણે તો બંધાયાં-ખોડાયાં ને વળી, આપણાં પાલિત પશુઓને પણ ગમાણે નાખ્યાં ને ભોંય-ખીલે સાંકળ થકી બાંધ્યાં !

પણ સીમ અને ઘરના આ ઘોર વ્યત્યય-વિપર્યયને કવિએ પાંપણ પલકાવતાંમાં



આમ નિઃશેષ કરી દીધો છે –

**જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,**
**સારી ય તે સીમનું હીર ત્યાં દડે.**

આમ તો આ પંક્તિયુગ્મ પોતે જ એવું પ્રગટ છે કે તે મિશે કશું ય કહેવું ન ઘટે પણ હું ય કહેવા બેઠો છું ને તે કહીશ આટલું : મજા તો અહીં બીજી પંક્તિમાં છે પણ એ મઝા નીપજી આવી છે પ્રથમ પંક્તિ થકી. ત્રણ જ શબ્દો તારવું છું એમાંથી : આંચળ, વાછડો અને મુખ – આ ત્રિપદીથી મુખરતું માતૃત્વ શું કરે છે ? આ બગાઈથી બણબણતા ઘરને દૂગ્ધોજ્વલ હીરથી ભીંજવી દે છે ! કવિએ કાવ્યબાની પણ સીમ-શોભતી પ્રયોજી છે. એના બે વિશેષો અહીં અલગથી નોંધવા છે : પ્રથમ બે ચતુષ્કમાં રેલાતો 'ઇ'કાર અખૂટ સીમ અને અસીમ શાંતિના વૈપુલ્યને એના નાદથી અનુભવરાવે છે. આનાથી ઊલટું, ત્રીજા ચતુષ્કમાં પ્રયુક્ત મૂર્ધન્ય વર્ણો, કવિએ સીમની તુલનામાં ઘરનું જે હીણું દશ્ય રચવું છે તેમાં સહાયભૂત થાય છે. પેલો 'ઇ'કાર અહીં પણ ખપ લાગ્યો છે.

'સીમ' હોય તોય અને 'ઘર' હોય તોપણ, તેની સઘળી મહત્તા-મર્યાદાની ઉપરવટ તો રેલાય છે પેલું આંચલ, વત્સ અને ઓષ્ઠ થકી છલકાતું-ઊભરાતું માતૃત્વ જ.

r

## શિશુ

*તરવરે છે આંખની સપાટી પર જીવ*
*બોલું બોલું થતો,*
*જગતને સ્પર્શવા મથતો.*

*જગના પદાર્થો અવાજો મનુષ્યો સુધીનાં અંતરો*
*પામી શકે ના, તરવરે કીકી સપાટી પર*
*આ મ તે મ.*

*ક્ષણમાં કેટલે ઊંડે પહોંચી જાય*
*સુગમ એ તો અરે એને,*
*શબ્દના અંચળા નીચે છુપાવું શક્ય ના જેને.*
*અતળ ઊંડાણ સુગમ એને જે*
*નવાણ એ જીવંત રહેશે વાણ જ્યારે ફૂટશે ?*

અમદાવાદ, ૧૨-૪-૧૯૬૫

# દિલ્હીને 'દિલી અલ્વિદા !'

**રવીન્દ્ર પારેખ**

## અલ્વિદા દિલ્હી

[એપ્રિલ ૧૯૭૬]

અલ્વિદા ! દિલ્હીનાં ફૂલો અલ્વિદા !
શિયાળુ બપોરનો હૂંફાળો તડકો પીતાં
સારી દિલ્હીમાં અમે જ બસ અમે છીએ
ફૂલ્યાં ન માતાં,
વેશ, ખુશ્બૂ, લુચ્ચી ચુપકીદી,
– ક્યાંક રંગોની છોળ, રંગોનો શોર;
ગુલાબ જ લોને :
રાતાં, સુનેરી–તડકાથી છલોછલ,
સિંદૂરિયા, મિશ્રરંગી,... કહું ?
મને ગમે છે ગુલાબી ગુલાબો.
સલામ સૌનેય તે હમેશાં થઈ ગઈ.

રસ્તાઓને ખેંચતાં, ચોમેર ફેંકતાં મધ્યવર્તુળોમાં
ટોળે વળેલાં ઉત્-કંઠ ફૂલોને તરછોડી
દોડી જતાં શુંનું શું થયું ?
નજરથી તમને પસવાર્યા વિના, કહો જો,
કદી આગળ વધ્યો છું હું ?

દિલ્હીની વિલંબાતી વસન્તની
વિજય ફરફરતી પતાકા, ફૂલો, અલ્વિદા !

અલ્વિદા દિલ્હીનાં વૃક્ષો !
બારી પાસેના શુકવત્સલ બુલ્બુલી સિલ્વર ઓક, અલ્વિદા !
રસ્તાની અદબ રાખી બે બાજુ તોતિંગ હારબંધ ઊભાં વૃક્ષો;
રહેવાતું નહીં, ઉપર બાહુઓ લંબાવી ભેટતાં;
રસ્તાને ભીંસતાં,
રસ્તાના રસ્તાપણાને પીસતાં,



એક હર્યાભર્યા પાંદડાંના મંડપથી મંદિર રચી દેતાં
એકાન્ત શાંતિનું મહાનગરમાં.
કોઈ રોકાય નહીં, ટોકતાં નથી.
કોઈક જ ચાલનાર નીકળે, ઊભાં ઊભાં જુએ છે
રાહ. શાની ? ગમે તેમ, પણ...
માનવી નાનો, એને ઊંચાં ઊંચાં વૃક્ષ જોઈએ
ટેકા માટે, નહીં તો એ ગબડી પડે.
દિલ્હી, તારાં વૃક્ષો વિના
દિલ્હીમાં માનવી – દેશને ખૂણે ખૂણેથી ખેંચાતાં માનવી
ગાંડાં થઈ ગયાં હોત.
મધ્યવર્તુળનાં છત્ર સમાં વૃક્ષો
રાજપથ-ફરતાં ઘટાઝૂમતાં વૃક્ષો
લાંબા લાંબા રાજમાર્ગો પર હરિયાળી હથેળી ફેલાવતાં વૃક્ષો
ઊંચાં ઊંચાં એકલવાયાં નિજ-મગ્ન
વૃક્ષો દિલ્હીનાં, અલ્વિદા !

અલ્વિદા સંસદ !
સંસદગૃહ, તારા કૉરિન્થિયન સ્તંભો સમક્ષ
ગમે તેવો માનવ, મહામાનવ, દેવ માનવ
તેય માંડ માનવ જેવડો લાગે.

સમયની ગુહા સમા ગુંબજની નીચે, પરંતુ,
એના સ્વરમાં ક્યારેક ક્યારેક
વૈખરીનાં અવિશ્રાન્ત વારિવલોણાં વચ્ચે
માનવતા-ભીંજ્યો
અમૃતરણકો જાગે.

અલ્વિદા કેન્દ્રીય ખંડ !
અજબ આ ભારતચૉરો...
દેકારા, હોકારા, પડકારા,
આ – તે વાતોના ગબારા,
ખુશખુશાલ અટ્ટહાસ,
ઉપહાસ,
ક્યારેક ઉગ્ર સ્ફોટ...
એક એક આદમી અનેક સમસ્યાઓનું પોટકું.

નાનાં નાનાં ઝૂમખાં, આકાર પામતા ઉકેલ
કે ઊંડી ઊતરતી વાસી વ્યથાઓ ?
સાત પ્રવેશે, પાંચ જાય, ભરતીઓટ...ઓટભરતી...
ચરુ ઊકળ્યા કરે.
દીવાલો પર દિવંગત નેતાઓની માણસ-અદકેરી છબીઓ
છે – નથી સમી.
વીજળી પ્રકાશ ચોપડેલી ગાંધી બાપુની આંખો બધું જોયાં કરે.
મારા દેશનું ધન આ,
પ્રજાહિતનાં રખોપાં કરનારા,
ખૂણેખૂણાના જાણતલ.
માનવજાતિના સાતમા ભાગની ચિંતા
આ સૌને સોંપીને પ્રભુ જરીક આરામ કરે છે.
જોઈ રહું, મૌનપણે મોહું
ચૉરાની અડાબીડ ભીડ પર.
તું બોલ્યે જા, ચૉરા ! ચૉરો બોલે, સમય બોલે.

એકાએક સોપો પડ્યો.
કોઈક ગણગણ્યું : હવે જબાન-બંધ જાણજો.
ફલાણા ભાઈ કરે આપણા પક્ષની વાત જો,

ભૂંડાએ વગોવ્યાં મોટાં ખોરડાં.
કોઈ આંખ ચોળે,
કોઈ આંખ ચોરે, – સલામ અધવચ પડી જાય.
મોં કહો કે તોબરા, અંદર શબ્દ ચાવ્યાં કરે.
પોલાં હાસ્ય, બોદી ચાલ,...
વડાઓની આસપાસ ઘૂમતો આછો માનવ-બણબણાટ.
દીવાલ પરની છબીઓ માત્ર બોલે,
બોલે મહાત્માનું મૌન.

શબ્દ, તું મને અહીં લઈ આવ્યો,
લઈ ચાલ ત્યાં,
જ્યાં તું કર્મ સાથે સરસાઈ કરે,
જ્યાં અર્ધેક ઇશારે દુનિયા વરતી જાય સત્તાનો ફરેબ,
જે આપતો આશા ને લઈ લે ભાષા.



અલ્વિદા, શાહજહાનાબાદ, આમપ્રજાની દિલ્હી !
જામા મસજિદના ઊડવા કરતા નમણા મિનારા,
લાલ કિલ્લાના સ્વપ્નિલ કોટકાંગરા,
રાજઘાટ શાંતિવન વિજયઘાટની ઊની ઊની સ્મૃતિરાખ
— તે તો હૈયે સદાયે —
નિર્જીવ મૃત્યુદમામ અલ્વિદા !

અલ્વિદા, પુરાણા કિલ્લા ! એક અસ્ત પામેલી દિલ્હી.
કાંકરે કાંકરે, અધઊભી ભીંત-કરાડે, કરાળ બખોલે,
મૃત્યુનાં જડબાંની નિશાની ભીષણ.
મહાનગરની વચ્ચે વચ્ચે અનેક
બાવળની કાંટ્યમાં સાંજુકી વેળા
જાગી ઊઠતી શિયાળવાંની લાળી,
જાણે મહાનગરની કરોડરજ્જુમાં કાળધ્રુજારી.

નવી, સાતમી દિલ્હી, ખબર છે તને તો —
ઇતિહાસ રાજધાનીઓની છેડતી કરે છે.

ખેડુની — શ્રમિકની વાંકી વળેલી પીઠ પર ઊભી છે
એને વધુ વાંકી વાળતી

દુનિયાની રાજધાનીઓ
રૂડી રૂડી વાતોને નામે.
સાતમી દિલ્હી, નીચે ઊતરી શકીશ,
જીવી જઈશ,
દિલ્હીપણાને કરી તારી – અને મારી પણ –
દિલી અલ્વિદા ?

નવી દિલ્હી, ૨૫-૪-૧૯૭૬
[વંચાયું તા. ૮-૧-૧૯૭૭, અમદાવાદ
ગુજરાતી સાહિત્ય પરિષદના કવિસંમેલનમાં]

**'અ**લ્વિદા / દિલ્હી !' ઉમાશંકર જોશીનું દિલ્હીને અલ્વિદા કહેતું કાવ્ય છે. 'અલ્વિદા !'ને બદલે કવિ 'વિદાય' શબ્દ વાપરી શક્યા હોત, પણ દિલ્હી પર જે મુગલાઈ સંસ્કારો પડેલા છે તેને ઉર્દૂ મીઠાશની જ અપેક્ષા રહે. વાત દિલ્હીથી વિદાય લેવાની છે. ઉમાશંકર સકળ સાહિત્ય અને સંસ્કારપુરુષ હતા. રાજકારણમાં પણ ત્યારે સંસ્કારિતા

ડોકાતી એટલે આ કવિ અને સંસ્કારી પુરુષે રાજકારણમાં પણ ઝંપલાવ્યું. ઉમાશંકરને કવિતા લખવા માટે જ નહીં, જીવવા માટેય અનિવાર્ય હતી, રાજકારણમાં ઝંપલાવ્યા પછી પણ કવિ તો રહેવાનું જ હતું, તે રહ્યા ! રાજકારણ છોડ્યું, કાવ્યકારણ નહીં. રાજકારણમાં સાહિત્ય પ્રવેશ્યું, પછી સાહિત્યમાંય રાજકારણ આવ્યું. હવે તો સાહિત્ય જ રાજકારણનો વિકલ્પ છે એટલે આજના સાહિત્યકારો જુદું રાજકારણ ખેલતાં નથી, ઉમાશંકરના વખતમાં રાજકારણ અને સાહિત્ય વચ્ચે અભેદ ન હતો એટલે એકમાંથી, બીજામાં જઈ શકાતું. આજે એ તકો ઘટી છે.

૩ એપ્રિલ ૧૯૭૦થી ઉમાશંકર રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્તિ પામ્યા અને એ સભ્યપદ ૨ એપ્રિલ ૧૯૭૬ સુધી રહ્યું. પૂરાં છ વર્ષ ! એ દરમિયાન ઐતિહાસિક દિલ્હીના રાજકીય પરિસરમાં રમખાણ પણ થયાં અને ૧૯૭૬માં જ્યારે દિલ્હી છોડવાનું આવ્યું ત્યારે આત્મસાત્ થયેલા દિલ્હીને કેવી અખિલાઈથી અને સલુકાઈથી કવિ ‘અલ્વિદા’ કહે છે તે કાવ્યવિષય છે. ૨ એપ્રિલે સભ્યપદ પૂરું થયું ને ૨૫ એપ્રિલ ૧૯૭૬ને રોજ, નવી દિલ્હીમાં જ, ‘અલ્વિદા દિલ્હી’ નામક કાવ્ય કર્યું. કાવ્યનો એ વિષય નથી, પણ ૨૬ જૂન ૧૯૭૫ને રોજ ભારત પર કટોકટી લદાઈ તેનો ડંખ ઓછો થયો નથી. કટોકટી એ ભરવસંતે પંખીને ચૂપ રહેવાની સજા છે. હતી. આ ભાવની ચાર પંક્તિઓ પણ ઉમાશંકરે ૩૦ માર્ચ ૧૯૭૬ને રોજ પ્રગટ કરી છે – ‘વસંત છે’ શીર્ષકથી.

કટોકટી લદાઈ તે દિવસે જ કવિ એક દિવસમાં આવેલું પરિવર્તન આમ નોંધે છે, ‘કાલે હતો તે તડકો ક્યાં છે ?’ કટોકટીથી છવાયેલાં અંધકાર અને રૂંધામણને ‘સંસ્કૃતિ’ના તંત્રીલેખમાંય પાનું કોરું રાખીને કવિએ અભિવ્યક્તિ આપી છે. ઉમાશંકર કવિ પહેલાં છે, પછી રાજદારી વ્યક્તિ છે. તે જેમ રાજધર્મ ન ચૂકે તેમ જ બળકટ કાવ્યધર્મ પણ ન ત્યજે. નજીકની આટલી સ્મૃતિઓ સાથે દિલ્હીને કવિ અલ્વિદા કરે છે. પણ કવિ છે ને ? કાવ્ય પ્રતિક્રિયા કે ફરિયાદથી આરંભતાં નથી. કોઈ પ્રકૃતિકાવ્ય હોય તે રીતે કાવ્યની માંડણી કરે છે. પહેલી અલ્વિદા ‘દિલ્હીનાં ફૂલોને’ કહે છે. બધાં પુષ્પોને સલામ કરે છે ત્યારે પેલી રાજસી ‘લુચ્ચી ચૂપકીદી’ને યાદ કરવાનું કવિ ચૂકતા નથી. જેવાં છે તે સૌને વર્ષોથી કવિ નજરથી પસવારતા રહ્યા છે. ફૂલોને કવિએ વસંતની ‘વિજય ફરફરતી પતાકા’ કહીને ઓળખાવ્યાં છે. ફૂલોને ‘વિદા’ કરી કવિ દિલ્હીનાં વૃક્ષોને ‘અલ્વિદા !’ કહે છે. તોતિંગ વૃક્ષો ધરતી પર તો મળી શકતા નથી એટલે ‘ઉપર બાહુઓ લંબાવી ભેટતા’ કવિ જુએ છે – દિલ્હી જેવા મહાનગરમાં ઇતિહાસ અને વર્તમાન ખણકાતાં રહે છે ત્યાં શાંતિ ક્યાંથી હોય ? જે થોડીઘણી શાંતિ બચી છે તે વૃક્ષોએ આપેલી છે. ‘પાંદડાંનાં મંડપથી મંદિર’ રચાતું હોય ત્યાં શાંતિ ન પ્રગટે તો જ આશ્ચર્ય ! વૃક્ષો સાથે વાત કરવાનો સમય અહીં છે. વૃક્ષોની અનિવાર્યતા કવિ પ્રમાણે છે. એને માનવી નાનો લાગે છે એટલે ટેકા માટે ‘ઊંચાં ઊંચાં વૃક્ષો જોઈએ’, ‘નહીં તો એ ગબડી



પડે.’ વૃક્ષો ન હોત દિલ્હીને તો ‘દેશને ખૂણે ખૂણેથી ખેંચાતાં માનવી ગાંડાં થઈ ગયાં હોત.’ (આજે સ્થિતિ જુદી છે. દિલ્હી ન હોત તો માનવી ગાંડાં થઈ ગયાં હોત, તેનાં વૃક્ષોને લીધે નહીં, તેની સંપત્તિ તથા રાજનીતિને કારણે) વૃક્ષો પોતાનામાં નિમગ્ન છે. તેને પણ કવિ અલ્વિદા(ય) કરે છે. પછી અલ્વિદા કરે છે – સંસદને. (જેને આજે અલ્વિદા કહેવા ભાગ્યે જ કોઈ તૈયાર હશે). સંસદના ‘કોરિન્થિયન સ્તંભો સમક્ષ’ ગમે તેવો માનવ ‘માંડ માનવ જેવો લાગે’ છે. ત્યારનો શબ્દ આજના બદલાતા કાકુમાં માણવા જેવો છે.

‘અલ્વિદા કેન્દ્રીય ખંડ !’

આ એ સ્થાન છે જેને કવિએ ‘ભારતચોરો’ કહ્યો છે. કારણ અહીં આખું ભારત વિચારવિમર્શ માટે એકઠું થાય છે. અહીં આવનાર સાંસદ તેના ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. તેના ક્ષેત્રની અનેક વાતો, સમસ્યાઓનું, તે જાણે ‘પોટકું’ છે. જરૂરી નથી કે ઉકેલ હાથવગા હોય. પરિણામે વ્યથાઓ, ફરિયાદો ખદબદતી રહે છે ને સમય તેને ‘વાસી’ કરતો જાય છે. એવી જ રીતે વાસી, નમૂલ્ય થઈ ગઈ છે દિવંગતોની અદકેરી છબિઓ, દીવાલો પર ! છબિઓ છે, પણ નથી જેવી ! ગાંધી પણ જોયા કરે છે, હવે કંઈ કરી શકતા નથી (ને હવે તો ગાંધી પર ગાંધીની કેટલી છબિઓ પડી ગઈ છે !) આ ભારતચોરા પર પ્રજાનો ભરોસો તો હોય જ, પણ ઈશ્વર પણ ચિંતાયુક્ત છે. તેથી જ તો કવિ કહે છે, ‘માનવજાતિના સાતમા ભાગની ચિંતા / આ સૌને સોંપીને પ્રભુ જરીક આરામ કરે છે.’ (આજે પ્રભુ શું કરતો હશે તે કલ્પી લેવાનું રહે.)

કવિએ સંસદમાં ઘણી ઊઠેવેઠ જોઈ છે. ખોરડાં વહુ જ વગોવે એવું નથી, ‘ભૂંડાએ’ વગોવે. કેટલોય નિરર્થક વાણીવિલાસ ચાલતો રહે ને કોણ કોનાથી કતરાતું રહે તે અહીં અકળ હોય છે. ઘણી વાર તો એમ લાગે છે કે ‘કોઈ આંખ ચોળે’ છે તો કોઈ ‘આંખ ચોરે છે.’ અહીં જાણે કે મોઢાં નથી, તોબરા છે જે ‘શબ્દ આવ્યાં કરે’ છે. અહીંના માનવોનો ગણગણાટ ‘બણબણાટ’ સુધી વિસ્તરે છે… ને તેને વિરોધતું દીવાલો પરના મહાત્માઓનું મૌન ! સૂચક છે – ‘છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.’

કવિ શબ્દનું મહત્ત્વ સમજે છે ને સંસદમાં શબ્દનું ‘મૂલ્ય’ હોય છે, મહત્ત્વ નહીં, તેથી શબ્દને કહે છે, ‘તું મને અહીં લઈ આવ્યો, લઈ ચાલ ત્યાં, જ્યાં તું કર્મ સાથે સચ્ચાઈ કરે, જ્યાં અર્ધીક ઇશારે દુનિયા વરતી જાય સત્તાનો ફરેબ, જે આપતો આશા અને લઈ લે ભાષા.’ એક તરફ છે સજીવ સંસદ, બીજી તરફ છે નિર્જીવ ઇતિહાસ અને સમાધિઓ. પેલા સજીવોમાં દ(ભા)મ નથી ને આ નિર્જીવોમાં તો મૃત્યુનોયે દમામ છે. કવિ તેનેય અલ્વિદા કહે છે, કવિ પુરાણા કિલ્લાને, અસ્ત પામેલી દિલ્હીને અલ્વિદા કહે છે. ખેડુની-શ્રમિકની વાંકી વળેલી પીઠ પર દુનિયાની રાજધાનીઓ ઊભી છે – રૂડીરૂડી વાતોને નામે પણ વાતોથી કંઈ વળતું નથી તે કવિ જાણે છે. એટલે જ દિલ્હીને અલ્વિદા કરીને કવિ ઊતરી જાય છે. ખબર નથી દિલ્હીને ‘દિલી’ અલ્વિદાની કેટલી અસર કે અનિવાર્યતા હશે. કદાચ દિલ્હીને ‘દિલી’પણું જ બચ્યું નથી એટલે એક રીતે

તો આ 'અલ્વિદા' સમયસરની પણ છે –

કાવ્યમાં એક પંક્તિ અત્યંત સૂચક છે – 'ઇતિહાસ રાજધાનીઓની છેડતી કરે છે.' આ છેડતી હજી બંધ થઈ નથી ને આમ તો આ દિલ્હીની 'દિલી' સ્મૃતિનું પણ કાવ્ય છે, પણ અહીંના મૃત્યુનો જ દમામ છે તે જોતાં તે 'સ્મૃતિરાજ્ય'નું કાવ્ય પણ છે. કવિ દિલ્હીને અલ્વિદા કહે છે તે સાથે એક અધ્યાય પૂરો થાય છે. કદાચ રાજકીય કારકિર્દીનો ને કટોકટી લદાયેલા એ સમયમાં ઇતિહાસનું એક પાનુંય પલટે છે. એને લીધે ઉમાશંકરનું કાવ્ય ઉત્તમ ન હોય તો પણ તેનું એક અદકેરું મહત્ત્વ છે. તેમાં સમકાલીનતા છે, તો સર્વકાલીનતા પણ છે જ !

## તેં શું કર્યું ?

*દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,*
*તેં શું કર્યું ?*
*દેશ જો બરબાદ થાતાં રહી ગયો,*
*એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?*

*'લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,*
*કાળાં બજારો, મોંઘવારી : ના સીમા !'*

*– રોષથી સૌ દોષ ગોખ્યા,*
*ગાળથી બીજાને પોંખ્યા.*
*આળ પોતાનેય શિર આવે ન, જો ! તેં શું કર્યું ?*
*આપબળ ખર્ચ્યું પૂરણ ? જો, દેશના આ ભાગ્યમાં તેં શું ભર્યું ?*

*સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;*
*સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.*
*ગાફેલ, થા હુશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?*
*શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.*

*હર એક હિંદી હિંદ છે,*
*હર એક હિંદી હિંદની છે જિંદગી.*
*હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.*

અમદાવાદ, ૧૧-૮-૧૯૫૩



# વિશેષણોની પુષ્પવર્ષા

પ્રવીણ પંડ્યા

## ચંદ્રવદન એક...

ચંદ્રવદન એક ચીજ...
ગુજરાતે ના જડવી સહેલ.
જ્યાં પેઠા
ત્યાં ઊઘડે મહેફિલ.
જ્યાં બેઠા,
ખુશ્બો ત્યાં દિલ દિલ.
એક ગાઉ લગી ગમગીની
શકે ન ઢૂંકી.

ચંદ્રવદન એક રડતી આંખ...
બીજી જગત-તમાશો જોતી,
તાર તાર થઈ એકરૂપ સૌ સાથે નાચે,
જીવનનો રસ બિંદુ બિંદુ બધેથી ચાખે.
એક આંખ નિરંતર ભીતર રડતી,
સતત ઝૂરતી.
શું ખૂટે છે ?
આટઆટલું તો લૂંટે છે !
દુનિયા ઊઘડે પગ આગળ તે કદી ન પૂરતી.

ચંદ્રવદન એક અલગારી ખુદમસ્ત...
રેલગાડી થંભે તો થંભે પોતે.
કદી ઠરે ના આગ.
મળતાં લાગ,
ભાગે;
હાથ ન લાગે.
ગાડી એનું ઘર,
વિમાન એનું દર.
ચાલે સાથે ?

હા, પણ જેમ
રેલના પાટા,
સાથે છતાંય અળગા.

કદી ન વળગ્યા
કોઈનેય તે.

કૈંક ઇલાના માડીજાયા,
રંગાચાર્ય નટ લાડકવાયા,
શબ્દપીંછીરંગી તસવીરોના કીમિયાગર.
ઘરઆંગણ ક્યારેક અદીઠા નકરા ચં.ચી.
પરદેશે તે ઊંચક્યા ના ઊંચકાય,
પ્રોફેસર ડૉક્ટર સી.સી., કંઈના-કંઈ સી.સી.,
મશિયુ સી.સી., રંગમુકુટ કંઈ શિર ધરી આવ્યા.
દોન કિહોતેના પગલે પગલે ફરી આવ્યા.
પ્રેમભૂખ્યા, પ્રેમાળ,
યુવતી-શા રિસાળ
કદી કો કન્યા-શા શરમાળ,
અજબ વિચિત્ર,
વિરલ મિત્ર,
એક અલકમલકની ચીજ
ચંદ્રવદન તે ચંદ્રવદન તે ચંદ્રવદન......

નવી દિલ્હી, ૬-૪-૧૯૭૬
[મુંબઈમાં અમૃતમહોત્સવ પ્રસંગે પઠિત]

**આ**ને કેવું કાવ્ય કહીશું ? પહેલી નજરે આ વ્યક્તિ-કાવ્ય જ લાગે. અંતે મુકાયેલી ફૂટનોટમાં અમૃત મહોત્સવનો ઉલ્લેખ છે એટલે પ્રસંગકાવ્ય લાગે. પણ છ ખંડોમાં પથરાયેલા આ કાવ્યની લીટીઓ પર લટાર મારીએ તો સમજાય કે આ માત્ર વ્યક્તિકાવ્ય કે પ્રસંગકાવ્ય જ નથી. આ કાવ્યને વધારે સમજવું હોય તો સમગ્ર કવિતામાં પાબ્લો નેરુદા, ઓડેન, પ્રિયકાન્ત મણિયાર, નિરંજન ભગત આદિ રચનાકારો વિશે કવિએ લખેલાં કાવ્ય પણ વાંચવાં જોઈએ. સદ્‌ગત પ્રિયકાન્તની સ્મૃતિમાં એમણે સોંસરવું ઊતરે એવું કાવ્ય લખ્યું છે. એ ટાંકવાનો લોભ કરું ?

**'લોહીવ્હેણમાં**
**ઊ છ ળે  ના યા ગ રા,**
**કીકીમાં કાવ્ય.'**



અહીં નાયાગરા શબ્દની વચ્ચે જગ્યા આપીને કવિએ પ્રિયકાન્તના જવાથી ગુજરાતી કવિતાની દુનિયામાં જે ખાલીપો અનુભવાવાનો તે બતાવ્યો છે તો સાથેસાથે કીકીમાં કાવ્ય કહી પ્રિયકાન્તની સર્જકતાને બિરદાવી છે. જોકે આ શ્રદ્ધાંજલિ કાવ્ય છે. પણ ઉમાશંકરે પ્રિયકાન્તની સર્જકતાને જે રીતે હાર પહેરાવ્યો છે તેમાં એમની કલાપારખુ દૃષ્ટિનો પરિચય થાય છે.

પણ આ ચંદ્રવદન એક... મૈત્રીભાવે રચાયેલું વ્યક્તિકાવ્ય પણ છે અને પ્રસંગકાવ્ય પણ છે. ચંદ્રવદન મિત્રસ્નેહથી ભીંજાયા હશે. આ વિશેષણોની પુષ્પવર્ષાથી મઘમઘી ઊઠ્યા હશે ! ઉમાશંકરે આ રચના ચં. ચી.ના અમૃતમહોત્સવ પ્રસંગે મંચ પરથી સંભળાવી હતી. પંચોતરમે વરસે માણસને શું જોઈએ ? અને એમાંય ચંદ્રવદન જેવાને, જે લિવિંગ લિજેન્ડ બની ગયા હતા અથવા કહોને કે મિથ. માણસ મિથ ક્યારે બની જાય ? જ્યારે એના વિશે અનેક પ્રકારની વાતો થાય. દરેકના હૃદયમાં એની આગવી તસ્વીર હોય. કવિ પ્રથમ ખંડમાં જ કહે છે :

**'જ્યાં પેઠા**
**ત્યાં ઊઘડે મહેફિલ,**
**જ્યાં બેઠા,**
**ખુશબો ત્યાં દિલ દિલ.'**

અહીં **'પેઠા-બેઠા'** અને **'મહેફિલ-દિલ દિલ'**માં દેખાતું પ્રાસનું સૌંદર્ય માણવા જેવું છે તો સાથેસાથે કવિ આપણને લયનાં વિશિષ્ટ વાહનમાં બેસાડી ભોમિયાની જેમ ચં.ચી.ના વ્યક્તિત્વની સફરે લઈ જાય છે, સાઇટ સીઇંગ સાથે જોવા જેવાં સ્થળ બતાવતા હોય એમ ચં.ચી.ના વ્યક્તિત્વની વિશેષતાઓ પાસે લઈ જઈને ઊભા રાખે છે, એના વિશે માહિતી આપે છે. આ લય અને પ્રાસનું વાહન કવિએ છએ છ ખંડોમાં હંકાર્યું છે : 'જોતી-રડતી, ઝૂરતી-પૂરતી, નાચે-ચાખે, લૂંટે-ખૂટે.' પણ આ પ્રાસ અને લયની ગતિ કે છટામાં એકવિધતા નથી આવવા દીધી, એના દ્વારા જ ચંદ્રવદનનાં જુદાં જુદાં રૂપ-વેશ આપણી સામે ખડા કર્યાં છે. સમગ્ર રચના માણતાં એવું લાગે જાણે આપણે ચંદ્રવદન ચી. મહેતાના વ્યક્તિત્વમાં બહારથી અંદર પ્રવેશીએ છીએ અને પ્રવાસ પૂરો કરી બહાર નીકળીએ છીએ. એક નાટકકારનું વ્યક્તિત્વ કેવું હોય ? બધાં બે આંખેથી એક દૃશ્ય જુએ, પણ નાટકકાર !

**'ચંદ્રવદન એક રડતી આંખ...**
**બીજી જગત-તમાશો જોતી...'**

અને એનું જીવન કેવું હોય ? ભીતર સતત કાંઈક ખૂટતું હોવાનો અભાવ – અને એ અભાવ ભૌતિક નથી. અને એટલે તો કવિ પ્રશ્ન કરે છે :

**'શું ખૂટે છે ?**
**આટઆટલું તો લૂંટે છે ?**
**દુનિયા ઊઘડે પગ આગળ તે કદી ન પૂરતી.'**

ચં.ચી.ના વ્યક્તિત્વનો ત્રીજો ઓરડો મહત્ત્વનો છે. કવિ એ ખોલીને કહે છે :

**'ચંદ્રવદન એક અલગારી ખુદમસ્ત...**

આ ખુદમસ્તી જ એમનું ચાલકબળ છે એવું ઉમાશંકર કહે છે. અહીં વ્યંજના છે, પણ જરા ઊંડી છે, ગાડીમાં ઘર અને વિમાનમાં દર કરનારા ચં.ચી. કેવા છે ?

**'ચાલે સાથે ?**
**હા, પણ જેમ**
**રેલના પાટા,**
**સાથે છતાંય અળગા.'**

અહીં સાથે છતાં અલગની જે વાત કવિએ કરી છે તે રચનાકાર માટે અત્યંત મહત્ત્વની છે. સાથે છતાંય અળગા. રચનાકારે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ બચાવીને બધા સાથે ચાલવાનું હોય છે. પણ પગલાંની છાપ તો અલગ અલગ... રેલના પાટાની જેમ સાથે ચાલવાનું ! રેલના પાટા... ઉમાશંકરે અહીં દૃષ્ટાંત અલંકારનો જે પ્રયોગ કર્યો છે તે અત્યંત વ્યંજનાસભર છે. અને દૃશ્ય કેવું સર્જાય છે ! રેલના પાટા... ટ્રેન વિનાના હોય ત્યારે કેવા લાગે ! સાથે છતાંય અળગા... જાણે એકમેકની સ્પર્ધામાં હોય... અને છતાંય બંને મળી ટ્રેનને ચાલવાનું માધ્યમ બને ! ઉમાશંકર એમના આ સમકાલીન મિત્ર ચં.ચી. મહેતાને બરાબર જાણે જ છે. અને ન કેમ જાણે ? બંને ગાંધીજીના સમયના છે. એ સમય સાથે ચાલવાનો અને સાથે ચાલતા રહીને અળગા રહેવાનો સમય હતો. કેટલી સર્જક પ્રતિભાઓ સાથે ચાલતી હતી ! જેમ કવિ તરીકે ઉમાશંકર ટોચે હતા એમ ચં.ચી. નાટ્યજગતના શિખરે બિરાજમાન હતા. ઉમાશંકરે પોતે જ કહ્યું છે : મારું નામ ભાષામાં ઓગળી ગયું છે. એમ ચં.ચી. પણ ગુજરાતી રંગભૂમિના એ ગાળાના પર્યાય બન્યા હતા. અંતિમ છઠ્ઠા ખંડમાં કવિએ ચં.ચી.નું જે વ્યક્તિચિત્ર ઉપસાવ્યું છે તે નાટ્યાત્મક છે. એમના વ્યક્તિત્વની રંગભૂષા અને વેશભૂષા આપણને બતાવી છે :

**'...રંગાચાર્ય નટ લાડકવાયા,**
**શબ્દપીંછીરંગી તસવીરોના કીમિયાગર...'**

આટલું કહ્યા પછી પ્રોફેસર-ડૉક્ટર એ બધી પદવી 'રંગમુકુટ'ની જેમ ચં.ચી.ને પહેરાવે છે. વળી દોન કિહોતે જેવા પાત્ર સાથે સરખાવે છે ! અંતે કહે છે :

**'પ્રેમભૂખ્યા, પ્રેમાળ,**
**યુવતી-શા રિસાળ**
**કદી કો કન્યા-શા શરમાળ,'**



આટલું કહી છેલ્લે **'અજબ-વિચિત્ર-વિરલ'** એવાં વિશેષણ મૂકે છે. એટલે આપણને કહે છે કે મેં કહ્યું એટલામાં બધું આવી જતું નથી, ચંદ્રવદન તે ચંદ્રવદન તે ચંદ્રવદન...

આમ ઉમાશંકર આ મિત્રસ્નેહથી ભરેલા કાવ્યમાં એક અલકમલકની ચીજ એવા ચંદ્રવદનના વ્યક્તિત્વની આપણને સફર કરાવે છે, ચં.ચી. પર મિત્રભાવે વિશેષણોની પુષ્પવર્ષા કરે છે, પણ આ બધું કહેતી વખતે શું નથી કહેતા એ તરફ પણ જરા જોવા જેવું છે. જેમ તેઓ પ્રિયકાન્ત વિશેના સત્તર શબ્દમાં પ્રિયકાન્તની કવિપ્રતિભાનો આપણને પરિચય કરાવે છે એવું અહીં નથી કરતા ! શું ચં.ચી. આ વિશેષણોની પુષ્પવર્ષાથી તૃપ્ત થયા હશે ?

## ચોખૂણિયું મારું ખેતર

*ચોખૂણિયું મારું ખેતર નાનું,*
*કાગળનું એક પાનું.*
*વાવાઝોડું કોઈ ક્યાંકથી આવ્યું;*
*ક્ષણનું બીજ ત્યાં વાવ્યું.*

*કલ્પના કેરાં પીને રસાયણ*
*બીજ ગળી ગયું છેક.*
*શબ્દના અંકુર ફૂટ્યા, સુપલ્લવ-*
*પુષ્પનો લચ્યો વિશેષ.*

*લૂમ્યાં-ઝૂમ્યાં ફળ, રસ અલૌકિક :*
*અમૃતધારાઓ ફૂટે.*
*વાવણી ક્ષણની, લણો અનંતતા :*
*લૂટતાં લેશ ન ખૂટે.*

*રસનું અક્ષયપાત્ર સદાનું*
*ચોખૂણિયું મારું ખેતર નાનું.*

અમદાવાદ, ૧૨-૪-૧૯૬૫

# 'છિન્નભિન્ન છું' વિશે

**લાભશંકર ઠાકર**

## છિન્નભિન્ન છું

છિન્નભિન્ન છું.
નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો,
માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો,
ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,
વિચ્છિન્ન છું.

કોણ બોલી ? કોકિલા કે ?
જાણે સ્વિચ્ ઑફ્ કરી દઉં.
તરુઘટામાં ગાજતો આ બુલબુલાટ —
કુદરતના શું રેડિયોનો
સાંસ્કૃતિક કો કાર્યક્રમ !
ચાંપ બંધ કરી દઉં ? શું કરું એને હું ?
વસંતપંચમી કેમ આવી ને કેમ ગઈ,
મને ખબર સરખી ના રહી !

પ્રકૃતિ, તું શું કરે ?
મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે.
માની લીધેલી એકતા વ્યક્તિત્વની
શતખંડ ત્રુટિત મેં નજરોનજર દેખી લીધી છે.

રાગમૂર્તિ, દ્વેષમૂર્તિ, ભયમૂર્તિ —
ત્રિમૂર્તિએ ઘાટ દેવા બહુ કીધું.

તમારે સ્મરણે રુધિર નાચી ઊઠ્યું,
તમારે દર્શે હૃદય રાચી ઊઠ્યું,
ને વિરહમાં બસ મરણ યાચી ઊઠ્યું,
તમે મારી ઝંખનાનું મધુર પ્રેયોરૂપ —
રાગમૂર્તિ, નમોનમો !

તમે મારી વાસનાનું કાલકૂટ વિરૂપ,
આંખની પ્યાલી મહીં ઊછળેલ અગ્નિકૂપ,



ઊડેલ શ્વાસોચ્છ્વાસ સાથે દગ્ધ હૈયાધૂપ,
તમારા સ્પર્શે નયન-પક્ષ્મો વિખૂટાં —
દ્વેષમૂર્તિ, નમોનમો !

તમારા શવ-આશ્લેષથી શીત છૂટ્યાં,
હીર હૈયા તણાં છેક સુકાઈ ખૂટ્યાં,
ચેતનાસ્પન્દનો મંદ આક્રંદ-ડૂબ્યાં,
તમે મારી કામનાનો નગ્ન નિશ્છલ છંદ —
ભયમૂર્તિ, નમોનમો !

એક-કેન્દ્ર વ્યક્તિત્વ કરવા મથ્યાં તમે મારે માટે
અને દીક્ષા આપી પ્રેમધર્મની,
જેના કખગઘનેયે પામવાનું કેમે કરી
ફાવતું નથી હજીય.

ને છતાંય ગાડું આ ગબડે છે,
કિચૂડ-ખટ્-ચૂં કિચૂડ-ચૂં-ખટ્.

જુઓ પેલા મારા પ્રિયતમ શ્રીમાનને :
પ્રેમ દ્વારા ચાહતાં નથી આવડતું એમને,
ધિક્કાર દ્વારા જ ચાહતાં ફાવે છે ભલા જીવને.
ભલે એમ તો એમ, ઝઘડવાનો સમય ક્યાં છે ?
તમારી શરતે ચાહીશ તમને.

અને આ રહ્યા મારા દ્વિતીય-હૃદય :
પોતાની પામરતાથી ખરડે છે બહુને,
પોતાની વંકાઈ થકી મરડે છે સહુને.
અરે એથી સારી રીતે વર્તવું એને શક્ય હોત,
તો આ રીતે કોઈ કદી વર્તતુંય હશે ખરું કે ?

ને ઓ પેલા ભૂતપૂર્વ ... મારા.
અપૂર્વ અનુભવ થયો એમના નિમિત્તે
વારંવાર રટ્યાં કર્યું મારા મને :
તમને ધિક્કારવાની મને ફરજ નહિ પાડી શકો.
કદીય ધિક્કારી શકાય, એક વાર ચાહ્યું જેને ?

અરે, તું તો દુનિયાને કાંઈ જ સમજતો નથી !

— કહે છે અનેક મને.
બીજા કહે : દુનિયાનો છેક જ છે જીવ તું.
હા, દુનિયાનો શિષ્ય છું હું.
દુનિયા તો દુનિયાદારીમાં માનતી નથી જ નથી.
નથી એણે યાદ રાખ્યા કોટિપતિ,
સફળતાના શહીદોને નથી તે સંભારતી.
મોટા મોટા થઈને જેઓ ફર્યા'તા તેનેય
વિસ્મૃતિની રાખ નીચે ઢબૂરી દીધા છે એણે.
દુનિયા દુનિયાદારીમાં માનતી જો હોત તો તો
કવિઓને, પાગલ પેલા પ્રેમીઓને, સંતોને
સંભારત ક્ષણેય શા માટે ?

સંભારે ન સંભારે કોઈ એની તથા શાને ?
સ્મૃતિ ? હા, સ્મૃતિ એ જ તો જીવન છે.
આ પૃથ્વીનાં પડ તે ચિરંતન ટકશે, ને આ ઉષ્મા
હૃદય તણી તે વિફળ વીખરશે ?
ના, ના, ના ! સૂર્યને ગરમ રાખવામાં એ જરી જરીક શો
સહારો દેશે,
હૃદય હૃદયના ધબકારે તે પુનર્જીવતી ત્રિભુવનદિગ્વિજયી સંચરશે.

કોણ જાણે ?
અટાણે તો ધબકો આ એક પછી એક ઓછી
થતી જાય.
અનંતીકરણ એનું શક્ય હશે ? જાય —
વૈશાખી ખાખી લૂ-લીલા વરસે આકાશથી ત્યાં
પુલ પર થઈ જાય — સરી જાય બસ.
ગૉગલ્સ-આંખો ચિંતનમાં ડૂબેલીય તે હોય તોયે
નીચેથી, સાબર, તારું પાતળુંક ઝરણું
— આનન્ત્ય-મૃગજળ પ્રતિ દોટ દેતું ભોળકડું હરણું –
એ ક્ષીણ પ્રવાહ-પટીની ટાઢકની ધાર
પુલ વીંધી વૈશાખી દોજખ મહીં આરપાર
મારા ચૈતન્યને અડે ને ઠારે અર્ધક્ષણ
દોટ દઈ રહેલી બસ ફરી થાય આહુતિ
ગ્રીષ્મના લૂ-યજ્ઞની જ્વાળાઓ મહીં તે પહેલાં.



મારા લઘુ હૈયાની આ અજાણી ધબક
એટલું જો કરી શકે ? એટલું ના કરી શકે ?
કદાચને ના કરી શકે તો... ...
દિનરાત રાતદિન ખિન્ન છું,
એક-કેન્દ્ર થવા મથી રહેલ ક્લિન્ન છું,
ધબકધબકમાં ઊડી રહેલ છિન્નભિન્ન છું.

અમદાવાદ-વડોદરા, ૬/૧૯-૨-૧૯૫૬

**'છિન્નભિન્ન છું'** કાવ્ય રચાયું ૧૯૫૬ (ફેબ્રુઆરી ૬થી ૧૯ તારીખો)-માં. એ જ વર્ષમાં 'સંસ્કૃતિ' સામયિકમાં પ્રકાશિત થયું. 'સપ્તપદી' સંગ્રહમાં તે સંગ્રહના પ્રથમ કાવ્ય રૂપે ૧૯૮૧માં ગ્રંથસ્થ થયું.

સંગ્રહની આ પ્રથમ રચના વિશેના મારા પ્રતિભાવને સાંભળવા ઉત્સુક છું. આરંભની પંક્તિઓ સાંભળીએ.

**છિન્નભિન્ન છું.**
**નિશ્ચ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો,**
**માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો,**
**ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,**
**વિચ્છિન્ન છું.**

આરંભમાં જ સ્વચેતના-ના સહજ સત્યનો એકરાર છે. પોતાને કવિ 'લયસમો.', તેય 'નિશ્ચ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો' કહે છે. કવિતાનું ઉપાદાન વાણી છે. લય તેનું સૂક્ષ્મ ઉપાદાન છે. કવિતામાં ભાવક સાદ્યંત જે શ્રવણીય ધબકાર અનુભવતો હોય છે, તે લયનો ધબકાર હોય છે. ભાવક આ ધબકારાને heart beats કહે, કવિતાના. નિશ્ચ્છંદ કવિતામાં આ બીટ્સ હોય, પણ છિન્ન હોય, ભિન્ન હોય. 'છિન્નભિન્ન છું' તેવા કથનને સર્જકકવિ અલંકૃત કરીને વ્યક્ત કરી રહ્યા છે. બીજા અલંકારમાં તે 'માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો' છિન્નભિન્ન છું એમ કહે છે. ત્રીજી અલંકૃત અભિવ્યક્તિમાં કવિ કહે છે : 'ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ, / વિચ્છિન્ન છું.'

'છિન્નભિન્ન છું' તેવું કવિનું કથન પોતાની સમગ્ર હયાતી વિશેનું છે. તે કથન પછી ઉપમાન પ્રમાણથી વ્યક્ત કરે છે. ત્રણે પ્રમાણો અહીં માત્ર અલંકરણ માટે જ પ્રયોજાયાં નથી. કવિતા કવિની સ્વચેતનાનો નિત્ય પર્યાય છે. જે કવિતામાં ધબકારાનો નિયત તાલ રહ્યો નથી. 'માનવજાતિના જીવનપટ' સાથે આ સર્જક કવિનો સીધો, આત્મીય લગાવ છે. To be is to be related. એ જીવનપટ પર ઊપસવા મથતી 'કોઈ ભાત'

જો મનુષ્યો અને સર્વ સજીવો માટે ઇષ્ટ, યથાર્થ ન હોય તો તે 'ઊપસવા મથતી કોઈ ભાત' આ પ્રથમ વ્યક્તિ એકવચનમાં વ્યક્ત થતી વ્યક્તિચેતનાની છિન્નભિન્નતાનું પ્રત્યક્ષ વ્યાપ્ત 'કૉઝ' છે. આરંભના ત્રીજા ઉપમાનમાં એક સીધું પ્રગટ, પ્રત્યક્ષ સત્ય પ્ર-ભાવક રૂપે અભિવ્યક્ત થયું છે. હા, ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ કવિ કહે છે : 'વિચ્છિન્ન છું.' મહર્ષિ આત્રેય કહે છે : 'અન્નમ્ વૃત્તિકરાણામ્ શ્રેષ્ઠમ્'. હયાતીનું, હોવાનું સર્વ શ્રેષ્ઠ કારણ છે, અન્ન. તે જો પામવા માટે ભિક્ષુક બનીને ઘેર ઘેર ફરવું પડે તો તે માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી ભાતનું પ્રત્યક્ષ સત્ય સર્વથા અનિષ્ટ છે. હા, કવિની છિન્નભિન્નતાનું કારણ માનવજાતિના સમાજસાપેક્ષ સાંસ્કૃતિક સત્યો છે.

**કોણ બોલી ? કોકિલા કે ?**
**જાણે સ્વિચ્ ઑફ કરી દઉં.**

'તરુઘટામાં ગાજતો બુલબુલાટ.' પણ કવિને 'કુદરતના શું રેડિયોનો સાંસ્કૃતિક કો કાર્યક્રમ !' જેવો લાગતાં પ્રતિક્રિયા વ્યક્ત થાય છે. 'ચાંપ બંધ કરી દઉં ? શું કરું એને હું ?'

હા, આ ક્ષણો આ ભાવકને કરુણ વિપર્યાય લાગે છે. 'સંસ્કૃતિ'ના તંત્રી કવિવર ઉમાશંકર જોશીને '...રેડિયોના સાંસ્કૃતિક કો કાર્યક્રમ ! –ની જાણે સ્વિચ્ ઑફ કરી દઉં.' એવો ભાવ થાય છે !

હા, ભૌતિક અને મૂલ્ય સંસ્કૃતિની ગાઢ સાપેક્ષતા સંકેતાય છે. 'વસંત પંચમી કેમ આવી અને કેમ ગઈ, મને ખબર સરખી ના રહી !' એવા સ્વગત કથન પછી કવિની સ્વગતોક્તિ છે :

**પ્રકૃતિ, તું શું કરે ?**
**મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે.**
**માની લીધેલી એકતા વ્યક્તિત્વની**
**શતખંડ ત્રુટિત મેં નજરોનજર દેખી લીધી છે.**

હા, પ્રકૃતિ છે જ. તે પ્રકર્ષ કૃતિના પરિણામ રૂપે જ ભૌતિક અને મૂલ્યસંસ્કૃતિ છે. કવિ સ્વચેતના–ના પ્રાકૃતિક સત્યોને કંઈક દૂરતાથી તાકે છે. હા, તે નિજ ચેતનામાં રાગમૂર્તિને, દ્વેષમૂર્તિને, ભયમૂર્તિને સત્ય રૂપે જુએ છે અને તે ત્રિમૂર્તિએ 'ઘાટ દેવા બહુ કીધું.' એવા આત્મકથન પછી એક પાયાના પ્ર-ભાવક સત્ય વિશેનું આત્મકથન કરે છે.

**એક-કેન્દ્ર વ્યક્તિત્વ કરવા મથ્યાં તમે મારે માટે**
**અને દીક્ષા આપી પ્રેમધર્મની,**
**જેના કખગઘનેયે પામવાનું કેમે કરી**
**ફાવતું નથી હજીય.**



**ને છતાંય ગાડું આ ગબડે છે,**
**કિચૂડ-ખટ્-ચૂં કિચૂડ-ચૂં-ખટ્.**

હા, પ્રેમધર્મના ગાડા-નો આ શ્રવણીય સાક્ષાત્કાર છે. કાવ્યસાતત્યમાં આ પછી એકાધિક નિકટના પરિચિતોના સ્નેહસંબંધો વિશેના સત્યકથનો છે. મનુષ્યજીવનની પાયાની વિસંગતિ અહીં વ્યંજિત થાય છે. પ્રેમધર્મની દીક્ષા જો રાગ-દ્વેષ-ભય થકી મળવાની હોય તો તે સર્વને ધારણ કરે તેવો પ્રેમધર્મ હોય ? પ્રેમધર્મના ગાડાનો અવાજ કવિએ નિખાલસતાથી સંભળાવ્યો છે. આ, આવા પ્રેમધર્મના કખગઘનેયે પામવાનું કેમે કરી ફાવતું નથી હજીય.

અતિશય પ્રયોજાતો કોઈ એક શબ્દ હોય તો તે 'પ્રેમ' છે. તે મહદંશે સર્વથા સર્જાય છે, રાગ-દ્વેષ-ભયથી ? કવિએ ઇષ્ટ માનેલો પ્રેમ હોઈ શકે ? છે ?

આ કાવ્યમાં પ્રથમ વ્યક્તિ એક વચનમાં વ્યક્ત થતી ચેતના હા, એવા ઇષ્ટ પ્રેમની, પ્રેમધર્મની અભિલાષી છે. તે 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી' ગાનારનો અવાજ છે. તેનો ઉત્કટ અભિલાષ વિશ્વશાંતિનો છે. સાંભળો આવી સચિંત ચેતનાનો ભાવ.

**આ પૃથ્વીનાં પડ તે ચિરંતન ટકશે, ને આ ઉષ્મા**
**હૃદય તણી તે વિફળ વીખરશે ?**
**ના, ના, ના ! સૂર્યને ગરમ રાખવામાં એ જરીક શો સહારો દેશે,**
**હૃદય હૃદયના ધબકારે તે પુનર્જીવતી ત્રિભુવનદિગ્વિજયી સંચરશે.**

આવા ભાવાત્મક આત્મકથન પછી સ્વચેતના-નો સ્વશંક ઉદ્‌ગાર છે : 'કોણ જાણે ?'

આ પછી તરત સ્થલકાલસાપેક્ષ વર્તમાન સંદર્ભ વ્યક્ત થાય છે.

**અટાણે તો ધબકો આ એક પછી એક ઓછી**
**થતી જાય.**
**અનંતીકરણ એનું શક્ય હશે ? જાય —**
**વૈશાખી ખાખી લૂ-લીલા વરસે આકાશથી ત્યાં**
**પુલ પર થઈ જાય — સરી જાય બસ.**

કવિ બસમાં બેઠા છે. પુલ પરથી બસ સરી જાય છે. એમની ગોગલ્સ-આંખો ચિંતનમાં ડૂબેલી છે. નીચે સાબરમતી નદીનો પાતળોક જળપ્રવાહ છે. એક પ્રભાવક કલ્પન કવિ શબ્દપ્રત્યક્ષ થતું અનુભવે છે.

**નીચેથી, સાબર, તારું પાતળુંક ઝરણું**
**— આનન્ત્ય-મૃગજળ પ્રતિ દોટ દેતું ભોળકડું હરણું —**

હા, સાબરની ક્ષીણ પ્રવાહ-પટીની ધાર, કવિ કહે છે : 'મારા ચૈતન્યને અડે ને ઠારે અર્ધક્ષણ —'

સાબરનું પાતળુંક ઝરણું, એની ક્ષીણ પ્રવાહ-પટીની ટાઢકની ધાર, વૈશાખી દોજખ મહીં પુલ પસાર થાય તે પહેલાં કવિ અનુભવે છે : 'મારા ચૈતન્યને અડે ને ઠારે અર્ધક્ષણ.' બસની ફરી ગ્રીષ્મના લૂ-યજ્ઞની જ્વાળાઓ મહીં આહુતિ થાય તે પહેલાંની ટાઢકની આ અર્ધક્ષણના સ્વાનુભવ-સાતત્યમાં કવિનો સ્વ-ભાવ વ્યક્ત થાય છે, સાંભળો.

**મારા લઘુ હૈયાની આ અજાણી ધબક**
**એટલું જો કરી શકે ? એટલું ના કરી શકે ?**
**કદાચને ના કરી શકે તો... ...**
**દિનરાત રાતદિન ખિન્ન છું,**
**એક-કેન્દ્ર થવા મથી રહેલ ક્લિન્ન છું,**
**ધબકધબકમાં ઊડી રહેલ છિન્નભિન્ન છું.**

સર્જક કવિ ઉમાશંકરે એમની વીશ વર્ષની વયે ઝંખી છે, 'વિશ્વશાંતિ.' એ દીર્ઘકાવ્યની અંતિમ બે પંક્તિઓ સાંભળીએ.

**ને 'શાંતિ ! શાંતિ !' વદતો સુવિરાટ આત્મા**
**વિ શ્વા ન્ત રે વિ કિ ર શે ઉ ર સ્ને હ લી લા !**

કવિની ભાવાત્મક પ્રજ્ઞાએ 'સુવિરાટ આત્મા' કલ્પ્યો છે, અને વિશ્વાન્તરે, તે આત્મા વિકિરશે ઉરસ્નેહલીલા એવી ઝંખના કરી છે. ચોવીશ વર્ષની વયે 'આત્માનાં ખંડેર' અનુભવનાર આ કવિએ અંતે સમાધાન અનુભવ્યું છે :

**યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે.**
**અજાણ રમવું કશું ! સમજવું રિબાઇય તે.**

'છિન્નભિન્ન છું' એવો ઉત્કટ ભાવ કાવ્ય રૂપે વ્યક્ત થયો છે, કવિની ૪૫-ની વયે, ૧૯૫૬માં. સમયાન્તરે આ કાવ્યના ભાવસાતત્યમાં બીજાં છ કાવ્યો રચાયાં છે. તે કાવ્યરચનાઓ વિશે 'પરબ'ના આ વિશેષાંકમાં સંપ્રજ્ઞ અધિકારીઓના પ્રતિભાવો વાંચવા મળશે.

આ ક્ષણોમાં મનમાં સૅમ્યુઅલ બેકેટ ઊપસ્યા છે. વર્ષો પહેલાં 'આકંઠ સાબરમતી' (પ્લેરાઇટ્સ વર્કશોપ') –માં કવિવર (હાસ્તો, નાટ્યકાર) ઉમાશંકરે 'વેઇટિંગ ફૉર ગોદો' વિશે બે કલાક વાર્તાલાપ આપ્યો હતો. પછી તે વક્તવ્ય કાગળ પર પણ ઉતાર્યું. ૧૯૯૭માં પ્રકાશિત 'કાવ્યાનુશીલન' ગ્રંથમાં (સંપાદન : સ્વાતિ જોશી) આ આલેખ છે. કવિવરના શબ્દો ઉતારું છું. 'એટલું કરું કે બીજા જ ક્ષેત્રની કૃતિઓ – ઈશાવાસ્યમ્ કે ભગવદ્‌ગીતા જે જાતનાં ભેજાંઓની નીપજ છે તેવા પ્રકારનાં ભેજાની કૃતિ આ નાટક હોય એવો આનંદ એનું વારંવાર સેવન-ચિંતવન કરતાં મેં અનુભવ્યો છે અને એમાં ધબકતી એક પ્રકારની આધ્યાત્મિક નિરાકુલ – દશા (સ્પિરિચ્યુઅલ સરીનિટી)ને કારણે આધુનિક સમયના એક ઋષિના સાન્નિધ્યનો લાભ પામ્યો છું.'



કવિ ઉમાશંકર 'છિન્નભિન્ન છું'ના સ્વાનુભવકથનમાં આકુલ છે ? હા. આ આકુલતા dreamer–ની છે ? આ પ્રશ્નની ઉત્તરચેતના વાચકોમાં સક્રિય બનશે.

'વેઇટિંગ ફૉર ગોદો' પછીનું બેકેટનું નાટક ENDGAME છે. ૧૯૭૧માં લંડનમાં એલ્ડિચ થિયેટરમાં એનો જર્મન પ્રયોગ જોયો હતો. ડિરેક્ટર ખુદ બેકેટ હતા. ના, વિસ્તાર શક્ય જ નથી. નાટકનું મુખ્ય પાત્ર હેમ છે. તેની અન્યને સંબોધીને કહેવાયેલી ઉક્તિ સાંભળો : Lick your neighbour as your self ! તમારા પડોશીને તમારી જાત જેટલો જ ચાહો. હા, આ કચકચાવીને આવેલી ઉક્તિ છે, ક્રાઇસ્ટની પ્રસિદ્ધ ઉક્તિને અમળાવતી.

ના, ઉક્તિ સૅમ્યુઅલ બેકેટની નથી. તેમના નાટકના એક ચરિત્રની છે. એ જ નાટકમાં હેમનાં માતા-પિતા મંચ પર બે અલગ-અલગ પીપડામાં ઢંકાયેલાં છે. હેમની મા નેલની ઉક્તિ સાંભળો : Nothing is funnier than unhappiness. દુઃખથી વધારે રમૂજભર્યું કાંઈ જ નથી.

એક પ્રકારની આધ્યાત્મિક નિરાકુલતા ધરાવતા આ સર્જક dreamer છે ?

બેકેટ પોતાને a-temporal being કહે છે. પોતે 'ટાઇમ' અને 'સ્પેસ'માં ઇમ્પ્રિઝન્ડ (કેદ) છે. આ કેદમાંથી પોતે કઈ રીતે છૂટી શકે ? 'કેમ જે હું જાણું છું કે સ્પેસ અને ટાઇમની બહાર કશું જ નથી. એટલે મારા યથાર્થની અંતિમ ગહરાઈમાં am nothing also !'

સેમ્યુઅલ બેકેટમાં 'છે' તેની સ્વીકૃતિ છે. ના, તે સ્વપ્નપરાયણ નથી. જિસસ ?

હરિશ્ચંદ્ર ભટ્ટના 'સ્વપ્નપ્રયાણ' કાવ્યસંગ્રહમાં જિસસને સંબોધાયેલી પંક્તિઓ સાંભળો.

**તારી એક અવિરામ કામના**
**સ્વર્ગ પૃથ્વી પર લાવવાની જે**
**બે હજાર વરસેય આજ તે**
**વેદના જ રહી માત્ર કોઈની.**

દોસ્તોયેસ્કીની એક વાર્તા છે : ધ ડ્રીમ ઑફ અ રિડિક્યુલસ મૅન.

હાસ્તો, કોણ સ્વપ્નપરાયણ, સ્વપ્નસ્થ ન હોય ?

આમ વેરવિખેર લાગતી સામગ્રી કવિવર ઉમાશંકર જોશીના પ્રસ્તુત કાવ્યના ભાવનમાં ભાવકો વધુ ને વધુ સક્રિયતા અનુભવે તેવા આશયથી અહીં પ્રસ્તુત કરી છે.

તા. ૧૦-૧૦-૨૦૧૦

r

# 'શોધ' – અંગે એક શોધસફર

***સિતાંશુ યશશ્ચંદ્ર***

## શોધ

પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ.
પુષ્પો, પૃથ્વીના ભીતરની સ્વર્ગીલી ગર્વીલી ઉત્કંઠા;
તેજના ટાપુઓ, સંસ્થાનો માનવીઅરમાનનાં;
પુષ્પો, મારી કવિતાના તાજ઼-બ-તાજ઼ શબ્દો.

ગર્ભમાં રહેલા બાળકની બીડેલી આંખો
માતાના ચહેરામાં ટમકે,
મારા અસ્તિત્વમાં એમ કાવ્ય ચમકતું તમે
જોયું છે ?

કવિતા, આત્માની માતૃભાષા;
મૌનનો દેહ મૂર્ત, આસવ અસ્તિત્વનો;
સ્વપ્નની ચિર છવિ. ક્યાં છે કવિતા ?

જોઉં છું હું, દુર્ગમ છે, દુર્લભ છે
પૃથ્વીના સૌ પદાર્થોમાં એ પદાર્થ.
ક્યારેક તો શબ્દમાં જ સરસ્વતી લુપ્ત થતી.
ક્યારેક હોલવાયેલા હૈયાની વાસ અકળાવી રહે,
ક્યારેક વળી અર્ધદગ્ધ ખયાલોનો ધૂંવા ગૂંગળાવી રહે.
ખરે જ છે દુર્વાપ કવિતાપદાર્થ.

ઘરની સામેનો પેલો છોડ વધી વૃક્ષ થયો.
ટીકીને જોયાં કર્યો છે મેં વારંવાર એને.
          એને જાંબુ આવ્યાં, ને મને આંસુ;
          વધ્યો ને ફળ્યો એ, હું વધ્યો ફાંસુ.
ખાઉં છું, પીઉં છું, ખેલું છું, કૂદું છું.
બહોળો ધરતી માતાનો ખોળો આ ખૂંદું છું.
ક્યાં છે કવિતા ?





પ્રભુએ મને પકડ્યો'તો એક વાર.
સંધ્યાના તડકાથી એ વૃક્ષનાં થડ રંગતો'તો,
ત્યાં હુંયે મારી આંખ વડે ચડાવતો ઓપ હતો.
બીજી વાર, ગાડીમાં હું જતો હતો, એકલો જ
અડધિયા ડબ્બામાં, ત્યાં નમતા પહોરના
નવું નવું યુગલ કો પ્રવેશ્યું. પ્રભુએ તાજાં
નવવધૂના ચહેરામાં ગુલો છલકાવ્યાં હતાં.
ખસી ગયો બીજે ત્યાંથી હું, એ ગુલાબી છોળોમાં
શરમના શેરડાની છાયા આછી ઉઠાવીને.

પ્રભુને સૌ આવું બધું પસંદ બહુ હોય એવું
લાગે પણ છેય તે.
શાહ્ડ માટે નહિ તો દુનિયાની ભારે મોટી
કામગીરી હોય એમ, જાણે એ વિના બધું
અટકી પડવાનું ન હોય એમ, વારે વારે
સંડોવે છે કંઈક ને કંઈક આવામાં મને એ ?

રસ્તે ચાલ્યો જતો હોઉં અને કોઈ દૂર દૂર
સહસ્ર જોજન થકી આવેલા પંખીની સાથે
મુલાકાત ગોઠવી બેસે છે મારી, પૂછ્યા વિના
મને, કોઈ વાડ પાસે. લક્ષાવધિ
પ્રકાશવર્ષોથી વ્યોમે ટમટમતા તારા પાસે
આંખ મિચકારાવે છે એ આ હું જે
'અન-રોમૅન્ટિક' તેની સામે.
શેરીમાંના પેલા બાલુડિયાને મારી સામે
ખિલખિલ હસાવી દે છે, અયુત વર્ષોને અંતે
પ્રગટેલા માનવની આજ લગીની આખીય
યાત્રાની – ભાવી આકાંક્ષાની પતાકા લહેરાવી
દે છે એ નાજુક કલહાસ્યમાં વિજયભેર.

રે રે શિશુઓનું કલહાસ્ય માણવાનો સમય રહ્યો નહિ.
શિશુઓનું હાસ્ય, મારી કવિતાનો શુભ્ર છંદ.

શબ્દ છે ! છે છંદ પણ ! ક્યાં છે તો કવિતા ?

શિખરો પર ઊર્ધ્વબાહુ આરડે મહાનુભાવો,
શતાબ્દીથી શતાબ્દી સુધી પહોંચતો બુલંદ સ્વર,
ઊતરે ના અંતરમાં, ઝમે ના પર્યાપ્ત ચિત્તે.
ખીણો ભરી ગોરંભાતો ભૂતકાળનો એ ધ્વનિ,
પડ્યાં કરે પડછંદા નિરંતર અવિરત.
પડઘાનો દેશ આ; શબ્દ નહિ, પ્રતિશબ્દ પૂજાતો જ્યાં.
પ્રતિધ્વનિથી બધિર બની ગયા કાન કંઈ
એકમેકનું ન કેમે સુણવા પામે, કદીક
બોલવા કરે જરી તો.

— નથી માર્ગ અન્ય, વહી
જાય પણે ઉરોગામી સરિતા ધીરેથી, નિજ
કલકલ્લોલધૂને મસ્ત, તેમ સરી જવું.
મળી જાય યાત્રી તેને અર્પવું હૃદયગીત. —

ક્યારે વળી અહમ્ નડે-કનડે છે. હૈયું કહે :
શીદ ગાઉં ? સુખના ઓડકાર આના,
પેલાનો પ્રેમ, અને અન્યના ઉલ્લાસકેફ !
મારે બસ ગાવાનું જ ? ઉચ્છિષ્ટ જે બીજાઓના
જીવનનું, શબ્દોમાં સંચય કરીને તેનો
કૃતાર્થ થવાનું મારે ?
કવિજીવન અરેરે શું ઉપ-જીવન ?

અરે ! અરે !
અહંના ભરડામાં આવ્યું એ જ કૈં ઓછું જીવન છે ?
જીવન તો તે, જે કૈં થયું આત્મસાત્, આત્મરૂપ.
આ આંખો જે જુએ છે એટલું જ શું એ જુએ છે ?
તો તો તે કશું જ નથી જોતી. આંખો આંધળી છે.
પેલાં વૃક્ષો, છુટ્ટાં, લીલાં પલ્લવે ઘેઘૂર ડોલે,
કેવાં છે મજાનાં ! ગમી જાય એવાં છે ! પરંતુ
એક વેળા અહીં આ એક સ્થળેથી જોવાઈ જતાં
એ બધાં અનોખી કોઈ એક-રચનામાં ગોઠવાઈ ગયાં.
વૃક્ષો ન રહ્યાં, વૃક્ષમય કશુંક લોકોત્તર સત્ત્વ,
માત્ર ત્યાં ફેલાઈ રહ્યું — એ જ તો સૌન્દર્ય. —



આંખ, તેં એ જોયું ? આજ સુધી કાં ન જોયું તેં એ ?
આંખ દ્વારા કોઈકે એ જોયું.
આંખમાં એ કોઈક હતું અને તે આ પળે બહાર
કૂદી શું રેલાઈ રહ્યું ?
એ ક્ષણાર્ધ તો હું નર્યો વૃક્ષ-રચના-મય હતો.
તદાત્મ હું એમ સર્વ વિશ્વના પદાર્થ થકી
થઈ તો શકું જ. કિંતુ શી રીતે એ હશે સાધ્ય ?

સૌન્દર્યાનુભૂતિ દ્વારા,
કવિતા દ્વારા અમોઘ.
સૌન્દર્યની સેર છંદ-શબ્દ-માં હું ઊપસેલી
જોવા કરું, પુષ્પો અને શિશુકલહાસ્ય તણા
પરિચયે કૈંક;
દેખાતી ન-દેખાતી તે હાથતાળી દઈ, મારા
ખેલ્યાં કરે અહો સંતાકૂકડી ચૈતન્ય સાથે
અહોરાત.

રાતે રસ્તાના વળાંકે મોટરની રોશનીએ
અજવાળી દીધું એક ઝુંડ નાની ગૌરીઓનું,
ઉત્સવથી વળતું જે, વર્ષાભીંજી મોડી સાંજે;
પડખેના વૃદ્ધ જોઈ રહ્યા વિસ્ફારિત નેત્રે
ભવિષ્યનું તે નિર્મલ સકલ આશારહસ્ય
ફેલાયેલું મુગ્ધ નિજ દૃષ્ટિની સમક્ષ તહીં.
કન્યાઓના આશાઉલ્લાસ વધાવવાનો સમય રહ્યો નહીં.
કન્યાઓની આશા, મારી કવિતાની નસોનું રુધિર.

ક્યાં ? – ક્યાં છે કવિતા ?

અમદાવાદ, ૭-૨-૧૯૫૯

## ૧

**સા**ચેસાચા સવાલો પૂછવાનું કામ આમે કપરું છે. ખરેખર શોધ એથીયે વિરલ. એવી શોધની, એવા પ્રશ્નોની કવિતા થવી, એ સહુથી વધારે મુશ્કેલ.

એ મુશ્કેલીનો અંદાજ સાહિત્યના અધ્યાપકોને આવી જતો હોય છે. પરીક્ષાની રોગીલી ઋતુ દરમિયાન થતો, એમનો એક સામાન્ય અનુભવ હોય કૈંક આવો હોય છે. તમે ગમે તે સવાલો પ્રશ્નપત્રમાં પૂછ્યા હોય, કેટલાક વિદ્યાર્થી પહેલેથી પોતાના

ગજવામાં એમના ‘સનાતન’ જવાબોની કાપલીઓ ઘાલીને જ આવ્યા હોય ! ત્યારે એ અધ્યાપકોને યાદ આવે કે આખું વરસ જે ચોપડીઓ પોતે ભણાવી હોય એમાંયે કેટલાક (કે પેલા વિદ્યાર્થીઓ જેમ કેટલાયે) લેખકોનું પણ એવું જ હોય છે ! એમની કૃતિઓ પણ ગજવામાં અગાઉથી જવાબી કાપલીઓ ઘાલીને વાચક પાસે આકર્ષક સવાલો લઈને આવેતી હોય છે. રાજકીય, આધ્યાત્મિક કે એવા કોઈ ક્ષેત્રના કેટલાક મહાન જવાબો ક્યાંકથી મેળવી રાખ્યા પછી લેખકો એ જવાબો જેમાં સંતાડેલા હોય તેવા સવાલોની કવિતાઓ બનાવતા હોય છે. દા.ત. ‘પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ ?’ – બોલો તો કોણ ?...!

જેવું આવા સવાલોનું, તેવું જ કૈંક ‘આંતર-ખોજો’નું પણ છે. કવિવર જેની ખોજ કરતા દેખાય તે એમને પહેલેથી જ હાથવગું હોય, એમ પણ બને. તોપણ શોધે, એ બે ઘડી મઝા ! ‘કે ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું’ એમ આઠ વાર કહ્યા પછી નવમી કડીમાં ‘ઉરે આંસુ પછવાડે હીચંતું / ને સપનાં સીચંતું’ ગીત ખરેખર ક્યાં હતું, એ તો કવિ આગોતરું જાણતા હતા એની જાણ વાચકને થાય છે ! એનોયે એક ચમત્કાર નથી હોતો, એમ નહીં.

સામે છેડે ખરી તલાશનું, સાચી શોધનું આ કાવ્ય જુઓ : ‘ભોમિયા વિના.’ એની એક પંક્તિ, ‘ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા’ એ પંક્તિ, ધ્યાનથી સાંભળો. ગીતની આ ઉપાંત્ય પંક્તિમાં આવતું ક્રિયાપદ છે, ‘ભમવી [છે]’. ચાર કડીના કાવ્યમાં એ એક ક્રિયાપદ ચૂક્યા તો આખા કાવ્યને ચૂક્યા. ‘મારે કંદરા ભમવી છે, ફરી ફરીને એક્સપ્લોર કરવી છે, એની અણદીઠી જગ્યાઓએ પહેલી વાર પહોંચીને ડુંગરાનાં એ ઊંડાણ જોવાં-અનુભવવાં છે’ એ અર્થમાં એ ક્રિયાપદ ત્યાં મુકાયું છે. કવિએ આખા કાવ્યમાં પહેલી વાર વર્તમાનકાળનો ઉપયોગ કર્યો છે. ‘ભમવા’તા’ ‘જોવી’તી’ એ બધાં ક્રિયાપદો ભૂતકાળસૂચક હતાં. જે ન થઈ શક્યું એનો ખેદ વ્યક્ત કરતાં. ‘ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા’ – પણ એ ન બન્યું.

ઉપાંત્ય પંક્તિમાં ક્રિયાપદ ‘ભમવી [છે]’ એવું વર્તમાનકાળ-ભવિષ્યકાળસૂચક ક્રિયાપદ છે. પછી ‘રે’ આવે છે તે લટકણિયાનો નથી. એ ‘રે’નાં બે કામ છે : એ ગીતમાં ત્રણ ટૂંકો ભરી જે ખેદ વરતાય છે, એનું ઘનીભૂત રૂપ એ ‘રે’માં છે. ખેદ એનો છે કે ‘ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા’ (પણ એ ન થયું.) એ ન થયાનો ખેદ આખા ગીતમાં વરતાય છે. ખેદનો એ ભાવ આ ઉપાંત્ય પંક્તિમાં ‘રે’-માં રેલાય છે. પણ એથી સાવ સામા છેડાનો ભાવ એ જ ‘રે’ દ્વારા જ અભિવ્યંજિત થાય એ માટેની પ્રયુક્તિ એ યુવાન કવિ વ્યાકરણમાંથી લઈ આવ્યા છે. પહેલી પંક્તિમાં ક્રિયાપદ છે : ‘ભમવા’તા’, એટલે કે ‘ભમવા હતા’. ઉપાંત્ય પંક્તિમાં, ઉપર નોંધ્યું તેમ, ક્રિયાપદ છે : ‘ભમવી [છે]’. પહેલી પંક્તિમાં (અને છેક છેલ્લી કડી શરૂ થાય ત્યાં સુધી) ક્રિયાપદ ભૂતકાળ-સૂચક છે. કવિએ, કાવ્યનાયકે, આ બધું કરવું હતું, પણ અરે ! એમ ન થઈ શક્યું. (દશકાઓ



પછી, ઈ. ૧૯૫૯માં લખેલા ‘શોધ’ કાવ્યમાં કહે છે તેમ, ‘સમય રહ્યો નહિ’ એટલે ?) પણ, ફિકર નહીં, હજી છેલ્લી કડી બાકી છે – ગીતની. અને એ યુવાનની જિંદગીની તો ઘણી ‘કડીઓ’ (ત્યારે, એ ગીતના રચનાકાળે, ઈ. ૧૯૩૨માં) હજી બાકી છે ! ગીતની છેલ્લી કડીમાં ક્રિયાપદનો કાળ બદલાય છે. બારમી પંક્તિમાં, ત્રીજી કડીને છેડે, ‘એકલો અટૂલો ઝાંખો પડ્યો’, એ પંક્તિમાં કાળ યોજના રસપ્રદ છે : ‘ઝાંખો પડ્યો [હતો] અથવા [છું]’ એમ બે શક્યતાઓ ખુલ્લી થાય છે. અને છેલ્લી કડી માટે પ્રવેશદ્વાર ખૂલે છે.

છેલ્લી કડીમાં ક્રિયાપદ ‘ભમવા’તા’ એમ નથી, ‘ભમવી’ એમ છે. ભૂતકાળ નહીં, ભવિષ્યકાળ. ‘ભમવી હતી’ નહીં, ‘હવે ભમવી છે’. ક્રિયાપદના આવા ભવિષ્યકાળ સૂચવતા પ્રયોગ પછી આવતા ‘રે’નું બીજું પ્રયોજન તે પેલા ખેદથી સામા છેડાનું, ઉમંગ સૂચવવાનું પ્રયોજન છે. કવિનો જે યુવા-સહજ, આગલા ખેદને હટાવતો, નવો ઉમંગ છે, એને ‘ભમવી રે’ એટલે કે ‘હજી તો ભમવી છે રે’, એવા કાકુ કે લહેકા વડે કવિ ધ્વનિત કરે છે. એ રીતે આ ગીતને અંતે કવિની શોધ (ડુંગરા ભમીને કોતરો અને કંદરા અને કુંજ કુંજને ભોમિયા વિના ખોળી કાઢવાની, જાતે જીવવાની ખોજ) પૂરી નથી થતી; એ તો હવે, કાવ્યાંતે, શરૂ થાય છે. કેમ કે એ ભોમિયા વિનાની ખોજ છે; એના અગાઉથી કોઈ બીજાએ (ગાંધી, અરવિંદ, માર્ક્સ, આમ્બેડકર, સંઘ, જમાત કે મૂડીવાદ-માર્કેટવાદે) લખેલા (ને ‘કવિએ’ ! સંતાડી રાખેલા), એવા તેવા કોઈ જવાબો, ઉકેલો અહીં છે જ નહીં. ‘ભોમિયા વિના’ કાવ્યમાં, કોઈ ભોમિયો ક્યાંય સંતાઈને બેટો નથી, કાવ્યાંતે હાઉક કરીને વાચકને સામો આવવા માટે !

‘શોધ’ કાવ્ય જેમ ‘ભોમિયા વિના’ એ કાવ્ય પણ શોધનું, તલાશનું કાવ્ય છે. ખરી તલાશનું ખરેખરું કાવ્ય છે. વિરલ.

ઉમાશંકરને ગમતું રૂપક પ્રયોજીને કહી શકાય કે ૧૯૩૨માં લખેલા એ ગીતનો અને ૧૯૫૯માં લખેલા આ કાવ્યનો કાવ્યનાયક ‘નિજ લીલા’ ભમવા ચાહે છે, ‘નક્ષાહુકમ’ નહીં. કોઈ વિવેચક આજે કહે કે કવિએ આખું જીવન એ રીતે જ જીવી બતાડ્યું અને એટલે જ આયુષ્યના અંતિમ દશકમાં કવિ ‘શોધ’ કાવ્ય લખી ગયા. જોકે જીવનનો કવિતા સાથેનો એવો સમીકરણાત્મક સંબંધ જોવો, એ બેમાંથી એકેને સમજવામાં, કવિતા લખવામાં અને જીવન જીવવામાં, શક્ય છે કે બાધારૂપ બને. જીવન અને કલા બંને પ્રગાઢપણે સ્નેહ-સંબંધે, લોહીને નાતે, જોડાયેલાં છે, ન કે શાસક-શાસિત-સંબંધે. તો સમીકરણીયા જીવનવાદી રસ્તે ફંટાયા વિના, કાવ્યચર્ચા આગળ ચલાવીએ.

## ૨

‘શોધ’ની શોધને અને એના કાવ્યત્વને પામવા માટે, એ બે અલગ-અલગ રહે છે કે એકાકાર થાય છે, એ જોવું જરૂરી બને. એ બે આ કાવ્યમાં ‘સમુદિત’ છે કે ‘વ્યસ્ત’ છે, એ તપાસવાનું કામ ભારતીય કાવ્યમીમાંસા આજે આપણને સોંપે. બીજાં પોએટિક્સ પણ કામમાં જોડાઈ શકે.

'મેકિંગ ઑફ ધ મેજિક માઉન્ટન', નામના નિબંધમાં જર્મન નવલકથાકાર ટૉમસ માન પોતાની એ મહાન નવલકથાનો કલા-ઘાટ કઈ રીતે ને કેવોક ઘડાયો એ વાત માર્મિકતાથી સમજાવે છે. આલ્પ્સ પર્વતના ઊંચા ઢોળાવો પરના એક ટી.બી. સેનિટોરિયમમાં જિવાતી મરણોન્મુખ છતાં એશારામી જિંદગીનું, (અને એ મીશે હ્રાસોન્મુખ છતાં ઝાકઝમાળ યુરોપીય સંસ્કૃતિનું), એ નવલકથામાં આલેખન છે. નવલકથાનો ઘાટ સંગીતની સિમ્ફની જેવો પોતે રચ્યો છે, એમ એ નિબંધમાં ટૉમસ માન કહે છે. પોતાની કોઈ સિમ્ફની અનેકવિધ મૂવમેન્ટ્સને, આરોહ-અવરોહોને, જેમ બીથોવન જેવો કમ્પોઝર, એ સિમ્ફનીમાં ફરી ફરી આવતા લાઇટમોટિફ, (ધ્રુવપદ કે સમ) વડે સાંકળેલાં રાખે, એમ પોતાની આ સુદીર્ઘ નવલકથામાં આવતા અનેક અને વિવિધ પ્રસંગો, ઘટનાઓ, વિચારણાઓને નવલકથાકાર પણ કથનકલાગત 'લાઇટમોટિફ' વડે સાંકળે છે. 'મેજિક માઉન્ટન'ના એ લાઇટમોટિફની રચના કરવા માટે ટૉમસ માન આલ્પ્સના પેલા વૈભવી હોટેલ જેવા સેનિટોરિયમના મકાનના અનેક દરવાજાઓ નિરંતર અફળાઈને બંધ થવાના અવાજોનું આલેખન, અનેકવિધ આલાપો અને નાનો દરમિયાન આવતા-જતા સમ જેમ, કરે છે. જાણે પોતાના સમયની યુરોપીય સંસ્કૃતિના ઊજળા ભવિષ્યના દરવાજા એક પછી એક, ધડાકાભેર, બંધ થતા હોય ને એ અંતની એક શોકભરી સિમ્ફની વાગતી હોય એમ.

'શોધ' કાવ્યમાં (અને 'સપ્તપદી'નાં બીજાં કાવ્યોમાં) ભારતીય કવિ ઉમાશંકર જોશી પોતાની સંસ્કૃતિની હ્રાસોન્મુખતાનું આલેખન કરે છે એ એના ઉલ્લસન માટે, 'ભવિષ્યના નિર્મલ સકલ આશારહસ્યની' શોધ કરે છે. એક સો નવ પંક્તિમાં વિસ્તરેલા આ કાવ્યની અનેકવિધ લયલીલાઓમાં આજ વરસોથી મને સિમ્ફોનિક મૂવમેન્ટ્સ, બહુ-વાદ્ય-સંગતીનું આરોહ-અવરોહોભર્યું વાગ્-સંગીત (ગવૈયા-બજવૈયાઓની ખલેલ વગર) સંભળાતું રહ્યું છે. 'શોધ'ની વાગર્થ સિમ્ફની જાજરમાન છે. એની લયલીલાની અને એના વ્યંગ્યાર્થોની બહુ-વાદ્ય-સંગતી (સિમ્ફની) વિશાળ અને સંકુલ છે. કોઈક લાઇટમોટિફ વડે, કોઈક સંયોજક પ્રયુક્તિ વડે, એને એકઠી કરી રાખી ન હોય તો એ કૃતિ કોલાહલમાં પલટાઈ જાય તેવી છે. એનું સાર્થક અને સૌંદર્યાનુભવી વાચન પણ એના આવા સમને, ધ્રુવપદને, લાઇટ્મોટિફને જાણ્યા-પારખ્યા વિના શક્ય ન બને. 'શોધ'નો એવો સમ કયો છે ?

કોઈ કહેશે કે એ સમ છે 'શોધ'માં વારંવાર પુછાતો પેલો પ્રશ્ન : 'ક્યાં છે કવિતા ?' એમ પણ હોઈ શકે.

બીજી એક શક્યતા વિચારી શકાય. 'શોધ'નો સમ 'ક્યાં છે કવિતા ?' એ તાકીદનો પ્રશ્ન જો ન હોય, (અને એ કાવ્યની સમગ્ર સુરાવટ પણ એવી તાકીદના ઉદ્વેગની ન હોય) તો બને કે એનો સમ એ કાવ્યમાં ફરી ફરીને આવતી આ પંક્તિમાં રહેલો હોય : 'સમય રહ્યો નહિ', 'સમય રહ્યો નહિ', 'સમય રહ્યો નહિ'. જો એમ હોય તો એ આખી



કવિતાની ટોનાલિટી, એની સમગ્ર સુરાવટ બદલાઈ જાય. શું એમ છે ? જવાબ મેળવવા માટે કૃતિને નજીકથી જોઈએ, બલ્કે સાંભળીએ.

ત્રણ વાર, ત્રણ ક્રૂશિયલ કે નિર્ણાયક જ્યાએ, કવિ એ પંક્તિ ('સમય રહ્યો નહિ')-ને એ કાવ્યમાં મૂકે છે. આરંભે પહેલી જ પંક્તિ રૂપે; અંતે છેલ્લેથી ત્રીજી પંક્તિ રૂપે, અને બાવનમી પંક્તિ રૂપે, એટલે કે એક સો નવ પંક્તિના આ કાવ્યની વચ્ચોવચ. આરંભે, મધ્યમાં અને અંતે મુકાયેલી આ પંક્તિ ભારે રૂપવૈવિધ્યવાળી, અનેક લયસુરાવટમાં વહેતી, વિભિન્ન સાંસ્કૃતિક કટોકટીઓને નિરૂપતી પેલી એક સો નવ ગતિશીલ પંક્તિઓને એક સુઘટ્ટ ઘાટમાં એકઠી રાખી શકે છે. જાણે કે આખું કાવ્ય, સાદ્યંત, મનોમન બોલતું રહે છે : 'સમય રહ્યો નહિ.'

'સમય રહ્યો નહિ', કવિ વારંવાર જાણે વસવસો કરે છે, ઠપકો આપે છે; ભૂલ કબૂલ કરે છે. તો હવે સવાલ છે : કયો સમય રહ્યો નહિ ? શેનો સમય રહેવો જોઈતો હતો પણ રહ્યો નહિ ? શેને માટે સમય કાઢવો જોઈતો હતો (કે આવી હ્રાસોન્મુખતા ન આવત, આવો જીવનક્ષય ન થાત) ? – જવાબમાં ગાંધીયુગના કોક અગ્રણી માટે કેવાં કેવાં સંસ્કૃતિ-રક્ષક મહાન કામો, બાપુએ અગાઉથી જ ચીંધી રાખેલાં, ફરી ચીંધવાની તક હતી ! ને આજના નવા અગ્રણીઓ માટે તો ધર્માર્થકામનાં ત્રણ મલાઈદાર તમાશાનાં આયોજન, નવા બાપુઓ, નવા રાજાઓ, નવી ફન્ડિન્ગ એજન્સીઓના ઇશારા પ્રમાણે, રજૂ કરવાની તક છે ! પણ આ તો ઉમાશંકર. જેમ ૧૯૩૨માં તેમ ૧૯૫૯માં (અને ૧૯૭૫માં). એમનાં ત્રણ કામ, (કરવાનાં હતાં પણ, અરે, સમય રહ્યો નહિ જે માટે, તે), 'શોધ' કાવ્યના પાઠ (ટેક્સ્ટ) પ્રમાણે, આ ત્રણ છે : 'પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ.' 'રે રે શિશુઓનું કલહાસ્ય માણવાનો સમય રહ્યો નહિ,' અને 'કન્યાઓના આશાઉલ્લાસ વધાવવાનો સમય રહ્યો નહીં.'

અગ્રણીઓ ચોંકી ઊઠશે. પુષ્પો, શિશુઓ, કન્યાઓ – આ ત્રણ સુકોમળ ચીજો, પેલી ભયંકર, જીવનક્ષયકારી, સંસ્કૃતિહ્રાસકારી કટોકટીનાં નિવારણ ? બધા સંસ્કૃતિ-નિષ્ણાતો ના પાડશે.

નિષ્ણાતો જાણી શકે એનાથી વધારે કે જુદું જાણવું હોય તો કવિ પાસે, બલ્કે કવિતા પાસે જવું રહ્યું. પુષ્પો સાથે વાત કરવી, શિશુઓનું કલહાસ્ય માણવું, કન્યાઓના આશાઉલ્લાસ વધાવવા એટલે શું, એનો મર્મ 'શોધ' કાવ્ય આ રીતે તપાસે છે :

પુષ્પો સાથે વાત, એટલે શું ? શું, બલ્કે કોણ છે આ 'પુષ્પો ?' 'પુષ્પો, પૃથ્વીના ભીતરની સ્વર્ગીલી, ગર્વીલી ઉત્કંઠા; / તેજના ટાપુઓ, સંસ્થાનો માનવીઅરમાનનાં; / પુષ્પો, મારી કવિતાના તાજ઼-બ-તાજ઼ શબ્દો.' – એ જે છે તે પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ. પૃથ્વીની સ્વર્ગીલી ઉત્કંઠાને ન ઓળખનારનું શું થાય, માનવીઅરમાનોને, અંધકારના મહાસાગરમાં ટકી રહેલા તેજના ટાપુઓને, કવિતાના શબ્દોને અવગણનારી સંસ્કૃતિનું શું થાય ? – 'શોધ' આપણને આ અને આવા સવાલોની સામે ઊભા કરી

દે છે. ભોમિયા વિના.

'શિશુઓનું કલહાસ્ય' એ તત્સમ શબ્દોની પડખોપડખ કવિ આ તદ્રૂપ-દેશ્ય-સદશ વાણી મૂકી આપે છે : 'શેરીમાંના પેલા બાલુડિયાને મારી સામે / ખિલખિલ હસાવી દે છે'. કોણ ? એ જ જે 'અયુત વર્ષોને અંતે / પ્રગટેલા માનવની આજ લગીની આખીય / યાત્રાની – ભાવી આકાંક્ષાની પતાકા લહેરાવી / દે છે એ નાજુક કલહાસ્યમાં વિજયભેર.' તો આ છે શિશુઓનું કલહાસ્ય, અથવા શેરીમાંના પેલા બાલુડિયાનું ખિલખિલ હસવું, જે વડે કોક અયુત વર્ષો અગાઉથી તે છેક આજ લગી અને આજથી તે દૂર ભાવીની આકાંક્ષા લગી, એક લાંબ્બી પતાકા વિજયભેર લહેરાવી દે છે. – જે વ્યક્તિ કે સંસ્કૃતિ પાસે 'રે રે [એવું] શિશુઓનું કલહાસ્ય માણવાનો સમય રહ્યો નહિ' એનું શું થાય ? આ બીજો સવાલ આ કાવ્યમાં સામો આવે છે.

'શોધ' કાવ્ય પૂરું થાય તે પહેલાં એક વળાંક આવે છે : 'રાતે રસ્તાના વળાંકે મોટરની રોશનીએ / અજવાળી દીધું એક ઝુંડ નાની ગૌરીઓનું'. અગિયાર શબ્દો કવિના, ને સૌંદર્યમંડિત, ગતિશીલ એક ચિત્ર, બલ્કે ચલચિત્ર રચાઈ ગયું. અરે, 'ઝુંડ' શબ્દ પણ સુંદર બની ગયો ! કવિ (જે આ કાવ્યના કથનકાર અને કાવ્યનયાક છે, તે) આ દશ્ય પોતે જુએ છે અને પોતાના વૃદ્ધ સહયાત્રીને એ દશ્ય જોતા પણ જુએ છે. ગોર્યો કરતી (કેસરિયો વર મેળવવા વ્રત કરતી, ને તોય એ બાબત સાવ અબૂધ એવી નિર્દોષ) બાળકીઓ, ગોરમાઓ, પોતાના ગામના રસ્તે રાતે કૈંક બનીઠનીને ચાલતી જતી હોય. એ રસ્તે દોડતી મોટરમાં બેઠેલા કવિ અને સાથે બેઠેલા કોઈ 'વૃદ્ધજન'ને, રસ્તાના વળાંક પર ઘૂમતા મોટરની તેજ હેડ્લાઇટના શેરડામાં એ 'નાની' (જ ? – ઉમાશંકરભાઈ, ઉમાશંકરભાઈ !) ગૌરીઓનું 'ઝુંડ' થોડીક પળો દેખાય. ને વીજળીને ઝબકારે જાણે કવિ દશ્યાવલીનાં ઝળકતાં મોતી પોતાની કાવ્યબાનીમાં પરોવી લે છે. પોતે તો ઝીણી નજરે બધું જોઈ જ લે છે પણ 'વિસ્ફારિત નેત્રે' એ કન્યાઓને જોતાં વૃદ્ધજનને પણ કવિ ક્ષણાર્ધમાં પકડી પાડે છે ! કવિ, કૈંક સસ્મિત, 'શોધ'ના વાચકને એ સમગ્ર ચલચિત્ર દેખાડે છે. 'કન્યાઓની આશા' (વર એટલે શું એ બરોબર સમજ્યા વિના વ્રત-ગીતવાળો કેસરિયો વર પામવાની એ ગોરમાઓની આશા) કવિ માટે 'મારી કવિતાની નસોનું રુધિર' છે. એ 'કન્યાઓના આશાઉલ્લાસ' 'વધાવવાનો સમય રહ્યો નહીં.' જે વ્યક્તિ કે સંસ્કૃતિ પાસે પોતાની જ કન્યાઓના આશાઉલ્લાસ વધાવવાનો સમય ન બચ્યો હોય, એની આવતીકાલ ક્યાંથી ઊગે ? આ ત્રીજો પ્રશ્ન સામો ખડો થયો.

(એક લઘુ-ટીકા : 'નહિ / નહીં' અંગે. 'સમય રહ્યો નહિ' એમ બે વાર અનુસ્વાર વિનાનો, હ્રસ્વ સ્વર માત્રા વાળો 'નહિ' શબ્દ, પુષ્પો અને શિશુઓ સંદર્ભે યોજ્યા પછી, અહીં કવિ અનુસ્વાર સહિતનો, દીર્ઘ સ્વર માત્રાવાળો 'નહીં' શબ્દ કન્યાઓને સંદર્ભે યોજે છે. આસપાસની પદાવલી તપાસ્યા પછી મને એ કાં તો લેખન વેળાનું કવિનું અનવધાન અથવા છાપ-ભૂલ જણાય છે. – કોઈ કહે કે આગલી પંક્તિના અંત્ય શબ્દ



'તહીં'ના પ્રાસમાં આ 'નહીં' આવ્યું છે... એવું હોઈ શકે ? – 'નહિ'-માં સંસ્કૃત 'ન હિ'-ના 'હિ'-ની દઢતા, એનું વજન છે. 'શિશુઓનું કલહાસ્ય' તો તત્સમ 'નહિ'નું અધિકારી ખરું, પણ ત્યાં એ પેલા શેરીમાંના બાલુડિયા ખિલખિલ હસતા હતા, એમને માટે ગુજરાતીવાળું 'નહીં' ન ચાલત ? વળી 'બાલુડિયા' ઉપરનો અનુસ્વાર-લોપ, એ જગ્યાએ 'નાની કન્યાઓ' માટે અવકાશ નથી રાખતો. આ બધું ઝીણું કાંત્યું, મેં, પણ ઉમાશંકરનું સમગ્ર ભાવજગત જેવું મારી સમજમાં આવ્યું છે, તેને આ ચીજો અનુકૂળ નથી લાગતી. 'શોધ' કાવ્યની કવિ-હસ્તાક્ષરમાં લખાયેલી પ્રત મળે તો ખરાઈ કરાય.)

આમ, પુષ્પો સાથે વાત કરવાનો, શિશુઓનું કલહાસ્ય મણવાનો અને કન્યાઓના આશાઉલ્લાસ માણવાનો સમય રહ્યો નહિ, તે સાથે જ 'મારી કવિતાના તાજ઼-બ-તાજ઼ શબ્દો', 'મારી કવિતાનો શુભ્ર છંદ' અને 'મારી કવિતાની નસોનું રુધિર' – એ ત્રણે માટે પણ સમય રહ્યો ન-હિ.

'શોધ' કવિતામાં ત્રણ વાર 'ક્યાં છે કવિતા ?' એમ ફરી ફરીને અને ચોથી વાર, કાવ્યની અંતિમ પંક્તિમાં 'ક્યાં ? – ક્યાં છે કવિતા ?' એમ ભારપૂર્વક પ્રશ્ન પુછાય છે. એ પ્રશ્નમાં 'કવિતા' શબ્દ મુકાયો છે, એની અર્થચ્છાયા અને એનો ધ્વન્યાર્થ પુષ્પો, શિશુઓ અને કન્યાઓ સુધી જાય છે. એ ત્રિક 'મારી કવિતાના શબ્દો', 'મારી કવિતાનો છંદ' અને 'મારી કવિતાનું લોહી' સાથે સંકળાયેલું છે. એટલે એ ત્રિકનો ધ્વન્યાર્થ વળી આગળ વિસ્તરે છે. એ વિસ્તરણશીલ વ્યંજનાનો માર્ગ આ કાવ્યબાનીમાં કોઈ અભિધા વડે, પૂર્વ-નિર્ણિત 'મુખ્યાર્થ' વડે, રુંધાતો નથી. એ પ્રશ્નોની પાછળ કોઈ પહેલેથી નક્કી કરાયેલો ઉત્તર નથી. 'શોધ' કાવ્યનો ગોત્ર-સંબંધ આમ 'ભોમિયા વિના' કાવ્ય સાથે જોડાય છે, 'ગીત ગોત્યું ગોત્યું' સાથે નહીં. 'એકલો અટૂલો હું ઝાંખો પડ્યો', ભલે; તેમ છતાં નવેસરથી મારે તો ભોમિયા વિના જ ડુંગરા હવે ભમવા છે રે, એમ કહેતો નવયુવાન કવિ, દશકો પછી પ્રૌઢીપૂર્વક 'શોધ' કાવ્ય લખે છે. કવિનો આ મિજાજ એક સાચા ગાંધીયુગની, બીજી સાચા અદ્યતન યુગની, અને સમગ્રપણે આપણા અર્વાચીન કાવ્ય-સાહિત્યની સંપ્રાપ્તિ બને છે.

વિવિધ વિચારસરણીઓએ, આઇડિયોલૉજીઓએ, આજે પોતપોતાની રીતે વાસ્તવને પાતળું, છીછરું, દરિદ્ર, એકવિધ બનાવી નાખ્યું છે. પરમ પ્રાપ્તિનાં બણગાં ફૂંકતી, કોઈ રાજકીય, આર્થિક, આધ્યાત્મિક, સમૂહવશીકરણવાદી વિચારસરણી કે વ્યક્તિની કૃપાનાં ગુણગાન કરતી, 'જીવનાભિમુખ', 'પ્રેરક', 'પ્રતિબદ્ધ', 'આશાવાદી' કે એવીતેવી કવિતા જેમ એમના ઘણા સમકાલીનો વિવિધ ભારતીય ભાષાઓમાં લખતા હતા, તેમ આપણા આજે લખે છે. પણ 'આયુષ્ય છે ત્યાં સુધી છે જ યુદ્ધ, / કો મૃત્યુ પૂર્વે ન સંપૂર્ણ બુદ્ધ', એમ કહેનાર ઉમાશંકર સ્વયમ્ ભારતીય કવિતા માટે એ એક જાનદાર અને પ્રાણપ્રદ ઘટના છે.

## ૩

જે કોઈ શોધ કરે, શોધ એને બદલ્યા વિના ન રહે. શોધની, તલાશની ખરાઈની એ એક કસોટી ગણી શકાય. 'શોધ' કાવ્યમાં, કવિના 'વર્ણન' પરત્વે જ નહીં, એમના 'દર્શન' પરત્વે પણ આ કસોટીએ ખરાઈ કરવા જેવી છે.

જે કવિએ પોતાની કાવ્યયાત્રાના પ્રારંભે, જીવનના યે બે દસકા માંડ પૂરા કર્યા હોય ત્યારે, દૂરથી આવતો અને શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટો ગજાવતો મંગલ શબ્દ સાંભળ્યો હોય, એ કવિ એ યાત્રાના વિરામ નજીક પહોંચે ત્યારે, જીવનના છેલ્લા દશકમાં, લખે છે : 'શતાબ્દીથી શતાબ્દી સુધી પહોંચતો બુલંદ સ્વર, ઊતરે ન અંતરમાં, ઝમે ના પર્યાપ્ત ચિત્તે.' સાચી શોધ કરતાં કરતાં જે સામે આવે છે, એનાથી (દુરિતથી, અસુંદરથી, જીવનહ્રાસના, સંસ્કૃતિ-નાશના પુરાવાઓથી) નજર ખસેડી લે તે કવિ શેનો ? ઉમાશંકરની આંખો કશા સામે અને કોઈ સામે ઝૂકી નથી – વ્યક્તિ રૂપે કે કવિ રૂપે. ગમે તેવી કટોકટીમાં. એટલે 'શોધ' કાવ્યની અગિયારમી કડીમાં ઉમાશંકર કહી શક્યા છે કે જે હવે સંભળાય છે તે 'મંગલ શબ્દ' નથી, હવે 'પડઘાનો દેશ આ; શબ્દ નહિ, પ્રતિશબ્દ પૂજાતો જ્યાં.' પૂર્વે ઉમાશંકર અને ઉત્તર ઉમાશંકરને પાસેપાસે મૂકી જોવા-સમજવાનું કામ કવિની જન્મશતાબ્દીનો પ્રસંગ આપણી સામે મૂકી આપે છે.

'આયુષ્ય છે ત્યાં સુધી છે જ યુદ્ધ' ('બાલ રાહુલ', માર્ચ-ઑગસ્ટ, ૧૯૪૨; સત્યાગ્રહ-પર્વતમાળાની આભ-ઊંચી ટૂંકનું વર્ષ) એમ પાત્ર-મુખે કહેનાર આ કવિ સંઘર્ષશીલ કવિ છે. સતત જાગ્રત રહી, એ પોતાના ભાવો, વિચારો અને વર્તનને, બદલાતા વાસ્તવના જુદાજુદા સંદર્ભોમાં, પૂરી નિર્ભયતા તપાસતા-મઠારતા રહ્યા છે. 'કવિની શ્રદ્ધા'માં ઉમાશંકર 'શ્રદ્ધામાં થયેલાં પરિવર્તનો'-ની વાત માંડતાં અચકાતા નથી. એ કહે છે : 'જમાને જમાને કવિતારીતિ પલટાતી જતી હોય છે... પણ એ પલટાઓ પાછળ જીવન અંગેની શ્રદ્ધામાં થયેલાં પરિવર્તનોનો ભાગ જેવો તેવો હોતો નથી.' (એ જ, પા. ૧૪.) ઉમાશંકર, આમ, 'વર્ણન' પરત્વે જ નહીં, 'દર્શન' પરત્વે પણ પ્રમાણિક અને પરિવર્તનશીલ રહ્યા છે; નિરંતર ખુદવફાઈ અને પલટાતા યથાર્થનું યથોચિત આકલન, એ બંનેમાં જાગ્રત રહ્યા છે.

એમની, પોતાની જાત સાથેની એક આકરી શરત છે : 'ગર્ભમાં રહેલા બાળકની બીડેલી આંખો / માતાના ચહેરામાં ટમકે, / મારા અસ્તિત્વમાં એમ કાવ્ય ચમકતું તમે / જોયું છે ?' ('શોધ', પં. પથી ૮) માતાના ગર્ભમાં હો કે માતૃભાષાના ગર્ભમાં – અનાગતની જે બીડેલી આંખો હોય તેની ચમક માતાના ચહેરાને, કવિના અસ્તિત્વને, કાવ્યની બાનીને અને કાવ્યગત દર્શનને (વર્લ્ડ વ્યૂ-ને) બદલી નાખે છે, ખૂબ વધારે સુંદર બનાવી દે છે. એ બેવડા બદલાવને ઉમાશંકરની કવિતામાં (એકાધિક આધાન પ્રસંગે !) જોઈ શકાય છે. 'શોધ'-માં, એટલે જ, એક આનંદપૂર્વક, એક અપેક્ષાપૂર્વક, એક ખેદપૂર્વક આ પ્રશ્ન પુછાયો છે. 'મારા અસ્તિત્વમાં [એ] તમે જોયું છે ?' અનાગતની આંખે જગતને



જોવા આ કવિ તત્પર છે, ભલે એથી આખું દશ્ય બદલાઈ જાય. ભલે એથી દશ્ય, દ્રષ્ટા અને દર્શન ત્રણે સામટાં બદલાઈ જાય.

સમાજ અને રાજ્ય સંદર્ભે 'રાજકારણ'ના વિકલ્પે 'લોકકારણ' જેવો શબ્દ ઉમાશંકરને સૂઝે, એ સૂચક છે. ત્રણ દાયકા પછી, ૧૯૭૫ની કટોકટીનાં વર્ષોમાં લોકદમનકારી રાજ્યસત્તાને આ લોકકારણી સાંસદે જે શબ્દો ભરી સંસદે સંભળાવ્યા હતા, એનો એક છેડો પેલા ૧૯૪૨માં લખાયેલા કાવ્ય સાથે તો બીજો છેડો ૧૯૭૮માં પૂરા કરાયેલા 'પીંછો' કાવ્યમાં અને ૧૯૮૨માં પૂરા કરાયેલા 'સ્વપ્નોને સળગવું હોય તો' કાવ્યમાં જોડાય છે. 'સપ્તપદી' એ સંગ્રહનાં આ બે કાવ્યો, જે અનુક્રમે ૧૯૭૧ અને ૧૯૭૨માં શરૂ કરાઈ બાજુ મુકાયાં હતાં, એમને કવિ ૧૯૭૫-૭૭ના કટોકટી કાળમાંથી પસાર થયા પછી ફરી હાથમાં લે છે અને અનુક્રમે ૧૯૭૮ અને ૧૯૮૧ (-ના ત્રીજા મહિનામાં સળંગ બે દિવસો)-માં પૂરાં કરે છે, 'શોધ' કાવ્યની સામગ્રીને અને એની કલાને જાણવા-સમજવા-માણવામાં આ સંદર્ભ ઉવેખવા જેવો નથી.

ઉમાશંકરના કવિ-દર્શનનાં ત્રણ સ્થિત્યંતરોને તપાસીને આ વિભાગની ચર્ચા પૂરી કરીએ.

'ભિન્નભિન્ન છું' ને ઉપાંત્ય પંક્તિ છે : 'એક-કેન્દ્ર થવા મથી રહેલ ક્લિન્ન છું', એ અંગે, 'એક કેન્દ્ર' અંગે, છેલ્લા ત્રણેક દશકથી મનમાં સવાલો થયા કરતા હતા. અલબત્ત, વ્યક્તિત્વ વિશૃંખલ ન હોવું જોઈએ, પુલ યોર સેલ્ફ ટુગેધર, આત્મસ્થ વગેરે 'આદર્શો'થી કયો બાળક અજાણ્યો હોય ? આ લેખ લખનાર પણ નહોતો. પણ મને મૂંઝવતો સવાલ એ હતો કે શું ઉમાશંકર, કવિ અને ચિંતક, 'એક-કેન્દ્ર'-તા-ને, 'બહુ-કેન્દ્ર'તાને મુકાબલે, વધારે પસંદ કરતા હતા ? 'છિન્નભિન્ન'-તાનો ઉકેલ, આજે, (કે ક્યારે પણ જો સાચે જ હોય તો – ધો આઈ ડાઉટ ઇટ,) 'એક-કેન્દ્ર'-તા બને કે 'બહુ-કેન્દ્ર-તા ? શું ઉમાશંકર જોશી જેવા તેજસ્વી બુદ્ધિ-શક્તિ અને નિર્ભેળ નિર્ભયતા ધરાવતા ચિંતક-કવિ 'એક-કેન્દ્ર'-ની વિભાવનાની જડમાં રહેલા હેગેલિઅન સત્તા શોખને પામી નહીં ગયા હોય ? કે પછી...? આવા પ્રશ્નો થતા રહેતા હતા. ત્યાં જ, શતાબ્દીના આ દોરમાં, 'શોધ'ની આ પંક્તિઓ પર ધ્યાન ઠર્યું : 'પેલાં વૃક્ષો, છુટ્ટાં, લીલાં પલ્લવે ઘેઘૂર ડોલે, / કેવાં છે મજાનાં ! ગમી જાય એવાં છે ! પરંતુ / એક વેળા અહીં આ એક સ્થળેથી જોવાઈ જતાં / એ બધાં અનોખી કોઈ એક-રચનામાં ગોઠવાઈ ગયાં. / વૃક્ષો ન રહ્યાં, વૃક્ષમય કશુંક લોકોત્તર સત્ત્વ, / માત્ર ત્યાં ફેલાઈ રહ્યું — એ જ તો સૌંદર્ય.' થોડોક તો, કદાચ, તફાવત છે, 'છિન્નભિન્ન છું'માં તકાતી 'એક-કેન્દ્ર'-તા અને 'શોધ'માં જોવાતી 'એક-રચના' વચ્ચે ! (હોપ સો !) સત્તા, કદાચ, સૌંદર્યના પ્રભાવમાં સ્થગિત એક-કેન્દ્ર-ત્વથી ખસીને બહુ-કેન્દ્ર-રચનાને સ્વીકારશે. 'પેલાં વૃક્ષો, છુટ્ટાં...' 'એક-રચનામાં ગોઠવાઈ જાય' પછી પણ 'ગમી જાય એવાં' –ને એવાં 'વૃક્ષો છુટ્ટાં' રહેશે ?

'સપ્તપદી'ના છેલ્લા પગલે, 'પંખીલોક'માં, કવિ એથી પણ એક ડગલું આગળ

ભરે છે. અહીં દરેક પંખીને પોતપોતાની રીતે બોલવાની છૂટ છે ! કવિ દરેકને માણે છે, 'એક વેળા આ એક સ્થળેથી' સાંભળી 'એ બધાં'ને 'અનોખી કોઈ એક-રચનામાં' 'ગોઠવ્યા'નો આગ્રહ (સત્યાગ્રહ કે સત્તાગ્રહ) આ કાવ્યમાં નથી જાણતો. જોકે શરૂઆતના ભાગમાં થોડી વાર પાણિનિ અને પંખીઓ વચ્ચે ચણભણ ચાલે છે. પણ પછી 'કોકિલ-કલા', 'કાક-કુલ', 'ચકીટોળું' 'લીલા પોપટ', બપૈયો, ભારદ્વાજ, મયૂર, વગેરેને અને ઉપાંત્ય કડીમાં તો વાગોળ, ચામાચીડિયાં અને ઘુવડને પણ જગ્યા મળે છે. આ પંખીલોકમાં કોયલ, કાગડો વગેરે બધાને પોતપોતાના અનેકરૂપે રહેવાની છૂટ મળે છે ! બુલબુલ પણ આ બહુ કેન્દ્રી પંખીલોકમાં બુલબુલ જ રહે છે, ફક્ત એણે 'શ્રીપ્ રભુ !' એવું, બોલવું પડે છે, એ દરગુજર. અને ત્રીજી ટ્રાયલે તો બુલબુલ બરાબર બોલતું થઈ જાય છે : 'શ્રી પ્રભુ' !

આ ભક્ત-હૃદય બુલબુલને બાદ કરતાં 'પંખીલોક'ની કાવ્યસૃષ્ટિની બહુ-કેન્દ્રીયતા ઉમાશંકર જોશીની સર્જકતાનું મુક્ત, ઓપન-એન્ડેડ અને ગતિશીલ સ્વરૂપ વ્યક્ત કરે છે. 'છિન્નભિન્ન છું'-માં 'એક-કેન્દ્ર', 'શોધ'-માં 'એક-રચના', અને 'પંખીલોક'-માં સારસનો બેવડ આલાપ અને 'સપ્તકના સૂર' જેવા દેખાતા-સંભળાતા મધુમાલતી, બોગનવીલિયા, જૂઈ, ફ્લૉક્સ, કાર્નેશન, સૂરજમુખી, ખુદ સૂર્ય (બટનો સ્પેશ્યલ વી આઈ પી પ્લેસ ફોર યુ !)-ની બહુલતા : આમ ત્રણ પગલાં કવિ ભરે છે. હજી દસકો મળ્યો હોત તો પેલું અડધું પગલું... જે હો તે, સત્તા સાથેનો સંઘર્ષ દેશની આઝાદી પહેલાં અને પછી અણનમ મસ્તકે કરનાર આ નિર્ભય અને વીર વ્યક્તિની કવિતામાં છિન્નભિન્ન, એક-કેન્દ્રિતા, એક-રચનામયતા, અને બહુ-કેન્દ્રિતાના પ્રશ્નો જોવા મળે છે, એ પ્રશ્નો સામે આપણી નજર ન ઝૂકે, એ જ એમને આપણી સ્નેહવંદના.

## ૪

'કવિકર્મ એ જ કવિધર્મ', એવું કહેતા અને આચરતા આ કવિવરની આ 'શોધ'નો છંદ કયો, એ સવાલ એકથી વધારે અર્થમાં પૂછી શકાય. 'શિશુઓનું હાસ્ય, મારી કવિતાનો શુભ્ર છંદ' એમ કહીને આ કવિ 'છંદ' શબ્દને એનો વ્યાપક અર્થ સંપડાવ્યો છે. 'શુભ્ર' (ડાઘા કે ભૂલો વિનાનો), ન કે 'શુભ' (વિચારસરણી મુજબનો), એ વિશેષણ પણ સૂચક છે. નકલી ગાંધીયુગના આજેયે મહાલતા 'ચિંતકો' એ રકાર ચૂકી જાય. ઉમાશંકર ચૂકતા નથી. એટલે આપણે અહીં તપાસવું ઘટે કે 'શોધ'ના સમગ્ર કવિકર્મ સાથે એના 'છંદ'નો સંબંધ શો અને ક્યાં કેવો ?

કેવળ પિંગળ પ્રમાણે 'છંદ' શબ્દનો અર્થ લેતાં પણ 'શોધ'નો છંદ શોધવો સહેલો નથી. એ કાવ્ય પ્રકાશિત થયું, એ સમયગાળામાં એ કૃતિ છંદો-મુક્ત છે, મુક્ત છંદમાં છે, કે અછાંદસ છે, એ અંગે ઝાઝી ચર્ચા ચાલી હતી. એની પ્રથમ પંક્તિ ('પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ') આ ત્રણે વિકલ્પોની બહાર છે અને એ તો સાદીસીધી કટાવ છંદમાં લખાયેલી પંક્તિ છે, એવું ભારે આનંદી ઉગ્રતા સાથે ભૃગુરાય અંજારિયા



પાસે સાંભળવા મળતું. માત્રાઓનો મેળ, ભૃગુભાઈની વાત એક રીતે ખોટી નહોતી. એ પંક્તિ અને એ છંદ વચ્ચે પૂરો બેસે છે, ('પુષ્પો સાથે / વાત્કરવાનો / સમય રહ્યો નહિ' : અષ્ટમાત્રિક માપ પ્રમાણે કટાવની પંક્તિ બને. અને 'વાતઅ કરવાનો' એમ કોઈ ગુજરાતી બોલે નહીં,). પણ સવાલ એ છે કે આખું કાવ્ય પોતે વાચકને એ પ્રથમ પંક્તિ એ રીતે વાંચવા પ્રેરે છે ? કે એવી છૂટ આપે છે ? બીજી જ પંક્તિ. અને પછી અનેકાનેક પંક્તિઓ વાંચ્યે કે બોલ્યે તરત સમજાય કે પહેલી પંક્તિનો કાવ્યગત લય કટાવનો નથી. ('ચાલો આજે ફરવા જઈશું ?' 'ના, આજે તો થાકી ગઈ છું.' એ મધુર સંવાદ પણ, ફક્ત વાંચ્યો હોય તો કટાવમાં લખાયેલો લાગે. પણ દંપતી બોલે જુદા જ લયમાં – સિવાય કે એ કાયમ સાહિત્ય પરિષદના ઊતારામાં રહેતું હોય !)

આમે, પાઠકસાહેબ 'બૃહત્ પિંગળ'માં નોંધે છે તેમ 'કટાવને કોઈ પિંગળે છંદ તરીકે સ્વીકાર્યો નથી... કારણ કે પિંગલો પાદ વિના પદ્ય અશક્ય ગણતાં, અને કટાવમાં 'માત્ર બે ચતુષ્કલોનો અથવા દ્વૈતિયીક અષ્ટકલનો સતત અવિરામ પ્રવાહ છે.' એટલે, જોકે, 'આ છંદ લાંબાં સળંગ વર્ણનો માટે અનુકૂળ છે,' (રા. વિ. પાઠક, 'બૃ. પિં.', પા. ૬૭૩, આવૃત્તિ ૧૯૯૨.), છતાં, જે કાવ્યમાં લાંબાં સળંગ વર્ણનો નહીં પણ વિવિધ વળાંકો લેતું ચિંતન અને ચિત્તવૃત્તિઓનું નાટ્યાત્મક નિરૂપણ થતું હોય (એલિઅટ જેને 'થર્ડ વૉઇસ ઑફ પોએટ્રી' કહેતા હતા, એ સંભળાતો હોય), તેમાં છંદોલય કટાવની ચાલે ન ચાલતો હોય.

પાઠકસાહેબ 'નાટકની ઉક્તિઓ માટે હું કે. હ. ધ્રુવના વનવેલીને સમર્થ ગણું છું', એમ નોંધી, 'તે મનહર ધનાક્ષરીના ચતુરક્ષર સંધિનાં આવર્તનોનો બનેલો છે,' એવું એનું માપ આપે છે. એ પ્રમાણે કરેલી, વનવેલી-ગત 'વાક્યરચના ગદ્યના ક્રમને યથેચ્છ અનુસરી શકે છે, તેટલી જ ભાવને અનુકૂળ હરકોઈ વાક્યભનંગીને પણ ધારણ કરે શકે છે', એવું વિધાન પાઠકસાહેબ કરે છે (એ જ, પા. ૬૮૩), એનો પુરાવો કે. હ. ધ્રુવ પછી સ્વયમ્ પાઠકસાહેબથી રાજેન્દ્ર શાહ સુધીના કેટલાક કવિઓના અનુવાદો અને મૌલિક કાવ્યોમાં મળે છે. 'શોધ'માં ઉમાશંકર એ સર્વ જેવું અને એથી કૈંક નિરાળું કામ એ છંદોલય પાસે લે છે કે કેમ, એ તો એમનાં કાવ્યો જ જણાવી શકે.

'મહાપ્રસ્થાન'-નાં નાટ્ય-મર્મી પ્રસંગકાવ્યોમાં ઉમાશંકરે ધ્રુવ-ખબરદાર-પાઠક-કેળવ્યો એ લય ખપમાં લીધો ને ખીલવ્યો છે. 'શોધ' કાવ્યમાં એ વનવેલીને રસ્તે છંદ-ગંધી અછાંદસ તરફ ઉમાશંકર 'ભોમિયા વિના' ભમ્યા હોય, એવું જણાય છે. 'શોધ' કાવ્યનો મારો પોતાનો પાઠ કંઈક એવો છે. 'પૃથ્વીના સૌ પદાર્થોમાં એ પદાર્થ', 'ક્યારેક તો શબ્દમાં જ સરસ્વતી લુપ્ત થતી', 'હું યે મારી આંખ વડે ચડાવતો ઓપ હતો' ('ઓપ ચઢાવતો હતો' – એમ નહીં) – વગેરે સંખ્યાબંધ પંક્તિઓમાં કવિ સભાનતાથી વનવેલીનો પ્રયોગ કરે છે, એ ચોખ્ખું સાંભળી શકાય છે. અને પછી વનવેલીના પિંગળ બંધારણને તોડીને કવિ બીજી પંક્તિઓમાં અ-છાંદસ લય પ્રયોજે છે : 'ગર્ભમાં રહેલા

બાળકની બીડેલી આંખો...' વગેરે.

'એક શર / ણાઈવાળો / સાત વર્ષ / સુધી શીખી / રાગ રાગિ / ણી વગાડ / વામાં વખ / ણાણો છે' – એ દલપતકાવ્યથી 'બીજી વાર, / ગાડીમાં હું / જતો હતો, / એકલો જ / અડધિયા / ડબ્બામાં, ત્યાં / નવું નવું / યુગલ કો / પ્રવેશ્યું, પ્ર / ભુ એ તાજાં / નવવધૂ / ના ચહેરામાં / ગુલો છલ / કાવ્યાં હતાં.' – એ ઉમાશંકરકાવ્ય સુધી આવતાં ગુજરાતી કાવ્ય-બાનીએ જે બળૂકું કૌવત અને નરી કમનીયતા કેળવી છે, એના વડે ઉમાશંકરની વનવેલી-પ્રમુખ (વનવેલીની સખી જેવી) અછાંદસ કાવ્ય-બાની પહેલી નજરે પ્રેમમાં પડી જવાય એવી બની (છની) છે. આજે, ગુજરાતી સાહિત્યના વૈશ્વિક યુગમાં, (જો એવું નામકરણ ઠીક લાગે તો) કોઈ કવિની કલમમાં છંદો છે કે નહીં એ સવાલ ન હોય તોય, એક કવિના કાનમાં, એના કંઠમાં મૂળ ગુજરાતી માત્રામેળ અને અક્ષરમેળ છંદો, નરસિંહ-પ્રેમાનંદ-કાન્ત-ઠાકોર-સુન્દરમ્-ઉમાશંકર-રાજેન્દ્ર-નિરંજન-આદિની કાવ્યબાનીમાં કેળવાયેલા માત્રિક અને વર્ણિક છંદો, રમે છે કે નહીં, એ સવાલ પણ જો બાજુ પર મૂક્યો, તો કદાચ આપણી કાવ્યબાની આત્મરતિની મોટી માંદગીમાં સપડાયેલા દરદીના ડાયેટ જેવી બની જશે.

**૫**

માનવ-ઇતિહાસમાં બહુ ઓછા માણસો એવા મળી આવે, જેમને યાદ કરવાથી એક પ્રજા પોતાને ભૂલવામાંથી બચી જાય. એટલે, જેમ આ શતાબ્દી વર્ષ પહેલાં તેમ એ પછી પણ ગુજરાત નહીં, સમગ્ર ભારત, બલ્કે એથીયે વધારે વ્યાપક વિદ્યાજગત અને કાવ્યજગત ઉમાશંકર જોશીને યાદ કરશે અને આવા લેખોને (વાંચ્યા પછી) અભેરાઈએ મૂકી, ભોમિયા વિના, એમની 'શોધ' ચાલુ રાખશે.

ઑક્ટોબર, ૨૦૧૦
વડોદરા

r



# 'સ્વપ્નોને સળગવું હોય તો –' વિશે

**ચંદ્રકાન્ત શેઠ**

## સ્વપ્નોને સળગવું હોય તો –

સ્વપ્નોને સળગવું હોય તો બધીય સગવડ છે,
બજારના કોલાહલનાં કાષ્ઠ અને મીંઢા મૌનનો તણખો.
ભડભડ બળે સ્વપ્નાં. ધુમાય વાયુમંડલ ને આંખો ચોળે
ભલા લોકો. ઓળા એના પથરાય ઇતિહાસપોથીઓ પર.

એક સદીમાં – અર્ધીકમાં – બે વિશ્વયુદ્ધ. સરવૈયામાં
નકરું વકરેલું નિર્માનુષીકરણ. ભસ્મપુંજીભૂત હિરોશીમાની
ખાક લલાટે લગાવેલી અણુસંસ્કૃતિનું કંકાલહાસ્ય
દસકાઓની ભેખડોએ પડઘાય. ભીતિના પેંતરા
સર્વનાશસજ્જતામાં પરિણમે. સજ્જનો અકિંચિત્કર.
સર્વગ્રાસી બજારમૂલ્યોનું ડાકલું બજી રહે; સુજનતાની સેર,
પ્રેમની સરવાણી સણસણી રહે દ્વેષજ્વાલાઓ વચ્ચે.

વાંકી વળી ગયેલી ખેડુની કારીગરની મજૂરની કમર પર
ચઢી બેઠેલ વાદાવાદ તાગડધિન્ના કર્યે જાય, કમર પેલી
ભલે વધુ ને વધુ વાંકી વળ્યે જાય. કોળિયાના વખા
કોટિ કોટિ માનવોને ભર્યાં ભર્યાં બજારો ને હર્યાંપૂર્યાં ખેતરોની
સામે જ. માનવ એટલે શરીર, — યુગની મહતી એ શ્રદ્ધા. એકમાત્ર ધર્મ
શરીરધર્મ. શરીરને અન્ન ખપે, સુખ ખપે... આપો, આપો,
અન્નની આશા આપો, સુખનાં ઝાંઝવાં સ્થાપો. બાપો, બાપો !
હાંઉ, ધ્રાપો ! શરીરને શરીરમાં હોમો, અર્થ-કામ-હોળીઓમાં હોમો, હોમો !
શરીરો યુદ્ધજ્વાલામુખીની ઝાળોમાં ભલે થાય સ્વાહા ! આહ્હા,
અતિઉત્પાદનવતી સંસ્કૃતિનો મુદ્રાલેખ 'સ્વાહા !'
ખૂબ જે ખાનારાં, તે ખવાયેલાં; ખૂબ જે બુદ્ધિસચેત, ચેતનાનો લકવો એને;
ખૂબ જે સંપન્ન, અગાધ એનો ખાલીપો. હૃદય બોબડું, ચિત્ત બહેરું.
અણુ-હાઇડ્રોજન-નાપામ બૉમ્બગોળા ખડકીને ગંજ ઉપર બેઠો
માનવી પૂછે પોતાને : આ જીવવાનો કાંઈ અર્થ ખરો ?
અઢીઅક્ષરિયા પ્રેમનો નાતો તો નિચોવાઈ ગયો;
ચતુઃશતકોટિ માનવો વચ્ચે વાતચીતનો સંબંધ માત્ર

હિંસાસરંજામ દ્વારા, સુખની પરસ્પર ઝૂંટાઝૂંટ લૂંટ દ્વારા, બજારનાં
નગારાં દ્વારા;
યંત્ર અને તંત્રમાં મંત્ર ગૂંગળાઈ રહ્યો.

મંત્ર તો 'મનુષ્ય' — માનવનું હોવું, માનવનું જીવવું,
માનવીપણાથી માનવોમાં ઓતપ્રોત થવું. અજબ અહો માનવી જીવન !
પ્રભુની પણ કરામત માનવી જીવન જેવું બીજું કૈં જવલ્લે જ રચી શકે.
અને તોય શોય કોઈ તાણો કોઈ વાણો દુરિતનો હોય ને હોય જ,
આ કૌતુકભરી દુનિયાની જિન્દગીની રંગરંગી ગૂંથણીમાં.
ન કેવળ જડ પટ, દુરિત તો સચેત પરિબળ, ન માત્ર તંતુ,
વિસર્પિણી શક્તિ એ તો, મહાર્ણવના પ્રચંડ
લોઢ સમી સર્વભક્ષી, ક્યારેક કો વજ્રદંષ્ટ્ર જંતુ.

તેજ ને તિમિર જેવું, છાયા-પ્રકાશ સમું, મિશ્રિત એ
દુરિત છે શુભથી; ક્યારેક તો નાશ એનો કરવા જતાં
શુભને અક્ષત-અક્ષુણ્ણ જાળવવું કઠિન બને.
દુરિત પર બહાર ઘા કર્યો, પાછો વળી હૃદય પર અફળાય.
બાહ્ય જગત નહિ તેટલું માનવી હૃદય એનું યુદ્ધક્ષેત્ર.

શુભાકાંક્ષા શુભોદ્‌ગાર શુભઆચરણ મહીં
રચ્યાપચ્યા રહ્યા ત્યારે અજાણ, કશી એંધાણી ન મળે એમ,
દુરિત તો, ગુલાબને કીટ જેમ, ધીટપણે
કોરી રહ્યું હતું જરીકેય થંભ્યા વિણ, જંપ્યા વિણ.

નિઃસહાયનો કંઈક બોજ ઉઠાવ્યો તે ક્ષણે —
તે ક્ષણે જ ઘરે પુત્ર મૃત્યુમુખે પડેલો—ની ખબર ના.

દુરિતનો પડછાયો ન કેમે કેડો મૂકે મારો-તમારો-તેનો-કોઈનોયે.

અહીં તહીં પણે બધે દોડ બસ દોડ,
સમયની સાથે માંડી હોડ.
ભાગવાનું પોતાથી, મળવાનું અન્ય સૌને
–અજાણ્યાને, ઘૃણા કરનારનેય, એક માત્ર
પોતાને જ નહિ.

એ સૌથી કંટાળ્યો, એક-જ-ને હવે
મળ્યાં કરું પોતાને જ, મળ્યું કોઈ



એનામાંય નિજને જ, સારી સૃષ્ટિ
ભરી ભરી બની રહી એક જ આ ઘૃણાભર્યા 'હું'-મય.

દરેક ચહેરો તે જડ આયનો ના હોય જાણે.

કેમ કરી છૂટું, કેમ કરી બધે જોઈ શકું બધાને જ
– એકસાથે બધાને મારામાં અને મને એ બધાયમાં ?
બીજાને કેમ જોઉં છું તેમાંથી મને પરિચય મળે છે મારો,
બીજાઓને મળવું પડે છે પોતાના પરિચય માટે.
નિશાત-ભરેલાં માનવો જોઈએ મારા મનનો કંઈ તાગ લેવા.

માનવોને સ્વીકારી જેવા છે તેવા, — દાનવને તારવવો
પોતામાં ને અન્યમાંય — સ્વીકારી જ નહિ, સર્વભાવે ચાહી
અપનાવવા સૌને. દુરિત — તે તો પ્રેમથી ભયભીત.

ખરડી ન શકે એ જીવનને, તોય પડકારી
નવી જ અગ્રિમતાઓ ઉપસાવી મરડી શકે કદાચ.

દુરિત, શું આંક્યે જશે જીવનગતિ તું મારી ?
મરડશે જીવનનો પંથ મારો ?

દુરિત, મારું હોવું એ જ તને કરે છે સુગઠિત,
તું જો સામે આવીને ના ઊભું રહે, તો તો ખરે
ઊણું ઊંડે ઊંડે કંઈ મારામાં જ.
દુરિત, તું આશ્ચર્યકર અનિવાર્ય માધ્યમ મારા જીવનનું.

દુરિત, તારું હોવું એ જ કરે છે મને સુગઠિત.

હાશ, થોડાંક સ્વપ્નો જરૂર ટકી શકશે સલામત હવે ... ...

અમદાવાદ, ૧૯૭૨; ૨૦/૨૧-૩-૧૯૮૧

**સ્વ**પ્નવિશ્વ મનુષ્યના મનોવિશ્વનો જ ઇલાકો. મનુષ્ય સ્વપ્નદ્રષ્ટા ને સ્વપ્નસ્રષ્ટા થાય તો સારાં સ્વપ્નો માટે જ થાય ને ? પોતાનું સુખ વધે, શક્તિ વિકસે, આનંદ વિસ્તરે અને આસપાસની સૌ સૃષ્ટિ સાથેના પોતાના સંબંધો મધુમય થાય – સંવાદમધુર થાય એવી એવી ખેવનાઓ ને તદનુવર્તી ખ્યાલોમાંથી મનુષ્યની સ્વપ્નસૃષ્ટિનો આવિર્ભાવ થતો હોય છે. મનુષ્ય માટે એ આશ્ચર્યલોક પણ ખરો ને આનંદલોક પણ ખરો; પરંતુ આજના કઠોર – વિષમ હવામાનમાં મનુષ્યનો એ સ્વપ્નલોક સલામત છે ખરો ? કવિ સાભિપ્રાય કહે છે :

**"સ્વપ્નોને સળગવું હોય તો બધીય સગવડ છે,**
**બજારના કોલાહલનાં કાષ્ઠ અને મીંઢા મૌનનો તણખો."**

વાસ્તવજીવનમાં જે ન હોય તેનો અભાવ પૂરવા મનુષ્ય સ્વપ્નો તરફ વળતો હોય છે; પરંતુ એ પરિસ્થિતિ પણ હાલ જાણે બચી નથી ! માણસને મૂંગાં મૂંગાં શારી નાખે – વહેરી નાખે એવી નિષ્ઠુર – એવી વિધ્વંસક સંવેદનહીનતા પ્રવર્તે છે; માણસને ખરીદ-વેચાણની એક ચીજ ('કૉમોડિટી') તરીકે જોનારી મૂલ્યભ્રષ્ટ કે મૂલ્યહીણ બજારુ રૂખની બોલબાલા બધે ફરી વળી છે. ભદ્ર જનોને શ્વાસ લેતાંયે અકળામણ થાય એવો માહોલ છે.

જ્ઞાનવિજ્ઞાનની તેમજ બૌદ્ધિકતાની પ્રગતિ પર મુસ્તાક માનવજાત ભાનભૂલી વીસમી સદીના પહેલા પચાસ વર્ષમાં જ બે વિશ્વયુદ્ધો તો કરી બેઠી. માનવતાના મૂલ્યહ્રાસના ભૂંડા પરિણામરૂપ લાખો-કરોડોની હત્યા જોવા મળી. પરમાણુવિસ્ફોટે જે વિભીષિકાનું નિર્માણ કર્યું તેની વાત કરતાં 'સંવાદિતાના સાધક' કવિ ઉમાશંકર કહે છે :

**"ભસ્મપુંજીભૂત હિરોશીમાની**
**ખાક લલાટે લગાડેલી અણુસંસ્કૃતિનું કંકાલહાસ્ય**
**દસકાઓની ભેખડોએ પડઘાય."**

માનવજાતે આ યુદ્ધો દરમિયાન 'ભીતિના પેંતરા' 'સર્વનાશસજ્જતા'માં પરિણમતા જોયા. કૌરવસભામાં અર્થના દાસ થઈને બેઠેલા ભીષ્મ-દ્રોણના જેવી આજની પરિસ્થિતિમાં સજ્જનોની 'અકિંચિત્કર' અવસ્થા – એમની નિષ્ક્રિયતા આ કવિને વ્યથિત કરે છે. સર્વને ગ્રસી જાય એવાં બજારુ મૂલ્યોના ડાકલાએ એવી ભૂતાવળ ખડી થઈ છે કે સાત્ત્વિકતા, સ્નેહ, સંવાદ જેવા સુજનતાના મૂળભૂત ભાવોની સેરને – સરવાણીને દ્વેષ, વેર જેવાં આસુરી તત્ત્વોની અગ્નિજ્વાળામાંથી કેમ બચાવવી એ મસમોટી સમસ્યા બની રહી છે.

તેઓ આજની સંસ્કૃતિમાં જે વિસંવાદિતા ને વૈષમ્ય છે તેની મર્યાદા બરોબર જોઈ શક્યા છે. મૂડીવાદ, સામ્રાજ્યવાદ, સામ્યવાદ જેવા કેટલાયે વાદોના પુરસ્કર્તાઓ ને પોશિંદાઓ વાસ્તવમાં તો એક યા બીજા પ્રકારે ખેડૂતો, કારીગરો ને મજૂરોની કેડ પર – ખભા પર ચડી બેસીને તાગડધિન્ના કરનારી, એમના નામે પોતાનું ડોઝરું ભરનારા શોષણખોરોની જમાતના જ પ્રતિનિધિઓ છે. ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ શમાવી શકે એવી શાસનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા કે અર્થવ્યવસ્થા તેઓ ગોઠવી કે નિભાવી શક્યા નથી. વિષમતા ને વિચિત્રતા તો એવી છે કે ભર્યાંભર્યાં બજારો તથા હર્યાંપૂર્યાં ખેતરોની આગળ જ કરોડો માણસો મૂઠી ધાન માટે વલખાં મારતાં જીવતરને ઘસડી રહ્યાં છે. જડવાદ અને ભૌતિકવાદમાં, સંપત્તિવાદ અને ભોગવાદમાં અટવાયેલા આજના માણસ સમક્ષ તો નઘરોળ સ્થૂળતાની ભીંસવાળું આવું ચિત્ર ઊપસે છે :



**"માનવ એટલે શરીર, – યુગની મહતી એ શ્રદ્ધા. એક માત્ર ધર્મ શરીરધર્મ."**

આ શરીરધર્મમાં ભોગપ્રધાનતાનું વર્ચસ્ જોવા મળે છે. 'તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ।' – (તૃષ્ણા જીર્ણ થતી નથી, આપણે જીર્ણ થઈએ છીએ.) – આ હકીકતનું ભાન આજની આ અતિઉત્પાદનવતી સંસ્કૃતિ' કરાવી રહી છે. મનુષ્યને સંતોષ કે ધરવ નથી, શાંતિ નથી. આ આપો, તે આપો ના જ પોકારો છે. એક પ્રકારની આંધળી દોડ છે સુખનાં ઝાંઝવાં પાછળની. સાચું સુખ તો સ્વપ્નવત્ છે ને તેય ક્યાં સલામત છે ? માણસ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – આ ચાર પુરુષાર્થોમાંથી માત્ર અર્થ અને કામની પળોજણમાં સવિશેષ ખૂંપેલો – મચી રહેલો જોવા મળે છે. શરીર શરીરમાં હોમાતાં હોય, માણસો અર્થ-કામની હોળીઓમાં હોમાતાં હોય, યુદ્ધરૂપી જ્વાલામુખીની ઝાળોમાં લપેટાતાં હોય – એવું પરિદૃશ્ય કવિ અહીં રજૂ કરે છે. તેઓ સાભિપ્રાય કહે છે :

**"અતિઉત્પાદનવતી સંસ્કૃતિનો મુદ્રાલેખ 'સ્વાહા' !"**

ભૂખમરાના દુઃખ સામે ખાઉધરાપણાની વિકૃતિનો વધતો જતો આતંક ચિંતાપ્રેરક છે. માણસનું ખાઉધરાપણું પહેલપ્રથમ તો માણસને પોતાને જ ભરખવાનું કામ કરતું હોય છે. બૌદ્ધિકતાનો વિકાસ આ ખાઉધરાપણાને નિયંત્રિત કરી શક્યો નથી; તેથી જ કવિને બુદ્ધસચેત મનુષ્યમાં ચેતનાનો લકવો થયાની લાગણી થાય છે. એક બાજુ સંપન્નતા અને સાથે જ અગાધ રિક્તતા – ખાલીપો. 'હૃદય બોબડું' ને 'ચિત્ત બહેરું' – એવી સંવેદનશૂન્યતાની પરિસ્થિતિ. મનુષ્યની વિજ્ઞાનબુદ્ધિએ અણુબૉમ્બ, હાઇડ્રોજન બૉમ્બ, નાપામ બૉમ્બ જેવાં વિનાશક શસ્ત્રોનો ગંજ ખડક્યો. એ ગંજ પર બેઠેલો મનુષ્ય જ પાછો પ્રશ્ન કરે છે : આ જીવવાનો અર્થ ખરો ? મૂલ્યહ્રાસ ને આત્મહ્રાસનું સમીકરણ સધાય એવી બેહૂદી ('ઍબ્સર્ડ') હાલત આજની છે. માણસોની વસ્તી તો ચાર અબજે પહોંચી, પરંતુ માણસ માણસ વચ્ચેનો અઢીઅક્ષરિયા પ્રેમનો સંબંધ કેટલે પહોંચ્યો એ પ્રશ્ન પાયાનો છે. વાહનવ્યવહાર ને સંચારમાધ્યમોથી વિશ્વ હવે ઘરઆંગણે આવી લાગેલું દેખાય છે, પરંતુ વિશ્વકુટુંબનો ઘરોબો ક્યાં છે ? મનુષ્ય મનુષ્ય વચ્ચે હૃદયનો સેતુબંધ ક્યાં છે ? યંત્ર ને તંત્રના કોલાહલમાં મંત્રનો ધ્વનિ ક્યાં ? મંત્રને ગૂંગળામણ થાય એવી યંત્રતંત્રની ભીંસ છે – એવો એનો ભાર છે. કવિ જે મંત્રની વાત કરે છે એ મંત્ર આમ તો સાવ સાદોસીધો છે પણ મૂળભૂત અને સાચો છે. કવિ કહે છે :

**"મંત્ર તો 'મનુષ્ય' — માનવનું હોવું, માનવનું જીવવું,**
**માનવીપણાથી માનવોમાં ઓતપ્રોત થવું."**

સુન્દરમે કવેલી 'હું માનવી માનવ થાઉં તો ઘણું'ની જ આ વાત. વાત નવી નથી, પણ સનાતન જરૂર છે. માનવીનું માનવપણું એટલે જ માનવતા – પ્રેમ ને કરુણા, સુમેળ ને સંવાદ. માનવી-જીવન અજબ છે તો તે આ માનવતાના શક્તિ-ગુણે. આ માનવીના

સર્જનમાં જ પ્રભુની પરમ સર્જનશક્તિનો ચમત્કાર જોઈ શકાય છે. માનવી પ્રભુનું સર્વશ્રેષ્ઠ સર્જન મનાય છે.

આ સર્વશ્રેષ્ઠ મનુષ્યની સર્જનલીલાની વાત કરતાં ઉમાશંકર આ કૌતુકભરી દુનિયાની જિંદગીની રંગબેરંગી ગૂંથણીમાં કોઈ તાણા કે કોઈ વાણા રૂપે દુરિત પણ હોવાનું જણાવે છે. આ દુરિતને તેઓ 'સચેત પરિબળ' તરીકે કોઈ મહાસાગરના પ્રચંડ લોઢ જેવી સર્વભક્ષી 'વિસર્પિણી શક્તિ' તરીકે ઓળખાવે છે. ક્યારેક તો વજ્રદંષ્ટ્ર જંતુ સમી, ગુલાબને જેમ કીટ કોરી ખાય એમ માણસને અંદરથી કોરી ખાનારી શક્તિ રૂપે દુરિતને દર્શાવે છે. આ શક્તિ આમ તો નકારાત્મક છે, છતાં જિંદગીની લયલીલામાં એનુંયે મહત્ત્વનું સ્થાનપ્રદાન છે જ. તેજ-તિમિર, છાયા-પ્રકાશ એમ જ શુભ-દુરિતથી સંમિશ્રિત હોય છે જિન્દગી. આ દુરિત માટે તો માનવી-હૃદય જ 'યુદ્ધક્ષેત્ર' બની રહેતું હોય છે. આ દુરિતનો પડછાયો સૌ કોઈને આભડતો હોય છે. દુરિતનો પ્રતિકાર કરતાં કરતાં શુભ વિચાર, શુભ વાણી તેમ જ શુભ વર્તન પ્રતિ કેમ આગળ વધાય એ મનુષ્યે જોવાનું રહે છે – એ માટે એણે મથવાનું રહે છે.

આજની પરિસ્થિતિમાં મનુષ્ય સમયની સાથે હોડમાં ઊતર્યો હોય એવી એની દોડધામભરી હાલત છે. એ પોતાનાથી દૂર ભાગતો હોય એવું જણાય છે. એ અન્ય સૌને – અજાણ્યાને અને ઘૃણા કરનારનેય મળે છે પણ પોતાને મળતો નથી; પોતાની અસલિયતને યથાતથ રીતે પામતો નથી. જ્યાં સુધી એ પોતાના અસલ રૂપને ઓળખશે નહીં ત્યાં સુધી એને એની સાર્થકતાનો તાગ સાંપડવાનો જ નથી. મનુષ્યને એના અહંકારનું આવરણ પારસ્પરિક પારદર્શક સંબંધોનું સત્ય પામવામાં વિઘ્નરૂપ બની રહે છે. એની 'હું-મય'તા પોતાની અંદરની ને બહારની સૃષ્ટિના સમ્યક્ આકલનમાં અવરોધરૂપ થાય છે. દરેક ચહેરો જડ આયનો હોય એમ એમાં પોતાને જ જોયા કરવાની ચેષ્ટા ઠીક નથી. મનુષ્યે સૌમાં જો પોતાને તો પોતાનામાં સૌને જોવાની ફાવટ સિદ્ધ કરવી જોઈએ. એવી ફાવટથી છેવટે તો પોતાની જ અભિજ્ઞા પામવામાં સુવિધા ને સહાય સાંપડે છે. કવિ કહે છે :

> **"બીજાને કેમ જોઉં છું તેમાંથી મને પરિચય મળે છે મારો,**
> **બીજાઓને મળવું પડે છે પોતાના પરિચય માટે."**

ઉમાશંકર મનુષ્યના મનુષ્યત્વને અખિલાઈના વ્યાપક સંદર્ભમાં જુએ છે. મનુષ્યનું સ્વત્વ સર્વત્વથી અલગ કે નિરપેક્ષ નથી. બંનેનું યુગપદ્ દર્શન અનિવાર્ય છે અને એવું જ અનિવાર્ય છે મનુષ્યને એનામાં રહેવા દેવત્વ ને દાનવત્વના – શુભ અને દુરિતનાં તત્ત્વો સાથે સમુદારતાથી જોવા – સ્વીકારવાનું. પ્રેમના કીમિયાથી જ મનુષ્યમાંના દુરિતને માત કરી શકાય છે.

મનુષ્યના જીવનમાં દુરિતની અસર થતી જ નથી એવું તો કેમ કહેવાય ? દુરિત તો, કવિ કહે છે તેમ, જીવનનું 'આશ્ચર્યકર અનિવાર્ય માધ્યમ' છે. મનુષ્ય છે, મનુષ્યનું



જીવન છે તો તેમાં જેમ શુભ તેમ દુરિત – એ બંનેય અનુક્રમે વિધેયાત્મક અને નિષેધાત્મક પરિબળો પણ છે. શુભના બળની જેમ દુરિતનું બળ પણ જીવનમાં ઉપકારક છે. દુરિતની સામે સંઘર્ષ કરતાં, એના કારણે જે સહન કરવું પડે તે કરતાં, દુરિતથી કષ્ટાતાં ને કસાતાં જીવનમાં કસકૌવત આવે છે, જીવનના અર્કરસનો આસ્વાદ – એનું મૂલ્ય પામી શકાય છે અને તેથી જ આપણા આ કવિ 'દુરિત, તારું હોવું એ જ કરે છે મને સુગઠિત' એમ કહેવાનું પસંદ કરે છે. વળી મનુષ્યનું અસ્તિત્વ જ – મનુષ્યનું જીવન જ આ દુરિતને સુગઠિત કરનારું બળ છે.

આમ ઉમાશંકરનું જીવન અને જગતનું વ્યાપક દર્શન, મનુષ્યના અસ્તિત્વનું અને તેના કાર્યકલાપનું ગહન દર્શન અહીં દુરિતનાયે સ્વીકાર સુધીનું સમજપૂર્વકનું ઔદાર્ય દાખવીને રહે છે. મનુષ્યની જીવનલીલાનું સાર્થક્ય, એનો સ્વાદ, એનો આનંદ પણ ઉપર્યુક્ત ગહન તથા વ્યાપક દર્શન પર જ નિર્ભર છે.

ઉમાશંકરનું આવું વ્યાપક અને ગહન દર્શન જ તેમને હતાશા કે નિરાશા તરફ સરી જતાં અટકાવે છે. તેથી જ તેઓ સ્વપ્નોને સળગવાની બધી સગવડ કરી આપતી અતિઉત્પાદન વતી ભોગપ્રધાન સંસ્કૃતિમાં પણ 'થોડાંક સ્વપ્નો જરૂર ટકી શકશે' એવી હાશકારાવાળી હૈયાધારણ આપણને છેલ્લે બંધાવી રહે છે. વિપરીત પરિસ્થિતિમાંયે, દુરિતના દબાવ વચ્ચેય મનુષ્યનું મનુષ્યત્વ ઉન્મૂલિત ન થતાં, ટકી રહેવાની એમને શ્રદ્ધા છે. મનુષ્યના જીવનમાં એના મનુષ્યત્વને પ્રફુલ્લાવે એવાં સુસ્વપ્નોનું વર્ચસ્ તો કોઈક રીતે રહેશે જ રહેશે એવી બુલંદ શ્રદ્ધામાં આ કાવ્ય વિરમે છે.

આમ આ કાવ્યની ગતિ સંશયથી શ્રદ્ધા પ્રતિ હોવાનું જોઈ શકાય. ઉમાશંકરનું કવિકર્મ 'દર્શન' તેમ જ 'વર્ણન'-પ્રેરિત – કલ્પન-પ્રેરિત કાવ્યબાનીમાં સાદ્યંત ઊઘડેલું પામી શકાય છે. બજારના કોલાહલનાં કાષ્ઠ અને મીંઢા મૌનનો તણખો કવિદૃષ્ટિના પ્રતાપે જ અહીં ઉપસ્થિત છે. 'આપો, આપો', 'બાપો, બાપો', 'હાંઉં, ધ્રાપો' જેવા પ્રાસસિદ્ધિ કરી આપતા શબ્દગુચ્છો જે રીતે અહીં પ્રયોજાયા છે તેમાં કવિકૌશલનો ચમકારો જોઈ શકાશે. વિષયવસ્તુની પ્રકૃતિને માફક આવે એ રીતની લય-લઢણો, બોલચાલના લહેજાલહેકા તથા મૂળભૂત વિચાર-ભાવની સચોટદાર ને ચોંટડૂક અભિવ્યક્તિ સાધતા જે વાક્પ્રયોગો – શબ્દપ્રયોગો અહીં ખપમાં લેવાયા છે તે આ કવિના સર્જકસામર્થ્યની આપણને પ્રભાવક પ્રતીતિ કરાવીને રહે છે. પ્રસ્તુત કાવ્યમાં સાંપ્રત પરિસ્થિતિનું – મનુષ્યની વાસ્તવિક અવસ્થિતિનું પરિદર્શન કાવ્યબાનીની કલ્પનરસિત પણ પારદર્શક ઇબારતમાં ઝિલાઈને જે અરૂઢતાથી આવિર્ભાવ પામ્યું છે તેનો એક અનોખો સ્વાદ છે. આ કાવ્યમાં કોઈને શાશ્વતી અર્થેની સમયની ચીસ સંભળાય તોપણ નવાઈ પામવા જેવું નથી !

r

# 'પંખીલોક' : ગુજરાતી સમગ્ર કવિતાનું એક ચિરંજીવ શૃંગ

**ચંદ્રકાન્ત શેઠ**

## પંખીલોક

કાન જો આંખ હોય તો શબ્દ એને પ્રકાશ લાગે.

પો ફાટતાં પહેલાં અધઊંઘમાં સ્વરો ચમકે તન્દ્રાતમિસ્રા વીંધી,
ઘેઘૂર વૃક્ષઘટા આખી પ્રકાશનાં છાંટણાંથી ચૂએ જાણે,
પર્ણઝુંડમાંથી ટપકે '...પચ્ મુચિ રિચ્ વચ્ વિચ્......'
ક્રિયાપદોની ત્વરિત હારમાળા પંખી પઢી જાય એક્કે શ્વાસે.
ઊઠો, જાગો, ક્રિયારત થાઓ–નું ઇંગિત.
બંધ આંખે વૈયાકરણી પાણિનિશિષ્યોનાં સૂત્રો સ્મૃતિમાં ઠરે.
પાણિનિનો આખોયે પ્રજ્ઞાપ્રાસાદ સાક્ષાત્કરાય.
નાનું અમસ્તું સૂત્ર, તેજનું આચમન, – પંખીએ ગાયેલું ? પંખીએ
પાયેલું ? —
'...પચ્ મુચિ રિચ્ વચ્ વિચ્ સિચ્... !' કાનને પરિતર્પતી
દ્યુતિસેર ક્રિયાની, શબ્દની.
આટલા વહેલા પરોઢે વેદિયા હોય તેણે વેદ સંભાળવા ગ્રંથકારે
રૂડા ગ્રંથ રચવા.
કવિને શબ્દો શોધતા આવે. પાણિનિના નિયમોથી બદ્ધ શબ્દો ?
કે પછી પંખીના જેવા ટપકતા પ્રકાશના ટુકડા ?

શબ્દો જો બોલી શકતા હોત તો કવિને
જરૂર કહેત કે કવિતા બનવાનું અમારું તે શું ગજું ?
છુટ્ટા કોશમાં – વ્યાકરણમાં, ભેળા માનવીની જીભ પર
એવા અમે થોડા જ હતા જેવા કવિતામાં તમે જોયા ?
જગત જોતાં જ શરૂ થાય અમારી મેડક-કૂદંકૂદા,
રચયિતાના સંદર્ભના ઇશારે અમે વશ, મંત્રમુગ્ધ;
અમે શબ્દો-અવાજો,
અમે મૌનમાં ઝંપલાવીએ;
શમે અમારી અર્થબડબડ
રસોન્માદ છોળમાં.





શબ્દનો દ્યુતિમંત ચહેરો કવિ ભૂંસે, ક્યારેક તો
મહોરોય પહેરાવી દે
પોતાની કવિતાનો ચહેરો ઉપસાવવા.

દાર્શનિક ભલે મૂર્તતા ગાળી અર્ક નિચોવે શબ્દોનો,
કવિનો શબ્દ અર્કઅર્ણવમાંથી ઊપસતી ચારુ કિરણકેશ સમારતી
ઉષામૂર્તિ.

ઉષા ! વેદ-કન્યા 'ઉષા' માત્ર શબ્દ છે ? એક એક શબ્દ, એક એક સંકુલ.

આંખ જો કાન હોય તો તેજને-રંગને એ સાંભળી શકે.

ઉષાનો રંગ એ કયો સૂર ? મધુમાલતીની બહાર, બોગનવીલિયાની
મિશ્ર છોળ,
નાજુક જૂઈ, ટીપકિયાળાં ફ્લૉક્સ, શુકનનાં કાર્નેશન, સૂરજમુખી,
ખુદ સૂર્ય,
એ સૌ કયા સપ્તકના કયા સૂર ?

પ્રકાશના ઉત્સ સમી ઊછળે ઊડે ગીતમાં કોકિલ-કલા,
કાક-કુલ સ્વરોની સંજવારી ફેરવી લે અવકાશ પર,
એક આખું ચકીટોળું છંટકાવ કરી જાય તે પરે ઝટપટ
ગુજબુજનો, રહી રહી અર્ધુંપર્ધુંક ગાયાં કરે
બુલબુલ 'શ્રીપ્ રભુ !' 'શ્રીપૂ... શ્રીપ્રભુ !'–નાનકડી કાયાના કયાયે
ઊંડાણમાંથી,
ક્યારેક તો સભાનતાથી જાણે, – આખું વિશ્વ એના ગીતના આધારે
સંતુલિત અધ્ધરશ્વાસે-અધશ્વાસે ઊભું ન હો !

વિહંગોની હારની હારો સૂર્ય-ઉપસ્થાને ઊડ્યે જાય. ઊભેલાં
અચલ ઝાડવાંના એ ઊડતા ચપલ ઇશારા.
કૈંક સ્થાવર-સ્થવિર વૃક્ષરાજ અનેક બાહુએ ખોબેખોબા
ઉછાળ્યાં કરે ઉડાડ્યાં કરે કપોત કાબર લેલાં દૈયડનાં ટોળેટોળાં.
સારી રાત પૃથ્વીઊંડાં તરુમૂળ એક-કાન થઈ સુણી રહ્યાં–
પી રહ્યાં-'તાં
માળામાં વિશ્રંભે નીંદરતાં પંખીની ઊપડતી–પડતી
લઘુક છાતીની ધડક, ક્યારેક વચ્ચે વચ્ચે – સોણામાં જાણે –
ચઢી આવતી ગભરુ હાંફ.
પંખીપશુમાનવીની બિડાયેલી આંખોની ચોકી

આકાશનાં પલપલતાં નક્ષત્રો કર્યા કરે જાગ્રત, નિતાન્ત નિઃશબ્દ.
— ક્યારેક બ્રહ્માંડનો શ્વાસોચ્છ્વાસ તમે સાંભળી શકો. —

પ્રભાતમાં પર્ણેપર્ણ લચી રહે કલરવે, પૃથ્વીનાં મીંચેલાં જડ પડળોનો
સંચિત સ્વરપુંજ જાણે પાંદડે પાંદડે નાચતો
આખા અવકાશને ચોમેર ભરતો ફુવારા-શો ઊડી રહે.
પૃથ્વીના ભીતરી મૌનનો ભાસ્વત ઉત્સવ જાણે સ્તોત્રછોળે
પ્રત્યેક પરોઢે પંખીલોકમાં અંતરિક્ષે ઊજવાય.

મન જો હૃદય હોય તો તર્ક પણ એને રસગદ્ગદ કરે.

વાચનખાનાની બારીની બહાર નાનકડા
એકાન્ત બાગમાં નળના ખાબોચિયામાં
લીલા પોપટ રક્ત ચંચુ ડુબાવે, પાંખ
ફફડાવે પાણીમાં, જરીક અવાજથી ઊડી જાય.
ઠેકતો તપખીરિયા ડિલને પાંખથી પાંદડાંથી ઢાંકતો
ગભીર ભર્યા ભર્યા અવાજે ભારદ્વાજ હવાને અંજવાસતો
ત્યાં 'શ્રીપ્ રભુ !'ની વચ્ચે લતાગુલ્મમાં સંતાયેલું પેલું
બોલી રહે સ્વગત : 'વેઇટ્-એ-બિટ્ !' જાણે પોતાને જ
કૈંક યાદ કરાવી રહેતું ન હો : વેટ વેટ...વેટેબિટ્ !...
('જરીક થોભો !' — 'લગરીક ખમો તો !') સમય ! સમય
શું રાહ જોવા માટે છે કે ?

ઘર પાછળના ડુંગરના
પૂછ્યું'તું પેલા ડાહ્યાડમરા થઈને બેઠેલા કો
બધુંય સમજું છું એવી મુદ્રાથી ટગરટગર જોઈ રહેલા,
ગોળમટોળ સંતૃપ્તિધારી શૈલમહાશયને એક વાર :
બેઠા છો તમે કયુંક સત્ય ગોપવી પોતાની ભીતર ?
ભરડો સજડ દઈ, સલામત સુરક્ષીને, બેઠા છો અને
મરકે છે મુખ કે — વજ્રકારાગૃહે કેવું
તાળાબંધ સત્ય કરી દીધું અને કૂંચી તેય
ગળીને બેસી ગયો છું. મનને આ મારા —
હોય જો ધીરજ અરે અધીર આ મનને —
અવધિ જો હોય લાંબી – ભલે કલ્પનાના – આયુષ્યેય,
જરૂર તો જોઈ શકું, યુગોના પ્રખર પ્રચંડ સૂર્ય-
તાપ, વર્ષાધારા, વાયુઝંઝા, એ સૌની ઝીંકોની



નીચે એક દિને એ શૈલમહાશયના
કરડાકીભર્યા ચહેરાની કો બરડ રેખા-
તરડમાં સર્વસૃષ્ટિજયિની સિસૃક્ષાએ અંકુરિત
કરેલા કો લહરાતા રંગરંગી ફૂલ રૂપે
શૈલનું સકલ સત્ય પ્રસ્ફુટિત-પ્રસ્ફુરિત થતું
વિજયપતાકા સમું.

પરંતુ અત્યારે તો આ
દોડમાં સામેલ થાઓ, જગતની અંધદોડ દિવસના અજવાળે
ચાલે તેમાં ઘસડાઓ, ઘડિયાળનું પંખી કલાકે-અધકલાકે
બોલે તે સંભળાયું ન-સંભળાયું. સ્થગિત સમી
આ આયુષ્યની યાત્રા. બહાર નમતી સાંજ.
ઊંચે ઊંચે સેલારા લેતાં પંખી એકલ ધપ્યે જતાં. જરી રોકોને એને.
આકાશ-પીધેલાં પંખીને પૂછો : કેટલી લાંબી નભ વાટ ?
તેજની છાલકો ઉછાળી પાંખો કહે : ડગલે ડગલે તેજ-ઘાટ.

હૃદય જો મન હોય તો લાગણીને એ પ્રમાણી શકે.

પડતી રાતે ચોગાનમાં - સીમમાં તોતિંગ વૃક્ષો પર
પાંદડાં વધુ કે વાયસજી, કા-કા-ના શોરનો ગોરંભો
ગગન-મોટો. આખા વડને ઢાંકી દીધો ઊંધી લટકતી વાગોળોએ,
વચ્ચે ચકરાતી ચામાચીડિયાંની અંધ ચિચિયારીઓ.
ચિત્ત તો કઠોર — હૃદય આ બધાથી સંકોચાય, ઓસવાય;
ચિત્ત એના વાસ્તવને આસ્વાદે. — હૃદય અંતે એની
આગવી સમજથી સ્વીકારે, આ સ્તો આખા ઊજળા દિવસનું
આંધળું સરવૈયું — ઘુવડને સુપરત કરવાનું.

આ ક્ષણે અર્ધી પૃથ્વી ભરેલાં નગરો ગામો મહોલ્લા શેરીઓ
ગલીઓ હવેલીઓ મહેલો ઘરો ઘોલકીઓ ઝૂંપડપટ્ટી
જંગલના ગોઠ નેસડા કૂબા માણસોથી ધબકે
આયખાના એક દિવસની પૂંજીથી રળિયાત,
આવતી કાલની આશાને વળ ચઢાવ્યે જાય.
પ્રહરો આ પ્રલંબાતા, અનુભૂતિપટે અંકિત કંઈ કંઈ થતું.
માનવ-પગલાની પ્રતીક્ષા કરતી ચંદ્રધૂલિ,

ગિરિમાળાઓના અફાટ હિમપટ પર મારદડી રમતા પવનો,
હાંફતા રણનો ફરફરતો લીલો લીલો સ્વાગત રૂમાલ,
સાગરપેટાળે અધખૂલી છીપમાં મીઠું મરકતાં મોતી,
કાન્તાર-અન્ધકાર વચ્ચે તગતગતી વ્યાઘ્ર-આંખો,
એક તારાની બીજા તારાને કિરણ-ચીસ. –

અહીં ઝાકળભીંજ્યો બપૈયાનો આર્ત્ત સૂર રોમરોમે
સંચારિત કરે વિશ્વે વળૂંભ્યો જે વિરહ. અધ-
રાતે જાણે મને હું સાંભળી રહું, સારીય સંવિદથી.
કહું ? જ્યારે જ્યારે બોલું છું
સમૂહમાં, વર્ગમાં, બાગમાં, ઘરમાં, ગાડીના ડબ્બામાં,
ઝડપભેર ચાલતાં અથવા તો ઝાડ તળે,
મને મારો અવાજ હંમેશાં જ થોડો પોતાનો લાગ્યો છે ?
સામે પાટલી પર બેસીને સાંભળી જોયું છે. —
'આ માણસ શું કહેવા માગે છે ?'
અને કોઈ કોઈ વાર એમ મેં મોં ફેરવી લીધું છે.

અંધકાર-પ્રકાશના કાંઠા પર છાલકે છાલકે ઘૂંટડે ઘૂંટડે ટીપે ટીપે
નિદ્રા – પ્રાણોની વિશ્રાન્તિ – રોમરોમને પાંપણોને ભીંજવી રહે;
નર્યું સાંભળવાનું હવે — બોલવાનું મુદ્દલે નહિ.
'મારો અવાજ !' — એટલું છતાંય બોલાઈ જાય.
નર્યા મારા અવાજને હવે સાંભળવાનો...
ત્યાં સ્તો આકંઠ નિદ્રા – પ્રાણવિશ્રાન્તિ,
ભારે ભરતીમોજું, અમોઘ જાગરણ-આઘાત
મારા અવાજને – સંવિદને સ્વપ્ન-આકારોમાં વિખેરી વિસ્ફુરાવી રહે.
નર્યો મારો અવાજ સંભળાયાં કરે.
મારી અંદર, જાણે મારી બહાર...
આ ક્ષણમાં, જાણે ક્ષણ પાર...

અધમધરાતે 'મે-આઓ' જાગે દૂરદૂર મયૂરનું.
જગવે શોણિતના કણકણે કો ઉત્તાન ગાન
કશાકને વધાવતું, જંપી ગઈ ચેતનાને મોડી રાતે સંકોરે
સારસનો તીવ્ર ઉરસંવેગનો સ્વર, જુદા
પાડી ન શકો દોર, એવો એ બેવડ આલાપ, આભ-વલોવતો.



કદી જો બે છૂટા પાડી શકો, એક અહીંનો, અન્ય
તો આવતો અચૂક લોકાન્તરથી, કહો જન્માન્તરથી.

આકાશ પૃથ્વીના ઘાસ પર જરી આળોટી લેવા ઊતરે
અંધારું એવું ઘટ્ટ થાય, એમાં જ
ગાયત્રી મંત્ર અવતરણ મુહૂર્ત ઊઘડે.
'...પચ્ મુચિ રિચ્ વચ્ વિચ્... !'
'વેઇટ્-એ-બિટ્...!'
— ધીર નાનું-શું સરવૈયું. શબ્દોમાં ? મૌનમાં ?
મૌન કવિનો શબ્દ બને :

હતા પિતા મારે, હતી માતા.
હા, હતી માતાની ભાષા.
હતું વહાલપ-સ્ફુરેલું, પ્રાણપૂરેલું શરીર.
હતું હૃદય — હતો એને કાન, હતો અવાજ.
મારું કામ ? મારું નામ ?
સપ્રાણ ક્ષણ, આનંદ-સ્પંદ, — એ કામ મારું
માનવતાની સ્ફૂર્તિલી રફતારમાં મળી ગયું છે.
મારા શબ્દ-આકારો જે કંઈ રસવીચિઓ તે હવે અન્ય હૃદયમય.
નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.

વેઇટ્-એ-બિટ્ !...
છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.

અમદાવાદ, ૧૯૭૫; ૧૬/૧૮-૩-૧૯૮૧

**'સ**પ્તપદી'નું અંતિમ 'પદ' તે 'પંખીલોક'. ઉમાશંકર આ વિશે કાવ્યગ્રંથના પ્રવેશકમાં લખે છે :

''સમસ્ત કૃતિના સમારોપ તરીકે પંખીલોકનું પ્રતીક કેવી રીતે આવ્યું તે મારે માટે એક સમસ્યા છે, પહેલી રચનામાંની બીજી કંડિકા સાથે એના શક્ય સંબંધ તરફ તો છેક અત્યારે મારું ધ્યાન જાય છે. પણ નાનપણથી અવાજોની દુનિયા સાથે આત્મીયતાનો નાતો રહ્યો છે. કવિ વિશે પણ ખ્યાલ એ રહ્યો છે કે એને 'હતું હૃદય – હતો એને કાન, હતો અવાજ.' તો હૃદયને કાન છે. ગમે તેવાં વ્યવહારકાર્યો વચ્ચે કવિનું હૃદય ઊંચેકાન રહે, અને વખતે ક્યારેક પોતીકો અવાજ પામે. 'પંખીલોક'માં સમય અંગેનો પ્રશ્ન સહેજે વણાઈ ગયો છે. 'પંખીલોક'માં દિનરાતનું, ઇહજીવનમાં પુનરાવર્તન પામ્યે જતું પૂરું સમયચક્ર

નિરૂપાયું છે.'' [સમગ્ર કવિતા, બી.આ., પૃ. ૭૯૭]

આમ આ કવિએ 'પંખીલોક' પ્રતીક દ્વારા જે 'દિનરાતચક્ર' – 'સમયચક્ર'નું નિરૂપણ કર્યું છે તે 'આનંદઘોષ' નિપજાવનારું કઈ રીતે નીવડે છે તે જોવાનો અત્રે ઉપક્રમ છે.

ઉમાશંકર પ્રાજ્ઞ કવિ છે, કલાસભાન કવિવ્યક્તિત્વ ધરાવનારા છે. એમનું સર્જનનું ગણિત સારી પેઠે ગહન-સંકુલ રહે છે. 'પંખીલોક' રચના એનું એક સબળ ઉદાહરણ છે. આ કાવ્ય ઉમાશંકરની કાવ્યસર્જનની પ્રક્રિયાના અને એમની કવિસમજની સૂક્ષ્મતા ને ગહરાઈના નિદર્શનરૂપ છે. બાહ્ય વિશ્વનો પ્રાકૃતિક અનુભવ કાવ્ય રૂપે – શબ્દ રૂપે પોતાની સાક્ષાત્કૃતિ પ્રાપ્ત કરે એવી અનન્ય – અપૂર્વ ભાવકક્ષાએ પહોંચતી આ કાવ્યરચના – શબ્દરચના છે. 'સંવાદિતાના સાધક' આ 'શીલભદ્ર સારસ્વત' કવિ શબ્દ સાથેનો પૂર્ણ સંવાદ સાધતાં વિશ્વ સકળ સાથેના પોતાના આંતરસંવાદની અહીં કલાકીય રીતે વ્યંજના સિદ્ધ કરીને રહે છે, તેથી જ આ કાવ્ય એમની 'સમગ્ર કવિતા'નું જ નહિ, ગુજરાતી સમગ્ર કવિતાનું પણ એક ચિરંજીવશૃંગ જણાય છે.

'પંખીલોક' કવિ પોતે જ કહે છે તેમ, એક પ્રતીક છે. તે શીર્ષક દેખીતી રીતે જ કવિના પ્રકૃતિ-લોક સાથેના સંબંધ-સાયુજ્યનો નિર્દેશ કરે છે; પણ તે ત્યાં જ અટકી રહેતું નથી. 'પંખીલોક' સમસ્ત સંસ્કૃતિલોક – સંસ્કૃતિ-આલોક સાથેય સૂક્ષ્મતયા બંધાયેલું છે. મનુષ્યમાંના વિકૃતિતત્ત્વના વાસ્તવિક અભિજ્ઞાન સાથે ચાલતાં, કવિ શબ્દસર્જનના સામર્થ્યે આત્મકૃતિ – આત્મ-આકૃતિને વાણીમાં આવિષ્કૃત કરતાં, સંવિદ-બળે પ્રકૃતિ-સંસ્કૃતિમાં પોતાને વિસ્તારતાં અંતતોગત્વા કૃતિમય – કવિતામય થઈને વિરમે છે. આમ આ કાવ્ય કવિની આનંદધર્મી આંતરયાત્રાનું, કવિની વ્યષ્ટિ-ચેતનાની વૈશ્વિક ઉત્ક્રાન્તિનું કાવ્ય છે. અહીં કવિની સાથે જ કવિતાનીયે ઉત્ક્રાન્તિ પરિસીમાએ – પરાકાષ્ઠાએ પહોંચે છે. 'પંખી' પંખી રહીને કવિશબ્દનુંયે પ્રતીક બને છે. કવિશબ્દ એવો શબ્દ છે, જેની સમૃદ્ધ પ્રશસ્ત સાંસ્કૃતિક સર્જનાત્મક પરંપરા છે અને જેની સાંપ્રત સાથે પૂર્ણતયા પ્રસ્તુતતા છે. એ શબ્દ ભવિષ્યના ભર્ગનો ગર્ભ લઈને અવતરેલો છે. આ કવિશબ્દ શાશ્વતીના ઉદ્‌ગાર – આકારરૂપ છે. તેથી જ એવા શબ્દનું પ્રતીક થતા પંખીનું આ વિશ્વ – 'પંખીલોક' કવિના શબ્દલોકરૂપ જણાય છે. અસતમાંથી સતમાં જતાં આવિષ્કૃત થતો આ સત્યલોક છે; મૃત્યુમાંથી અમૃતમાં જતાં આવિર્ભાવ પામતો આ અમૃતલોક છે, તમસમાંથી જ્યોતિમાં ઉદ્‌ભાસિત થતો આ જ્યોતિર્લોક છે. અહીં પ્રકૃતિયોગે કવિનો સંસ્કૃતિયોગ સધાતો અને એ રીતે આત્મયોગ – અમૃતયોગ નિષ્પન્ન થતો વરતાય છે. આમ આ કાવ્ય કવિના સંવિતકેન્દ્રમાંથી સ્ફુરીને પંખીસ્વરે વિસ્તરતું – વિકસતું ભૂમામયતામાં ઉત્સરતું પ્રતીત થાય છે.

કવિતાને 'કાનની કળા' તરીકે વર્ણવનાર અને તેને કાનથી લખવાનું કહેનાર કવિ – શબ્દ રૂપે પોતાનો સાક્ષાત્કાર વાંછતો કવિ – કાવ્યનો સમારંભ કાનથી કરે એમાં



શું આશ્ચર્ય ? શ્રવણેન્દ્રિયથી આરંભાતી, ઇન્દ્રિયરાગે છેડાતી વાત છેવટે તો ઇન્દ્રિયાતીતતા સુધી પહોંચવાની જ છે; કેમ કે, કવિનું ભાવાનુભૂતિનું – સૌન્દર્યાનુભૂતિનું બળ, એનો આવેગ એવાં ઉત્કટ – ભારે છે. પ્રેરણાની પંખાળી પળોમાં, એના ચૈતસિક ઉત્થાનની ક્ષણોમાં કવિની પાસે જે શબ્દ આવે છે તેને ઝીલવા શ્રવણપાત્ર પર્યાપ્ત થતું નથી, કવિને અન્ય ઇન્દ્રિયોનો સાથ-સહકાર પણ અનિવાર્ય થઈ રહે છે. તેથી તો કવિને થાય છે કે જે કાનથી પમાય એવું છે તેને જો આંખથીયે પામી શકાય તો કેવું ? અરે ! આગળ વધીને કવિને એમ પણ થાય છે કે કાન જ જો આંખ હોય તો શબ્દનો અદકેરો સ્વાદ-આસ્વાદ પ્રકાશ રૂપેય પામી શકાય ને ! કવિને સર્વાત્મભાવે, સર્વ ઇન્દ્રિયો દ્વારા શબ્દને પામવો છે, એના અમૃતને પામવું છે.

કવિની ઉપર્યુક્ત ભાવસ્ફુરણાને ઉદ્દીપ્ત કરનારું પરિબળ છે પંખીસ્વર. એ સ્વર, જે માનવસ્વરની જેમ ભ્રષ્ટતા કે પ્રદૂષણને ભોગ થયેલો નથી. એ સ્વર 'તન્દ્રાતમિસ્રા' (કેવો સુભગ સમાસ !)ને વીંધીને આવનારો, ચમકતો સ્વર છે. તે આખી ઘેઘૂર વૃક્ષઘટામાંથી પ્રકાશનાં છાંટણાંએ જાણે ચૂનારો છે, પર્ણઝુંડમાંથી ટપકનારો છે. કવિએ પંખીસ્વરને કેવું ભાવોત્કટ ઇન્દ્રિયગ્રાહ્ય – ઇન્દ્રિયસંતર્પક મૂર્ત રૂપ બક્ષ્યું છે ! કવિ એ સ્વરને કેવળ સ્વર રૂપે જ નહિ, સૌન્દર્યના સ્ફૂર્તિસભર પ્રકાશાનુભવ રૂપે ગ્રહે – સંગ્રહે છે. એ સ્વરમાં પકડાતા 'પચ્ મુચિ રિચ્ વચ્ વિચ્' ધ્વનિઓ એમની સારસ્વત પ્રતિભા સમક્ષ પાણિનિશિષ્યોનાં સૂત્રોની સ્મૃતિ ખડી કરી દે છે. એ ધ્વનિઓ 'ઊઠો, જાગો, ક્રિયારત થાઓ'નો – उत्तिष्ठित जाग्रत... આદિનો, ઔપનિષદિક પરંપરાનો પ્રેરણાત્મક આદેશમંત્ર ઉદ્‌ઘોષિત કરીને રહે છે. કવિચિત્ત આગળ પાણિનિનો આખોય પ્રજ્ઞાપ્રાસાદ પ્રત્યક્ષ થાય છે. એ રીતે પ્રકૃતિથી સંસ્કૃતિ સુધીની સેતુરચનામાં પંખીસ્વર નિમિત્ત બને છે. આમ કવિ પંખીસ્વરના બળે શ્રુતિ દ્વારા સ્મૃતિમાં, પ્રકૃતિ દ્વારા સંસ્કૃતિમાં અભિસરે છે. જે કંઈ અતીતરૂપ છે, જે અંતરતમમાં સંસ્કારનિષ્ઠ પરંપરામાં ગોપિત છે તે સર્વ સાથે પંખીસ્વર એક અનોખો સંવાદસેતુ રચી દે છે. કવિના માટે પંખીસ્વર 'કાનને પરિતર્પતી ક્રિયાની દ્યુતિસેર' બની રહે છે. શબ્દ શબ્દ રહેવા સાથે 'क्रतु' – ક્રિયા રૂપેય પ્રત્યક્ષ થાય છે. કવિને આવા પંખીસ્વરે આલોકિત હવામાનમાં પોતાના પૂર્વસૂરિઓની શબ્દ-રચનાના સંકેતોય સ્મૃતિગોચર થાય તે સ્વાભાવિક છે. આ હવામાનમાં 'વેદિયા હોય તેણે વેદ સંભાળવા' એમ કવનારો નરસિંહ ઉમાશંકરથી દૂર કેમ રહી શકે ? બંને એક ભાવચેતનામાં સહયોગ કરી તદ્રૂપતા સાધીને રહે છે.

કવિ પંખીસ્વરે સચેત થતાં, અધઊંઘમાંથી એવી જાગૃતિમાં, એવા આંતરપ્રભાતમાં સરે છે જ્યાં એમને કાવ્યના શબ્દો પંખીના જેવા પ્રકાશના ટુકડાએ ટપકતા લાગે છે. કવિ પાસે આવી લાગતા આ શબ્દો પાણિનિના નિયમોથી બદ્ધ શબ્દો નથી. તે સર્વ તો આત્મચેતનાએ, સ્વૈરગતિએ સંચરતા, કવિપ્રતિભાએ સમુત્થાન પામેલા – સ્ફુરેલા અમૃતસંતાનરૂપ – અમિયલ શબ્દો છે. તે સર્જનના શબ્દો છે. આ એવા શબ્દો છે જે

કવિની ભીતર આવી કવિ માટે 'અગોચરને ગોચર કરતા અભિનવા આનંદ'નો વિસ્મયમધુર પંખીલોક સર્જે છે. અહીં કવિ જે બાહ્ય વિશ્વમાં અનુભવે છે તે પોતાના આંતરવિશ્વ સાથે કેવું તો એકાકાર છે તે ગૂઢ અને ગાઢ રીતે પ્રતીત કરે છે અને તેનો રસ આપણનેય અંતર્મુખ કરીને રહે છે.

કાવ્યચેતનામાં હોય છે તો શબ્દચેતના જ, પણ તે કવિચેતનાએ ચેતેલી એવી. કાવ્યમાંનો શબ્દ એ રીતે કવિપ્રતિભાથી તેજોમય હોય છે. તે કોશ વ્યાકરણાદિ તંત્રે બદ્ધ એવો નહિ, પણ પ્રેરણાવેગે મુક્ત મંત્રરૂપ હોય છે. તે કવિના ત્રીજા નેત્રની પ્રસાદી પામીને નવજીવન – નવચેતન પામેલો હોય છે. આવા કવિતાના શબ્દોને જો કહેવાનું થાય તો શું કહે ? કવિએ સૂઝબૂજપૂર્વક શબ્દમુખે જ શબ્દની કથાનો – શબ્દની આત્મકથાનો તત્ત્વાર્થ રજૂ કર્યો છે. કવિતાના એ શબ્દો આપણને કહેવાના હોય તો આ જ કહે કે 'અમે કવિચેતનાના સંજીવની સ્પર્શે એવી ભૂમિકાએ પહોંચ્યા છીએ જ્યાં અમે અમે ન રહેતાં અમે જે કંઈનો સંકેત કરીએ છીએ તે-મય – કેવળ ભાવાનુભવ રૂપ – મૌનરૂપ બન્યા છીએ.' આમ શબ્દશક્તિની પરાકોટિ શબ્દાતીતતાના સીમાડા સુધી પૂગવામાં રહેલી છે, અને આ કવિ અહીં તે લીલયા બતાવીને રહે છે. આ કવિએ એકદા કવિતાને અનુલક્ષીને કવેલું : 'તું તો શબ્દ સનાતન સુંદર મૌનનો.' કાવ્યમાં શબ્દોનો કોલાહલ નહિ પરંતુ ભાવમૂક સંવાદ હોય છે. કાવ્યમાં શબ્દો બોલીને કહે છે તેથી અદકેરું, બોલ્યા વિના, પારસ્પરિક ભાવસંબંધને મૂર્ત કરતી વિલક્ષણ અન્વિતિ દ્વારા કહે છે. કાવ્યમાં શબ્દોની 'અર્થબડબડ' શમી જાય છે અને તેમનું 'રસોન્માદ છોળ'માં પરિવર્તન – પરિણમન થાય છે. કવિનો શબ્દ તો એક એક ચિત્ર હોય છે, એક એક સંકુલ હોય છે, જેના દ્વારા તે એક આનંદમય અનુભૂતિલોક સર્જે છે. કવિ જે અમૂર્ત છે, પરોક્ષ છે, વાયવી છે તેને મૂર્તતા, પ્રત્યક્ષતા ને સઘનતા બક્ષે છે. કોઈ દાર્શનિકને શબ્દોના અર્કમાં – નિચોડ કે નિષ્કર્ષમાં, એના તત્ત્વ-ટૂંપણામાં રસ પડે; જ્યારે કવિને તો શબ્દોના અર્કમાંથી 'ચારુ કિરણકેશ સમારતી ઉષામૂર્તિ'-થી આકૃતિનું નિર્માણ કરવામાં રસ પડે. કવિના માટે 'ઉષા' શબ્દ કેવળ વૈખરીની વસ ન રહેતાં પરાવાણીનો આધ્યાત્મિક ભાવસંદર્ભ બની રહે છે. કવિને તો ફોરમમાંથી ફૂલ સર્જવાનો ઇલમ સાધે ત્યારે જ ચેન પડે છે. તે તો કાવ્યેતર શબ્દોના ચહેરાઓને, અનિવાર્ય લાગે ત્યાં ભૂંસીકરી, છુપાવી કે પલટીને એના આધારે કવિતાનો મનોરમ ચહેરો સર્જે છે. કવિ શબ્દને 'નૂતનાવતાર' આપતાં પોતેય નૂતનાવતાર પામે છે. આમ કવિનું ગાન – કવિપંખીનું ઉષઃગાન સતત વિસ્તરતું – વિકસતું વ્યષ્ટિસમિષ્ટચેતનાના આહ્‌લાદક અરુણોદયમાં – સૂર્યોદયમાં પરિણતિ સાધે છે.

પ્રકૃતિનું અનાવિલ સૌન્દર્ય સહસ્રધારે ઊછળતું કવિને આંતરબાહ્ય ભૂમિકાએ વિવિધ રીતે સ્પર્શે છે. એ સૌન્દર્ય આંખકાન આદિ અનેક ઇન્દ્રિયોને વશ કરે છે. જે તેજ-રંગનો સ્વાદ આંખ લે છે તેનો સ્વાદ લેવાની વૃત્તિ કાનનેય રહે છે. આંખમાં જ



જો ઇતર ઇન્દ્રિયોની પણ શક્તિ એકાગ્ર થઈ હોય તો દશ્યવિષયનો સૌન્દર્યાનુભવ કેટલી પ્રગાઢતાથી થઈને રહે ! કવિ આ સંદર્ભમાં મધુર પ્રશ્ન કરે છે : 'ઉષાનો રંગ એ કયો સૂર ?' કવિ અહીં રંગોનું સ્વરસપ્તક રચવામાં જાણે વ્યાપૃત થાય છે. આ સ્વાદવૃત્તિનો ઉત્કટ ઉછાળ કવિને સર્જકતાની દિશામાં પ્રેરે છે. મધુમાલતીની બહાર, બોગનવીલિયાની મિશ્ર છોળ, નાજુક જૂઈ, ટીપકિયાળાં ફ્લૉક્સ, શુકનમાં ઉપયોગમાં લેવાતાં કાર્નેશન, તે ઉપરાંત સૂરજમુખી અને પ્રિયકાન્તના શબ્દોમાં કહીએ તો 'ખીલેલો લાગતો એવો' સૂરજ પણ – આમ આ સાતેયથી રંગોનું એક અપૂર્વ ચાપ અહીં સર્જાય છે. કવિને કોકિલની ગાનકલામાંયે પ્રકાશનો ઉત્સ – પ્રકાશની છોળછાલક લહાય છે. વળી કોકિલની સાથે કાકકુલોના સ્વરોયે 'અજબ મિલાવટ' કરી દે છે. કોઈ જાતનો ગાનવિક્ષેપ તો દૂર રહ્યો બલકે પ્રભાતી સ્વરસંવાદ વધુ દઢ ને પ્રભાવક થાય છે ! વળી આમાં 'ચકીટોળું'-(કેવો મીઠડો શબ્દ !)યે એની ગુજબુજના છંટકાવે આ સ્વરમાધુરીને ઓર વધારે છે. બુલબુલના નાદમાં તો કવિને 'શ્રીપ્ રભુ !' 'શ્રીપ્... શ્રીપ્રભુ !'નો ગંભીરગહન ઘોષ પમાય છે. આમ આખું વિશ્વ સ્વર-પ્રકાશના સુમેળે-સામંજસ્યે-માધુર્યે ઊઘડતું કવિને સૌન્દર્યની કોઈ સવિકલ્પ સમાધિમાં આકૃષ્ટ કરે છે. કવિને એક બુલબુલના સ્વરેય આખું વિશ્વ અધ્ધરશ્વાસે – અર્ધશ્વાસે સંતુલિત થતું ઊભું રહી ગયું હોય એવો ભાવ થાય છે. કવિચેતના પંખીસ્વરે આંદોલિત થતી એક બૃહદ વ્યાપમાં વળતી, સૂક્ષ્મતમ લયસંબંધે વિશ્વ સમસ્ત સાથેની પોતાની એકપ્રાણતાનો આહ્‌લાદક અનુભવ કરી રહે છે.

કવિની આવી ઉષઃકાલીન અનુભૂતિ કંઈ સ્થગિત હોય ? એના સૌન્દર્યાનુભવનાં ગતિવ્યાપ ક્રમિક રીતે બઢતાં વધુ ને વધુ સંકુલતાને ઉપસાવતાં રહે છે. કવિની દષ્ટિ દ્યાવા-પૃથિવી પર્યન્ત રમમાણ રહે છે. તે આકાશમાં ઊડી રહેલાં પક્ષીઓની હારમાળાને અવલોકે છે ને એમને એ રીતે જોતાં જ તેઓ જાણે સૂર્ય-ઉપસ્થાને જઈ રહ્યાં હોય – સૂર્યોપાસનામાં જોડાવા નીકળ્યાં હોય એવી રસાત્મક તર્કલીલા કરે છે. વૃક્ષો પરથી ઊડતાં પંખીઓને તેઓ 'અચલ ઝાડવાંના ચપલ ઇશારા' રૂપે વર્ણવે છે. (અહીં 'અચલ'-'ચપલ'થી યમકરચના થતાં જે ભાવચમત્કૃતિ સધાય છે તે પણ રસિકોને તો ખ્યાલમાં આવે જ.) સ્થાવર વૃક્ષો અને ગતિશીલ પંખીઓ વચ્ચે જે ઊંડાણમાં એકાત્મતા છે તે કવિ સરસ રીતે અહીં વ્યંજિત કરીને રહે છે. કવિને વૃક્ષોની 'સ્થાવરતા' સાથે જ 'સ્થવિરતા'યે સ્પર્શે જ છે. આવા સ્થવિર વૃક્ષરાજ અનેક શાખાબાહુઓ વચ્ચે કપોત, કાબર, લેલાં ને દૈયડનાં ટોળેટોળાં ખોબે ખોબે ઉછાળીને ઉડાડતા હોય એ ચિત્ર કેટલું બધું ઉલ્લાસસભર, તાજગીબક્ષ, અર્થપૂર્ણ ને હૃદયંગમ છે ! આ તો એ જ વૃક્ષો, જેમનાં 'પૃથ્વીઊંડાં' તરુમૂળ એકકાન થઈ, ધ્યાનપૂર્વક, પોતાની ડાળ પરના માળાઓમાં નિરાંતે નિર્ભયપણે ને નિશ્ચિંતપણે વિશ્રાંતિપૂર્વક પોઢેલાં પંખીઓના હૃદયના ધડકારનો ઝીણો – સુકુમાર સ્પંદ સાંભળી રહેલાં ! પૃથ્વીમાં ખૂંપતાં તરુમૂળની આકાશમુખી વિહંગમો પ્રત્યે કેવી સહાનુભૂતિ છે, તેમની સાથે તે સૌની કેવી તો સંવાદસેતુમય સહૃદયતા છે તેનું મર્મસ્પર્શી ભાવચિત્ર અહીં રેખાંકિત થયેલું આપણને

સાંપડે છે. આ પંખીઓની આંખોની જ નહિ, એ સિવાયનાં પશુઓ-માનવીઓ આદિની આંખોની પણ મૂંગાં મૂંગાં આકાશમાં રહીને પલપલતાં નક્ષત્રો કેવી સજાગતાથી સંભાળ લે છે ! કદાચ આ આંખોનેય એમની પોતાની એ નક્ષત્રો દ્વારા લેવાતી આવી સંભાળની – એ સંભાળ લેનારનીયે જાણ ન હોય એમ બને ! કવિ સમગ્ર વિશ્વ સાથે એક-રાગતા સાધતાં એવી સમતા – એવી શમાવસ્થા પ્રાપ્ત કરે છે, જેમાં તેમને અખિલ બ્રહ્માંડનો ગતિ-સ્પંદ અનુભવાય છે, એ સર્વ સાથે કવિની પોતાની મૂળભૂત એકપ્રાણતાનો ભર્યો ભર્યો સાક્ષાત્કાર થાય છે. પ્રભાતે વૃક્ષરાજીમાં શ્રવણગોચર થતા મર્મરરવમાં પંખીનો કલરવ ભળી-મળી ગયાનો ભાવ પામી શકાય છે. પૃથ્વીના અંતરમાં – અંતસ્તલમાં જે સ્વરતત્ત્વ-સંગીતતત્ત્વ છે તેનો આવિર્ભાવ વૃક્ષરાજીના પાંદડે પાંદડે નર્તનોલ્લાસમાં કવિ પામે છે. આ સ્વરમધુએ સમગ્ર વાતાવરણમાં – અવકાશમાં માધુર્યમય આર્દ્રતાનો સ્પર્શ થાય છે. કવિને આથી આ પ્રાતઃકાળનો સોનેરી સમય ઉત્સ – પર્વ સમો લાગે છે. પૃથ્વીની – કહો કે સમગ્ર સૃષ્ટિની – અંતરતમ વાણીના – મૌનના મર્મોદ્ગાર રૂપે પંખીરવને પ્ર-માણતાં ને સત્કારતાં કવિ પરોઢી વેળામાં 'પૃથ્વીના ભીતરી મૌનનો ભાસ્વત ઉત્સવ' ઊજવાતો અનુભવે છે. અહીં જડ અને ચેતનના, અધસ્ અને ઊર્ધ્વના સીમાડા કવિસંવિદના આનંદાનુભવમાં વિગલિત-વિલુપ્ત થઈ ગયેલા પ્રતીત થાય છે. કવિ કેટલી સહજતાથી ને સમર્થતાથી સજીવારોપણની કલારીતિમાં વહે છે તે રસજ્ઞોએ ધ્યાનથી જોવા જેવું છે.

કવિના ચિત્તમાં મન અને હૃદયની વિભિન્નતા સ્પષ્ટ છે. 'તર્ક પણ જેને રસગદ્ગદ કરે તે હૃદય' અને 'લાગણીને પ્રમાણી શકે તે મન.' કવિનો મન-હૃદય વિશેનો આવો ખ્યાલ વિલક્ષણ-વિશિષ્ટ ખરો જ. કવિ ઉષાના આનંદવૈભવને મોકળા મને ને ખુલ્લા હૃદયે ઝીલે છે, એમ કરતાં એમના સત્ત્વોદ્રેકનો – ચેતનોલ્લાસનો અંજવાસ–ઉછાળ પણ આપણને ભીંજવી રહે છે.

કવિની ઉષાકિરણે ખૂલેલી ને ખીલેલી દૃષ્ટિ કેવાં મનોહર સ્વાભાવોક્તિસભર ચિત્રો ઝડપે છે તે પણ જોવા જેવું છે. કવિનો સચ્ચાઈપ્રેરિત ઉત્કટ સર્જનરસ, સમુદાર સૃષ્ટિરસ અને પ્રગાઢ જીવનરસ યુગપદ્ રીતે જ્યારે ક્રિયાન્વિત થાય ત્યારે જ અહીં ઉઠાવ્યાં છે તેવાં સુરેખ ચારુ ચિત્રોનો ચમત્કાર શબ્દપ્રવાહમાં શક્ય બની રહે. કવિ પોતાના વાચનખાનાની બારીમાંથી બહાર જુએ છે, ત્યારે એમની નજરે એક લીલો પોપટ નજરે ચડે છે, જે રક્ત 'ચંચુ' (અહીં 'ચાંચ' ન ચાલી શકે એવી હવા છે કાવ્યની !) એકાન્ત બાગના નળના ખાબોચિયામાં ડુબાવે છે, પાણીમાં પાંખ ફફડાવે છે ને પછી જરીક અવાજ થતાં ઊડી જાય છે. વળી તપખીરિયા ડિલને પાંખથી પાંદડાથી (પાંખ-પાંદડા વચ્ચે ભેદ કરવાનુંયે અહીં રુચિકર લાગતું નથી !) ઢાંકતો, ગભીર-ઊંડા ભર્યાભર્યા અવાજે હવાને અંજવાસતો (આ ક્રિયાપદ પણ કેટલું ઊજળું ને ઉજાળનારું છે કવિના ભાવસંદર્ભને !) ભારદ્વાજ પણ કવિની નજરે ચડે છે. આ ઉપરાંત લતાગુલ્મમાં સંતાઈને 'વેઇટ્-એ-બિટ્' બોલતું પંખી તો કવિને ને સાથે કાળનેય જરા થોભી જવાનું ન કહેતું હોય ! કવિ પણ



ત્યારે વિમાસણમાં પૂછે છે : 'સમય ! સમય શું રાહ જોવા માટે છે કે ?' અહીં ઉત્તરની તો અપેક્ષા જ નથી. કવિનો પ્રશ્ન જ પ્રતીક્ષાતત્ત્વનું જીવનમાં જે મર્મભેદી રહસ્ય છે તેના સત્યની ગહન-સંકુલ વ્યંજના સંકોરી રહે છે.

કવિએ જે કાળપટની વાત કરી તે જેના ખભે લહેરાય છે તે સ્થળનોયે સંકેત કર્યા વિના રહે ? કવિને માટે સ્થળ અહીં કોઈ જડ હસ્તી નથી. એ એમના માટે તો 'શૈલમહાશય' છે. (આ શબ્દપ્રયોગમાં કવિના વિનોદરસિક ચિત્તની પ્રસન્નતાનો સ્પર્શ પણ વરતાશે.) એમના એક આદિમ સ્વજન ! એ શૈલમહાશય તો સત્ય ગોપવીને, તેને તાળાબંધ કરીને, તેની કૂંચીયે ગળી જઈને સંતૃપ્તિમાં વિરાજમાન છે. એ શૈલમહાશયનો ચહેરો ભલે કરડાકીવાળો હોય; 'સર્વસૃષ્ટિજયિની સિસૃક્ષા'ના તૃણાંકુરથી ભેદાઈ રહેવાનું ઔદાર્ય એમણે દાખવ્યું જ છે. ટાઢ, તાપ, વર્ષાની સામેય ઝીંક લેતી એમની અણનમતાએ સર્જનશક્તિ આગળ તો પૂરી નમનીયતા-નમ્રતા દાખવી જ છે. કવિને તૃણાંકુરને પ્રતાપે ડુંગર પાસેથી સર્જકતાનું – સર્જનનું જે સત્ય લાધે છે તે એવું છે, જેને કોઈ બાંધી શકતું નથી, જેનો પરાભવ થઈ શકતો નથી. સર્વ સ્થૂલતાઓને વટીને કવિચિત્ત નિર્બંધ જીવનસત્ત્વે આનંદમૂલક અમૃતત્વનો એક સાત્ત્વિક ઉજાશ અહીં ડુંગરની છાયામાં ને તૃણાંકુરની લીલપમાં લહેરાતો પામે છે. પાષાણી ચટ્ટાનમાંથી કોઈ હરિત તૃણાંકુરનું અંકુરિત થવું – તૃણાંકુરનો એ પ્રકારનો વિસ્ફોટ અણુ-વિસ્ફોટથીયે સવિશેષ મહિમાવંત ઘટના છે આપણા કવિ માટે એ ઘટના સાચા જીવનસંઘર્ષની સુધામય ફળશ્રુતિરૂપ છે. સંઘર્ષનેય સંવાદમાં પલટી દેનારા સર્જકચિત્તના મહાન વિજયની એ સં-ઘટના છે.

આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પણ આપણે આપણી પ્રકૃતિની દિવસભર પ્રવૃત્તિસભર જીવનસંઘર્ષમાં જોતરાઈને જ જીવવાના ! દિવસના અજવાળે ચાલતી દોડમાં – 'અંધદોડ'માં આપણે અનિવાર્યતયા ઘસડાવાના. આપણે એ રીતે વ્યોમચારી પંખીના બદલે ઘડિયાળના પંખીના અવાજે નિયંત્રિત થઈને જીવનને ચલાવતા રહેવાના. શું આ રીતે જીવન ચલાવતાં જીવ્યાનો સ્વાદ-રોમાંચ મળે છે ખરો ? આપણી આયુર્યાત્રા સ્થગિત થઈ ગયેલી, લાભશંકર કહે છે તેમ, 'યાન્ ત્રિક તાના તાલ'માં નિબદ્ધ થઈ ગયેલી આપણને નથી લાગતી ? પ્રકૃતિભ્રષ્ટ ને વિકૃતિગ્રસ્ત જીવન ગુજારતાં સાંજ પણ ઢળવાની ને ત્યારે આપણી નજર આકાશ તરફ, ત્યાં ઊંચે ને ઊંચે સહેલતા કોઈ એકલદોકલ પંખી તરફ પણ જવાની. આપણે ભલે ઘડિયાળના પંખી સાથે ચાલતા હોઈએ, આપણો હજુ આકાશવિહારી પંખી સાથેનો સ્નેહતંતુ છેક જ તૂટી ગયેલો નથી. હજુ એ પંખીને જોવાનો, એ પંખીને એના પ્રભુ સાથે મળવાનો, એની સાથે દોસ્તીની પળો ગાળવાનો કૌતુકભાવ – રોમાંચ બચ્યો છે, ટક્યો છે. આપણને વિસ્મિત ને રોમાંચિત કરનારાં એ પંખીઓ કેવળ આકાશવિહારી નથી. તેઓ તો આકાશ ગટગટાવીને પી ગયેલાં – 'આકાશપીધેલાં' છે. એમની પાંખોના ફફડાટે હજુય તેજની છાલકો વાગતી કવિસંવિદ અનુભવે છે. હજુ કવિ એ પંખીઓની પાસેથી નભ-વાટ કેટલી લાંબી તે જાણવાની સાચી

જિજ્ઞાસા ધરાવે છે. તેમની પાંખોમાંથી તો કવિને જીવનમાં ડગલે ડગલે તેજ-ઘાટ હોવાનો સધિયારો સાંપડે છે. આપણે જો અંદરથી ખૂલીએ, મુક્ત થઈએ, ઉન્નત થઈએ તો તેજ-ઘાટ દૂર નથી જ. આપણી આશા, આપણી આશાનો સૂર્ય આપણી પડખે છે જ છે.

સૂર્યના ઉદયની – સૃષ્ટિના સમુદયની અને જીવનના અભ્યુદયની ઘડી જેવી જ રોમ-હર્ષણ ઘડી તે સૂર્યના અસ્તની, આપણી સૃષ્ટિના ને આપણા જીવનના વિરામની હોવાની. વિરામ એટલે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ, પ્રવૃત્તિનો અંત નહિ, જીવનનું કે સૃષ્ટિનું સમાપન કે એની ઇતિ નહિ. જીવનનો પ્રવાહ – સૃષ્ટિનો ચૈતન્યસ્રોત તો સર્વદા અવિચ્છિન્ન જ. એની તો સનાતન ગતિ. એમાં વિરામ-વિશ્રાંતિના તબક્કા ખરા, પરંતુ ક્યાંય ખટકી-અટકી પડવાનો તો પ્રશ્ન જ નહિ. 'જરા આઘે રહીને' આ જીવનસૃષ્ટિનું કે સૃષ્ટિજીવનનું દર્શન કરતાં આહ્લાદ જ થવાનો; આવતી કાલની આશા પણ ટકવાની, બલકે એને ઓર વળ મળવાનો. સાંજ પડ્યે સીમાડે – સીમમાં મસમોટા તરુવર પર કાગડા ('વાયસજી' જેવો મીઠો શબ્દ આ કાઠા પંખીઓ માટે પણ !) વધારે કે પાંદડાં એવી મીઠી મૂંઝવણ જગાવતો પ્રશ્ન જન્માવતું કા-કાના શોરના મસમોટા ગોરંભા સાથે ખડું થતું એક દૃશ્ય-શ્રાવ્ય ચિત્ર આ સાથે આવતું – ગોઠવાતું આખા વડને ઢાંકી દેતી ઊંધે માથે લટકતી વાગોળોનું અને વચ્ચે વચ્ચે પેલાં આંધળાં ચામાચીડિયાંની ચિચિયારીઓ – જે હાડે કવિ તે તો ચામાચીડિયાંની આ ચિચિયારીઓને જ ચકરાતી ને આંધળી કહેવાનું પસંદ કરે ને ?! – આ પ્રકારના એક સાયંકાલીન ચિત્રપટને કંઈક કઠોર ને કુંઠિત ચિત્તેય જોવું તો પડવાનું જ. પ્રવૃત્તિનો વિરામ, અંધકારનું આગમન અને આખા ઊજળા દિવસનું 'આંધળું' સરવૈયું કાઢવાની જવાબદારીમાં ઘુવડો સંડોવાય એવી પરિસ્થિતિ – આ બધું સ્વીકારતાં કંઈક ક્ષોભ-સંકોચ આદિયે થાય ને છતાં તે આગવી વિશિષ્ટ સમજ સાથે, ચિત્તની શાણપણભરી સજ્જતા સાથે સ્વીકારવું જ રહ્યું. જે જિવાયું એનો આનંદ. જે કંઈ કરતાં માનવજાતથી પ્રેમપૂર્વક સમૂહમાં સુમેળથી રહેવાયું તેનું આશ્વાસન કંઈ ઓછાં ન જ હોય ! આયખાનો તો એક એક દિવસ સોનાનો, રમણીય ને રોમાંચક. વિષમતાના કઠોર-કટુ સ્વાદનોયે આહ્લાદ. કવિને તો પૃથ્વી–ગામો–મહોલ્લા–શેરીઓ–ગલીઓ–હવેલીઓ–મહેલો–ઘરો–ઘોલકીઓ–ઝૂંપડપટ્ટી–જંગલના ગોઠ–નેસડા–કૂબા આ સર્વમાં વિશ્રાંતિ માણતા મનુષ્યોની હૈયાધબકનું વાસ્તવિક અભિજ્ઞાન છે અને એ જ તો એમની ખરી કાવ્યસંપદા છે.

આ રાત્રિનો શાંત સમય તો કવિના માટે વિશ્વયોગ ને આત્મયોગ સાધવાનો જ સમય. કવિની આંખ તો આધુનિક મનુષ્યનાં વિકાસલક્ષી પગલાંની પ્રતીક્ષા કરતી ચંદ્રધુલિ સુધી, ગિરિમાળાઓના અફાટ હિમપટ પર મારદડી રમતા પવનો સુધી (કવિનું પવન અંગેનું ચમત્કારપૂર્ણ વાસ્તવિક નિરૂપણ પણ અહીં ધ્યાનમાં આવશે), લીલો લીલો સ્વાગત રૂમાલ ફરકાવતા દિવસભરના તાપે અકળાયેલાં ને હાંફતાં રણો સુધી, વ્યાઘ્ર-આંખોએ તગતગતા અંધકારવાળા જંગલ સુધી ને એક તારો બીજા તારાને કિરણચીસે પોકારે



છે તે અંતરીક્ષના ઊંડાણ સુધી ફરી વળે છે. કવિને ચક્રવાક-શાં હૈયાંનો રાત્રિવિરહ પણ વીંધે છે. ઝાકળભીંજ્યા બપૈયાનો આર્ત સ્વર વિશ્વે વળૂંભેલો–વીંટળાયેલો–વ્યાપેલો જે વિરહ છે તેને કવિના રોમરોમે સંચારિત કરે છે. કવિચિત્ત કદાચ ક્રૌંચવધે વ્યથિત વાલ્મીકિ-હૃદયની ગતને પામે છે. તે અધરાતે–મધરાતેય આ સમગ્ર સૃષ્ટિલીલાના અનુભૂતિસંચારે મુખરિત થાય છે અને એ પોતે જ પોતાને સાંભળી રહે છે – કેવળ કાનથી નહિ, સમગ્ર હસ્તીથી, સમસ્ત સંવિદથી. કવિની આવી અંતર્મુખતા જ પોતાના અસલી અવાજ અંગે પોતાને સાશંક કરે છે. સમૂહમાં, વર્ગમાં, બાગમાં, ઘરમાં, ગાડીના ડબ્બામાં કે ઝડપભેર ચાલતાં ચાલતાં કે ઝાડ તળે ઊભા રહીને બોલતાં જે બોલાય છે તેમાં ખરેખર પોતાનો શુદ્ધ સાચો અસલી અવાજ હોય છે ખરો ? આ પ્રશ્ન કવિનો છે, ને કવિએ અન્ય કોઈને નહિ પોતાને જ સીધી રીતે પૂછેલો છે ! ક્યારેક કવિએ પોતે જ પોતાના અવાજને વસ્તુલક્ષી ભૂમિકાએ – બિનંગતભાવે સાંભળવા–પામવા–પ્રીછવાનો પ્રયત્ન કરી જોયો છે; પરંતુ તે પ્રયત્ન કવિને સર્વથા–સર્વદા કદાચ સાનુકૂળ – પ્રોત્સાહક જણાયો નથી. ક્યારેક તો આ આત્મદર્શી કવિને ખુદને જ પોતાના અવાજ પ્રત્યે અભાવો – અરુચિ થયાનું બન્યું છે ને તેય અકારણ તો નહિ જ. સાંપ્રતકાલીન જીવનની કેટલીક વિસંવાદિતાઓથી ઉદ્ભવેલી વેદનાઓના ઓથાર ને ભીંસ વિના તો આવું ન જ થાય; પણ જે સર્વાત્મભાવે કવિ જ હોય તે પોતાના અવાજને – પોતીકા અવાજને પામ્યા વિના, એ અવાજનો એના તળિયા સુધી પહોંચી ભેદ પામ્યા વિના તો કેમ જંપે ? પોતાના – પોતીકા અવાજના તળિયા સુધી પહોંચવું એ કવિ માટે તો ઘણી ઊંડી ને ગહન બાબત. તંદ્રાગ્રસ્ત–નિદ્રાગ્રસ્ત અવસ્થામાંયે, પોતાના અવાજ વિશેની સંપ્રજ્ઞતા છેક જ ડૂબી જઈ શકે ખરી ? નર્યું સાંભળતાં રહેવાનું ને છતાંયે બોલવાનો હરફ સરખોયે નહિ ! – એવી ભૂમિકાએ પહોંચવાનું શક્ય છે ખરું ? કવિની ભીતર એક એવો અવાજ છે, જે છેક જ ઓલવાતો નથી; કદાચ તે રૂપાંતરો પામે છે અવનવા આઘાતોએ. જીવનમાં ઊઠતાં ભરતીમોજાંઓએ એમનું કવિસંવિદ જે રીતે સજાગ રહેતું ભાવાઘાતો પામે છે તેથી પેદા થતા ક્ષોભવિક્ષોભો નિગૂઢ રીતે સ્વપ્નમય આકારોમાં પરાવર્તિત થઈ પોતાના જ અંતરતમ અવાજનો સંકેત કરી રહે છે. એક એવો અવાજ કવિના અંતરતમમાં ઊઠે છે, જે એને પોતાના ઊંડાણમાંથી તેમ જ પોતાની બહાર જે કંઈ છે તેમાંથી આવતો, પોતાના સમયમાંથી આવતો અને પોતાના સમયની પારથીયે આવતો કવિને લાગે છે. મયૂરના 'મે-આઓ'ના અવાજે સ્પંદિત થતા રક્તાવેગે પણ એનો પડછંદ કવિ ઝીલે છે. કોઈ સારસના – સારસયુગ્મના તીવ્ર ઉરસંવેગનો સ્વર – એમનો 'આભ-વલોવતો બેવડ આલાપ' કવિસંવેદનામાં ગ્રહાતો, કવિના જ અવાજમાં પ્રતિધ્વનિત થતો – સંક્રાન્ત થતો કવિના અવાજ રૂપે જ પ્રગટ થાય છે. કવિના અવાજમાં કવિવ્યષ્ટિનો જ નહિ, સૃષ્ટિ-સમષ્ટિનો અવાજ પણ ભળી ગયેલો હોય છે. કવિને તો પોતાના એ અવાજમાં લોકાન્તર–જન્માન્તરના અવાજોય મળી–ભળી ગયેલા લાગે છે. કવિના અવાજમાં તેમના 'હું'નો

– અહમ્‌નો જ –'સ્વ'નો અવાજ પણ અવિશ્લેષ્ય રીતે રણકતો લહાય છે.

કવિસંવિદ અંધકાર-પ્રકાશના કાંઠે રહી એકાકારતાએ સ્વ ને સર્વની સંપૃક્તિથી, વ્યષ્ટિ–સમષ્ટિ સાથેની રસસિદ્ધ સમાધિએ પોતાનામાં એકાગ્ર થાય છે ત્યારે એનામાં ઉષાગાનનો – પ્રભાતમંત્રનો – ગાયત્રીમંત્રનો – પંખીસ્વરનો – પંખીના ઉદ્‌ગાનનો આવિર્ભાવ થાય છે. કવિને આ ભાવસમાધિએ સહજતયા લાધતું મૌન એની અંતરતમ વાણીનો – એની પરાવાણીના પર્યાયરૂપ બની રહે છે; ને એ જ કવિના સાચા સર્જનશબ્દ રૂપે પ્રતીત થાય છે. કવિનો શબ્દ જ 'પચ્‌ મુચિ રિચ્‌ વચ્‌ વિચ્‌'માં, 'વેઇટ-એ-બિટ્‌'માં પડઘાતો ને પ્રકટતો પમાય છે. કવિની પાસે માતા-પિતા આદિની કુલપરંપરા–સંસ્કારપરંપરા ખરી જ; એની એક વૈયક્તિક ભાષાએ ખરી – 'આત્માની માતૃભાષા' થવાનું સામર્થ્ય દાખવતી. કવિની પાસે એ ભાષા બોલવાનો સ્વાદ લેતી જીભ ને બીજાના મુખે એવી ભાષા બોલાતી સાંભળવાનો કાન અને એનું હાર્દ પામવા માટેનું હૃદય – એ સર્વ પણ ખરાં જ. કવિમાં તો હૃદય-મન-શ્રવણ આદિની ભાષાનો અખિલાઈપૂર્વક સાક્ષાત્કાર કરવા માટેની એક સંગઠિત શક્તિયે ખરી. કવિ જ્યારે સર્જનની પ્રાણવંત ક્ષણોમાંથી પસાર થાય છે ત્યારે એના લોકોત્તર ભાવવિશ્વમાં – એના અલૌકિક આનંદસ્પંદમાં અને એ રીતે સર્વમાં હળીમળી ભળીગળી ગયેલો – સર્વાત્મભાવે પ્રગટેલો એક અનિર્વચનીય ભાવસંદર્ભરૂપ માત્ર બની રહે છે. આ જ કવિનું શેષ ને આ જ એનો વિશેષ ! કવિનું કામ તો માનવની આનંદયાત્રાની સ્ફૂર્તિલી સં-ગતિ ને પ્ર-ગતિમાં પરિણત થઈને રહેલું હોય છે. કવિ જે રીતે પોતાના શબ્દોમાં ઊઘડેલો–અવતરેલો કે આકૃત થયેલો હોય છે તે પણ અન્ય રસિક હૃદય સાથેના તેના અવિનાભાવિસંબંધ-યોગે કરીને જ. કવિનું પોતાનું કવિતાથી અલગ કોઈ નામઠામ હોતું નથી જ. કવિ એટલે જ એની કવિતા ! 'ફાઉસ્ટ'ની બહાર મળતા ગ્યૂઇથેનું આપણે શું કામ ? આપણે તો 'ફાઉસ્ટ'માં ઓગળી ગયેલા ગ્યૂઇથેને પામવાનો જ રોમાંચ હોય. કવિ એ વાતનો મર્મસંકેત આપતાં કહે છે, 'નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.' પણ એવીયે સભાનોક્તિ શા માટે ? કવિપંખી તો આ કાવ્યના અંતે કહે છે :

**વેઇટ્‌-એ-બિટ્‌ !...**
**છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.**

આપણેય આ કવિની ઔપનિષદિક વાગ્લયના સંસ્કાર-સ્પર્શનું સ્મરણ કરાવે એવી મુક્ત છતાં સંયત એવી ઘૂંટાયેલી વિલક્ષણ લયાન્વિતિયુક્ત, તેજેઘડ્યા સંસ્કારદીપ્ત શબ્દસ્પંદે ફોરતી-મ્હોરતી, કલ્પનરસિત, વ્યંજનાગર્ભ, અરૂઢ સ્વરૂપયુક્ત વાણીનો – એમના પ્રજ્ઞાપ્રાસાદના સબળસંકુલ આલોકનો આસ્વાદ લેતાં, આપણને – આપણા નામનેય ઓગાળી દેતી આ શબ્દસંવિત-રચનાને આત્મસાત્‌ કરતાં, એના અંગે કહેવા જતાંયે પૂર્ણતયા-નિઃશેષપણે નહિ કહેવાયાનો મીઠો અસંતોષ છેવટે વ્યક્ત કરીને, સમુદાર મૌનનું શરણ સ્વીકારીને જ વિરમવું રહ્યું.[S]

S 'પંખીલોક', સમગ્ર કવિતા, બીજી આવૃત્તિ : ૧૯૮૧, પૃ. ૮૧૯-૮૨૪.



# ઉમાશંકરભાઈનાં મુક્તકો-લઘુકાવ્યોનું ભાવવિશ્વ – એક આસ્વાદ

***યૉસેફ મેકવાન***

## સંસ્કૃતિ

ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડાં, ના કદી થડ;
રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રૂહે સંસ્કૃતિ-વડ.

અમદાવાદ, ૧૯-૮-૧૯૪૫

## નાનાની મોટાઈ

મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું.

અમદાવાદ, ૬-૪-૧૯૪૯

## ઝંખના

ઝંઝા કેરી પુત્રી છો હોય ક્રાન્તિ,
હૈયે લ્હેરે ખેતરો કેરી શાન્તિ.

પેઇચિંગ, નવું વર્ષ : ૧૯-૧૧-૧૯૫૨

## રીઝે બાળક જોઈ જેને—

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

અમદાવાદ, જાન્યુઆરી ૧૯૬૫

## ત્રણ વાનાં

ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ.
બહુ દઈ દીધું, નાથ ! જા, ચોથું નથી માગવું.

અમદાવાદ, ૧૯૭૭

## વસંત છે

તમે કહો છો વસંત છે
પણ પંખીને કહો છો : ચૂપ !
અમને સૌને દર્પણ સમજીને
જોયાં કરો છો પોતાનું રૂપ.

... ...

અમદાવાદ, ૩૦-૩-૧૯૭૬

## લઢ્યો ઘણું

લઢ્યો ઘણું, છેવટ મારી સાથે;
મળ્યું ન કો, આત્મસમાન જે ન હોય.
ચાલ્યો ગયો વ્યક્તિ પૂંઠેની વ્યક્તિને.
પ્હોંચ્યો મુકામે, લઈ સ્કંધ થેલો,
થતો શરૂ ત્યાં જ નવો પ્રવાસ કો.

મૉસ્કો, ૨૩-૯-૧૯૭૮

**સં**વેદનશીલ માણસનું ચિત્ત તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓના અનુલક્ષમાં સતત વિચારતું હોય છે. એમાંય કવિજીવ તો એ ચિત્તવ્યાપારોને ગદ્યપદ્ય રૂપે શબ્દસ્થ કરી જીવનદિશાનો ઊંચો-નીચો ગ્રાફ આકારતો રહે છે. તેમાં જીવનોત્સવનાં, પ્રેમનાં, ઉલ્લાસનાં, હ્રાસનાં, વ્યંગનાં, મૃત્યુનાં ગૂઢ રહસ્યોનાં, પ્રકૃતિસૌંદર્યનાં વગેરેનાં પ્રતિબિંબો ઝિલાયાં હોય છે. એ બધું સર્જન જમાને જમાને જનલોકના ચિત્ત સાથે ભળી નવા અર્થસંકેતો આપતું રહે છે, રૂપાંતરિત થતું રહે છે. એટલે કાવ્યવિચારને ક્યાંય પૂર્ણવિરામ હોતું નથી ! કવિ ભાષાને પૂરી સભાનતાથી આત્મગત કરી અનુભૂતિ, ઊર્મિઓ, સંવેદનો વગેરેને શબ્દલયમાં રમતાં મૂકે છે. તેથી જ તો ઉમાશંકરભાઈએ પોતાને ઉદ્દેશીને ગાયું છે ને –

**સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.**

મુક્તક અને લઘુકાવ્યોનું સ્વરૂપ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશમાં થઈ ભાષાના વિકાસ સાથે આધુનિક સાહિત્યમાં પણ વિસ્તરી રહ્યું છે. તેમાં વિષયવૈવિધ્ય હોવાથી હૃદ્ય અને રસિક લાગે છે. અનુભવની કે વિચારોની ગહનતામાંથી જન્મ્યાં હોઈ સ્મરણમાં રહી જતાં હોય છે. તેની મર્માળી ચોટ પાણીદાર મોતીની જેમ ચિત્તમાં ઝળકે છે. ખુદ ઉમાશંકરભાઈએ કહ્યું છે કે, 'મુક્તક એટલે છૂટું કાવ્ય.' મુક્તકમાં જીવનને કોઈ એવો અનુભવ રજૂ થયો હોય કે સાંભળતાંવેંત જ મનમાં રમી રહે, જીવનમાં ભાથાંરૂપ બની



રહે. અર્વાચીન સાહિત્યમાં બ.ક.ઠા.એ એક કાવ્યપ્રકાર તરીકે મુક્તકને સ્થાપ્યું છે.

ઉમાશંકરભાઈનાં ઊર્મિસભર મુક્તકોમાં – લઘુકાવ્યોમાં ભાવનાઓ, લાગણીઓ, સંવેદનો વગેરે અસંદિગ્ધપણે રસાઈને મર્માળાં કાવ્યાત્મક બન્યાં છે. અહીં એમની એવી રચનાઓનો આસ્વાદ માણવો ગમશે.

ઋતુચક્ર છે પ્રકૃતિનો શ્વાસોચ્છ્વાસ. વસંતમાં પ્રકૃતિ હરિત બને, ખીલે, મહોરે. એ વૈભવને એ પાનખરમાં ત્યજી દે. આદિકાળથી ચાલી આવતી આ ઘટના કવિચિત્તને કોઈ એવી ક્ષણે સ્પર્શી ગઈ હશે કે ચિત્તમાં એક વિશાળ અર્થપૂર્ણ ચિત્ર ઝડપાઈ ગયું. જુઓ –

**ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડાં, ના કદી થડ;**
**રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રહે સંસ્કૃતિ-વડ.**

સમય થતાં વૃક્ષ પોતાનાં પાંદડાંને ખંખેરીને ફેંકી દે છે. પણ તે થડને કદી ફેંકી દેતું નથી ! તે તો યથાવત્ રહે છે. પ્રથમ પંક્તિમાં વૃક્ષ કર્તા રૂપે છે. પ્રકૃતિની આ સામાન્ય ઘટના. પ્રથમ પંક્તિના આવા અભિધાત્મક વિધાન પછી કવિચિત્તમાં એ 'થડ' અથવા 'વૃક્ષ' 'સંસ્કૃતિ-વડ'ના કલ્પનમાં ફેરવાઈ જાય છે. 'સંસ્કૃતિ-વડ' શબ્દ જ વિશાળ વડલો બની આંખો સામે ઝૂલી રહે છે ! આ સંસ્કૃતિ-વડ પરથી રુક્ષ – વ્યર્થ લાગતી – રૂઢિઓ આપોઆપ ખરે છે. સંસ્કૃતિ-વડ તેને ખંકેરતો કે ખેરવતો નથી ! આમ, સંસ્કૃતિ-વડ મનુષ્યજાતિના વિકાસનું રૂપક બની ધબકે છે. વિજ્ઞાનના વિકાસ સાથે રૂઢિઓ – માન્યતાઓ જાતે જ દૂર થઈ જાય છે ને તેને સ્થાને નવું પ્રગટે છે. જો 'વૃક્ષ' સનાતન છે તો આ સંસ્કૃતિ-વડ પણ શાશ્વત છે, તેના વડે જ મનુષ્યજાતિનું અવનવીન રૂપે અસ્તિત્વ પણ ટકી રહેશે.

અનુભવો ને અનુભૂતિનું જીવંત ચક્ર એટલે જ જીવન. જાગ્રત મન આ સૂક્ષ્મ પ્રક્રિયાને જાણી-માણી-પ્રમાણી શકે. સામાન્ય રીતે આપણામાં એવી પૂર્વગ્રંથિ બંધાયેલી જોવા મળે છે કે સામાન્ય, ગરીબ, મહેનતકશ, અબૂધ, અભણ, ચરિત્રવાન હોતા નથી. પણ એવું સાવ નથી હોતું. એવા લોકોમાંય ઉદારદિલી, માનવતા, નિખાલસતા, દયા, પ્રેમ વગેરે પેલા કહેવાતા ભદ્રલોક કરતાં વિશેષપણે જોવા મળે છે. એવા નિચોડમાંથી જન્મેલું આ મુક્તક –

**મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,**
**નાનાની મોટાઈ જોઈ જીવું છું.**

અહીં 'અલ્પતા' અને 'મોટાઈ'ના વિરોધી ભાવ દ્વારા જે વ્યંગ્ય કર્યો છે તેમાં કવિહૃદયનું કારુણ્ય પ્રગટે છે. કહેવાતા મહાનુભાવોના સંપર્કમાં આવીએ ત્યારે 'ડુંગરા દૂરથી જ રળિયામણા'નો અનુભવ થઈ જતો હોય છે ! જ્યારે પેલો સાદો-સરળ-સામાન્ય લાગતો જન તેનાં વાણી, વર્તન, ભાવના, વિચારો વડે વેંત ઊંચો સાબિત થતો હોય

છે ! ત્યારે તેની એ 'મોટાઈ' જીવવાનું પ્રેરકબળ બની રહેતી હોય છે. કુદરતી આફતોમાં, ધરતીકંપોના વિનાશટાણે, મોટા અકસ્માતોમાં કે નિજી જીવનની સામાન્ય ઘટનામાંય એવા જનનો આપણે અનુભવ કર્યો હોય છે.

શાલિની છંદમાં રચાયેલા 'ઝંખના' મુક્તકમાં 'ક્રાંતિ' સાથે 'શાંતિ'નો પ્રાસ મેળવી માનવસમાજના સત્ય-તથ્યને આકાર્યું છે.

**'ઝંઝા કેરી પુત્રી છો હોય ક્રાંતિ,**
**હૈયે લ્હેરે ખેતરો કેરી શાંતિ.'**

ઝંઝા પ્રકૃતિને અસ્તવ્યસ્ત – ખેદાનમેદાન કરે છે. તે રીતે ક્રાંતિ પણ સમાજને નુકસાન તો કરે જ છે. જીવનને અખળડખળ કરી જ દે છે. તેથી તેને 'ઝંઝા'ની પુત્રી કહી છે. પુત્રી એટલે સ્ત્રીરૂપ. સ્ત્રીરૂપ એટલે એ શક્તિનું પ્રતીક. પણ વિનાશાત્મક એવી ક્રાંતિ પછી હર્યાંભર્યાં હરિયાળાં ખેતરો જેવી શાંતિ હૈયાના લાંબા સમયપટ પર છવાયેલી રહે છે. એવા સૂક્ષ્મભાવને તાકતું આ મુક્તક વિશ્વની માનવસંસ્કૃતિની અવિરામ યાત્રાનું દ્યોતક છે.

આ માનવસંસ્કૃતિની અવિરામ યાત્રામાં કેન્દ્રસ્થાને તો છે બાળક. એ જ તો છે વિશ્વની ધરી. એનું ખિલખિલાટ હાસ્ય... ગુંજન... એની ધમાલમસ્તી વગેરેથી ઘર પ્રાણવાન બને છે. આવા બાળકને જોઈ જે રીઝે તે જન ભાગ્યવાન... પણ એથીય વધુ ભાગ્યવાન તો પેલું બાળક જ ગણાય કે એ આવા મોટાને મળતા એ રીઝે છે !

**બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,**
**વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હ્રદયહ્રદયનાં વંદન તેને.**

બાળકને જોઈ રીઝનાર તે વ્યક્તિ બાળક માટે 'વત્સલ મૂરત' બની જાય છે તો એ વ્યક્તિ માટે બાળક 'સ્નેહલ સૂરત' બની જાય છે. પરસ્પરના આ ભાવને પ્રાસસાંકળી રચી મૂર્ત કર્યો છે. કવિ ધન્યતા અનુભવતા બોલી ઊઠે છે 'હ્રદયહ્રદયનાં વંદન તેને.' તેમાં કવિ આપણાં હ્રદયનાંય વંદન તેને – એવા ભાગ્યવાનને પાઠવી દે છે તેમાં તેમના ઉરનો ઉલ્લાસ અછતો રહેતો નથી.

ઉરના આવા ઉલ્લાસને કવિ એક અન્ય મુક્તકમાં સાવ અલગ રીતે ફોકસ કરે છે. જુઓ...

**ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ.**
**બહુ દઈ દીધું, નાથ ! જા, ચોથું નથી માંગવું.**

પૂર્વ-પશ્ચિમના સમન્વયથી રચાતી શિક્ષણપ્રણાલીના આગ્રહી એવા ઉમાશંકરભાઈ ગાંધીજીની નઈ તાલીમમાંય શ્રદ્ધા ધરાવતા હતા. એટલે નસીબ આધારે રહેવા કરતાં 'આપણે ભરોસે આપણે હાલીએ ભાઈ'નો મંત્ર રટી રટી જીવનવાસ્તવિકતાને બતાવી છે. હૈયું-મસ્તક-હાથ એ મનુષ્યમાત્રની મુદ્દલ મૂડી છે. આ ત્રણ 'વાનાં' જીવનને 'જીવન'



બનાવવા પૂરતાં છે. ચોથાની જરૂર નથી. હૈયું એટલે સંવેદના, લાગણી, ભાવના, કરુણાને રહેવાનો માળો. જેમાં માનવતા હૂંફાય-સેવાય. મસ્તક એટલે જેમાંથી વિચારશક્તિ વહ્યા કરે... ને સારાનરસાનો ભેદ સમજાવે. હાથ તો છે પરિશ્રમનું પ્રતીક. આદિકાળથી મનુષ્યે આ ત્રણના સરવાળે જ વિકાસ સાધ્યો છે ને ! એનો ખ્યાલ થતાં જ કવિ ખુમારીથી બોલે છે –

**જા, ચોથું નથી માંગવું.**

કવિની આ મગરૂરી જીવન જીવવાનું પ્રોત્સાહક બળ બની રહે છે. જીવતરને ધન્ય બનાવવા આ ત્રણ સિવાય અન્ય ચોથાની શી જરૂર હોઈ શકે ભલા !

બિનસાંપ્રદાયિકતાના તરફદાર ઉમાશંકરભાઈ સમાજવાદી સમાજરચના રૂપે ભારતનો ઉત્કર્ષ ઇચ્છતા હતા. પણ પ્રજાના નેતા બનતા લોકો સ્વાર્થી બની પ્રજા ચૈતન્ય ઠીંગરાવી દેતા. તેના વ્યંગ-કટાક્ષની ધાર આ મુક્તકમાં નિહિત છે સાંભળો...

**તમે કહો છો વસંત છે**
**પણ પંખીને કહો છો : ચૂપ !**
**અમને સૌને દર્પણ સમજીને**
**જોયાં કરો છો પોતાનું રૂપ.**

કેટલીક વાર અભિધાથી પર કોઈ વિલક્ષણ અર્થ તાકતાં મુક્તકો પણ હોય છે. પ્રથમ વાચને તરત ન પકડાય પણ... પછી ચિત્તમાં તેની વ્યંજના ઊઘડે ત્યારે 'વાહ !' ઉદ્ગાર નીકળી જાય...

અહીં કહેવાતા નેતાઓ પર પ્રજાનો રોષયુક્ત વ્યંગ-કટાક્ષ છે. પ્રથમ પંક્તિમાં નેતાઓની ચાપલૂશી આલેખાઈ છે. તેઓ પ્રજાના યુવાવર્ગને 'વસંત છો' કહી બિરદાવે પણ... જે યુવકો પંખી જેવું ઉડ્ડયન કરે એને ધરાર 'ચૂપ' કરી દે. આના સંદર્ભમાં બીજી પંક્તિ Far-fetched – દૂરાન્વિત લાગે. પણ એનો સંદર્ભ ઊઘડતાં ખુશ થઈ જાય. નેતા પ્રજાને પોતાનું 'દર્પણ' સમજે છે... અને તેમાં 'જોયાં કરો છો પોતાનું રૂપ.' – એટલે કે પોતાના જેવા જ દુર્ગુણો પ્રજાજનમાં છે એવું સમજે છે, માને છે. અને જ્યાં સુધી આવા ગંદા રાજકારણના ગંદા આટાપાટા રમાતા રહેશે ત્યાં સુધી આ મુક્તકનો આ રણકાર રણક્યા કરશે !

કવિના જીવન-દર્શનની જેમ કવિનું આંતરદર્શન પણ માણવા જેવું છે 'સમજવું રિબાઈય તે'-નો ધ્રુવમંત્ર એમના જીવનમાં ને કવનમાં ગૂંથાઈ ગયેલો હતો. 'વિશ્વશાંતિ' (૧૯૩૧)થી 'સપ્તપદી' (૧૯૮૧)ના શબ્દ સાથે કવિ સતત વિકસતા રહ્યા છે, તે 'વિશ્વમાનવી' થવાની અભિલાષા સેવી રહ્યા છે. પણ અહીં સુધી પહોંચવું એટલે... આ લઘુકાવ્ય જુઓ :

**લઢ્યો ઘણું, છેવટે મારી સાથે;**
**મળ્યું ન કો, આત્મ સમાન જે ન હોય.**
**ચાહ્યે ગયો વ્યક્તિ પૂંઠેની વ્યક્તિને.**
**પહોંચ્યો મુકામે, લઈ સ્કંધ થેલો,**
**થતો શરૂ ત્યાં જ નવો પ્રવાસ કો.**

આ લઘુકાવ્યમાં સ્વગતોક્તિ રૂપે એક ઊર્મિલ વિચાર સુશ્લિષ્ટ રૂપે ગૂંથાયો છે. માણસ અસંપ્રજ્ઞાતપણે અન્ય સાથે વૈચારિક મતભેદોથી સતત લડતો જ હોય છે. પણ એનો ઉકેલ ક્યાં ? છેવટે થાકી-હારીને કવિ પોતાની જાત સાથે જ લડે છે. કેમકે આત્મસમાનવાળું કોઈ ન મળ્યું. છતાંય માણસમાત્રને કવિ ચાહ્યે ગયા. ને એમ જીવનવર્ષો વીત્યાં. એમ અંતિમ મુકામે (અનુભવોનો) થેલો ખભે નાખી પહોંચ્યા તો ખરા. કવિને લાગે છે કે આખા વિશ્વને બદલવું અશક્ય છે – આમાં One man's revolution જ વિકાસનો માર્ગ છે – આ સમજથી જ નવો પ્રયાસ આરંભાય છે. આમ, ગૂઢ રહસ્યવાદી સ્પર્શ પામેલા આ લઘુકાવ્યમાં મનુષ્યમાત્રની એકલયાત્રાનો સંદેશ છુપાયો છે.

કોઈ વાદની કંઠી ન બાંધનાર છતાં જીવનમૂલ્યોના આગ્રહી ઉમાશંકરભાઈનાં આ મુક્તકો-લઘુકાવ્ય તેમને સંસ્કૃતિના પરિવ્રાજક તરીકે સ્થાપી દે છે. એમને મન સાહિત્ય એટલે સર્વશુભસુંદરનું સરિતપણું. એમના જન્મશતાબ્દી વર્ષમાં વિશ્વસંવાદના એ સાધક કવિને મારા હૃદયના શતશત વંદન.

r

## કળશની ચમક

*પાયાનો પથ્થર જાણે છે*
*શિખર પરના કળશની ચમકને;*
*પાયાનો પથ્થર મલકે છે*
*શિખર પરના કળશની ચમકમાં.*

અમદાવાદ, ૧૯૬૮



*"સાબરમતી જેલમાં હું સાથીઓથી વિખૂટો પડીને એકથી બીજી બૅરેકમાં ખસેડાતો હતો... તેવામાં તારાઓની લગની લાગી. અને અતલાંત આકાશને તળિયે ભાંખોડિયાં ભરવા માંડ્યાં... રોજ સવારે વહેલો ઊઠી દીવાલથી જરીક દૂર – અઢેલ્યા વગર – ટટ્ટાર બેસી અંતરનું અતલાંત તળિયું તપાસવા ફાંફાં મારવાની ટેવ એ વખતે કેળવી હતી. એક દિવસે પ્રાતઃકાળે માથા પર જાણે કોઈ અગોચર સ્પર્શ થયો. અને એના વેગ નીચે દબાઈને મારું આખું અસ્તિત્વ પૃથ્વીની સપાટી સાથે સમરેખ થઈ ગયું. પૂર્ણ આત્મવિલોપનનો – પ્રકાશભર્યા આત્મવિલોપનનો ભાવ ઊભરાઈ રહ્યો. શૂન્યતાનો નહીં – સભરતાનો એ અનુભવ હતો."*

**ઉમાશંકર જોશી**

*ઉમાશંકરનો શબ્દ એક સધિયારો હતો. એમની હયાતી એક આશ્વાસન હતું. ક્યારેક ફોન પર એમની સાથે વાતો થતી. નિખાલસ વાતો. છિન્નભિન્ન થઈ ગયેલા દેશની, માણસની, સમાજની, રાજકારણની, શબ્દની કોઈ ને કોઈ નિમિત્તે વાતો થતી. કવિ સાથે, ગુરુ સાથે વાતો થતાં બેચેની, એકલતા ઓસરી જતાં અને 'હામ' અનુભવાતી. અરે, માણસને ચાહનારા માણસ હવે ક્યાં રહ્યા છે ? ઉમાશંકર માણસના બંદા હતા, શબ્દના બંદા હતા, આ જગતના, આ સૃષ્ટિ સમસ્તના બંદા હતા. એમના 'શબ્દ' જેટલું જ મૂલ્યવાન એમનું 'માનવ્ય' હતું. મૃત્યુ અને દુરિત('ઇવિલ')ને સ્વીકારીને એમણે શબ્દ અને જીવન રૂપે 'પ્રેમ'નો પુરસ્કાર કર્યો હતો. ઑડને કહ્યું છે કે એકબીજાને ચાહો અથવા નાશ પામો. કવિ માનવમાત્રને, જીવમાત્રને, સૃષ્ટિસમસ્તને ચાહતા હતા. આવા ચાહકો વિના માણસજાત છિન્નભિન્ન થઈ જવાની છે, થઈ રહી છે.*

**લાભશંકર ઠાકર**